કર્પૂર કાવ્ય કલ્લોલાદિ

(ભાગ ૫-૬)

૫ વીતરાગ વર્ણન - ૬ સાધુસન્મિત્ર

# આગમસાર સંગ્રહ

● લેખક : ●

પૂજ્ય સ્વ. મુનિરાજશ્રી લલિતવિજયજી મહારાજ

● આર્થિક સહયોગ ●

શેઠ હઠીસિંગ કેશરીસિંહ ટ્રસ્ટ - અમદાવાદ

● પ્રકાશક ●

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસરની પેઢી

દોલતનગર, મુંબઈ-૬૬.

૨ – [illegible] કલ્લોલાદિ

(ભાગ ૫ – ૬)

૫ વીતરાગ વર્ણન – ૬ સાધુસન્મિત્ર

# આગમસાર સંગ્રહ

● શુભાશીર્વાદ ●

પરમપૂજ્ય સૌમ્યમૂર્તિ આચાર્ય મહારાજ

શ્રીમદ્ વિજય **દેવસૂરીશ્વરજી** મહારાજશ્રી

● પુન : પ્રકાશન પ્રેરણા ●

પૂજ્ય આચાર્ય શ્રી વિજય **હેમચન્દ્રસૂરિજી** મહારાજ

તથા

પૂજ્ય આચાર્ય શ્રી વિજય **પ્રદ્યુમ્નસૂરિજી** મહારાજ

● લેખક ●

પૂજ્ય સ્વ. મુનિરાજ શ્રી **લલિતવિજયજી** મહારાજ

● આર્થિક સહયોગ ●

**શેઠ હઠીસિંગ કેશરીસિંહ ટ્રસ્ટ–અમદાવાદ.**

● પ્રકાશક ●

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસરની પેઢી**

દોલતનગર-બોરીવલી (પૂર્વ)

મુંબઈ - ૪૦૦ ૦૬૬.

**મૂલ્ય : રૂા. ૮૦–૦૦**

વીર સંવત ૨૫૨૨

વિક્રમ સંવત ૨૦૫૨

પ્રાપ્તિસ્થાન :
**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસરની પેઢી**
દોલતનગર - બોરીવલી (પૂર્વ)
મુંબઈ - ૪૦૦ ૦૬૬.

**સરસ્વતી પુસ્તક ભંડાર**
રતનપોળ, હાથીખાના,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

**શરદકુમાર ઈશ્વરલાલ શાહ**
બી/૧, વી. ટી. એપાર્ટમેન્ટ,
કાળાનાળા, ભાવનગર - ૩૬૪ ૦૦૨.

મુદ્રક :
**કીર્તિકુમાર મફતલાલ ગાંધી**
**એમ. બાબુલાલ પ્રિન્ટરી**
રતનપોળ, અમદાવાદ.
ફોન : ૫૩૫૭૫૭૭

# શ્રીસિદ્ધચક્ર ભગવાન.



શ્રીસિદ્ધચક્રના ગુણ ઘણા, કહે ન આવે પાર;
વાંચ્છિત પૂરે દુઃખ હરે, વંદો વારંવાર.

# એક આદરણીય પ્રયાસ

મળેલા મોંઘા માનવ જીવનની સફળતામાં સમ્યગ્જ્ઞાન અતિ અગત્યનું સ્થાન ધરાવે છે. એના દ્વારાજ મનુષ્ય હેય (ત્યાગ કરવા યોગ્ય) ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) વસ્તુને સારી રીતે સમજી હેયને છોડી ઉપાદેયને આદરી જીવનને ધન્ય બનાવી શકે છે.

આજથી લગભગ ૬૨ વર્ષ પૂર્વે પૂજ્ય અધ્યાત્મયોગી સન્મિત્ર શ્રી કર્પૂર વિજયજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી લલિત વિજયજી મહારાજશ્રીએ જુદા જુદા અનેક ગ્રંથો વાંચીને તેમાંથી સારભૂત વસ્તુનો સંગ્રહ કરીને 'કર્પૂર કાવ્ય કલ્લોલાદિ' આગમ સાર સંગ્રહ–આ નામે કુલ આઠ વિભાગ રૂપે વિશાળ કાય સંગ્રહ ગ્રંથ શ્રી કર્પૂર પુસ્તકાલય-સમૌ તરફથી અનેક ઉદારદિલ ગૃહસ્થોના આર્થિક સહયોગથી પ્રકાશિત કર્યો હતો.

તેમાં કર્પૂર કાવ્ય કલ્લોલ- ૧-૨-૩-૪ એમ ચારભાગનું એક પુસ્તક તથા ૫-૬-૭-૮ એમ બીજા ચારભાગનું બીજું પુસ્તક એમ બે ભાગમાં તે પ્રકાશિત કરવામાં આવેલ.

કેટલાયે જિજ્ઞાસુઓ તરફથી તેને પુનઃ પ્રકાશિત કરવાની માંગણી આવતાં ભાગ ૫-૬ના એક ભાગરૂપે પૂજ્ય શાસન સમ્રાટ શ્રી વિજય **નેમિસૂરીશ્વરજી** મહારાજ શ્રીના પટ્ટધર શાસ્ત્રવિશારદ કવિરત્ન પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજય **અમૃતસૂરીશ્વરજી** મહારાજ શ્રી તથા સમર્થ વિદ્વાન પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજય **ધર્મધુરન્ધરસૂરીશ્વરજી** મહારાજશ્રીની દિવ્યકૃપા તેમજ સૌમ્યમૂર્તિ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજય **દેવસૂરીશ્વરજી** મહારાજશ્રીના શુભાશીર્વાદથી અને વિદ્વાન પૂજ્ય આચાર્ય શ્રી વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મ.શ્રી તથા પ્રવચનકાર પૂજ્ય આચાર્ય શ્રીવિજય **પ્રદ્યુમ્નસૂરીશ્વરજી** મ.ની પ્રેરણાથી શેઠશ્રી હઠીસિંગ કેશરીસિંહ ટ્રસ્ટ–અમદાવાદના આર્થિક સહયોગથી પ્રકાશિત કરી વાચકોના કરકમલમાં મૂકતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ. ભાગ ૭-૮ના સંગ્રહરૂપ બીજા ભાગનું પ્રકાશન પણ વહેલામાં વહેલી તકે કરવાની અમારી ભાવના છે.

પૂજ્ય સ્વ. મુનિરાજશ્રી લલિતવિજયજી મહારાજનું નિવેદન તથા તેમાં ઉપયોગમાં લેવામાં આવેલ પુસ્તકોના નામોની યાદી આમાં આપવામાં આવી છે. તે વાંચવાથી તેઓએ આ ગ્રંથ તૈયાર કરવામાં કરેલા ભગીરથ પ્રયાસનો ખ્યાલ આવ્યા સિવાય નહિં રહે.

જ્ઞાન પિપાસુ આત્માઓ આનો યથાયોગ્ય ઉપયોગ કરી સૌના શ્રમને સાર્થક કરે એજ અભિલાષા.

**- પ્રકાશક**

# નિવેદન

સુજ્ઞ ને વિવેકી વાચકવર્ગ, આ કર્પૂર કાવ્ય કલ્લોલના ૫-૬-૭-૮ ભાગે આ બીજું પુસ્તક સમાપ્ત થયું છે, એટલે તેના કુલ આઠ ભાગ છે અને તેના ચૌદસો (૧૪૦૦) થી પણ વધારે પાના છે; તેથી તે બહુ ભારે થવાના લીધે તેના ૧-૨-૩-૪ ભાગનું એક પુસ્તક જુદું બંધાવી બહાર પાડયું છે. તેના પાના ૫૫૦ છે તેમાં સ્તવન, ગહુંલી, સજઝાય, ભજનપદાદિ કુલ ૭૧૭ના આશરે છે. તેના પહેલા ભાગમાં ૧૮ ચૈત્યવંદન, ૧૮૭ સ્તવનાદિ, ૪ કાવ્ય, ૧૧ મનહરછંદ, ૨૫ સ્તુતિઓ છે. બીજા ભાગમાં ૯૫ ગહુંલીઓ અને ૧૫ પદાદિ છે. ત્રીજા ભાગમાં ૧૧૧ સજઝાયો, ૧૮ પદાદિ, ૧૬ અનુવાદન કાવ્યો અને ચોથા ભાગમાં ૧૫૭ ભજનપદાદિ અને ૬૦ ઉપદેશક પદો છે.

આ કર્પૂર કાવ્ય કલ્લોલના આઠ ભાગો કેમ અને કેવી રીતે લખાયા તેનો વિસ્તારે ખુલાસો પહેલા ચાર ભાગના પુસ્તકના નિવેદનમાં જણાવી ગયા છીએ ત્યાંથી જોઈ લેવો.

તે પુસ્તકમાં જણાવ્યું હતું કે હવે તેના ૫-૬-૭ એમ ત્રણ ભાગ બાકી છે. તે તો આગમના સારરૂપે છે અને તેમાં ૫૦ થી ૬૦ પુસ્તકનો આશરો લેવામાં આવ્યો છે તેમ જણાવ્યું હતું, પણ તેમાં બીજી વધુ ઉપયોગી બાબતો દાખલ કરવા માટે ઘણા મુનિમહારાજોની તેમ ઘણા શ્રાવકજનોની પ્રેરણાથી બીજી ઘણી શાસ્ત્રોકત ઉપયોગી વસ્તુઓનું ઉમેરણ કરાયું, તેથી પ્રથમ તેના ૪૦૦ થી ૫૦૦ પાના થવા ધારેલા પણ તે ધારવા કરતાં ઘણું જ લખાયું તેથી તેનું આ ૫-૬-૭ ભાગમાં જેટલું સમાવવા જોગનું હતું તેટલું તેમાં સમાવ્યું અને બાકીનું જે વધ્યું તેનો આઠમો ભાગ કર્યો છે.

આના પાંચમા ભાગનું નામ 'વીતરાગવર્ણન' રાખ્યું છે, તેમાં તીર્થંકરો તેમ ત્રેસઠ શલાકી પુરૂષો સંબંધીની ઘણી જાણવાજોગની હકીકત છે. તેના ૧૯૪ પાના છે. તેમાં એક મહાદેવ અષ્ટક, ૫ સ્તવનો, ૭૨ મનહરાદિક છંદો-છપ્પા, પાર્શ્વનાથનો ૧૦૮ નામનો છંદ, ૩૦૬ દુહા અને બાકીનું બધું એ ગદ્યમાં છે. તથા છઠ્ઠા ભાગનું નામ

**'સાધુ સન્મિત્ર'** રાખ્યું છે. તેમાં સાધુ અને સાધ્વીના ઉપયોગની ઘણી જાણવાજોગની હકીકત છે, તેના ૨૧૦ પાના છે. તેમાં એક ગૌતમાષ્ટક, ૧૨ સ્તવનાદિકઢાળો, ૮૧ મનહરાદિક છંદો-છપ્પા, ૪૮૮ દુહા ગાથાદિક અને બાકીનું બધું એ ગદ્યમાં છે. સાતમા ભાગનું નામ **'શ્રાવક સન્મિત્ર'** રાખ્યું છે, તેમાં શ્રાવક અને શ્રાવિકાને ઉપયોગી જાણવાજોગની હકીકત છે. તેના ૨૧૦ પાના છે, તેમાં એક વજ્રપંજર સ્તોત્ર, બે સજ્ઝાયપદ, બે સ્તવન, ૧૧૫ મનહરાદિક છંદ-છપ્પા, ૫૭૧ દુહા ગાથાદિક, એક પુન્ય પ્રકાશનું સ્તવન, ચાર શરણાં બાકીનું બધું એ ગદ્યમાં તેમ પ્રશ્નોત્તરમાં છે, આ દરેક ભાગમાં એક, બે, ત્રણ એમ અનુક્રમ ૧૦૮ આંકમાં વસ્તુઓની ગોઠવણ કરેલ છે, તેથી જોનારને દરેક ભાગની વસ્તુઓ જોવાને ઘણું અનુકુલ થઈ પડે તેમ છે અને આઠમા ભાગનું નામ **'ઉપયોગી વસ્તુવર્ણન'** રાખ્યું છે, તેના ૧૬૨ પાના છે. તેમાં ચાર ગતિના ૫૬૩ અને ૭૩૪ ભેદ અને તેના પાંચદ્વારોનો વિસ્તારે ખુલાસો કરેલ છે. તેમ આ પૃથ્વીતલમાં રહેલાં દ્વીપ, સમુદ્રો, નદીઓ, પર્વત, કૂટ, દેવભુવન, વિમાનાદિ જ્યોતિષને લગતી ઘણી બાબતો, પલ્લીપતનફળ, સૂતક વિચારાદિક ઘણી ઉપયોગી બાબતોથી લખાયો છે, તેથી તે ઉભયને ઘણોજ ઉપયોગી છે. તેમાં એક મંગલ સ્તોત્ર, ૪૮ મનહરાદિક છંદ-છપ્પા અને ૨૧૬ દુહાગાથાદિક છે અને બાકીનો બધો ભાગ ગદ્યમાં છે. એટલે આ બીજા આખા પુસ્તકના ચાર ભાગમાં કુલ ૩૦ સ્તવનાદિક ઢાળો છે, ૩૧૮ મનહરાદિક છંદ-છપ્પા કુંડલીયા પાર્શ્વનાથનો ૧૦૮ નામનો છંદ, ૧૫૦૦ દુહા-ગાથાદિક, અને ૪ મંગલાચરણના અષ્ટક એટલું જ પદ્યમય છે અને બાકીનું બધું એ લખાણ ગદ્યમાં છે.

આ સિવાય આ પુસ્તકની શરૂઆતમાં ૧૦ ગાથાનું શ્રી શત્રુંજય સ્તોત્ર, ૩૦ ગાથાનું શ્રી અભયદેવસૂરિકૃત શ્રીજયતિહુઅણ નામે શ્રી પાર્શ્વનાથસ્તોત્ર, ૨૫ ગાથાનું શ્રી કમલપ્રભસૂરિકૃત શ્રી જિનપિંજરસ્તોત્ર, ૪ ગાથાનો ઘંટાકર્ણનો મંત્ર, અને ૧૦૨ ગાથાનું શ્રી ગૌતમસ્વામીકૃત શ્રી ઋષિમંડળ સ્તોત્ર, એમ પાંચ વસ્તુ દાખલ કરેલ છે. તેમાં શ્રી શત્રુંજયસ્તોત્ર સિવાય બાકીના ચારે અર્થ સહિત છે, તે પાંચેના

૬૦ પાના છે-આ પાંચ વસ્તુની ફકત ૫૦૦ નકલ છે તેથી તે ૫૦૦ પુસ્તકોમાં જ આવશે.

આ ચારે ભાગમાં પ્રુફો તપાસી શુદ્ધિ રાખવા ઘણી કાળજી રાખવામાં આવી છે, છતાં પણ કોઈક ઠેકાણે ઉપયોગ શૂન્યતાયે કોઈ ભૂલો રહી ગઈ હોય તો જોઈ સુધારી વાંચવા ખપ કરવો.

આ પુસ્તકમાં લખાયેલા વિષયો તેમ તેમાં આવેલ વસ્તુઓ બરાબર જોઈ તપાસીને લખેલ છે, છતાં પણ ઉપયોગ શૂન્યતાયે કે કાંઈ સમજફેરથી જો વિરૂદ્ધ લખાયું હોય તો તેનો હું ત્રિવિધે મિચ્છામિદુક્કડં માગું છું. અને તે સુજ્ઞ સજ્જન પુરૂષોને સુધારી વાંચવા સપ્રેમ વિનંતી કરૂં છું.

આ પુસ્તકમાં આપેલા વિષયોનો વસ્તુવિસ્તાર મેં મારા માટે જ લખ્યો છે અને તે લગભગ દોઢસોથી પણ વધુ પુસ્તકોનું દોહન (સાર) છે, અને તેમાં ૨૬૩ વિષયોને ૭૧૩૪ થી પણ વધુ ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ છે. આના આશ્રયી પુસ્તકોના થોડાક નામો બાજુના પાનામાં જણાવ્યા છે તે વાંચી જુઓ. આ પ્રમાણે તૈયાર કરેલ લખાણને સહાયકોની સહાયથી પુસ્તકરૂપે શ્રી કર્પૂર પુસ્તકાલય સમૌવાળા તરફથી પ્રકાશિત કરવામાં આવ્યું છે, તેનો સુજ્ઞને વિવેકી વાંચકવર્ગ-સાદરને હંસવૃત્તિએ વાંચી લાભ લેશો.

અહીં આ પુસ્તકના આશ્રયી પુસ્તકોના કર્તાઓનો તેમ તે તે પુસ્તકોના પ્રકાશકોનો સાદર ઉપકાર માનતો તેમ તેમાંની બીજી પણ વસ્તુઓના મદદગાર સજ્જનો તેમ તેના પ્રુફો જોવા મદદ કરનારનો, અને તેમાં સારી સહાનુભૂતિ આપનાર વિગેરે દરેકે દરેક ઉપકારીઓનો સુહૃદયે ઉપકાર માની વિરમું છું આ પુસ્તકની કોઈ પ્રકારે આશાતના ન થાય તેવો વિવેકી સુજ્ઞ વાંચકો લક્ષ રાખશો. ૐ શાંતિ, શાંતિ, શાંતિ

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૬૦ | ચૈતર સુદિ ૧૫ | લી. સદ્‌ગુરૂ ચરણોપાસક |
| વિ. સં. ૧૯૯૦ | પાલીતાણા | **લલિતવિજય** |

# આ પુસ્તક લખવામાં આશ્રય લેવાયેલા પુસ્તકોના નામની યાદી

૧ આચારાંગ સૂત્ર
૨ આવશ્યક સૂત્ર
૩ આવશ્યક ચૂર્ણી
૪ આવશ્યક વૃત્તિ
૫ અનુયોગદ્વાર સૂત્ર
૬ ઓઘનિર્યુક્તિ
૭ અધ્યાત્મસાર
૮ અઢીદ્વીપનો નકશો
૯ આનંદઘન બોંતેરી
૧૦ અભક્ષ્ય અનંત કાય
૧૧ ઉત્તરાધ્યયન સૂત્ર.
૧૨ ઉત્તરાધ્યયન વૃત્તિ
૧૩ ઉવવાઈ સૂત્ર
૧૪ ઉપાશકદશાંગ
૧૫ ઉપદેશમાળા
૧૬ ઉપદેશતરંગિણી
૧૭ કલ્પસૂત્ર સુબો.
૧૮ કમ્મપયડી સૂત્ર
૧૯ કર્ણિકા ગ્રંથ
૨૦ કુલકસંગ્રહ
૨૧ કુમારપાળ ચરિત્ર.
૨૨ કળિયુગનું કલ્પવૃક્ષ
૨૩ કીર્તિ વિ. ના પાના
તથા ઉતારો
૨૪ જ્ઞાતાસૂત્ર
૨૫ ગચ્છાચારપયન્નો
૨૬ ગિરનાર મહા.
૨૭ ચંદ્ર પ્રજ્ઞપ્તિ
૨૮ ચરિત્રાવળી
૨૯ ચિદાનંદ બોંતેરી
૩૦ જીવાભિગમ સૂત્ર
૩૧ જંબૂદ્વીપપન્નતિ
૩૨ જીતકલ્પ
૩૩ જૈનતત્ત્વાદર્શ
૩૪ જૈન પ્રબોધ સંગ્રહ
૩૫ જસવિલાસ
૩૬ જૈન તીર્થયાત્રા વિ.
૩૭ જૈન ધર્મ પ્રકાશ
૩૮ જસવિ. ના જુના
પાના ઉપરથી
૩૯ જીવવિચાર પ્રકરણ
૪૦ જાવડશાહ ચરિત્ર
૪૧ જગડુશાહ ચરિત્ર
૪૨ ઠાણાંગ સૂત્ર
૪૩ તત્ત્વનિર્ણય પ્રાસાદ
૪૪ તપાવળી મોટી
૪૫ તત્ત્વવિચાર
૪૬ દશવૈકાલિક
૪૭ દશાશ્રુતસ્કંધ
૪૮ દેવચંદ્ર ભાગ
૪૯ દેવવંદનમાળા
૫૦ દંડક પ્રકરણ
૫૧ ધર્મરત્ન પ્રક.
૫૨ ધર્મરત્ન પ્ર.
૫૩ ધર્મબિંદુ ગ્રંથ
૫૪ નંદિ સુ. મહાંકા.
૫૫ નિશિથચૂર્ણી
૫૬ નયચક્ર ગ્રંથ.
૫૭ નવતત્ત્વ પ્રકરણ.
૫૮ નવપદ પૂજા
૫૯ નવસ્મરણ.
૬૦ પન્નવના સૂત્ર.
૬૧ પિંડનિર્યુક્તિ
૬૨ પિંડવિશુદ્ધિ
૬૩ પંચાશકજી
૬૪ પ્રવચનસારોદ્ધાર
૬૫ પંચસૂત્ર ગ્રંથ
૬૬ પરિશિષ્ટ પર્વ
૬૭ પુષ્પમાળા પ્રકરણ
૬૮ પ્રશમરતિ પ્રકરણ
૬૯ પ્રશ્નવ્યાકરણ
૭૦ પ્રશ્નચિંતામણિ
૭૧ પ્રશ્નોત્તર
રત્નચિંતામણિ
૭૨ પંચપ્રતિક્રમણ સૂત્ર
૭૩ પ્રતિષ્ઠાવિધિ
૭૪ પ્રાચીન સ્ત. સંગ્રહ
૭૫ પાંડવ ચરિત્ર.
૭૬ પ્રગટપ્રભાવી પાર્શ્વ
૭૭ પેથડશાહ ચરિત્ર
૭૮ બૃહત્કલ્પભાષ્ય
૭૯ બુદ્ધિસા. ભજન
૮૦ ભગવતી સૂત્ર
૮૧ ભાષ્યત્રયમ્
૮૨ ભક્તામરની પંજિકા
૮૩ ભક્તિસોપાન
૮૪ મહાનિશીથ સૂત્ર
૮૫ મોટી સંઘયણી
૮૬ મહાવિદ્યાગ્રંથ
૮૭ પં. મેરુવિજયના
પાના તથા ઉતારા
પરથી

૮૮ યોગશાસ્ત્ર
૮૯ યોગ દીપક
૯૦ યોગની વિધિ
૯૧ જૈન રામાયણ
૯૨ રત્નસંચય ગ્રંથ
૯૩ લોકપ્રકાશ ગ્રંથ
૯૪ લઘુક્ષેત્ર સમાસ
૯૫ લઘુ સંઘયણી
૯૬ લઘુ પ્ર. સારોદ્ધાર
૯૭ વ્યવહારસૂત્ર
૯૮ વસુદેવહિંડી
૯૯ વિવિધતીર્થકલ્પ.
૧૦૦ વિચારરત્નાકર
૧૦૧ વિચારસત્તરી
૧૦૨ વિવિધ વિષ. સંગ્ર.
૧૦૩ વિવિંધ વિષ. માળા
૧૦૪ વિક્રમચરિત્ર
૧૦૫ વિવેકવિલાસ
૧૦૬ વીશસ્થાનક પૂજા
૧૦૭ વીશસ્થાનક તપચરિત્ર
૧૦૮ વિમળશાહ ચરિત્ર
૧૦૯ વસ્તુપાળ તેજપાળ
૧૧૦ વૈરાગભાવના
૧૧૧ વિજયવૃક્ષ
૧૧૨ સુયગડાંગસૂત્ર
૧૧૩ સૂર્ય પન્નતિ
૧૧૪ શત્રુંજય માહાત્મ્ય.
૧૧૫ સેનપ્રશ્ન
૧૧૬ સ્નાત્ર પૂજા વિ. કૃ.
૧૧૭ શુકનશાસ્ત્ર
૧૧૮ શાંતસુધારસ ભાવના
૧૧૯ સાધુ આવશ્યક ક્રિયા
૧૨૦ સજ્જનસન્મિત્ર
૧૨૧ સંપ્રતિરાજા ચરિત્ર
૧૨૨ સહસ્ત્રકૂટતીર્થ
૧૨૩ સંબોધસિત્તરી
૧૨૪ સજ્ઝાયમાળા
૧૨૫ સુધા. સ્ત. સંગ્રહ
૧૨૬ શ્રાદ્ધવિધિ ગ્રંથ
૧૨૭ શ્રાદ્ધગુણવિવરણ
૧૨૮ શ્રીપાળ ચરિત્ર
૧૨૯ શ્રેણિકચરિત્ર
૧૩૦ હિતોપદેશ
૧૩૧ હિતોપદેશ ૧-૨-૩
૧૩૨ હિતબોધ
૧૩૩ હિતશિક્ષારાસ

**અન્ય ગ્રંથાદિક નામ**

૧ આરંભસિદ્ધિ
૨ ગુજરાતી પંચાંગ
૩ જ્યોતિષી શાસ્ત્ર
૪ દિનશુદ્ધિ ગ્રંથ
૫ નીતિશાસ્ત્ર
૬ નીતિદર્પણ
૭ પીંગળ
૮ મનુસ્મૃતિ
૯ મહાભારત
૧૦ લગ્નશુદ્ધિ
૧૧ વૈદકશાસ્ત્ર
૧૨ શિલ્પશાસ્ત્ર
૧૩ શબ્દશાસ્ત્ર
૧૪ સંસ્કૃત બી. ચો.

ખુલાસો--એટલે આ ઉપર જણાવેલ પુસ્તકોના કોઈના મૂળમાંથી તો કોઈના અન્યના ઉતારા પરથી તો કોઈના ટાંચણ પરથી તો કોઈના સંગ્રહમાંથી તો કોઈના મુખપાઠથી એમ જુદા જુદા સ્થાનોમાંથી મેળવેલ, જાણ પુરૂષોએ કહેલ, તેમ વ્યાખ્યાન દ્વારાએ સાંભળેલ અને બનતી ખાત્રી કરી લખેલ તે આ ઉપયોગી વસ્તુઓના સંગ્રહના પુસ્તકોની કકાવારીએ કરેલ યાદી છે.



શાસનસમ્રાટ્ સૂરિચક્રચક્રવર્તી અનેક તીર્થોદ્ધારક પ.પૂ. આચાર્યદેવશ્રી
વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ



શાસ્ત્રવિશારદ કવિરત્ન પ.પૂ. આચાર્યદેવશ્રી
વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ



સૌમ્યમૂર્તિ વાત્સલ્યવારિધિ પ.પૂ. આચાર્યદેવશ્રી
વિજય દેવસૂરીશ્વરજી મહારાજ

# મુનિ લલિતવિજય અને ગુરૂપરંપરા.




ગુરૂવંદનમાં—ઉપર શ્રી મણિવિજય દાદા છે, તેમની નીચે જમણી બાજુ શ્રી બુટ્ટેરાયજી, ડાબી બાજુ શ્રી વૃદ્ધિચંદજી, તેમના નીચે શ્રી કર્પૂરવિજયજી અને તેમની જમણી બાજુએ આ પુસ્તકના સંપાદક લલિતવિજય

# श्री शत्रुंजय-स्तोत्रम् ।

( शार्दूल विक्रीडित-वृत्तम् )

पूर्णानन्दमयं महोदयमयं कैवल्यचिद्दृङ्मयं,
रूपातीतमयं स्वरूपरमणं स्वाभाविकीश्रीमयम् ।
ज्ञानोद्योतमयं कृपारसमयं स्याद्वादविद्यालयं,
श्रीसिद्धाचलतीर्थराजमनिशं वन्देऽहमादीश्वरम् ॥ १ ॥

( उपजाति-वृत्तम् )

श्रीमद्युगादीश्वरमात्मरूपं, योगीन्द्रगम्यं विमलाद्रिसंस्थम् । सज्ज्ञान-सद्दृष्टिसुदृष्टलोकं, श्रीनाभिसूनुं प्रणमामि नित्यम् ॥२॥ राजादनाधस्तनभूमिभागे, युगादिदेवांह्रिसरोजपीठम् । देवेन्द्रवन्द्यं नरराजपूज्यं, सिद्धाचलाग्रस्थितमर्चयामि ॥३॥ आदिप्रभोर्दक्षिणदिग्विभागे, सहस्रकूटे जिनराजमूर्तीः । सौम्याकृतीः सिद्धततिनिभाश्च, शत्रुंजयस्थाः परिपूजयामि ॥४॥ आदिप्रभोर्वक्त्रसरोरुहाच्च, विनिर्गतां श्रीत्रिपदीमवाप्य । यो द्वादशाङ्गीं विदधे गणेशः, स पुण्डरीको जयताच्छिवाद्रौ ॥५॥ चउद्दसाणं सयसंखगाणं, बावन्नसहियाण गणाहिवाणं । सुपाउआ जत्थ विरायमाणा, सत्तुंजयं तं पणमामि निच्चं ॥६॥ चत्तट्ठकम्मा परिणामरम्मा, लद्धप्पधम्मा सुगुणोहपुण्णा । चत्तारि अट्ठा दस दुन्नि देवा, अट्ठावए ताइ जिणाइ वंदे ॥७॥ अणंतनाणीण अणंतदंसिणो, अणंतसुक्खाण अणंतवीरिणो । वीसं जिणा जत्थ सिवं पवन्ना, संमेयसेलं तमहं थुणामि ॥८॥ जत्थेव सिद्धो पढमो मुणिंदो, गणाहिवो पुंडरीओ विसिट्ठो । अणेगसाहुपरिवारसंजुओ, तं पुंडरीयाचलमच्चयामि ॥९॥

( मालिनी-वृत्तम् )

विमलगिरिवतंसः सिद्धिगङ्गाम्बुहंसः, सकलसुखविधाता दर्शन-ज्ञानदाता । प्रणतसुरनरेन्द्रः केवलज्ञानचन्द्रः, सृजतु मुदमुदारं नाभिजन्मा जिनेन्द्रः ॥१०॥

# जय तिहुअण-श्री पार्श्वनाथ स्तोत्र.

जय त्रिभुवनवरकल्पवृक्ष जय जिनधन्वन्तरे;

**जय तिहुअणवरकप्परुक्ख, जय जिणधन्नंतरि;**

| જયવંત વર્તો | ત્રણ જગતમાં ઉત્તમ કલ્પવૃક્ષ સમાન. | જયવંત વર્તો | જિનોમાં ધન્વંતરિ સમાન |
|---|---|---|---|

जय त्रिभुवनकल्याणकोष दुरितकरिकेसरिन् ।

**जय तिहुअणकल्लाणकोस, दुरिअक्करिकेसरि ।**

| જય પામો. | ત્રણ ભુવનના કલ્યાણના ખજાના રૂપ | પાપરૂપ હાથી માટે સિંહ સમાન |
|---|---|---|

त्रिभुवनजनाऽविलङ्घिताज्ञ भुवनत्रयस्वामिन्;

**तिहुअणजणअविलंघिआण, भुवणत्तयसामिअ;**

| ત્રણે જગતના લોકો વડે જેમની આજ્ઞા ઉલ્લંઘાય નહિં એવા | ત્રણ ભુવનના સ્વામી |
|---|---|

कुरुष्व सुखानि जिनेश पार्श्व ! स्तम्भनकपुरस्थित ॥ १ ॥

**कुणसु सुहाइ जिणेस पास, थंभणयपुरट्ठिअ ॥ १ ॥**

કરો સુખ હે જિનેશ્વર પાર્શ્વનાથ ! સ્તંભનક પુરમાં રહેલા.

**અર્થ**—સ્તંભનપુર ( ખંભાત ) માં બિરાજમાન હે જિનેશ્વર પાર્શ્વનાથ ! તમે જયવંતા વર્તો જયવંતા વર્તો. તમે ત્રણ જગતમાં ઉત્કૃષ્ટ કલ્પવૃક્ષ સમાન છો, 'જેમ વૈદ્યોમાં ધન્વંતરિ ઉત્તમ વૈદ્ય છે, તેમ તમે પણ જિનોમાં એટલે સામાન્ય કેવલીઓમાં ઉત્કૃષ્ટ છો, ત્રણે ભુવનને કલ્યાણ-દાન માટે ખજાનારૂપ છો, પાપરૂપ હાથીઓનો નાશ કરવા માટે તમે સિંહ સમાન છો, ત્રણે જગત્માં કોઇ પણ તમારી આજ્ઞાને ઉલ્લંઘી ન શકે એવા તમે છો, અને તમે ત્રણે ભુવનના સ્વામી છો; તેથી મારે માટે સુખ કરો. ॥ ૧ ॥

त्वां स्मरन्तो लभन्ते झटिति, वरपुत्रकलत्राणि;

**तइ समरंत लहन्ति झत्ति, वरपुत्तकलत्तइ;**

તમને સ્મરણ કરનારા | મેળવે છે | જલદી | ઉત્તમ પુત્ર અને પત્ની વિગેરે

धान्यसुवर्णहिरण्यपूर्णानि, जना भुञ्जते राज्यानि ।

**धन्नसुवण्णहिरण्णपुण्ण, जण भुंजइ रज्जइ ।**

ધાન્ય, સુવર્ણ, અને આભૂષણોથી પરિપૂર્ણ | મનુષ્યો ભોગવે છે રાજ્યને

पश्यन्ति मोक्षम् असंख्यसौख्यं तव पार्श्व ! प्रसादेन;

**पिक्खइ मुक्ख असंखसुक्ख, तुह पास पसाइण;**

દેખે છે મોક્ષને અગણિત સુખવાળા | તમારી હે પાર્શ્વનાથ | મહેરબાનીથી

इति त्रिभुवनवरकल्पवृक्ष, सौख्यानि कुरु मम जिन ॥ २ ॥

**इअ तिहुअणवरकप्परुक्ख, सुक्खइ कुण मह जिण।२।**

એ માટે ત્રણ ભુવનમાં ઉત્તમ કલ્પવૃક્ષ સમાન | સુખ કરો મને હે જિન !

**અર્થ**—હે જિનેશ્વર ! તમને સ્મરણ કરનારા મનુષ્યો જલદી ઉત્તમ પુત્ર, પત્ની વિગેરે મેળવે છે; વળી ધાન્ય, સુવર્ણ અને આભૂષણાદિ સંપત્તિ વડે પરિપૂર્ણ એવા રાજ્યને ભોગવે છે. હે પાર્શ્વનાથ સ્વામી ! તમારી મહેરબાનીથી ભવ્ય પ્રાણીઓ અગણિત સુખવાળા મોક્ષને દેખે છે; એવા ત્રણ ભુવનમાં ઉત્તમ કલ્પવૃક્ષ સમાન હે જિનેન્દ્ર ! મને સુખ કરો ॥ ૨ ॥

ज्वरजर्जराः परिजूर्णकर्णा, नष्टौष्ठाः सुकुष्ठेन;

**जरजज्जर परिजुण्णकण्ण, नट्ठुट्ठ सुकुट्ठिण;**

જ્વરથી જર્જરિત થયેલા | વહેતા કાનવાળા | ગળી ગયેલ હોઠવાળા | ગળતા કોઢથી

क्षीणचक्षुषः क्षयेण क्षुण्णा, नराः शल्यिताः शूलेन ।

**चक्खुक्खीण खएण खुण्ण, नर सल्लिय सूलिण ।**

નિસ્તેજ આંખોવાળા | ક્ષયથી કૃશ થઈ ગયેલા | મનુષ્યો પીડિત | શૂળ રોગ વડે

तव जिन स्मरणरसायनेन, लघु भवन्ति पुनर्नवाः;

**तुह जिण सरणरसायणेण, लहु हुन्ति पुणण्णव;**

તમારા હે જિન ! | સ્મરણ રૂપ રસાયણથી | જલદી થાય છે | ફરીથી નવા જેવા

जगद्धन्वन्तरे पार्श्व ममापि त्वं रोगहरो भव ॥ ३ ॥

**जयधन्नंतरि पास महवि तुह रोगहरो भव ॥ ३ ॥**

જગતમાં ધન્વંતરિ સમાન | હે પાર્શ્વ-નાથ | મારા પણ તમે | રોગ હરનારા | થાઓ

**અર્થ**—હે જિનેશ્વર ! તમારા સ્મરણરૂપ રસાયણથી એવા મનુષ્યો પણ જલદી ફરીથી નવા જેવા-જુવાન સદૃશ થઈ જાય છે, કે જેઓ જ્વરથી જર્જરિત થઈ ગયા હોય, ગળતા કોઢથી જેમના કાન વહેતા હોય, હોઠ ગળી ગયા હોય, નિસ્તેજ આંખો-વાળા થઈ ગયા હોય, ક્ષય રોગથી કૃશ થઈ ગયા હોય, અને શૂળ રોગ વડે પીડિત હોય. જગતમાં ધન્વંતરિ સમાન હે પાર્શ્વનાથ સ્વામી ! તમે મારા પણ રોગનો નાશ કરનારા થાઓ. ।। ૩ ।।

विद्या-ज्योतिष-मन्त्र-तन्त्रसिद्धयोऽप्रयत्नेन;

**विज्जा-जोइस-मंत-तंतसिद्धिउ अपयत्तिण;**

વિદ્યા જ્યોતિષ મંત્ર તંત્રની સિદ્ધિ પ્રયત્ન વગર

भुवनाद्भुता अष्टविधाः सिद्धयः सिध्यन्ति तव नाम्ना ।

**भुवणब्भुअ अट्ठविह सिद्धि, सिज्झहि तुह नामिण ।**

જગતમાં અદ્ભુત આઠ પ્રકારની સિદ્ધિ સિદ્ધ થાય છે | તમારા નામથી

तव नाम्नाऽपवित्रोऽपि जनो भवति पवित्रः।

**तुह नामिण अपवित्तओ वि, जण होइ पवित्तउ;**

તમારા નામથી અપવિત્ર પણ મનુષ્ય થાય છે પવિત્ર

तत् त्रिभुवनकल्याणकोषस्त्वं पार्श्व ! निरुक्तः ॥

**तं तिहुअणकल्लाणकोस, तुह पास निरुत्तउ ॥ ४ ॥**

| | | | |
|---|---|---|---|
| તેથી | ત્રણ જગતને કલ્યાણ-દાન માટે ખજાનારૂપ | તમે હે પાર્શ્વ-નાથ ! | કહેવાઓ છો |

અર્થ—હે જિનેન્દ્ર ! તમારા નામથી વિદ્યા, જ્યોતિષ, મંત્ર અને તંત્રાદિ પ્રયત્ન વગરજ સિદ્ધ થઇ જાય છે; વળી જગતમાં અદ્ભુત એવી આઠ પ્રકારની સિદ્ધિઓ સિદ્ધ થાય છે, તથા તમારા નામથી અપવિત્ર મનુષ્ય પણ પવિત્ર થાય છે, તેથી હે પાર્શ્વનાથ સ્વામી ! તમે ત્રિભુવન કલ્યાણકોષ કહેવાઓ છો, એટલે ત્રણે જગતને કલ્યાણ-દાન માટે ખજાના રૂપ કહેવાઓ છો ॥ ૪ ॥

क्षुद्रप्रयुक्तानि मन्त्र-तन्त्र-यन्त्राणि विसूत्रयति,

**खुद्दपउत्तइ मंत-तंत-जंताइ विसुत्तइ,**

ક્ષુદ્રો વડે પ્રયોજેલા મંત્ર તંત્ર અને યંત્રોને નિષ્ફળ કરે છે

चरस्थिरगरल-ग्रहोग्रखड्ग-रिपुवर्गान् अपि गञ्जयति।

**चरथिरगरल-गहुग्गखग्ग-रिउवग्ग वि गंजइ ।**

| | | | | |
|---|---|---|---|---|
| જંગમ અને સ્થિર ઝેર | ગ્રહ, | ભયંકર તલવાર | શત્રુ સમુદાયને | પણ પરાભવ કરે છે |

दुःस्थितसार्थान् अनर्थग्रस्तान् निस्तारयति दयां कृत्वा,

**दुत्थियसत्थ अणत्थघत्थ, नित्थारइ दय करि,**

| | | | |
|---|---|---|---|
| બેહાલ પ્રાણીઓના સમૂહને | અનર્થોથી ગ્રસ્ત થયેલા | તારે છે | દયા કરીને |

दुरितानि हरतु स पार्श्वदेवो दुरितकरिकेसरी ॥

**दुरियइ हरउ स पासदेउ दुरियकरिकेसरि ॥ ५ ॥**

પાપોને દૂર કરો | તે પાર્શ્વદેવ | પાપ રૂપ હાથીઓ માટે સિંહ સમાન

અર્થ—જે જિનેન્દ્ર ક્ષુદ્ર મનુષ્યોદ્વારા કરાયેલા મંત્રો તંત્રો અને યંત્રોને નિષ્ફળ કરે છે; તથા જંગમ અને સ્થિર ઝેર, ગ્રહોના દોષ, ભયંકર તરવાર અને શત્રુ-સમુદાયનો પરાભવ કરે છે; વળી અનર્થોથી ગ્રસ્ત થયેલા બેહાલ પ્રાણીઓને દયા કરીને બચાવે છે; તે દુરિતકરિકેસરિ એટલે પાપ રૂપ હાથીઓનો નાશ કરવામાં સિંહ સમાન શ્રીપાર્શ્વદેવ મારાં પાપોને દૂર કરો ॥ ૫ ॥

तव आज्ञा स्तम्भाति भीमदर्पोद्धुरसुरवर,-

**तुह आणा थंभेइ भीमदप्पुध्धुरसुरवर-**

તમારી આજ્ઞા થંભાવે છે | અતિશય અભિમાની અને પ્રચંડ એવા મોટા દેવ

राक्षस- यक्ष- फणीन्द्रवृन्द- चौरा-ऽनल-जलधरान् ।

**रक्खस-जक्ख-फणिंदविंद-चोरा-ऽनल-जलहर ।**

રાક્ષસ યક્ષ સર્પરાજોના સમૂહ ચોર અગ્નિ મેઘોને

जल- स्थलचारिणः रौद्रक्षुद्रपशुयोगिनीयोगिनः,

**जल-थलचारि रउद्दखुद्दपसु-जोइणि-जोइय,**

જલચારી સ્થલચારી ભયંકર હિંસક પશુ યોગિની યોગીઓને

इति त्रिभुवनाऽविलङ्घिताज्ञ ! जय पार्श्व ! सुस्वामिन् ॥

**इय तिहुअणअविलंघिआण जय पास सुसामिय ६**

એજ કારણથી | ત્રણે જગત્માં નહિં ઓળંગાય એવી આજ્ઞાવાળા | જય થાઓ | હે પાર્શ્વ! સુસ્વામી

અર્થ—હે પાર્શ્વ સુસ્વામી ! તમારો જય થાઓ, તમારી

આજ્ઞા અતિશય અહંકારી અને પ્રચંડ એવા મોટા મોટા દેવ, રાક્ષસ, યક્ષ અને સર્પરાજોના સમૂહને; ચોર, અગ્નિ અને મેઘોને; મગરમચ્છ વિગેરે જલચર જીવોને; સિંહ વ્યાઘ્રાદિ સ્થલચર પ્રાણીઓને; ભયંકર અને હિંસક એવા પશુઓને; અને જોગણીઓ તથા જોગીઓનાં આક્રમણને થંભાવી દે છે–અટકાવે છે; હે પ્રભો! એજ કારણથી તમે ત્રિભુવન–અવિલંઘિતાજ્ઞ એટલે ત્રણે ભુવનમાં અલંઘિત આજ્ઞાવાળા છો ॥ ૬ ॥

प्रार्थितार्था अनर्थत्रस्ता भक्तिभरनिर्भराः,

**पत्थियअत्थ अणत्थतत्थ भत्तिब्भरनिब्भर,**

પ્રાર્થેલો છે અર્થ જેમણે | અનર્થથી ત્રાસ પામેલા | ભક્તિના ભારથી નમ્ર બનેલા

रोमाञ्चाञ्चिताः चारुकायाः किन्नरनरसुरवराः।

**रोमंचंचिय चारुकाय किन्नरनरसुरवर।**

રોમાંચ યુક્ત બનેલા | સુંદર શરીર–વાળા | કિન્નરો, મનુષ્યો અને ઉચ્ચ કોટિના દેવો

यस्य सेवन्ते क्रमकमलयुगलं प्रक्षालितकलिमलं,

**जसु सेवहि कमकमलजुयल पक्खालियकलिमलु,**

જેમનાં સેવે છે બન્ને ચરણ કમળને કલિકાલનાં મળોને નાશ કરવાવાળા

स भुवनत्रयस्वामी पार्श्वो मम मर्दयतु रिपुबलम्॥

**सो भुवणत्तयसामि पास मह मद्दउ रिउबलु ॥७॥**

તે ત્રણે લોકના સ્વામી પાર્શ્વ મારા ચુરો શત્રુઓના બળને

અર્થ—અનર્થોથી ત્રાસ પામેલા, અને તેથીજ પ્રાર્થેલો છે અર્થ જેમણે એવા, ભક્તિના ભારથી નમ્ર બનેલા અને રોમાંચ યુક્ત બનેલા એવા સુંદર શરીરવાળા કિન્નરો, મનુષ્યો અને

ઉચ્ચ કોટિના દેવતાઓ પણ, કલિકાલના મળોને નાશ કરવાવાળા એવા જેમનાં બન્ને ચરણ-કમળને સેવે છે; તે ત્રણે લોકના સ્વામી શ્રી પાર્શ્વનાથ મારા શત્રુઓના બળને ચૂરો ॥ ૭ ॥

जय योगिमनःकमलभसल, भयपञ्जरकुञ्जर;

**जय जोइयमणकमलभसल, भयपंजरकुंजर;**

| | | |
|---|---|---|
| જયવંતા વર્તો | હે યોગીઓના મનરૂપી કમળો માટે ભ્રમર સમાન | હે ભયરૂપી પાંજરા માટે હાથી. |

त्रिभुवनजनानन्दचन्द्र, भुवनत्रयदिनकर ।

**तिहुअणजणआणंदचंद, भुवणत्तयदिणयर ।**

| | |
|---|---|
| હે ત્રણ જગતના પ્રાણીઓને આનંદ દેવા માટે ચંદ્ર | હે ત્રણ ભુવનના સૂર્ય |

जय मतिमेदिनीवारिवाह, जगज्जन्तुपितामह;

**जय मइमेइणिवारिवाह, जयजंतुपिआमह;**

| | | |
|---|---|---|
| જય પામો | હે મતિરૂપ પૃથ્વી માટે મેઘ | હે જગતના પ્રાણીઓના પિતામહ. |

स्तम्भनकस्थित पार्श्वनाथ!, नाथत्वं कुरु मम ॥ ८ ॥

**थंभणयट्ठिय पासनाह !, नाहत्तण कुण मह ॥८॥**

| | |
|---|---|
| ખંભાતમાં બિરાજેલા | હે પાર્શ્વનાથ નાથપણું કરો મને |

**અર્થ**—હે ખંભાત શહેરમાં બિરાજમાન શ્રી પાર્શ્વનાથ સ્વામી! તમે જયવંતા વર્તો, તમારો વારંવાર જય હો. તમે કમળો ઉપર ભ્રમરની પેઠે યોગીઓના મનમાં વસેલા છો, હાથીની જેમ ભયરૂપ પાંજરાને તોડનારા છો, ચન્દ્રમા પેઠે ત્રણ જગતના પ્રાણીઓને આનંદ પમાડનારા છો, સૂર્યની જેમ ત્રણે ભુવનના અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનારા છો, મેઘની પેઠે મતિરૂપ પૃથ્વીને સરસ બનાવવાવાળા છો, અને પિતામહની પેઠે જગતના

પ્રાણીઓનું પાલન કરનારા છો, તેથી હે પ્રભો ! મને સનાથ કરો-મારા સ્વામી બનો ॥ ૮ ॥

वहुविधवर्णोऽवर्णः शून्यो, वर्णितः पण्डितैः;

**बहुविहुवन्नु अवन्नु सुन्नु, वन्निउ छप्पन्निहिं;**

| | | |
|---|---|---|
| વિવિધ વર્ણવાળા | અવર્ણ શૂન્ય વર્ણન કરાયેલા છે | પંડિતો વડે |

मोक्ष-धर्म-कामा-ऽर्थकामा नरा निजनिजशास्त्रेषु ।

**मुक्खधम्मकामत्थकाम, नर नियनियसत्थिहिं ।**

| | |
|---|---|
| મોક્ષ, ધર્મ, કામ અને અર્થની ઇચ્છાવાળા | મનુષ્યો પોતપોતાના શાસ્ત્રમાં |

यं ध्यायन्ति बहुदर्शनस्था बहुनामप्रसिद्धं;

**जं झायहि बहुदरिसणत्थ बहुनामपसिद्धउ;**

| | | |
|---|---|---|
| જેમનું | ધ્યાન કરે છે અનેક દાર્શનિક મનુષ્યો | ઘણાં નામથી પ્રસિદ્ધ |

स योगिमनःकमलभसलः सुखं पार्श्वः प्रवर्द्धयतु ॥ ९ ॥

**सो जोइयमणकमलभसल, सुहु पास पवद्धउ ॥९॥**

| | |
|---|---|
| તે યોગીઓના ચિત્તરૂપી કમળમાં ભ્રમર સમાન. | સુખની પાર્શ્વનાથ વૃદ્ધિ કરો |

અર્થ—જે પંડિતો દ્વારા પોતપોતાના શાસ્ત્રોમાં કોઇએ વિવિધ વર્ણવાળા-અનેક રૂપધારી, કોઇએ અવર્ણ-નિરાકાર અને કોઇએ શૂન્ય તરીકે વર્ણવેલા છે; અને તેથીજ મોક્ષ, ધર્મ, કામ અને અર્થની ઇચ્છાવાળા જુદા જુદા દર્શનવાળા મનુષ્યો, વિષ્ણુ મહેશ બુદ્ધ આદિ અનેક નામથી પ્રસિદ્ધ એવા જે પ્રભુનું ધ્યાન ધરે છે; વળી જે યોગીઓના ચિત્તરૂપી કમળમાં ભ્રમર સમાન છે, તે શ્રી પાર્શ્વનાથ સ્વામી મને સુખની વૃદ્ધિ કરો ॥ ૯ ॥

भयविह्वला रणझणद्दशनाः, थरहरच्छरीरकाः;

**भयविब्भल रणझणिरदसण, थरहरियसरीरय;**

ભયથી વ્યાકુલ બનેલા | હચમચી ગયેલા દાંતવાળા | કંપી ઉઠેલા શરીરવાળા.

तरलितनयना विषण्णाः शून्याः गद्गद्गिरः कारुणिकाः।

**तरलियनयण विसण्ण सुन्न, गग्गरगिर करुणय।**

ચંચળ આંખો વાળા | ખેદખિન્ન | શૂન્ય થઈગયેલા | ગળગળી વાણીવાળા | દીન બનેલા

त्वां सहसैव स्मरन्तो भवन्ति, नरा नाशितगुरुदराः,

**तइ सहसत्ति सरंत हुंति, नर नासियगुरुदर;**

તમારૂં જલદી | સ્મરણ કરતા છતા | થાય છે | મનુષ્યો | નાશ પામ્યો છે ભારે ભય જેમનો એવા.

मम विध्यापय साध्वसानि पार्श्व भयपञ्जरकुञ्जर ॥१०॥

**मह विज्झवि सज्झसइ पास भयपंजरकुंजर ॥१०॥**

મારાં નાશ કરો ભયોને હે પાર્શ્વ ભયરૂપી પાંજરાને માટે હાથી સમાન.

**અર્થ**—ભયથી આકુળ-વ્યાકુળ થયેલા, ત્રાસને લીધે હચમચી ગયેલા દાંતવાળા, કાંપતા શરીરવાળા, ચંચળ નેત્રોવાળા, એટલે ભયથી જેમની આંખો ફાટી રહી હોય એવા, ખેદથી ખિન્ન બનેલા, ભયના માર્યા લાકડા જેવા અચેતન-મૂર્છિત થઈ ગયેલા, ગળગળી વાણીવાળા, અને દયા ઉપજાવે એવા દીન બની ગયેલા; આવા મનુષ્યો પણ તમારૂં સ્મરણ કરતા છતા જલદી નાશ પામ્યા છે ભારે ભય જેમના એવા થાય છે-તેમના ભારેમાં ભારે ભય તુરત નાશ પામે છે; અને તેથી ભયરૂપી પાંજરાને તોડી નાખવા માટે હસ્તી સમાન હે પાર્શ્વનાથ સ્વામી! મારાં પણ ભયોનો નાશ કરો ॥ ૧૦ ॥

पतिं दृष्ट्वा विकसन्नेत्रपत्रान्तःप्रवर्तित—

**पइं पासि वियसंतनित्तपत्तंतपवित्तिय,—**

આપ સ્વામીને | દેખીને | ખીલેલાં નેત્રરૂપ પર્ણની અંદરથી પ્રવર્તેલા-નીકળેલા

बाष्पप्रवाहप्रप्लूतरूढदुःखदाहाः सुपुलकिताः ।

**बाहपवाहपवूढरूढदुहदाह सुपुलइय ।**

બાષ્પના પ્રવાહથી ધોવાઇ ગયાં છે ચિરસંચિત દુઃખ અને દાહ જેમના | રોમાંચિત થયેલા

मन्यन्ते मान्यं सुपुण्यं पुण्यम्, आत्मानं सुर–नराः,

**मन्नइ मन्नु सउन्नु पुन्नु, अप्पाणं सुर–नर,**

માને છે | માનનીય | ભાગ્યશાલી | પુણ્યાત્મા પોતાને | દેવો અને મનુષ્યો

इति त्रिभुवनानन्दचन्द्र जय पार्श्व जिनेश्वर ॥११॥

**इय तिहुअणआणंदचंद, जय पास जिणेसर ॥११॥**

એ માટે | ત્રણ જગતને આનંદ પમાડવામાં ચંદ્ર સમાન | જય પામો | હે પાર્શ્વ જિનેશ્વર!

અર્થ—હે પ્રભો ! આપ સ્વામીને દેખીને દેવો અને મનુષ્યો, પોતાનાં વિકસિત થયેલાં નેત્રરૂપ પર્ણની અંદરથી વહેતા બાષ્પના પ્રવાહથી ધોવાઈ ગયા છે ચિરસંચિત દુઃખ અને સંતાપ જેમના એવા બને છે; અને તેથી અતિશય રોમાંચિત બનેલા એ દેવો અને મનુષ્યો પોતાને માનનીય, ભાગ્યશાળી અને પુણ્યાત્મા માને છે. તેથી ત્રણે જગતને આનંદ પમાડવામાં ચન્દ્રમા સમાન હે પાર્શ્વનાથ જિનેશ્વર! તમે જય પામો. ॥ ૧૧ ॥

तव कल्याणमहेषु घण्टाटङ्कारावक्षिप्ताः,

**तुह कल्लाणमहेसु घंटटंकारऽवपिल्लिय,**

તમારા કલ્યાણક મહો- ત્સવોને વિષે | ઘંટાના અવાજથી પ્રેરિત થયેલા

वेल्यमानमाल्या महाभक्तयः सुरवरा रोमाञ्चिताः ।

**वल्लिरमल्ल महल्लभत्ति सुरवर गंजुल्लिय ।**

ચલાયમાન છે માળા જેમની | ઘણી ભક્તિવાળા ઇંદ્રો રોમાંચિત થયેલા

त्वरिताः प्रवर्तयन्ति भुवनेऽपि महोत्सवान्,

**हल्लुप्फलिय पवत्तयन्ति भुवणे वि महूसव,**

ઉતાવળા પ્રવર્તાવે છે જગતમાં પણ મહોત્સવોને

इति त्रिभुवनानन्दचन्द्र जय पार्श्व सुखोद्भव ॥ १२ ॥

**इय तिहुअणआणंदचंद जय पास सुहुब्भव ॥१२॥**

તેથી ત્રણે ભુવનને આનંદ ઉપજાવવામાં ચંદ્ર સમાન | જય પામો | હે પાર્શ્વ | સુખની ખાણ સમાન

અર્થ—હે સ્વામી ! તમારા કલ્યાણક–ઉત્સવોમાં સુઘોષા ઘંટાના નાદથી પ્રેરિત થયેલા, ચલાયમાન છે માળાઓ જેમની એવા, અતિશય ભક્તિવાળા, અને તેથીજ રોમાંચિત બનેલા દેવેન્દ્રો ઉતાવળા બનેલા–પોતાનાં બધાં કામો મુકીને આ જગતમાં પણ મહોત્સવ પ્રવર્તાવે છે. તેથી ત્રણે ભુવનને આનંદ ઉપજાવવામાં ચન્દ્ર સમાન અને સુખની ખાણ સમાન હે પાર્શ્વનાથ પ્રભો ! તમે જય પામો. ॥ ૧૨ ॥

निर्मलकेवलकिरणनिकरविधुरिततमःप्रकर,

**निम्मलकेवलकिरणनियरविहुरियतमपहयर,**

નિર્મળ કેવળ- જ્ઞાનના | કિરણોના સમૂહથી | અંધકારના સમુદાયને નષ્ટ કરવાવાળા

दर्शितसकलपदार्थसार्थं विस्तृतप्रभाभर ।

**दंसियसयलपयत्थसत्थ वित्थरियपहाभर ।**

દેખાડેલા છે સકલ પદા- | વિસ્તાર પામ્યો છે
ર્થોના સમૂહ જેમણે એવા | કાંતિનો પુંજ જેમનો એવા

कलिकलुषितजनघूकलोकलोचनानाम् अगोचर,

**कलिकलुसियजणघूयलोयलोयणह अगोयर,**

કલિકાલથી | મનુષ્યો રૂપી ઘુવડોનાં | અગોચર
કલુષિત બનેલા | લોચનને |

तिमिराणि निरु (निश्चितं) हर पार्श्वनाथ भुवनत्रयदिनकर ॥

**तिमिरइ निरु हर पासनाह भुवणत्तयदिणयर ॥१३॥**

અંધકારને નિશ્ચયે | હરો | હે પાર્શ્વનાથ! | ત્રણે ભુવનમાં
| | | સૂર્ય સમાન

**અર્થ**—નિર્મળ કેવળજ્ઞાનના કિરણોના સમૂહથી અજ્ઞાન-રૂપી અંધકારના સમુદાયને નષ્ટ કરવાવાળા, જગતના પ્રાણીઓને દેખાડેલા છે સત્ય તત્ત્વરૂપી સકલ પદાર્થોના સમૂહ જેમણે એવા, વિસ્તાર પામ્યો છે જ્ઞાનના તેજનો પુંજ જેમનો એવા, કલિ-કાલથી કલુષિત થયેલા મનુષ્યોરૂપી ઘુવડોનાં નેત્રોને અગોચર અને તેથીજ ત્રણે જગતમાં સૂર્ય સમાન એવા હે પાર્શ્વનાથ સ્વામી! નિશ્ચયે મારા અજ્ઞાનરૂપી અંધકારને હરો–નષ્ટ કરો. ૧૩

त्वत्स्मरणजलवर्षसिक्ता मानवमतिमेदिनी,

**तुह समरणजलवरिससित्त माणवमइमेइणि,**

તમારાં | સ્મરણરૂપ જલના વરસાદથી | મનુષ્યોની મતિરૂપ
| સિંચાયેલી | પૃથ્વી

अपरापरसूक्ष्मार्थबोधकन्दलदलराजिनी ।

**अवरावरसुहुमत्थबोहकंदलदलरेहणि ।**

ભિન્ન ભિન્ન સૂક્ષ્મ | જ્ઞાનરૂપ અંકુરા અને પાંદડાંથી
પદાર્થોના | શોભિત

जायते फलभरभरिता हृतदुःखदाहा अनुपमा,

**जायइ फलभरभरिय हरियदुहदाह अणोवम,**

થાય છે | ફળોના ભારથી પૂર્ણ | નષ્ટ થયો છે દુઃખરૂપી દાહ જેનો એવી | અનુપમ

इति मतिमेदिनीवारिवाह दिश पार्श्व ! मतिं मम ॥

**इय मइमेइणिवारिवाह दिस पास मइं मम ॥१४॥**

એ કારણથી | મતિરૂપ પૃથ્વીને માટે મેઘ સમાન | આપો. હે પાર્શ્વ | મતિ મને

**અર્થ—હે પ્રભો !** તમારાં સ્મરણરૂપ જલના વરસાદથી સિંચાયેલી મનુષ્યોની બુદ્ધિરૂપ પૃથ્વી; ભિન્ન–ભિન્ન સૂક્ષ્મ પદાર્થોના જ્ઞાનરૂપી અંકુરા અને પર્ણોથી શોભિત બને છે, વળી ફળોના સમૂહથી પૂર્ણ, નષ્ટ થયો છે દુઃખરૂપ દાહ જેનો એવી, અને તેથીજ અનુપમ થાય છે. તેથી મતિરૂપ પૃથ્વીને માટે મેઘ સમાન હે પાર્શ્વનાથ સ્વામી! મને બુદ્ધિ આપો. ।।૧૪।।

कृताऽविकलकल्याणवल्लिः तुडितदुःखवनः,

**कयअविकलकल्लाणवल्लि उल्लूरियदुहवणु,**

કરેલ છે સંપૂર્ણ કલ્યાણરૂપ વેલડી જેણે | દુઃખરૂપી વનનો વિનાશ કરનાર

दर्शितस्वर्गाऽपवर्गमार्गो दुर्गतिगमवारणः ।

**दावियसग्गऽपवग्गमग्ग दुग्गइगमवारणु ।**

દેખાડેલ છે સ્વર્ગ અને મોક્ષનો માર્ગ જેણે | દુર્ગતિમાં ગમનને વારનાર

जगज्जन्तूनां जनकेन तुल्यो येन जनितो हितावहः,

**जयजंतुह जणएण तुल्ल जं जणिय हियावहु,**

જગતના પ્રાણીઓના | પિતા તુલ્ય | જેમણે | ઉત્પન્ન કર્યો | હિતકર

रम्यो धर्मः स जयतु पार्श्वो जगज्जन्तुपितामहः ॥
**रम्मु धम्मु सो जयउ पास जयजंतुपियामहु ॥१५॥**

રમણીય ધર્મ | તે | જય પામો | પાર્શ્વનાથ | જગતના પ્રાણીઓના પિતામહ તુલ્ય

**અર્થ**—સંપૂર્ણ કલ્યાણરૂપ વેલડીને કરનાર, દુઃખરૂપ વનનો વિનાશ કરનાર, સ્વર્ગ અને મોક્ષના માર્ગને દેખાડનાર, નીચ ગતિમાં ગમનને રોકનાર, હિત કરનાર, અને તેથીજ જગતના પ્રાણીઓના પિતા તુલ્ય; આવા પ્રકારનો રમણીય ધર્મ જેમણે ઉત્પન્ન કર્યો–પ્રરૂપ્યો, તે **જગતના પ્રાણીઓના પિતામહ તુલ્ય શ્રી** પાર્શ્વનાથ સ્વા**મી** જયવંતા વર્તો. ॥ ૧૫ ॥

भुवनाऽरण्यनिवासा दृप्ताः परदर्शनदेवताः,
**भुवणारण्णनिवास दरिय परदरिसणदेवय,**

જગત્ રૂપી જંગલમાં વસનારા | અહંકારી | અન્ય મતના દેવો

योगिनी—पूतना—क्षेत्रपाल—क्षुद्राऽसुरपशुव्रजाः ।
**जोइणि–पूयण–खित्तवाल–खुद्दासुरपसुवय ।**

યોગિનીઓ | દુષ્ટ વ્યંતરીઓ | ક્ષેત્રપાલો | અને ક્ષુદ્ર અસુરરૂપ પશુઓનાં ટોળાં

त्वद् उत्त्रस्ताः सुनष्टाः सुष्ठु अविसंस्थुलं तिष्ठन्ति,
**तुह उत्तट्ठ सुनट्ठ सुट्ठु अविसंठुलु चिट्ठहि,**

તમારાથી | ત્રાસ પામ્યા | ભાગી ગયા | સારી રીતે | સાવધાન-પણે | રહે છે

इति त्रिभुवनवनसिंह पार्श्व ! पापानि प्रणाशय ॥
**इय तिहुअणवणसीह पास पावाइ पणासहि ॥१६॥**

એ કારણ થી | ત્રણ જગતરૂપી વનમાં સિંહ સમાન | હે પાર્શ્વનાથ | પાપોને | નષ્ટ કરો

અર્થ—સંસારરૂપી જંગલમાં વસનારા અને અભિમાની એવા ભિન્ન-ભિન્ન મતના દેવો, જોગણીઓ, દુષ્ટ વ્યંતરીઓ, ક્ષેત્રપાલો અને ક્ષુદ્ર અસુરરૂપ પશુઓનાં ટોળાં તમારાથી ગભરાઇ ગયાં, ભાગી ગયાં, અને ડરના માર્યાં બહુજ સાવધાનીથી રહે છે; એ કારણથી ત્રણ જગતરૂપી વનમાં સિંહ સમાન હે પાર્શ્વનાથ પ્રભો ! મારાં પાપોને નષ્ટ કરો–દૂર કરો. ॥૧૬॥

फणिफणस्फारस्फुरद्रत्नकररञ्जितनभस्तले,

**फणिफणफारफुरंतरयणकररंजियनहयल,**

| ધરણેન્દ્રની ફણામાં | અતિશય દેદીપ્યમાન | રત્નોનાં કિરણો વડે | રંગાયેલા આકાશમાં |
|---|---|---|---|

फलिनीकन्दलदल— तमाल— नीलोत्पलश्यामल ।

**फलिणीकंदलदल–तमाल–नीलुप्पलसामल ।**

| પ્રિયંગુ લતાના અંકુરા અને પર્ણ | તમાલ વૃક્ષ | કાળા કમળની પેઠે શ્યામ |
|---|---|---|

कमठासुरोपसर्गवर्गसंसर्गाऽगञ्जित,

**कमठासुरउवसग्गवग्गसंसग्गअगंजिय,**

| કમઠ અસુરે કરેલા | ઉપસર્ગના સમૂહના સંસર્ગ વડે પણ | પરાભવ નહીં પામેલા |
|---|---|---|

जय प्रत्यक्ष जिनेश पार्श्व ! स्तम्भनकपुरस्थित ॥

**जय पच्चक्ख जिणेस पास थंभणयपुरट्ठिय ॥१७॥**

| જય પામો | પ્રત્યક્ષી-ભૂત | હે જિનેશ્વર | પાર્શ્વનાથ | સ્તંભનક શહેરમાં રહેલા. |
|---|---|---|---|---|

અર્થ—( અધમ કમઠાસુરે કરેલા ઘોર ઉપસર્ગોને સમભાવે સહન કરતા પ્રભુ પાસે ભક્તિવશ આવેલા– ) ધરણેન્દ્રની ફણામાં અતિશય ઝળહળતા રત્નોનાં કિરણોથી રંગાયેલા આકાશમાં પ્રિયંગુ વેલડીના અંકુરા અને પાંદડાં પેઠે, તમાલ નામના

વૃક્ષની પેઠે, અને કૃષ્ણ કમળની પેઠે શ્યામ; તથા કમઠ નામના અસુરે કરેલા ઉપસર્ગોના સમૂહ વડે પણ ન જીતાયેલા—એ ઘોર ઉપસર્ગોને જીતી લેવાવાળા, અને સ્તંભનકપુરમાં બિરાજમાન એવા પ્રત્યક્ષીભૂત હે પાર્શ્વનાથ જિનેશ્વર ! તમે જયવંતા વર્તો. ॥ ૧૭ ॥

मम मनः तरलं प्रमाणं नैव वागपि विसंस्थुला,

**मह मणु तरलु पमाणु नेव वाया वि विसंठुलु,**

| | | | |
|---|---|---|---|
| મારૂં મન ચપળ છે | પ્રમાણ-ભૂત | નથીજ | વાણી પણ અવ્યવસ્થિત |

न च तनुरपि अविनयस्वभावा आलस्यविशृङ्खला ।

**न य तणुरवि अविणयसहावु आलसविहलंथलु ।**

| | | | |
|---|---|---|---|
| નથી વળી | શરીર પણ | અવિનય સ્વભાવ-વાળું | આલસ્ય વડે પરવશ |

तव माहात्म्यं प्रमाणं देव कारुण्यपवित्रम्,

**तुह माहप्पु पमाणु देव कारुण्णपवित्तउ,**

| | | | |
|---|---|---|---|
| તમારૂં માહાત્મ્ય | પ્રમાણ-ભૂત છે | હે દેવ ! | કરૂણા વડે પવિત્ર |

इति मां मा अवधोरय पार्श्व ! पालय विलपन्तम् ॥

**इय मइ मा अवहोरि पास पालिहि विलवंतउ॥१८॥**

| | | | | |
|---|---|---|---|---|
| એ કારણથી | મને ન અવગણો | હે પાર્શ્વ ! | પાળો | વિલાપ કરતા |

અર્થ—મારૂં મન ચપળ છે, તેથી પ્રમાણભૂત નથી, વાણી પણ અવ્યવસ્થિત—ચલ-વિચલ હોવાથી પ્રમાણભૂત નથી, અને શરીર પણ અવિનય સ્વભાવવાળું-ઉદ્ધત અને આલસ્યથી પરવશ બનેલું હોવાથી પ્રમાણભૂત નથી; પરંતુ કેવળ કરૂણા વડે પવિત્ર એવું તમારૂં માહાત્મ્યજ પ્રમાણભૂત છે. તેથી હે દયાનિધાન પાર્શ્વદેવ ! મારી અવહેલના ન કરો, વિલાપ કરતા એવા મને પાળો—મારી રક્ષા કરો. ॥ ૧૮ ॥

किं किं कल्पितं न च करुणं किं किं वा न जल्पितं,
किं किं कप्पिउ न य कलुणु किं किं व न जंपिउ,
શું શું કલ્પના કરી | નથી અને કરૂણ શું શું અથવા નથી બોલ્યા

किं वा न चेष्टितं क्लिष्टं देव दीनतामवलम्ब्य ।
किं व न चिट्ठिउ किट्ठु देव दीणयमवलंबिउ ।
શું અથવા | નથી | ચેષ્ટા કરી | ક્લેશકારી | હે દેવ ! | દીનતાને અવલંબીને

कस्य न कृता निष्फला लल्ली अस्माभिः दुःखार्तैः,
कासु न किय निप्फल्ल लल्लि अम्हेहि दुहत्तिहि,
કોની નથી કરી નકામી ખુશામત અમોએ | દુઃખથી વ્યાકુળ બનેલા

तथापि न प्राप्तं त्राणं किमपि पते ! प्रभुपरित्यक्तैः ॥
तह त्ति न पत्तउ ताणु किंपि पइ पहुपरिचत्तिहि॥१९॥
તો પણ | નથી પ્રાપ્ત કર્યું | રક્ષણ | કાંઈ પણ | હે સ્વામી ! | પ્રભુ વડે ત્યજાએલા

**અર્થ**—હે સ્વામી ! આપ જેવા સમર્થ પ્રભુ વડે ત્યજાએલા, એટલે આપનું સેવન-સ્મરણ નહિં કરનારા અને તેથીજ દુઃખથી વ્યાકુળ બનેલા અમે દીનતાને અવલંબીને ચિત્તમાં શું શું સંકલ્પ-વિકલ્પ નથી કર્યો ? કરૂણા ઉપજાવે એવાં શું શું દીન-વચનો નથી બોલ્યા ? ક્લેશકારી એવી કઇ કઇ ચેષ્ટા નથી આચરી ? અને નકામી ખુશામત કોની નથી કરી ? તો પણ હે દેવ ! કાંઇ પણ રક્ષણ પ્રાપ્ત કર્યું નહીં. તાત્પર્ય કે-આપની કૃપા વગર કોઇ પણ કાર્ય સિદ્ધ ન થયું. ॥ ૧૯ ॥

त्वं स्वामी त्वं माता-पितरौ त्वं मित्रं प्रियङ्करं,
तुहु सामिउ तुहु मायबप्पु तुहु मित्त पियंकरु,
તમે સ્વામી તમે માત-પિતા તમે મિત્ર હિતકર

त्वं गतिः त्वं मतिः त्वमेव त्राणं त्वं गुरुः क्षेमङ्करः ।
तुहुँ गइ तुहु मइ तुहुजि ताणु तुहु गुरु खेमंकरु ।
તમે ગતિ તમે મતિ તમેજ રક્ષણ, તમે ગુરૂ કલ્યાણકારી

अहं दुःखभरभारितो वराको राजा निर्भाग्याणां,
हउँ दुहभरभारिउ वराउ राउ निब्भग्गह,
હું | દુઃખના ભારથી દબાયેલો | ગરીબડો રાજા કમનસીબોનો

लीनः तव क्रमकमलशरणं जिन पालय चङ्गानाम् ॥
लीणउ तुह कमकमलसरणु जिण पालहि चंगह २०
લીન તમારા ચરણ–કમલરૂપ શરણમાં | હે જિન ! | રક્ષા કરો | ઉત્કૃષ્ટ

અર્થ—તમે સ્વામી છો, તમે માત–પિતા છો, તમે હિતકર મિત્ર છો, તમે ગતિ છો એટલે તમારાથીજ સદ્ગતિ પ્રાપ્ત થાય છે, તમે મતિ છો એટલે તમારી કૃપાથી નિર્મળ બુદ્ધિ પ્રાપ્ત થાય છે, તમેજ રક્ષણરૂપ છો, અને તમે કલ્યાણકારી ગુરૂદેવ છો; પરંતુ હું દુઃખના બોજાથી દબાયેલો, ગરીબડો, અને ઉત્કૃષ્ટ ભાગ્યહીનોનો રાજા છું; તો પણ હવે તો તમારાં ચરણ–કમલરૂપ શરણમાં લીન થયો છું, માટે હે દયાળુ જિનેશ્વર ! મારી રક્ષા કરો. ॥ ૨૦ ॥

पत्या केऽपि कृता नीरोगा लोकाः केऽपि प्राप्तसुखशताः,
पइ किवि कय नीरोय लोय किवि पावियसुहसय,
આપ સ્વામી વડે | કેટલાએક | કરાયા નીરોગી | લોકો કેટલાએક | મેળવ્યાં છે સેંકડો સુખ જેમણે એવા

केऽपि मतिमन्तो महान्तः केऽपि केऽपि साधितशिवपदाः ।
किवि मइमंत महंत केवि किवि साहियसिवपय ।
કેટલાએક બુદ્ધિશાળી મોટા | કેટલાએક | કેટલાએક | સાધ્યું છે મોક્ષપદ જેમણે એવા

केऽपि गञ्जितरिपुवर्गाः केऽपि यशोधवलितभूतलाः,

**किवि गंजियरिउवग्ग केवि जसधवलियभूयल,**

| | | | |
|---|---|---|---|
| કેટલા-એક | જીત્યા છે શત્રુઓના સમૂહ જેમણે | કેટલા-એક | યશ વડે ભૂતલને ઉજ્વળ કરવાવાળા |

माम् अवधीरयसि केन पार्श्व ! शरणागतवत्सल ॥

**मइ अवहीरहि केण पास ! सरणागयवच्छल ॥२१॥**

| | | | |
|---|---|---|---|
| મારી અવધીરણા કરો છો | શા કારણ-થી | હે પાર્શ્વ | શરણે આવેલ છે વત્સલ જેમને એવા |

અર્થ—હે પ્રભો ! આપ સ્વામીએ કેટલાએક લોકોને નીરોગી કર્યા, કેટલાએકને સેંકડો સુખ પ્રાપ્ત કરાવ્યાં, કેટલાએકને બુદ્ધિશાળી બનાવ્યા, કેટલાએકને મ્હોટા બનાવી દીધા, કેટલાએકને મોક્ષપદ પ્રાપ્ત કરાવ્યું, કેટલાએકને તેમના શત્રુઓના સમૂહ જીતાવી દીધા, અને કેટલાએકને યશ વડે આખી પૃથ્વીને ઉજ્વળ કરનારા બનાવી દીધા; તો પછી શરણે આવેલ છે વત્સલ જેમને એવા હે પાર્શ્વનાથ ! મારી શા કારણથી અવહીલના કરો છો ? એટલે—હે દયાળુ ! તમે તો શરણે આવેલાને પોતાનો કરો છો—તેની બધી આકાંક્ષાઓને પૂર્ણ કરનારા છો, તો પછી તમારે શરણે આવેલ એવા મને શા માટે તિરસ્કારો છો ? ॥ ૨૧ ॥

प्रत्युपकारनिरीह नाथ निष्पन्नप्रयोजन,

**पच्चुवयारनिरीह नाह निप्पन्नपओयण**

| | | |
|---|---|---|
| ઉપકારના બદલાની આકાંક્ષા રહિત | હે નાથ | સિદ્ધ થયાં છે પ્રયોજનો જેમના એવા |

त्वं जिनपार्श्व परोपकारकरणैकपरायण ।

**तुह जिणपास परोवयारकरणिक्कपरायण ।**

| | | |
|---|---|---|
| તમે | હે જિનેન્દ્ર પાર્શ્વ ! | પરોપકાર કરવામાં અદ્વિતીય તત્પર |

शत्रु-मित्रसमचित्तवृत्ते नत-निन्दकसममनः,

**सत्तु-मित्तसमचित्तवित्ति नय-निंदयसममण,**

શત્રુ અને મિત્ર તરફ સમાન ચિત્તવૃત્તિવાળા | નમસ્કાર અને નિંદા કરનાર ઉપર તુલ્ય મનવાળા

मा अवधोरय अयोग्यमपि मां पश्य निरञ्जन ॥

**मा अवहोरि अजुग्गउ वि मइं पास निरंजण ॥२२॥**

નહિં તિરસ્કારો અયોગ્ય પણ મને દેખો નિષ્પાપ

અર્થ—બીજા ઉપર કરેલા ઉપકારના બદલાની આકાંક્ષા નહિં રાખવાવાળા, કર્મોનો વિનાશ કરવાથી સિદ્ધ થયાં છે પ્રયોજન જેમના એવા, પરની ભલાઈ કરવામાં અદ્વિતીય તત્પર, શત્રુ અને મિત્ર તરફ તુલ્ય ચિત્તવૃત્તિવાળા, તથા નમસ્કાર કરનારા ભકતો અને નિંદા કરનારા દ્વેષીઓ પ્રત્યે સમાન મનવાળા; એવા હે જિનેન્દ્ર પાર્શ્વનાથ! નાલાયક એવા પણ મને તિરસ્કારો નહિં, હે નિરંજન સ્વામી! મારા સામી કૃપાદૃષ્ટિ કરો. ॥૨૨॥

अहं बहुविधदुःखतप्तगात्रः त्वं दुःखनाशनपरः,

**हउँ बहुविहदुहतत्तगत्तु तुह दुहनासणपरु,**

હું | અનેક પ્રકારનાં દુઃખોથી સંતપ્ત શરીરવાળો | તમે | દુઃખોના નાશ કરવામાં તત્પર

अहं सुजनानां करुणैकस्थानं त्वं निश्चितं करुणाकरः ।

**हउँ सुयणह करुणिक्कठाणु तुह निरु करुणायरु ।**

હું | સજ્જનોની | કરૂણાનું અદ્વિતીય સ્થાન | તમે ખરેખર | કરૂણાની ખાણ

अहं जिनपार्श्व अस्वामिशालः त्वं त्रिभुवनस्वामी च,

**हउँ जिणपास असामिसालु तुहु तिहुअणसामि य,**

હું | હે પાર્શ્વ જિનેશ્વર! | સ્વામી રહિત | તમે | ત્રણે ભુવનના સ્વામી | અને

यद् अवधीरयसि मां विलपन्तम् इदं पार्श्व न शोभितम् ॥

**जं अवहीरहि मइं झखंत इय पास न सोहिय २३**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| જે | ઉપેક્ષા કરો છો | મારી | વિલાપ કરતા એવા | એ | હે પાર્શ્વ | ન | શોભાસ્પદ |

અર્થ—હે પાર્શ્વ જિનેશ્વર! હું અનેક પ્રકારનાં દુઃખોથી સંતપ્ત શરીરવાળો છું, અને તમે દુઃખોનો નાશ કરવામાં તત્પર છો; હું સજ્જનોની કરૂણાનું અદ્વિતીય સ્થાન છું—કરૂણાળુ મનુષ્યોની દયાનું પાત્ર છું, અને તમે ખરેખર કરૂણાની ખાણુ છો—દયામય મૂર્તિ છો; હું અનાથ છું, અને તમે ત્રિલોકીનાથ છો; છતાં હે પાર્શ્વપ્રભો! તમારા પાસે વિલાપ કરતા એવા પણુ મારી જે ઉપેક્ષા કરો છો એ તમારે માટે શોભાસ્પદ નથી. ॥ ૨૩ ॥

योग्याऽयोग्यविभागं नाथ! न खलु पश्यन्ति तव समाः,

**जुग्गाजुग्गविभाग नाह न हु जोयहि तुह सम,**

| | | | | |
|---|---|---|---|---|
| યોગ્ય-અયોગ્ય વિભાગને | હે સ્વામી નથી | ખરેખર | દેખતા તમારા | સમાન |

भुवनोपकारस्वभावभाव करुणारससत्तम ।

**भुवणुवयारसहावभाव करुणारससत्तम ।**

| | |
|---|---|
| જગત્ ઉપર ઉપકાર કરવાના સ્વભાવ અને ભાવનાવાળા | દયારસ વડે શ્રેષ્ઠ |

सम-विषमाणि किं घनः पश्यति भुवि दाहं शमयन्,

**समविसमइं किं घणु नियइ भुवि दाह समंतउ,**

| | | | | |
|---|---|---|---|---|
| સપાટ કે ઉંચાં-નીચાં સ્થળ | શું મેઘ દેખે છે? | પૃથ્વી ઉપર | તાપને | શાંત કરતો એવો |

इति दुःखिबान्धव पार्श्वनाथ! मां पालय स्तुवन्तम् ॥

**इय दुहिबंधव पासनाह मइ पाल थुणंतउ ॥२४॥**

| | | | | |
|---|---|---|---|---|
| એ કારણુથી | દુઃખીયાના બાંધવ | હે પાર્શ્વનાથ | મને પાળો | સ્તુતિ કરતા એવા |

અર્થ—હે જગત્ ઉપર ઉપકાર કરવાના સ્વભાવવાળા અને એવી ઉત્તમ ભાવનાવાળા! વળી કરૂણારસ વડે શ્રેષ્ઠ એવા હે નાથ! તમારા જેવા સમભાવી સત્પુરૂષો ખરેખર યોગ્ય–અયોગ્યનો વિભાગ દેખતા નથી; એટલે આ જીવ ઉપકાર કરવાને લાયક છે અને આ જીવ નાલાયક છે, એવો હિસાબ ગણતા નથી. કારણ કે–પૃથ્વી ઉપર તાપને શાંત કરતો મેઘ શું સપાટ કે ઉંચી–નીચી જમીન દેખે છે? અર્થાત્ સર્વ જગ્યાએ એક સરખો વરસે છે. એ કારણથી હે દુઃખીઓના બાંધવ પાર્શ્વનાથ! આપની સ્તુતિ કરતા એવા મારી રક્ષા કરો, કારણ કે આપ દુઃખીયાના બેલી છો ।। ૨૪ ।।

न च दीनानां दीनतां मुक्त्वा अन्याऽपि काऽपि योग्यता,

न य दीणह दीणयु मुयवि अन्नु वि कि वि जुग्गय,

નથી રંકોની દીનતાને છોડીને | બીજી | કાંઈ પણ | યોગ્યતા

यां दृष्ट्वा उपकारं कुर्वन्ति उपकारसमुद्यताः ।

जं जोइवि उवयारु करहि उवयारसमुज्जय ।

જેને દેખીને | ઉપકાર | કરે છે | ઉપકાર માટે ઉદ્યત થયેલા

दीनेभ्यो दीनो निहीनो येन त्वया नाथेन त्यक्तः,

दीणह दोणु निहीणु जेण तइ नाहिण चत्तउ,

રંકોથી રંક | નિઃસત્ત્વ | જે કારણથી | તમે | નાથ વડે | ત્યજાએલો

ततो योग्यो अहमेव पार्श्व! पालय मां चङ्गम् ॥

तो जुग्गउ अहमेव पास! पालहि मइ चंगउ २५

તેથી યોગ્ય હું જ હે પાર્શ્વ | રક્ષા કરો | મારી | સારી રીતે

**અર્થ**—રંક પ્રાણીઓની યોગ્યતા દીનતાને છોડીને બીજી કાંઈ પણ હોતી નથી, જે દીનતાને દેખી ઉપકાર કરવાને કટિબદ્ધ થયેલા સત્પુરૂષો તેમના ઉપર ઉપકાર કરે છે. હું દરેક રંક પ્રાણીઓ કરતાં વધારે દીન છું, અને સત્ત્વહીન છું, જે કારણથી આપ જેવા સમર્થ સ્વામી વડે ત્યજાએલો છું. તેથી હે પાર્શ્વનાથ પ્રભો! ખરા ઉપકારને યોગ્ય તો હુંજ છું, માટે હે ભગવન્! મારૂં સારી રીતે પાલન કરો—મારી રક્ષા કરો. ॥ ૨૫ ॥

अथ अन्यमपि योग्यताविशेषं कमपि मन्यसे दीनानां,

**अह अन्नवि जुग्गयविसेसु कि वि मन्नहि दीणह,**

હજુ બીજી પણ | યોગ્યતા-વિશેષ. | કાંઈ પણ | માનો છો | દીન પ્રાણિયોની

यं दृष्ट्वा उपकारं करोषि त्वं नाथ समग्राणाम् ।

**जं पासिवि उवयारु करहि तुह नाह समग्गह ।**

જેને | દેખીને ઉપકાર | કરો છો | તમે | હે નાથ! | સમગ્રના

स एव किल कल्याणं येन जिन यूयं प्रसीदथ,

**सुच्चिय किल कल्लाणु जेण जिण तुम्ह पसीयह,**

તેજ | ખરેખર | કલ્યાણ-કારી | જે વડે | હે જિન | તમે | પ્રસન્ન થાઓ છો.

किमन्येन तमेव देव मा माम् अवधीरयत ॥

**किं अन्निण तं चेव देव मा मइ अवहीरह ॥ २६ ॥**

શું | બીજા વડે | તેજ | હે દેવ! | નહિં | મારી | અવહેલના કરો.

**અર્થ**—હે વિશ્વનાથ! શું હજુ તમે અન્ય દીન પ્રાણિયોની મારા કરતાં બીજી પણ કાંઈ યોગ્યતા-વિશેષ માનો છો? જેને દેખીને તેમના ઉપર ઉપકાર કરો છો. હે જિનેન્દ્ર! તેજ

કલ્યાણકારી છે, જે વડે તમે પ્રસન્ન થાઓ. તો પછી બીજાનું શું કામ છે? મારામાં તે યોગ્યતા–વિશેષજ પેદા કરો. હે પાર્શ્વદેવ! મારી અવહેલના ન કરો. ॥ ૨૬ ॥

तव प्रार्थना न खलु भवति विफला जिन जानामि किं पुनः,

**तुह पत्थण न हु होइ विहलु जिण जाणउ किं पुण,**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| તમારી પ્રાર્થના | ન | ખરે-ખર | થાય | નિષ્ફળ | હે જિન | જાણું છું | શું વળી |

अहं दुःखितो निश्चितं सत्त्वत्यक्तोऽरोचको उत्सुकमनाः ।

**हउँ दुक्खिय निरु सत्तचत्त दुक्कहु उस्सुयमण ।**

| | | | |
|---|---|---|---|
| હું દુખીયો ખરેખર | સત્ત્વ રહિત | રૂચિ વગ-રનો. | અધીર મનવાળો |

तद् मन्ये निमिषेण इदमिदमपि यदि लभ्यते,

**तं मन्नउ निमिसेण एउ एउ वि जइ लब्भइ,**

| | | | | |
|---|---|---|---|---|
| તેથી | માનું છું | પલકારા માત્રમાં | અમુક અમુક પણ જો | મળે છે |

सत्यं यद् बुभुक्षितवशेन किम् उदुम्बरः पच्यते? ॥

**सच्चं जं भुक्खियवसेण किं उंबरु पच्चइ ॥ २७ ॥**

| | | | |
|---|---|---|---|
| સાચું છે | કે | ભૂખ્યાના વશાથી | શું ઉંબરો પાકે? |

અર્થ—હે જિનેન્દ્ર! હું જાણું છું કે, તમોને કરેલી પ્રાર્થના કદાપિ નિષ્ફળ નજ થાય. પરંતુ શું કરૂં? હું દુખીયો છું, ખરેખર સત્ત્વ રહિત થઈ ગયો છું, સાંસારિક આપત્તિઓથી ઘેરાયેલો હોવાથી રોગગ્રસ્ત પ્રાણીની પેઠે મને કોઇ પણ પદાર્થ ઉપર રૂચિ થતી નથી, અને મોક્ષ–ફળ માટે અધીર ચિત્તવાળો બની ગયો છું. અને તેથી હું માનું છું કે, આંખના પલકારા જેટલા થોડા સમયમાં અમુક અમુક વસ્તુ–સમ્યગ્ જ્ઞાન દર્શન

ચારિત્રાદિ મળી જાય તો બહુ સારૂં. પરંતુ એ સાચું છે કે, ભૂખ્યાના વશથી શું ઉંબરો પાકે? એટલે-ઉંબરા નીચે બેઠેલો માણુસ કડકડતી ભૂખ લાગવાથી વિચારે કે, ઉંબરાનાં ફળ અત્યારેજ પાકી જાય તો સારૂં. પણ શું એ ફળ અકાળે પાકે? તેમ દુઃખથી બેહાલ બનેલો હું અધીરો થઈને તુરતમાંજ મોક્ષ-ફળ માગું તો શું તે અકાળે મળે? અર્થાત્ ભવસ્થિતિનો પરિપાક થતાં આપ અવશ્ય મોક્ષ-ફળ આપશોજ. ॥ ૨૭ ॥

त्रिभुवनस्वामिन् पार्श्वनाथ मया आत्मा प्रकाशितः,

**तिहुअणसामिय पासनाह मइ अप्पु पयासिउ,**

હે ત્રિભુવન સ્વામી | પાર્શ્વનાથ! | મારા વડે | આત્મા | પ્રકાશ્યો

क्रियतां यद् निजरूपसदृशं न जानामि बहु जल्पितुम्।

**किज्जउ जं नियरूवसरिसु न मुणउ बहु जंपिउ।**

કરો જે પોતાના સ્વભાવને યોગ્ય હોય | નથી | જાણતો | ઘણું બોલવાને

अन्यो न जिन जगति तव समोऽपि दाक्षिण्य-दयाश्रयः,

**अन्नु न जिण जगि तुह समो वि दक्खिन्नुदयासउ,**

બીજો નથી હે જિન | જગતમાં | તમારા | તુલ્ય પણ | ઉદારતા અને દયાનો આશ્રમ

यदि अवगणयिष्यसि त्वमेव अहह! कथं भविष्यामि हताशकः॥

**जइ अवगन्नसि तुह जि अहह कह होसु हयासउ २८**

જો ઉપેક્ષા કરશો | તમે જ અરે રે! | કેવી રીતે | થઈશ | હતાશ

અર્થ—હે ત્રિભુવનસ્વામી પાર્શ્વનાથ! આપની પાસે મેં મારો આત્મા પ્રકાશિત કર્યો— મારે જે જે દુઃખો હતાં અને મારા મનની જે જે મુરાદ હતી એ બધુંય હૃદય ખોલીને કહી

નાખ્યું. મને તો હવે એથી વધારે બોલવાનું આવડતું નથી; માટે હવે આપ આપના સ્વભાવ સદૃશ કરો, એટલે આપ આપની યોગ્યતા મુજબ કરો. હે જિનેન્દ્ર! આ જગતમાં ઉદારતા અને દયાનો આશ્રય તમારા તુલ્ય પણ કોઈ બીજો નથી. એટલે તમારાથી વધે એવો તો કોઇ નથીજ, પરંતુ ઉદાર અને કૃપાનિધાન તમારા તુલ્ય પણ બીજો કોઇ નથી; છતાં જો તમેજ મારી અવગણુના કરશો, તો અરેરે! હતાશ થયેલા મારૂં શું થશે? માટે હે પ્રભો! મારા તરફ કૃપાકટાક્ષ ફેંકો, અને મારી માગણી સ્વીકારો. ॥ ૨૮ ॥

यदि तव रूपेण केनापि प्रेतप्रायेण वञ्चितः,

**जइ तुह रूविण किणवि पेयपाइण वेलवियउ,**

જો તમારા | રૂપ વડે | કોઈ પણ | પ્રેત જેવાએ ઠગ્યો

तथापि जानामि जिन पार्श्व त्वयाऽहम् अङ्गीकृतः ।

**तु वि जाणउ जिण पास तुम्हि हउँ अंगीकिरिउ ।**

તો પણ | જાણું છું | હે જિન | પાર્શ્વ | તમે મને સ્વીકાર કર્યો.

इति मम ईप्सितं यद् न भवति सा तव अपहापना,

**इय मह इच्छिउ जं न होइ सा तुह ओहावणु,**

એ કારણથી | મારૂં ઇચ્છિત | જો ન થાય તે તમારી લઘુતા

रक्षतो निजकीर्तिं नैव युज्यते अवधीरणा ॥

**रक्खंतह नियकित्ति णेय जुज्जइ अवहीरणु ॥२९॥**

રક્ષા કરતા | પોતાની કીર્તિને નથીજ યોગ્ય અવહેલના

( સ્તોત્રકાર પ્રભુની સ્તુતિ કરતાં કરતાં અતિશય ભક્તિથી એટલા તન્મય થઇ ગયા કે, જાણે નેત્રો વીંચાઇ ગયાં, અને સ્વપ્ન જેવી અવસ્થામાં જાણે શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સાક્ષાત્ અદ્ભુત રૂપ દેખતા હોય એવો ભાસ થયો. આવો ભાવ લાવીને કહે છે કે– )

**અર્થ**—હે પાર્શ્વનાથ જિનેન્દ્ર! જો કે મને કોઇ વ્યંતરાદિએ તમારાં સ્વરૂપે દર્શન દઇને ઠગ્યો; તો પણ હું તો જાણું છું કે, તમેજ મારો સ્વીકાર કર્યો. તેથી હે પ્રભો! હવે જો મારા મનોરથ સિદ્ધ નહિં થાય તો તેમાં તમારીજ અપભ્રાજના–લઘુતા છે, તેથી પોતાની કીર્તિનું રક્ષણ કરતા એવા તમારે મારી અવહીલના કરવી યોગ્ય નથી. અર્થાત્ મેં તો સાક્ષાત્ આપનું રૂપ દીઠું, છતાં જો મારાં ઇચ્છિત પૂર્ણ નહિં થાય તો તેમાં આપનીજ લઘુતા દેખાશે. હજી સુધી કદાપિ આપની લઘુતા થઇ નથી, તેમ થવાની પણ નથી, માટે અવશ્ય મારા મનોરથ પૂર્ણ કરો. ॥ ૨૯ ॥

एषा मदीया यात्रा देव एष स्नात्रमहोत्सवः,

**एह महारिय जत्त देव इहु न्हवणमहूसउ,**

આ મારી યાત્રા | હે દેવ | આ સ્નાત્ર-મહોત્સવ

यद् अनलीकगुणग्रहणं युष्माकं मुनिजनाऽनिषिद्धम् ॥

**जं अणलियगुणगहण तुम्ह मुणिजण-अणिसिद्धउ।**

જે સત્ય ગુણોનું ગ્રહણ તમારા | મુનિજનોએ નિષેધ ન કરેલ

एवं प्रसीद श्रीपार्श्वनाथ स्तम्भनकपुरस्थित,

**एम पसीह सुपासनाह थंभणयपुरट्ठिय,**

એ માટે | પ્રસન્ન થાઓ | શ્રી પાર્શ્વનાથ! સ્તંભનક શહેરમાં રહેલા

इति मुनिवरः श्रीअभयदेवो विज्ञपयति अनिन्दितः ॥

**इय मुणिवरु सिरिअभयदेउ विन्नवइ अणिंदिय ३०**

| એ પ્રમાણે | મુનિઓમાં શ્રેષ્ઠ | શ્રી અભયદેવ | પ્રાર્થના કરે છે | પ્રશંસિત |
|---|---|---|---|---|

અર્થ—હે દેવ ! આજ મારી યાત્રા છે, અને આજ મારો સ્નાત્ર-મહોત્સવ છે, કે જે મુનિજનો દ્વારા અનિષિદ્ધ-પ્રશંસિત એવું આપના યથાર્થ ગુણોનું ગાન કર્યું. તેથી સ્તંભનપુરમાં બિરાજમાન હે શ્રી પાર્શ્વનાથ સ્વામી ! આપ મારા ઉપર પ્રસન્ન થાઓ, એ પ્રમાણે મુનિઓમાં શ્રેષ્ઠ અને લોક-પૂજિત શ્રી અભયદેવ સૂરિ પ્રાર્થના કરે છે. ॥ ૩૦ ॥

इति श्री जय तिहुअण–स्तोत्रं संपूर्णम् ॥

श्रीकमलप्रभाचार्यविरचित—

# श्रीजिनपञ्जरस्तोत्रम्.

मूल—

ॐ ह्रीँ श्रीँ अर्हँ अर्हद्भ्यो नमो नमः ।
ॐ ह्रीँ श्रीँ अर्हँ सिद्धेभ्यो नमो नमः ।
ॐ ह्रीँ श्रीँ अर्हँ आचार्येभ्यो नमो नमः ।
ॐ ह्रीँ श्रीँ अर्हँ उपाध्यायेभ्यो नमो नमः ।
ॐ ह्रीँ श्रीँ अर्हँ गौतमप्रमुखसर्वसाधुभ्यो नमो नमः ॥ १ ॥

ॐ ह्रीँ श्रीँ અર્હઁ અરિહંતોને નમસ્કાર થાઓ, નમસ્કાર

થાઓ. એજ પ્રમાણે સિદ્ધોને, આચાર્યોને, ઉપાધ્યાયોને તથા ગૌતમ વિગેરે સર્વ સાધુઓને નમસ્કાર થાઓ, નમસ્કાર થાઓ. ૧.

एष पञ्चनमस्कारः, सर्वपापक्षयङ्करः ।
मङ्गलानां च सर्वेषां, प्रथमं भवति मङ्गलम् ॥२॥

આ પંચ પરમેષ્ઠીને કરેલો નમસ્કાર સર્વ પાપને ક્ષય કરનાર છે, અને સર્વ મંગલોની મધ્યે પ્રથમ મંગળરૂપ છે. ૨.

ॐ ह्रौँ श्रौँ जय विजये, अर्हँ परमात्मने नमः ।
कमलप्रभसूरीन्द्रो, भाषते जिनपञ्जरम् ॥ ३ ॥

ૐ હ્રીઁ શ્રીઁ હે વિજયાદેવી! તમે જય પામો. અર્હંન્ પરમાત્માને નમસ્કાર થાઓ. આ પ્રમાણે મંગળ કરીને શ્રી કમલપ્રભ સૂરીશ્વર જિનપંજર સ્તોત્રને કહે છે. ૨.

एकभक्तोपवासेन, त्रिकालं यः पठेदिदम् ।
मनोऽभिलषितं सर्वं, फलं स लभते ध्रुवम् ॥४॥

જે મનુષ્ય એકાશન કે ઉપવાસ કરીને આ સ્તોત્ર ત્રિકાળે ભણે છે, તે પુરૂષ સર્વ મનવાંછિત ફળને અવશ્ય મેળવે છે– પામે છે. ૪.

भूशय्याब्रह्मचर्येण, क्रोधलोभविवर्जितः ।
देवताग्रे पवित्रात्मा, षण्मासैर्लभते फलम् ॥५॥

પૃથ્વી પર શયન કરનાર, બ્રહ્મચર્યનું પાલન કરનાર, ક્રોધ અને લોભથી રહિત એવો પવિત્ર આત્માવાળો મનુષ્ય દેવતાની પાસે આ સ્તોત્રનો પાઠ કરવાથી છ માસે તેનું ફળ પામે છે. ૫

अर्हन्तं स्थापयेन्मूर्ध्नि, सिद्धं चक्षुर्ललाटके ।
आचार्यं श्रोत्रयोर्मध्ये, उपाध्यायं च [1]नासिके ॥६॥

અરિહંતને મસ્તક પર સ્થાપન કરવા, સિદ્ધને નેત્ર તથા લલાટને વિષે સ્થાપન કરવા, આચાર્યને બે શ્રોત્રની મધ્યે સ્થાપવા અને ઉપાધ્યાયને નાસિકા પર સ્થાપવા. ૬

साधुवृन्दं मुखस्याग्रे, मनःशुद्धिं विधाय च ।
सूर्यचन्द्रनिरोधेन, सुधीः सर्वार्थसिद्धये ॥७॥

તથા સર્વ સાધુ-સમૂહને મુખના અગ્રભાગે સ્થાપવા. આ રીતે સર્વ અર્થની (કાર્યની) સિદ્ધિને માટે ડાહ્યા પુરૂષે સૂર્યનાડી અને ચંદ્રનાડીનો ( બન્ને નાસિકાના શ્વાસનો ) નિરોધ કરીને મનની શુદ્ધિ કરવી. ૭.

दक्षिणे मदनद्वेषी, वामपार्श्वे स्थितो जिनः ।
अङ्गसन्धिषु सर्वज्ञः, परमेष्ठी शिवंकरः ॥ ८ ॥

જમણી બાજુએ મદનદ્વેષી ( કામદેવનો નાશ કરનાર ) રહ્યા છે, ડાબી બાજુએ જિનેશ્વર રહ્યા છે, અંગની સર્વ સંધિઓને વિષે [2]પરમેષ્ટી અને કલ્યાણને કરનારા સર્વજ્ઞ રહ્યા છે. ૮

पूर्वाशां श्रीजिनो रक्षे–दाग्नेयीं विजितेन्द्रियः ।
दक्षिणाशां परं ब्रह्म, नैर्ऋतिं च त्रिकालवित् ॥९॥

મારી પૂર્વદિશાને શ્રીજિનેશ્વર રક્ષા કરો, અગ્નિખૂણાને જિતેંદ્રિય રક્ષા કરો, દક્ષિણ દિશાને પરબ્રહ્મ (પરમાત્મા) રક્ષા કરો, અને નૈર્ઋત ખૂણાને ત્રિકાલજ્ઞાની રક્ષા કરો. ૯.

---

૧ घ्राणके પાઠાંતર ઠીક છે. ૨ મુક્તિસ્થાનમાં રહેલા.

पश्चिमाशां जगन्नाथो, वायवीं परमेश्वरः ।
उत्तरां तीर्थकृत् सर्वा–मैशानीं च निरञ्जनः ॥१०॥

પશ્ચિમ દિશાને જગન્નાથ રક્ષા કરો, વાયવ્ય ખુણાને પરમેશ્વર રક્ષા કરો, સમગ્ર ઉત્તર દિશાને તીર્થંકર રક્ષા કરો અને ઇશાન ખૂણાને નિરંજન–નિર્લેપ એવા ભગવાન રક્ષા કરો. ૧૦.

पातालं भगवानर्हन्–नाकाशं पुरुषोत्तमः ।
रोहिणीप्रमुखा देव्यो, रक्षन्तु सकलं कुलम् ॥११॥

પાતાળને ભગવાન અરિહંત રક્ષા કરો, આકાશને પુરૂષોત્તમ રક્ષા કરો, તથા રોહિણી વિગેરે દેવીઓ સમગ્ર કુળની રક્ષા કરો. ૧૧

ऋषभो मस्तकं रक्षे–दजितोऽपि विलोचने ।
संभवः कर्णयुगलं, नासिकां चाऽभिनन्दनः ॥१२॥

ઋષભસ્વામી મારા મસ્તકનું રક્ષણ કરો, અજિતનાથ બન્ને નેત્રનું રક્ષણ કરો, સંભવનાથ સ્વામી બે કાનનું રક્ષણ કરો, અને અભિનંદન સ્વામી નાસિકાનું રક્ષણ કરો. ૧૨.

ओष्ठौ श्रीसुमती रक्षे–द्दन्तान् पद्मप्रभो विभुः ।
जिह्वां सुपार्श्वदेवोऽयं, तालु चन्द्रप्रभाभिधः ॥१३॥

શ્રીસુમતિસ્વામી બે ઓષ્ઠનું રક્ષણ કરો, પદ્મપ્રભ સ્વામી દાંતનું રક્ષણ કરો, આ સુપાર્શ્વદેવ જિહ્વાનું રક્ષણ કરો, ચંદ્રપ્રભ નામના તીર્થંકર તાળવાનું રક્ષણ કરો. ૧૩.

कण्ठं श्रीसुविधी रक्षेद्, हृदयं श्रीसुशीतलः ।
श्रेयांसो बाहुयुगलं, वासुपूज्यः करद्वयम् ॥ १४ ॥

શ્રીસુવિધિ સ્વામી કંઠનું રક્ષણ કરો, શ્રીસુશીતલનાથ હૃદયનું રક્ષણ કરો, શ્રેયાંસ સ્વામી બે બાહુનું રક્ષણ કરો, વાસુપૂજ્ય સ્વામી બે હાથનું રક્ષણ કરો. ૧૪.

अङ्गुलीर्विमलो रक्षे–दनन्तोऽसौ नखानपि[1] ।
श्रीधर्मोऽप्युदरास्थीनि, श्रीशान्तिर्नाभिमण्डलम् १५

વિમલસ્વામી આંગળીઓનું રક્ષણ કરો, આ અનંતનાથ નખોનું પણ રક્ષણ કરો, ( અથવા પાઠાંતરે બે સ્તનોનું રક્ષણ કરો ), શ્રીધર્મનાથ પણ ઉદરનાં હાડકાંનું ( અથવા ઉદરનું અને હાડકાંનું ) રક્ષણ કરો, શ્રી શાંતિનાથ નાભિમંડળનું રક્ષણ કરો. ૧૫

श्रीकुन्थुर्गुह्यकं रक्षे–दरो लोमकटोतटम् ।
मल्लिरूरुपृष्ठवंशं, जङ्घे च मुनिसुव्रतः ॥१६॥

શ્રીકુંથુનાથ ગુહ્યસ્થાનનું રક્ષણ કરો, અરનાથ ભગવાન રૂંવાડાં અને કેડનું રક્ષણ કરો, મલ્લિનાથ સાથળ અને પીઠનું રક્ષણ કરો, અને મુનિસુવ્રતસ્વામી બે જંઘાનું રક્ષણ કરો. ૧૬

पादाङ्गुलीर्नमी रक्षे–च्छ्रीनेमिश्चरणद्वयम् ।
કળસનું માપ—ઉંચા જોજન પચીસને, પ્હોળા જોજન બાર;
એક જોજનનું નાળચું, કહ્યા કળશ શ્રી કાર.

કલશાની આઠ જાતિ;—[૧]સુવર્ણુના—[૨]રૂપાના—[૩]રત્નના—[૪]સુવર્ણુ અને રૂપાના, [૫]સુવર્ણુ અને રત્નના—[૬]રત્ન અને સુવર્ણુના, [૭]રત્ન અને રૂપાના અને [૮]માટીના—એમ આઠ જાતિનાને તે દરેકના આઠ આઠ હજાર સમજવા.

---

## જંબૂદ્વીપે સુદર્શન નામે મેરૂનું વર્ણુન.

મનહર છંદ.

સહસ જોજન મેરૂ, જંબૂનો છે જમીનમાં,
તિહાં સમભૂતળાયે, ભદ્રશાલ વન છે;
ત્યાંથી પાંચસો જોજન, ઊપરે નંદન વન,
તિહાંથી સાડીબાસઠ, સહસ જોજન છે;
સોમનસ વન તિહાં, ત્યાંથી છત્રીશ સહસ,
જોજન ઉંચાઇ અંતે, પાંડુક તે વન છે;
એક સહસ પૃથ્વીમાં, નવાણું સહસ બાર,
જંબૂ સુમેરૂ લલિત, લાખ તે જોજન છે. ॥ ૧ ॥

## તે મેરૂની પહોળાઇ.

દશ સહસ એકાણું, જોજન મૂળમાં જાણો;
સમભૂતળાયે દશ, સહસ જોજન છે;
નવાણું સો ને ચોપન, જોજન નંદને વને,
સોમનસે બેંતાલીસો, બોતેર જોજન છે;
એક સહસ જોજન, છેવટે પાંડુક વને,
વચમાં ચૂલિકા ઊંચી, ચાલીશ જોજન છે;
ચૂલિકા ચો પાસ ગોળ, ચારસો ને ચોરાણુંનું,
જોજન વીંટયું લલિત, પાંડુક તે વન છે. ॥ ૨ ॥

## તે મેરૂ શેનો છે?

માટી ને પાષાણ વળી, વજ્રરત્ન કાંકરાનો,
જમીન રહેલો પિંડ એણી પેરે જાણવો;
ત્યાંથી સોમનસ સુધી, સ્ફાટિક ને અંકરત્ન,
તથા સોના રૂપાનો તે, ત્યાંસુધીનો માનવો;
બાકી છત્રીશ સહસ, જોજન તિહાંથી રહ્યો,
રક્ત સોનાનો લલિત, આપ ઉર આણવો;
પાંડુક છે વન જિહાં, ચાર શિલા કહી તિહાં;
ઇંદ્રો અભિષેક કરે, પ્રભુનો પ્રમાણવો ॥ ૩ ॥

## તે મેરૂની પરિધિ.

મેરૂ મૂળમાં ૩૧૯૧૦ જોજન, સંભૂતલાયે ૩૧૬૨૩ જોજન, નંદનવને ૩૧૪૭૯ જોજન, સોમનસવને ૧૩૫૧૧ જોજન, પાંડુકવને ૩૩૧૬ જોજન ને ચલિકા મૂળમાં ૩૭ જોજન, છેક ઉપર ૧૨ જોજન પરિધિ છે.

---

## ધાતકી અને પુષ્કરાર્ધે તીર્થંકરોનો જન્માભિષેક થાય છે તે ચારે મેરૂનું વર્ણન (પૂર્વ ને પશ્ચિમ છે.)

મનહર છંદ.

ધાતકીમાં બે છે મેરૂ, વિજય અચળ નામે,
બે પુષ્કરાર્ધે [1]પુષ્કર, વિદ્યુન્માળી આવે છે;

---

૧ પુષ્કર–મંદર

સમભૂતળા પૃથ્વીથી તે, પાંચસો જોજન છેટે,
નંદનવન છે તેના, પછીના જણાવે છે;
પંચાવન સહસ ને, પાંચસો જોજન પર,
સોમનસ વન ત્યાંથી, ઉપર ગણાવે છે;
અઠાવીશ સહસ તે, જોજને પાંડુક વન,
સર્વે ચોરાશી સહસ, ત્યાં સુધીનો થાવે છે. ॥૧॥
સહસ જોજન સવિ, મહી માંહે આવી રહ્યા,
ચારે પંચાશી સહસ, જોજન તે જાણવા;
દરેક મેરૂનું માપ, એક સરખુજ જાણો,
વન આદિ નામ ઠામ, તેમ તે પ્રમાણવા;
જેમ પાંચ મેરૂ કહ્યા, સહસ જોજન [1]મહી,
તેમ જંબૂ ગિરિ સવી, ચોથા ભાગે માનવા;
ધાતકી પુષ્કર મેરૂ, જિન અભિષેક થાય,
શાસ્ત્રથી લલિત લખ્યા, અંતરમાં આણવા;

## વાર્ષિકદાન ને નવ લોકાંતિક દેવો.

ભગવાનને વંદન કરી વિનયપૂર્વક કહે છે કે આપ દીક્ષા લઇ તીર્થ પ્રવર્તાવો અને સર્વે જગત જીવોનો ઉદ્ધાર કરો, એમ વિનવતા તે નવ લોકાંતિક દેવોના નામ-

**લોકાંતિક દેવ**-સારસ્વત, આદિત્ય, વન્હી, વરૂણ ને ગર્દતોય,
તુષિત, અવ્યાબાધદેવ, આગ્નેય, રિષ્ટા જોય.

**તેમનું સ્થાન**—આ દેવો પાંચમા દેવલોકના છેડે ઊત્તર ને પૂર્વ વચ્ચે અરિષ્ટ નામે ત્રીજા પાથડામાં કૃષ્ણરાજીમાં ( તેમનું રહેવાનું સ્થાન ) રહે છે. તેમનું આઠ સાગરોપમનું આયુષ્ય છે.

## તીર્થંકરના વાર્ષિક દાનનું પ્રમાણ

મનહર છંદ.

એક કોડ આઠ લાખ સોનૈયાનું દીધું દાન,
એકજ દીનનું દાન આપ્યાનું કહાયું તે;

---

૧ પૃથ્વીમાં.

એક વર્ષ સુધી એમ દરરોજ આપ્યું દાન,
એક વર્ષ અપાયું તે જોગ જણાવાયું તે;
ત્રણ અબજ અઠ્યાસી ક્રોડ અને એંશી ક્રોડ,
વાર્ષિક દાન સંખ્યાનું સવિ સમજાયું તે;
લલિત લિલાટે લખ્યું તેવું તેજ પામ્યા દાન,
દેવે ન્યૂનાધિક કર્યું, પ્રભુથી અપાયું તે ॥ ૧ ॥

### વાર્ષિક દાનનું બીજું પ્રમાણ.

મનહર છંદ.

સોનૈયાનું દાન માન, એક ક્રોડ આઠ લાખ,
એંશી રતી ભારનો તે, સોનૈયો ગણાય છે.
બારસો સોનૈયે મણ, તેવા તે નવ સહસ,
મણ સુવર્ણનું માપ, ગણો ગણાવાય છે;
એક ગાડામાં ચાલીશ, મણ ભરાય તો તેના,
બસોને પચ્ચીસ ગાડાં, સોનું સવિ થાયછે;
ઇંદ્ર આદેશે કુબેર, દાન દ્રવ્ય પુરૂં કરે,
લલિત તે દાન લોક, પુન્ય યોગ્ય પાય છે ॥ ૧ ॥

**બસો ને પચ્ચીસ ગાડાં**-સુવર્ણ એક દિવસનું થયું. એક વર્ષના દિવસ ૩૬૦ થાય તેને ૨૨૫ ગુણતાં ૮૧૦૦૦ હજાર ગાડાં સુવર્ણ તીર્થંકર એક વર્ષના દાનમાં આપે. તે ગાડાં તે તે જિનવારાનાં જાણવા. તીર્થંકરના દાનનો પ્રભાવ એવો છે કે બાર વરસ સુધી છ ખંડમાં શાંતિ રહે ને કલહ ન રહે. ભંડારમાં મૂકે તો બાર વરસ સુધી ખુટે નહિ. રોગીનો રોગ જાય, નવિન થાય નહિ. મંદબુદ્ધિવાળાને દેવતા સદૃશ બુદ્ધિ થાય વિગેરે અપૂર્વ પ્રભાવ છે.

---

## ત્રિર્યગ જૃંભગ દેવો.

**તીર્થંકરને**-દાન દેવા અવસરે જમીનમાં દાટેલું નિવાશી વિગેરે ઘણી જાતનું દ્રવ્ય પુરૂં કરે છે, તેવો તેમનો આચાર છે.

**તેમના નામ**–અન્ન પાન વસ્ત્ર લેણુ પુષ્પ, ફળ પુષ્પફળસાર;
સયણુ વિદ્યા અવિયતને, જૃંભગ જોડો હાર.
**તેમનું સ્થાન**–શતસિતેર વૈતાઢ્યામાં, સહસ કંચનનગ ખાસ;
ચિત્ર વિચિત્ર ને જમકસમક, ત્રિર્યગ જૃંભગ વાસ.
**તેમનો આચાર**–એહ આચાર એમનો, ઘણું નિવાશી દ્રવ્ય;
અર્હં દાનના અવસરે, શોધી મેળવે સવ્વ.

---

## બે વસ્તુ વર્ણન–દુહા.

**બે પ્રકારે દેવ**–એક અરિહંત ને બીજા, શુદ્ધ સિદ્ધ ભગવાન;
હૃદય દેવ બે રાખ તે, અન્ય નહિ એહ સમાન.
**સુદેવ-કુદેવાદિ**- સુદેવ ગુરૂ ધર્મસેવન, સાચું સુખ દેનાર;
કુદેવાદિ તી દૂર કર, તે દુઃખના દાતાર.
**બે જિન અંતર**–વીર મોક્ષ પદ્મનાભ જન્મ, અંતર એનું જાણુ;
ચોરાશી સહસ સાત વર્ષ, પાંચ માસે પ્રમાણુ.
**મરૂદેવા અને**–મરૂદેવા વૃષભ અને, ત્રિશલા સિંહ તેમ;
**ત્રિશલા** પેખે પહેલે સુપને, અવર એમના એમ.
**અજિત વારે**–પાંચ ભરત પંચ ઐરવત, એક સો સાઠ વિદેહ,
એક સો સિત્તેર ઉત્કૃષ્ટ, અજિત વારે એહ.
**તીર્થંકર ને સાધુ**-તીર્થંકર અર્થે જે કર્યું, ખપે સાધુને ખાસ;
પિંડ વિશુદ્ધિ અવચૂરી, પાઠ તેહ પ્રકાશ.
**તીર્થંકર વિહાર**–રૂષભ નેમ પાસ વીર, છદ્મસ્થાવસ્થા ધાર;
આર્ય અનાર્ય તે વિચર્યા, બીજા આર્ય મોઝાર
**તીર્થંકર ઉપસર્ગ**- વીરને વધુ પાર્શ્વ અલ્પ, અન્યને એકે નહીં;
ઉપસર્ગોનું આખીયા, શાસ્ત્ર શાખ દે સહી.
**તીર્થંકર ને દેવ**–આદિવીરને દેવદૂષ્ય, કાંઇ વધુ તેર માસ;
**દૂષ્ય** અન્ય જિનોને જાવજીવ રહ્યું દાખીયું ખાસ

## ત્રણ વસ્તુ વર્ણન–દુહા.

**દેવ, ગુરૂ, ધર્મ**–દેવ શુદ્ધ વીતરાગ એક, ગુરૂ મહાવ્રતી એક;
ધર્મ એકજ જિનવર કહ્યો, તેવી ધરજે ટેક.

**આદર ત્યાગ**–સુદેવ ગુરૂ ધર્મસેવન, સાચું સુખ દેનાર;
કુદેવાદિ તિ દૂર કર, તે દુઃખના દાતાર.

**મો ક્ષ ગ મ ન**–નપુંશકલીંગે સિદ્ધ સ્વલ્પ, અસંખ્ય ગણી સ્ત્રિજાણ
તેથી અસંખ્યા પુરૂષો, કરે મોક્ષે પ્રયાણ.

**મોક્ષ ઊપાય**–સમ્યગજ્ઞાન દર્શન અને, ચારિત્રાત્મક તિયોગ;
મહાન મોક્ષ ઊપાય તે, સાધો શુભ સંયોગ.

**મોક્ષ ઊપાય**–જ્ઞાને પદાર્થ જાણીને, દર્શન થકી સદ્દહાય;
ચારિત્રે કરી આચરે, સરળ તે શિવ ઉપાય.

**ત્રણ કલ્યાણક**–કલ્યાણક તિ ગિરનારમાં, દીક્ષા નાણ નિર્વાણ;
નીરખો નેમિ નાથને, કરવા આત્મ કલ્યાણ.

**પુન્યથી મળે**–નહિ મંત્ર નવકાર સમ, શત્રુંજય સમ સ્થાન;
વળી દેવ વીતરાગ તે, પામો પુન્ય પ્રમાણ.

**ત્રણ ઉત્તમ**–શત્રુંજય સમ તીર્થ નહી, રૂષભ સમ નહિ દેવ;
પુંડરિક સમ ગણધર નહી, વાર વાર કર સેવ.

**અજવાળુ થાય**–અરિહંત જન્મ ને દીક્ષા, ત્રીજું કેવળજ્ઞાન;
અજવાળુ ત્યારે ઉપજે, દાખ્યાં શુભ એ સ્થાન.

**અંધકાર થાય**–તીર્થંકર શિવ ધર્મ છેદ, સિદ્ધાંત વિચ્છેદાય;
આ ત્રણ વખતે લોકમાં, અંધકાર ફેલાય.

**ત્રણ સમિતિ**–પ્રરૂપી પંચ સમિતિ પણ, તીર્થંકર ત્રણ હોય;
કલ્પસૂત્રે [1]પણ કહીતે, પાઠ અખંડે જોય.

**ત્રણે અરિહંત**–અવધિ મનઃપર્યવ જ્ઞાની, કેવલ જ્ઞાની જાણ;
અરિહંત ત્રણ પ્રકારના, કર પ્રેમે પ્રમાણ.

**ઊત્તમ લાભ**–પૂજન ત્રણ પ્રકારનું, અંગ અગ્ર અને ભાવ;
જાણો જિનવરનું કહ્યું, લેવા ઊત્તમ લહાવ.

---

1 પાંચ.

ત્રણ કેવલી—અવધિ મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાની જાણ;
કેવલી ત્રણ પ્રકારના, પ્રેમે કરે પ્રમાણ.

ઉત્તમ પુરૂષ—તીર્થંકરો ધર્મપુરૂષ, ચક્રી ભોગના ધાર;
કેશવાદિક કર્મપુરૂષ, ઉત્તમ ત્રણ પ્રકાર.

## યોનિના પ્રકાર.

યોની પ્રકાર સચિત્ત અચિત્ત તેમ મિશ્રની, યોની ત્રણ તે જાણ;
સંસારી સત્વ યોનિના, પ્રકાર ત્રણ પ્રમાણ.

યોનીનું નામ—શંખાવર્ત્તા કૂર્મોન્નત, વંશીપત્રી વદાય;
ઉત્પન્ન તે આ યોનિના, મનુષ્ય જાતિ મનાય.

તેથી ઉત્પત્તિ—સ્રી રત્નને શંખવર્ત્તા, કૂર્મોન્નત કો થાય;
અર્હં ચક્રી રામ કેશવ, અન્ય વંશીયે આય.

## ચાર વસ્તુ વર્ણન.

ચાર ચાર નિક્ષેપા.

૧ નામ સ્થાપના દ્રવ્ય ને, ભાવ ભલો નિરધાર;
નિક્ષેપા નીજ કારણે, ચહિ લે ચિત્તમાં ચાર. ૧

૨ નામ અર્હં ચોવીશ જિન, સ્થાપના પ્રતિમા સ્થાન;
અર્હંત અંત શરીર દ્રવ્ય, ભાવ ભાવીજિન માન. ૨

૩ જિનના નામે નામ જિન, સ્થાપના પ્રતિમા સવ્વ;
અડ પ્રતિહારે ભાવ જિન, પદ્મનાભાદિક દ્રવ્ય. ૩

૪ નામ સિદ્ધ સિદ્ધનો બીજો, ભાવી કેવળી દ્રવ્ય;
સિદ્ધ થયેલા ભાવ સિદ્ધ, ભાવ નિક્ષેપા ભવ્ય. ૪

વીર પુરૂષ—ક્ષમા વીર જિનવર ખરા, તપમાં મુનિવર તેમ;
દાને [1]વૈશ્રમણ વર્ણવ્યા, યુદ્ધે [2]કૃષ્ણ તે એમ. ૫

---

૧ કુબેર ભંડારી. ૨ જેમણે ૨૦૭ લડાઇમાં જય મેળવ્યો છે.

**ચાર મંગળ**—મંગળ નામ મહાવીર, ગૌતમનું ગણુ સાર;
ત્રીજું સ્થૂલિભદ્રનું, ધર્મનું ચોથું ધાર.

**ચૌ શરણાં**—અરિહંત સિદ્ધ સાધુ ને, ધર્મનું ચોથું ધાર,
સદા શિવસુખ કારણે, શરણાં ચૌ સંભાર.

**ચૌ અણાહાર**-વિગ્રહ ગતે સમુદ્ઘાતે, તિ સમયનો આહાર;
એમ અયોગી સ્થાનકે, સિદ્ધ સદાણાહાર.

**જીવ આહાર** ઓજા લોમા પ્રક્ષેપા, એવા ત્રણ આહાર;
સવિ સંસારી જીવના, એ આહાર પ્રકાર.

**આહાર પ્રકાર**—અન્નાદિ પાણી બે અને, ફ્લાદિ ખાદિમ ધાર;
સ્વાદિમ સ્વાદને કારણે, એ પ્રક્ષેપા આહાર.

**મોક્ષે ૪ દુર્લભ**—મનુષ્યપણું ધર્મનું શ્રવણ, ધર્મે શ્રદ્ધા સુસાર;
સંયમે વર વીર્ય સદા, મોક્ષે દુર્લભ ચાર.

**ધર્મ:—**

દાન શિયળ તપ ભાવના, ધર્મના ચાર પ્રકાર;
ભવી ભાવથી આદરી, સાધો શિવ શ્રીકાર.

આચારધર્મ દયાધર્મ, ક્રિયા અને વસ્તુધર્મ;
ધર્મ તે ચાર પ્રકારના, સાધો સમજી મર્મ.

---

## જૈન ધર્મ સિવાય મોક્ષ નથી.

મનહર છંદ.

અન્ય નક્ષત્રતણાએ, વર્ષાદની વૃષ્ટિ થકી,
બહુ ધાન્ય પાકે તેવું, દુનિયે દેખાય છે;
પણ મુક્તાફળતણી, ઉત્પત્તિ કારણ એક,
સ્વાતિ નક્ષત્રનો શુભ, વર્ષા વખણાય છે;
દેવ ચકી મનુષ્યાદિ, રિદ્ધિ સમૃદ્ધિ સુસારી,
મિથ્યા ધર્મ સેવનથી, જીવો પામી જાય છે;
પણ જૈન ધર્મ વિણ, મોક્ષ લલિત દુર્લભ,
મોક્ષ મેળે એક જૈન, ધર્મ સુખદાય છે.

---

## ધર્મનું મહાત્મ્ય અને સર્વે સુવસ્તુની પ્રાપ્તિનું કારણ—

મનહર છંદ.

ધર્મ ધનનું છે મૂળ, ધર્મે જન્મ શુભ કુળ;
દિવ્ય રૂપનો તે લાભ, ધર્મે જ પમાય છે;
ધનની સમૃદ્ધિ થાય, ધર્મે ધીંગ કીર્તિ પાય,
ધર્મે તે મંગળ મૂળ, ગણતાં ગણાય છે;
સર્વે દુઃખનું ઔષધ, સર્વે સુખનું તે મૂળ,
સર્વે સત્વ[1] રક્ષણમાં, શર્ણું સુખદાય છે;
જિને કહ્યો તે લલિત, ધનના અર્થીને ધારો,
[2]ધનદ સરિખો ધન, આપનારો થાય છે. ॥ ૧ ॥

સ્વર્ગનો સંગમ સારો, મોક્ષનો મેળવનારો,
જિન કહ્યો ધર્મ ધારો, શિવનું [3]સુકાન છે;
ધર્મ વિણ કોઇ નહી, વાંછિત સુખને પામે,
પામે તો ત્રિલોકે સાથી, દુઃખનું દબાણ છે;
ખરેખર ધર્મથી જ, ઇચ્છિત સુખો મળે છે,
ફક્ત ધર્મહીન જીવો, દુઃખથી હેરાન છે;
બોતેર કળા લલિત, પખ્ખર પંડિત હોય,
પણ ધર્મ કળા વિના, તેનું તે તોફાન છે. ॥ ૨

ધર્મ સર્વે જગતના, જીવોનો છે હિતકર,
સર્વે પ્રકારે સમૃદ્ધિ, લબ્ધિનો દેનાર છે;
ઉપસર્ગ સમૂહનો, નાશ કરનારો નેટ,
ગુણ રૂપ મણીઓનો, રત્નાકર સાર છે;
બહુ ધર્મ ન બને તો, થોડો થોડો પણ કર,
ટીપે ટીપે સરોવર, ભરાય તે કાર છે;
શક્તિયે લલિત ધર્મ, કરવા પ્રભુએ કહ્યો,
શક્તિ ગોપવે છે તેનું, જીવન ધિક્કાર છે. ॥ ૩

---

૧ જીવ ૨ કુબેર ભંડારી ૩ નાવ

## ધર્મની પ્રધાનતા.

છપ્પો.

વ્હાલાને ધન ધીંગ, કામને કામ કરારી,
અર્થીને અર્થલાભ, સૌભાગ્યે શોભા સારી;
સુત વાંછાયે સુત, રાજ્ય વાંછાયે રાજા,
વૈભવ વિવિધ વાસ, સ્વર્ગના સુખો ઝાઝા;
શિવસુખ સહી સત્વર મળે, સાધન શુભ સધાય છે,
કોન લાલિત રહે કામના, ધાર્યું ધર્મથી થાય છે. ॥ ૧

**ધર્મનું મહત્વ**–દેવ રિદ્ધિ ને ચક્રીપણું, સહી સુલભ છે તેહ;
પણ જીન ભાખ્યો ધર્મ તે, અતિ દુર્લભ ગણ્ય એહ.

**ધર્મનો આદર**–જીન કહ્યો ધર્મ જ્યાંસુધી, યત્ને નહિ આદરાય;
ત્યાં સુધી તેહ જીવનું, ભવભ્રમણ નહિં જાય.

**ધર્મે સદ્દહણા**–શક્તિ ધર્મે નહી હોય તો, શુદ્ધ સદ્દહણાજ ભાય;
શુદ્ધ સદ્દહણાથી સત્વરે, મોક્ષ સ્થાન મેળાય.

**ધર્મ રહસ્ય**–સદૈવ જીવદયા રમણ, ઇંદ્રિ વેગ રોકાણ;
સદા વચન સત્ય બોલવું, ધર્મ રહસ્ય તે જાણ.

**ધર્મ પ્રયાસ**–અહિહાર અસિ ફૂલ [1]દામ, વિષ રસાયન થાય;
શત્રુ વશને દેવો પ્રસન્ન, પામશો ધર્મ પસાય.

**ધર્મનો સંભવ**–દેવો વિષય આસક્ત છે, નર્કે કહ્યું દુઃખ ક્રૂર;
વિવેક વિણુ તિર્યંચ છે, માનવમાં ધર્મ [2]ધૂર.

**શ્રદ્ધાયે કલ્યાણ**–ન તપાચર્ણ શાસ્ત્રાભ્યાસ, ન ભણ્યું ગણે ન દાન;
તે પણ શક્તિ નહિ હોય તો, એક અર્હ સત્ય માન.

**ચાર વસ્તુ માન**–ધમ્માએ સિમંત નર્કવાસ, અઢીદ્વીપ ઉડુ વિમાન;
સિદ્ધશીલા જોજન લાખ, પીસ્તાલીશ પ્રમાણ.

**બુદ્ધિના પ્રકાર**–તીર્થંકર બુદ્ધિ સમુદ્ર સમ, ગણધર સરોવર સાર;
સુસાધુ કૂપ અન્ય સાધુ, ખાબોચિયુ નિર્ધાર.

---

૧ માળા. ૨ નજીક.

# ચાર અભિષેક શિલાઓ.




આ ચાર અભિષેક શિલાઓ—જંબુદ્વીપના સુદર્શન મેરૂ ઉપરના પાંડુક વનની જાણવી, તેનો ખુલાસો બાજુના ૬૧ પેજમાં જુઓ.

તે પ્રમાણે ધાતકી ખંડના પૂર્વ મેરૂ ઉપર ચાર અને પશ્ચિમ મેરૂ ઉપર ચાર એમ આઠ શિલા જાણવી.

તેવીજ રીતે પુષ્કરાર્ધમાં પણ પૂર્વ અને પશ્ચિમ મેરૂ ઉપરે આઠ શિલા જાણવી.

આ પાંચે મેરૂના વન અને શિલાના નામ તો એકજ છે, પણ ધાતકી અને પુષ્કરાર્ધના મેરૂ ઉપર ચૂલિકા નથી. બાકી જંબુદ્વીપ પ્રમાણે જાણવું.

## ચાર અભિષેક શિલાઓ.

૧ પૂર્વે પાંડુક શિલા છે તેના ઉપર બે સિંહાસન છે તે ઉપર તે બે વિજયના જિનોનો;

૨ પશ્ચિમે રક્ત શિલા છે તેના ઉપર બે સિંહાસન છે તે ઉપર તે બે વિજયના જિનોનો.

૩ ઊત્તર રક્તકંબલ શિલા છે તે પર એક સિંહાસન છે તે પર ઐરવતના જિનોનો.

૪ દક્ષિણે પાંડુકંબલ શિલા છે તે પર એક સિંહાસન છે તે પર ભરતક્ષેત્રના જિનોનો. એમ દરેક શિલાએ અભિષેક થાય છે

તે દરેક શિલા અર્ધ ચંદ્રાકારે અર્જુર્ણ સુવર્ણમય-૫૦૦ જોજન લાંબી, ૨૫૦ જોજન પહોળી ને ૪ જોજન જાડી છે.

તે દરેક સિંહાસન રત્નમય ૫૦૦ ધનુષ્ય લાંબા, ૨૫૦ ધનુષ્ય પહોળા ને ૪ ધનુષ્ય ઊંચા છે.

---

## ચાર પ્રકારની દશા.

**નિંદદશા**-જીવને અનાદિ મોહ છે તે, ત્રણ ગુણસ્થાનક સુધી છે

**સ્વપ્નદશા**-ભવને વિષે સમકિતના પરિણામે છે તે, ચોથા-પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનક સુધી છે.

**જાગરદશા**-અપ્રમત મુનિને હોય, તે સાતથી માંડીને બારમા ગુણસ્થાનક સુધી હોય.

**ઊજાગરદશા**-તે વીતરાગની છે-તે સયોગી ને અયોગી ગુણસ્થાને જાણવી.

**ચાર આદર**-દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી, આદર કરજો આમ;
શાસ્ત્રમાંહે તે સૂચવ્યું, કરવા આતમ કામ.

**તીર્થંકર પદ**-દેવ જ્ઞાન સાધારણ દ્રવ્ય, શાસને વૃદ્ધિ કાર;
તીર્થંકર પદ ઉપાર્જે, શાસ્ત્રોમાં તસ ચાર.

**જૈન મતે વેદ**-સંસારદર્શન વેદને, સંસ્થાપનપરામર્શન;
તત્વાવબોધ ત્રીજો કહ્યો, વિદ્યાપ્રબોધ ચોગણુ.

અન્યમતે વેદ-ઋગ્વેદ યુજુર્વેદને, સામવેદ સંભાર;
એમએ અથરવેદથી, ચ્હાવા અન્યના ચાર.

## પાંચ વસ્તુ વર્ણન.

### પાંચ પ્રકારે ચૈત્ય લક્ષણ.

મનહર છંદ.

ઘર દેરાસરમાંહી, જિનવરની સ્થાપેલી,
પ્રતિમા તે જાણો ભક્તિ, ચૈત્ય કહેવાય છે;
બારશાખ ઓતરંગે, કોતરી મંગળ ચૈત્ય,
ગચ્છાદિ નિશ્રાયે બની, નિશ્રાકૃત થાય છે;
તેમ અન્ય ગચ્છનીજો, નિશ્રાજ વિનાની હોવે,
તેને તો અનિશ્રાકૃત, ચૈત્ય ગણાવાય છે;
તથા સિદ્ધાયતનની, શાશ્વત ચૈત્યની કહી,
પાંચ ચૈત્યો લલિતયું, શાસ્ત્રે સમજાય છે. ૧

પંચ પરમેષ્ટિ-અરિહંત સિદ્ધ આચાર્ય, પાઠક સાધુ સુસાર;
વાર વાર કર વંદના, પંચ પરમેષ્ટિ પ્યાર.

પંચ તીર્થ-આબુ અષ્ટાપદ રૈવત, સમેતશીખર સાર;
સિદ્ધગિરિ અનંત સિદ્ધિયા, પંચ તીર્થ ધર પ્યાર.

પંચ તીર્થી-નાડોલ ને નાડલાઈ, મૂછાળા મહાવીર;
વરકાણા રાણકપુરે, નેહે નમાવો શિર.

પંચ તીર્થી-તળાજા ડાઠા મહુવા, છાપરીયાળી સર;
જેસર જોડે પાંચની, પંચતીર્થી તે કર.

પંચ તીર્થી-ઘોઘા તળાજા ડાઠા, મહુવા કુંડલા સાર;
તે પણ છે પંચ તીર્થી, અનુક્રમથી અવધાર.

પંચ તીર્થી-[1]અજાહરા [2]ઊના અને, [3]દીવ દેલવાડ સર;
પ્રરૂપી પંચ તીર્થી, દર્શન દિલ સ્થિરે કર.

---

૧ સોળ લાખ વર્ષ પૂર્વની પાર્શ્વનાથની પ્રતિમાજી-૨ અમીઝરા પાર્શ્વનાથજી તથા વિજયહીરસૂરીશ્વર તથા વિજયદેવસૂરીશ્વર તથા વિજયપ્રભસૂરીશ્વરની સ્વર્ગભૂમિ-૩ સુવિધિનાથ ભગવાન-નવલખા પાર્શ્વનાથજી.

**પંચ તીર્થી**-સુથરી નળીયા તેરા, જખૌ કોઠારા જાણ;
કહી કચ્છની પણતીર્થી, સાચા સુખની ખાણ.

**પાંચ કલ્યાણક**-ચ્યવન જન્મ દીક્ષા અને, કેવલનાણ નિર્વાણ;
કહ્યા કલ્યાણક પાંચ એ, કરો સુણી કલ્યાણ.

**પાંચ સમિતિ**-ઈર્યા ભાષા એષણા, આદાનભંડમત્ત;
પરિષ્ટાપનિકા પાંચ એ, સેવો સમિતિ સમસ્ત.

**પાંચ જ્ઞાન**-મતિ શ્રુત અવધિ અને મનઃ, પંચમ કેવળજ્ઞાન;
અનુક્રમ એને મેળવે, પુન્યવંત સુપુમાન.

---

## તીર્થંકરના દાનાવસરે પાંચ દિવ્ય.

**પાંચ દિવ્ય**-ફુલવૃષ્ટિ વસ્ત્રક્ષેપ દુંદુભી, [1]સાડીબાર ક્રોડ મેહ;
અહોદાનં અહોદાનં, ઊદ્ઘોષણા એહ.

**જલદી મોક્ષ**-આહાર ઉંઘારંભ ને, પરિગ્રહ તેમ કષાય;
અલ્પ જેને એ હોય તે, જલદી મોક્ષે જાય.

**દેવ પ્રકાર**-દેવાયુ થતા દ્રવ્ય દેવ, દેવ સવિ ભાવદેવ;
ચક્રી નર સાધુ ધર્મદેવ, અર્હંત દેવાધિદેવ.

**આ સિદ્ધિસ્થાન**-આદિ અષ્ટાપદે ચંપા, વાસુપૂજ્યને ધાર;
અપાપાયે વીર જિનવર, નેમ સિદ્ધ ગિરનાર.
સમેતશિખરે વીશ જિન, પાચા સિદ્ધિ સુઠામ;
સવી જિનવર ત્યું સિદ્ધિયા, પ્રેમે કરો પ્રણામ.

**પાંચક્રોડેસિધ્યા**-પુંડરિક પાંચ ક્રોડથી, સિધ્યા સિદ્ધગિરિઠામ;
ચૈત્ર શુદી પૂનમ દિને, કરો તાસ ગુણગ્રામ.

**મહોત્સવ** -ધર્મ દ્રવ્ય અને કામનો, ધર્મ મોક્ષનો માન;
મહોત્સવ પંચ પ્રકારના, જુગતે જાણ સુજાણ.

---

૧ સાડાબાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ થાય તે.

## છ વસ્તુ વર્ણન.

### શ્રી મહાવીર પ્રભુની છ આજ્ઞા.

૧. તત્વજ્ઞાનનો અભ્યાસ કરો અને વિચારોને નિર્મળ બનાવવા માટે પ્રયત્ન કરો.

૨. જીવન ક્રમમાં ત્યાગ કરવા લાયક, અંગીકાર કરવા લાયક અને જાણવા લાયક શું છે? તેનો નિર્ણય કરો.

૩. પોતાની શક્તિનો વિચાર કરો અને શક્તિ મુજબ ઉન્નતિક્રમમાં આગળ વધો.

૪. આત્મ વિશ્વાસ રાખો, કોઇના ઉપર આધાર ન રાખો તમારો ઉદ્ધાર કરવો, એ કેવળ તમારા પોતાના વિચાર, પુરૂષાર્થ અને ઉદ્યોગ ઉપર આધાર રાખે છે.

૫. માન અથવા આ લોક પરલોકના સુખની ઇચ્છા રાખ્યા સિવાય જેટલું સત્કાર્ય થાય તેટલું કરો, અમે શું કરીયે? એવા નિર્માલ્ય વિચારો કાઢી નાખો પ્રમાદમાં જીવન ન ગુજારો

૬. જો તમે ગૃહસ્થ ધર્મ અથવા સાધુ ધર્મના માર્ગમાં દ્રવ્ય અને ભાવથી શક્તિ મુજબ પ્રયાણ કરશો તો જરૂર મોક્ષ પહોંચ્યા શિવાય રહેશો નહી.

**છ માસી તપ**–રાજગ્રહી નગરી રહી, છ માસિક તપ સાર:
વીર વિભુએ તે કર્યો, ધન્ય ધન્ય તે અવતાર.

---

### મેરૂની ઉત્તર દક્ષિણના છ વર્ષ ધર પર્વત.

મનહર છંદ.

તપાવેલા સોના સમ, લાલ છે નિષધગિરી,
દક્ષિણ દિશીયે ઉંચો, ચારસો જોજન છે;
વૈડુર્ય રત્નના જેવો નિલવંત ગિરિલીલો,
ઉત્તર દિશીયે ઉંચો, ચારસો જોજન છે;
દક્ષિણમાં મહાહીમ, સોનાનો ઉતરે રૂપી,
રૂપાનો દરેક ઉંચા, બસોતે જોજન છે;
લઘુહિમ દક્ષિણમાં, ઉત્તરે શિખરી બન્ને,
સોનાના ઉંચા લલિત, સો સોતે જોજન છે;

## ૭ સંઘયણ.

વજ્રરૂષભનારાચસં૦–બે બાજુ મજબૂત બંધ ઉપર પાટો અને ઉપર ખીલો તે.

રૂષભનારાચ સં૦–બે બાજુ મજબૂત બંધ ઉપર પાટો તે.

નારાચ સંઘયણી–બે બાજુ મજબૂત બંધ હોય તે.

અર્ધનારાચ સં૦–એક બાજુએ મજબૂત બંધ હોય તે.

કીલિકા સંઘયણી–માંહેમાંહે હાડકાને ખીલીનો બંધ હોય તે.

છેવઠા સંઘયણી–હાડકાં માંહેમાંહે અડેલાં હોય તે.

---

## ૭ સંઘયણ આશ્રયી ગતિ.

છેવઠા સંઘયણીવાળો–બીજી નર્ક સુધી તેમ ચોથા દેવલોક સુધી જાય.

કીલિકા સંઘયણીવાળો–ત્રીજી નર્ક સુધી તેમ પાંચમા–છઠ્ઠા દેવલોક સુધી જાય.

અર્ધનારાચસં૦વાળો–ચોથી નર્ક સુધી તેમ શુક્ર ને સહસાર દેવલોક સુધી જાય.

નારાચ સંઘયણીવાળો-પાંચમી નર્કસુધી તેમ આણુત ને પ્રાણુત દેવલોક સુધી જાય.

રૂષભનારાચ સં૦વાળો–છઠ્ઠી નર્કસુધી તેમ આરણ ને અચ્યુત દેવલોક સુધી જાય.

વજ્રરૂષભના૦સં૦વાળો–સાતમી નર્ક સુધી તેમ અતિ ઉત્કૃષ્ટ અધ્યવસાયે કેવળજ્ઞાન પામી મોક્ષે પણ જાય.

---

## છ સંસ્થાન.

**સંચતુર સંસ્થાન**-પલોઠી વાળી બેઠાં ચારે બાજુએથી સરખી અકૃતિ થાય અને પોતાના આંગળથી ભરતાં ૧૦૮ આંગળ શરીર હોય તે.

**ન્યગ્રોધપરિમંડળ**-વડની પેરે નાભી ઉપરનો ભાગ સારો હોય તે.

**સાદી સંસ્થાન**-નાભી નીચેનું અંગ સારૂ ને ઉપરનું ખરાબ તે.

**કુબ્જ સંસ્થાન**-હાથ-પગવિગેરે સારા ને ઉદર પ્રમુખ ખરાબ તે.

**વામન સંસ્થાન**-ઉદર પ્રમુખ સારા ને હાથ-પગાદિ હીણા હોય તે.

**હુંડક સંસ્થાન**-શરીરનો તમામ ભાગ ખરાબ હોય તે.

---

## છ નિમિત

**છ નિમિત્ત**— વંદન પૂઅણ સક્કાર ને, સમ્માણ બોહિલા ભાય,
નિરૂવસગ્ગછનિમિત્તને, વત્તિયાએ જોડાય.

**છ નિમિત્ત**—આઠકે ચાર થોયના દેવ વંદનમાં પહેલા ત્રણ કાઉસ્સગ્ગ છ નિમિતે થાય અને છેલ્લો કાઉસ્સગ્ગ સમ્યગ્દ્રષ્ટિ દેવ સ્મરણાર્થે કરાય છે.

**છ દર્શન**—જૈન મિમાંસક બૌદ્ધ ને, ચ્યું નૈયાયિક નામ,
વળી વૈશેષિક શાંખ્ય છે, ષટ્ દરશન છે આમ.

**છ દર્શન**—મહેશ્વર બ્રહ્મ શાંખ્યને, બૌદ્ધ જૈનનું જાણ,
ચારવાક છેલ્લું કહ્યું, ષટ્ દરશન પ્રમાણ.

**છ દર્શન**—જોગી જંગમ સેવડા, સંન્યાસી દરવેશ,
છઠું દર્શન તે બ્રહ્મનું, નહિ. મીન કે મેષ.

**અન્ય રીતે**—બૌદ્ધ નૈયાયિક સાંખ્ય, વળી વૈશેષિક ધાર,
મિમાંસક વેદાંત એમ, છ દરશન સંભાર.

**ભગવંતની અસમથતા**—૧ ભવ્યને અભવ્ય કરી ન શકે ૨ અભવ્યને ભવ્ય કરી ન શકે ૩ જીવને અજીવપણું કરી ન

શકે ૪ અજીવને જીવપણું કરી ન શકે ૫ સુખીને દુઃખી કરી ન શકે ૬ દુઃખીને સુખી કરી ન શકે.

છ ઋદ્ધિવંત—૧ તીર્થંકર-૨ કેવળી-૩ ચક્રવર્તી-૪ વાસુદેવ ૫ બળદેવ-૬ ભાવિક આત્મા અતિશયવંત સાધુ.

છ મતે દેવગુરૂ-૧ જૈનમતે દેવ અરિહંત ગુરૂ નિગ્રંથ-૨ બોદ્ધમતે દેવ બુધ ગુરૂ પાહરી-૩ શિવમતે-દેવ રૂદ્ર ગુરૂ યોગી-૪ દેવમતે દેવ ધર્મ ગુરૂ વૈરાગી-૫ ન્યાયમતે દેવ જગતકર્તા ગુરૂ સંન્યાસી ૬-મીમાંસકમતે દેવ અલખ ગુરૂ દરવેશ.

---

## સાત વસ્તુ વર્ણન.

### તીર્થ વિચ્છેદના સાત સમય ને કયા તીર્થંકર વારે થયા તે.

મનહર છંદ.

સુવિધિ શિતળ વચે, પાવ પલ્યોપમ કાળ,
તીર્થ વિચ્છેદે ધર્મની, વાત વિચ્છેદાયી છે.
શિતળ શ્રેયાંસ વચે, તીર્થ વિચ્છેદની વાત,
તેમાંયે પા પલ્યોપમ, કાળની કહાયી છે.
શ્રેયાંસ ને વાસુપૂજ્ય, અંતરે તીર્થ વિચ્છેદ,
પુણો પલ્યોપમ કાળ, ત્યારની ગણાઇ છે.
વાસુપૂજ્યથી વિમળ, વચે તીર્થનો વિચ્છેદ,
ત્યારેજ પા પલ્યોપમ, માનો તે મનાઇ છે. ॥ ૧
વિમળ અનંત વચે, પુણો પલ્યોપમ કાળ.
તીર્થનો વિચ્છેદ તેમાં, એણીપરે જાણવો.
અનંત ધર્મ અંતરે, વળી ધર્મ શાંતિ વારે,
પા પા પલ્યોપમ તીર્થ, વિચ્છેદ તે માનવો.
રૂષભ સુવિધિ સુધી, એક દ્રષ્ટિવાદ વિના,
અંગ અગિયાર હોય, એવો ખ્યાલ આણવો.
સુવિધિ ને શાંતિ વચે, પુણા ત્રણ પલ્યોપમ,
દ્વાદશાંગીનો વિચ્છેદ, લાલત પ્રમાણવો. ॥ ૨ ॥
દુહો-શાંતિ જિનથી વીર સુધી, અંતર આઠનું વેદ;
અંગ રહ્યાં ત્યાં સુધી પણ, દ્રષ્ટિવાદ વિચ્છેદ.

ભુવનના ચૈત્ય–સાત ક્રોડ બોતેર લખ, ભુવનપતિ પાસાદ;
એકસો એંશી દરેકે, બિંબ રાખજે યાદ.

સાત કુલકર–વિમળવાહન ચક્ષુષ્માન, યશશ્વાન અભિચંદ;
પ્રસેન મરૂદેવ નાભિ, સાત કુલકર વૃંદ.

સાત કુલકર–ચંદ્રયશા ચંદ્રકાંતા, સુરૂપ પ્રતિરૂપ જાણ;
પત્ની ચક્ષુકાંતા શ્રીકાંતા ને, મરૂદેવા મા માન.

કુલકર શરીર–ધનુષ્યપ્રમાણ— [1] ૯૦૦– [2] ૮૫૦– [3] ૮૦૦–
[4] ૭૫૦– [5] ૭૦૦– [6] ૬૫૦– [7] ૫૨૫.

પ્રભુનો સંગ્રહ–ઉગ્રા ભોગા રાજ્ય અને, ક્ષત્રીયા તેમ ચાર;
રૂષભ પ્રભુ સંગ્રહ કર્યાં, તેનો તેહ વિચાર.

ક્રમે સ્થાપના–દંડદાતા ઉગ્રા કહ્યા, વડિલ ભોગા કહાય;
પ્રભુ મિત્ર તે રાજ્યવંશી, બાકી ક્ષત્રીય થાય.

સાત નિન્હવ–બહુરય પએસ ને અવત્ત, સામુચ્છા દુગમાન;
તિગ અબદ્ધિગા નીન્હવો, વીર વખતના જાણ.

---

## જંબૂદ્વીપના સાત ક્ષેત્રે આયુ, કાય વિગેરે.

મહાવિદેહે –મહાવિદેહ ક્ષેત્રમાંહિ, પાંચ સો ધનુષ્ય કાય;
આયુ ક્રોડ પુરવ આરો, ચોથો સદા વરતાય.

દેવ-ઉત્તરકુરૂ –દેવકુરૂ ઉત્તરકુરૂ, ત્રણ ગાઉની કાય;
પ્રથમ આરો તિ પલ્યોપમ, એ બે ક્ષેત્રે આય;

હરિવર્ષ-રમ્યક–હરિવર્ષ રમ્યક ક્ષેત્રમાંહિ, કહી બે ગાઉ કાય;
દ્વીઆરો દ્વી પલ્યોપમ, તેહ યુગળિયાં આય.
બે દિવસના આંતરે, બોર પૂર આહાર;
ચોસઠ દિવસ બાળનું, તે પાલન કરનાર.

હૈમવંત-ઐરણ્યવંત–હેમવંત ઐરણ્યવંત, એક ગાઉની કાય;
ત્રીજો આરો વર્તે તિહાં, એક પલ્યોપમ આય.
એકાંતર આંબળા પુર, એ યુગળિક આહાર;
ઓગનાશી દિ' બાળનું, પાલન તે કરનાર.

---

## સાત ભુવનમાં જિનચૈત્ય અને બિંબ.

૧ વિદ્યુતકુમારે–૨ અગ્નિકુમારે–૩ દ્વીપકુમારે–૪ ઉદધિકુમારે ૫ દિશિકુમારે–૬ વાયુકુમારે–૭ સ્તનિતકુમારે–તે દરેકના ભુવનને વિષે ૭૬ લાખ ૭૬ લાખ જૈન ચૈત્ય છે. અને તે દરેક ચૈત્યે, ૧૮૦ જિન બિંબ છે.

**વાસુદેવના રત્નો**–વાસુદેવનાં વર્ણવ્યાં, રત્નો રૂડાં સાત;
ત્રેસઠ આંકથી તેહની, વિગતે જાણો વાત.

---

## આઠ વસ્તુ વર્ણન.

### સિદ્ધના આઠ ગુણ.

જ્ઞાન દર્શન ચારિત્ર વીર્ય, અવ્યાબાધ સુખસોય;
અક્ષયસ્થિતિ અરૂપીપણું, અગુરૂલઘુ અડ હોય.

૧ **અનંતજ્ઞાન**—જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. આથી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે જાણે છે.

૨ **અનંતદર્શન**—દર્શનાવરણીયકર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. આથી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે દેખે છે.

૩ **અનંતચારિત્ર**—મોહનીયકર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. આમાં ક્ષાયક સમ્યકૃત્વ અને યથાખ્યાત ચારિત્રનો સમાવેશ થાય છે. આથી સિદ્ધ ભગવાન સ્વસ્વભાવમાં સદા અવસ્થિત રહે છે તે જ ત્યાં ચારિત્ર છે.

૪ **અનંતવીર્ય**—અંતરાયકર્મનો ક્ષય થવાથી અનંત દાન, લાભ, ભોગ, ઉપભોગ ને વીર્ય–શકિત પ્રાપ્ત થાય છે, તેથી સમસ્ત લોકને આલોક અને અલોકને લોક કરી શકે તેવી શકિત સ્વાભાવિક સિદ્ધમાં રહેલ છે; છતાં તેવી શકિત કદિ ફેરવતા નથી અને ફેરવશે પણ નહિ, કેમકે પુદ્ગળ સાથેની પ્રવૃત્તિ એ તેમનો ધર્મ નથી. એ ગુણથી પોતાના આત્મિક ગુણોને છે તેવા ને તેવા રૂપે ધારી રાખે. ફેરફાર થવા દે નહિ.

૫ **અવ્યાબાધ સુખ**—વેદનીયકર્મનો ક્ષય થવાથી સર્વ પ્રકારની પીડા રહિત-નિરૂપાધિકપણું પ્રાપ્ત થાય છે.

૬ **અક્ષયસ્થિતિ**—આયુકર્મનો ક્ષય થવાથી નાશ નહિ થાય-એવી અનંતસ્થિતિ પ્રાપ્ત થાય છે. સિદ્ધની આદિ છે પણ અંત નથી, તેથી સાદિઅનંત કહેવાય છે.

૭ **અરૂપીપણું**-નામકર્મનો ક્ષય થવાથી વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ રહિત થાય છે, કેમકે શરીર હોય તો એ ગુણો રહે છે; પણ સિદ્ધને શરીર નથી તેથી અરૂપીપણું પ્રાપ્ત થાય છે.

૮ **અગુરૂલઘુ**-ગોત્રકર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. તેથી ભારે-હળવો કે ઉંચ-નીચપણાનો વ્યવહાર રહેતો નથી.

---

## ભરત ચક્રવર્તીની આઠ પાટ સુધીના આઠ પુરૂષો.

## અરિસા ભુવનમાં જ કેવળજ્ઞાન પામ્યા તેમના નામ

**આઠ કેવળી**—ભરતાદિત્યયશા મયાયશ, બળભદ્ર ને બળવીર્ય;
કીર્તિવીર્ય જળવીર્ય ને, અષ્ટમ તે દંડવીર્ય.

## કેવળી સમુદ્ઘાતના આઠ સમય.

મનહર છંદ.

પ્રથમ સમયે જીવ, પ્રદેશનો દંડ કરે,
ચૌદ રાજ પ્રમાણનો, દંડ તે કહાય છે;
બીજા સમયે કપાટ, ત્રીજા સમયે મંથન,
લોકના આંતરા પુરે, ચોથો તે ગણાય છે;
આંતરા સંહરે પાંચે, મંથન સંહરે છઠે,
કપાટ કર્યું સમય, સાતે સંહરાય છે;
દંડ આઠે સંહરાય, સવિ યથાસ્થિત થાય,
કેવલી સમુદ્ઘાત. લલિત લેખાય છે. ॥ ૧ ॥

**નંદીશ્વર દ્વીપે**—નંદીશ્વર દ્વીપ અષ્ટમો, બાવન ચૈત્યો જાણ;
પ્રત્યેકે પ્રતિમા એક સો, ચોવીશનું પ્રમાણ. ૧

**અષ્ટાપદ તીર્થ**—અષ્ટાપદ ગિરિ ઉપરે, અડ પાવડિયાં જાણુ;
સૂર્ય કિર્ણે ગૌતમ ગયા, જ્યાં રૂષભ સિદ્ધઠાણુ.

**અષ્ટ મંગળ**—દર્પણ ભદ્રાસન વર્ધમાન, શ્રીવત્સ ને મત્સ જોડ;
કલશ સ્વસ્તિક નંદાવર્ત, મેળે મંગળ કોડ.

**સિદ્ધાચળ યાત્રા**—ફાગણ શુદ આઠમ દિને, પૂર્વ નવાણું વાર;
રુષભ રાયણ સમોસર્યા, જાણી તીર્થ જુહાર.

**આઠ આત્મા**—દ્રવ્ય કષાય યોગાત્મા, ઉપયોગાત્મા જ્ઞાન;
દર્શન ચારિત્ર અને વીર્ય, આઠ આતમ માન.

**પૂજાના પ્રકાર**—ન્હવણ વિલેપણ પુષ્પ ને, ધૂપ દીપ ઝલકાર;
અક્ષત નૈવેદ્ય ફળ થકી, પુજો અષ્ટ પ્રકાર.

**ઉત્તમ દ્રવ્ય**—મેળો ઉત્તમ દ્રવ્ય આઠ, પ્રેમે પૂજા કામ;
ઉત્તમથી ઉત્તમ મળે, શિવસુખનું ઠામ.

**મોક્ષ મળે**—જ્ઞાનાવર્ણીયાદિ આઠ, કર્મો જે કહેવાય;
ખરે તેહનો ક્ષય થતાં, મોક્ષ ઝટ મેળવાય.

## આઠ કર્મસૂદન તપનો કોઠો.

| કર્મની સંખ્યાના આંક. | જે કર્મસૂદન આશ્રી તપ કરવું તે કર્મના નામનું કોષ્ટક. | ઉપવાસ. | એકાસણું. | એક સીથ્થું. | એકઠાણું. | એક દત્તી. | નીવિ. | આંબિલ. | આઠ કવળ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણીય ... | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૨ | દર્શનાવરણીય ... | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૩ | વેદનીકર્મ ... | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૪ | મોહનીકર્મ ... | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૫ | આયુઃકર્મ ... | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૬ | નામકર્મ ... | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૭ | ગોત્રકર્મ ... | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૮ | અંતરાયકર્મ ... | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |

## આઠ કર્મનું વિસ્તારે સ્વરૂપ.

**આઠ કર્મ—** જ્ઞાન દર્શન ને વેદની, મોહની આયુ નામ;
ગોત્ર અંતરાયે મળી, આઠ કર્મ છે આમ.

**ઘાતિ-અઘાતિ—** એક દુ ચો અડ ઘાતિયાં, અન્ય તે અઘાતિ કર્મ;
ખરો તેહનો ક્ષય થતાં, જીવ જાગે શિવશર્મ.

**એનો લાભ—** એહ આઠ કર્મ ક્ષય કરી, પામે સુખ પ્રધાન;
એમ અનંતે મેળવ્યું, મેળવશે તે માન.

---

### આઠ કર્મનો કોઠો.

| આંક | તેના નામ. | ઉત્કૃષ્ટ સ્થિતિ. કોડાકોડી સા૦ | જઘન્ય સ્થિતિ. | તેના ભેદ. | તેનો સ્વભાવ. | પ્રકૃતિ. |
|---|---|---|---|---|---|---|
| ૧ | જ્ઞાનાવ૦ | ૩૦ કોડા૦ સા૦ | અંતર્મુહૂર્ત | ઘાતિ | પાટા જેવું | ૫ |
| ૨ | દર્શનાવ૦ | ,, | ,, | ,, | પોળીયા જેવું | ૯ |
| ૩ | વેદનીક૦ | ,, | ૧૨ મુહૂર્ત | અઘાતિ | મધથી ખરડી તરવારનીધારા | ૨ |
| ૪ | મોહની૦ | ૭૦ કોડા૦ સા૦ | અંતર્મુહૂર્ત | ઘાતિ | મદિરા જેવું | ૨૮ |
| ૫ | આયુક૦ | ૩૩ સાગરોપમ | ,, | અઘાતિ | હેડ જેવું | ૪ |
| ૬ | નામક૦ | ૨૦ કોડા૦ સા૦ | ૮ મુહૂર્ત | ,, | ચિતારા જેવું | ૧૦૩ |
| ૭ | ગોત્રક૦ | ,, | ,, | ,, | કુંભાર જેવું | ૨ |
| ૮ | અંતરાય૦ | ૩૦ કોડા૦ સા૦ | અંતર્મુહૂર્ત | ઘાતિ | ભંડારી જેવું | ૫ |

### કર્મની આઠ વર્ગણા.

[1]આહારિક [2]વૈક્રિયા [3]હારક, [4]તૈજસ [5]ભાષા તેમ;
[6]શ્વાસોશ્વાસ [7]મન [8]કાર્મણ, આઠ વર્ગણા એમ.

**તેવી સર્વ જાતિની વર્ગણા જીવ સમયે સમયે અનંતી લે છે. પ્રથમની ચાર વર્ગણા આઠ સ્પર્શયુક્ત દ્રષ્ટિગોચર આવે. છેલ્લી ચાર દ્રષ્ટિ અગોચર અને તેના શીત, ઉષ્ણ, રૂક્ષ, સ્નિગ્ધ એમ ચાર સ્પર્શ હોય.**

## આઠે કર્મનો સ્વભાવ.

૧ **પાટા જેવું**-એટલે જેમ પાટો બાંધ્યો હોય તો કાંઇ દેખાય નહિ, તેમ જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી જ્ઞાન આવડે નહિં. તે જ્ઞાનાવરણીય કર્મ આત્માના અનંતજ્ઞાનગુણને આવરે છે.

૨ **પોળીયા જેવું**-એટલે જેમ કોઇ રાજાનું દર્શન કરવા ઇચ્છે પણ જો પોળીયો રોકે તો દર્શન થઇ શકે નહિ, તેમ જીવ દર્શનાવરણીય કર્મના ઉદયથી કાંઇ દેખી શકે નહિ. તે દર્શનાવરણીય કર્મ આત્માના અનંતદર્શનગુણને આવરે છે.

૩ **મધથી ખરડી તરવારની ધાર ચાટવા જેવું**-એટલે જેમ મધવાળી તરવારની ધાર ચાટતાં મીઠી લાગે પણ જીભ કપાવાથી દુઃખ થાય, તેમ વેદનીય કર્મ પરિણામે દુઃખરૂપ પુદ્ગલિક સુખો આપી આત્માના અવ્યાબાધ સુખને આવરે છે.

૪ **મદિરા જેવું**—એટલે જેમ મદિરા પીનાર માણસને હિતાહિતનું ભાન હોતું નથી, તેમ મોહનીય કર્મના ઉદયથી તત્વની શ્રદ્ધા થતી નથી. તે કર્મ જીવના અનંતચારિત્રગુણને આવરે છે.

૫ **હેડ જેવું**—એટલે જેમ હેડમાં પડેલો માણસ મુદત પુરી થયા સિવાય નીકળી શકે નહિ, તેમ તે આયુકર્મ કાંઇ સુખ-દુઃખ કરી શકતું નથી, પરંતુ ચાર ગતિના વિષે સુખ-દુઃખના આધારભૂત જે શરીર તેમાં હેડની પેઠે જીવને રાખે છે. જેમ અશુભગતિ ભોગવતો જીવ ત્યાંથી નીકળવા ઇચ્છે પણ આયુ પૂર્ણ થયા વિના નીકળી શકે નહિ. એ કર્મનો જીવના અવિનાશીગુણને રોકવાનો સ્વભાવ છે.

૬ **ચિતારા જેવું**-એટલે જેમ ચિતારો નવાં નવાં રંગબેરંગી ચિત્રો ચિત્રે છે, તેમ નામકર્મ જીવને દેવતા, મનુષ્યાદિક સારાં રૂપ કરે તેમ નર્ક-એકેંદ્રિયાદિક માઠાં રૂપ અનેક પ્રકારનાં કરે. એ કર્મનો જીવના અરૂપીગુણને રોકવાનો સ્વભાવ છે.

૭ **કુંભાર જેવું**-એટલે જેમ કુંભાર ઘી ભરવા તથા પ્રતિષ્ઠા વિગેરે ઉત્તમ કામ માટે ઘડા બનાવે તે પૂજનીય ગણાય, અને જે દારૂ વિગેરે હલકી વસ્તુ ભરવા ઘડા બનાવે તે નિંદનીય ગણાય, તેમ જીવ એ કર્મના ઉદયથી ઉંચ કુળમાં આવે તે શ્રેષ્ઠ કહેવાય અને નીચ કુળમાં આવે તે નિંદનીય થાય. એ કર્મનો જીવના અગુરૂલઘુગુણને રોકવાનો સ્વભાવ છે.

૮ **ભંડારી જેવું**-એટલે જેમ ભંડારી પ્રતિકુળ હોય તો રાજા દાન આપવાની ઇચ્છા કરે છતાં આપી શકે નહિ, તેમ એ અંતરાયકર્મ જીવના અનંત દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય એવી અનંત શક્તિના ગુણને રોકવાનો તેનો સ્વભાવ છે.

આ આઠ વસ્તુનો જેવો સ્વભાવ છે, તેવો આઠે કર્મનો જાણવો.

---

## આઠે કર્મની પ્રકૃતિનો વિસ્તાર.

૧ **પહેલાની પાંચ**-મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન-કેવળજ્ઞાન.

૨ **બીજાની નવ** ચક્ષુદર્શન-અચક્ષુદર્શન-અવધિદર્શન-કેવળદર્શન-નિદ્રા-નિદ્રાનિદ્રા-પ્રચલા-પ્રચલાપ્રચલા-થીણુદ્ધિ.

૩ **ત્રીજાની બે**-શાતાવેદની-અશાતાવેદની.

૪ **ચોથાની અઠ્ઠાવીશ**-૨૫ ચારિત્રમોહનીની (૧૬ કષાય-૯ હાસ્યષટક-૩ વેદ.) ૩ દર્શન મોહનીની ( સમકિત-મિશ્ર-અને મિથ્યાત્વ મોહની.)

૫ **પાંચમાની ચાર**-દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકી ચાર ગતિરૂપ.

૬ **છઠ્ઠાની એક સો ત્રણ**-૪ ગતિ-૫ જાતિ-શરીરાદિકના ભેદ-૬ સંઘયણ ૬ સંસ્થાન-૨૦ ચારવર્ણાદિકના ભેદ-૪ અનુપૂર્વી

૧ શુભવિહાયોગતિ-૧ અશુભવિહાયોગતિ-૮ પ્રત્યેક પ્રકૃતિ-૧૦ ત્રસ દસક ૧૦ સ્થાવરદશક.

૭ **સાતમાની** બે-ઉંચ ગોત્ર અને નીચ ગોત્ર.

૮ **આઠમાની પાંચ**-દાન-લાભ-ભોગ-ઉપભોગ અને વીર્ય એ પાંચ અંતરાય એ ૧૫૮ પ્રકૃતિ જાણવી.

## આઠે કર્મનો રસ વિસ્તારથી.

પહેલો અશુભ રસ પાપની બ્યાશી પ્રકૃતિનો સંકલેશ (ખરાબ) પરિણામે બંધાય. બીજો શુભરસ **પુન્યની બેંતાલીસ પ્રકૃતિની** તીવ્ર વિશુદ્ધિયે કરી બંધાય છે.

અશુભ પ્રકૃતિનો ચૌઠાણીયો રસ અનંતાનુબંધીયા કષાયે કરી બંધાય છે.

તીઠાણીયો રસ અપ્રત્યાખ્યાનીયા કષાયે કરી બંધાય છે.

બે ઠાણીઓ રસ પ્રત્યાખ્યાનીયા કષાયે કરી બંધાય છે.

એક ઠાણીયો રસ સંજ્વલન કષાયે કરી બંધાય છે–આ અશુભ પાપપ્રકૃતિનો રસ **લીંબડાના રસની પેઠે કડવો** જાણવો.

શુભ પ્રકૃતિનો રસ તેના થકી વિપરીતપણે જાણવો.

શુભ પ્રકૃતિનો ચૌઠાણીયો રસ સંજ્વલન કષાયે કરી બંધાયછે

તિઠાણીયો રસ પ્રત્યાખ્યાનીયા અને અપ્રત્યાખ્યાનીયા કષાયે બંધાય છે. બે ઠાણીયો રસ અનંતાનુંબંધીયા કષાયે કરી બંધાય છે. એનો એક ઠાણીયો રસ નથી. શુભ પુન્ય પ્રકૃતિનો રસ શેલડીના રસની પેઠે મીઠો જાણવો.

## તેની સ્પષ્ટ સમજણ.

જેમ લીંબડાનો રસ-અણુકઢયો એક ઠાણીયો કડવો કહીએ તથા અગ્નિ ઉપર અર્ધકઢયો ને અર્ધરાખ્યો તે બે ઠાણીયો કટુતર કહીયે, તથા તે રસના ત્રણ ભાગ કરી બે ભાગ અગ્નિ ઉપર અવ-

ટાવીયે ને એક ભાગ રહે તે તીઠાણીયો કટુતમ કહીયે, અને રસના ચાર ભાગ કરી ત્રણ અવટાવીયે અને એક ભાગ રહે તે ચોઠાણીયો અત્યંત કટુકટુતમ કહીયે—એ જ રીતે શુભ પ્રકૃતિને વિષે શેલડીનો મધુર રસ પણ જાણી લેવો.

## કર્મના બંધનો ખુલાસો.

**દ્રવ્યબંધ ને ભાવબંધ**—આત્માના પ્રદેશ સાથે કર્મ પુદ્ગલનું જે માંહોમાંહે ખીરનીરની પેઠે મળવું તે દ્રવ્યબંધ અને જે આત્માના શુભાશુભ પરિણામે કરી અષ્ટ પ્રકારે કર્મ બંધાય તે ભાવબંધ જાણવો.

## બંધના ચાર ભેદ—મોદકના દ્રષ્ટાંતે.

**પ્રકૃતિબંધ**—જેમ સુંઠ પ્રમુખ પદાર્થ નાખીને કરેલ મોદક વાયુનું હરણ કરે છે, જીરૂં પ્રમુખ વસ્તુ નાખી કરેલ મોદક પિત્તનું હરણ કરે છે ઇત્યાદિક દ્રવ્યે કરેલ વાત, પિત્ત કફાદિક રોગનું હરણ કરે છે તે તેનો સ્વભાવ જાણવો.

**સ્થિતિબંધ**—જેમ તે મોદકનું પક્ષ, માસ, બે માસ, ત્રણ માસ, ચાર માસ, સુધી રહેવાનું કાળમાન હોય તેને સ્થિતિ કહીયે, તેમ કોઇ કર્મ જઘન્યથી અંતર્મુહૂર્ત અને કોઇ કર્મ ઉત્કૃષ્ટતાયે સીતેર કોડાકોડી સાગરોપમ પ્રમાણે રહે. તે સ્થિતિની વચમાં જે કર્મ જેટલી રહેવાની સ્થિતિયે બાંધ્યું હોય તે તેટલો કાળ રહે તેને કાળના નિશ્ચય કરવારૂપ સ્થિતિબંધ કહીએ.

**અનુભાગબંધ** તે મોદક કોઇ મીઠો, કોઇ કડવો, કોઇ તીખો હોય છે તેમજ કોઇ મોદકનો એક ઠાણીયો રસ, કોઇનો બે ઠાણીયો રસ હોય છે ઇત્યાદિક અનેક પ્રકારે અલ્પ-વિશેષત્વ હોય છે તેમ કોઇ કર્મનો શુભ તીવ્ર-મંદ વિપાક હોય છે, અને કોઇ કર્મનો અશુભ તીવ્ર-મંદ વિપાક હોય છે. જેમ શાતાવેદનીયાદિક કર્મમાં કોઇકનો શુભ રસ અલ્પ હોય, અને કોઇકનો શુભરસ ઘણો હોય તેને ત્રીજો અનુભાગબંધ કર્મનો રસરૂપ જાણવો.

પ્રદેશબંધ–તે મોદક કોઇક અલ્પદળ પરિણામથી, કોઇક મોદક બહુદળથી અને કોઇ મોદક બહુતરદળથી ઉત્પન્ન થયો હોય એવી રીતે મોદકનું જે દળ પરિણામ તેને પ્રદેશ કહીયે, તેમ કોઇક કર્મ પુદ્ગલનાં દળ થોડા હોય છે, કોઈના વધારે હોય છે તેનું પરિણામ તે દળ સંચયરૂપ ચોથો પ્રદેશબંધ કહીયે, એ પ્રમાણે પ્રકૃતિયાદિ ચાર ભેદે કરી વિસ્તારથી બંધતત્વ કહ્યુ.

---

## મોક્ષના નવ દ્વાર.

સંતપદ દ્રવ્ય ક્ષેત્ર ને, સ્પર્શનાકાલ દ્વાર,
અંતર ભાગ ભાવ તેમ, અલ્પબહુત્વા દ્વાર.

## તે નવે દ્વારનો વિસ્તાર.

| | | |
|---|---|---|
| ૧ | સંતપદ પરૂપણા | મોક્ષપદ છતુ છે કે નહિ તેનો વિચાર કરવો તે |
| ૨ | દ્રવ્યપ્રમાણ | મોક્ષમાં છ દ્રવ્યમાંથી કેટલા દ્રવ્ય છે તેનો વિચાર કરવો તે. |
| ૩ | ક્ષેત્ર દ્વાર | મોક્ષનું ક્ષેત્ર કેટલું છે તેનો વિચાર કરવો તે |
| ૪ | સ્પર્શના દ્વાર | મોક્ષના જીવોને સ્પર્શના કેટલી છે તેનો વિચાર કરવો તે. |
| ૫ | કાલ દ્વાર | મોક્ષના જીવોને કાળ કેટલો છે તેનો વિચાર કરવો તે |
| ૬ | અંતર દ્વાર | મોક્ષના જીવોને માંહેમાંહે અંતર કેટલું છે તેનો વિચાર કરવો તે. |
| ૭ | ભાગ દ્વાર | મોક્ષના જીવો સંસારી જીવોના કેટલામે ભાગે છે તેનો વિચાર કરવો તે. |
| ૮ | ભાવ દ્વાર | મોક્ષમાં કેટલા ભાવ છે તેનો વિચાર કરવો તે. |
| ૯ | અલ્પબહુત્વદ્વાર | સિદ્ધના પંદર ભેદમાંથી કયા ભેદે થોડા અને કયા ભેદે વધારે જીવો મોક્ષમાં જાય તેનો વિચાર કરવોતે |

---

## નવ સ્મરણ.

મનહર છંદ.

પ્હેલો પઢો નવકાર, ચૌદ પૂરવનું સાર,
ઉવસગ્ગ હરંપછી, સંતિકરં આવે છે;
તિજય પહુત વર, નમિઉણ ભયહર,
અજિત શાંતિને સ્મર, સુખરૂપ થાવે છે;
ભક્તામર ભયવારે, કલ્યાણ મંદિર સારે,
બૃહત શાંતિ સંભારે, દુઃખને દબાવે છે;
નવ સ્મરણને નીત્ય, ગણો ચહિ એક ચિત્ત,
મહામંત્રથી લલિત, પરંપદ પાવે છે. ૧

**નવકારથી લાભ**—નવપદ છે નવકારમાં, પદે પચ્ચાસ પલાય;
પુરા નવકારે પાંચસો, સાગર પાપ છેદાય.
ચૌદ પૂરવનું સાર શુભ, મહા મંત્ર નવકાર;
સેવો ભવિયણ સાદરે, ભાગે ભવનો ભાર.

**શ્રી સિદ્ધાચળજીની નવ ટુંક**—તે આદીશ્વર ભગવાનની ટુંક સાથે જ ગણાય છે.

મનહર છંદ.

પહેલી ટુંકે [1] ચૌમુખજી સદા સોમચંદની તે,
બીજી છીપાવશી ત્રીજી [2] શાકરશાની તે છે;
ઉજમબાઇની ચોથી નંદીશ્વર રચનાનો,
હેમાભાઇની તે પછી ટુંક પાંચમી તે છે;

---

૧ પ્રથમ ચૌમુખજીની ટુંકને ખડતરવશી પણ કહે છે. આ ટુંકમાં પેસતાં જમણી તરફ જે નરસી કેશવજીની ટુંક લખી છે તે ગણાતી નથી.

૨ શાકરચંદ પ્રેમચંદની ટુંક છે તે શેઠ મગનભાઇ કરમચંદના પૂર્વ-પુરૂષોનાં નામની છે.

પ્રેમચંદ મોદીની છ સસમ બાલાભાઇની,
મોતીશા શેઠની ગણો ટુંક આઠમી તે છે;
નવમી શ્રી [3]આદીશ્વર નમો નવે સુખકર,
ભાગે ભવભય વર **લલિત** લાભે તે છે;

## નવ પ્રકારની ભક્તિ.

**નવ પ્રકાર**-ઊપાદેય-કીર્તન, ચિંતવન, સેવાપૂજા, વંદન-સ્તુતિ, ધ્યાન, તન્મયતા, સમાધિ, એકમેકલીન.

## નવવિધિ ક્રિયાભક્તિ.

શ્રવણ કીરતન સેવના, વચન વંદન ધ્યાન.
લઘુતા સમતા એકતા, શુભ ને ભક્તિસ્થાન;

## જિનદર્શન પૂજાદિનું ફળ.

મનહર છંદ.

દેરે જાવા મન થાય, ચોથ ફળ ઉઠે પાય,
છઠ ફળ ચાલે બાર, ઉપવાસ આવે છે;
અર્ધ પંથમાં પંદર એક માસ ચૈત્ય દેખે,
નજીક આવે છ માસ, દ્વારે વર્ષ પાવે છે;
સો વર્ષના ઉપવાસ, પ્રદક્ષિણાયે હજાર,
વર્ષ ઉપવાસ ફળ, જિન દેખે થાવે છે;
ફુલમાળે ફળ [4]ફાર, ગીતગાનથી અપાર,
ભાવ ભલાથી **લલિત**, અનંતુ અપાવે છે.

3 આદીશ્વરજીની ટુંકમાં પેસતાં જમણી તરફ જે કેશવજી નાયકની ટુંક લખી છે તે પણ ગણાતી નથી. 4 ઘણું.

## એકબીજાથી ક્રોડગણો લાભ.

મનહર છંદ.

પ્રભુ પૂજનથી પણ, શુદ્ધ સ્તોત્ર ગણે સહી,
  ક્રોડ ગણો લાભ કહ્યો, શાસ્ત્રો સમજાવે છે;
શુદ્ધ સ્તોત્રથકી પણ, લાભ ક્રોડગણો લેખો,
  જાપ કરવાથી જોગ, યોગ તે જણાવે છે;
જાપ થકી પણ જાણો, ધ્યાન ધરે ક્રોડ ગણો,
  વળી ધ્યાનથી વધારે, ક્રોડનો કહાવે છે;
લયલીન થવે દાખ્યો, અનુક્રમે લાભ આપ્યો,
  સમજી સેવે લલિત, પૂરો લાભ પાવે છે;

## જિન નવ અંગ પૂજાકાર.

મનહર છંદ.

નવ અંગ પૂજાકાર, અંગલુણા કરી સાર,
  અંગે નખ અડ્યા વિણુ પુજા કરાવાય છે;
પહેલી બન્ને અંગુઠે, બીજી બેઉ ઢીંચણુની,
  ત્રીજી બેઉ કાંડે ચોથી, બે ખંભાની થાય છે.
પાંચમી મસ્તક શિખા, ભાલતિલકની છઠ્ઠી,
  સાતમી કંઠે હૃદયે, આઠમી ગણાય છે,
નવમી નાભિની જાણ, નવ અંગ પૂજામાન,
  ભાવ ભલાયે લલિત, શિવસુખ પાય છે.

પૂજાના પ્રકારો ઘણા છે, તેમાં મુખ્ય તો દરેકમાં આઠ પ્રકાર છે. તેમાંના થોડાકનાં નામો આપીએ છીએ. ૧ અષ્ટપ્રકારી, ૨ બારવ્રતની, ૩ સત્તરભેદી, ૪ વીશસ્થાનકની, ૫ એકવીશ—પ્રકારી, ૬ પીસ્તાલીશ આગમની, ૭ ચોસઠ પ્રકરી, ૮ નવાણું પ્રકારી વિગેરે જુદા જુદા પંડિતોની બનાવેલી ઘણી છે. તે દરેકનો થોડોક સારાંશ દરેક આંકવાર વર્ણનમાં જણાવેલ છે.

### પૂજાના પ્રકાર–વધુ સમજુતી.

**પૂજાના પ્રકાર**—અંગપૂજા અગ્રપૂજા, ત્રીજી ભાવની ધાર;
પૂજા પ્રસંગે મુખ્ય આ, પરૂષ્યા ત્રણુ પ્રકાર.

**તેનો ખુલાસો**–૧ અંગપૂજા—વિઘ્ન ઊપશાંત કરનાર છે.
૨ અગ્રપૂજા—મહાન્ અભ્યુદય પુન્યને સાધનાર છે.
૩ ભાવપૂજા—મોક્ષપદને આપવાવાળી છે.

## જિનરાજની ભક્તિ પાંચ પ્રકારની છે.

૧ પુષ્પાદિકથી પૂજન. ૨ જિન આજ્ઞાનું પાળવું તે.
૩ દેવદ્રવ્યનું રક્ષણુ કરવું. ૪ મહોત્સવ કરવો તે.
૫ તીર્થયાત્રા કરવી તે.

## ચાર પ્રકારના અનુષ્ઠાન ને તેની સમજ.

પ્રીતિ અનુષ્ઠાન, ૨ ભક્તિ અનુષ્ઠાન, ૩ વચન અનુષ્ઠાન, ૪ અસંગ અનુષ્ઠાન.

૧ **પ્રીતિ અનુષ્ઠાન**—એટલે માતા, પિતા, સ્ત્રી, બહેન, દીકરી, બંધુ આદિકમાં જેમ જુદા જુદા પ્રકારની પ્રીતિ હોય છે, તેમ પરમાત્મા પ્રત્યે અપૂર્વને ઊત્તમ પ્રકારની પ્રીતિ રાખવી, તેઓ મહાન્ પૂજ્ય છે એમ ધારી પૂજકે વિધિસહિત પુજા સેવાદિક કરવું તે.

૨ **ભક્તિ અનુષ્ઠાન**—એટલે ભગવંત મહાન્ પૂજ્ય છે, અને ભક્તિ-સેવાપૂજા કરવા યોગ્ય છે, એવા બહુમાનપૂર્વક, અપૂર્વ ભાવ અને પ્રસન્નચિત્તે વિધિસહિત તેમની ભક્તિભાવમાં પૂજકે અનુસરવું તે.

૩ **વચન અનુષ્ઠાન**—એટલે ભગવંત મહાન્ પૂજ્ય પુરૂષ છે, તેથી તેમની અતિ ઉત્તમ ને સારા શબ્દોમાં વિધિસહિત સ્તુતિ સ્તવનાદિક કરવું તે.

૪ **અસંગ અનુષ્ઠાન**—એટલે ભગવંતે જેમ પુદ્ગલ પર-વસ્તુનો સર્વથા ત્યાગ કર્યો છે, એવા તે મહાન્ યોગી ત્યાગીપુરૂષ

છે, એમ ધારી આપણે ( પૂજકે ) પણ તેવા ત્યાગ ભાવની અભિલાષા રાખીને બહુમાનપૂર્વક વિધિસહિત તેમની પુજા, સેવા, ભક્તિ, સ્તુતિ આદિ કરવું તે.

## તે ચાર અનુષ્ઠાન ઊપર ચૌભંગી.

૧ ચારે અનુષ્ઠાન વિધિસહિત કરે તો રૂપીઓ પણ ખરો ને શિક્કો પણ ખરો.

૨ જે ભક્તિભાવના બહુમાનપૂર્વક હોય, પણ વિધિ જાણતો નથી તેથી તેની ક્રીરિયા એકાંતે ખોટી નથી, અશઠ પુરૂષના અનુષ્ઠાન અતિચાર સહિત પણ શુદ્ધિના કારણ છે, આ રૂપીઓ ખરો અને શિક્કો ખોટો.

૩ જે પુરૂષ કપટ તથા અસત્યાદિ દોષસહિત છે, તે પોતાનું બહુમાન તથા કીર્તિ વધારવા તથા લોકોને ઠગવા વાસ્તે વિધિપૂર્વક સર્વ અનુષ્ઠાન કરે છે, તેને મહા અનર્થમૂળ ફળ થાય છે, આ રૂપીઓ ખોટો ને શિક્કો ખરો.

૪ જે અજ્ઞાની તથા મિથ્યાદૃષ્ટિ જીવોનાં કૃત્યો, તે રૂપીઓ પણ ખોટો અને શિક્કો પણ ખોટો–એ ચાર ભેદ.

---

## તેમાં જાણવાની પાંચ ક્રિયાઓ

વિષ ગરળ ને અનનુષ્ઠાન, તદ્ધેતુ અમૃત કહાય;
પહેલી ત્રણે નહિ ભલી, છેલ્લી બે સુખદાય.

શુદ્ધ ક્રિયાના ખપીને તે પાંચે ક્રિયાનું સ્વરૂપ સમજવા જેવું છે.

૧ **વિષક્રિયા**–ધર્મકરણી કરતાં સંસારિક પદાર્થોની ઇચ્છા કરવાથી વિષ અનુષ્ઠાન થાય છે, જેમ સ્થાવર ને જંગમ વિષ પ્રાણ લે છે, તેમ આ ક્રિયા શુભ આશયને મારનાર થાય છે.

૨ **ગરલક્રિયા**–આમા સંસારફળની ઇચ્છા ન પણ હોય, પણ પરભવે ચક્રવર્ત્તી, દેવતાદિ સુખની ઇચ્છા કરાતી તે ક્રિયા કાલાંતરે ઝેરના વિકારની જેમ ભવાંતરમાં પુન્યનો ક્ષય કરનાર થાય છે.

૩ **અનનુષ્ઠાનક્રિયા**—કોઇપણ ફળની ઇચ્છા ન હોય, પણ સંમૂર્છિમની પ્રવૃત્તિ જેમ શૂન્યચિત્તે ક્રિયા કરવાથી, કાયકલેશાદિ હેતુથી, કેવળ અકામ નિર્જરા થાય છે; પણ ઉપયોગના અભાવે મોક્ષના સાધનરૂપ સકામ નિર્જરા થતી નથી.

૪ **તદ્ધેતુક્રિયા**-ઉત્તમ અનુષ્ઠાનના યોગે થતી ક્રિયા તદ્ધેતુ કહેવાય, અને તે અમૃત ક્રિયાની પ્રાપ્તિ કરાવી આપનાર છે.

૫ **અમૃતક્રિયા**-શ્રી વીતરાગ પ્રભુએ કહેલા ઉત્તમ માર્ગ પ્રતિ વ્હેતી તીવ્ર શ્રદ્ધા, સર્વ આત્મપ્રદેશે સ્ફુરાયમાન વીર્યોલ્લાસ, પરમાનંદ રસથી હર્ષાશ્રુ અને વિધિના પરમ આદર સાથે કેવળ મોક્ષની અભિલાષાથી થતી ક્રિયા તે અમૃતક્રિયા કહેવાય છે.

## ક્રિયાશુદ્ધિની પાંચ અવસ્થા

પ્રણિધાન પ્રવૃતિ વિઘ્નોજય, સિદ્ધિ અને વિનિયોગ;
પાંચ અવસ્થા પાળક ઝટ, સાધે શુભ સંયોગ.

૧ **પ્રણિધાન**—એટલે મન-વચ-કાયની એકાગ્રતા કરવી, આપણે જે ક્રિયા કરવાના હોઇએ તેમાં મનને જોડવું, ને તેની સાથે વચન તથા કાયનું પણ જોડાણ કરવું, તેમાં બીજી અગવડો આવે તે તથા તેને લગતી શક્તિ અને સાધનોનું ને ઠેઠ સુધી પહોંચીશ વિગેરે વિગેરે વિચારવું, એ પહેલી અવસ્થા

૨ **પ્રવૃત્તિ સાધન**— તે બરાબર વિધિવિના અને એકાગ્ર થયા વિના, સંપૂર્ણ સફળ થાય નહિ. જેમ રોટલી સારી ખાવી હોય તો ઘઉંના પાકથી તે છેક રોટલી ખવાય ત્યાં સુધીની દરેક ક્રિયામાં પૂરતું ધ્યાન અપાય તો રોટલી સારી ખવાય છે, તે જ રીતે ધાર્મિક ક્રિયાની પણ દરેકે દરેક ક્રિયા વિધિપૂર્વક, જ્ઞાન-પુર્વક, પૂર્વાપરીભાવપૂર્વક, પદ્ધતિસર અને છેક અંતિમ હદ સુધીના તમામ અંગોમાં વિગતવાર વ્યવસ્થા જાળવતા જઇએ, ત્યારે જ તે ક્રિયા સફળ થાય, એ રીતે પ્રયત્ન કરવો તે બીજી અવસ્થા.

૩ **વિઘ્નોજય**—કોઇ પણ ક્રિયા કે કામ કરતી વખતે અનેક વિઘ્નો આવવાનો સંભવ છે, તેથી વખતે મન પાછું પડે,

કાંઇ ફળસંદેહ રહે, સાધનોનો અભાવ, તેમ બાહ્ય આભ્યંતર વિઘ્નો આવી પડે તેથી છૂટવા પ્રયત્ન કરવો, તેમાં સીધો કે આડકતરી રીતે વિજય મેળવવો તે ત્રીજી અવસ્થા.

૪ **સિદ્ધિ**—એટલે પૂરેપૂરો સિદ્ધ થવું તે, ચિતારો એકાગ્રતાપૂર્વક, શુદ્ધસાધનોથી ચિત્ર સારૂં કરે છે, તે જ રીતે ફળની સિદ્ધિ પ્રાણિધાન, પ્રવૃત્તિસાધન અને વિઘ્નજયમાંથી ઉત્પન્ન થઇ આવે છે, તેવા શુભ સાધનોથી મેળવાય તે સિદ્ધિ કહેવાય તે ચોથી અવસ્થા.

૫ **વિનિયોગ**—એટલે પાત્રોમાં યોજના કરવી, અર્થાત ફળ મેળવીને કૃતકૃત્ય થવા છતાં, અન્ય પાત્ર પ્રાણીઓને ઉપદેશ આપી શુભ પ્રવૃત્તિમાં જોડવા, તે પાંચમી અવસ્થા.

શુભ ક્રિયાની આ પાંચ અવસ્થા સમજીને કરાતી ક્રિયા વિશેષ શુદ્ધ બનતી જાય છે, અને અનાદિ સંસાર વાસનાનું જોર હઠાવીને કેવળ લોકરંજન અર્થે અને લોક પ્રવાહે થતી ક્રિયાઓને અટકાવી સફળ ક્રિયામાં દોરે છે.

આમાં પ્રથમની ત્રણ અવસ્થા કારણરૂપ છે, ચોથી કાર્યરૂપ છે અને પાંચમી કાર્યના પરિણામરૂપ છે.

એ સિવાય ક્રિયાના ફળનો વિનાશ કરનાર, ચિત્તના મોટા આઠ દોષો છે, તે જાણીને ત્યાગવા ખપ કરવાની જરૂર છે.—જીવ અનાદિ કાળથી દ્રવ્યાદિકની લાલસાથી સંસારવૃદ્ધિના હેતુભૂત પાપારંભના કાર્યો તેમ કર્મબંધ કરાવનાર અશુભ પ્રવૃત્તિઓમાં જ્યારે બીલકુલ કંટાળો કે અરૂચિ લાવ્યા સિવાય ચિત્તની ચકોરતાથી મચ્યો રહે છે, ત્યારે એકાંત હિતકારણી કર્મનિર્જરાના હેતુભૂત શુભ પ્રવૃત્તિઓ કરતી વખતે પ્રમાદ અને ચંચળતાનો અનુભવ કરે છે, એ જીવની અજ્ઞાનતાનું જ કારણ છે.

**એ આઠ દોષ**—૧ ખેદ ( કંટાળો. ) ૨ ઉદ્વેગ ( અરૂચિ ) ૩ ભ્રમ (ભ્રાંતિ) ૪ અશાંત વાહિતા (અશાંતિ.) ૫ ક્ષેપ (બીજી બીજી ક્રિયામાં મનનું દોડવું.) ૬ આસંગ ( ચાલુ સ્થિતિમાં જ સંતોષમાંની

આગળ વધવું નહિ.) ૭ અન્યમુદ્ (શરૂ કરેલી ક્રિયાને છંડી બીજીની ઇચ્છા કર્યા કરવી.) ૮ રોગ (ક્રિયાના લાભાદિ સમજ્યા વિના પ્રવૃત્તિ કરવી.)

**આ આઠ દોષોનું**—સેવન મોક્ષસાધક ધર્મક્રિયા કરતી વખતે, ન થઇ જાય એવા સતત ઉપયોગપૂર્વક જાગૃતિ રાખવી,—જેથી તેના ફળથી અવંચિત રહેવાય નહિ.

---

## મહાવીર જિન વારે આ નવ તીર્થંકર પદ પામ્યા.

સુલસા શ્રેણિક ઉદાયી, શંખ શતક સુપાસ;
દ્રઢાયું પોટિલ રેવતી, વીર વારે જિન ખાસ.

---

## ક્ષાયિક ભાવની નવ વસ્તુઓ.

૧ કેવળજ્ઞાનવર્ણીય કર્મના ક્ષયથી થતું-ક્ષાયિક ભાવનું કેવળજ્ઞાન.
૨ કેવળદર્શનાવર્ણીય કર્મના ક્ષયથી થતું-ક્ષાયિક ભાવનું કેવળદર્શન.
૩ દર્શનમોહનીય કર્મના ક્ષયથી થતું-ક્ષાયિક ભાવનું ક્ષાયિક સમ્યક્ત્વ.

---

## અંતરાય કર્મના ક્ષયથી થતી દાનાદિ પાંચ લબ્ધિઓ.

| | |
|---|---|
| ૪ પ્રથમે-ક્ષાયિક ભાવની દાન લબ્ધિ,<br>૫ બીજી-ક્ષાયિક ભાવની લાભ લબ્ધિ,<br>૬ ત્રીજી-ક્ષાયિક ભાવની ભોગ લબ્ધિ,<br>૭ ચોથી-ક્ષાયિક ભાવની ઉપભોગ લબ્ધિ,<br>૮ પાંચમી-ક્ષાયિક ભાવની વીર્ય લબ્ધિ, | આ પાંચ પ્રકારની લબ્ધિઓ |

૯ ચારિત્ર મોહનીય કર્મના ક્ષયથી થતું-યથાખ્યાત ચારિત્ર.

**આ ઉપરની ક્ષાયિક ભાવની**—નવ વસ્તુઓને સિદ્ધ પરમાત્મા પામ્યા છે.

---

## નવ પ્રકારના અસંખ્યાતા અને અનંતા.

| આ નવ અસંખ્યાતા. | આ નવ અનંતા. |
|---|---|
| ૧ જઘન્ય પરિત અસંખ્યાતુ, | ૧ જઘન્ય પરિત અનંતુ, |
| ૨ મધ્યમ પરિત અસંખ્યાતુ, | ૨ મધ્યમ પરિત અનંતુ. |
| ૩ ઉત્કૃષ્ટ પરિત અસંખ્યાતુ, | ૩ ઉત્કૃષ્ટ પરિત અનંતુ, |
| ૪ જઘન્ય ઉક્ત અસંખ્યાતુ, | ૪ જઘન્ય ઉક્ત અનંતુ, |
| ૫ મધ્યમ ઉક્ત અસંખ્યાતુ, | ૫ મધ્યમ ઉક્ત અનંતુ, |
| ૬ ઉત્કૃષ્ટ ઉક્ત અસંખ્યાતુ, | ૬ ઉત્કૃષ્ટ ઉક્ત અનંતુ, |
| ૭ જઘન્ય અસંખ્યાત અસંખ્યાતુ, | ૭ જઘન્ય અનંત અનંતુ, |
| ૮ મધ્યમ અસંખ્યાત અસંખ્યાતુ, | ૮ મધ્યમ અનંત અનંતુ, |
| ૯ ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાતુ, | ૯ ઉત્કૃષ્ટ અનંત અનંતુ. |

| અસંખ્યાતાની સમજ | અનંતાની સમજ |
|---|---|
| ચોથે અસંખ્યાતે એક આવળીના સમય. | ચોથે અનંતે અભવ્ય જીવો |
| | પાંચમે અનંતે સિદ્ધના જીવો |
| આઠમે અસંખ્યાતે નીચેની [1]દશ વસ્તુઓ. | આઠમે અનંતે નીચેની [2]સાત વસ્તુઓ |
| | નવમું અનંતુ બનતું નથી |

---

૧

૧ લોકાકાશના પ્રદેશો.
૨ એક જીવના પ્રદેશો.
૩ ધર્માસ્તિકાયના પ્રદેશો.
૪ અધર્માસ્તિકાયના પ્રદેશો.
૫ સ્થિતિબંધના અધ્યવસાયસ્થાનો.
૬ અનુભાગબંધના અધ્યવસાયસ્થાનો.
૭ ત્રણ યોગના અવિભાજ્ય ભાગો.
૮ એક કાળચક્રના સમયો.
૯ પ્રત્યેક શરીરી જીવો.
૧૦ અનંતકાય જીવોના શરીરો.

૨

૧ વનસ્પતિકાયના જીવો.
૨ નિગોદના જીવો.
૩ સર્વ જીવો.
૪ અલોકાકાશના પ્રદેશો.
૫ ત્રણ કાળના સમયો.
૬ પુદ્દગલના પરમાણુઓ.
૭ કેવળજ્ઞાન ને કેવળદર્શનના અનંતા પર્યાયો.

**ટીપ**—જાણકારોને પૂછતાં આટલું મળી આવ્યું છે, વિશેષ ગીતાર્થથી જાણી લેવું.

# નવ આંબિલની ઓળી કરનારને ઉપયોગી.

દુહો.—સિદ્ધચક્રના ગુણો ઘણા, કહે ન પાવો પાર;
વાંછિત પૂરે દુઃખ હરે, વંદો વારંવાર.

## નવ પદ વિધિનો યંત્ર.

| | પદના નામ. | ગુણ. | કાઉસગ્ગ લોગસ્સ. | નવકારવાળી | વર્ણ. | નૈવેદ્યધાન્ય. | ચૈત્યવંદન. | સાથીયા. | ફળ. | પ્રદક્ષિણા. | ખમાસમણાં. | દેવવંદન. | પ્રતિક્રમણ. | પડિલેહણ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઓઁ હ્રીઁ નમો અરિહંતાણં. | ૧૨ | ૧૨ | ૨૦ | ધોળુ | ચોખા | ૯ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૩ | ૨ | ૨ |
| ૨ | ઓઁ હ્રીઁ નમો સિદ્ધાણં ... | ૮ | ૮ | ૨૦ | લાલ | ઘઉં | ૯ | ૮ | ૮ | ૮ | ૮ | ૩ | ૨ | ૨ |
| ૩ | ઓઁ હ્રીઁ નમો આયરિયાણં. | ૩૬ | ૩૬ | ૨૦ | પીળુ | ચણા | ૯ | ૩૬ | ૩૬ | ૩૬ | ૩૬ | ૩ | ૨ | ૨ |
| ૪ | ઓઁ હ્રીઁ નમો ઉવઝાયાણં... | ૨૫ | ૨૫ | ૨૦ | લીલું | મગ | ૯ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૩ | ૨ | ૨ |
| ૫ | ઓઁ હ્રીઁ નમો લોએ સવ્વસા૦ | ૨૭ | ૨૭ | ૨૦ | શ્યામ | અડદ | ૯ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૩ | ૨ | ૨ |
| ૬ | ઓઁ હ્રીઁ નમો દંસણસ્સ... | ૬૭ | ૬૭ | ૨૦ | ધોળુ | ચોખા | ૯ | ૬૭ | ૬૭ | ૬૭ | ૬૭ | ૩ | ૨ | ૨ |
| ૭ | ઓઁ હ્રીઁ નમો નાણસ્સ ... | ૫૧ | ૫૧ | ૨૦ | ધોળુ | ચોખા | ૯ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૩ | ૨ | ૨ |
| ૮ | ઓઁ હ્રીઁ નમો ચારિતસ્સ... | ૭૦ | ૭૦ | ૨૦ | ધોળુ | ચોખા | ૯ | ૭૦ | ૭૦ | ૭૦ | ૭૦ | ૩ | ૨ | ૨ |
| ૯ | ઓઁ હ્રીઁ નમો [1]તવસ્સ. ... | ૫૦ | ૫૦ | ૨૦ | ધોળુ | ચોખા | ૯ | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ | ૩ | ૨ | ૨ |

૧ તપપદના ગુણાદિ ૫૦ લખ્યા છે, પણ તેના કાઉસગ્ગ, સાથીયાદિ ૧૨ પણ કરાય છે.

## તેની વિધિનો વધુ ખુલાસો.

**શરૂઆત**—આ તપ આસો અથવા ચૈતર માસની શુદ ૭ થી શરૂ કરી શુદ ૧૫ સુધી નવ આંબિલ કરાય છે, તે એક ઓળી કહેવાય, તેવી નવ ઓળી એકાશી આંબિલો કરી તે તપ સાડાચાર વરસે પૂરો થાય છે.

**વધુ વર્તન**—હમેશાં અષ્ટ પ્રકારી પૂજા કરવી, શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું, અને સંથારામાં સુઇ રહેવું વિગેરે.

**છેવટના**—નવમા દિવસે નવ પદનું માંડલું કરી નવપદની પૂજા બહુ ઠાઠમાઠથી ભણાવવી.

**પારણાના**—દિવસે નવ લોગસનો કાઉસ્સગ્ગ, ૐ હ્રીં સાથે નવપદની નવ નવકારવાળી, એક ૐ હ્રીઁ શ્રી સિદ્ધ ચક્રાય નમઃની, એક ૐ હ્રીઁ શ્રી વિમળેશ્વર યક્ષાયનમઃની, એક ૐ હ્રીં શ્રી ચક્રેશ્વરી દેવ્યૈ નમઃની, એમ બાર નવકારવાળી ગણવી કમમાં કમ તે દિવસે બેસણું કરવું.

વધુ ખુલાસો નવપદ આંબિલની વિધિની ચોપડીમાં જુવો.

---

### નવપદ આરાધન કરનારને દરેક પદે બોલવાની ગાથા.

શ્રીપાળના રાસની બારમી ઢાળમાંથી.

### અનુક્રમ પદો.

**અરિહંત**-અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે. ૧
વીર જીનેશ્વર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઇ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઇ રે. વી૦ ૨

**સિદ્ધ**— રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણનાણી રે;
તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધ ગુણ ખાણી રે. વી૦ ૩

**આચાર્ય**-ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે;
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે. વી૦ ૪

ઉપાધ્યાય-તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે; વી૦ ૫

સાધુ— અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ સોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે રે. વી૦૬

દર્શન- સમસંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમે જે આવે રે;
દર્શન તેહિ જ આતમા, શું હોય નામ ધરાવે રે. વી૦ ૭

જ્ઞાન— જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે;
તો હોય એહિજ આતમા, જ્ઞાન અબોધતા જાય રે. વી૦ ૮

ચારિત્ર- જાણો ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે. વી૦ ૯

તપ— ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;
તપ તે એહિજ આતમા, વર્તે નિજ ગુણભોગે રે. વી૦૧૦

## "પ્રાસંગિક વચનોવડે નવપદને નમસ્કાર"

ઉત્પન્ન થયેલા નિર્મળ જ્ઞાનજ્યોતિથી ભરેલા સત્પ્રાતિહાર્ય યુક્ત, સિંહાસન ઉપર સંસ્થિત થયેલા અને સદ્દેશનાવડે જેમણે સજ્જનોને આનંદિત કરેલા છે, એવા તે **જિનેશ્વરોને** સદા સહસ્રશઃ મારો નમસ્કાર હો !

પરમાનંદ લક્ષ્મીનાં સ્થાનરૂપ અને અનંતચતુષ્કના સ્વામી એવા, **સિદ્ધ** ભગવંતને મારો વારંવાર નમસ્કાર હો !

કુમતિ-કદાગ્રહને હઠાવી કાઢનાર અને સૂર્ય સમાન પ્રતાપી એવા, **આચાર્ય** મહારાજને મારો વારંવાર નમસ્કાર હો !

સૂત્ર, અર્થ અને તદુભયનો વિસ્તાર કરવા તત્પર એવા, **ઉપાધ્યાયોને** મારો વારંવાર નમસ્કાર હો !

જેમણે સમ્યગ્ રીતે સંયમને સેવેલું છે એવા, દયાળુ અને દમનશીલ **સાધુજનોને** મારો વારંવાર નમસ્કાર હો !

જિનોક્ત તત્ત્વોને વિષે રૂચિ-પ્રીતિ થવી એ છે લક્ષણ જેનું એવા, નિર્મળ **દર્શનગુણને** મારો વારંવાર નમસ્કાર હો !

અજ્ઞાન અને મોહરૂપ અંધકારને દૂર કરવા સૂર્ય સમાન સમર્થ એવા, **જ્ઞાનગુણુને** મારો વારંવાર નમસ્કાર હો !

આત્માની સંપૂર્ણ શક્તિ જેનાવડે પ્રાપ્ત થયેલી છે એવા, તે **સંયમવીર્યને** મારો વારંવાર નમસ્કાર હો !

અષ્ટવિધ કર્મરૂપી વનને ઉખેડી નાંખવા કુંજર સમાન એવા, તીવ્ર **તપ** સમુદાયને મારો વારંવાર નમસ્કાર હો !

એવા નવપદે નિષ્પન્ન **શ્રી સિદ્ધચક્ર** મહારાજને મારો વારંવાર નમસ્કાર હો !

એમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે;
નવમે ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે.
જ્ઞાનવિમલ ગુણુ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે;
સવિ દુરિત સમાવે, વિશ્વે જયકાર પાવે.

## નેમ રાજુલના નવ ભવ.

મનહર છંદ.

આદ્ય ધન ધનવતી બીજે બે સૌધર્મ દેવ.
ચિત્રગતિ રત્નવતી ત્રીજા ભવે થયા તે;
ચોથે બંને ચોથાદેવે પાંચમે અપરાજિત.
પ્રીતિમતી છઠે બેઉ આરણુમાં ગયા તે;
સાતે શંખ યશોમતિ આઠમે અપરાજિ તે.
બેઉ ચોથા અનુતરે લાંબા સુખે રહ્યા તે;
નવે નેમિ રાજેમતિ લલિત થૈ શુદ્ધ સતિ.
પામ્યા બે પંચમ ગતિ વિવરીને કહયાં તે; ॥ ૧

**વાસુદેવ ગતિ**–નવે વાસુદેવ નિશ્ચયે, પૂર્વ નિયાણું પાય;
આભવ માંહે એ સવી, જરૂર નરકે જાય.

**બળદેવ ગતિ**–નવ બળદેવો પૂર્વનું, નહિં નિયાણું પાય;
આ ભવ માંહે એ સવી, સ્વર્ગ કે શિવપુર જાય.

**પ્ર૦ વાસુદેવ**–નવે પ્રતિવાસુદેવ પણ, વાસુદેવની જેમ;
**ગતિ**– કરી કુકર્મ નરકે ગયા, શાસ્ત્ર શાખ છે એમ.

**નવ નારદ ગતિ**—ખાસ ખરે ખટપટ ઘણી, નહિ ધમ નહિ ધ્યાન;
પણ શીલથી સિદ્ધિ વર્યા, નવ નારદ તે જાણ.

---

# દશ વસ્તુ વર્ણન.

## દશ અછેરાં થયાં તે.

મનહર છંદ.

ગોવાળનો ઉપસર્ગ દેવાનંદા કુખમાંથી,
ગર્ભનું હરણ કર્યું હરિણ ગમેષીયે.
મલ્લીજિન કુંવરીને, કેવળી દેશના ખાલી,
દ્રૌપદી હરણ થયું તે ખંડ ઘાતકીએ.
સ્વ વિમાને સૂર્ય ચંદ્ર આવ્યા વીર સમોસર્ણે
હરિવંશને ચમર ઉત્પાત ગણી લીયે.
એકસોને આઠ સિદ્ધિ, વર્યા આદિ જિનવારે,
અસંયતિ પૂજાણા તે, લલિત, સુવીધિયે,

## દશ અછેરા કયારે થયાં.

**તેનો સમય**—આદિજિન સુવિધિને શિતળ, મલ્લી નેમ એકેક,
પાંચ વીર વારે થયાં, સમજો વરી વિવેક.

**દશ ક્રોડે સિદ્ધ્યા**—દશ ક્રોડથી સિદ્ધગિરિયે, દ્રાવીડ વારી ખીલ;
કાર્તિકીપુનમે સિદ્ધિયાં, ધ્યાવો ધ્યાન તે દિલ.

## પાર્શ્વનાથ પ્રભુ અને કમઠના દશ ભવઃ—

મનહરછંદ.

[1]મરૂભૂતિ તે કમઠ [2]હસ્તિ ને કુર્કટ સર્પ,
[3]સહસારે દેવપણે પંચ નર્કે જાય તે;
[4]કર્ણવેગ વિદ્યાધર સર્પ એ [5]અચ્યુત દેવ,
તે પંચમી નર્કે એઓ [6] વજ્રનાભરાય તે.
તે કુરંગ ભીલ એ તો [7]મધ્યમના ગ્રૈવેયકે,
સુસમ નર્કે ને સિંહ એ [8]સુવર્ણરાયતે*;

---

* સુવર્ણબાહુ રાજા.

[9]પ્રાણુત તે ચોથી નર્કે દશે[10] પાર્શ્વ તે કમઠ,
પ્રભુ પાયા શિવપદ લલિત શું ગ્હાય તે. ॥ ૧ ॥

## જિનવંદને દશ ત્રિકઃ—

મનહરછંદ.

ત્રણ નિસિહી કહાય પ્રદક્ષિણા ત્રણ થાય,
ત્રણ નમન કરાય જિનંદ જુહારતાં;
પૂજા અંગ અગ્ર ભાવ ત્રણ અવસ્થાને ભાવ,
તિ દિશી વારો દેખાવ સ્તુત્યાદિ ઉચ્ચારતા.
ભૂમિ પ્રમાર્જન ત્રણ વર્ણ ત્રણ મુદ્રા ત્રણ,
યોગ મુક્તા મુક્તિ જિન શુદ્ધતા સંભારતાં;
છેલ્લું ત્રિક પ્રણિધ્યાન દશ ત્રિકનું આ ધ્યાન,
જિનવંદને લલિત શીખો સવિ ધારતા. ॥ ૧ ॥

## દશ જાતિના કલ્પવૃક્ષ અને તેથી થતો લાભ.

મનહરછંદ

મત્તાંગે મદિરા શુદ્ધ ભુત્તાંગે ભાજન ભલા,
ત્રુટિકે વાજીંત્રો તેમ દીપાંગ દીપાવે છે;
જ્યોતિંગે છે સૂર્યજ્યોતિ ચિત્રાંગે છે ચારૂ ફુલ,
ચિત્રરસ વિધવિધ ભોજન ભખાવે છે.
મણ્યંગથી મને માન્યા આભરણો આવી મળે,
ગૃહાકાર ઘણા સારા આવાસો અપાવે છે;
અણિયસે મળે અતિ શોભિતા વસ્ત્રો લલિત,
દશ કલ્પવૃક્ષે કેવું માગ્યું મળી આવે છે. ॥ ૧ ॥

કેવળીને હોય-જ્ઞાન દર્શન ચારિત્ર તપ, વીર્ય ક્ષમા નિર્લોભ,
આર્જવ માર્દવ લાઘવ, દશે [1]કેવળી શોભ.
અરિહંત વારે વન્હિ વિજ વર્ષા ગર્જ ખાણ, દ્રહ નદીઓ વહાય,
હોય- ગ્રહણ રાત્રી વૃદ્ધિ હાની, ઉત્તરને દક્ષિણાય.

---

૧ અનંત ગણા હોય.

**મોટી આશાતના ૧૦—** તાંબૂલ જળ ભુકત જોડા, મૈથુન શયન ને થૂંક;
માત્રુ ઠલ્લો જુગાર દશ, મહાશાતના મૂક.

**પાર્શ્વ પ્રભુના ગણધર—** પ્રરૂપ્યા પાર્શ્વપ્રભુ તણા, દશ ગણધર હિતધાર;
અવલ નામ છે આર્યદિન્ન, અનુક્રમ અન્ય અવધાર.

**મોક્ષમાર્ગણા ૧૦—** ૧ મનુ ૨ પંચેંદ્રિ ૩ ત્રસ ૪ ભવ્ય ૫ સન્ની, ૬ યથાખ્યાત ૭ ક્ષાયિક;
૮ અણાહાર *૯ કેવળદર્શ ૧૦ જ્ઞાન, મોક્ષ માર્ગણા ઠીક.

**તેનો ખુલાસો**—૧ મનુષ્યગતિમાંથી, ૨ પંચેંદ્રિમાંથી, ૩ ત્રસકાયમાંથી, ૪ ભવ્યસિદ્ધમાંથી, ૫ સન્નીમાંથી, ૬ યથાખ્યાત-ચારિત્રમાંથી, ૭ ક્ષાયિકસમ્યકૃત્વમાંથી, ૮ અણાહારીમાંથી, ૯ કેવળદર્શનમાંથી, ૧૦ કેવળજ્ઞાનમાંથી.

## જિનેશ્વર ભગવાનની દસ શિક્ષા.

વીતરાગ પ્રભુનો પવિત્ર ઉપદેશ આખી આલમને ઉપગારી થઈ શકે એવો હોવાથી, તેનો જેમ અધિક પ્રસાર થવા પામે તેમ પ્રયત્ન કરવો જોઇએ, જગત ગુરૂ જિનેશ્વર ભગવાને ફરમાવેલી દશ પવિત્ર શિક્ષાઓનું રહસ્ય એ છે કે :—

૧ શાસન રસિક જનોએ સહુકોઇ જીવોનું ભલું કરવા, કરાવવા બનતી કાળજી રાખવી, અને તે ખાતર ઉદાર દીલથી આત્મ-ભોગ પણ આપવો.

૨ મદ, માન કે અહંકાર તજી સાદાઇ ભલમનસાઇ અનેનમ્રતા રાખી સહુ સાથે હળીમળીને રહેવું, અને ગુણી જનોનો અધિક આદર કરવો, તેમના પવિત્ર સમાગમમાં આવી સદ્બોધ મેળવવો, અને તે પ્રમાણે ચીવટ રાખીને સદ્વર્તન સેવવું, વિનય એ એક અજબ વશીકરણ વિદ્યા છે.

૩ માયા કપટ તજી, સરળતા આદરી મન વચન અને કાયાની શુદ્ધિથી સ્વપર હિતરૂપ થાય તેવાં કાર્ય કરવા અને કરાવવાં.

---

* કેવળદર્શન અને કેવળજ્ઞાન જાણવા.

૪ લોભ તૃષ્ણા તજી, સંતોષવૃત્તિ રાખીને બની શકે તેટલાં, પરમાર્થ ભર્યા કામ નિઃસ્વાર્થ પણે કરવાં અને કરાવવાં.

૫ કુવાસના તજી, ઇચ્છા નિરોધ-તપ વડે નિજ દેહ દમન કરી, પવિત્ર જ્ઞાન ધ્યાન યોગે સ્વઆત્મ-સુવર્ણ શુદ્ધ કરવું.

૬ ઇન્દ્રિય-વિષય અને કષાયને કાબુમાં રાખી, પવિત્ર પણે યથા શક્તિ વ્રત નિયમો પાળવા સહુએ પ્રયત્નશીલ થાવું.

૭ સત્યનું સ્વરૂપ સમજી, પ્રિય પથ્ય અને તથ્ય એવું વચન, પ્રસંગ પામીને ડહાપણથી બોલવું, અન્યથા મૌન રહેવું.

૮ અંતઃકરણ સાફ રાખી, વ્યવહાર શુદ્ધિ સાચવી ન્યાય નીતિ અને પ્રમાણિક પણું, સાચવી રાખીને ચાલવું.

૯ પર આશા-પરાધીનતા તજી, નિઃસંગતા, નિસ્પૃહતા ધારી એકાંત આત્મહિત કરવા ઉજમાળ રહેવું.

૧૦ બ્રહ્મચર્ય-શિષ્ટ આચાર વિચારને સેવી, આત્મ રમણના યોગે અતીન્દ્રિય એવા સહજ સ્વાભાવિક સુખનો અનુભવ કરવો, એળ ભમરીના ન્યાયે પરમાત્મ ચિન્તવનવડે તેમના સાથે એકતા કરવા સદોદિત પ્રયત્ન સેવ્યા કરવો.

# અગીયાર વસ્તુ વર્ણન.

૧૧,૮૦,૬૪૫-અગિયાર લખ એંસી સહસ, છસો પીસ્તાલીસ;
માસકલ્પ નંદન મુનિના, વીર ભવ તે પચીશ.

અહિં ( ૬૪૫ ) છે ને બીજે ( ૪૯૫ ) છે, ખરૂં શું છે તે ગીતારથથી જાણો.

૧૧ ગણધર—શ્રી નેમિનાથ પ્રભુના છે, તેમાં મુખ્ય વરદત્ત છે.

૧૧ ગણધર--શ્રી વીરપ્રભુના છે, તે સર્વેના નામ ગોત્રાદિનો કોઠો, આ પુસ્તકના બીજા ભાગમાં છે ત્યાંથી જોઇ લ્યો-તે અગીયાર ગણધર બારે અંગના જાણ હતા, ચાદ પૂર્વ પણ ભેગા જાણવાં, તે સર્વ રાજગૃહી નગરીમાં જળરહિત માસકલ્પ કરી, પાદપોપગમન અનસન કરી મોક્ષે ગયા, નવ ગણધર તો પ્રભુ પહેલા અને ગૌતમસ્વામી ને સુધર્માસ્વામી પ્રભુ પછી મોક્ષે ગયા.

# ૧૧ રૂદ્ર અને નવ નારદનો સમય.

| | ૧૧ રૂદ્ર (મહાદેવ) | | | | | ૯ નારદ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | રૂદ્રનામ. | કયા જિનવારે. | શરીર ધનુષ્ય. | આયુ લાખ પૂ૦ | | નારદ નામ. | કયા વાસુદેવ-વારે. | શરીર ધનુષ્ય. | આયુ લાખ વર્ષ. | ગતિ. |
| ૧ | ભીમાવળી... ... | ઋષભ | ૫૦૦ | ૮૪ | ... | ... | ... | ... | ... | ... |
| ૨ | જિતશત્રુ ... ... | અજિત | ૪૫૦ | ૭૨ | ... | ... | ... | ... | ... | ... |
| ૩ | રૂદ્રદત્ત ... ... | સુવિધિ | ૧૦૦ | ૨૦ | ... | ... | ... | ... | ... | ... |
| ૪ | વિશ્વાનલ ... ... | શીતળ | ૯૦ | ૧૦ | ... | ... | ... | ... | ... | ... |
| ૫ | સુપ્રતિષ્ટ ... ... | શ્રેયાંસ | ૮૦ | લાખવર્ષ૮૪ | ૧ | ભીમ | ત્રિપૃષ્ટ | ૮૦ | ૮૪ | મોક્ષ |
| ૬ | અચળ ... ... | વાસુપૂજ્ય | ૭૦ | ૭૨ | ૨ | મહાભીમ | દ્વિપૃષ્ટ | ૭૦ | ૭૨ | ,, |
| ૭ | પુંડરિક ... ... | વિમળ | ૬૦ | ૬૦ | ૩ | રૂદ્ર | સ્વયંભુ | ૬૦ | ૬૦ | ,, |
| ૮ | અજિતવર ... ... | અનંત | ૫૦ | ૩૦ | ૪ | મહારૂદ્ર | પુરૂષોત્તમ | ૫૦ | ૩૦ | ,, |
| ૯ | અજિત નાભિ ... | ધર્મ | ૪૫ | ૨૦ | ૫ | કાળ | પુરૂષસિંહ | ૪૫ | ૧૦ | ,, |
| ૧૦ | પેઢાલ ... ... | શાંતિ | ૪૦ | ૧૦ | ... | ... | ... | ... | ... | ... |
| | | અર-મલ્લી | ... | ... | ૬ | મહાકાળ | પુરૂષપુંડરિક | ૨૯ | હજારવર્ષ ૬૫ | મોક્ષ |
| | | ,, ,, | ... | ... | ૭ | દુર્મુખ | દત્ત | ૨૬ | ૫૬ | ,, |
| | | મુનિસુ.નમિ | ... | ... | ૮ | નરમુખ | લક્ષ્મણ | ૧૬ | ૧૨ | ,, |
| | | નેમિનાથ | ... | ... | ૯ | અધોમુખ | કૃષ્ણ | ૧૦ | ૧ | ,, |
| ૧૧ | સત્યકી ... ... | મહાવીર | ૭ હાથ | ૭૨ વર્ષ | ... | ... | ... | ... | ... | ... |

# બાર વસ્તુ વર્ણન.

## અરિહંતના બાર ગુણ.

મનહરછંદ.

અશોક વૃક્ષ છે ઊંચું બાર ગણું જિન થકી;
સૂર પુષ્પવૃષ્ટિ શુભ દિવ્ય ધ્વની થાય છે.
અડ ચામરો ઢોળાય સુઆસન ભામંડલ;
દેવ દુદુંભીને છત્રો બાર ત્યાં બંધાય છે.
અપાયા પગમ જ્ઞાન પૂજા વચન પ્રમાણ;
પ્રાતિહાર્ય અતિશયે અર્હં ઓળખાય છે.
બેશ ગુણ ગણ બાર શ્વેત વર્ણે જાણી સાર;
એવા એ ઊત્તમ દેવ લલિત લેખાય છે.

## બાર ગુણનો વિસ્તારે ખુલાસો.

**અશોકવૃક્ષઃ—** તે પ્રભુના અંગથી બાર ગુણું ઊંચુ હોય છે તે.

**સૂર પુષ્પ વૃષ્ટિઃ**-દેવતાઓથી પંચવર્ણીય જળ-સ્થળના સચિત પુષ્પોની ઢીંચણ પુર વૃષ્ટિ થાય તે.

**દિવ્ય ધ્વનીઃ**—મીઠી અને સર્વને પ્રીય લાગે એવી માલકોશ રાગને વીણાથી વાણીની ધ્વની દેવતાઓ પુરે છે.

**ચામરઃ—** ભગવાનની ચારે બાજુએ ચાર જોડી (૮) ચામર દેવોથી વિંજાય.

**આસનઃ—** ભગવાનને બેસવાનું રત્નજડીત સુવર્ણનું સિંહાસન હોય તે.

**ભામંડલઃ—** ભગવાનની પાછળ ઘણું જ દીપાયમાનને તેજસ્વી ભામંડલ હોય તે.

**દુંદુભીઃ—** દેવોની દુંદુભીનો નાદ થયા કરે તે.

**આતપાત્રઃ—** ભગવાનની ચારે બાજુએ થઇ બાર છત્રો હોય તે.

**અપાયાપગમ અતિશય—** બે પ્રકારે ઊપદ્રવનો નાશ થાય. એક તો સ્વાશ્રયી, દ્રવ્યને ભાવથી ઊપદ્રવનો નાશ તે, બીજો

પ્રથમે દ્રવ્યથી પોતાના સર્વે રોગોનો નાશ-
બીજો ભાવથી અંતરંગ અઢાર દૂષણનો નાશ.
ત્રીજો પરઆશ્રયી-ભગવાન જ્યાં વિચરે ત્યાં
દરેક દિશામાં મળીને સવાસો જોજન સુધીમાં પ્રાયઃ
રોગ-મરકી-વૈર-અતિવૃષ્ટિ દુકાળાદિ થાય નહિ.

**જ્ઞાનાતિશયઃ**—કેવળજ્ઞાન છે તેથી ભગવાન લોકાલોકનું, સ્વરૂપ સર્વ પ્રકારે જાણે તે.

**પૂજાતિશયઃ**—રાજા બળદેવાદિ દેવ ઇંદ્રાદિ પૂજા કરે, વા કરવાની ઇચ્છા રાખે તે.

**વચનાતિશયઃ**—દેવ, મનુષ્ય, તિર્યંચ પોતપોતાની ભાષામાં સમજે તેવી, સંસ્કારિક ગુણવાળી ને પાંત્રીશ ગુણે સહિત એવી ભગવાનની વાણી છે. એ બાર ગુણો જાણવા.

---

**અશોકવૃક્ષઃ**—બારગણું પ્રભુ અંગથી, રચે અશોક તે સુર;
તે નીચે જિન બેસીને, દીયે દેશના પુર.

## ચોવીશે જિનનાં સમોસરણ.

**સમોસરણ**—યોજને બાર આદિ પ્રભુ, દુજે બબે ગો છોડ;
છ પણ ચો ગાઉ છેવટે, નેમ પાસ વીર જોડ.

## બીજી રીતે.

**સમોસરણ**—સમવસરણના પ્રકરણે, અકેક યોજન માન;
આપ આપ આત્માંગુલે, દરેક જિનનું જાણ.

## તે સમોસરણની બાર પર્ષદા.

દુહા.

**ત્રણઃ**—ગણધર વિમાની દેવી, ત્રીજી સાધ્વી તેમ;
એ ત્રણની અગ્નિ કોણમાં, આવી પર્ષદા એમ.

**ત્રણઃ**—જ્યોતિષિ વ્યંતર ને ભુવન, ત્રણે દેવની તેમ;
નિરખો નૈઋત્ય કોણમાં, પહેલી પર્ષદ જેમ.

**ત્રણઃ**—જ્યોતિષિ વ્યંતર ને ભુવન, અમરોની છે એહ;
વાવ્યકોણમાંહિ વર્ણવી, ત્રણની પર્ષદા તેહ.

ત્રણઃ—વિમાનદેવ મનુ મનુસી, એહ ઇશાને ધાર;
લલિત લેખો ઇણુ વિધે, બેઠી પર્ષદા બાર.

ત્રણુ ગઢઃ—નીલરત્ન અને સુવર્ણનો, ત્રીજો રુપાનો તેમ;
સમોસરણે આ ત્રણુ ગઢ, અનુક્રમ ગણુશો એમ.

| | |
|---|---|
| તે ત્રણુ ગઢના પાવડીયા— | પ્રથમ ગઢના એક સહસ, બીજે પાંચસો જોય;<br>ત્રીજે તેમજ પાંચસો, અનુક્રમ એમજ હોય. |
| તીર્થંકર ને પર્ષદાઃ— | ચૌ દેવી એક સાધ્વી, ઉભા સુણે છે એહ;<br>ચૌ દેવ નરનાર સાધુ, બેસી સાંભળે તેહ. |
| તીર્થંકર ને કેવળીઃ— | તીર્થંકર ભગવાનને, કેવળી વાંદે નહી;<br>બાહુબળ પ્રદક્ષિણા કરી, બેઠા પર્ષદા મહી. |
| તીર્થંકર ને કેવળીઃ— | પંદરસો તાપસ તેમ, શાસ્ત્રે દાખ્યા સહી;<br>બેઠા કેવળી બેઠકે, વીરને વાંદ્યા નહી. |
| તીર્થંકર ને ગણુધરઃ— | પહેલી પોરિસી પ્રભુ વદે, બીજી ગણુધર બેસ;<br>પ્રભુપાદ પીઠ બેસીને, આપે શું ઉપદેશ. |
| કુંડલદ્વીપઃ— | કહાય કુંડલ બારમો, ચૈત્ય તિહાં છે ચાર;<br>એકસો એંશી એકમાં, જુક્તે બિંબ જુહાર. |

## દેવવંદનના બાર અધિકાર.

| | |
|---|---|
| ૧ નમુત્થુંણું જીઅભયાણું સુધી | ૭ તમતિમિરપડલથી ત્રણ ગાથા |
| ૨ નમુત્થુંણુંની છેલ્લી ગાથાસુધી | ૮ સિદ્ધાણું બુદ્ધાણું |
| ૩ અરિહંતચેઇઆણું | ૯ જો દેવાણુ વિ દેવો એ ગાથા |
| ૪ લોગસ્સ ( નામજિન ) | ૧૦ ઉજ્જિંતસેલસિહરે |
| ૫ સવ્વલોએ અરિહંતચેઇઆણું | ૧૧ ચત્તારી અઠ્ઠ દશ દોય |
| ૬ પુખ્ખરવરદીથી | ૧૨ વૈઆવચ્ચગરાણું ઇત્યાદિથી સમ્યગદૃષ્ટિ દેવોને |

## બારવ્રતની પૂજા વિધિ ( વીરવિજયકૃત. )

મનહરછંદ.

પ્રથમ ન્હવણુ કરી, બીજી ચંદનની કરો,
વળી વાસક્ષેપે ત્રીજી, કરવી કહાય છે;

પુષ્પમાળની તે ચોથી, દીપ ધૂપ ફુલે સાત;
અષ્ટ મંગલિક પૂજા, આઠમી ગણાય છે;
અક્ષત દર્પણે દશ, નૈવદ ધ્વજાયે બાર,
તેરે ફળ પૂજા વતો, બાર બોધવાય છે;
અઢાર સત્યાશી શાલ, લલિત પૂજા રસાલ,
વીરવિજયે રચી તે, ભવી ભાવે ગાય છે. ॥ ૧ ॥

## વીર પ્રભુનો સાડાબાર વર્ષનો તપ.

મનહરછંદ.

એક તો છમાસી પુરો, બીજો પાંચદિ ઊણાનો,
નવ ચાર માસીને બે, ત્રિમાસીક જાણીયે;
બે અઢીમાસી ને બેઉ, છમાસી ને દોઢમાસી,
માસકલ્પ બાર પખ્ખી, બોતેર પ્રમાણીયે;
બે દિ ની ભદ્રપ્રતિમા, ચાર દિ ની મહાભદ્ર,
દશ દિ સર્વતોભદ્ર, છઠ સંખ્યા આણીયે;
બસો ને ઓગણત્રીશ, લલિત અઠ્ઠમ બાર,
સર્વે તપ ચોવિહાર, વીરનું વખાણીયે ॥ ૧ ॥

ફેકત ૩૪૯ પારણાં.

વીર તપ સાડાબાર વર્ષ, ચહિ કીધ ચોવિહાર;
તિશત ઓગણપચ્ચાસતે, પારણે કીધ પ્રસાર.

## શ્રી શાંતિજિન બાર ભવ.

મનહરછંદ.

પ્રથમ શ્રીષેણુ રાય બીજે યુગલિક થાય,
ત્રીજે સૌધર્મ સુહાય દેવપણે રહ્યા તે;
અશ્વસેન વિદ્યાધર પ્રાણતે દેવ સુસર,
છઠ્ઠાએ વિદેહે વર અચ્યુતમાં ગયા તે;
આઠે ચક્રી વજ્રાયુધ ગ્રૈવેયકમાં વિશુદ્ધ,
મેઘરથ રાય ને સર્વાર્થસિદ્ધે થયા તે;

બારમે શ્રી શાંતિનાથ તર્યા ભવભય પાથ,
તારો શું લલિતનાથ દાખો આપ દયા તે ॥ ૧ ॥

**સાડીબાર ક્રોડઃ**—સાડીબાર ક્રોડ સુવર્ણે, વૃષ્ટિ વરસે જે વાર;
**સુવર્ણને માપઃ**—તેહ તોલ તે માપનો, આંક કહું અવધાર.
એક લખ ને ત્રીશ સહસ, બસો મણ તેર શેર;
ચોવીશ ટાંક તે ઉપરે, આંક ગણો આપેર.

**સિદ્ધશિલા ૧૨**—સર્વાર્થસિદ્ધ વિમાનથી, સિદ્ધશિલાનું સ્થાન;
**જોજનઃ**— જોજન બારે જાણવું, પમાય પૂન્ય પ્રમાણ.

**બાર ચક્રી ગતિઃ**—મઘવા સનતકુમાર બેઉ, ચોથા સ્વર્ગે સિધાય;
સુભૂમ બ્રહ્મદત્ત સાતનર્કે, આઠ શિવપૂર જાય.

**ભગ શબ્દના ચૌદ અર્થ પૈકી ( અર્ક અને યોનિ ) વર્જી બાર નામ.**

**ભગના ૧૨ નામઃ**-જ્ઞાન મહાત્મ યશ રૂપ, વૈરાગ્ય મુક્તિ માન;
વીર્ય પ્રયત્ન શ્રી ઈચ્છા, ધર્મ ઐશ્વર્ય જાણ.

---

## તેર વસ્તુ વર્ણન.

**મહાવીરજન્મઃ**—ચૈત્ર શુદ તેરસ દિને, મધ્ય નિશાયે માન;
સર્વે દિશી નિર્મળ છતે, જનમ વીરનો જાણ.

**શ્રી મહાવીર જિન જન્મ-કુંડલી.**



## શ્રી વીરવિજયજીકૃત શ્રી મહાવીર જન્મ-સ્તવન.

દેશી-કેરબાની.

સેવધિસં ચઉ ઘેરિયાં ॥ અબએલે સાંઇ, કયૂં રે લગાઉ આંત
ઐરિયાં ॥ એ આંકણી॥

દીએ બીના ન ચલે, છોરૂ ન પીછે વલે; બાબત આપ ઉછેરિયાં. અ૦
ભાગ્ય અતુલબલી, માગત અટકલી; જન્મ બલીગ્રહ ચારિયાં.
અ૦ કયૂ૦ ॥ ૧

સંવત પાસઇશ, દો શત અડતાલીશ, ઉજ્જવલ ચૈતર તેરસે. અ૦
સાઠ ઘડી ન ઊણી, ઉત્તરા ફાલગુણી, મંગળવાર નીશા વશે.
અ૦ કયૂ૦ ॥ ૨

સિદ્ધિ યોગ ઘડી, પન્નર ચારે ચરી, વેલા મહુરત ત્રેવીશ મે. અ૦
લગ્ન મકર વહે, સ્વામી જનમ લહે, જીવ સુખી સહુ તે સમે.
અ૦ કયૂ૦ ॥ ૩

ત્રિશલા રાણીએ જાયો, દેવ દેવીએ ગાયો, સુત સિદ્ધારથ ભૂપકો. અ૦
મંગલ કેતુ લગને, રવિ બુધ ચોથે ભવને, દશમે શનીશ્વર ઉચકો.
અ૦ કયૂ૦ ॥ ૪

પંચમે જીવ-રાહૂ, સાતમે વેદ સાહૂ, કેંદ્ર ભુવન ગ્રહ મંડલી. અ૦
ભાગ્ય ભુવન શશી, શુક્ર સંતાન વસી, મેઘ ધૂઆ એક વીજલી.
અ૦ કયૂ૦ ॥ ૫

ચંદ્રદશા વિપાકી, માસ ભુવન બાકી, જન્મ દિશા શની સંજમી. અ૦
ગુરૂ મહાદશામેં, કેવળજ્ઞાન પામે, ના સુખ બાની મેરે દિલ રમી.
અ૦ કયૂ૦ ॥ ૬

થાવર વિગલમેં, કાલ અનંત ભમે, મેં બી નીકાલયા સાથમેં. અ૦
નારક તિરી ગતિ, સુખ ન એક રતિ, કાલ નિગમિયો અનાથમેં.
અ૦ કયૂ૦ ॥ ૭

બહોત મેં નાચ નચે, ચૌ ગતિ ચોક બીચે, નેકિ ન મિલિએ નાથજી. અ૦
પોત પ્રકાશ દીએ, આશ નિરાશ કીએ, અલગ કિયા મેં આજથી.
અ૦ કયૂ ॥ ૮

માનવ ભવ લહી, તુમ સનમુખ રહી, બેર બેર શિવ માગતે. અ૦
બાત ન ઔર કહું, લીએ બીના ન રહું, બાલ હઠ્યો રસ લાગતે.
અ૦ ક્યૂં૦ ॥ ૯

નાથ નજર કરી, બેર ન એક ઘડી, સદા મગન સુખ લેહેરસે. અ૦
મંગલ તૂરવરા, ગાવત અપચ્છરા, શ્રી શુભવીર પ્રભુ મેહેરસે.
અ૦ ક્યૂં૦ ॥ ૧૦

## શ્રી ઋષભજિન ૧૩ ભવ.

મનહરછંદ.

ધન સાર્થવાહ પછી દેવકુરૂ યુગલિક,
સૌધર્મે દેવ વિદેહે મહાબળ રાય તે;
ઇશાન દેવ વિદેહે વજ્રજંઘ રાય સાતે,
ઉત્તરકુરૂ યુગલ સુધર્મમાં જાય તે;
કેશવ રાજા નવમે હશે બારમાં દેવમાં,
વિદેહે ચક્રી સર્વાર્થસિદ્ધમાં સુહાય તે;
તેરમે ઋષભદેવ કરે સૂર નર સેવ,
લલિતને અહમેવ થાય સુખદાય તે ॥ ૧ ॥

---

**ઋષભમોક્ષ**—માઘ વદિ તેરસ દિને, મેરુ તેરસ મનાય;
આદિ જિનંદ અષ્ટાપદે, પરં સુખને પાય.
**ફાગણ શુ૦** ફાગણ શુદ તેરસ દિને, શાંબ પદ્યુમ્ન કુમાર;
૧૩—સિદ્ધા સાડી આઠ ક્રોડ, જપતાં જય જયકાર.
**ભૂવનપતિએ** તેરસો નેવાશી ક્રોડ, ઊપરે સાઠ લાખ;
**બિંબ**—ભૂવનપતિએ જિન બિંબ, હૃદયે ધારી રાખ.
**૧૩૧૩ નવાં** તેરસો તેર નવાં ચૈત્ય, બત્રીશો જીર્ણોદ્ધાર;
**ચૈત્ય**—સવા લાખ પ્રતિમા નવી, વસ્તુપાળ નીરધાર.
**તેરમો** ઉદ્ધાર-વિક્રમશાલ અષ્ટોતરે, તેરમો તીર્થ ઉદ્ધાર;
વજ્રસ્વામી વખતે થયો, [1]જાવડશાનો સાર.

---

૧ જાતે વીશાપોરવાડ કાશ્મીરના વેપારી હતા, તેમના પિતાનું નામ ભાવડ હતું.

**ચક્રીના અઠ્ઠમ**—અઠ્ઠમ તેર ચક્રી કરે, દિગ્‌વિજયના કામ;
નીચે નિહાળો એહનો, સૂચવ્યો સાર તમામ.

**ચક્રવર્ત્તી છ ખંડનો દિગ્‌વિજય કરે ત્યારે ૧૩ અઠ્ઠમ કરે તે.**

૩ માગધ, વરદામ અને પ્રભાસ એ ત્રણ તીર્થના દેવના.
૨ સિંધુ અને ગંગા એ બે દેવીના. ૧ વૈતાઢ્ય પર્વતના દેવનો.
૨ તમિસ્રા અને ખંડપ્રપાત એ બે ગુફાના અધિપતિ કૃતમાલ અને નાટ્યમાલ એ બે દેવોના.
૧ લઘુહિમવાન પર્વતના દેવનો. ૧ વૈતાઢ્ય પર્વતના વિદ્યાધરનો
૧ નવ નિધાનના દેવોનો. ૧ રાજધાનીની દેવીનો.
૧ અને તેરમો તે રાજ્યાભિષેક અવસરનો.

---

# ચૌદ વસ્તુ વર્ણન.

## તીર્થંકરની માતાએ જોયેલ ૧૪ સુપન.

**ચૌદ સુપન**—[1]વારણ [2]વૃષભ [3]સિંહ અને, [4]લક્ષ્મી બે [5]ફુલમાલ;
[6]ચંદ્ર [7]સૂરજ [8]ધ્વજા [9]કળશ, [10]પદ્મસરોવર ન્યાલ
[11]ખીરસમુદ્ર [12]દેવવિમાન, [13]રત્નઢગ [14]નિર્ધૂમ આગ;
જુવે સુપન તે ચૌદ શુભ, જિનમાત મહાભાગ.

એ પ્રમાણે સુપનનો ક્રમ કહ્યો, તેમાં ફરક એટલો કે મરૂદેવા માતા પ્રથમ સુપને વૃષભ દેખે અને ત્રિશલા માતા પ્રથમ સુપને સિંહ દેખે.

### સુપનની વધુ સમજ.

શાસ્ત્રોમાં મૂળ સુપન ૭૨ પ્રકારનાં છે, તેમાં ૪૨ પ્રકારનાં સુપન અશુભ છે, અને ૩૦ પ્રકારનાં સુપન શુભ છે, તે ત્રીશ પ્રકારનાં સુપનમાંથી તીર્થંકરની માતા ઊપર કહી આવ્યા તે ચૌદ સુપન ચોખ્ખાં શુદ્ધ દેખે, અને ચક્રવર્ત્તીની માતા તે ચૌદ સુપન કાંઇ ઝાંખા દેખે, વાસુદેવની માતા સાત સુપન, બળદેવની માતા ચાર અને મંડલિકની માતા એક સુપન દેખે.

## ચૌદ પ્રકારના સિદ્ધ.

મનહરછંદ.

[1]નામસિદ્ધ નામે જાણો, [2]સ્થાપના સ્થાપના માનો,
[3]દ્રવ્યસિદ્ધ [4]કર્મસિદ્ધ, [5]શિલ્પના કહાય છે;
[6]વિદ્યાસિદ્ધ [7]મંત્રસિદ્ધ, યોગે જાણો [8]યોગસિદ્ધ,
[9]આગમસિદ્ધ પ્રસિદ્ધ, નવ નામો થાય છે;
[10]અર્થસિદ્ધ અભિપ્રાય, બુદ્ધિપર્યાયે ગણાય,
[11]બુદ્ધિસિદ્ધ અગિયારે, ગણો ગણાવાય છે;
[12]યાત્રાસિદ્ધ [13]તપસિદ્ધ, કર્મક્ષયે છેક [14]સિદ્ધ,
ચૌદ પ્રકારે લલિત, શાસ્ત્રે સમજાય છે ॥ ૧ ॥

**ચૌદ ચોમાસાં**—રાજગૃહી નગરી રહ્યા, વીર વિભુ તહીં ખાસ;
નાલંદા પાડે પુરાં, ચૌદ કર્યાં ચોમાસ.

**ચક્રીનાં ૧૪ રત્નો**—ચૌદ રત્નો ચક્રીતણાં, સમજી લ્યો તસ સાર;
ત્રેસઠ આંકે તેહનો, વિગતવાર વિસ્તાર.

## પંદર વસ્તુ વર્ણન.

### સિદ્ધના પંદર ભેદ.

જિન અજિન તીર્થ અતીર્થ, ગૃહસ્થ અન્ય ને સ્વલીંગ,
સ્રીલીંગ પુરૂષલીંગ ને, લેખ નપુંસક લીંગ. ॥ ૧
પ્રત્યેકબુદ્ધ સ્વયંબુદ્ધ ને, બુદ્ધબોધિત તે સિદ્ધ;
એક સિદ્ધ અનેક સિદ્ધના, પંદર ભેદ પ્રસિદ્ધ ॥ ૨

### તે પંદર ભેદો નામવાર.

મનહરછંદ.

જિન તેહ તીર્થંકર, અજિન સામાન્ય ધર;
તીર્થસિદ્ધ ગણધર, યોગાયોગ જાણવા;
અતીર્થ તે મરૂદેવા, ગૃહસ્થે ભરત જેવા;
અન્યલીંગે વલકલ ચીરીને પ્રમાણવા;

સ્વલીંગે તે જૈન સાધુ, સ્ત્રી તે ચંદન પુલીંગે,
ગૌતમ ને ગાંગેય તે, નપુંસક માનવા;
પ્રત્યેક તે કરકંડુ, સ્વયંબુદ્ધ તે કપીલ,
બુદ્ધ બોધી દીક્ષા લેઇ, બોધ દેતા ઠાણવા ॥ ૧

દુહો—એક સિદ્ધ તે વીર જીન, અનેક આદિ જિનંદ;
પંદર ભેદથી સિદ્ધનો, વંદે લલિત તે વૃંદ.

---

| | |
|---|---|
| કારતક | દ્રાવિડ વારીખીલજી, દશ કોડે શિવપાય; |
| શુ૦ ૧૫ | કાર્તક શુદ પુનમ દીને, દશ કોટી ફળ દાય. |
| ” | વળી પંચાણું સહસના, અજીત જિન અણગાર; |
| | દશ સહસ શિવ પામીયા, તે પુનમ દીન ધાર. |
| ચૈત્ર | ચૈતર શુદ પુનમ દીને, પુંડરિકજી શિવ પાય; |
| શુ૦ ૧૫ | પંચ કોડ સાધુ સંગતે, પાંચ કોડ ફળદાય. |
| આસો | નારદજી નિર્મળ થયા, [1]અહીં એકાણું લાખ; |
| શુ૦ ૧૫ | આસો શુદ પુનમ દીને, શત્રુંજય મહાત્મ શાખ. |
| ” | પાંડવ પાંચ સિદ્ધી વર્યા, વીશ કોડની સંગ; |
| | ભેટો ડુંગર તે ભલો, તેહ પૂનમ પ્રસંગ. |
| ગોશાળાની | ગોશાળે વીર વિભુને, દીધું દુઃખ અપાર; |
| મુકિતઃ— | પણ પંદરમે ભવ જશે, નિશ્ચય મોક્ષ મોઝાર |

## પ્રસંગે–તિથિઓ સંબંધી તપની સમજ

### બીજનું તપ તથા માહાત્મની સામાન્ય સમજ—

દુવિધ ધર્મનું આરાધન કરવા નિમિત્તે આ તપનું સેવન કરવામાં આવે છે, અને તે દિવસે યથાશકિત ઉપવાસાદિક તપ કરાય છે, એ તપ યથાશકિત બે માસ, બાવીશ માસ અથવા જીંદગી પર્યંત કરવામાં આવે છે, જ્યાં સ્પષ્ટ ગણણું જણાવવામાં

---

૧ તેટલા સાધુ સાથે.

આવેલું ન હોય, ત્યાં પણ નવપદ પૈકી કોઇપણ પદનું ૨૦૦૦ વાર ગણણું ગણવું ઘટે છે, બાકીનો વિધિ નવપદની ઓળીમાં બતાવ્યા પ્રમાણે યથાયોગ્ય સમજી લેવો.

## પંચમી તપનો મહિમા ને તેની સામાન્ય સમજ.

જ્ઞાનનું આરાધન કરવા શાસ્ત્રકારે પંચમી તપ કરવા જણાવ્યું છે, શક્તિ હોય તો સઘળી પંચમી કરવામાં આવે, નહિ તો દરેક માસની અજવાળી પંચમી, નહિ તો છેવટે કાર્તિક શુદિ પંચમી ( સૌભાગ્ય પંચમી ) તો જરૂર કરવી જોઇએ, તેમાં ૨૦૦૦ વાર ગણણું " નમો નાણસ્સ " એ પદનું ગણવું, કાઉસ્સગ્ગ લોગસ્સ (૫) અથવા (૫૧) અને એટલાં જ ખમાસમણ વિગેરે પંચમી દિને દેવાં જોઇએ, આ તપ પણ યથાશક્તિ પાંચ માસ, પાંચ વરસ, અથવા જીંદગી પર્યંત કરવામાં આવે છે; તપના દિવસે યથાયોગ્ય પૌષધાદિક અંગીકાર કરી, જ્ઞાનીનું બહુમાન સાચવી જ્ઞાનાભ્યાસ કરવો જોઇએ.

## અષ્ટમી તપનો મહિમા ને તેની સમજ.

આવશ્યક સૂત્રની નિર્યુક્તિમાં શ્રીમાન્ ભદ્રબાહુસ્વામીજીએ કહ્યું છે કે–" અટ્ઠકમ્મમહણી અટ્ઠમી " એટલે આઠે કર્મનું મંથન કરનારી અષ્ટમી છે, અર્થાત્ વિધિયુક્ત અષ્ટમીનો તપ કરતાં આઠે કર્મનો ક્ષય થઇ શકે છે, આઠમના દિવસે બની શકે ત્યાં સુધી અવશ્ય પૌષધ પ્રમુખ કરવું જોઇએ, તે તપ યથાશક્તિ ૮ માસ, ૮ વર્ષ અથવા જીંદગી પર્યંત કરવો ઘટે છે.

## એકાદશી તપનો મહિમા ને તેની સામાન્ય સમજ.

અગીઆર અંગનું આરાધન કરવા આ તપનું નિર્માણ છે, શ્રી નેમીનાથ ભગવાનને કૃષ્ણજીએ પોતાના ઉદ્ધાર અર્થે કાંઇ સાધન માટે પુછયું હતું, ત્યારે ભગવાને તેને એકાદશીનું આરાધન કરવા જણાવ્યું હતું, સુવ્રત શેઠે આ પર્વનું યથાવિધિ આરાધન કરેલું છે, તપના દિવસે એકચિત્તે પૌષધાદિકનું સેવન કરવું, અને તે તપ યથાશક્તિ ૧૧ માસ, ૧૧ વર્ષ યાવત જીવિત પર્યંત

કરવો જોઇએ, જો વધારે ન બને તો માગશર શુદી એકાદશી (મૌન અગીયારશ) નું તો અવશ્ય આરાધન કરવું અને તે જીંદગી પર્યંત કરવું; તેનું ૧૫૦ કલ્યાણકોનું ગણણું, આ પાંચમા ભાગના ૧૮ મા પાને બતાવેલું છે. ત્યાંથી જોઇ લેવું.

## ચતુર્દશી માહાત્મ અને સામાન્ય સમજ.

ચૌદ પુર્વનું આરાધન કરવા આ તપ કરવામાં આવે છે, તે દિવસ અવશ્ય ઉપવાસ પૌષધાદિકનું સેવન કરવું, અને તે તપ યથાશકિત ૧૪ માસ, ૧૪ વર્ષ અથવા જીંદગી પર્યંત કરવો, પાખીની આલોચણુ તરીકે પણ દરેક ચૌદશે એક ઉપવાસ કે, તેના જેટલો બીજો તપ ( બે આયંબિલ, ત્રણ નીવી, ચાર એકાસણાં પ્રમુખ ) કરવો જોઇએ.

## પૂર્ણિમા અને અમાવાસ્યા સંબંધી તપની સમજ.

છ પર્વી પૈકી—પૂર્ણિમા તથા અમાવાસ્યા પણ ચારિત્ર આરાધન તિથિઓ જ છે, અને તેથી તે ઉપવાસ પોષધાદિક વડે આરાધવા યોગ્ય છે. તેમાં પણ કાર્તિકી અને ચૈત્રી પૂર્ણિમાની તથા વીર પ્રભુના નિર્વાણ દિવસ તરીકે અમાવાસ્યાની પણ અધિકતા જાણવી, અથવા તો બધિ તિથિઓનો વિવેક કરવો ઘટે છે, તે એવી રીતે કે દરેક અષ્ટમી, ચતુર્દશી, પુર્ણિમા અને અમાવાસ્યા, એ ચારિત્ર આરાધનની તિથિઓ જાણીને, તેમજ બીજ, પંચમી અને એકાદશી તે જ્ઞાન દર્શન આરાધવાની તિથિઓ જાણીને યથાશકિત તપ પોષધાદિક વડે તેનું આરાધન કરવું યોગ્ય છે.

## સોળ વસ્તુ વર્ણન.

**વીરપ્રભુની તેજોલેશા—**

ગોશાળે મુકી વીરને, તેજોલેશા તેહ,
અંગ બંગાદિ સોળની, અતિશેનાશક એહ.

**તેનો ખુલાસો**—ગોશાળે શ્રી વીર ભગવાનને મુકેલી તેજોલેશા, તે અંગદેશ, બંગદેશ, મગધદેશ, માલવદેશ, ઇત્યાદિક સોળ દેશનો નાશ કરવાને અત્યંત શકિતવાળી હતી.

સોળ ઉદ્ધાર—આ અવસરાપણીના ત્રીજા આરાના છેડે ભરતચક્રવર્તીથી માંડી વિક્રમના પન્નરમા સૈકા સુધીમાં ૧૬ ઉદ્ધાર થયા છે, આ સોળમો ઉદ્ધાર વિક્રમ સં. ૧૫૮૭ ના વૈશાક વદી ૬ નો, કર્માશાહે કરાવ્યો છે, તે ઉદ્ધાર નામવાર નીચે સત્તર આંકમાં જુઓ.

સોળમા શ્રી જિનપદના ( વીશસ્થાનક મધેનું ) આરાધનથી જીમૂતકેતુ રાજા જિન થયો, તેવો શ્રી વીશસ્થાનક તપનો મહિમા છે, આમ એક એક પદના આરાધનથી પણ ઘણા જીવો શ્રી તીર્થંકરપદને પામ્યા છે.

સોળમા શ્રી નેમિપ્રભુ વિહરમાન છે, તેમના પિતા વીરરાજા, માતા સેનાદેવી, તેમનું લંછન સૂર્યનું છે, તે નલીનાવતીવિજયની વિતશોકાનગરીના નિવાસી. તેમનો વિશેષ ખુલાસો વીશ આંકમાં વીશ વિહરમાનના કોઠાથી જાણવો.

સોળમાં—શ્રી શાંતિનાથ ભગવાન–તેમનો જન્મ ગજપુર નગરમાં હતો, તેમના પિતાનું નામ વિશ્વસેન રાજા, અને માતાનું નામ અચિરા રાણી હતું, તે દેશમાં મરકીનો ઉપદ્રવ ઘણો હતો, પણ તે ભગવંત ગર્ભમાં આવ્યા પછી માતાએ અમૃત છાંટયું તેથી તેના પ્રભાવથી મરકીનો ઉપદ્રવ સર્વ શાંત થયો, આવો ગર્ભનો પ્રભાવ જાણી તેમનું શાંતિનાથ એવું નામ આપ્યું, તેમનું ચાલીશ ધનુષ પ્રમાણ શરીર અને એક લાખ વર્ષનું આયુષ્ય જાણવું, તેમના શરીરનો વર્ણ સુવર્ણ સમો હતો, તેમને લંછન મૃગનું જાણવું, આજ ભવે તેઓ શાંતિ નામે પાંચમા ચક્રવર્તી પણ કહેવાયા છે, તે ભગવાને તેમના દશમા મેઘરથ રાજાના ભવે, પારેવાને શરણે રાખી પોતાના શરીરનું માંસ કાપી આપી તે પારેવાને બચાવ્યો હતો.

# સત્તર વસ્તુ વર્ણન.

## સત્તર ભેદી પૂજા વિધિ.

( સકળચંદ ઊપાધ્યાય કૃત. )

મનહર છંદ.

ન્હવણ ને વિલેપન, ચક્ષુજોડ વાસક્ષેપ,
ફુલ ચડાવવા છઠી, ફુલોની સુદામ છે;
પંચરંગી ફુલઆંગી, એશ બરાસનું ચુર્ણ,
ધ્વજ પૂજા આભુષણ, પૂજા આણે ઠામ છે;
ફુલનું ઘ્રુઘર કરો, ફુલ વરસાદ વળી,
અષ્ટ મંગલિક ધૂપ, ગીત નૃત્ય નામ છે;
વાજીંત્રે સત્તર ભેદ, લલિત સકળચંદે,
કાઉસગ્ગ ધ્યાને રચી, કેવું સુંદર કામ છે. ૧

## શત્રુંજય તીર્થે સત્તર ઊધ્ધાર.

મનહર છંદ.

પહેલો ભરતચક્રી, આ અવસરપીણીએ,
બીજો પાટ આઠમીએ, દંડ વીરજનો છે;
શ્રીમંધર વચનથી, ઇશાન ઇંદ્રનો ત્રીજો,
મહેંદ્રનો ચોથો ક્રોડ, સાગર પછીનો છે;
પાંચમો પંચમ ઇંદ્ર, દશ ક્રોડ સાગરનો,
ચમરનો છઠ્ઠો લાખ, કોડી સાગરનો છે;
સપ્તમ સગરચક્રી, આઠમો વ્યંતર ઇંદ્ર,
નવ ચંદ્ર જિનવારે, તે ચંદ્ર યશાનો છે; ૧

દશમો તે ચક્રાયુદ્ધ, શાંતિજિન દીકરાનો,
અગિયાર ને બારમો, રામ પાંડવનો છે;
એક શત આઠ સાલે, તેરમો જાવડશાનો,
ચોદમો બાહડમંત્રી, બારસો તેરનો છે;

તેર એકોતેર શાલ, શમરેશા ઓશવાળ,
પંદરને પછી સોળ, તેતો કર્માશાનો છે;
લલિત સત્તરમો તે, સૂરિ દુપ્પસહ બોધે,
વિમલ વાહન ભૂપ, તેનાથી થવાનો છે. ૨

**સત્તર ગણધર**—એકવીશમા શ્રી નમિનાથ પ્રભુના છે, તેમાં મુખ્ય શુભ નામે ગણધર છે.

## અઢાર વસ્તુ વર્ણન.

### આ અઢાર દૂષણ રહિત હોય તે જ ખરા દેવ

દુહા

**અઢાર દૂષણ**—અજ્ઞાન ક્રોધ મદ માનને, લોભ કપટ રતિ રેહ,
અરતિ નિંદ્રા શોક એમ, જુઠને ચોરી જેહ,
મત્સર ભય અને જીવ વધ, પ્રેમ ક્રિડા દ્રવ્ય હાસ્ય,
દૂષણ અષ્ટાદશ વિણુના, દેવ દાખીયા ખાસ.

### બીજી રીતે અઢાર દૂષણ.

**બીજા દુષણ**—અંતરાય પણ હાસ્ય ષટ, કામ મિથ્યાત્વ અજ્ઞાન,
નિંદ્રાવિરતિ રાગ દ્વેષ, અઢાર દૂષણો જાણ.

**રૂચક દ્વીપ**—રૂચક દ્વીપ અઢારમો, જૈન ચૈત્ય ત્યાં ચાર;
એકસો એશી એકમાં, જાણી બિંબ જુહાર.

**અઢાર ગણધર**—વીશમા શ્રી મુનિસુવ્રત જિનના છે, તેમાં મુખ્ય મલ્લિ નામે ગણધર છે.

### મોક્ષના અઢાર નામ.

**મોક્ષના નામ**—મહાનંદ[1] અમૃતપદ[2] અને, સિદ્ધિ[3] ને કૈવલ્ય[4] જાણ;
અપુનર્ભવ[5] શિવ[6] નિઃશ્રેયસ[7], શ્રેયસ[8] તેમ નિર્વાણ[9],
બ્રહ્મ[10] નિવૃત્તિ[11] મહોદય[12] વળી, સર્વ[13] દુઃખક્ષય નિર્યાણ[14];
અક્ષર[15] મુક્તિ[16] મોક્ષ[17] અપવર્ગ[18], મોક્ષ નામ તે જાણ.

## ઓગણીશ વસ્તુ વર્ણન.

**અતિશયો**—અતિશયો ઓગણીશ તે, જિનવર કેરા જેહ,
દેવે કરેલા દાખિયા, સ્વલ્પ ન ધરો સંદેહ.

**ભોયણી તીર્થ** ભલું તીર્થ છે ભોયણી, કરવા આતમ કાજ,
અર્હં ત્યાં ઓગણીશમા, મલ્લિનાથ મહારાજ;
સંવત ઓગણીશ ત્રીશ, શાલ માંહિ શુભ સ્થાન
પ્રગટ તેહ પ્રભુજી થયે, બેશ કહું તસ ધ્યાન.
કેવળ કૃષીકર ખેતરે, કૂપ ખોદતાં ખાસ;
ઘણા ચમત્કારે કરી, પ્રગટી પૂરી આશ.
પરછા પૂરક તે પ્રભુ, જગ માંહે જાહેર;
મહાન્ મોક્ષ વૈમાન તે, નહિં ફાર કે ફેર,
ઓગણીશ તેતાલીશમાં, પ્રતિષ્ઠા કામ કરાય;
સંઘવી ચુનીલાલથી, પ્રભુજી પધરાવાય.
અર્હં એ ઓગણીશમા, વંદો ધરીને વ્હાલ;
લલિત તેનો લાભ લેઇ, આતમ આપ ઉજાલ.

---

## વીશ વસ્તુ વર્ણન.

**સમેત શિખર** ૠષભ વાસુપૂજ્ય અને, નેમ વીર વિણજાણ;
સમેત શિખરની ઉપરે, ગાવું તસ ગુણગાન.

**વીશજીન સિદ્ધિ** વીશ જિન ત્યાં સિદ્ધિ વર્યાં, સમેત શીખર ધામ;
પણમો પાય તે વીશના, મૂળ પાર્શ્વપ્રભુ નામ.

**સમેત શિખર પુજા**— પૂજા સમેત શિખરની, રસિક રાગ રચાઈ;
હંસ વિજયજી હાથ થી, લલિત સરસ લખાઈ.

### વીશ સ્થાનક પૂજા વિધિ.

( વિજયલક્ષ્મીસૂરિકૃત )

મનહરછંદ.

પંચ પરમેષ્ટિ બિંબ, તેની જોડે એક બિંબ,
વીશ પૂજામાં તે વીશ, બિંબ પધરાય છે;
દરેક પૂજાએએક, જિનપ્રતિ બિંબ સ્થાપો,
દરેક બિંબને વીશ, કળશા ઢોળાય છે;

હરેક પૂજાએ અષ્ટ, દ્રવ્યથી પૂજન થાય,
પાનાછાપી માળ યુગ, પછી પ્હેરાવાય છે;
વીશ સ્થાનકને ધ્યાવો, તીર્થંકર પદપાવો,
વિજય લક્ષ્મી લલિત, વીશ સ્થાનો ગાય છે. ॥૧॥

**જઘન વિધિ**—ઉત્કૃષ્ટ આ એની વિધિ, જઘન કહી અવશેષ,
એક બિંબે એક કળશ, ભાવો ભકિત વિશેષ.

**વીશ વીશ ચૈત્ય** ગજદંત ભદ્રશાળ નંદન, સોમનસ પાંડુકવન;
યમકને વ્રત વૈતાઢમાં, વીશવીશ ચૈત્ય ગણ.

**ખુલાસો**—આ સાત સ્થાનમાં વીશ વીશ જિન ચૈત્ય છે, તેમાં ગજ દંતાના હરેક ચૈત્યમાં ૧૮૦ અને બાકીના છ સ્થાને હરેકે ૧૨૦-૧૨૦ પ્રતિમા છે.

## વીર પ્રભુને સંગમ દેવે કરેલા ૨૦ ઉપસર્ગ.

મનહરછંદ

ધૂળની વૃષ્ટિ વધારે, કીડી ડાંસ ડંખે ભારે,
ધીમેલ વિંછુ નોળીયા, જોરે ડંખે જાય છે;
સર્પ ઉંદરને હસ્તિ, હસ્તિણી પિશાચ વાઘ;
પિત્રુનો વિલાપ પચે, ખીરાદિ રંધાય છે;
કાને પક્ષીઓથી પીડા, ખરવાત ચક્રવાત,
કાળચક્ર પ્રાતઃકાળ, દેવ રિદ્ધિ થાય છે;
અઘોર આ ઉપસર્ગ, વીશ એકરાતે વીરે,
સંગમથી થયા સહ્યા, લલિત કહાય છે;

## પાંચ મહાવિદેહના વિષે વિરહમાન.

સીમંધર સ્વામી પછી, યુગ મંધરને બાહુ,
સુબાહુ સુજાત છઠ્ઠા, સ્વયંપ્રભ શ્યામ છે;
ઋષભાનન સાતમા, આઠમા અનંત વીર્ય,
સૂર પ્રભને વિશાળ, વજ્રધર નામ છે.
ચંદ્રાનન ચંદ્રબાહુ, દેવ ભુજંગ ઇશ્વર,
નેમિ પ્રભ વીરસેન, મહાભદ્રે સામ છે;
દેવજસા પછે છેલ્લા, અજિત વીર્ય આવે છે.
વિહરમાન વીશને, લલિત પ્રણામ છે. ॥૧॥

## વીશ વિહરમાન સંબંધે ખુલાસો.

**જન્મ**—વિશે જિનને। જન્મ ભરતક્ષેત્રના કુંથુનાથ અને અરનાથ વચે એક સાથે થયો છે.

**દીક્ષા**— વિશેજિને મુનિસુવ્રત અને નમિનાથ વચે એક સાથે દિક્ષા લીધી છે.

**કેવળ**—વિશેજિન એક હજાર વર્ષ છદ્મસ્થાવસ્થાયે દિક્ષા પાળી સાથે કેવળ જ્ઞાન પામ્યા છે અને હાલ કેવળીપણે છે.

**મોક્ષ**— વિશેજિન આવતી ચોવીશીના સાતમા ઉદય અને આઠમા પેઢાળ-વચે મોક્ષે જશે.

**કુલ પરિવાર** વિશેજિનનો કુલપરિવાર—બે ક્રોડ કેવળી, બે હજાર ક્રોડ સાધુ, બે હજાર ક્રોડ સાધ્વી, અઢાર હજાર ક્રોડ શ્રાવક, અને અઢાર હજાર ક્રોડ શ્રાવિકાનો છે.

**શાશ્વતા ભાવ**–વિશે વિજયમાં સદા એક એક તીર્થંકરના સહચારી બીજા ચોરાશી ચોરાશી તીર્થંકર હોય, તેમાં એક કેવળ જ્ઞાન સહીત હોય ને બાકીના ત્યાશીમાં કોઇ રાજા, કોઇ યુવાન, કોઇ બાળક હોય, સર્વે ચોરાશી લાખ પૂર્વ આઉખે હોય, અને જે વારે ચોરાશીમા મોક્ષે જાય ત્યારે, ત્યાશીમાને કેવળ જ્ઞાન થાય, ત્યારે તે ચોરાશીમા કહેવાય, વળી તે વખતે એકનો જન્મ થાય, એ પ્રમાણે ચોરાશીની પરંપરા સહચારી છે, જંબુદ્વીપના મહાવિદેહની વિજય અને નગરીઓનાં જે નામ છે તેજ નામો ઘાતકી અને પુષ્કરાર્ધના મહાવિદેહના જાણવા, તેમ જંબુદ્વીપે જેટલામી અને જે વિજયમાં તીર્થંકર છે, તેજ, ઘાતકી અને પુષ્કરાર્ધની વિજયે જાણી લેવા, મહાવિદેહ ક્ષેત્રમાં ૫૦૦ ધનુષ્યનું શરીર, ક્રોડ પૂર્વ વર્ષનું આયુષ, અને સદાયે ચોથો આરો વર્તે છે. ઇતિ શાશ્વત ભાવો.

# શ્રી વીશ વિહરમાનના

| નંબર | વિહરમાન જિન | પિતા | માતા | લંછન | ચ્યવન | જન્મ |
|---|---|---|---|---|---|---|
| | **જંબૂદ્વીપ મહાવિદેહે સુદર્શન મેરૂની** | | | | | |
| ૧ | શ્રીમંધર[1] | શ્રેયાંસ | સત્યકી | વૃષભ | શ્રા. વ. ૧ | વૈ વ ૧૦ |
| ૨ | શ્રીયુગમંધર | સુદ્રઢ | સુતારા | ગજ | ,, | ,, |
| ૩ | શ્રીબાહુ | સુગ્રીવ | વિજયા | હરણ | ,, | ,, |
| ૪ | શ્રીસુબાહુ | નિસઢ | ભૂનંદા | વાનર | ,, | ,, |
| | **ધાતકી ખંડ પૂર્વ મહાવિદેહે–વિજય મેરૂની** | | | | | |
| ૫ | શ્રીસુજાત | દેવસેન | દેવસેના | સૂર્ય | શ્રા. વ. ૧ | વૈ.વ.૧૦ |
| ૬ | શ્રીસ્વયંપ્રભ | મિત્રભુવન | સુમંગલા | ચંદ્ર | ,, | ,, |
| ૭ | શ્રીઋષભાનન | કીર્તિરાજા | વીરસેના | સિંહ | , | ,, |
| ૮ | શ્રીઅનંતવીર્ય | મેઘરાજા | મંગલાવતી | હાથી | ,, | ,, |
| | **ધાતકી ખંડ પશ્ચિમ મહાવિદેહે અચલ મેરૂની** | | | | | |
| ૯ | શ્રીસૂરપ્રભ | વિજયસેન | વિજયાવતી | ચંદ્ર | શ્રા. વ. ૧ | વૈ.વ.૧૦ |
| ૧૦ | શ્રીવિશાલ | શ્રીનાગ | ભદ્રાવતી | સૂર્ય | ,, | ,, |
| ૧૧ | શ્રીવજ્રધર | પદ્મરથ | સરસ્વતી | વૃષભ | ,, | ,, |
| ૧૨ | શ્રીચંદ્રાનન | વાલ્મીક | પદ્માવતી | વૃષભ | ,, | ,, |
| | **પુષ્કરાર્ધ પૂર્વ મહાવિદેહે પુષ્કર ( મંદર )** | | | | | |
| ૧૩ | શ્રીચંદ્રબાહુ | દેવનંદ | રેણુકા | પદ્મકમલ | શ્રા. વ. ૧ | વૈ.વ.૧૦ |
| ૧૪ | શ્રીદેવભુજંગ | મહાબલ | મહિમા | પદ્મકમલ | ,, | ,, |
| ૧૫ | શ્રીઇશ્વર | ગજસેન | યશોજલા | ચંદ્ર | ,, | ,, |
| ૧૬ | શ્રીનેમિપ્રભ | વીરરાજા | સેનાદેવી | સૂર્ય | ,, | ,, |
| | **પુષ્કરાર્ધ પશ્ચિમ મહાવિદેહે વિદ્યુન્માલી** | | | | | |
| ૧૭ | શ્રીવીરસેન | ભૂમિપાલ | ભાનુમતી | વૃષભ | શ્રા. વ ૧ | વૈ વ.૧૦ |
| ૧૮ | શ્રીમહાભદ્ર | દેવરાજા | ઉમાદેવી | હાથી | ,, | ,, |
| ૧૯ | શ્રીદેવજસા | સર્વભૂતિ | ગંગાદેવી | ચંદ્ર | ,, | ,, |
| ૨૦ | શ્રીઅજિતવીર્ય | રાજપાલ | કાનિકાદેવી | સ્વસ્તિક | ,, | ,, |

૧ શ્રીમંધરજિન અહીંયાથી ૩૩૧૫૭ જોજન અને ૧૭ કળા દૂર છે.

# ૨૬ બોલનો કોઠો—

| શરીર ધનુષ્ય | વર્ણ | આયુ પૂર્વ લાખ | રાજ્ય પાળ્યું પૂર્વ લાખ | સ્ત્રીઓ | દિક્ષા | દિક્ષાકાલ પૂર્વ-લાખ |
|---|---|---|---|---|---|---|
| **પૂર્વ–પશ્ચિમની ઊત્તર–દક્ષિણ વિજયે.** | | | | | | |
| ૫૦૦ | કંચન | ૮૪ | ૮૩ | રૂકમિણી | ફા. શુ. ૩ | ૧ |
| ,, | ,, | ,, | ,, | પ્રિયમંગલા | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | મોહિની | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | કિંપુરિષા | ,, | ,, |
| **પૂર્વ–પશ્ચિમની ઊત્તર–દક્ષિણ વિજયે.** | | | | | | |
| ૫૦૦ | કંચન | ૮૪ | ૮૩ | જયસેના | ,, | ૧ |
| ,, | ,, | ,, | ,, | પ્રિયસેના | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | જયાવતી | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | વિજયાવતી (કુંતીદેવી) | ,, | ,, |
| **પૂર્વ–પશ્ચિમની ઊત્તર–દક્ષિણ વિજયે.** | | | | | | |
| ૫૦૦ | કંચન | ૮૪ | ૮૩ | નંદસેના | ,, | ૧ |
| ,, | ,, | ,, | ,, | વિમળાદેવી | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | વિજયાવતી | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | લીલાવતી | ,, | ,, |
| **મેરૂની પૂર્વ–પશ્ચિમની ઊત્તર–દક્ષિણ વિજયે.** | | | | | | |
| ૫૦૦ | કંચન | ૮૪ | ૮૩ | સુગંધાદેવી | ,, | ૧ |
| ,, | ,, | ,, | ,, | ગંધસેના | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | ભદ્રાવતી | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | મોહિની | ,, | ,, |
| **મેરૂની પૂર્વ–પશ્ચિમની ઊત્તર–દક્ષિણ વિજયે.** | | | | | | |
| ૫૦૦ | કંચન | ૮૪ | ૮૩ | રાજસેના | ,, | ૧ |
| ,, | ,, | ,, | ,, | સૂરિકાંતા | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | પદ્માવતી | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | રત્નાવતી(માળા) | ,, | ,, |

# શ્રી વીશ વિહરમાનના

| દિક્ષાવૃક્ષ | છદ્મસ્થ વર્ષ હજાર | કેવળ | કેવળી–લાખ | ગણધર | સાધુ–ક્રોડ | સાધ્વી–ક્રોડ |
|---|---|---|---|---|---|---|
| | | | જંબુદ્વીપ મહાવિદેહે સુદર્શન મેરૂની | | | |
| અશોક | ૧ | ચૈ. શુ. ૧૩ | ૧૦ | ૮૪ | ૧૦૦ | ૧૦૦ |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| | | | ધાતકી ખંડ પૂર્વ મહાવિદેહે–વિજય મેરૂની | | | |
| અશોક | ૧ | ચૈ. શુ. ૧૩ | ૧૦ | ૮૪ | ૧૦૦ | ૧૦૦ |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| | | | ધાતકી ખંડ પશ્ચિમ મહાવિદેહે અચલ મેરૂની | | | |
| અશોક | ૧ | ચૈ. શુ. ૧૩ | ૧૦ | ૮૪ | ૧૦૦ | ૧૦૦ |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| | | | પુષ્કરાર્ધ પૂર્વ મહાવિદેહે પુષ્કર (મંદર) | | | |
| અશોક | ૧ | ચૈ. શુ. ૧૩ | ૧૦ | ૮૪ | ૧૦૦ | ૧૦૦ |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| | | | પુષ્કરાર્ધ પશ્ચિમ મહાવિદેહે વિદ્યુન્માલી | | | |
| અશોક | ૧ | ચૈ. શુ ૧૩ | ૧૦ | ૮૪ | ૧૦૦ | ૧૦૦ |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |

# ૨૬ બોલનો કોઠો—

| શ્રાવક ક્રોડ | શ્રાવિકા ક્રોડ | કયાવિજય | વિજય નામ | નગરી | નિર્વાણ |
|---|---|---|---|---|---|
| **પૂર્વ—પશ્ચિમની ઊત્તર—દક્ષિણ વિજયે.** | | | | | |
| ૯૦૦ | ૯૦૦ | ૮ | પુષ્કલાવતી | પુંડરગિણી | આ. સુ. ૩ |
| ,, | ,, | ૨૫ | વપ્રા | વિજયા | ,, |
| ,, | ,, | ૯ | વચ્છા | સુસીમા | ,, |
| ,, | ,, | ૨૪ | નલીનાવતી | વિતશોકા | ,, |
| **પૂર્વ—પશ્ચિમની ઊત્તર દક્ષિણ વિજયે.** | | | | | |
| ૯૦૦ | ૯૦૦ | ૮ | પુષ્કલાવતી | પુંડરગિણી | આ. સુ. ૩ |
| ,, | ,, | ૨૫ | વપ્રા | વિજયા | ,, |
| ,, | ,, | ૯ | વચ્છા | સુસીમા | ,, |
| ,, | ,, | ૨૪ | નલીનાવતી | વિતશોકા | ,, |
| **પૂર્વ—પશ્ચિમની ઊત્તર—દક્ષિણ વિજયે.** | | | | | |
| ૯૦૦ | ૯૦૦ | ૮ | પુષ્કલાવતી | પુંડરગિણી | આ. સુ. ૩ |
| ,, | ,, | ૨૫ | વપ્રા | વિજયા | ,, |
| ,, | ,, | ૯ | વચ્છા | સુસીમા | ,, |
| ,, | ,, | ૨૪ | નલીનાવતી | વિતશોકા | ,, |
| **મેરૂની પૂર્વ—પશ્ચિમની ઊત્તર—દક્ષિણ વિજયે.** | | | | | |
| ૯૦૦ | ૯૦૦ | ૮ | પુષ્કલાવતી | પુંડરગિણી | આ. સુ. ૩ |
| ,, | ,, | ૨૫ | વપ્રા | વિજયા | ,, |
| ,, | ,, | ૯ | વચ્છા | સુસીમા | ,, |
| ,, | ,, | ૨૪ | નલીનાવતી | વિતશોકા | ,, |
| **મેરૂની પૂર્વ—પશ્ચિમની ઊત્તર—દક્ષિણ વિજયે.** | | | | | |
| ૯૦૦ | ૯૦૦ | ૮ | પુષ્કલાવતી | પુંડરગિણી | આ. સુ. ૩ |
| ,, | ,, | ૨૫ | વપ્રા | વિજયા | ,, |
| ,, | ,, | ૯ | વચ્છા | સુસીમા | ,, |
| ,, | ,, | ૨૪ | નલીનાવતી | વિતશોકા | ,, |

## વીશ સ્થાનક નામ.

### મનહર છંદ.

અરિહંત સિદ્ધપદ, ત્રીજુ પ્રવચન વદ,
થેરાણું પાઠક પદ, છઠુ ગણાવાય છે;
નમોલોએ સવ્વસાહુ, નાણસ દંસણે નવ,
વિનય ચારિત્ર બંભ, કિરિયા કહાય છે.
તવસ્સ ગોયમ જિન, ચરણ જ્ઞાને અઢાર,
સુયનાણ તિથ્થસ્સતે, વીશ સ્થાન થાય છે;
વીશ સ્થાનકને સેવો, મેળવવા મોક્ષ મેવો.
લલિતએ લાભ લેવો, પુન્યવંત પાય છે. ૧

**તેના વર્ણન વિષે**-વર્ણન સ્થાનક વીશનું, વંદો હૃદયે વ્હાલ;
અનુક્રમ તસ આરાધવા, નામવાર નિહાલ.

**આરાધન તીથી**-બીજ પાંચમ એકાદશી, જ્ઞાન તીથી કહાય;
ગુરૂકે અર્હં શાખથી, ઊચરવું તે ન્યાય.

### તે સ્થાનક કોને આરાધ્યાં.

**તે કોને આરાધ્યાં**-રૂષભ વિરે સેવ્યાં સવિ, કોઇ એક બે ત્રણ;
અન્યે બધાં આરાધિયાં, વીશ સ્થાન તેહ ગણ.

### કયા તપથી તે આરાધાય.

**આરાધન તપ**-કોઇ અઠમ કો છઠ કરે, કો કરે ઉપવાસ;
કો આંબિલ એકાસણે, સેવે શિવસુખ ખાસ.

**કુલ તપ માન**-જે તપ તપોતે ચારસો, અને ઊપરે વીશ;
સાધોને શુભ ભાવથી, જગમાં હોય જગીશ.

તેના અર્થી શ્રાવકને બે ટંક પ્રતિક્રમણ બે પડિલેહણ, ત્રણ ટંક દેવવંદન કરવાનું છે, માટે પોષહ લેઇ કરવાનો રીવાજ છે, પછી જેવી જેની શક્તિ.

એક સ્થાનની તપશ્યા કમમાં કમ, છ મહીનાની અંદરજ પુરી કરવી જોઇએ, લંબાવવી ન જોઇયે.

છ મહીનામાં વધારે સ્થાન આરાધન કરી શકાય તો સુખેથી કરવાં-પણ એકથી ઓછું તો નહીં.

(વીશ સ્થાનક તપ વિધિમાંથી.)

## વીશ સ્થાનકના તપમાં નવકારવાળી કાઉસગ્ગાદિકનો કોઠો.

| | વીશ સ્થાનક નામ | નવકારવાળી | કાઉસગ્ગ લોગસ્સ | સ્વસ્તિક | ફળ | પ્રદક્ષિણ | ખમાસમણ | (કયા સ્થાનક સેવનથી કોણ કયી પદવી પામ્યું તે) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નમોઅરિહંતાણં | ૨૦ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૪ | અરિહંત પદથી દેવ પાલાદિ સુખી થયા |
| ૨ | નમોસિદ્ધાણં | ૨૦ | ૧૫ | ૧૫ | ૧૫ | ૧૫ | ૧૫ | સિદ્ધ પદથી હસ્તિપાળ રાજાને જ્ઞાન થયું |
| ૩ | નમોપવયણસ્સ | ૨૦ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | પ્રવચન પદથી ભરતાદિકને કેવળજ્ઞાન થયું |
| ૪ | નમોઆયરિયાણં | ૨૦ | ૩૬ | ૩૬ | ૩૬ | ૩૬ | ૩૬ | આચાર્ય પદથી પુરૂષોત્તમ રાયે તીર્થંકરપદ ઉપાર્જ્યું |
| ૫ | નમોથેરાણં | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | સ્થવિર પદથી પદ્મોતરરાજા તીર્થંકર પદ પાયો |
| ૬ | નમોઉવજ્ઝાયાણં | ૨૦ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ઉપાધ્યાય પદથી મહેંદ્રપાળ રાજા દેવેંદ્ર થયો |
| ૭ | નમોલોએસવ્વસાહુણં | ૨૦ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | સાધુ પદથી વીરભદ્ર તીર્થંકર થયો |
| ૮ | નમોનાણસ્સ | ૨૦ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | જ્ઞાન પદથી જયંતરાજા તીર્થંકર થયો |
| ૯ | નમોદંસણસ્સ | ૨૦ | ૬૭ | ૬૭ | ૬૭ | ૬૭ | ૬૭ | દર્શન પદથી હરિ વિક્રમ જીન થયો |
| ૧૦ | નમોવિનયસંપન્નાણં | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | વિનય પદથી ધન્નો મોક્ષે ગયો |
| ૧૧ | નમોચારિત્રસ્સ | ૨૦ | ૧૭ | ૧૭ | ૧૭ | ૧૭ | ૧૭ | ચારિત્ર પદથી વરૂણ દેવ જીનવર થયો |
| ૧૨ | નમોબંભવયધારિણં | ૨૦ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ | બ્રહ્મચર્ય પદથી ચંદ્રવર્મા જીન થયો |
| ૧૩ | નમોકિરિયાણં | ૨૦ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ક્રિયા પદથી હરિવાહન તીર્થંકર થયો |
| ૧૪ | નમોતવસ્સીણં | ૨૦ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | તપ પદથી કનકકેતુ તીર્થંકર થયો |
| ૧૫ | નમોગોયમસ્સ | ૨૦ | ૨૮ | ૨૮ | ૨૮ | ૨૮ | ૨૮ | ગૌતમ પદથી હરિવાહન જીનવર થયો |
| ૧૬ | નમોજિણાણં | ૨૦ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૪ | જીનપદથી જીમૂત કેતુ જીન થયો |
| ૧૭ | નમોચરણસ્સ | ૨૦ | ૭૦ | ૭૦ | ૭૦ | ૭૦ | ૭૦ | સંયમ પદથી પૂરંદર તીર્થંક થયો |
| ૧૮ | નમોઅભિનવનાણસ્સ | ૨૦ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | જ્ઞાન પદથી સાગરચંદ્ર તીર્થંકર થયો |
| ૧૯ | નમોસુયનાણસ્સ | ૨૦ | ૪૫ | ૪૫ | ૪૫ | ૪૫ | ૪૫ | શ્રુત પદથી રત્નચૂડ તીર્થંકર થયો |
| ૨૦ | નમો તીથ્થસ્સ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | તીર્થ પદથી મેરૂપ્રભ તીર્થંકર થયો |

## "શ્રી વીશસ્થાનક તપ આરાધને પ્રત્યેક પદે ખમાસમણ દઇ બોલવાના દુહા"

**આરહંત**—પરમ પંચ પરમેષ્ટિમાં, પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાઇએ, નમો નમો જિન ભાણ. ૧

**સિદ્ધ**— ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ;
અષ્ટ કર્મ મળ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ. ૨

**પ્રવચન**— ભાવામય ઔષધ સમી, પ્રવચન અમૃત વૃષ્ટિ;
ત્રિભુવન જીવને સુખ કરી, જય જય પ્રવચન દૃષ્ટિ. ૩

**આચાર્ય**—છત્રીશ છત્રીશી ગુણે, યુગ પ્રધાન મુણીંદ;
જિનમત પરમત જાણતાં, નમો નમો તેહ સૂરીંદ. ૪

**થિવર**— તજી પરપરિણતિ રમણતા, લહે નિજ ભાવ સ્વરૂપ;
સ્થિર કરતા ભાવી લોકને, જય જય થિવિર અનુપ. ૫

**ઉપાધ્યાય**—બોધ સૂક્ષ્મ વિણ જીવને, ન હોય તત્વ પ્રતીત;
ભણે ભણાવે સૂત્રને, જય જય પાઠક ગીત. ૬

**સાધુ**— સ્યાદવાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ;
સાધે શુદ્ધા નંદતા, નમો સાધુ શુભરંગ. ૭

**જ્ઞાન**— અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવભ્રમ ભીતિ;
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમોનમો જ્ઞાનની રીતિ. ૮

**દર્શન**— લોકા લોકના ભાવજે, કેવલિ ભાષિત જેહ;
સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ. ૯

**વિનય**— શૌચ મૂળથી મહા ગુણી, સર્વ ધર્મનો સાર;
ગુણ અનંતનો કંદ એ, નમો વિનય આચાર. ૧૦

**ચારિત્ર**— રત્નત્રયી વિણ સાધના, નિષ્ફળ કહી સદીવ;
ભાવ રયણનું નિધાન છે, જય જય સંયમ જીવ. ૧૧

**બ્રહ્મચર્ય**—જિન પ્રતિમા જિન મંદિરા, કંચનના કરે જેહ;
બ્રહ્મવ્રતથી બહુ ફળ લહે, નમોનમો શિયળ સુદેહ. ૧૨

**ક્રિયા**— આત્મબોધ વિણ જે ક્રિયા, તે તો બાલક ચાલ;
તત્વારથથી ધારીએ, નમો ક્રિયા સુવિશાલ. ૧૩

તપ— કર્મ ખપાવે ચીકણા, ભાવ મંગલ તપ જાણ;
પચાસ લબ્ધિ ઉપજે, જયજય તપગુણ ખાણ. ૧૪

ગોયમ— છઠ્ઠ છઠ્ઠ તપ કરે પારણું, ચઉ નાણી ગુણ ધામ;
એ સમ શુભ પાત્રકો નહિ, નમોનમો ગોયમ સ્વામ. ૧૫

જિન— દોષ અઢારે ક્ષય ગયા, ઉપન્યા ગુણ જસ અંગ;
વૈયા વચ્ચ કરીએ સુદા, નમોનમો જિનપદ સંગ. ૧૬

સંયમ— શુદ્ધાતમ ગુણમેં રમે, તજી ઇંદ્રિય આશંસ;
થિર સમાધિ સંતોષમાં, જય જય સંયમ વંશ. ૧૭

અભિનવ—જ્ઞાન વૃક્ષ સેવો ભાવિક, ચરિત્ર સમક્તિ મૂળ;
જ્ઞાન અજર અગમપદ ફળ લહો, જિનવર પદવી ફુલ. ૧૮

શ્રુત— વક્તા શ્રોતા યોગથી, શ્રુત અનુભવ રસ પીન;
ધ્યાતા ધ્યેયની એકતા, જય જય શ્રુત સુખલીન. ૧૯

તીર્થ— તીર્થ યાત્રા પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ;
પરમાનંદ વિલાસતાં, જય જય તીર્થ ઝહાજ. ૨૦

---

# એકવીશ વસ્તુ વર્ણન.

### શ્રી શત્રુંજય ગિરિનાં ૨૧ નામ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | વિમળગિરિ | ૮ | શ્રી સિદ્ધરાજ | ૧૫ | નાગાધિરાજ |
| ૨ | મુક્તિનિલય | ૯ | બાહુબલી | ૧૬ | સહસ્રકમળ |
| ૩ | શત્રુંજયગિરિ | ૧૦ | મરૂદેવ | ૧૭ | ઢંગગિરિ |
| ૪ | સિદ્ધક્ષેત્ર | ૧૧ | ભગીરથ | ૧૮ | કોડી નિવાસ |
| ૫ | પુંડરિકગિરિ | ૧૨ | સહસ્રપત્ર | ૧૯ | લોહિત્ય |
| ૬ | શ્રી સિદ્ધ શેખર | ૧૩ | શતપત્ર | ૨૦ | તાલધ્વજ |
| ૭ | શ્રી સિદ્ધગિરિ | ૧૪ | અષ્ટોતરશતકૂટ | ૨૧ | કદંબગિરિ |

**પેથડશાહે (૨૧) ધડી સુવર્ણથી મૂળ દેરાસરને મઢાવ્યું.**

**૨૧ ધડી સુવર્ણ**—એકવીશ ધડી સુવર્ણથી, મૂળ ચૈત્ય મઢાય;
શ્રી શત્રુંજય શીખર તે, પેથડશાહથી થાય.

## એકવીશ પ્રકારી પૂજા વિધિ.

( સકળચંદ્ર ઉપાધ્યાય કૃત. )

મનહર છંદ.

ન્હવણને વિલેપન, અને આભરણ ફુલ,
વાસક્ષેપનું પૂજન, ધૂપ ધમકાર છે;
દીપક ફળ અક્ષત, નાગર વેલીનાં પાન,
સોપારી નૈવેદ્ય જળ, પૂજાના પ્રકાર છે.
વસ્ત્રપૂજા ચામરને, છત્ર વાજીંત્ર ને ગીત,
નાટિક સ્તુતિ ભંડાર, વૃદ્ધિનો તે કાર છે;
એકવીશ પ્રકારની, પૂજા કાઉસગ્ગધ્યાને,
લલીત સકળચંદે, રચી તેનો સાર છે; ॥ ૧

## બાવીશ વસ્તુ વર્ણન.

**બ્રહ્મચારી જિન**—નેમનાથ બાવીશમા, બ્રહ્મચારી ભગવાન;
તોરણથી પાછા ફર્યા, સુણી તીર્યંચ વાણ.

**નેમ કલ્યાણક**— બાવીશમા તે જિનનાં, ગઢ ગિરનારે જાણ;
કલ્યાણક ત્યાં ત્રણ કહ્યાં, દીક્ષા નાણ નિર્વાણ.

**બાવીશ પરણ્યા**—તીર્થંકર ચોવીશમાં, બાવીશ પરણ્યા જાણ;
નેમિ મલ્લી પરણ્યા નહિં, શાસ્ત્ર શાખે પ્રમાણ.

## તેવીશ વસ્તુ વર્ણન.

**૨૩ ભાગે સિદ્ધ**—સિદ્ધ શિલાની ઉપરના, જોજન ભાગે જાણ;
તેવિશ ભાગ તસ ઉપરે, સિદ્ધ જીવોનું સ્થાન.

સિદ્ધના જીવો-સિદ્ધ શિલાની ઉપર એક જોજનના ૨૪ ભાગ કરીયે તેમાં ૨૩ ભાગ નીચે મુકી છેવટના ૨૪ ના ભાગમાં સિદ્ધના જીવો રહે છે.

**ત્રેવીશ જિન ચડયા**-અહી ત્રેવીશ જિન ચડ્યા, શ્રી સિદ્ધાચળ સ્થાન;
નેમ એકજ નહિં ચડ્યા, આગમ એહ પ્રમાણ.

# ચોવીશ વસ્તુ વર્ણન—ચૈત્યવંદનનાં ૨૪ દ્વાર.

| | નામવારભેદ | ઊતરભેદ | | નામવારભેદ | ઊતરભેદ |
|---|---|---|---|---|---|
| ૧ | નિસિહીઆદિ ૧૦ ત્રિક | ૩૦ | ૧૩ | વંદનીયનું | ૪ |
| ૨ | અભિગમ સાચવવા | ૫ | ૧૪ | સ્મરણ કરવા યોગનું | ૧ |
| ૩ | દેવ વંદનાવસરે સ્ત્રી પુરૂષે ઉભા રહેવા સ્થાન | ૨ | ૧૫ | નામાદિ ચાર નિક્ષેપાનું | ૪ |
| ૪ | જઘન્યાદિ ત્રણ અવગ્રહ | ૩ | ૧૬ | ચાર થુઇ કહેવાનું | ૪ |
| ૫ | ત્રણ પ્રકારે વંદન કરવાનું | ૩ | ૧૭ | દેવ વાંદવાનાં આઠ નિમિતદ્વાર | ૮ |
| ૬ | પંચાંગ પ્રણામ કરવાનું | ૧ | ૧૮ | દેવ વાંદવાના બાર હેતુ | ૧૨ |
| ૭ | નમસ્કાર કરવાનું | ૧ | ૧૯ | કાઉસગ્ગના ૧૬ આગાર | ૧૬ |
| ૮ | નવકાર નવ સૂત્રોના વર્ણનનું દ્વાર | ૧૬૪૭ | ૨૦ | કાઉસગ્ગના ૧૯ દોષ | ૧૯ |
| ૯ | નવકાર નવ સૂત્રોની સંપદાઓની સંખ્યા | ૧૮૧ | ૨૧ | કાઉસગ્ગનું પ્રમાણ | ૧ |
| ૧૦ | નવકાર નવ સૂત્રોની પદ સંખ્યા | ૯૭ | ૨૨ | સ્તવન કેવી રીતે કરવું | ૧ |
| ૧૧ | નમુથ્થુણં આદિ પાંચ દંડક | ૫ | ૨૩ | સાતવાર ચૈત્યવંદન કરવું | ૭ |
| ૧૨ | દેવ વંદનના બાર અધિકારની શ્રેષ્ટતા | ૧૨ | ૨૪ | દશ આશાતના ત્યાગ કરવાનું | ૧૦ |

પરમાત્મા શબ્દ—તેમાંથી નીકળતા ૨૪ આંક—( ૫, ૨, ૪॥, ૮, ૪॥ ) જૈનો ૨૪ તીર્થંકર માને વૈષ્ણવો ૨૪ અવતાર માને, દીન ૨૪ પેગંબરો માને વિગેરે.

# પચીશ વસ્તુ વર્ણન.

**પરમાત્માના ૨૫ નામ**–૧ અર્હન્, ૨ જિન, ૩ પારગત, ૪ ત્રિકાલવિત્, ૫ ક્ષીણાષ્ટકર્મી, ૬ પરમેષ્ટિ, ૭ અધીશ્વર, ૮ શંભુ, ૯ સ્વયંભુ, ૧૦ ભગવાન, ૧૧ જગત્પ્રભુ, ૧૨ તીર્થંકર, ૧૩ તીર્થંકર, ૧૪ જિનેશ્વર, ૧૫ સ્યાદ્વાદિ, ૧૬ અભયપદ, ૧૭ સાર્વ (સાર્વીય) ૧૮ સર્વજ્ઞ, ૧૯ સર્વદર્શી ૨૦ કેવલી, ૨૧ દેવાધિદેવ, ૨૨ બોધિદ, ૨૩ પુરૂષોત્તમ, ૨૪ વીતરાગ, ૨૫ આપ્ત.

**પચીશમા ભવે**—વીરનો નંદન મુનિભવ, પચીશમો તે જાણ;
**માસ કલ્પ** દીક્ષા પર્યાય લાખ વર્ષ, માસ ક્ષમણનું માન.
અગીયાર લાખ ઉપરે, એંશી સહસ ધાર;
છસો પીસ્તાલીશ સવી, માસ ક્ષમણ અવધાર.

**મહાવીર પ્રભુના** પચીસમા ભવે નંદ નામના રાજા પણ હતા, તે પછી દીક્ષા લેઇ તેમને દીક્ષા એક લાખ વર્ષ પાળી, તેમાં (૧૧,૮૦,૬૪૫) એટલા માસ ક્ષમણ કર્યા છે, આવી ઉગ્ર તપસ્યા તેમને એક ભવમાંજ કરી, ધન્ય છે તે મહાપુરૂષને, તેમને શ્રી મહાવીર પ્રભુના નામે પણ, ઘણી ઉગ્ર તપસ્યા કરી છે, તે ૧૨ આંકમાં જણાવી ગયા છીયે, બલિહારી તે પ્રભુના નામની—

**પચ્ચીશ ધનુષ્યમાન શરીર**—કુંવરીરૂપે થયેલ ઓગણીશમા શ્રી મલ્લીનાથ ભગવાનનું શરીર ૨૫ ધનુષ્યમાન હતું.

**પચ્ચીશમો તીર્થંકર**—સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવીકા એ ચારે મળી ચતુર્વિધ સંઘ કહેવાય એ ચતુર્વિધ સંઘ તે પચ્ચીશમો તીર્થંકર ગણાય છે.

# સાડી પચ્ચીશ આર્યદેશ.

દુહો—સાડી પચ્ચીશ દેશ છે, જોગ આર્યના જાણ;
નીચે કોઠે નિહાળજો, વિગત વાર છે બ્યાન.

## તે તે દેશની નગરીઓ અને ગામને કોઠો નિચે પ્રમાણે.

| | દેશ | નગરી | ગામ | | દેશ | નગરી | ગામ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મગધદેશ | રાજગ્રહીનગરી | ૬૬૦૦૦૦૦ | ૧૪ | શાંડિલદેશ | નંદીપુરનગરી | ૧૦૦૦૦ |
| ૨ | અંગદેશ | ચંપાનગરી | ૫૦૦૦૦૦ | ૧૫ | મલયદેશ | ભદિલપુરનગરી | ૭૦૦૦૦૦ |
| ૩ | બંગદેશ | તામ્રલિપ્તિનગરી | ૫૦૦૦૦ | ૧૬ | મત્સદેશ | વૈરાટપુરનગર | ૮૦૦૦૦ |
| ૪ | કલિંગદેશ | કાંચનપુરનગરી | ૧૦૦૦૦૦ | ૧૭ | વરણદેશ | અથ્થાપુરીનગરી | ૨૪૦૦૦ |
| ૫ | કાશીદેશ | વણારશીનગરી | ૧૯૨૦૦૦ | ૧૮ | દશાર્ણદેશ | મૃત્તિકાવતીનગરી | ૧૮૯૨૦૦૦ |
| ૬ | કોશલદેશ | સાકેતપુરનગરી | ૯૯૦૦૦ | ૧૯ | ચેદિદેશ | શુકિતકાવતીનગરી | ૬૮૦૦૭ |
| ૭ | કુરૂદેશ | હસ્તિનાપુરનગરી | ૮૭૩૨૫ | ૨૦ | સિંધુસૌવીર. | વીતભયપતનનગરી | ૬૮૫૦૦ |
| ૮ | કુશાવર્તદેશ | સૌરીપુરનગરી | ૧૪૦૮૩ | ૨૧ | શૂરસેનદેશ | મથુરાનગરી | ૬૮૦૦૦ |
| ૯ | પંચાલદેશ | કાંપિલપુરનગરી | ૩૮૩૦૦૦ | ૨૨ | ભંગદેશ | પાવાપુરીનગરી | ૩૬૦૦૦ |
| ૧૦ | જંગલદેશ | અહિછાત્રનગરી | ૧૪૫૦૦૦ | ૨૩ | માસદેશ | પુરિવટ્ટાનગરી | ૧૪૨૫ |
| ૧૧ | સૌરાષ્ટ્રદેશ | દ્વારામતિનગરી | ૬૮૦૫૦૦૦ | ૨૪ | કુણાલદેશ | સાવથ્થીનગરી | ૬૩૦૫૩ |
| ૧૨ | વિદેહદેશ | મિથિલાનગરી | ૮૦૦૦ | ૨૫ | લાટદેશ | કોહીવર્ષનગરી | ૨૧૦૩૦૦૦ |
| ૧૩ | વત્સદેશ | કૌસાંબનગરી | ૨૮૦૦૦ | ०॥ | કેકયદેશ | શ્વેતાંબિકાનગરી | ૨૫૮ |

જૈન પ્રબોધ.

આ આર્યદેશો–ભરતક્ષેત્રના દક્ષિણભાગે મધ્ય ખંડવિષે જાણવા, તેમાંજ તીર્થંકરાદિક ત્રેશઠ શલાકા પુરૂષોનું ઉપજવું થાય છે, અને શક, યવનાદિક ૩૧૯૭૪॥ દેશ છે, તેમાં તો સર્વ અનાર્ય લોકો વસે છે.

# છવીશ વસ્તુ વર્ણન.

## સર્વાર્થ સિદ્ધ વિમાન.

**સર્વાર્થ સિ૦ વિ૦**—સર્વાર્થ સિદ્ધના દેવનું, છવીશમું છે સ્થાન;
લાંબુ પ્હોળુ લખ જોજન, તેવું તસ વૈમાન.
„ એક અવતારી દેવ એ, તેત્રિસ સાગર આય;
શય્યા માંહિ પોઢ્યા રહે, એક હાથની કાય.
„ મોતી બસો ત્રેપન તણો, ચંદરવો ત્યાં જાણ;
રાગ રાગણી ધુન્યમાં, લેવે સુખની લ્હાણ.

## તે વિમાનના ચંદ્રવાના મોતીની સમજ.

| તેના ફરતા આત ઘેરની સમજ | ૨૫૩ મોતીની સમજ | તે દરેકનું વજન | કુલ વજન ૮૩૨ મણ |
|---|---|---|---|
| ૧ પહેલું એક વચમાં | ૧ મોતી | ૬૪ મણના | ૬૪ |
| ૨ તેની ફરતી બાજુ | ૪ મોતી | ૩૨ મણના | ૧૨૮ |
| ૩ તેની ફરતી બાજુ | ૮ મોતી | ૧૬ મણના | ૧૨૮ |
| ૪ તેની ફરતી બાજુ | ૧૬ મોતી | ૮ મણના | ૧૨૮ |
| ૫ તેની ફરતી બાજુ | ૩૨ મોતી | ૪ મણના | ૧૨૮ |
| ૬ તેની ફરતી બાજુ | ૬૪ મોતી | ૨ મણના | ૧૨૮ |
| ૭ તેની ફરતી બાજુ | ૧૨૮ મોતી | ૧ મણના | ૧૨૮ |
| | કુલ ૨૫૩ મોતી | | કુલ ૮૩૨ મણ |

આ વૈમાનના દેવો-કલ્પાતીત દેવો કહેવાય છે, તે દેવો તીર્થંકરના કલ્યાણકમાં જાય નહિ, સય્યામાં પોઢ્યા રહેવે, તેમની એક હાથની કાય છે, તેમને કાંઇ પણ પ્રશ્ન પૂછવો હોય તો, સય્યામાં પડ્યા થકા ત્યાંથી મન ધારણાએ તીર્થંકર કે કેવલીને પૂછે, તેનો તીર્થંકર કે કેવલી પણ મન ધારણ એ ઉત્તર આપે તેથી તે સમજી લે.—તે દેવો એકાવતારી છે. તેમનું ૩૩ સાગર આયુ છે.

**સર્વાર્થ સિદ્ધથી આવ્યા**—આદિ શાંતિ ને કુંથુ જિન, અરજિનંદ અવધાર;
ચવીયા સર્વાર્થ સિદ્ધથી, જિનવર જાણો ચાર.

છવીશ હજાર-જૈન મંદિર સંપ્રતિરાજાયે ૨૬૦૦૦ નવા જૈન મંદિરો બંધાવ્યાં હતાં.

---

# સતાવીશ વસ્તુ વર્ણન

## મહાવીર જિનના ૨૭ ભવ-

મનહરછંદ.

વિદેહમાં નયસાર સૌધર્મે દેવ ભરત;
પુત્ર મરીચિ પાંચમા દેવે દેવો જાણીયે;
કોંચક બ્રાહ્મણ પાંચે છએ દેવ સૌધર્મમાં;
પુષ્પમિત્ર પુરોહિત સાતમે પ્રમાણીયે;
સાધર્મ દેવમાં દેવ અગ્નિઘાત વિપ્ર નવે.
દશે ઈશાન ને અગ્નિ વિપ્ર ઠીકઠાણીયે;
સન્ત કુમારનો બાર બાર ધ્વજ વિપ્ર તેર.
ચોથા દેવ લોકે દેવ ચૌદ ઉર આણીયે; ૧
થાવર ધ્વજ વિપ્રને બ્રહ્મ દેવ લોકે દેવ.
વિશ્વભૂતિ રાય પછી સ્વર્ગમાં સિધાવીય;
ત્રિપૃષ્ટ વાસુદેવ ને સાતમી નર્ક વીશે.
એકવીશે સિંહ નર્ક તીર્યંચે ભમાવીયા;
પ્રિયમિત્રચક્રી અને મહાશુક દેવ પણે.
નંદનૃપ પછી દેવ પ્રાણુત તે પાવીયા;
સતાવીશે મહાવીર તર્યા ભવજળ તીર.
લલિત નમાવે શિર લેખે પ્રભુ લાવીયા; ૨

સતાવીશમો ભવ ૦—( બ્રામણ કુંડ ગામમાં ૮૨ દિવસ રૂષભદત્તને દેવાનંદના પુત્ર ) પછી ૮૩ મી રાત્રિયે ક્ષત્રિયકુંડ નગરમાં ઈક્ષ્વાકુ કુલે ત્રિસલાકુખે આવ્યા

**શ્રી શત્રુંજયગિરિ ઉપર**—સર્વે ટુંકોમાં થઇ પાષાણુ અને ધાતુની કુલ પ્રતિમાઓ (૨૭૦૦૦) સતાવીશ હજાર છે, તે આજથી વીશેક વર્ષ ઉપર શ્રી મણીવિજય મહારાજે દસ દિવસ સુધી જાતે પરિશ્રમ લઇ ગણેલ છે.

# અઠાવીશ વસ્તુ વર્ણન.

**ભગવંતની ૨૮ પ્રકારની ઉપમા**—૧ તેજમાં સૂર્ય, ૨ ગ્રહમા ચંદ્ર, ૩ ઊષ્ણમાં અગ્નિ, ૪ જળસ્થાને સમુદ્ર, ૫ દેવમાં ઇંદ્રિ, ૬ પર્વતે મેરૂ, ૭ લંબાઇયે નિષધ, ૮ ગોળમાં રૂચક, ૯ વક્ષમાં કલ્પ, ૧૦ વનમાં નંદન, ૧૧ શબ્દમાં મેઘનો, ૧૨ સુગંધેબાવના ચંદન, ૧૩ સમુદ્રમાં સ્વયંભૂરમણ, ૧૪ નાગકુમારે ધરણેંદ્ર, ૧૫ રસમાં શેલડી, ૧૬ હસ્તિમાં ઐરાવત, ૧૭ સિંહમાં કેસરી, ૧૮ નદીમાં ગંગા, ૧૯ પંખીમાં ગરૂડ, ૨૦ યુદ્ધમાં વાસુદેવ, ૨૧ ફુલોમાં કમળ, ૨૨ દાનમાં અભય, ૨૩ રાજામાં ચક્રી, ૨૪ ભાષામાં સત્ય પાપ રહિત, ૨૫ તપસ્યામાં શીયલ, ૨૬ દેવ સ્થાને સર્વાર્થસિદ્ધ, ૨૭ સભામાં સુધર્મા, ૨૮ ધર્મમાં મુક્તિ મોટી છે તેમ તે સર્વમાં ભગવંત મોટા છે-

**સવિ જિન સાધુ**—ચોવીશ જિન હસ્ત દીક્ષિત, સાધુ સંખ્યા સાર;
**સંખ્યા**— અઠાવીશ લખ ઉપરે, અડતાલીશ હજાર.

**૨૮ લાખ ચૈત્ય**—અઠાવીશ લખ ઇશાનમાં, જિન ચૈત્ય છે જાણ.
હરેકે એકસો એંશી, પ્રતિમાનું પ્રમાણ

૨૮ ગણધર— મલ્લિનાથ ભગવાનના, ગણધર અઠ્ઠાવીશ
શાસ્રો માંહે સુચવ્યા, હૈયે સુણીને હીસ.

# ત્રીશ વસ્તુ વર્ણન.

## તીર્થંકર અભિષેકના ૩૦ સિંહાસન

એક મેરૂ ઉપર ચાર શિલ્લા હોય, એવા પાંચ મેરૂ પર્વત છે, જે શિલ્લા પૂર્વ અને પશ્ચિમે છે, તેના ઉપર બબે સિંહાસન છે, અને જે શિલ્લા ઉત્તર અને દક્ષિણે છે, તેનો ઉપર અકેક સિંહાસન છે, જ્યાં જ્યાં તે મેરૂ છે, ત્યાં ત્યાં તે મહાવિદેહે ચાર ચાર તીર્થંકર એક સમયે જન્મે, તે પ્રમાણે પાંચ વિદેહનાં ૨૦ થાય તે એક સમયે વીશેનો અભિષેક થાય, તેમ પાંચ ભરતના

પાંચ અને પાંચ ઐરવતના પાંચ એ દશે એક સમયે જન્મે ત્યારે દશ જન્માભિષેક એક સમયે થાય, તે માટે ૧૦ અથવા વીશ એક સમયે જન્મે એમ કહ્યું.

એમ વીશ વીશ એક એક સમય પછી જન્મીને થોડાજ કાળમાં ૧૬૦ પાંચ મહાવિદેહની સર્વ વિજયમાં પૂરા થાય, પણ ૧૬૦ એકી વખતે જન્મે નહિ, કારણ કે સિંહાસન ૩૦ છે તો જન્માભિષેક કેવી રીતે થાય, તેટલા માટે એક સાથે તો ૨૦ અથવા ૧૦ જન્મે વધારે નહિં.

**ત્રીશ ચોવીશી**—પાંચ ભરત પાંચ ઐરવત, ત્રીશ ચોવીશી જાણ;
અતીત ચાલુ ને આવતી, દરેકે ત્રણ પ્રમાણ.

# એકત્રીશ વસ્તુ વર્ણન.

## સિદ્ધના એકત્રીશ ગુણો.

મનહરછંદ.

વાટલું ત્રિખુણ અને ચોખુણને લાંબુ એમ,
પરિ મંડલ ને પાંચ સંસ્થાનો ઠાણવા;
વર્ણ શ્વેત નીલ પીત રક્ત શ્યામ ગંધ બેને,
ખાટો ખારો તીખો તુરો મીષ્ટ રસો માનવા;
ટાઢો ઉનો લુખો અને ચોપડો હળવો ભારે,
સુંવાળોને ખરસટ ફરસો પ્રમાણવા;
કાયયોગ ત્રણ વેદ અંગ સંગ ફરી જન્મ,
એકત્રીશ વિના સિદ્ધ લલિત તે જાણવા. ૧

## તે ૩૧ ગુણોનો ખુલાસો.

૫ **પાંચ સંસ્થાન**—(વાંટલું, ત્રિખુણ, ચુાખુણ, લાંબુ, પરિમંડલ,)
૫ **પાંચ વર્ણ**—(શ્વેત, લીલો, પીળો, રાતો, કાળો.)
૨ **ગંધ**—સુગંધ અને દુર્ગંધ
૫ **પાંચ રસ**—(ખાટો, ખારો, તીખો, કસાયલો, મધુર.)

૮ **આઠ ફરસ**—(ટાઢો, ઉનો, લુખો ચોપડો, હળવો, ભારે, સુંવાળો, બરસટ.

૧ **એક શરીર**—કાયયોગ—

૩ **ત્રણ વેદ**—(સ્રી, પુરૂષ, નપુંશક.)

૧ **એક પદાર્થ**—(એક પદાર્થ સંગ.)

૧ **એક પુનર્જન્મ**—(ફરીથી જન્મવું તે.)

આ એકત્રીશ પદાર્થોથી રહીત હોવાથી, તેજ એકત્રીશ ગુણે કરીને સહિત એવા સિદ્ધને હું વંદુ છું.

**વળી પણ સિદ્ધના ૩૧ ગુણ કહે છે.**

૫ **પાંચ**—પ્રકારના જ્ઞાન વરણીય કર્મથી રહિત.

૯ **નવ**—પ્રકારના દર્શના વરણીય કર્મથી રહિત.

૨ **બે**—પ્રકારના વેદનીય કર્મથી રહિત.

૨ **બે**—પ્રકારના મોહનીય કર્મથી રહિત.

૪ **ચાર**—પ્રકારના આયુ કર્મથી રહિત.

૨ **બે**—પ્રકારના નામ કર્મથી રહિત,

૨ **બે**— પ્રકારના ગોત્ર કર્મથી રહિત.

૫ **પાંચ**—પ્રકારના અંતરાય કર્મથી રહિત.

## બત્રીશ વસ્તુ વર્ણન.

### ઉત્તમ પુરૂષનાં બત્રીશ લક્ષણો.

**મનહર છંદ.**

છત્ર તામરસ[1] ધનુ, રથ દંભોલિ[2]ને કૂર્મ,
અંકુશ વાવ સ્વસ્તિક, તોરણ કહાવે છે;
સરોવર પંચાનન[3], વૃક્ષ ચંદ્ર શંખ અસિ[4],
ગજ સાગર કળશ, પ્રાસાદ તે આવે છે.
મીન જવ યૂપ[5] સ્તૂપ[6], કમંડલૂને પર્વત,
ચામર દર્પણ ઉક્ષા[7], પતાકા વિંજાવે છે;

૧ કમળ, ૨ વજ, ૩ સિંહ, ૪ ખડ્ગ, ૫ યજ્ઞ સ્તંભ ૬ છત્રી, ૭ બળદ,

કમળાભિષેક અને, સુદર્શને કેકી સંગ,
બત્રીશ લક્ષણો હસ્તે, લલિત લેખાવે છે.

## બીજાં બત્રીશ લક્ષણો.

**બીજી રીતેથી**—સાત રાતાંને છ ઉન્નત, પણ સૂક્ષ્મ દીર્ઘ પંચ;
**લક્ષણો** ત્રણ વિપુલ લઘુ ગંભીર, બત્રીશ લક્ષણ સંચ.

## તેનો ખુલાસો.

૭ **રાતાં**—નખ, ચરણ, હસ્ત, જીહ્વા, હોઠ, તાલુ, નેત્ર.
૬ **ઊન્નત**-કાખ, હૃદય, ડોક, નાક, નખ, મોઢું.
૫ **સૂક્ષ્મ**-દાંત, ચામડી, કેશ, આંગળીપર્વ, નખ,
૫ **દીઘ**—આંખો, હૃદય, નાશિકા, દાઢી, ભુજા.
૩ **વિસ્તિર્ણ**-કપાળ, છાતી, મોઢું.
૩ **લઘુ**-ડોક, જંઘા, પુરૂષ ચિન્હ,
૩ **ગંભીર**-સત્વ, સ્વર, નાભિ,

**૩૨૦૦૦૦૦ ચૈત્ય**-પહેલા સૌધર્મ દેવનાં, બત્રીશ લાખ વિમાન;
હરેકે અકેક ચૈત્યમાં, પ્રતિમાનું પ્રમાણ.
હરેકે એકશો એંશી, જિનવર પ્રતિમા જાણ.
વંદન તસ વિધિયે કરો, કરવા આત્મકલ્યાણ.

**૩૨૦૦૦ દેશ**— બત્રીશ હજાર દેશનો, ચક્રી રાય કહાય;
સાડી પચીશ આર્ય છે, અન્ય અનાર્ય ગણાય.

**બત્રીસો જીર્ણોદ્ધાર**—વસ્તુપાળ-તેજપાળે ૩૨૦૨ જીર્ણોદ્ધાર કરાવ્યાં છે.

## મહાવિદેહની બત્રીશ વિજયો.

(મનહર છંદ)

પ્રથમ કચ્છ સુકચ્છ મહાકચ્છ કચ્છાવતી.
આવર્ત મંગલાવર્ત પુષ્કલા પ્રમાણીયે;

---

૮ માળા, ૯ મોર.

પુષ્કલાવતી ને વચ્છ સુવત્સ ને મહાવત્સ,
વાસાવતી રમ્ય એમ રમ્યક તે જાણીયે.
રમણી મંગલાવતી પદ્મ સુપદ્મવિજય,
મહાપદ્મ પદ્માવતી શંખ કુમુદાણીયે;
નલિન નલિનાવતી વપ્રા સુવપ્ર ને મહા,
વપ્ર વપ્રાવતી વલ્ગુ સુવલ્ગુ તે માનીયે. ૧

દુહો—ગંધિલ ગંધીલાવતી, પૂરવ પશ્ચિમ દીશ;
જંબૂદ્રીપ વિદેહમાં, લલિત વિજય બત્રીશ.

## તે બત્રીશ વિજયની બત્રીશ નગરીઓ.

મનહર છંદ

ક્ષેમા ક્ષેમપુરા અને અરિષ્ટા અરિષ્ટપુરા,
ખડ્ગી મંજૂષા રૂષભા પુંડરિગિણીની છે;
સુસીમા કુંડલાવળી અપરાવતી નગરી,
પ્રભંકરા અંકાયતી ને પદ્માવતીની છે;
શુભા ને રત્નસંચયા અશ્વપુરા સિંહપુરા,
મહાપુરા અને વિજયપુરા નામની છે;
અપરાજિતા અપરા અશોકા ને વિતશોકા,
વિજયા ને વૈજયંતી જયંતી નામની છે; ૧

દુહો—અપરાજીતા ચક્રપુરા, ખડ્ગ પુરાયે ત્રીશ;
અવધ્યા અયોધ્યા વિજયે, લલિત નગરી બત્રીશ.

## તે વિજયો તથા વક્ષસ્કાર પર્વતો અને નદીઓનું માન

**તે દરેક વિજય**- ૨૨૧૩ પર્વત. ૫૦૦ અને નદી ૧૨૫ જોજન પહોળા છે, તથા દરેક વિજય, પર્વત અને નદી ૧૬૫૯૨ જોજન લાંબા છે. અને દરેક પર્વતો ૪૦૦ થી ૫૦૦ જોજન ઉંચા છે.

**તેત્રીશ સાગરોપમ આયુ**--સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોનું હોય છે. સયામાં પોઢયા થકા તે દેવો સાડા સોળ સાગરોપમે એક પાસુ ફેરવે, અને બીજા સાડાસોળ સાગરોપમે બીજુ પાસુ ફેરવી તેત્રીશ સાગરોપમ પુરા કરે છે.

# ચોત્રીશ વસ્તુ વર્ણન

## ભગવાનના ૩૪ અતિશય.

દુહો—જન્મથકીના ચાર જાણુ, કર્મ ક્ષ્ટે અગીયાર;
ઓગણીશ અમરે કર્યા, તેવા જ ત્રણ પ્રકાર.

૧ શરીર અનંતરૂપ ને સુગંધીમય રોગ પરસેવા ને મળ રહિત.
૨ રૂધિર તથા માંસ ગાયના દુધ જેવાં ધોળા ને દુર્ગંધ રહિત.
૩ આહાર અને નિહાર ચર્મચક્ષુવાળા જોઇ શકે નહિં.
૪ શ્વાસોશ્વાસમાં કમળ જેવી સુગંધ હોય. આ ચાર અતિશયો જન્મથી જ હોય છે, તે ( સહેજાતિશય વા૦ મૂલાતિશય ) કહેવાય છે.
૫ યોજન પ્રમાણુ સમવસરણુમાં મનુષ્ય, દેવ અને તિર્યંચની કોડાકોડી સમાય અને તેમને બાધા થાય નહિં.
૬ પચીશ યોજન એટલે બસેં ગાઉ સુધી પૂર્વોત્પન્ન રોગ ઉપશમે અને નવા રોગો થાય નહિં.
૭ વૈરભાવ જાય.
૮ મરકી થાય નહિં.
૯ અતિવૃષ્ટિ એટલે હદ ઉપરાંત વરસાદ થાય નહિં.
૧૦ અનાવૃષ્ટિ એટલે વરસાદનો અભાવ થાય નહિં.
૧૧ દુર્ભિક્ષ એટલે દુકાળ ન પડે.
૧૨ સ્વચક્ર અને પરચક્રનો ભય ન હોય.
૧૩ ભગવંતની ભાષા મનુષ્ય, તિર્યંચ અને દેવતા પોતપોતાની ભાષામાં સમજે ( વાણી પાંત્રીશ ગુણવાળી હોય છે તે આની પછી જણાવી છે. )
૧૪ એક યોજન સુધી સરખી રીતે ભગવાનની વાણી સંભળાય.
૧૫ સૂર્યથી બારગણું તેજવાળું ભામંડલ હોય. આ ૫ થી ૧૫ સુધી અગિયાર અતિશયો કેવળજ્ઞાન થાય ત્યારે થાય, તેથી તે કર્મક્ષયજાતિશય કહેવાય ૬ થી ૧૨ માં જણાવેલા રોગાદિક સાત ઉપદ્રવો ભગવંત વિહાર કરે ત્યારે પણ ચારે દિશાએ ફરતા પચીશ યોજન સુધી ન હોય.

૧૬ આકાશમાં ધર્મચક્ર હોય.

૧૭ ચોવીશ ચામર અણુવીંજ્યા વીંજાય.

૧૮ પાદપીઠ સહિત સ્ફટિક રત્નનું ઉજ્વલ સિંહાસન હોય.

૧૯ ત્રણ ત્રણ છત્ર સમવસરણ વખતે દરેક દિશાએ હોય.

૨૦ રત્નમય ધર્મધ્વજ હોય ( ઇંદ્રધ્વજ કહે છે. )

૨૧ નવ સુવર્ણ કમળ ઉપર ચાલે. બે ઉપર પગ મૂકે ને સાત પાછળ હોય તે તે વારા ફરતી બે બે આગળ આવે.

૨૨ મણિ-સુવર્ણ- રૂપુ એમ ત્રણ જાતિના ગઢ હોય.

૨૩ ચાર મુખે દેશના આપે, પૂર્વ દિશાએ ભગવાન પોતે બેસે ને ત્રણ દિશામાં ત્રણ બિંબ વ્યંતર દેવ સ્થાપે.

૨૪ પોતાના શરીરથી બારગણું ઉંચું અશોકવૃક્ષ, છત્ર, ઘંટા, પતાકાદિથી યુક્ત હોય.

૨૫ કાંટા અવળા થઇ જાય.

૨૬ ચાલતી વખતે સર્વ વૃક્ષો પ્રણામ કરે.

૨૭ ચાલતી વખતે આકાશમાં દુંદુભિ વાગે.

૨૮ જોજન સુધી અનુકૂળ પવન વાય.

૨૯ મોર વિગેરે શુભ પક્ષીઓ પ્રદક્ષિણા કરતાં ફરે.

૩૦ સુગંધી જળની વૃષ્ટિ થાય.

૩૧ જળ-સ્થળમાં થયેલા પાંચ વર્ણના સચિત્ત પુલની ઢીંચણ સુધી વૃષ્ટિ થાય.

૩૨ કેશ, રોમ, દાઢી, મુચ્છના વાળ, નખ સંયમ લીધા પછી વધે નહી

૩૩ જઘન્યપણે ચારે નિકાયના ક્રોડ દેવો પાસે રહે.

૩૪ સર્વે ઋતુઓ અનુકૂળ રહે—૧૬ થી ૩૪ એટલે ૧૯ અતિશયો દેવતા કરે તેથી તે દેવકૃતાતિશય કહેવાય. પ્રભુના ગુણમાં જે ચાર અતિશય આવે છે, તેનો ૩૪ માં સમાવેશ થાય છે.

# પાંત્રીશ વસ્તુ વર્ણન.

## ભગવાનની પાંત્રીશ ગુણ વાણી.

મનહર છંદ.

સર્વસ્થાન જોજન તે, સંભળાય પ્રોઢ વળી,
મેઘધ્વનિ જયું ગંભીર, સ્પષ્ટ શબ્દે વર છે;
સંતોષકારક તેમ, હરેક જીવ જાણે જે,
મનોજ કહે છે પુષ્ટ, ઉક્ત અર્થે ભર છે;
પૂર્વાપર ન વિરોધ, મહાપુરૂષને છાજે,
સંદેહ ને દોષ વિણ, તેમ અર્થે તર છે;
આકરો વિષય સ્હેલો, જેવું શોભે તેવું બોલે,
ષડ્ દ્રવ્ય નવ તત્વે, પુષ્ટ ખરેખર છે. ॥ ૧ ॥

પ્રયોજનવાળી વળી, પદ રચનાયે પૂરી,
ષડ્ દ્રવ્ય નવ તત્વ, પટુતા સહિત છે;
મધુરી પરના મર્મ, જણાઇ ન આવે એવી,
ચતુરાઇવાળી ધર્મ, અર્થથી વિદીત છે;
દીપ જયું પ્રકાશે પર, નિંદા નિજ શ્લાઘા નહિં,
કર્તા કર્મ ક્રિયા કાળ, વિભક્તિ સહિત છે;
આશ્ચર્ય કરીને વક્તા, સર્વ ગુણસંપન્ન છે,
એવું દાખે ધૈર્યવાળી, વિલંબ રહિત છે. ॥ ૨ ॥

ભ્રાંતિયે રહિત સર્વે, પોતાની ભાષામાં જાણે,
શિષ્ટ બુદ્ધિ ઉપજાવે, પંડિતે પ્રમાણી છે;
પદ અર્થને અનેક, રીતથી શોભાવે ટેક,
સાહાસિક ભરી છેક, મંગળ મજાની છે;
પુનરૂક્તિ દોષ ત્યાગે, શ્રોતાને તે સારી લાગે,
બાર પર્ષદાની આગે, લલિત વદાણી છે;
માલકોષ રાગે વાણી, દેવતાની પ્રેરી જાણી,
પાંત્રીશ સુગુણ ખાણી, મોક્ષની નીશાની છે. ॥ ૩ ॥

## વળી તે વાણી કેવી છે ?

રાગ ઉપરનો

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;
સકલ જગત હિતકારણી હારણી મોહ,
તારણી ભવાબ્ધિ મોક્ષ ચારિણી પ્રમાણી છે;
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઇ મેં માની છે;
અહો રાજચંદ્ર બાલ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વરતણી વાણી જાણી તેણે જાણી છે.

**પાંત્રીશ ગણધર**—સત્તરમા શ્રી કુંથુનાથ પ્રભુના છે તેમાં મુખ્ય શાંબ નામે ગણધર છે.

**છત્રીશ ગણધર**—સોળમા શ્રી શાંતિનાથ પ્રભુના છે તેમાં મુખ્ય ચક્રયુક્ત ગણધર છે.

**ચૈત્યની સંખ્યા—** ચાલીશ સહસ મહાશુક્રે, જિનના ચૈત્ય જુહાર;
એકસો એંશી એકમાં, પ્રતિમાનો પરિવાર.

**તેંતાલીશ ગણધર**—પંદરમા શ્રી ધર્મનાથ પ્રભુના છે તેમાં અરિષ્ટ નામે મુખ્ય ગણધર છે.

**સાધ્વીની સંખ્યા—** સવિજિન હાથની સાધ્વી, ચુંવાલીશ લખ કર;
છેંતાલીશ સહસ ઉપરે, ચારસો અને છ ધર.

**આગમપૂજા**—આગમ પીસ્તાલીશની, પૂજા રૂડી પેર
વીરવિજયજી તે રચી, ભવિ ભણો રંગભેર.
એ આગમના નામનો, વિગતવાર વિસ્તાર;
સાધુ સન્મિત્રે સૂચવ્યો, સમજો ત્યાંથી સાર.

આ પીસ્તાલીશ આગમની સમજ સાધુ સન્મિત્રમાં પીસ્તાલીશ આંકથી, તેમ ૪૫ આંકમાં જણાવેલ સર્વે સૂત્રોના જુદા જુદા આંકથી જાણી લેવા. ત્યાં સમજ આપેલી છે.

**પચ્ચાસ ગણધર**—ચૌદમા શ્રી અનંતનાથ પ્રભુના છે. તેમાં મુખ્ય જસ નામે ગણધર છે.

**ચૈત્યની સંખ્યા—** પચ્ચાસ સહસ લાંતકમાં, જિન ચૈત્યો જુહાર;
પ્રત્યેકે પ્રતિમા જિનની, એક સો એંશી ધાર.

# શાશ્વતા ચૈત્ય અને તેમાં રહેલા પ્રતિમાસ્થાન વિગેરે.

શાશ્વતાજિન—શાશ્વતા જિનસ્થાનનો, કોઠાનો તે કાર,
વિગતવાર તેહ વર્ણવું, સમજવા તસ સાર.

| | સ્થાનક નામ | જિન ચૈત્ય | પ્રત્યેક પ્રતિમા | કુલ પ્રતિમા સંખ્યા | પ્રતિમા શરીર ધનુષ્ય | મંદિર લંબાઇ યોજન | મંદિર ચોડાઇ યોજન | મંદિર ઉંચાઇ યોજન |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અનુત્તરે | ૫ | ૧૨૦ | ૬૦૦ | ૫।।। | ૧૦૦ | ૫૦ | ૭૨ |
| ૨ | ગ્રૈવેયકે | ૩૧૮ | ૧૨૦ | ૩૮૧૬ | ,, | ,, | ,, | ,, |
| ૩ | સૌધર્મે | ૩૨૦૦૦૦૦ | ૧૮૦ | ૫૭૬૦૦૦૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૪ | ઇશાને | ૨૮૦૦૦૦૦ | ,, | ૫૦૪૦૦૦૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૫ | સનતકુમારે | ૧૨૦૦૦૦૦ | ,, | ૨૧૬૦૦૦૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૬ | મહેંદ્રે | ૮૦૦૦૦૦ | ,, | ૧૪૪૦૦૦૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૭ | બ્રહ્મલોકે | ૪૦૦૦૦૦ | ,, | ૭૨૦૦૦૧૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૮ | લાંતકે | ૫૦૦૦૦ | ,, | ૯૦૦૦૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૯ | શુક્રદેવે | ૪૦૦૦૦ | ,, | ૭૨૦૦૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૧૦ | સહસ્રારે | ૬૦૦૦ | ,, | ૧૦૮૦૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૧૧ | આણતે | ૨૦૦ | ,, | ૨૬૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૧૨ | પ્રાણતે | ૨૦૦ | ,, | ૩૬૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૧૩ | આરણે | ૧૫૦ | ,, | ૨૭૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૧૪ | અચ્યુતે | ૧૫૦ | ,, | ૨૭૦૦૦ | ,, | ,, | ,, | ,, |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | અસુરકુમારે | ૬૪૦૦૦૦૦ | ,, | ૧૧૬૨૦૦૦૦૦૦ | ,, | ૫૦ | ૨૫ | ૩૬ |
| ૧૬ | નાગકુમારે | ૮૪૦૦૦૦૦ | ,, | ૧૫૧૨૦૦૦૦૦૦ | ,, | ૨૫ | ૧૨॥ | ૧૮ |
| ૧૭ | સુવર્ણકુમારે | ૭૨૦૦૦૦૦ | ,, | ૧૨૯૬૦૦૦૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૧૮ | વિદ્યુતકુમારે | ૭૬૦૦૦૦૦ | ,, | ૧૩૬૮૦૦૦૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૧૯ | અગ્નિકુમારે | ૭૬૦૦૦૦૦ | ,, | ૧૩૬૮૦૦૦૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૨૦ | દ્વીપકુમારે | ૭૬૦૦૦૦૦ | ,, | ૧૩૬૮૦૦૦૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૨૧ | ઉદધિકુમારે | ૭૬૦૦૦૦૦ | ,, | ૧૩૬૮૦૦૦૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૨૨ | દિશિકુમારે | ૭૬૦૦૦૦૦ | ,, | ૧૩૬૮૦૦૦૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૨૩ | વાયુકુમારે | ૭૬૦૦૦૦૦ | ,, | ૧૩૬૮૦૦૦૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૨૪ | સ્તનિતકુમારે | ૭૬૦૦૦૦૦ | ,, | ૧૩૬૮૦૦૦૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૨૫ | જંબૂવૃક્ષે | ૧૧૭૦ | ૧૨૦ | ૧૪૦૪૦૦ | ૫૦૦ | ગાઉ ૧ | ગાઉ ૦॥ | ધનુષ્ય૧૪૪૦ |
| ૨૬ | કંચનગિરિયે | ૧૦૦૦ | ,, | ૧૨૦૦૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૨૭ | કુંડે | ૩૮૦ | ,, | ૪૫૬૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૨૮ | દીર્ઘવૈતાઢ્યે | ૧૭૦ | ,, | ૨૦૪૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૨૯ | મહાનદીયે | ૭૦ | ,, | ૮૪૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૩૦ | ગજદંતે | ૨૦ | ,, | ૨૪૦૦ | ,, | ૫૦ | ૨૫ | ૩૬ |
| ૩૧ | નંદીશ્વરદ્વીપે | ૫૨ | ૧૨૪ | ૬૪૪૮ | ,, | ૧૦૦ | ૫૦ | ૭૨ |
| ૩૨ | ભદ્રશાળવને | ૨૦ | ૧૨૦ | ૨૪૦૦ | ,, | ૫૦ | ૨૫ | ૩૬ |
| ૩૩ | નંદનવને | ૨૦ | ,, | ૨૪૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૩૪ | સોમનસવને | ૨૦ | ,, | ૨૪૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૩૫ | પાડકવને | ૨૦ | ,, | ૨૪૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૩૬ | વૃક્ષસ્કારાયે | ૮૦ | ,, | ૨૬૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૩૭ | કુલગિરિયે | ૩૦ | ,, | ૩૬૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૩૮ | દિગ્ગજે | ૪૦ | ,, | ૪૮૦૦ | ,, | ગાઉ ૧ | ગાઉ ૦॥ | ધનુષ્ય૧૪૪૦ |
| ૩૯ | દ્રહે | ૮૦ | ,, | ૯૬૦૦ | ,, | ,, | ,, | ,, |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪૦ | યમકપર્વતે | ૨૦ | ૧૨૦ | ૨૪૦૦ | ૫૦૦ | ગાઉ ૧ | ગાઉ ૦ાા | ધનુષ્ય૧૪૪૦ |
| ૪૧ | વ્રતવૈતાઢયે | ૨૦ | ,, | ૨૪૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૪૨ | રાજધાનીયે | ૧૬ | ,, | ૧૯૨૦ | ,, | ,, | ,, | ,, |
| ૪૩ | મેરૂચૂલિકાયે | ૫ | ,, | ૬૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૪૪ | રૂચકે | ૪ | ૧૨૪ | ૪૯૬ | ,, | યોજન ૧૦૦ | યોજન ૫૦ | યોજન ૩૬ |
| ૪૫ | કુંડલદ્વીપે | ૪ | ૧૨૪ | ૪૯૬ | ,, | ,, | ,, | ,, |
| ૪૬ | ઇક્ષુકારે | ૪ | ૧૨૦ | ૪૮૦ | ,, | ૫૦ | ૨૫ | ,, |
| ૪૭ | મનુષ્યોતરે | ૪ | ,, | ૪૮૦ | ,, | ,, | ,, | ,, |
| ૪૮ | કુરૂદસગે | ૧૦ | ,, | ૧૨૦૦ | ,, | ,, | ,, | ,, |
| ૪૯ | વ્યંતરમાં | અસંખ્યાત | ૧૮૦ | અસંખ્યાતી | ,, | ૧૨ાા | ૬ા | ૯ |
| ૫૦ | જ્યોતિષ્કે | અસંખ્યાત | ,, | અસંખ્યાતી | ,, | ,, | ,, | ,, |
| ૫૧ | જ્યોતિપ્રકાશે | અસંખ્યાત | ,, | અસંખ્યાતી | . | ,, | ,, | ,, |

## તે તે બિંબોની વધુ સમજણ. દુહા—

૧૨૦ બિંબ—અષ્ટોતર ગભરામાંહિ, ત્રણે દ્વારની બાર; એક સો વીશ બિંબયું, એક ચૈત્ય અવધાર.

૧૨૪ બિંબ—નંદીશ્વર કુંડલ અને, ત્રીજો રૂચક જાણ; તે ત્રણના ચૌ દ્વાર છે, તેના સોળ પ્રમાણ.
અષ્ટોતર ગભારે અને, સોળ ગણો ચૌ દ્વાર; એક શત ચોવીશ બિંબ, એક ચૈત્યના ધાર.

૧૮૦ બિંબ—ઉત્પાત મજ્જનની અને, અલંકારની ધાર; સિદ્ધાયતન વ્યવસાયની, સભા પાંચ પ્રકાર.
બાર દેવ દશ ભુવનમાં, વ્યંતર જ્યોતિષી જોય; સભા પાંચે પ્રકારની, તે ચૌ સ્થાને હોય.
દર સભાયે બાર બિંબ, સાઠ પાંચના માન; એક ચૈત્યે બિંબ એમ, એક સો એંશી જાણ.

શાશ્વતા જીન—સર્વી શાશ્વતા જિનતણા, ચાર નામ તે જાણ; રૂષભ ચંદ્રાનન અને, વારિષેણ વર્ધમાન.

તેમના સ્થાન—પૂરવ અને દક્ષિણમાં, રૂષભ ને વર્ધમાન; પશ્ચિમ ચંદ્રાનન ઉત્તરે, વારિષેણ વર જાણ.

# જ્ઞાનના ૫૧ ગુણ અને પીઠીકાના.

દુહા.

**જ્ઞાનના ૫૧ ગુણ**—એકાવન ગુણ જ્ઞાનના, વિગતવાર તસ વાસ;
દેવવંદન ને નવપદે, વાંચી વિચારો ખાસ.

## આ પાંચ પીઠીકાના દુહા.

**મતિજ્ઞાન** —સમકિત શ્રદ્ધાવંત ને, ઉપન્યો જ્ઞાન પ્રકાશ;
પ્રણમું પદકજ તેહના, ભાવ ધરીને ઉલ્લાસ.૧

**શ્રૂતજ્ઞાન** —પવયણ શ્રુત સિદ્ધાંત તે, આગમ સમય વખાણી;
પૂજો બહુ વિધ રાગથી, ચરણ કમલ ચિત્ત આણી.૨

**અવધિજ્ઞાન** —ઉપન્યો અવધિ જ્ઞાનનો, ગુણ જેહને અવિકાર;
વંદના તેહને માહરી, શ્વાસ માંહે સો વાર.૩

**મનઃપર્યવજ્ઞાન**—એ ગુણ જેહને ઉપન્યો, સર્વ વિરતિ ગુણ ઠાણ;
પ્રણમું હિતથી તેહના, ચરણ કમલ ચિત્ત આણ.૪

**કેવળજ્ઞાન** —બહિરાતમ ત્યાગે કરી, અંતર આતમ રૂપ;
અનુભવિજે પરમાતમા, ભેદ એકજ ચિદ્રૂપ.૫

## નંદીશ્વરના પર દેરાં.

**બાવન ચૈત્ય** —શ્રી નંદીશ્વર દ્વીપનાં, દેરાં બાવન જાણ;
પ્રત્યેકે પ્રતિમા એક સો, ચોવીશ તું પ્રમાણ.

**આ આઠમો દ્વીપ**—જંબૂદ્વીપથી આઠમો, વળીયાકાર વખાણ;
ઉદ્યાન વાવ પર્વતાદિ, જોગ યોગ ત્યાં જાણ.

**તે તીર્થ મહિમા**—ઇંદ્રાદિ ઓચ્છવ કરે, જાણી ચૈત્ય જુહાર;
વિષ્કંભ તેનું વર્ણવું, આંક જોઈ અવધાર.

**વિષ્કંભ**—( ૧૬૩૮૪૦૦૦૦૦ ) જોજન પ્રમાણ આંગુલ છે એટલે એક અબજ ત્રેસઠ ક્રોડ ચોરાસી લાખ યોજન જાણવું.

**ચોપન મહાપુરૂષો**-તીર્થંકર ચોવીશ તેમ, ચક્રી કેશવ રામ;
મહાપુરૂષ તે માનવા, જગત જન વિસરામ.

# છપન્ન વસ્તુ વર્ણન

## પ્રભુ જન્માવસરે સૂતિકાકર્મે આવતી છપન્ન કુમારી.

મનહર છંદ.

અધો લોક અડ આવી જોજન અશુચિ ટાળી,
ઇશાને સૂતિકાગૃહ કરાવવા વાળી તે;
ઊર્ધ્વલોક આવી અડ કુસુમનું જળ છાંટે;
અડ પૂર્વ દર્પણ દક્ષિણ કળશાળી તે;
અડ પશ્ચિમની પંખા ઊત્તરની ચામર લે,
ચાર વિદિશીની દીપ ચાર રૂચકાળી તે;
કેળનાં તે ઘર કરે સ્નાન અલંકર રક્ષા,
પોટલી બાંધી લલિત મંદિર ઊજાળી તે ॥ ૧

## તેનો વિગતે ખુલાસો

આઠ અધો લોકથી આવી એક જોજન સુધી અશુચિ ટાળી ઇશાન ખૂણે સુતિકાગૃહ કરે.

આઠ ઉર્ધ્વ લોકથી આવી કુસુમવાસિત જળનો છંટકાવ કરે.

આઠ પૂર્વ દિશિથી આવીને દર્પણ ધરીને ઊભી રહે.

આઠ દક્ષિણ દિશિથી આવી કળશા ભરીને ઊભી રહે.

આઠ પશ્ચિમ દિશિથી આવી પંખા વીંજે.

આઠ ઊત્તર દિશિથી આવી ચામર વીંજે.

ચાર વિદિશિએથી આવી દીપક ધરે.

ચાર રૂચક દ્વીપથી આવી કેળનાં ઘર કરે, મર્દન સ્નાન અલંકાર કરે. એઉને રક્ષા પોટલી બાંધી મંદિર શણગારી દેદીપ્યમાન કરે.

**સત્તાવન ગણધર**—તેરમા શ્રી વિમળનાથ પ્રભુના છે—તેમાં મુખ્ય મંદર નામે ગણધર છે.

**૬૦ હજાર**—સાઠ સહસ સુત સગરના, જન્મ તસ સાથે જાણુ;
મુવા પણ તે સાથે સવિ, કર્યા કર્મ પ્રમાણ.

**સાઠ હજાર વર્ષ**—ભરતચક્રવર્ત્તી જ્યારે છ ખંડ સાધવા ગયા ત્યારે ૬૦,૦૮૦ વર્ષ થયા હતા.

**સાઠ હજાર વર્ષ આયંબિલ તપ**—આ અરસામાં સુંદરીએ ૬૦,૦૮૦ વર્ષ આયંબિલની તપશ્ચર્યા કરી હતી.

## કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત,
## શલાકી પુરુષ અને તેમના માતા·

| | નામ | પદવી | પિતાનામ | માતાનામ | નગરી | વર્ણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ભરત | ચક્રવર્તી | ઋષભદેવ | સુમંગળા | અયોધ્યા | કંચન |
| ૨ | સગર | ,, | સુમિત્ર વિ૦ | યશોમતી | ,, | ,, |
| ૩ | અચળ | બળદેવ | પ્રજાપતિ (રિપુપ્રતિશત્રુ) | ભદ્રા | પોતનપુર | સફેત |
| ૪ | ત્રિપૃષ્ટ | વાસુદેવ | ,, | મૃગાવતી | ,, | શ્યામ |
| ૫ | અશ્વગ્રીવ | પ્ર૦વાસુદેવ | મયૂરગ્રીવ | નીલાંજના | રત્નપુર | ,, |
| ૬ | વિજય | બળદેવ | બ્રહ્મ | સુભદ્રા | દ્વારિકા | સફેત |
| ૭ | દ્વિપૃષ્ટ | વાસુદેવ | ,, | ઉમાદેવી | ,, | શ્યામ |
| ૮ | તારક | પ્ર૦વાસુદેવ | શ્રીધર | શ્રીમતી | વિજયપુર | ,, |
| ૯ | સુભદ્ર | બળદેવ | રુદ્ર | સુપ્રભા | દ્વારિકા | સફેત |
| ૧૦ | સ્વયંભૂ | વાસુદેવ | ,, | પૃથ્વી | ,, | શ્યામ |
| ૧૧ | મેરક | પ્ર૦વાસુદેવ | સમરકેસરી | સુંદરી | નંદનપુર | ,, |
| ૧૨ | સુપ્રભ | બળદેવ | સોમ | સ્નિગ્ધદર્શન | દ્વારિકા | સફેત |
| ૧૩ | પુરુષોત્તમ | વાસુદેવ | ,, | સુદર્શના | ,, | શ્યામ |
| ૧૪ | મધુ | પ્ર૦વાસુદેવ | વિલાસ | ગુણવતા | પૃથ્વીપુર | ,, |
| ૧૫ | સુદર્શન | બળદેવ | શિવ | વિજયા | અશ્વપુર | સફેત |
| ૧૬ | પુરુષસિંહ | વાસુદેવ | ,, | અમ્મકા | ,, | શ્યામ |
| ૧૭ | નિશુંભ | પ્ર૦વાસુદેવ | ૦ | ૦ | હરિપુર | ,, |
| ૧૮ | મઘવા | ચક્રવર્તી | સમુદ્રવિજય | ભદ્રા | શ્રાવસ્થિ | કંચન |
| ૧૯ | સનતકુમાર | ,, | અશ્વસેન | સહદેવી | હસ્તિનાપુર | ,, |
| ૨૦ | શાંતિનાથ | ,, | વિશ્વસેન | અચિરા | ,, | ,, |
| ૨૧ | કુંથુનાથ | ,, | શૂરઃ | શ્રીમાતા | ,, | ,, |
| ૨૨ | અરનાથ | ,, | સુદર્શન | દેવી | ,, | ,, |

## ત્રિષષ્ઠી શલાકા પુરૂષ ચરિત્ર ઉપરથી, ત્રેસઠ પિતાદિક હકીકતનું વર્ણન.

| દેહમાન ધનુષ્ય | આયુષ્ય લાખ પૂર્વ | ગતિ | આગતિ | ગોત્ર | દિગ્વિજય હજાર વર્ષ | ક્યા તીર્થંકર વારે થયા |
|---|---|---|---|---|---|---|
| ૫૦૦ | ૮૪ | મોક્ષ | | કાશ્યપ | ૬૦ | ઋષભજિન |
| ૪૫૦ | ૭૨ | ,, | | ,, | ૩૨ | અજિતનાથ |
| ૮૦ | લાખવર્ષ ૮૫ | ,, | અનુત્તર | ગૌતમ | ૦ | શ્રેયાંસજિન |
| ,, | ૮૪ | સાતનર્ક | મહાશુક્ર | ,, | ૧ | ,, |
| ,, | ,, | ,, | | ૦ | ૦ | ,, |
| ૭૦ | ૭૫ | મોક્ષ | અનુત્તર | ગૌતમ | ૦ | વાસુપૂજ્ય |
| ,, | ૭૨ | છઠ્ઠીનર્ક | પ્રાણુત | ,, | ૧૦૦ વર્ષ | ,, |
| ,, | ,, | ,, | | ૦ | ૦ | ,, |
| ૬૦ | ૬૫ | મોક્ષ | અનુત્તર | ગૌતમ | ૦ | વિમળનાથ |
| ,, | ૬૦ | છઠ્ઠીનર્ક | અચ્યુત | ,, | ૯૦ વર્ષ | ,, |
| ,, | ,, | ,, | | ૦ | ૦ | ,, |
| ૫૦ | ૫૫ | મોક્ષ | સહસ્રાર | ગૌતમ | ૦ | અનંતનાથ |
| ,, | ૩૦ | છઠ્ઠીનર્ક | | ,, | ૮૦ વર્ષ | ,, |
| ,, | ,, | ,, | | ૦ | ૦ | ,, |
| ૪૫ | ૧૭ | મોક્ષ | સહસ્રાર | ગૌતમ | ૦ | ધર્મનાથ |
| ,, | ૧૦ | છઠ્ઠીનર્ક | ઈશાન | ,, | ૭૦ વર્ષ | ,, |
| ,, | ૧૦ | ,, | ૦ | ૦ | ૦ | ,, |
| ૪૨॥ | ૫ | ત્રીજાદેવલોક | મધ્યમગ્રૈવેયક | કાશ્યપ | ૧૦૦૦ વર્ષ | ,, |
| ૪૧॥ | ૩ | ,, | સૌધર્મેન્દ્ર | ,, | ,, | ,, |
| ૪૦ | ૧ | મોક્ષ | સર્વાર્થસિદ્ધ | | ૮૦૦વર્ષ | પોતેજ |
| ૩૫ | હજાર વર્ષ ૯૫ | ,, | ,, | | ૬૦૦વર્ષ | પોતેજ |
| ૩૦ | ૮૪ | ,, | નવમગ્રૈવેયક | | ૪૦૦વર્ષ | પોતેજ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૩ | આનંદ | બળદેવ | મહાશિર | વૈજયંતી | ચક્રપુર | સફેત |
| ૨૪ | પુરૂષ પુંડરીક | વાસુદેવ | ,, | લક્ષ્મીવતી | ,, | શ્યામ |
| ૨૫ | બલિ | પ્ર૦વાસુદેવ | મેઘનાદ | ૦ | અરિંજય | ,, |
| ૨૬ | સુભૂમ | ચક્રવર્તી | કૃતવિર્ય | તારા | હસ્તિનાપુર | કંચન |
| ૨૭ | નંદન | બળદેવ | અગ્નિસિંહ | જયંતી | વણારસી | સફેત |
| ૨૮ | દત્ત | વાસુદેવ | ,, | શેષવતી | ,, | શ્યામ |
| ૨૯ | પ્રલ્હાદ | પ્ર૦વાસુદેવ | ૦ | ૦ | સિંહપુર | ,, |
| ૩૦ | મહાપદ્મ | ચક્રવર્તી | પદ્મોત્તર | જ્વાલા | હસ્તિનાપુર | કંચન |
| ૩૧ | પદ્મ (રામ) | બળદેવ | દશરથ | અપરાજિત | અયોધ્યા જન્મરાજગૃહ | સફેત |
| ૩૨ | લક્ષ્મણ (નારાયણ) | વાસુદેવ | ,, | સુમિત્રા (કૈકયી) | ,, | શ્યામ |
| ૩૩ | રાવણ | પ્ર૦ વાસુદેવ | રત્નશ્રવાઃ | કૈકસી | લંકા જન્મ પુષ્પાંતક | શ્યામ |
| ૩૪ | હરિષેણ | ચક્રવર્તી | મહાહરી | મેરા | કાંપિલપુર | કંચન |
| ૩૫ | જય | ,, | વિજય | વપ્રા | રાજગૃહી | ,, |
| ૩૬ | રામ | બળદેવ | વસુદેવ | રોહિણી | શૌર્યપુર | સફેત |
| ૩૭ | કૃષ્ણ | વાસુદેવ | ,, | દેવકી | ,, | શ્યામ |
| ૩૮ | જરાસંઘ | પ્ર૦ વાસુદેવ | જયદ્રથ | ૦ | રાજગૃહ | શ્યામ |
| ૩૯ | બ્રહ્મદત્ત | ચક્રવર્તી | બ્રહ્મ | ચુલની | કાંપિલપુર | કંચન |

## ત્રેસઠ વસ્તુ વર્ણન.

**ત્રેસઠ શલાકી**—ચોવીશ જીન બાર ચક્રી, બળદેવ નવે જાણ;
હરિ ને પ્રતિહરિ નવનવ, ત્રેસઠ તેમ પ્રમાણ.

### આવતી ઊત્સર્પિણીના શલાકી પુરૂષોના નામ.

**( તીર્થંકરનાં નામ આગળ આવી ગયાં છે. )**

**૧૨ ચક્રી**—દીર્ઘદંત, ગુઢદંત, શુદ્ધદંત, શ્રીભૂતિ, શ્રીસોમ, પદ્મ, મહાપદ્મ, દર્શન, વિમળ, અમલવાહન, અરિષ્ટ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૯ | ૮૫ | ,, | સહસ્રાર | ગૌતમ | ૦ | ,, |
| ,, | ૬૫ | છઠ્ઠીનર્ક | મહેંદ્ર | ,, | ૬૦વર્ષ | ,, |
| ,, | ,, | ,, | ૦ | ૦ | ૦ | ,, |
| ૨૮ | ૬૦ | સાતનર્ક | મહાશુક્ર | કાશ્યપ | ૫૦૦વર્ષ | ,, |
| ૨૬ | ૬૫ | મોક્ષ | બ્રહ્મલોક | ગૌતમ | ૦ | ,, |
| ,, | ૫૬ | પાંચમીનર્ક | સૌધર્મ | ,, | ૫૮વર્ષ | ,, |
| ,, | ,, | ,, | ૦ | ૦ | ૦ | ,, |
| ૨૦ | ૩૦ | મોક્ષ | અચ્યુતેંદ્ર | કાશ્યપ | ૩૦૦વર્ષ | મુનિસુવ્રત |
| ૧૫ | ૧૫ | મોક્ષ | બ્રહ્મલોક | ,, | ૦ | ,, |
| ૧૬ | ૧૨ | ચોથીનર્ક | દેવલોક | ,, | ૪૦વર્ષ | ,, |
| ,, | ,, | ,, | ૦ | ૦ | ૦ | ,, |
| ૧૫ | ૧૦ | મોક્ષ | સનત્કુમાર | કાશ્યપ | ૧૫૦વર્ષ | નેમિનાથ |
| ૧૨ | ૩ | ,, | મહાશુક્ર | ,, | ૧૦૦વર્ષ | ,, |
| ૧૦ | ૧૨૦૦ | બ્રહ્મદેવ | ,, | ,, | ૦ | નેમિનાથ |
| ,, | ૧૦૦૦ | ત્રીજીનર્ક | ,, | ,, | ૮વર્ષ | ,, |
| ૦ | ૦ | ચોથીનર્ક | ૦ | ૦ | ૦ | ,, |
| ૭ | ૭૦૦ | સાતનર્ક | સૌધર્મ | કાશ્યપ | ૧૬વર્ષ | ,, |

૯ **વાસુદેવ**—નંદિ, નંદીમિત્ર, સુંદરબાહુ, મહાબાહુ, અતિબળ, મહાબળ, બળ, દ્વિપૃષ્ટ, ત્રિપૃષ્ટ.

૯ **બળદેવ**—જયંત, અજીત, ધર્મ, સુપ્રભ, સુદર્શન, આનંદ, નંદન, પદ્મ, સંવર્ષણુ.

૯ **પ્રતિવાસુદેવ**—તિલક, લોહજંઘ, વજ્રજંઘ, કેશરી, બળી, પ્રલ્હાદ, અપરાજીત, ભીમ, સુગ્રીવ.

**ત્રિષષ્ટિ શલાકીમાં** તીર્થંકર પાંચ વર્ણવાળા, ચક્રી સુવર્ણવાળા, વાસુદેવ ને પ્રતિવાસુદેવ શ્યામ વર્ણવાળા ને બળદેવ ઊજ્વળવર્ણવાળા હોય છે, તે સર્વે મોક્ષગામી હોય છે. ( ગીરનાર મહાત્મ્ય )

## પ્રસંગે ચક્રવર્ત્તીની ઋદ્ધિ સ્મૃદ્ધિનું પ્રમાણ.

૧ ભરતક્ષેત્રના છખંડ, ૨ નવ નિધાન, ૩ ચૌદ રત્ન
૪ સોળ હજાર યક્ષ ઈત્યપરે પચ્ચીશ હજાર યક્ષો
૫ બત્રીશ હજાર મુકુટબદ્ધ રાજાઓ સેવા કરે
૬ ચોશઠ હજાર અંતેઉરી રાજ્ય કન્યાઓ પરણેલી
૭ એકેક અંતેઉર સાથે બે બે વારાંગના તે વારે ૧૨૮૦૦૦
વારાંગના હોય તે સર્વે મળી ૧૯૨૦૦૦ થાય
૮ ચોરાશી લાખ હાથી, ૯ ચોરાશી લાખ ઘોડા સામાન્ય
૧૦ અઢાર કોડી મોટા અશ્વ, ૧૧ ચોરાશી લાખ રથ
૧૨ છન્નું ક્રોડ પાયક લશ્કર, ૧૩ બત્રીશ હજાર બત્રીશબદ્ધ નાટક
૧૪ બત્રીશ હજાર મોટા દેશ, ૧૫ છત્રીશ હજાર વેલાવલ
૧૬ ચોદ હજાર જળપંથા, ૧૭ એકવીશ હજાર સન્નિવેશ
૧૮ સોળ હજાર રાજધાની, ૧૯ છપન્ન અંતરદ્વીપ
૨૦ નવાણું હજાર દ્રોણમુખ, ૨૧ છન્નું ક્રોડ ગામ
૨૨ ઓગણ પચ્ચાશ હજાર ઉદ્યાન, ૨૩ અઢાર હજાર શ્રેણિકારૂ
૨૪ અઢાર હજાર પ્રશ્રેણિકારૂ કરદાતા, ૨૫ એંશી હજાર પંડિત
૨૬ સાત ક્રોડ કૌટુંબિક, ૨૭ બત્રીશ ક્રોડી કુલ
૨૮ ચૌદ હજાર મોટા મંત્રીશ્વર, ૨૯ ચૌદ હજાર બુદ્ધિનિધાન
૩૦ બત્રીશ હજાર નવ બારહી નગરીઓ
૩૧ ઓગણપચ્ચાશશેં કુરાજ્ય અપાત સંપાત પ્રત્યંતર રાજા
૩૨ સોળ હજાર મ્લેચ્છ રાજા, ૩૩ ચોવીશ હજાર કર્બટ
૩૪ ચોવીશ હજાર મટબ, ૩૫ ચોવીશ હજાર સંબાધન
૩૬ સોળ હજાર રત્નાકર, ૩૭ વીશ હજાર આગર પત્યંતરે ૧૬૦૦૦
૩૮ ચોવીશ હજાર ખેડા શૂન્ય પ્રત્યંતરે ચોદ હજાર
૩૯ સત્તાવીશ હજાર નગર અકર, ૪૦ સોલ હજાર દ્વીપ
૪૧ બોતેંર હજાર પત્તન, ૪૨ ૪૮૦૦૦ પાટણ પ્રત્યંતરે ૨૪૦૦૦
૪૩ પાંચ લાખ દીવીધર, ૪૪ પાંચ ક્રોડ દીવટીયા
૪૫ ચોરાશી લાખ મોટા નીશાન, ૪૬ દશ ક્રોડ પંચરંગી ધ્વજા પતાકા
૪૭ ત્રણ ક્રોડ નિયોગી, ૪૮ ચોસઠ હજાર મહા કલ્યાણકારક

૪૯ છત્રીશ ક્રોડ અંગમર્દન, ૫૦ છત્રીશ ક્રોડ આભરણધારક
૫૧ છત્રીશ હજાર સૂપકારક તે રસોઇના કરનાર છત્રીશ કોડી
૫૨ ત્રણુશેં સાઠ મૂલ સુપકાર તે પોતાના રસોઇયા
૫૩ ત્રણ લાખ ભોજનસ્થાન ત્રણ લાખ સાથે ભોજન કરે
૫૪ એક ક્રોડ [1]ગોકુલ, ૫૫ ત્રણ ક્રોડ હલહલ
૫૬ નવાણું ક્રોડ માટંબિક, ૫૭ નવાણું ક્રોડ દાસીદાસ
૫૮ નવાણું ક્રોડ પોતાર, ૫૯ નવાણું ક્રોડ ભાયાત
૬૦ નવાણું લાખ અંગરક્ષક, ૬૧ નવાણું ક્રોડ ભોઇ કાવડીયા
૬૨ નવાણું ક્રોડ મસૂરીયા, ૬૩ નવાણું ક્રોડ પઇયાયત
૬૪ નવાણું ક્રોડ પટલ તારક, ૬૫ નવાણું ક્રોડ પંડલ
૬૬ નવાણું ક્રોડ મીઠા બોલા, ૬૭ એક ક્રોડ એંશી હજાર રાસભ
૬૮ બાર લાખ નેજા, ૬૯ ત્રણ ક્રોડ પાયક વિનોદી.
૭૦ બાર ક્રોડ સુખાસન, ૭૧ સાઠ ક્રોડ તંબોલી
૭૨ પચ્ચાહુ ક્રોડ પખાલી પાણીના પોહીયા તેમ પ્રતિહાર ઇત્યાદિક અનેક ઋદ્ધિ ચક્રવર્ત્તીની જાણવી.
૭૩ હંમેશા ચાર ક્રોડ મણ અનાજ રંધાય
૭૪ હંમેશાં દશ લાખ મણ લુણ વપરાય

## છ ખંડ અને તેનો ખુલાસો.

ઉપર જે છ ખંડ કહ્યા—તેમાં પાંચ ખંડ તો અનાર્ય અને એક જ ખંડ આર્ય હોય છે. દરેક અનાર્ય ખંડમાં ૫૩૧૮ દેશ હોય અને એક આર્ય ખંડમાં ૫૩૨૦ દેશ હોય તેમાં પણ *૨૫ાા આર્ય ને બાકીના અનાર્ય છે, અનાર્યના આંકમાં ૧૮ ઉમેરીયે ત્યારેજ, ૩૨૦૦૦ હજાર દેશ થાય છે, તે ભૂલની સમજ પડતી નથી.

ધર્મ તથા તીર્થંકર, ચક્રી, વાસુદેવ, પ્રતિવાસુદેવ, બળદેવ પ્રમુખ ઉત્તમ પુરૂષોનું ઉપજવું તેમ મોક્ષ તે સર્વ આર્ય દેશમાંજ હોય.

---

૧ દશ હજાર ગાયનું એક ગોકુળ કહેવાય.

* તે સાડીપચીશ દેશનો વિસ્તાર આ ભાગના ૨૫ આંકથી જોઇ લેવો.

**છ છ ખંડનો—** ઐરવત રક્તા રક્તવતી, ગંગા ને સિંધુ ભરત;
**ખુલાસો** વચ્ચે વિંધ્યાચળને કરી, છ ખંડ તેમજ સત.

**અઢી દ્વીપના—** પ્રત્યેક વિજયે વર્ણવ્યા, છ છ ખંડો તે સાર;
**ખંડ** વિજય એક સો સાઠ છે, અઢી દ્વીપ અવધાર.

**ચક્રીની —** પ્રત્યેક વિજય એક એક, ચક્રી ઉત્પન્ન થાય;
**ઉત્પત્તિ** ભોગતા તે છ ખંડના, ચક્રવર્તી કહેવાય.

**તે છ ખંડ—** ચક્રીતે છ ખંડ ભોગ્તા, તે શાયાં શિરરાય;
**ભોગતા** એક ઉત્સર અવસર્પિણી, બાર બાર તે થાય.

## ચક્રીના નવ નિધાન

**દુહો—** નૈસર્પ પાંડૂક પિંગલ, સર્વરત્ન મહાપદ્મ કાલ;
મહાકાલ માણુવક શંખ, નિધાન ચક્રીનાં ન્યાલ.

## તેનો વધુ ખુલાસો

**નૈસર્પ—** સ્થાપના, ગામ, નગર, આકર, પાટણ, દ્રોણમુખ, કંટક, નિવેશ, મંડળ, ઘર, વિગેરે.

**પાંડૂક—** ગણીતનું માન, ઊનમાન, બીજનું પ્રમાણ, ચોવીશ પ્રકારના ધાન્યની ઊત્પત્તિ વિગેરે.

**પિંગલ—** સ્ત્રી પુરૂષોના આભરણ, ઘોડા, હસ્તિના લક્ષણાદિ વિગેરે.

**સર્વરત્ન—** ચક્રીના ચાદે રત્નોની ઊત્પત્તિ

**મહાપદ્મ—** સર્વે જાતના વસ્ત્રો તથા રંગવા ધોવાની વિધિ

**કાલ—** શુભાશુભ શિલ્પ વિષય, શતકર્મ, કૃષિ, વાણિજ્યનું જ્ઞાન

**મહાકાલ—** સોના, રૂપા, મોતી, પ્રવાલાની ઊત્પત્તિ

**માણુવક—** શસ્ત્ર, સર્વદંડ, સુભટ, વિગેરેની ઊત્પત્તિ

**શંખ—** નાટક તથા નાચવાની, તથા વાજીંત્રોની તેમજ ધર્મ અર્થ, કામની વિધિ.

**આ નવે નિધાનો—** આઠ જોજન ઊંચા, નવ જોજન પહોળા, બાર જોજન લાંબા અને ગંગામુખે રહેલા છે.

## ચક્રવર્તીનાં ચૌદ રત્નો.

### મનહર છંદ.

ચક્ર છત્ર દંડ ચર્મ, ખડ્ગ કાંગણી ને મણિ
સાત રત્નો કહ્યાં તે તો, એકેંદ્રિ ગણાય છે;
અશ્વ ગજ પુરોહિત, સેનાપતિ ગૃહપતિ,
વાર્ધિક સ્ત્રી રત્ન સાત, પંચેંદ્રિ પંકાય છે;
પહેલાં ચાર કહ્યાં તે, આયુધશાળામાં થાય,
તિ ભંડારે અશ્વ ગજ, વૈતાઢે વહાય છે;
ચાર પુરોહિતાદિ જે, ચક્રી રાજ મધ્યે થાવે,
કો રાજ્યકન્યા લલિત, સ્ત્રી રત્નજ થાય છે. ૧.

**પહેલા સાતનું** માન—પહેલાં ત્રણે ધનુષ્ય પુર, ચરમ રત્ન બે હાથ,
બત્રીશ આંગળ ખડ્ગ છે, ચો આંગળ બે સાથ.

## તે ચૌદે રત્નોનાં ગુણ.

૧ **ચક્ર**—હજાર યક્ષે અધિષ્ઠિત હોય, શત્રુનું મસ્તક છેદે અને વાંચ્છિતકારક હોય.

૨ **છત્ર**—ચક્રી સ્પર્શે બાર જોજન થાય, ઉત્તરના મલેચ્છ રાજાના દેવતાએ વરસાવેલા વરસાદને રોકે.

૩ **દંડ**—વાંકી ભૂમિ સરખી કરે, અને વખતે એક હજાર જોજન જમીન ખોદે.

૪ **ચર્મ**—ચક્રી હાથસ્પર્શે બાર જોજન થાય, તેના ઉપર પહેલા પહોરે વાવેલી શાળી પાછળા પહોરે જમે.

૫ **ખડ્ગ**—સંગ્રામમાં અતિ શક્તિવંત થાય તેવું હોય.

૬ **કાંગિણિ**—વૈતાઢ્યની ગુફામાં બન્ને બાજુ ઓગણપચ્ચાસ પ્રકાશ માંડલાં કરે છે તે નીચે પ્રમાણેઃ—

**ઓગણપચ્ચાસ માંડલા**—વૈતાઢ્ય પર્વતની પૂર્વે ખંડપ્રપાત તથા પશ્ચિમે તિમિસ્રા એમ બે ગુફાઓ છે, તે ઉત્તર-દક્ષિણ ૫૦ જોજન લાંબી, પૂર્વ-પશ્ચિમ ૧૨ જોજન પહોળી અને ૮ જોજન ઉંચી છે. તેના ઉત્તર-દક્ષિણ ૮ જોજન ઉંચા અને ૪

જોજન પહોળા બે બારણા છે, તે હંમેશા અંધકારમય છે. તેમાં ત્રણ જોજન વિસ્તારવાળી એવી ઉમગા અને નિમગા બે નદીઓ વહે છે, તે ગંગા નદીને મળે છે. જ્યારે ચક્રવર્તી થાય ત્યારે ત્યાં સૂર્યમંડલ સરખા કાંકિણી રત્નના અજવાળુ કરવા માટે ૪૯ માંડલા આળેખે છે, ચક્રવર્તી જીવે ત્યાં સુધી તે ગુફાઓ ઉઘાડી રહે છે.

૭ મણિ તુંબા ઉપર બાંધ્યું બાર જોજન પ્રકાશ કરે ને મસ્તકે બાંધ્યું રોગ હરે.

૮ અશ્વ બહુ પરાક્રમવાળા હોય, ગુફાના બારણે કમાડ ખડકાવી બાર જોજન પાછા પગે ફરે.

૯ ગજ—બહુ પરાક્રમવાળા હોય, તે તમિશ્રા અને ખંડ પ્રપાત ગુફામાં પ્રવેશ કરે.

૧૦ પુરોહિત—ચક્રવર્તીને કરાવવાનું શાંતિકર્મ તે કરે.

૧૧ સેનાપતિ—ચક્રીની સ્હાય વિના ગંગા-સિંધુ બહારના ચાર ખંડ જીતે.

૧૨ ગૃહપતિ—ગૃહકાર્યની દરેક પ્રકારની ચિંતા રાખે ( કોઠારી સ્થાનકે. ) તેવું હોય.

૧૩ વાર્ધિક—મકાનો બાંધે, લશ્કર પડાવ કરાવે, વૈતાઢ્યની ગુફાની ઊન્મગા, નિમ્નગા નદીના પુલ બાંધે.

૧૪ સ્ત્રી—અતિ રૂપવંત ચક્રીની ભોગ હોય. અન્ય સ્ત્રી ચક્રી ભોગને સહન કરી શકે નહિં. ચક્રીની બીજી ૬૪૦૦૦ હજાર અંતેઉર ને દરેકની બે બે વારાંગના (દાસીઓ) મળી ૧૯૨૦૦૦ હજાર સ્ત્રી હોય પણ તેની સાથે ચક્રી વૈક્રિય રૂપે ભોગ કરે—મૂળ રૂપે નહી.

તેના અધિષ્ઠિત યક્ષો—ચક્રી ચાદ રત્નો કહ્યા, તેનો મહિમા તેહ; દરેક સહસ યક્ષો થકી, અધિષ્ઠિત છે એહ.

ટીપ—ચક્રી જ્યારે દિગ્વિજય કરે ત્યારે ૧૩ અઠ્ઠમ કરે છે તેની વિગત આ ભાગના તેર આંકથી જાણી લેવી. ત્યાં વિસ્તારે છે.

ભરત ચક્રવર્તીને—છ ખંડ સાધવામાં લાગેલાં ૬૦,૦૦૦ વરસ અને સુંદરીની તે વખતની ૬૦,૦૦૦ વર્ષની તપશ્ચર્યા ૬૦ ના અંકમાં જુઓ.

પ્રસંગે વાસુદેવના સાત રત્નો.

દુહોઃ—ચક્ર ખડ્ગ અને સુમણિ, સારંગ ધનુષ્ય માલ,
કૌમોદિકી ગદા [1]શંખ, કેશવ રત્નો ન્યાલ.

—•—

## ચોસઠ વસ્તુ વર્ણન.

### ચોસઠ પ્રકારી પૂજાવિધિ ( વીરવિજયકૃત. )

મનહર છંદ.

આઠ કર્મોની તે આઠ, ઠીક છે પૂજાનો ઠાઠ,
અઠાઇ ઉત્સવે આઠ, દિન ભણાવાય છે;
જ્ઞાન દર્શનાવર્ણીય, વેદની મોહની આયુ,
નામ ગોત્ર અંતરાયે, આઠ પૂજા થાય છે;
કર્મનું સ્વરૂપ તેમાં, સમજાવ્યું સારી પેઠે,
કર્મગ્રંથ બોધી જીવો, સુણી હરખાય છે;
કર્મસૂદન અર્થે આ, ચોસઠ પ્રકારી પૂજા,
વીરવિજયે રચેલ, લલિત ગવાય છે. ૧

**ચૈત્યની સંખ્યા**—ચોસઠ લાખ જિન ચૈત્ય, અસુર કુમારે ધાર;
એક સો એંશી એકમાં, પ્રતિમાનો પરિવાર.

**તીર્થંકરના** કલ્યાણકમાં આવતા જે ચોસઠ ઇંદ્રો છે, તે આ કર્પૂર કાવ્ય કલ્લોલના આઠમા ભાગે દેવલોકના વર્ણનમાં જણાવ્યા છે ત્યાંથી જોઇ લ્યો.

**છાસઠ સાગર**—ક્ષયોપશમ સમકિત સ્થિતિ, છાસઠ સાગર હોય;
**સ્થિતિ** બે વાર વિજયાદિકમાં, તેત્રીશ સાગર હોય.
અથવા ત્રણ વાર તેહ, અચ્યુત દેવના આય;
ત્રણ બાવીશ સાગરે, મનુષ્ય મોક્ષમાં જાય.

**છાસઠ ગણધર**—બારમાશ્રી વાસુપૂજ્ય જિનના છે, તેમાં સુભૂમ નામે મુખ્ય ગણધર છે.

---

૧. શંખ ધ્વનિ બાર જોજન સંભળાય.

# અડસઠ વસ્તુ વર્ણન.

**અડસઠ અક્ષર—મહામંત્ર** નવકારમાં, અડસઠ અક્ષર સાર;
**નવકાર** સપ્ત સાગર એક અક્ષરે, પાપો થાય પસાર.
,, અડસઠ અક્ષરે અડસિદ્ધિ, નવપદ નવે નિધાન;
આદિ એહની છે નહી, ભાખે યું ભગવાન.
,, સાર શુભ ચૌદ પૂર્વનું, નિર્મળ તેહ નવકાર;
સેવનથી સિદ્ધિ વરે, પામે ભવનો પાર.

**જૈનના ૬૮ તીર્થો**—૧ શત્રુંજય, ૨ ગિરનાર, ૩ સમેતશિખર, ૪ અષ્ટાપદ, ૫ આબુ, ૬ તારંગા, ૭ આરાસણુ, ૮ ઇડરગઢ, ૯ અનુત્તર વિમાન, ૧૦ દેવલોક, ૧૧ વૈતાઢ્ય પર્વત, ૧૨ જ્યોતિષી, ૧૩ વ્યંતર, ૧૪ સાચોર, ૧૫ કુકુટેશ્વર, ૧૬ ચંપાવતી, ૧૭ લ્હાવતી, ૧૮ ગુજપ્રમર, ૧૯ અયોધ્યા, ૨૦ વૈભારગિરિ, ૨૧ અપાપા, ૨૨ વરકાણા, ૨૩ સહસફણા, ૨૪ અંતરીક્ષજી, ૨૫ માણિકયસ્વામી, ૨૬ માનુષોત્તર, ૨૭ નંદીશ્વર, ૨૮ રૂચક, ૨૯ કુંડલ, ૩૦ તક્ષશિલા, ૩૧ મથુરા, ૩૨ અંગિદિકા, ૩૩ અંગાદિચોલ, ૩૪ એકીસ્થંભ, ૩૫ સોમતા લાવ્યા, ૩૬ માહેર, ૩૭ વલ્લહ, ૩૮ સ્થંભન, ૩૯ ચિત્રકૂટ, ૪૦ બ્રાહ્મણ, ૪૧ બ્રાહ્મણવાડા, ૪૨ હીરાસર, ૪૩ પાતુ, ૪૪ વસંતપુર, ૪૫ મેરૂપ્તાવ, ૪૬ પાલ્હણ, ૪૭ જીરાઉલા, ૪૮ કરકેડા, ૪૯ કાસઇ, ૫૦ કસોર, ૫૧ મધ્યપુર પાટણ, ૫૨ વસંતપુર પાટણ, ૫૩ સોપારપુર, ૫૪ રણુવિહાર, ૫૫ સલવિહાર, ૫૬ કુંભલમેર, ૫૭ શીરોહી, ૫૮ મેરૂતીર્થ, ૫૯ નાગેંદ્ર, ૬૦ વડનગર, ૬૧ નાડોલ, ૬૨ નવખંડા, ૬૩ નવપલ્લવ, ૬૪ શંખેશ્વરા, ૬૫ ગોડીજી, ૬૬ ભટ્ટેવા, ૬૭ પાર્શ્વનાથ, ૬૮ કલિકુંડ પાર્શ્વનાથ.

તે સિવાય પણ બીજા તીર્થો છે, તે આ પુસ્તકના પહેલા ભાગમાં તે તે તીર્થોના ટુંક વૃતાંત સાથે તેમ આ ભાગના અંતમાં વિસ્તારે જણાવ્યાં છે, ત્યાંથી જોઇ લ્યો.

સીત્તેર ચૈત્ય–સીતેર ચૈત્યો જિનનાં, મહા નદીયે માન;
એક સો એંશી એકમાં, પ્રતિમાનું પ્રમાણ.

ત્રણનું આયુષ્ય–અજિત બોતેર લાખ પૂર્વ, વાસુપૂજ્ય તે લાખ;
વીર વિભુ તેહ વરસનું, હૃદયે આયુ રાખ.

ચૈત્યનું પ્રમાણ–સુવર્ણકુમાર બોતેર લાખ, જિનચૈત્યો છે જાણ;
એક સો એંશી એકમાં, પ્રતિમાનું પ્રમાણ.

---

# છોતેર વસ્તુ વર્ણન.

## છોતેર લાખ જૈનચૈત્યના સાત સ્થાન અને બિંબ

| | | | |
|---|---|---|---|
| ૧ વિદ્યુતકુમારે | ચૈત્ય | ૭૬૦૦૦૦૦ | દરેકમાં ૧૮૦ પ્રતિમા. |
| ૨ અગ્નિકુમારે | ,, | ૭૬૦૦૦૦૦ | દરેકમાં ૧૮૦ પ્રતિમા. |
| ૩ દ્વીપકુમારે | ,, | ૭૬૦૦૦૦૦ | દરેકમાં ૧૮૦ પ્રતિમા. |
| ૪ ઉદધિકુમારે | ,, | ૭૬૦૦૦૦૦ | દરેકમાં ૧૮૦ પ્રતિમા. |
| ૫ દિશિકુમારે | ,, | ૭૬૦૦૦૦૦ | દરેકમાં ૧૮૦ પ્રતિમા. |
| ૬ વાયુકુમારે | ,, | ૭૬૦૦૦૦૦ | દરેકમાં ૧૮૦ પ્રતિમા. |
| ૭ સ્તનિતકુમારે | ,, | ૭૬૦૦૦૦૦ | દરેકમાં ૧૮૦ પ્રતિમા. |

છોતેર ગણધર–અગીયારમા શ્રી શ્રેયાંસનાથ પ્રભુના છે, તેમાં કચ્છપ નામે મુખ્ય ગણધર છે.

એકાશી ગણધર–દશમા શ્રી શીતલનાથ પ્રભુના છે, તેમાં નંદ નામના મુખ્ય ગણધર છે.

ચૈત્યનું પ્રમાણ–એંશી વૃક્ષસ્કારાયમાં, જિન ચૈત્યો છે જાણ;
એક સો વીશ એકમાં, પ્રતિમાનું પ્રમાણ.

ચૈત્યનું પ્રમાણ–દ્રહે એંશી દાખીયાં, જિન ચૈત્યો જુહાર;
એકશો વીશ એકમાં, પ્રતિમાનો પરિવાર.

દેવાનંદા કુખે–બાશી દિ વીર જિન વસ્યા, દેવાનંદા કુખ;
૮૨ દિન. મરિચી ભવ કુલમદ કરી, દેખ્યું આવું દુઃખ.

**અહિંથી** તાશીમી રાત્રિયે હરિણુગમેષિ દેવે પ્રભુને ગર્ભમાંથી લેઇ ત્રિશલા માતાની કુખમાં પધરાવ્યા.

**૮૩ લાખ પૂર્વ ઘરવાસ**—ત્રાશી લખ પૂર્વ ઘર વસ્યા, એક લખ દીક્ષા જાણુ;
આયુ ચુલશી લાખ પૂર્વ, ઋષભદેવ ભગવાન.

# ચોરાશી વસ્તુ વર્ણન.

**અંતરમાન**—મહાવીર પદ્મનાભનું, અંતર એટલું જાણુ;
ચુલશી સહસ સાત વરસ, પંચ માસ પ્રમાણુ.

**દેવલોકે ચૈત્ય**—ચોરાશી લખ સતાણું, સહસ અને ત્રેવીશ;
કલ્પ ને કલ્પાતીત ચૈત્ય, હઇયે સુણી હીશ.

**નાગકુમારે ચૈત્ય**—ચોરાશી લખ જિન ચૈત્ય, નાગકુમારે નેટ;
એક સો એંશી એકમાં, બેશ બિંબ તે ભેટ.

**ચોરાશી ગણધર**—પહેલાથી શ્રી ઋષભદેવ પ્રભુના છે, તેમાં મુખ્ય શ્રી પુંડરીક નામે ગણધર છે.

## જિનભુવને ૮૪ અશાતના ટળો.

૧ પાન સોપારી ખાવી
૨ પાણી પીવું
૩ ભોજન કરવું.
૪ જોડા પહેરી રાખવા.
૫ મૈથુન સેવવું.
૬ પથારી કરી સુવું.
૭ થુંકવું વિગેરે.
૮ પેશાબ કરવો.
૯ ઝાડે જવું.
૧૦ જુગટું રમવું.
૧૧ બહુવિધ ક્રીડા કરવી.
૧૨ કોલાહલ કરવો..
૧૩ ધનુર્વેદાદિ કલા અભ્યાસ કરવો.
૧૪ કોગળા કરવા.
૧૫ ગાળ દેવી.
૧૬ શરીર ધોવું.
૧૭ વાળ ઊતારવા.
૧૮ નખ ઊતારવા.
૧૯ લોહી નાંખવું.
૨૦ મીઠાઇ વિ૦ નાંખવું.
૨૧ ચામડી ઊતારવી.
૨૨ પીત્ત કાઢવું.
૨૩ ઊલટી કરવી.
૨૪ દાંત કાઢી નાંખવા.
૨૫ વિસામો લેવો.
૨૬ ગાય ભેંસ બાંધવી.
૨૭—૨૮ દાંત, આંખનો મેલ નાંખવો

૨૯-૩૪ નખ, ગાલ, નાક, માથું કાન, ચામડી મેલ નાંખવો.
૩૫ મંત્રાદિ પ્રયોગ કરવો.
૩૬ વિવાદ માટે એકઠા થવું.
૩૭ કાગળ લખવા.
૩૮ થાપણ મૂકવી.
૩૯ ભાગ પાડવા.
૪૦ પગપર પગ ચડાવી બેસવું.
૪૧ છાણા થાપવા.
૪૨-૪૫ કપડાં, દાળ, પાપડ, વડી સુકવવાં.
૪૬ સંતાઇ જવું.
૪૭ રોવું.
૪૮ વિકથા કરવી.
૪૯ શસ્ત્રાસ્ત્ર ઘટાડવાં.
૫૦ તિર્યંચ રાખવા.
૫૧-૫૨ તાપણી રસોઇ કરવી,
૫૩ સોનાદિક પરીક્ષા કરવી.
૫૪ નીસીહી ન કહેવી.
૫૫ છત્ર ધારણ કરવું.
૫૬ શસ્ત્ર રાખવાં.
૫૭ ચામર વીંજાવવા.
૫૮ મન એકાગ્રન કરવું.
૫૯ મર્દન કરવું.
૬૦ સચિત્તનો ત્યાગ નકરવો.
૬૧ અચિત્તનો ત્યાગ કરવો,
૬૨ હાથ ન જોડવા.
૬૩ એક સાડી ઉત્તરાસણ ન કરવું.
૬૪-૬૫ મુકુટ તોરા રાખવા.
૬૬ પાઘડીનો અવિવેક કરવો.
૬૭ હોડ કરવી.
૬૮ ગેડી દડે રમવું.
૬૯ જુહાર કરવા.
૭૦ ભાંડ ચેષ્ટા કરવી.
૭૧ તિરસ્કાર કરવો.
૭૨ લાંઘવા બેસવું.
૭૩ સંગ્રામ કરવો.
૭૪ કેશનો વિસ્તાર કરવો.
૭૫ પગ બાંધી બેસવું.
૭૬ ચાંખડીયો પહેરવી.
૭૭ પગ લાંબા ઘાલવાં.
૭૮ પીપુડી વગાડવી.
૭૯ કાદવ કરવો.
૮૦ અંગની ધૂળ ઊડાવવી.
૮૧ ગુહ્યભાગ પ્રગટ કરવો.
૮૨ વેપાર કરવો.
૮૩ વૈદુ કરવું.
૮૪ ન્હાવું.

આ ૮૪ માંથી જઘન્યથી પહેલી ૧૦ વર્જવી.

દશ અશાતનાને ચાલીશ અશાતનાનો ચોરાશીમાં ભેગો સમાવેશ થાય છે.

## આશાતના માટે વધુ ખુલાસો.

દેરાસરમાં વાઘુટ થાય તો દેરાસર કસ્તુરીથી ભરે તો પણ પાપથી છુટાય નહી, માટે ગૃહસ્થોએ આશાતનાદિ કારણોના લીધે વધુ વખત દેરાસરમાં રહેવું નહિ, તેમ સાધુઓને પણ કાઉસગ્ગ કરી

ચૈત્યવંદને ચોથી થોય કહેવાય ત્યાં સુધી જ રહેવા આજ્ઞા છે. અથવા ધર્મદેશનાદિક કે ધર્મશ્રવણાદિ કારણે વધુ રહેવા આજ્ઞા છે, તો તે આશાતનાનાં કારણો ધ્યાનમાં રાખી ઊભયે વરતવું જેથી પાપના ભાગી થવાય નહી. પ્રવચનસારોદ્ધાર.

**અઠાશી ગણધર**-નવમા શ્રી સુવિધિનાથ પ્રભુના છે, તેમાં મુખ્ય ગણધર શ્રી વરહાક નામે છે.

૮૯ **પક્ષે પાંચમો આરો.**—વીર નિર્વાણના પછી, નેવાશી પક્ષ વિતાય;
બેઠો આરો પાંચમો, શાસ્ત્રે તે સમજાય.

**તાણું ગણધર**-આઠમા શ્રી ચંદ્રપ્રભુ જિનના છે, તેમાં મુખ્ય દિન્ન નામે ગણધર છે.

**પંચાણું ગણધર**-બીજા શ્રી અજિતનાથ જિનના છે, તેમાં મુખ્ય સિંહસેન નામે ગણધર છે.

**બીજા પંચાણું ગણધર**-સાતમા શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના છે, તેમાં મુખ્ય વિદર્ભ નામે ગણધર છે.

---

# નવાણું વસ્તુ વર્ણન.

**પૂર્વ નવાણું**—રૂષભ રાયણ સમોસર્યા, પૂર્વ નવાણું વાર;
શ્રી સિદ્ધાચળ શિખર તે, વંદો વાર વાર.

## પૂર્વ નવાણુંનો ખુલાસો.

વીર કહે માગસર અજુવાળી-એ દેશી.

જિહાં અઠ્ઠોતેર કોડાકોડી, વળી પંચ્યાશી લાખ જોડી;
ચુંવાલીશ સહસ કોડી.
સમોસર્યા તિહાં એતીવાર; પૂર્વ નવાણું એમ પ્રકાર;
નાભિ નરીંદ મલ્હાર.
ફાગણ સુદની અષ્ટમીસાર, એક વરસમાં એકજ વાર;
આવ્યા એમ અવધાર.

**તેની સમજ** ૬૯ કોડાકોડી, ૮૫ લાખ કોડી, ૪૪ સહસ

કોઠી, એટલી વખતે (વરસમાં એક વખત ફાગણ શુદિ ૮) ઘેટીના રસ્તેથી આવી સમોસર્યા એમ પૂર્વ નવાણું જાણુવા.

**જાત્રા નવાણું**—જાત્રા નવાણું જે કરે, છરી પાળી સુખદાય;
સાત છઠ બે અઠમથી, સુધાર અધ્ય વસાય.

**નવાણું પ્રકારે**—પૂજા નવાણું પ્રકારની, ભાવ શુદ્ધ ભણાય;
**પૂજા.** આત્મ ઉન્નતિ તે કરે, વીર વિજયજી ગાય.

**નવાણું પ્રકાર**-નવ નવ વસ્તુઓ મેળવો, ભણો વાર અગિયાર;
નવાણું કળશ ન્હવણથી, થાય નવાણું પ્રકાર.

**નવાણું હજાર જીર્ણોદ્ધાર**—સંપ્રતિ રાજાયે ૯૯૦૦૦ જીર્ણોદ્ધાર કરાવ્યા હતા.

# સો વસ્તુ વર્ણન

## વર્દ્ધમાન આંબિલ તપ વિધિ.

આ તપ કોઈ ગીતાર્થ ગુરૂ પાસે જિનમંદિરમાં વા નંદિમાં ઉચરાય છે. પ્રથમ એક આંબિલ પછી એક ઉપવાસ પછી બે આંબિલ એક ઉપવાસ એમ એક એક વધતા આંબિલે પાંચ આંબિલને એક ઉપવાસ કરે તે વર્દ્ધમાન તપનો પાયો કહેવાય પછી પોતાની અનુકુળતાએ જયારે તપ શરૂ કરવો હોય ત્યારે છ આંબિલથી શરૂ કરી એક એક ચડતા આંબિલે ઉપવાસ કરતાં છેવટ ૧૦૦ આંબિલને ૧ એક ઉપવાસે આ તપ પુરો થાય છે.

આ તપમાં અરિહંત અથવા સિદ્ધ બેમાંથી એકના ગરણાની ૨૦ નવકારવાળી ગણાવી, જે પદનું ગરણું ગણો તેજ પદના ગુણ પ્રમાણે કાઉસગ્ગ, સાથીઆ, ફળ, ખમાસણ, વિગેરે કરવા, આ તપ એક સરખો જ ચાલુ રાખે તો ૧૪ વર્ષ ૩ માસ અને ૨૦ દિવસે પુરો થાય છે.

**વર્ધમાન તપ મહિમા**—જેમ શ્રી સ્થૂલિભદ્રજીના બ્રહ્મવ્રત પાલને ૮૪ ચોવીશી સુધી નામ રહેશે, તેમ આ વર્ધમાન તપ સંપૂર્ણ મન વચન કાયાના યોગે આરાધન કરવાથી શ્રી ચંદ્ર કેવલીનું નામ ૩૨૦ ચોવીશ સુધી રહેશે. અને શ્રી જયતમ કેવલીનું

નામ પણ ૮૦૦ ચોવીશી સુધી અખંડપણે ભવાશે. ધન્ય છે આવા આરાધક-ઉત્તમ પુરૂષોને તેમની કેવી ઉત્તમ ભાવના.

**એકસો ગણધર**–પાંચમા શ્રી સુમતિનાથ પ્રભુના છે. તેમાં મુખ્ય ચરમ નામે ગણધર છે.

## ઋષભ જિનના ૧૦૦ પુત્રોના નામ.

૧ ભરત, ૨ બાહુબલી, ૩ શ્રીમસ્તક, ૪ શ્રીપુત્રાંગારક, ૫ શ્રીમલ્લીદેવ, ૬ અંગજ્યોતિ ૭ મલયદેવ ૮ ભાર્ગવતિર્થ ૯ બંગદેવ, ૧૦ વસુદેવ, ૧૧ મગધનાથ, ૧૨ માનવર્તિક, ૧૩ માનયુક્તિ, ૧૪ વૈદર્ભદેવ, ૧૫ વનવાસનાથ, ૧૬ મહીપક, ૧૭ ધર્મરાષ્ટ, ૧૮ માયકદેવ, ૧૯ આસ્મક, ૨૦ દંડક, ૨૧ કલિંગ, ૨૨ ઇષિકદેવ, ૨૩ પુરૂષદેવ, ૨૪ અકલ, ૨૫ ભોગદેવ, ૨૬ વીર્યભોગ, ૨૭ ગણનાથ, ૨૮ તીર્થનાથ, ૨૯ અંબુદપતિ, ૩૦ આયુવીર્ય ૩૧ નાયક, ૩૨ કાક્ષિક, ૩૩ આનર્તક, ૩૪ સારિક ૩૫ ગૃહપતિ, ૩૬ કરદેવ, ૩૭ કચ્છનાથ, ૩૮ સુરાષ્ટ, ૩૯ નર્મદ ૪૦ સારસ્વત, ૪૧ તાપસદેવ, ૪૨ કુરૂ, ૪૩ જંગલ, ૪૪ પંચાલ, ૪૫ સૂરસેન ૪૬ પુટ, ૪૭ કલંગદેવ, ૪૮ કાશીકુમાર, ૪૯ કોશલ્ય, ૫૦ ભદ્રકાશ, ૫૧ વિકાશક, ૫૨ ત્રિગર્ત્ત ૫૩ આવર્ષ, ૫૪ સાલુ, ૫૫ મત્સ્યદેવ, ૫૬ કુલિયક, ૫૭ મુષકદેવ, ૫૮ વાલ્હીક, ૫૯ કાંબોજ ૬૦ મદુનાથ, ૬૧ સાંદ્રક, ૬૨ આત્રેય ૬૩ યવન, ૬૪ આભીર, ૬૫ વાનદેવ, ૬૬ બાનસ ૬૭ કૈકવે, ૬૮ સિંધુ, ૬૯ સૌવીર, ૭૦ ગંધાર, ૭૧ કાષ્ટદેવ, ૭૨ તોષક, ૭૩ શૌરક, ૭૪ ભારદ્વાજ, ૭૫ શૂરદેવ, ૭૬ પ્રસ્થાન, ૭૭ કર્ણક, ૭૮ ત્રિપુરનાથ, ૭૯ અવંતિનાથ ૮૦ ચેદિપતિ, ૮૧ વિષ્કંભ, ૮૨ નૈષધ, ૮૩ દર્શાર્ણનાથ, ૮૪ કુસુમવર્ણ, ૮૫ ભૂપાલદેવ, ૮૬ પાલપ્રભુ, ૮૭ કુશલ, ૮૮ પદ્મ, ૮૯ મહાપદ્મ, ૯૦ વિનિદ્ર, ૯૧ વિકેશ, ૯૨ વૈદેહ, ૯૩ કચ્છપતિ, ૯૪ ભદ્રપતિ, ૯૫ વજ્રદેવ, ૯૬, સાંદ્રભદ્ર, ૯૭ સેતજ ૯૮ વાસ, ૯૯ અંગદેવ, ૧૦૦ નરોત્તમ.

**એકસો બે ગણધર**—ત્રીજા શ્રી સંભવનાથ જિનના છે, તેમાં મુખ્ય ચારૂ નામે ગણધર છે.

એકસો સાત ગણધર—છઠ્ઠા શ્રી પદ્મપ્રભુ જિનના છે, તેમાં મુખ્ય પ્રદ્યોતન નામે ગણધર છે.

---

# એકસો ને આઠ વસ્તુ સંગ્રહ.

**શ્રીસિદ્ધગિરિના ૧૦૮ નામ**—આ કર્પૂરકાવ્યકલ્લોલના પહેલા ભાગમાં ૬૪ મા પાને મનહર છંદમાં આપ્યાં છે. ત્યાંથી જોઇ લ્યો.

**શ્રી પાર્શ્વપ્રભુના ૧૦૮ નામ**—આ કર્પૂર કલ્લોલના પહેલા ભાગમાં ૯૯ મા પાને મનહર છંદમાં આપ્યાં છે, ત્યાંથી જોઇ લ્યો.

**એકી વખતે ૧૦૮ મોક્ષે**—ઋષભદેવ પ્રભુ, ભરત સિવાય તેમના ૯૯ પુત્રો અને ભરતજીના ૮ પુત્રો એમ ૧૦૮ એક સમયે મોક્ષે ગયા. આ પાંચસો ધનુષ્ય શરીરવાળા એક સાથે એક સમયે મોક્ષે ગયા તે અચ્છેરૂ થયું કહેવાય છે.

## (૧૦૮) મંગલિક વસ્તુ.

મનહર છંદ.

૧ ૨ ૩ ૪ ૫
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર, વીતરાગ સ્કંદધર,
૬ ૭ ૮
આદિત્યને લોકપાળ, વન્હિ વર્ણવાય છે;
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
સાગર ગિરી ગગન, અહણુ ગાંધર્વ ગણુ,
૧૪ ૧૫ ૧૬ ૧૭
ચંદ્ર વિનાયક જ્યોતી, તીર્થ ત્યું ગણાય છે.
૧૮ ૧૯ ૨૦ ૨૧
દ્વિજ ધર્મશાસ્ત્ર ધાર, વેદશાસ્ત્ર વેદસાર,
૨૨ ૨૩ ૨૪ ૨૫
પદ્મ પર્યંક કૌસ્તુભ, કંચન કહાય છે;
૨૬ ૨૭ ૨૮ ૨૯ ૩૦ ૩૧ ૩૨
રૌપ્ય તામ્ર ઘૃત મધુ, સિદ્ધાંત ચંદન વેશ્યા,
૩૩ ૩૪ ૩૫
શ્વેતવસ્ત્ર ગોરોચન, મૃતિકા મનાય છે. ૧
૩૬ ૩૭ ૩૮ ૩૯ ૪૦
ગોમય શસ્ત્ર અંજન, રત્ન મનસિલ ગણુ,
૪૧ ૪૨ ૪૩ ૪૪
મોદક શંખ પ્રિયંગુ, વાચા વખણાય છે;
૪૫ ૪૬ ૪૭ ૪૮ ૪૯
શ્વેતપુષ્પને સર્ષવ, દધિ દરોને અક્ષત,
૫૦ ૫૧ ૫૨ ૫૩
ઉદંબર આમ્ર છત્ર, વાજીંત્ર વર્ણાય છે.

૫૪ ૫૫ ૫૬ ૫૭ ૫૮
દર્ભ હસ્તિ બીજ અને, મુક્તાફળ ખંજરીટ,
૫૯ ૬૦ ૬૧
વૃષભ ને રાજહંસ, કન્યા કહેવાય છે;
૬૨ ૬૩ ૬૪ ૬૫ ૬૬ ૬૭
દર્પણ દીપ અંકુશ, તુરંગમ હીત વેણું,
૬૮ ૬૯ ૭૦ ૭૧ ૭૨
વીણા ધ્વનિ ભૂમિ સિંહ મય મનાવાય છે. ૨
૭૩ ૭૪ ૭૫ ૭૬ ૭૭ ૭૮
સ્વસ્તિક તોરણ કુંભ, ચામરને વત્સ ગાય,
૭૯ ૮૦ ૮૧ ૮૨
આર્દ્ર માંસ સ્ત્રી પુરૂષ, જોડ ને પ્રમાણવી;
૮૩ ૮૪ ૮૫ ૮૬ ૮૭ ૮૮
વાહન પ્રધાન વિદ્યા, વિનય તુષ્ટિ ને પુષ્ટિ,
૮૯ ૯૦ ૯૧
પ્રાસાદ ઉલ્લોચ વળી, મદિરા ને માનવી.
૯૨ ૯૩ ૯૪ ૯૫ ૯૬ ૯૭
સત્ય ભર્યુંપાત્ર શાક, તાલતરૂ પૂજા નિધિ,
૯૮ ૯૯ ૧૦૦
પિષ્ફળપત્ર શ્રીવૃક્ષ, સરસ્વતી ઠાણવી;
૧૦૧ ૧૦૨ ૧૦૩ ૧૦૪ ૧૦૫ ૧૦૬ ૧૦૭
ઇક્ષુ નર્મદા યુમના, ગૌરી ગંગા સિદ્ધિ પ્રીતિ,
૧૦૮
કીર્તિ મંગલીક વસ્તુ, લલિતને જાણવી. ॥૩

**એકસો સોળ ગણધર**—ચોથા શ્રી અભિનંદન પ્રભુના છે. તેમાં મુખ્ય વજ્રનાભ નામે ગણધર છે.

ચક્રવર્તી આદિક ઉત્તમ પુરૂષો પોતાના આંગુળથી ૧૦૮ આંગળ ઉંચાઇયે હોય છે.

તીર્થંકર ભગવાનો એક હજારને આઠ (૧૦૦૮) ગુણગણે સંયુક્ત હોય છે.

**તીર્થંકર** ભગવાનો પોતાના આંગુળથી ૧૨૦ આંગળ ઉંચા હોય, તે એવી રીતે કે ૧૦૮ આંગળ શરીર ઉંચું હોય, તે શિવાય તેમને ૧૨ આંગળની સીખા માથા ઉપર વધારે હોય, તે મળી એકસોને વીશ (૧૨૦) આંગળ જાણવા.



તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજ—પાલીતાણા.

# થોડાક તીર્થોનું સામાન્ય વર્ણન.

**શ્રી શત્રુંજય**—આ તીર્થ પ્રાયે શાશ્વતું કહેવાય છે, અહીંયાં અનંતા સાધુ સિદ્ધિપદને વર્યા છે, ચૌદ ક્ષેત્રમાં આના જેવું કોઇ તીર્થ નથી, આ ગિરિના ૧૦૮ નામ, ૨૧ નામ, અહીં આવેલા સંઘો, અહીં થયેલ અને થવાના ઉદ્ધારો, તીર્થયાત્રા ફળ, તીર્થતપફળ, ઉપર કુલ પ્રતિમાઓ કેટલી છે. અને નવે ટુંકનું કાંઈ વર્ણન વિગેરે આ પુસ્તકના પહેલા અને આ પાંચમા ભાગમાં જણાવી ગયા છીયે, તે ત્યાંથી જોઈ લેવું.

**ગિરિની તળેટી**—અહીં બાબુ ધનપતસિંહજીનું બંધાવેલ પર દેરીનું શ્રી આદીશ્વર ભગવાનનું દેરાસર રમણિય છે.

**પાલીતાણા**—અહીંના દેરાસરો ૧ માધવલાલ બાબુમાં સુમતિનાથનું, ૧ જસકોરમાં પાર્શ્વનાથનું, ૧ નરસીનાથામાં ચંદ્રપ્રભુનું, ૧ મોતીસુખીયામાં આદીશ્વરનું, ૧ વીરબાઈમાં મહાવીરસ્વામીનું, ૧ નરશી કેશવજીમાં ચોમુખજીનું, ગામમાં દીવના વાણીયે, દેરાસર બંધાવી સં. ૧૮૧૭ મહાસુદ ૨ આદીશ્વર ભગવાન પધરાવેલનું, ૧ ગોડીજીનું, ૧ ગોરજીની પોશાળનું મળી નવ દેરાસર છે. અને કુલ ૪૦ ધર્મશાળાઓ છે.

**કદંગિરિ**—આ શ્રી ગિરિરાજની એક ટુંક છે. અહીં સં. ૧૯૮૯ ના ફાગણ સુદિ ૩ ના રોજ ગામમાં એક ફરતી દેરીનું મંદિર બનવરાવી મૂળનાયક શ્રી મહાવીરસ્વામી વિગેરે વિજયનેમિસૂરિ હસ્તક પ્રતિષ્ઠા થઇ પધરાવ્યા છે તેમ ગિરિરાજ ઉપર મોટા શ્રી આદીશ્વર ભગવાન પધરાવવા હાલ મંદિર થાય છે.

**તાલધ્વજ**—અહીં ગામમાં એક દેરાસર છે, અને ગિરિરાજ ઉપર એક એક સુમતિનાથ ભગવાનની દેરી, તેમ બીજી દશ દેરીયો છે, ને વચમાં અમદાવાદના શેઠ૦ હઠીભાઇના કુટુંબના લક્ષ્મીબાઇએ ત્રણ શિખરનું મંદિર બંધાવી મૂળનાયક શ્રી પાર્શ્વનાથજી અને ભોંયરામાં શેઠ લાલભાઇ ભોગીલાલે શ્રી આદીશ્વરજી પધરાવ્યા છે,

તે સિવાય ત્યાં એક ગુરૂમંદિર પણ છે, તેમ ઉપાશ્રય-ધર્મશાળાદિ વિગેરે પણ છે.

**ઘોઘા**—આ પ્રતિમાજીના નવ કકડા જમીનમાંથી નીકળેલા, તેને ઘઉંની કોરી લાપસીમાં રાખવા સ્વપ્ન આપેલ, તે પ્રમાણે કરતાં કાઢતાં ભુલથી એક દિવસ અગાઉ કઢાયા, તેથી હાલ પણ સહેજ સાંધા દેખાય છે, ત્યારથી નવખંડા એવું નામ થયું. ઘોઘા ભાવનગરથી પાંચ ગાઉ થાય છે.

**પંચતીર્થી**—ઘોઘા, તલાજા, [1]મહુવા, ડાઠા અને કુંડલા–આ પાંચે ગામની પંચતીર્થી ગણાય છે.

**ભાવનગર**—અહીં ૪ શિખરબંધી અને ૩ ઘર દેરાસર છે. પ્રતિમાજી–દેરાસર વિગેરે રમણીય છે. અહીં ઉપાશ્રયો, ધર્મશાળાઓ તેમજ જૈનધર્મ પ્રસારક સભા તથા આત્માનંદ સભા વિગેરે પુસ્તક પ્રચારક ખાતાં, તેમ બીજી પણ ધાર્મિક સંસ્થાઓ છે.

**શ્રીગીરનાર**—અહિંયા શ્રી નેમિનાથ પ્રભુના ત્રણ કલ્યાણક (દીક્ષા, કેવળ, મોક્ષ) થયા છે, તેમ નેમિનાથજીની, માનસંગ ભોજરાજની, મેકરવશીની, સગરામ સોનીની, સંપ્રતિ રાજાની, કુમારપાળ રાજાની, વસ્તુપાળ–તેજપાળની આદિક ટુંકો, તેમ તે શિવાય પણ ઘણા મંદિરો છે, અહિયાં વિજયનીતિસૂરીશ્વરના ઉપદેશથી જીર્ણોદ્ધારનું કામ સારૂ ચાલે છે.

**જુનાગઢ**—અહિં એક શિખરબંધી અને એક ગોરજીનું એમ બે મંદિર છે, વિવિધ તીર્થકલ્પમાં લખ્યા પ્રમાણે સં૦ ૧૧૮૫ સિદ્ધરાજ જયસિંહે બંધાવેલું શ્રી નેમિશ્વર ભગવાનનું મંદીર જુનાગઢ પાસે છે. તેજલપુરમાં તેજપાળનું બંધાવેલું સ્વપિતા આશરાજ–વિહાર નામનું શ્રી પાર્શ્વનાથજીનું મંદિર છે.

**વંથળી**—અહિં એક દેરાસર પ્રથમનું અને એક તે પચ્ચીશેક વર્ષ ઉપર એક મુસલમાનના ખેતરમાંથી નીકળેલ શ્રી

---

૧ અહીંયા બે દેરાસર, ઉપાશ્રયો, ગુરૂ મંદિર વિગેરે છે. જાવડશાના પિતા ભાવડશાને આ ગામ બક્ષીસ મળ્યું હતું તે.

શીતળનાથજીનું છે, આ પ્રતિમાજી મોટાને રમણીક છે, અહિ ઉપાશ્રય વિગેરે પણ છે.

**વેરાવળ**—અહિં બે-ત્રણ દેરાસર છે, સ્ટેશનથી થોડે દૂર એક ધર્મશાળા છે, અહીંથી બે ગાઉ ઉપર પ્રભાસ પાટણ છે.

**પ્રભાસપાટણ**—અહિં નવ દેરાસરો છે, તેમ ધર્મશાળા ઉપાશ્રય છે, તેમાં ચંદ્રપ્રભુનું દેરાસર ઘણું જ જુનું છે, તેમ ગામ પણ ઘણું જ જુનું છે.

**પોરબંદર**—અહીં ચાર-પાંચ દેરાસરો રમણિય છે તેમ ધર્મશાળા, ઉપાશ્રય છે.

**જામનગર**—અહીં નવશિખરબંધી અને ચાર ઘર દેરાસરો એમ ૧૩ દેરાસરો છે, તેમ ૮-૯ ધર્મશાળા ઉપાશ્રયાદિક છે. આ જામરાવળજીએ સં. ૧૫૪૦ માં વસાવ્યું છે.

**માંગરોળ**—અહીં ત્રણ દેરાસર છે, તેમાં નવપલ્લવ પાર્શ્વનાથનું દેરાસર કુમારપાળનું બંધાવેલ છે, દર્શન કરવા લાયક છે તેમ બે ઉપાશ્રયો છે. આ ગામ ઘણું જુનું છે, તેનું પહેલાં રત્નગઢ નામ હતું. લગભગ બારમાં સૈકામાં મંગળપુરથી ઓળખાતું હતું.

## પંચતીર્થી.

**અજારા પાર્શ્વનાથ**—આ પ્રતિમાજી લગભગ સાડાબાર લાખ વર્ષની ઘણી જુની કહેવાય છે, તે દેરાસરજીમાં એક ઘંટ સં. ૧૦૧૪ ની સાલનો છે. પ્રતિમાજી રમણિય છે.

**ઉના**—અહિંયા કુલ પાંચ દેરાસર છે, તેમાં શ્રી અમીઝરા પાર્શ્વનાથજીનું મંદિર ઘણું પ્રસિદ્ધ છે, તે સિવાય વિજયહિરસૂરીશ્વરજી, વિજયદેવસૂરીશ્વરજી, અને વિજયપ્રભસૂરીશ્વરજી-આ ત્રણે મહાન પુરૂષો અહીંયા કાળધર્મ પામ્યા છે, તેમના પગલાની છત્રીઓ તથા તે શિવાય પણ બીજા ઉત્તમ પુરૂષોના પગલાની દેરીયો છે, અહીં અકાળે ફળેલ આંબો તે હાલ મોજુદ છે.

**દીવ**—અહીંયા શ્રી નવલખા પાર્શ્વનાથજીનું રમણીય મંદિર છે, મૂર્તિ અદભૂત ને ચમત્કારી છે.

**દેલવાડા**—અહિંયા પણ એક રમણીય મંદિર છે.

**કચ્છ-ભદ્રેશ્વર**—આ પર દેરીનું ઘણુંજ જુનું શિખરબંધી દેરાસર છે. અહીં મહાવીર નિર્વાણુ પછી ૨૩ વર્ષે દેવચંદ્ર શ્રાવકે દેરાસર બંધાવી મૂળનાયક શ્રી પાર્શ્વનાથજીને પધરાવેલ. તે શ્રી જંબૂસ્વામીનો વખત હતો. તે ઘણાકાળે બધી પ્રતિમાજીને બાવાલોક લઇ ગયા હતા, ત્યાં એક ગોરજીએ આવી તપાસ કરતાં માલમ પડવાથી તે લોકોથી મિત્રાચારી કરવાથી મહાવીરસ્વામીની પ્રતિમાજી મળ્યા, તેને પધરાવ્યા. પછી પાછળથી મૂળ પાર્શ્વનાથજી પણ મળ્યા, તે હાલ પાછળના ભાગમાં પધરાવ્યા છે. અહીં ધર્મશાળા છે, વર્ષમાં બે વખત મેળો ભરાય છે.

**માંડવી**—અહિયાં એક બંદર ઉપર અને ત્રણ શહેરમાં મળી ચાર મંદિરો છે, ગામમાં ધર્મશાળા ઉપાશ્રય વિગેરે છે, કચ્છમાં આથી મોટું કોઈ શહેર નથી.

**સુથરી**—અહિયાં ચાર દેરાસર છે, તેમાં ધૃતકલ્લોલ પાર્શ્વનાથજીનું જુનું તીર્થ છે. ઉતરવાને ભવ્ય ધર્મશાળા છે. દરસાલ કાર્તિકી પૂનમે મેળો ભરાય છે.

**પંચતીર્થી**—સુથરી, નળીયા, તેરા, જખૌ અને કોઠારા આ પાંચની પંચતીર્થી પણ કહેવાય છે.

**મદ્રાસ**—અહિંયાં ત્રણ મંદિરો છે. શ્રાવકોના આશરે ૩૦૦ ઘર છે, તેમ અહિયાં ઉપાશ્રય, ધર્મશાળાદિક પણ છે.

**હૈદ્રાબાદ-દક્ષિણ**—અહિયાં ચાર મંદિરો છે. શ્રાવકોની વસ્તી પણ સારા પ્રમાણમાં છે. ઉપાશ્રય ધર્મશાળાદિક છે.

**કુલપાક**—તે હૈદ્રાબાદના આલેર સ્ટેશનથી બે ગાઉ છે. વિવિધ તીર્થકલ્પમાં આ મંદિર વિક્રમ સં. ૬૮૦ માં બંધાયું લખ્યું છે, તેમાં આદીશ્વર ભગવાનની શ્યામરંગની મૂર્ત્તિ ૨॥ હાથની છે, તેમને માણિકયપ્રભુ પણ કહે છે. બીજા એક પીરોજા રંગના મહાવીરસ્વામી બાજુમાં છે. રંગમંડપના એક સ્થંભ ઉપરના લેખમાં લખ્યું છે કે, વિક્રમ સં. ૧૬૬૫ માં આ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો છે, તેમાં વિજયસેનસૂરિનું નામ છે. ફરીથી સં. ૧૭૬૮ માં અને ત્યારપછી સં. ૧૯૬૫ માં હૈદ્રાબાદના શ્રાવકોએ જીર્ણોદ્ધાર કરાવ્યો છે.

**ભાંદક**—અહીં શ્રી કેસરીયા પાર્શ્વનાથજીની પ્રતિમા ૬॥ ફુટની છે, પ્રતિમાજી ૨૩૦૦ વર્ષ પહેલાના છે આ પહેલાં (ભદ્રાવતી) નગરી હતી, પ્રતિમાજી ચમત્કારી છે. બંગાલ-નાગપુર રેલવેના વર્ધા સ્ટેશનથી જવાય છે.

**અંતરીક્ષ પાર્શ્વનાથ**—આ પ્રતિમાજી ઘણા ચમત્કારી છે, એ પ્રતિમાજી લંકાના રહીશ માલી, સુમાલી, વિદ્યાધરે દર્શનાર્થે વેળુની બનાવી તળાવતટે સ્થાપિત કરેલ, તે તળાવમાં સ્નાન કરવાથી ખિંગલપુરના શ્રીપાળરાજાનો કોઢ ગયો, તેની રાણીને સ્વપ્નું આવવાથી પ્રતિમાજી પોતાના નગરે સાત દિવસના બેલને કાચાં સુતરની દોરીથી લાવતાં પાછું વાળી જોવાથી ત્યાંજ અંતરિક્ષ રહ્યા, તેથી ત્યાંજ શ્રીપૂરનગર વસાવ્યું ને મંદિર કરાવી તેમાં પધરાવ્યા, ત્યારથી અંતરીક્ષ પાર્શ્વનાથ નામ પડયું, અહીં ધર્મશાળાઓ તથા પેઢી છે, તે વરાડ પ્રાંતમાં છે, આકોલાથી ૨૦ ગાઉ થાય છે.

**મુંબઇ**— અહિંયાં કુલ ૧૭ દેરાસર છે, શ્રાવકની વસ્તી ઘણા સારા પ્રમાણમાં છે, દરેક દેશાવરના શ્રાવકો અહીંયાં છે. બાબુ પન્નાલાલ હાઇસ્કૂલ, મોહનલાલજી લાઇબ્રેરી, મહાવીર વિદ્યાલય, વર્ધમાન આબિલ ખાતું વિગેરે છે.

**સુરત**—અહીંયાં લગભગ પચ્ચાસ દેરાસરો છે, પ્રતિમાજી વિગેરે રમણીય છે, તેથી આ શહેર તીર્થરૂપ છે, તેમ ઉપાસરા, ધર્મ-શાળાઓ, વાડીઓ વિગેરે પણ સારા પ્રમાણમાં છે.

**વડોદરા**—અહીંયાં કુલ સત્તર દેરાસર છે, તેમાં દાદાપાર્શ્વ-નાથજી, આદીશ્વરજી અને કલ્યાણપાર્શ્વનાથજીના મોટા છે, દાદા-પાર્શ્વનાથજીની મૂર્તિ ઘણી જુની ને વેળુની છે, ૧૦-૧૨ વર્ષ ઉપર નવું કરાવી પ્રતિષ્ઠા ફરીથી કરાવી છે.

**ડભોઇ**—અહીંયાં આઠ દેરાસરો છે, ઊ૦ શ્રી જસવિજય મહારાજે અહીં કાળ કર્યો છે, તેમના પગલાની અહીં દેરી છે, આ તીર્થરૂપ છે.

**માતર**—અહિં મૂળનાથ શ્રી સુમતિજિન છે, ફરતી પર દેરી છે, તે જીર્ણ થવાથી સં. ૧૯૮૩ માં અમદાવાદના શેઠ જમનાભાઇ

ભગુભાઇ તરફથી જીર્ણોદ્ધાર કરાવ્યો છે. આ તીર્થ સાચા જિન તરીકે પ્રસિદ્ધ છે. ખેડાથી બે ગાઉ થાય છે.

**ભરૂચ**—( અશ્વાવબોધ અને સમળીવિહાર તીર્થ ) શ્રી મુનિસુવ્રતના ઉપદેશથી બોધ પામેલ અશ્વ, કાળ કરી દેવલોક ગયો, ત્યાંથી ઉપયોગ દઇ સ્વસ્થાને આવી, શ્રી મુનિસુવ્રતનું તીર્થ સ્થાપ્યું. વળી તે જ સ્થળે ઘણો કાળ વ્યતીત થયે, એક વૃક્ષપર બેઠેલ સમળીને કોઇએ બાણથી મારી તે નીચે પડી, ત્યાં કાઉસગ્ગમાં રહેલા બે મુનિયોએ નવકાર સંભળાવ્યો, તે પ્રભાવથી તે સિંહલદ્વીપે રાજકુંવરી રૂપે ઉત્પન્ન થઇ. ત્યાં તેને જાતિસ્મરણ થવાથી પૂર્વના આ સ્થાને આવી જીર્ણ થયેલા તે તીર્થને સુધરાવ્યું, ત્યારથી આ ઉપરના બે નામથી તીર્થ પ્રસિદ્ધ થયું.

**ખંભાત સ્થંભન પાર્શ્વનાથ**—સ્થંભણકમાં અભયદેવસૂરિનો રોગ નિવારવા દેવીએ સ્વપ્નમાં દર્શન આવી કહ્યું કે ખંભાત જાઓ, ત્યાં શેઢી નદીના કાંઠે પલાસના ઝાડતળે રોજ કપીલા ગાય દુઝે છે, ત્યાં નાગાર્જુને પાર્શ્વનાથજીની પ્રતિમા ભંડાર્યા છે, તેના ન્હવણથી રોગ જશે. તે પ્રમાણે ખંભાત આવી ૩૨ શ્લોકનું જયતિહુઅણ સ્તોત્ર બનાવ્યું. તેનો ૧૭ મો શ્લોક બોલતાં પ્રતિમાજી પ્રગટ થયા, અને તેનાં ન્હાવણથી રોગ ગયો. સં. ૧૧૧૯ માં દેરાસર કરાવી પ્રતિષ્ઠા કરી તેમાં પધરાવ્યા, તે વખતે ગુજરાતમાં ભીમદેવનું રાજ હતું, અહીયાં કુમારપાળનો કરાવેલ જ્ઞાનભંડાર તથા ધર્મશાળા છે.

**કાવી–ગંધાર**—કાવી–ગંધાર જુદા છે, છતાં તીર્થ તો એજ નામથી પ્રસિદ્ધ છે, કાવીમાં સાસુ–વહુના બે દેરાસર છે. આ મંદિરો કીમતી. છે. અહીંયાં ધર્મશાળા છે.

**અમદાવાદ**—ઇસ્વી સન ૧૪૧૧ અહમદશાહે વસાવ્યું. અહીયાં લગભગ ૧૨૫ થી પણ વધુ મંદિરો છે, તેમાં સને ૧૮૪૮ માં શેઠ હઠીભાઇનું બંધાવેલ બાવન જિનાલયનું ધર્મનાથ પ્રભુનું મંદિર મોટું છે, ૧૩–૧૪ પુસ્તકભંડાર, વિદ્યાશાળા, પાઠશાળા, જૈન બોર્ડીંગ, આંબિલખાતું અને આણંદજી કલ્યાણજીની પેઢી વિગેરે છે.

**ભોયણી**—અહિંયાં સં. ૧૯૩૦ ની સાલમાં કેવળ પટેલના ખેતરમાંથી કુવો ખોદતાં ઘણા ચમત્કારથી મલ્લિનાથ ભગવાન બે

કાઉસગ્ગીયા સાથે નીકળ્યા, વિના બળદે ગાડું ચાલવું વિગેરે ઘણા પરછા પુરાયા, દેરાસર તૈયાર કરી સં. ૧૯૪૩ ના મહાસુદ ૧૦ ના રોજ કડીના ચુનીલાલ સંઘવીએ ભગવાન પધરાવ્યા છે. પ્રતિમાજી ઘણાજ રમણીય છે, દેરાસર પણ ઘણું રમણીક છે, અહિં બે તરફ રેલ્વે છે. તેમ ધર્મશાળા વિગેરે સાધન છે. અહીંથી ૬ ગાઉના આશરે કડી ગામ થાય છે, ત્યાં ચાર દેરાસર છે, દર્શન કરવા જોગ સ્થાન છે.

**પાનસર**—આ મહાવીરસ્વામીના પ્રતિમાજી સં. ૧૯૬૬ ના શ્રા. શુદ ૯ ના દિવસે પ્રગટ થયા છે, અઢી લાખના ખરચે દેરાસર બંધાવી સં. ૧૯૭૪ ના વૈશાખ શુદ ૬ ના રોજે વીસનગરના શેઠ મણીભાઇ ગોકળભાઇએ ભગવાનને પધરાવ્યા છે.

**સેરીશ્વરા**—તીર્થ જુનું છે, દેરાસર તદ્દન પડી ગયાથી દશ બાર વર્ષથી અમદાવાદના શેઠ સારાભાઇ ડાહ્યાભાઇ તરફથી ઘણા પરિશ્રમે નવીન દેરાસર તૈયાર થયું છે, તેમાં પ્રથમની જુની પ્રતિમાજી પધરાવવાના છે.

**મ્હેશાણા**—અહિંયાં નવ દેરાસર રમણીય છે, મોટું દેરાસર છે તેમાં મૂળનાયક મનરંજન પાર્શ્વનાથ તથા સુમતિનાથજી છે. અહિયાં વર્ધમાન આંબિલખાતું, પાઠશાળા, પુસ્તકાલય, ઉપાશ્રય, ધર્મશાળાઓ અને ભોજનશાળા વિગેરે છે, મેંસાણા ગામને મસાજી નામના ચાવડા રજપુતે વસાવ્યું કહેવાય છે.

**વિજાપુર**—અહિયાં સાત દેરાસર છે, તેમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીનું દેરાસર ઘણું જુનું છે. પ્રતિમાજી રમણીય છે, અહિયાં જૈનશાળા, ઉપાશ્રય, જ્ઞાનમંદિર, ધર્મશાળાઓ વિગેરે છે. અહીંથી ત્રણ ગાઉ લાડોલ ગામ છે, ત્યાં બે દેરાસર ઘણા જુના છે, તેમ સં. ૧૯૫૭ માં તેરમા સૈકાની ૧૮ પ્રતિમાઓ નીકળી છે. ત્યાં દર્શન કરવા જોગ છે.

**વડનગર**—અહિયાં પાંચ દેરાસર છે. તેમાં હાથીવાળું દેરાસર ઘણું જુનું ને ફરતી પર દેરી છે. મૂળનાયક શ્રી મહાવીર સ્વામી છે, પ્રથમ અહિં શ્રી શત્રુંજય તીર્થની તળાટી હતી, તેમ ધ્રુવસેન

રાજાનો શોક નિવાર્ણાર્થે પ્રથમ કલ્પસૂત્રની વાંચના વીર સં. ૯૮૦ અગર ૯૯૩ માં અહી થઇ હતી. અહી ઉપાશ્રય, ધર્મશાળાઓ છે,

**વિશનગર**—અહિયાં પાંચ દેરાસર છે, તેમાં શ્રી કલ્યાણ પાર્શ્વનાથજીનું મંદિર ત્રણ માળનું ને મોટું છે, પ્રતિમાજી રમણીય છે. ઉપાશ્રય, ધર્મશાળા, વિગેરે છે.

**પાટણ અને પંચાસરા**—આ મંદિર વનરાજ ચાવડાએ બંધાવ્યું છે, તે વિક્રમ સં ૮૦૨ માં થયા છે, આ દેરાસરની ભમતીમાં તેમની મૂર્તિ છે, અહીયાં બીજા સેંકડો ભવ્ય મંદિરો છે, તેથી પાટણ એક મહાન તીર્થ રૂપ છે, અહી મોટો જ્ઞાનભંડાર છે, તેમ ઉપાશ્રયો, ધર્મશાળાઓ, ભોજનશાળા છે.

**ચારૂપ**—આ પાટણની ઉત્તરે ચાર ગાઉ ઉપર છે, આ-શ્યામ મૂર્તિ શ્રી પાર્શ્વનાથજીની છે, તે મુનિસુવ્રતના શાસન પછી ( ૨૨૨૨ ) વર્ષ પછી ગોડદેશના અષાડી શ્રાવકે ભરાવેલ ત્રણ પ્રતિમાજી પૈકીના છે. તેને (૫૮૬૭૦૦) વર્ષ થયા (તત્ત્વનિર્ણય પ્રસાદમાં ) હાલનું દેરાસર સં. ૧૯૮૩ ની સાલમાં નવીન કરાવ્યું છે.

**સિદ્ધપુર**—સુલતાન પાર્શ્વનાથ અહીયાં અલ્લાઉદીન બાદશાહ રૂદ્રમાળને તોડી આ દેરાસર તોડવા આવ્યો, ત્યારે ભોજકલોકોના ભક્તિભાવે શાસનદેવોના ચમત્કારથી બાદશાહ ચકિત થયો ને બોલ્યો કે એ તો બડા સુલતાન હૈ. એમ કહેવાથી સુલતાન પાર્શ્વનાથ નામ પાડયું, પહેલાં અહિ ૨૦૦૦ શ્રાવકના ઘર હતાં. અહિંથી ૫૦૦૦ નકરો આપી ૧૧ પ્રતિમાજી પાનસર તીર્થ માટે લઇ ગયા છે.

**મેત્રાણા**—તે સિદ્ધપૂરથી ઉત્તરે પાંચ ગાઉ ઉપર છે. અહિ ઋષભદેવ પ્રભુનું મોટું ત્રણ શિખરનું મંદિર છે. આ પ્રતિમાજી સં. ૧૯૦૦ ના શ્રા. વદી ૧૧ સોમવાર સવારમાં નવ વાગે સુતારની કોડમાંથી ત્રણે પ્રતિમાજી સાથે નીકળ્યા છે, પ્રતિમાજી ભવ્ય છે.

**તારંગા**—આ દેરાસર કુમારપાળ રાજાનું બંધાવેલું છે દેરાસર ઘણું ઉંચું છે; તેમાં માળ છે ત્રણ માળ સુધી જઇ શકાય છે, આગળના ઘુમટમાં કેંગર પાથરેલા છે, મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાન છે, આ પ્રતિમાજી ૧૧૧ ઇંચના છે સેવા

ફરવા નીસરણી છે. અહીં પહેલા ફરતી બાવન દેરી હતી, તે અજેપાળ રાજાએ તોડાવી નાંખી છે.

**ઇડરગઢ**—આ બાવન દેરીવાળું મંદિર કુમારપાળ રાજાનું બંધાયેલું છે, મુસલમાનોથી મૂર્તિને નુકશાન થવાથી હાલમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન છે, પ્રતિમાજી રમણીય છે, તે શિવાય ઇડર ગામમાં શ્વેતાંબરીઓના પાંચ મંદિર છે.

**પાલણપુર**—આ અશોધવળ પરમારનો પુત્ર ધારાવર્ષ તેણે સં. ૧૨૨૦ થી તે સં. ૧૨૭૬ સુધી ચંદ્રાવતીનું રાજ્ય કર્યું, કુમારપાળની સાથે કોકણુની લડાઇમાં તે વીર પુરૂષે જીત મેળવી હતી, તેના નાના ભાઇ પ્રહલ્લાદને સં. ૧૨૫૦ ના અરસામાં પ્રહલાદનપુર વસાવ્યું, અને પ્રહલાદનવિહાર કરાવી શ્રી પાર્શ્વનાથજીની મૂર્તિ પધરાવી, તેમની પોતાની મૂર્તિ પણ આ દેરાસરમાં છે, શ્રીજગચ્ચંદ્રસૂરિના શિષ્ય શ્રી દેવચંદ્રસૂરિએ પોતાના બે શિષ્યો પૈકી એકને આચાર્ય પદવી અને બીજાને ઉપાધ્યાય પદવી અહીંયાં આપી, ત્યારે વ્યાખ્યાનમાં ૮૪ ધનાઢ્ય ગૃહસ્થો તેમ અનેક જનસમુદાય આવતો હતો, દર્શનાવસરે એક મુડો ચોખા ને ૧૬ મણુ સોપારી ચડતી હતી, તે સં. ૧૩૩૨ ની સાલ હતી, તેજ પ્રહલાદનપુર આજનું પાલણપુર છે, અહિં કુલ નવ દેરાસર છે તેમાં આ દેરાસર સર્વથી મોટું છે.

**રાધનપુર**—અહિંયાં કુલ ૨૫ દેરાસરો છે, તેમાં ચિંતામણી પાર્શ્વનાથજી, કલ્યાણપાર્શ્વનાથજી, આદીશ્વરજી અને શાંતિનાથજી વિગેરેના મંદિરો મોટા ને વખાણવા લાયક છે, તેમ [1]વર્ધમાન આંબિલખાતું, યશોવિ૦પુસ્તકાલય, પાઠશાળાઓ, ધર્મ કાર્યના ઉત્તમ ઉપકરણો, ભોજનાલય, ઘણા ઉપાશ્રયો, ધર્મશાળાઓ વિગેરે પણ છે.

**શંખેશ્વરાપાર્શ્વનાથ**—આ મૂર્તિથી જાદવોની જરા નિવારાઇ તેના પહેલાની ઘણા પૂરાણા વખતની કહેવાય છે, એટલે શ્રી કૃષ્ણના ધ્યાનથી દેવે લાવીને આપી, તેના ન્હવણના જળથી જરા નિવારાઇ, દેરાસરને ફરતી (૫૨) દેરી છે, મૂર્તિ ઘણી જીર્ણ થવાથી લેપ કરેલ છે, અહીં ધર્મશાળા છે.

---

૧ આ આંબિલ ખાતું ઘણુંજ પ્રશંસનીય અને સારી વ્યવસ્થાવાળું છે.

**આબૂ**—અહીં રૂા. ૧૮૫૩૦૦૦૦૦ ના ખરચે સં. ૧૦૮૮માં બંધાવેલ વિમળશાનું, અને ૧૨૫૩૦૦૦૦૦ ના ખરચે સં. ૧૨૮૭માં બંધાવેલ તેજપાળનું, આ બે ઉતમ કારીગરીના છે, ત્રીજું પીતળના પરઘરનું ફરીથી સં. ૧૫૨૫ માં પ્રતિષ્ઠા થયેલ ભીમાશાનું, (કોઇ તેમને ભેંસાશાહ કહે છે,) ચોથું ત્રણ માળનું પાર્શ્વનાથજીના ચૌમુખજીનું, સં. ૧૫૧૫ નું મંડલિક સંઘવીનું, પાંચમું મહાવીરસ્વામીનું એમ પાંચ દેરાસરો છે.

**અવિચળગઢ**—અહીંયાં બે માળમાં ધાતુના ચૌમુખજી છે, તે સં. ૧૫૬૬ માં સહસા અને સુરતાન બે ભાઇએ પધરાવ્યા છે, ધાતુના કુલ ૧૪ બિંબ છે, અહીંથી આબૂ તરફ જતાં થોડાક દૂર જઇયે એટલે ડાબી બાજુએ રસ્તામાં કુમારપાળનું બંધાવેલ શાંતિનાથનું મંદિર છે, પ્રતિમાજી રમણીય છે.

**કુંભારીયા**—પહેલાં તે આરાસણ નામનું મોટું નગર હતું. ખરેડીથી આશરે ૧૨ કોશ છે, પહાડપર ચડતાં પહેલાં અંબાદેવીનું મંદિર અને તે પછી એક કોશ દૂર કુંભારીયા તીર્થ છે. ત્યાં મોટા પાંચ મંદિરો છે. મોટું મંદિર શ્રી નેમિનાથજીનું છે, તે કોઇ રાજા તરફથી બંધાયુ હોય એમ લાગે છે. તેની પ્રતિષ્ઠા ૪૧ મા પટધર શ્રી અજિતદેવસૂરિ હસ્તક સં. ૧૨૦૪ આસપાસ થઇ છે, બાકીના ચાર મંદિરો શ્રીમાળી તેમ પોરવાડ વિમળશાહ વિગેરે ગ્રહસ્થોના બંધાવેલાના લેખો છે.

**સીરોહી**—અહિંયાં ૧૫ દેરાસર છે, તેમાં ૧૩ દેરાસર તો એકજ લાઇનમાં છે, ત્યાંનો દેખાવ ભવ્ય અને રમણીય છે, આ એક મહાન તીર્થરૂપ છે, તિહાં ૮–૧૦ ઉપાશ્રય ધર્મશાળાદિ છે, અહીં સં૦ ૧૯૮૭ ની સાલમાં ચૌમુખજીના દેરાસરનો મંડપ સુધારતાં એક ભોંયરામાંથી ૬૦ પ્રતિમાજી નીકળ્યા છે

**બામણવાડા**—અહિં એક મોટું રમણીય પર દેરીનું મંદિર શ્રી મહાવીરસ્વામીનું છે, તેમ ધર્મશાળા વિગેરે છે, ફાગણ શુદ ૧૧–૧૨–૧૩ મોટો મેળો ભરાય છે.

**વીરવાડા**—અહિં બે મંદિર એક પર દેરીનું ગામમાં અને બીજું ગામ બહાર છે, તેમ ધર્મશાળા ઉપાશ્રયાદિ છે.

**भीनमाल**—(श्रीमाळनगर ) अहीयां ७–८ देरासर छे. श्रावकोनां घर ४०० ना आशरे छे, चार–पांच उपाश्रय छे, अहीयां वीरनिर्वाण पछी ७० वर्षे स्वयंप्रभसूरिए रजपुतोना वीशाश्रीमाळीनी स्थापना करी ते आ स्थळ छे, ते आबुथी २० गाउ थाय छे.

**साचोर**—अहिं कोरंटना नाहड मंत्रीये सतरमा पट्टधर वृद्धदेवसूरिना उपदेशथी एक कोरंटमां अने बीजुं सत्यपुर ( साचोर )मां जिनमंदिरो बंधाव्या, अने बन्नेमां श्री महावीर स्वामीना बिंबो वीर सं. ५९५ अने विक्रम सं. १२५ मां पधराव्या. तेमणे कुल ७२ मंदिरो बंधावी गुरुश्रीना हस्तक प्रतिष्ठा करावी घणो सारो लाभ लीधो छे.

**जालोर**—अहियां गाममां नव मंदिरो अने गढ उपर त्रण मंदिरो मळी कुल बार मंदिरो छे, देरासरो रमणीय अने तीर्थरूप छे, अहियां उपाश्रय धर्मशाळाओ वगेरे छे.

**रामसेण**—अहियां ऋषभदेव तथा चंद्रप्रभना मंदिरोनी प्रतिष्ठा वीर सं. १४८० अने विक्रम सं. १०१० मां वडगच्छ स्थापक छत्रीशमा पट्टधर श्री सर्वदेवसूरिए करी छे, ते डीसाथी १२ गाउ थाय छे, त्यां ८–१० श्रावकना घरो छे.

**भीलडीयाजी**—आ पार्श्वनाथजीनी प्रतिमाजीने श्रेणिक राजाए स्थापेली, तेनी प्रतिष्ठा श्रीगौतमस्वामीना हाथे थइ कहेवाय छे, आ बारमा सैका सुधी ताम्रलिप्त नगर हतुं, त्यारपछी भीमपल्ली नाम पड्युं, ज्यारे विक्रम सं. १३४४ मां ४७ मा पट्टधर सोमप्रभसूरिना कहेवा प्रमाणे, आ नगर भांग्युं त्यारे भयना लीधे पार्श्वनाथजीने भोंयरामां पधरावेला छे, प्रतिमाजी चमत्कारी छे, फरीथी सं. १८७२ मां मेता धर्मचंद कामदारे जेनी भीलडीया अटक छे, एवा अणुदा ब्राह्मण पासे भीलडी गाम वसावराव्युं, ने राजकर माफ करावराव्यो, डीसाथी उत्तरे सात गाउ थाय छे, अही सं. ११ ना लेखनी प्रतिमाओ, कुवा विगेरे घणी नीशानीओ छे, अहींथी रामसेण बार गाउ थाय छे, अहींथी त्रण गाउ जसाली गाम छे, त्यां ऋषभदेवना प्रतिमाजी छे, ते चमत्कारी छे, बंन्नेनो वहिवट डीसा महाजन करे छे.

## મારવાડની નાની પંચતીર્થીને જીવીતસ્વામી.

આ બ્રાહ્મણવાડાની આસપાસ નજીકમાં છે.

**નાણા**—અહિયાં એક દેરાસર છે, એની નજીક બેડા ગામ છે, ત્યાં દેરાસર, ધર્મશાળા, ઉપાશ્રયાદિક છે.

**દિયાણા**—આ જંગલમાં એક મંદિર છે, પ્રતિમાજી રમણીય છે, અહીયાં ચોર તથા હિંસક જાનવર વિગેરેના ભયથી રાત્રી રહેવાતું નથી.

**નાંદિયા**—અહિંયાં એક બાવન દેરીવાળું મહાવીરસ્વામીનું અને એક બીજું એમ બે મંદિરો છે.

**લોટાણા**—અહિં એક મંદિર છે, તે જંગલમાં છે, એક ધર્મશાળા છે, તે નાંદિયાથી બે ગાઉ થાય છે.

**અજારી**—અહિં એક પાર્શ્વનાથજીનું અને એક બીજું એમ બે મંદિરો છે.

## મારવાડની મ્હોટી પંચતીર્થી

**રાણકપુર**—સાદડીથી ત્રણ ગાઉ થાય છે, તે દેરાસર નાંદિયાના ધનાશા પોરવાડે સ્વપ્નનામાં જોયેલ નલિની ગુલ્મ વિમાનની એક પાંખડીની રચનાયે પનર ક્રોડના ખરચે બંધાવ્યું છે, તે ત્રણ માળનું અને ત્રણે માળે શ્રી આદિશ્વરજીના ચોમુખજી છે, તેને ૮૪ મંડપ અને ૧૪૪૪ થાંભલા છે, તેની પ્રતિષ્ઠા વિક્રમ સં. ૧૪૯૬માં પચ્ચાસમા પટધર શ્રી સોમસુંદરસૂરિશ્વરજીના હાથે થઇ છે, પ્રતિમાજી અને મંદિર ઘણા રમણીય છે, હાલમાં અહીં જીર્ણોદ્ધારનું કામ ચાલે છે.

**વરકાણા**—આ મંદિર લગભગ ૧૦૦૦ વર્ષનું બનેલું છે, મૂળનાયક શ્રી પાંર્શ્વનાથજી છે, અહી હાલ વિજયવલ્લભસુરિજીના ઉપદેશથી જીર્ણોદ્ધારનું કામ ચાલે છે, તેમ એક જૈન વિદ્યાલય ચાલે છે, રાણી સ્ટેશનથી ત્રણ ગાઉ થાય છે.

**ઘાણેરાવ**—અહીંયાં કુલ દશ દેરાસરો છે, ને ઉપાશ્રય ધર્મશાળા વિગેરે પણ છે, અહીંથી **મૂછાળા મહાવીર** બે ગાઉ દૂર જંગલમાં છે, તે પ્રતિમાજી રમણીય છે, ત્યાં એક ધર્મશાળા છે.

**નાડોલા**—અહિંયાં ચાર દેરાસરો છે રમણીય છે, એકવીશમા પટ્ટધર શ્રીમાનદેવસુરિયે લઘુશાંતિ અહીયાં બનાવી હતી.

**નાડોલાઇ**—અહીંયા અગીયાર દેરાસરો છે, તેમાં નવ દેરાસરો ગામમાં છે, અને બે ગામ બહાર છે, અહીં[1] નેમિનાથને ગોડી પાર્શ્વનાથજી પ્રસિદ્ધ છે.

**સાદરી**—અહિયાં ચાર દેરાસરો છે, મુખ્ય દેરાસર શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીનું છે. બાકી ત્રણ બીજાં છે.

**પાલી**—(મારવાડ) અહિં નવલખા પાર્શ્વનાથનું મુખ્ય મંદિર છે, તે સિવાય બીજા મંદિરો તથા ઊપાશ્રય અને એક મોટી ધર્મશાળાં, તેમ એક સારો જ્ઞાનભંડાર છે.

**જીરાવલા**—તે મઢારથી દશ ગાઉના આશરે છે, ફરતી પર દેરી છે, મૂળનાયક પાર્શ્વનાથજીના સ્થાને હાલ શ્રી નેમિનાથજી બિરાજમાન છે, મંદિરની બાજુમાં એક ઓરડીમાં નાના પાર્શ્વનાથજી છે. બાકી બધી દેરીઓ ખાલી છે.

**ફલોધી**—તે જોધપૂર રાજ્યના મેડતાથી ચાર ગાઉ થાય છે, મૂળનાયક શામળા પાર્શ્વનાથજી છે, તે શ્રી શ્રીમાળી ધુંધલકુમારની ગાય હરરોજ ઓરડી તળે દુધ ઝરતી હતી, તેની ખબર તેને પડી અને સ્વપ્નું આવ્યું તેથી તે સ્વપ્ના પ્રમાણે જમીનમાંથી સં. ૧૧૮૧ ની સાલમાં પ્રગટ થયા, તેને મંદિર કરાવરાવી સં. ૧૨૨૧ માં પ્રતિષ્ટા કરી પધરાવ્યા છે, કોટ બહાર એક ચૌમુખજીનું મંદિર છે, અહીં આસો સુદી ૧૦ મેળો ભરાય છે.

**જેસલમેર**—અહી આઠ મંદિર કીલ્લા ઊપર છે, અને નવ મંદિર ગામમાં એમ કુલ ૧૭ મંદિર છે, તેમ કુલ પ્રતિમાજી પાંસઠ સડસઠ સો છે, એક જુનો પુસ્તકોનો ભંડાર છે.

**વિકાનેર**—અહી આશરે પાંત્રીશ મંદિરો છે, વિકાનેરને વિકાજીરાવે ૧૪૫૦ પછી વસાવ્યું કહેવાય છે, અહી શ્રાવકોની વસ્તી સારા પ્રમાણમાં છે. પુસ્તક લખનાર લહીયા અહી ઘણા છે, સુતરની નવકારવાળી વીગેરે ધર્મના ઉપકરણો સારાં મળે છે.

---

૧ તીર્થમાળના સ્તવનમાં છે કે, (નાડોલાઇ જાદવો ગોડી સ્તવોરે-) તે આ તીર્થ.

**મેરટા**—અહી ચોદ દેરાસર છે, પુસ્તકોનો ભંડાર પણ છે, ઉપાશ્રય ધર્મશાળા વિગેરે છે, પણ શ્રાવકની વસ્તી ફકત ૭૦–૮૦ ઘરની જ છે.

**નાગોર**—અહી ઢાડીવાળાના, કફતરીયોના, અને ઘોડાવતોના મહોલ્લામાં પાંચ મંદિરો છે, જૈન પુસ્તક લખનાર લહીયા ઘણા રહે છે.

**ચીતોડગઢ**—અહી જુના બજાર પાસે બે મંદિરો છે, અને ગઢ ઉપર રત્નેશ્વર તળાવ પાસે એક મંદિર ને ધર્મશાળા છે, જુના કીર્તિસ્થંભ પાસે તથા રસ્તામાં બે મંદિરો છે, પણ મૂર્તિવિના જીર્ણાવસ્થામાં ખાલી પડ્યાં છે, છતાં તેની કારીગિરી ઘણીજ ઉમદા છે, અહીં સુકોશલ મુનિની ગુફા છે, તેમને વાઘણે અહીં મારી ખાઇ ગઈ તે તેમની પૂર્વ ભવની માતા હતી, તેમના ગુરૂ શ્રી કીર્તિધર તે તેમના સંસારી પિતાના ઉપદેશથી વાઘણને જાતિસ્મરણ જ્ઞાન થયું, તેને જીવહિંસ ત્યાગી મુક્તિ મેળવી.

**કુરેડા**—ચીતોડગઢથી પશ્ચિમમાં ૨૯ માઇલ પર આવેલું છે. આ મંદિર સં. ૬ માં બંધાવેલું કહેવાય છે, ફરતી બાવન દેરી છે. પણ ખાલી છે, મુળ ગભારામાં ૧ કરેડા પાર્શ્વનાથજીની અને એક બીજી એમ બે પ્રતિમાજી છે, દેરાસરજીનો જીર્ણોદ્ધાર પાટણના શેઠ લલ્લુભાઇ જેચંદની મહેનતથી થયો છે.

**ઉદેપુર**—અહી વચલા બજાર, કોટવાળી પાસે, શેઠજીની વાડીમાં, હાથીપોળ દરવાજે, અને ગામ બહાર ચોગાન વિગેરેમાં મળી ૩૫–૪૦ દેરાસર છે, શ્રાવકના ઘર આશરે ૪૦૦ છે.

**આધાટપુર**—ઉદેપુરથી દોઢ કોશ થાય છે, અહીં ઋષભદેવ, શાંતિનાથ, પાર્શ્વનાથ, અને સુપાર્શ્વનાથના મળી ચાર મંદિર છે, વિક્રમ સં. ૧૨૮૫ માં અહી જગચંદ્રસૂરિને તપાબિરૂદ મળ્યું હતું.

**કેસરીયાજી**—આ શ્યામ મુર્તિ આદિશ્વર ભગવાનની છે, ઘણા વખતની જુની છે, લગભગ ૧૦૦૦ વર્ષ પર ગામની બહાર નીકળી હતી, તે રાવણના ભુજદંડમાં રહેતી હતી, તે વિગેરે ઘણી હકીકત કેસરીયાજી વ્રતાંતમાં જણાવેલ છે, કેસરીયાનું મંદિર

બંધાવતાં ૧૫૦૦૦ હજાર રૂપીયા ખરચ થયો કહેવાય છે, દર સાલ ચૈત્ર વદી ૮ ના દિવસે મેળો ભરાય છે, અને ઘણા ઠાઠમાઠથી વરઘોડો ચડાવી જયાંથી ભગવાન નીકળ્યા છે, તે છત્રી સુધી જાય છે.

**માંડવગઢ**—અહીં એક મંદિર અને એક ધર્મશાળા છે, મૂળનાયક શ્રી સુપાર્શ્વપ્રભુની ગાદીયે, હાલ શાંતિનાથ ભગવાન બીરાજમાન કરેલ છે, ને તેમને બાજુમાં બીરાજમાન કરેલ છે, તે પ્રતિમાજી ઘણા જુના ને જીર્ણ થવાથી લેપ કરેલ છે, માંડવગઢની આબાદી પહેલાં ઘણીજ સારી હતી હાલ તે નથી, મહુની છાવણી ઉતરી ત્યાં જવાય છે. અહિંથી ભોપાવર ૧૨ કોશ થાય છે

**ભોપાવર**—આ ઘણું જુનુ તીર્થ છે, પહેલાં અહીં ઘણા દેરાસરો હતાં, તેમ ઘણી મોટી વસ્તીવાળુ નગર હતું, હાલ અહીં થોડા વર્ષો થયાં એક મોટું દેરાસર બંધાવેલ છે, તેમાં એક શ્રી શાંતિનાથજીની ૧૪ ફુટની સફેત ઉભી તેમ બીજી પણ પ્રતિમાઓ છે, આ પ્રતિમાજી ચમત્કારી છે, અહીથી રાજગઢ નજીક થાય છે.

**રાજગઢ**—અહિં ચાર મંદિર છે, તેમાં એક મહાવીર સ્વામીનું (૫૨) દેરીનું છે, પ્રતિમાજી સુંદર છે, ઉપાશ્રય ધર્મશાળા વિગેરે પણ છે, શ્રાવકની વસ્તી છે.

**પારાસલી**—અહીં એક આદિશ્વર ભગવાનનું મંદિર છે, જેમાં અતિશય યુક્ત આશરે દોઢ હાથની પ્રતિમાજી બીરાજમાન છે, અસલ આ ગામ ઘણું મોટું હતું, હાલ અહીં દરસાલ ફા. સુદી ૪ થી તે આઠમ સુધી મેળો ભરાય છે. ફા. સુદી ૫-૬ બે દિવસે ધામધુમથી સ્વારી નીકળે છે, ને સ્નાત્ર ભણાવાય છે.

**મકસીજી**—અહીં મકસી પાર્શ્વનાથનું ભવ્ય મંદિર છે, મંદિરને ફરતી ત્રણ ભમતી અને ૪૨ જિનાલય વિગેરે છે. જિનાલયમાં ૧૫૪૮ ની સાલની પ્રતિષ્ઠિત કરેલ મૂર્તિઓ છે, મકસી પાર્શ્વનાથની મૂર્તિ નીચે એક ભોંયરૂં છે, તેમાંથી તે પ્રતિમાજી નીકળ્યા હતા, મંદિર સુશોભિત ને જોવાલાયક છે.

**ઉજ્જયની**—(અવન્તી નગરી) ઇંદોરથી ૨૯ માઇલ છે, અહીં અવન્તી પાર્શ્વનાથજીનું મંદિર છે. મહાવીરસ્વામીના જમાનામાં

અહીંના ચંણ્ડપદ્યોતન રાજા અને વિતભયપત્તનના ઉદ્દયનને ઉજ્જૈનના મેદાનમાં યુદ્ધ થયું હતું. તેમાં ચણ્ડપદ્યોતન હાર્યો તેને બાંધી લઇ જતાં રસ્તામાં ચોમાસાથી મુકામ કર્યો. ઉદાયી પાસે દશ સેવક રાજાઓ હતા, તેમના નામથી દશપૂરનગર વસાવ્યું, તેને મંદસોર કહે છે. મયણા સુંદરી, રાજા માનતુંગ, ભતૃહરી, વિક્રમ, અટનમલ્લ અને અવંતીસુકુમાર અહીના વતની હતા.

**રતલામ**—અહીં જૈન મંદિરો ઘણા મોટા અને રમણીય છે, શ્રાવકોના આશરે ૭૦૦ ઘર છે, રતલામથી દક્ષિણે કરંડીગામમાં આદિશ્વરનું મંદિર અને ધર્મશાળા છે, પશ્ચિમે સાગોદીયાગામે એક મંદિર ને ધર્મશાળા છે, સાગોદીયાથી દોઢ કોશપર બીબડોદીઆમાં એક આદિશ્વરનું મંદિરને ધર્મશાળા છે, રતલામથી ચાર કોશપર સેમેરિયા ગામે પાર્શ્વનાથજીનું મંદિર છે.

**બંદિપાર્શ્વનાથ**—તે માળવામાં છે, તીર્થ પ્રસિદ્ધ છે, અહિ પોષ દશમીના દિવસે દરસાલ મેળો ભરાય છે.

**મંદસોર**—તે રતલામથી (પર) માઇલ પર છે, તેને દશપુર પણ કહે છે. અહીં એક મંદિર છે, ચંણ્ડપદ્યોતનનો અહીં જ છુટકારો કરી રાજ પાછું આપ્યું હતું.

**ઇંદોર**—અહીંના મંદિર ઘણા ભવ્ય અને ખુબસુરત છે, અહીં પહેલાં મંદિરપર કોઇ કારણસર ધ્વજાદંડ ચઢાવાતો નહિ, પણ સં૦ ૧૯૬૨–૬૩ માં પન્યાસ શ્રીમદ્ સિદ્ધિવિજયજી મહારાજના ઉપદેશથી તેઓશ્રીની રજુવાતે ચઢાવવામાં આવ્યો હતો.

**આગ્રા**—અહીં લોનમંડી અને રોશન મહોલ્લામાં નવ જૈન મંદિરો છે, શ્રાવકના ઘર માત્ર ૨૦-૨૫ જ છે, જ્યારે અહિં વિજય-હિરસૂરિશ્વર પધાર્યા ત્યારે, જૈન ધર્મનો ફેલાવો ઘણો જ હતો.

**મથુરા**—અહિં ઘિયામંડિમાં પાર્શ્વનાથજીનું એક મંદિર છે, અહિં શ્રાવકોની વસ્તી ન હોવાથી ગ્વાલિયરના શ્રાવકો તપાસ રાખે છે, આર્યરક્ષિતસૂરિ અહિં પધાર્યા ત્યારે, જૈનોની જાહોજલાલી સારી હતી, સ્કંદિલાર્યે જૈનસંઘ ભેગો કરી જૈનાગમોનો અનુયોગ પ્રવર્તાવ્યો અને જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે મહાનિશીથ સુત્રનું

અનુસંધાન કર્યું, તે આ જ સ્થળ છે, જ્યારે સર કનિંગહામે તપાસ કરી ત્યારે તેને જે જે લેખો મળ્યા હતા, તેનો ગુજરાતી ભાષામાં જૈન તીર્થયાત્રા વર્ણનમાં ઉતારો છે, ત્યાં જોઇ લ્યો. તે ઘણા જુના ને જૈનધર્મને લગતા છે, હાલ છ લેખો છે. અહીં જૈનટીલા નામનું એક સ્થાન છે, ત્યાં પહેલાં જૈનોની વસ્તી હતી.

**શૌરીપુર**—અહીં શ્રી નેમિનાથજીનો જન્મ થયો હતો, શ્રાવકની વસ્તી કે ધર્મશાળા નથી, જમનાના વિહડમાં, એક પહાડીપર-વિના ઉદ્ધારના પાંચ મંદિરો છે, તેમાં ચાર તદ્દન ખાલી ને એકમાં નવીન નેમિનાથજીના ચરણ છે, મંદિરની કારીગીરી અને ખુબસુરતી ઉમદા છે, વિજયહીરસૂરિ પધાર્યા ત્યારે મંદિરોનો ઉદ્ધાર થયો હતો.

**કાનપુર**—અહીં મહેશરી મહોલ્લામાં ભંડારી રૂગનાથ પસાદજીનું બંધાવેલ એક જૈન મંદિર છે, આ મંદિર જોવા લાયક છે, હિંદુસ્તાનમાં આનો બીજો નમુનો નથી.

**લખનૌ**--અહીં બહોરનટોળા, ચુડીવાળી ગલી, સોંદીટોળા, અને ફુલવાળી ગલી વિગેરેમાં મળી ચૌદ મંદિરો છે, શ્રાવકોની વસ્તી ૫૦ ઘરોની છે.

**રત્નપુરી**—અહીં એક મોટું પાર્શ્વનાથજીનું અને બીજુ ઋષભદેવજીનું મંદિર છે, અહીં રાયબહાદુર ધનપતસિંહજીની આદિ ચાર ધર્મશાળાઓ છે.

**અયોધ્યા**—અહીં કટાર મહોલ્લામાં એક અજિતનાથ ભગવાનનું મંદિર છે, તેમાં જુદા જુદા તીર્થંકરોના કલ્યાણકોની સ્થાપના વિગેરે છે, મંદિર પાસે બે ધર્મશાળાઓ છે. અહીં ઋષભદેવના જન્માદિ ત્રણ કલ્યાણક, અજિતનાથના, અભિનંદન, સુમતિનાથ તથા અનંતનાથના ચાર કલ્યાણક થયેલા છે, દશરથ–રામચંદ્ર, હરિશ્ચંદ્ર, ચંદ્રાવતંસ અને મહાવીરસ્વામીના નવમા ગણધર અચલભ્રાતા અહીંના જ હતા.

**વણારશી**—અહીં દશ મંદિરો છે, તેમાં ભેલુપુર મહોલ્લામાં પાર્શ્વનાથજીનું મંદિર તથા ધર્મશાળા છે, અને ભદૈની મહોલ્લામાં વછરાજ ઘાટપર સુપાર્શ્વનાથજીનું મંદિર અને ધર્મ-

શાળા છે, સાતમા સુપાર્શ્વનાથ તેમ ત્રેવીશમા પાર્શ્વનાથજીના ચાર ચાર કલ્યાણકો અહીં થયાં હતાં, શ્રાવકોના આશરે ૨૫ ઘર છે.

**સિંહપૂરી**—તેની જગોએ હાલ હીરાવનપુર ગામ છે, અગીયારમાં શ્રેયાંસનાથજીનો જન્માદિ ચાર કલ્યાણક અહી થયાં હતાં, સિંહપૂરીનું મંદિર ગામથી થોડે છેટે જંગલમાં છે, એક ધર્મશાળા અને બગીચો છે, મંદિરની વચમાં સમોસરણનો આકાર, કલ્યાણકોની સ્થાપના, વિશ્નુમાતાની મૂર્તિ, પાષણમાં અશોક વૃક્ષ અને ચાદ સુપન અને મેરૂ પર્વત વિગેરે છે, સમવસરણની પશ્ચિમમાં ચંદ્રપ્રભુનું મંદિર વિગેરે છે.

**ચંદ્રાવતી**—ગંગાકિનારે શ્રી ચંદ્રપ્રભુજીનું ખુબસુરત મંદિર છે. તેમના જન્માદિક ચાર કલ્યાણક અહી થયાં હતાં. મંદિરથી ૩૦૦ કદમ દૂર એક ધર્મશાળા છે.

**જયપુર**—અહીં ઝવેરી બજાર અને ઘીવાળાના રસ્તાપર બે મંદિરો, શહેર બહાર દાદાવાડીમાં એક મંદિર ને પગલા છે, ઘાટ દરવાજાથી બે માઇલ દૂર પણ એક મંદિર છે, શ્રાવકના ૧૨૫ ઘરો છે. અહીનું ચિત્રકામ, પ્રતિમાજી વિગેરે સારાં થાય છે.

**જોધપુર**—અહીં કુલ નવ મંદિરો છે, જોધપૂરથી દોઢ કોશ પર ગુરાના તળાવ પાસે, બે મંદિર ને ધર્મશાળા છે, મોટા મંદિરમાં પાર્શ્વનાથજીનીમુર્તિ અદભૂત છે, જોધપુરથી ઉત્તરે ત્રણ ગાઉ પર મંડાવર ગામે બે મંદિર છે, શ્રાવકની વસ્તી નથી. મોટા મંદિરમાં પાર્શ્વનાથજીના નીચે સં. ૧૨૨૩ નો લેખ છે.

**ઓશિયાજી**—અહીંયાં પહેલાં ઘણા દેરાસરો હતાં. હાલમાં અહીં એકજ દેરાસર શ્રી મહાવીરસ્વામીનું છે, તેની તથા કોરટાજીમાંની શ્રી મહાવીર સ્વામીનું દેરાસર છે, તે બેની પ્રતિષ્ટા ઓશવાળ વંશના સ્થાપક શ્રી પાર્શ્વનાથજીના સંતાનીયા શ્રી રત્નપ્રભસૂરિએ એક સાથે બે રૂપમાં કરી છે, તેવા તે પરાક્રમી હતા. આ દેરાસર પણ તેજ વખતનું છે, તેને ફરી વિક્રમ સં. ૧૦૩૩ માં સમરાવેલું છે, આ પ્રતિમાજી નવા છે, ત્યાં એક ૧૦૩૩ નો લેખ છે, તેમાં પરિહારવંશ તથા વત્સરાજા જેને એક વખત

ઓશિયાને આફતમાંથી બચાવી હતી તેવું લખેલ છે, અહીં. શ્રાવકની વસતી નથી, દર શાલ ફાગણુ સુદી ૩ મેળો ભરાય છે.

**કોરટાજી**—હાલ અહી છ દેરાસર છે, તેમાં એક ઉપર કહી આવ્યા તે શ્રી મહાવીર સ્વામીનું છે, તે ઓશિયાજીના દેરાસરજીની અને આ દેરાસરજીની પ્રતિષ્ટા એકી સાથે બે રૂપમાં કરી તે છે, એટલે લગભગ ૨૪૦૦ વર્ષનું પુરાણું તીર્થ છે, તેનો જીર્ણોદ્ધાર વિક્રમની ૧૩ મી સદીમાં નાહડ મંત્રીના પુત્ર ઢહલે અને ૧૭ મી સદીના આરંભમાં વિરૂ નામના શ્રાવકે કરાવ્યો છે, છતાં તે દેરાસર હાલમાં જીર્ણ સ્થિતિમાં છે.

**ચંપાનગરી**—(ચંપાનાળા) અહીં વાસુપૂજ્ય સ્વામીના પાંચ કલ્યાણક, મહાવીરસ્વામીનાં ત્રણ ચોમાસાં, કામદેવ શ્રાવક, કુમારનંદીસુવર્ણકાર, સુભદ્રા સતી, અને સય્યંભવસુરિથી દશ વૈકાલિકનું રચવું થયું હતું, ચંપાનાળા પોચતાં નજીક બે મંદિરો આવે છે, એમાંયે વાસુપૂજ્યની મુર્તિઓ સ્થાપન કરેલી છે, ચાર ધર્મશાળાઓ છે, સુભદ્રા સતીયે ઊધાડેલા ત્રણ દરવાજા જમીનમાં ભોંયરામાં મોજુદ છે

**અજીમગંજ**—મુરશીદાબાદ બે નજીક છે, પણ વચ્ચે ગંગાનદી વહે છે, પેલે પાર મંદિરોમાં જવા હોડીયો મળે છે, અજીમગંજ અને ગંગાપારના મંદિરો—૭ અજીમગંજમાં, ૨ રામ બાગમાં, ૪ બાલુચરમાં, ૧ કીર્તિબાગમાં, ૧ મહીમાપુરમાં, ૧ કટ ગોલામાં, ૧ કાસમ બજારમાં મળી કુલ સત્તર છે, જગતશેઠનું બંધાવેલું કસોટીનું મંદિર હાલ વેરાન થયેલું, કોઇ દેવીની મુર્તિ સહિત જોવામાં આવે છે.

**કલકત્તા**—અહીં કુલ નવ દેરાસર છે, દર શાલ કાર્તિકી પૂનમના રોજ અફીમ ચોરસ્તાના મંદિરમાંથી, મોટી ધામધુમથી વરઘોડો નીકળી દાદાજીના બગીચે આવી ત્રણ દિવસ સુધી રહે છે. અહી રાયબહાદૂર બદ્રિદાસજીનું મંદિર ભવ્ય અને જોવાલાયક છે.

## અહિંની કહેવાતી પંચતીર્થી

બિહાર પ્રાંતમાં નવાદા સ્ટેશનથી ૨૦ કોશના ઘેરાવામાં આ પંચતીર્થી છે.

૧ ગુણાયાજી—(ગુણશીલ ઉદ્યાન) અહીં તળાવની વચ્ચે એક મંદિર છે, ત્યાં જવા આવવા પુલ બાંધેલો છે, મંદિરમાં મહાવીર સ્વામીના, ગૌતમ સ્વામીના, તથા બીજા તીર્થંકરોના પગલા છે, અહીંથી ૬ કોશ પાવાપુરી છે.

૨ પાવાપુરી—આ મહાવીર પ્રભુની નિર્વાણભૂમિ છે, અહીં રાજા નંદીવર્દ્ધને બંધાવેલ કમળસરોવરમાં એક મંદિર છે, તેનું બીજું નામ જળ મંદિર કહે છે, બીજું એક મંદિર ધર્મશાળામાં મહાવીર સ્વામીનું ગણધરોના પગલા દેવર્દ્ધિગણીક્ષમાશ્રમણની મુર્તિ, સ્થુલીભદ્રજી, ચંદનબાળા, અને દાદાજીના પગલા છે, ત્રીજું એક મંદિર મુરશીદાબાદવાળી મહેતાબકુંવરનું બંધાવેલું છે, મૂળ નાયક મહાવીર સ્વામી છે, કમળસરોવરની ઉત્તરમાં મહાવીર સ્વામીના પગલાંનું સમોવસરણ છે, અહીં દર શાલ આસો વદી ૦)) મેળો ભરાય છે, અહીંથી પાંચ કોશ પર રાજગૃહિ નગરી છે.

૩ રાજગૃહિ—અહીં એકજ મહોલ્લામાં પાર્શ્વનાથજીનું, આદિશ્વરજીનું, અને મુનિસુવ્રતજીનું, મળી ત્રણ મંદિરો છે, તથા પાંચ પહાડ ઊપર જુદા જુદા મંદિરો છે, મુનિસુવ્રતના જન્મ ને કૈવલ્ય અહીં થયાં હતાં, શ્રેણીકની રાજધાની, વીરના ૧૧ ગણધરોની મુક્તિ, જંબુસ્વામી, શાળીભદ્રજી, ધન્ના અને અભયકુમારની દીક્ષા, સય્યંભવસૂરિનું જૈનપણું, શ્રેણિકનું કેદમાં પુરી કોણિકનું રાજપર બેસવું, તથા મહાવીરના ૧૪ ચોમાસાં વિગેરે અહીં થયાં છે.

## રાજગૃહીના પાંચ પહાડ અને દેરાસરો.

આ પાંચ પહાડ ઊપર પહેલાં ૮૦ દેરાસરો હતા, રાજગૃહીથી થોડે દૂર વિપુલગિરિની બાજુમાં પાંચ ઉના પાણીના કુંડો છે, અને ત્યાંથી પહાડનો રસ્તો શરૂ થાય છે, રસ્તો કઠણ છે. પહાડપર અઇમંતામુનિનું, કમળદળપર ચરણ થયેલું મહાવીર સ્વામીનું, ચંદ્રપ્રભ સ્વામીનું, સામવસરણની રચનાવાળું મહાવીર સ્વામીનું, મુનિસુવ્રત સ્વામીનું, અને ઋષભદેવ સ્વામીનું મળી ૭ મંદિરો છે, અહીંથી ઉતરી રત્નગિરી પર જવું.

રત્નગિરી—પર એક શાંતિનાથજીનું ને બીજું ચિંતામણી પાર્શ્વનાથજીનું મંદિર છે. અહીંથી ઉતરી ઉદયગિરી પર જવું.

**ઉદયગિરી**—ચઢાવ કઠણ છે. ઉપર શામલિયા પાર્શ્વનાથજીના-મંદિરમાં કઈંક ચરણ પાદુકા અને બીજા નાના મંદિરો છે, શિવાય ત્રણ મંદિરો પડી ગયેલા છે, અહીથી ઉતરી સુવર્ણગિરીયે જવું.

**સુવર્ણગિરી**--ઉપર એક ઋષભદેવનું અને બીજું શાંતિનાથજીનું મંદિર છે, ઋષભદેવના મંદિરની પશ્ચિમે એક પડી ગયેલ મંદિર છે, અહીંથી ઉતરી વૈભારગિરિ કે જેની ખોહમાં રોહિણીયો ચોર રહેતો હતો તે પર જવું.

**વૈભારગિરીની તળાટી**—અહીં પાણીના પાકા બાંધેલા ૧૩ કુંડો છે, ત્યાં રાજા શ્રેણીકનો સુવર્ણ ભંડાર છે, તેની નજીકમાં આદિશ્વરની કાયોત્સર્ગમય મૂર્તિ તથા નમિ વિનમિની આજીજી કરતી મૂર્તિયો, નિર્મલકુવી છે, ત્યાંથી પાછા સુવર્ણભંડાર પાસે આવી ત્યાંથી પહાડ ઉપર ચઢવું.

**વૈભારગિરિ**—ચઢાવ કઠણ છે, ઉપર નીચે પ્રમાણે સાત મંદિરો છે. ૧ વાસુપૂજ્યનું, ૨ મહાવીર સ્વામીનું, ૩ બાબુનું, મહાવીર સ્વામીનું, તેની આજુબાજુ ત્રણ મંદિરો જીર્ણ થઇ પડી ગયેલા છે. ૪ ચોવીશે તીર્થંકરોનું, ૫ માણેકચંદ ઓશવાળનું, આદિશ્વરજીનું, ૬ ગૌતમ ગણધરનું, (જગત શેઠના વંશનું.) ૭ ધન્ના શાલીભદ્રનું. સં. ૧૫૨૪ માં પ્રતિષ્ઠાનું છે, અહીંથી ઉતરી પાછા રાજગૃહી આવવું, ત્યાંથી ૪ કોશ પર કુંડલપૂર છે.

**કુંડલપૂર**—આને લગભગ ૨૪૦૦ વર્ષ પહેલાં " માહણ-કુંડ ગામ " અને આજકાલ વડગામ કહે છે, અહીં એક આદીશ્વર ભગવાનનું મંદિર છે. તેનો જીર્ણોદ્ધાર ચેવલાવાળા શેઠ રૂપચંદ રંગીલદાસે સં. ૧૯૬૦ માં કરાવ્યો છે.

**બિહાર**—તેને સુબે બિહાર પણ કહે છે, અહી ધર્મશાળામાં મહાવીરસ્વામીનું, બજારમાં ચંદ્રપ્રભુનું, અને અજિતનાથજીનું, તથા ચોખંડી મહોલ્લામાં આદિશ્વર ભગવાનનું મળી કુલ ચાર મંદિરો છે.

અહીંથી બે કોશ પર તુંગી નામે ગામ છે, કે જે શાસ્ત્રોમા કહેવાતી તેજ આ ( તુંગીયાનગરી ) છે.

**મધુબન**—(તે શિખરજી પહાડની તળેટી) અહીં દશ દેરાસરો છે, તેમાં ૧ ચંદ્રપ્રભસ્વામીનું, ૧ સુપાર્શ્વનાથનું બાકી ૮ પાર્શ્વનાથ પ્રભુના છે, અહીં ૪ ધર્મશાળાઓ અને એક પૌશધ શાળા છે, અહીંથી શિખરજી ઉપર ચડાય છે.

**સમેતશિખર**—૧ ઋષભદેવ, ૧૨ વાસુપૂજ્ય, ૨૨ નેમિનાથ ૨૪ મહાવીરસ્વામી સિવાય ૨૦ તીર્થંકર અને કેટલાક મુનિયો મોક્ષપદને પામ્યા છે, આ વીશે તીર્થંકરના પગલાની ૨૦ દેરીઓ જુદા જુદા શિખરો પર છે, ને વચમાં શ્રી શામળીયા પાર્શ્વનાથજીનું મોટું મંદીર છે, આ મંદિર જગતશેઠ ખુશાલચંદે બંધાવ્યું છે, તેમાં ૯,૩૬,૦૦૦ રૂપીયા ખરચ થયું છે, મૂર્તિ બે હાથની પ્રતિષ્ઠિત છે, સમેતશિખર પર મંદિરો, ટુંકો, ધર્મશાળા વિગેરે શ્વેતાંબર જૈનોના બનાવેલા છે.

મધુબનથી ચાર કોશ પર બરાકડ ગામ છે, ત્યાં મહાવીર પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું તે.

**બરાકડ અને રિજુવાલુકાનદી**—ગામમાં એક ધર્મશાળા અને એક મંદિર છે, જેમાં મહાવીરસ્વામીના પગલાં છે, આ નદી અહીં વહે છે, મહાવીરસ્વામી આ નદી કિનારે ઘણો વખત વિચર્યા હતા. ને તપ કર્યો હતો. મહાવીરસ્વામીએ શ્યામાક કુટુંબીના ક્ષેત્રમાં ધ્યાન કરતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, અહીંના મંદિરમાં સમોવસરણનો આકાર છે.

**પાટલીપુત્ર**—(પટના) શ્રેણીકના પુત્ર કોણીકે (અશોક અને અજાત શત્રુએ) વસાવ્યું છે, તેને વસ્યાને લગભગ ૨૩૦૦ વરસ થયાં. તેમના પુત્ર ઉદાયિરાજા અપુત્રીયા મરણ પામવાથી તે ગાદી ઉપર નંદ નામે નાઇ બેઠો, નંદના વંશના નવનંદે ૧૫૫ વર્ષ રાજ્ય કર્યું, નવમા નંદના દિવાન શકડાળ મંત્રી હતા, તેમને સ્થુલીભદ્ર અને સીરીયક નામે બે પુત્ર હતા. અહી બાડેની ગલીમાં બે પાર્શ્વનાથજીના મંદિર અને એક ધર્મશાળા છે, પટનાની પશ્ચિમે કમળદહ પાસે સ્થુલીભદ્રનાં પગલાં છે, તેની પાસે સુદર્શન શેઠનું શૂળીનું સિંહાસન બન્યું તે સ્થળ છે.

**કાકંદી**—અહિં પાર્શ્વનાથનું સં. ૧૫૦૪ માં બનેલું એક મંદિર અને ધર્મશાળા છે, સુવિધિનાથના ચાર કલ્યાણક અહીં થયાં છે, ધન્ના કાકંદી સાધુ અહીંના હતા.

**ક્ષત્રિયકુંડ ગામ**—જે હાલ લછવાડથી ઓળખાય છે, અહીં મહાવીરસ્વામીનો જન્મ તથા પાસેના જ્ઞાતવન ખંડમાં દિક્ષા થઇ હતી, અહીં એક મંદિર ને ધર્મશાળા છે, પહાડ પર જતાં તળેટીએ બે મંદિરો છે, પહાડ પરનો એક કોશ ચડાવ છે, ઉપર મહાવીરસ્વામીનું મંદિર છે.

**અષ્ટાપદ**—અહિંયાં ભરત ચક્રવર્તીયે-સુવર્ણનું મંદિર કરાવી રત્નમય ચોવીશે જિનની સમનાશાયે રચના કરી છે, પ્રથમ પ્રભુ અહીં મોક્ષ પામ્યા છે, રાવણે તીર્થંકર પદ અહીં બાંધ્યું, તિહાં જોજન જોજના અંતરે આઠ પગથીયાં છે, ગૌતમ સ્વામી સૂર્યના કીરણોનું આલંબન લેઇ ઉપર ચડ્યા હતા, આ તીર્થ વૈતાઢ્ય પર્વતની દક્ષિણમાં આવેલું છે, ત્યાં કોઇથી જઇ શકાતું નથી.

## તીર્થ ગુણ સ્તવનાયે વીશ સ્થાનક પૂજાની વીશમી ઢાળ.

દુહો—તીરથ યાત્ર પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ;
પરમાનંદ વિલાસતાં, જય જય તીર્થ ઝહાજ.

ગિરૂઆરે ગુણ તુમ તણા—એ-દેશી.

શ્રી તીરથપદ પૂજો ગુણિજન, જેહથી તરિયે તે તીરથ રે;
અરિહંત ગણધર નિયમા તીરથ, ચઉવિહ સંઘ મહાતીરથ રે. શ્રી. ॥૧॥
લૌકિક અડસઠ તીર્થને તજીયે, લોકોત્તર ને ભજિયે રે;
લોકોત્તર દ્રવ્ય ભાવ દુ ભેદે, સ્થાવર જંગમ જજિયે રે. શ્રી. ॥૨॥
પુંડરિકાદિક પાંચે તીરથ, ચૈત્યના પાંચ પ્રકાર રે;
સ્થાવર તીરથ એહ ભણીજે, તીર્થયાત્રા મનોહાર રે. શ્રી. ॥૩॥
વિહરમાન વીશ જંગમ તીરથ, બે કોડી કેવળી સાથ રે;
વિચરંતા દુઃખ દોહગ ટાળે, જંગમ તીરથ નાથ રે. શ્રી. ॥૪॥
સંઘ ચતુર્વિધ જંગમ તીરથ, શાસનને શોભાવે રે;
અડતાલીશ ગુણે ગુણવંતા, તીર્થપતિ નમે ભાવે રે. શ્રી. ॥૫॥

તીરથપદ ધ્યાવો ગુણ ગાવો, પંચરંગી રયણને લાવો રે;
થાળ ભરી ભરી તીર્થ વધાવો, ગુણ અનંત દિલ લાવો રે. શ્રી. ॥૬॥
મેરૂપ્રભ પરમેશ્વર હુઓ, એહ તીરથને પ્રભાવે રે;
વિજય સૌભાગ્ય લક્ષ્મીસૂરિ સંપદ, પરમ મહોદય પાવેરે. શ્રી. ॥૭॥

# કયા ગામે કયા પાર્શ્વનાથ છે તે.

**કેસરીયા પાર્શ્વનાથ**—ભાંદક (ભદ્રાવતી નગરી) માં ૨૩૦૦ વર્ષ પહેલાના છે, ઢીમા તાલુકે વાવમાં પણ છે.

**કલિકુંડ પાર્શ્વનાથ**—કલીકોટ પાસે, પાટણ ઢંઢેરીયાપાડે, અને કુમારપાળના ચૌમુખમાં, અમદાવાદ બહારલી વાડીમાં ભમતીમાં, અને ચોમુખજીની પોળમાં છે.

**કરેડા પાર્શ્વનાથ**—તે ઉદયપુર અને ચિતોડ વચ્ચે કરેડા ગામમાં છે. પ્રતિમાજી ઘણા ચમત્કારી છે.

**કલ્યાણ પાર્શ્વનાથ**—વિશનગરમાં, વડોદરા મામાની પોળમાં, પેટલાદમાં, રાધનપુરમાં, આગલોડમાં અને ઉંદરામાં છે.

**કાપરડા પાર્શ્વનાથ**—તે જોધપુર રાજમાં કાપરડા ગામમાં છે.

**કુકુંટેશ્વર પાર્શ્વનાથ**—રાજપુરી નગરી પાસે તથા વઢવાણ શહેરમાં છે.

**કુંડલપુર પાર્શ્વનાથ**—કુંડલપુર ગામમાં છે. પ્રતિમાજી ઘણા જુના ને મનોહર છે.

**કંકણ પાર્શ્વનાથ**—પાટણમાં છે. આ પાર્શ્વપ્રભુને ફુલ ને ફુલનો હાર ચડાવવાથી વીંછી કરડતા નથી.

**કોકા પાર્શ્વનાથ**—પાટણમાં સં. ૧૨૬૨ કોકા શેઠના નામથી પ્રસિદ્ધ થયા છે.

**કામીકા પાર્શ્વનાથ**—તે પાર્શ્વનાથજી ખંભાયત બંદરમાં છે.

**કંબોઇ પાર્શ્વનાથ**—પાટણ શહેરમાં ઘીયાના પાડામાં, તથા કંબોઇ ગામમાં છે.

**ખામણા પાર્શ્વનાથ**—રતલામથી વીશ માઇલ ઊપર લોપાવર ગામમાં છે ત્યાં છે, તીર્થ જુનું છે.



શ્રી પાર્શ્વનાથ

ખોયામંડન પાર્શ્વ૦—જયપુર પાસે પહાડમાં ખોયા ગામે છે.

ગોડી પાર્શ્વનાથ—મારવાડમાં આહોર ગામે, ધાનેરામાં, નાડુલાઇમાં, બિકાનેરમાં, થરાદમાં, રાધનપુરમાં, સોજતમાં, મુંબાઇમાં, ભાવનગરમાં, પાલીતાણામાં, વીશનગરમાં, મારવાડમાં ગોડી પાર્શ્વનાથની વરખડી છે.

ગંભીરા પાર્શ્વનાથ—તે પાટણ તાબે ગાંભુ ગામમાં છે.

ગાલ્લીયા પાર્શ્વ૦-માંડલ ગામે પ્રતિમાજી ચમત્કારી છે.

ગીરૂવા પાર્શ્વનાથ—પંજાબ દેશમાં છે, એ પ્રતિમાજી મનોહર છે.

ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ—કચ્છ દેશે સુથરી ગામે છે, પ્રતિમાજી ચમત્કારી છે.

ઘીયા પાર્શ્વનાથ—પાટણમાં ઘીના વેપારીના બંધાવેલ દેરાસરમાં છે.

ચંપા પાર્શ્વ૦—પાટણમાં પંચાસર દેવીના સ્થાન પાસે

ચારૂપ પાર્શ્વ૦—પાટણથી ચાર ગાઉ છે, પ્રતિમા જુના છે.

ચોરવાડી પાર્શ્વનાથ—સોરઠદેશે ચોરવાડ ગામમાં છે.

ચિંતામણી પાર્શ્વનાથ—કચ્છ-રાપરગામે, અમદાવાદ અસારવામાં ચૌમુખજી પૈકીના રાજપુરમાં, ઝવેરીવાડે વાઘણપોળમાં, કાળુશાની પોળમાં, દેવશાને પાડે, આગ્રા રોસનમહોલ્લામાં, સાદરીમાં, કપડવણજમાં, વિજાપુર ભાટવાડામાં, પંજાબ રામનગરમાં, રાધનપુરમાં, બુરાનપુરમાં, મુંબાઇમાં, પાદરાતાબે વણુછરા ગામે, સોરઠદેશે ચોરવાડમાં, રત્નગિરિપર—

ચેલણ પાર્શ્વનાથ—મેવાડમાં ચર્મણવતી નદીના કિનારે.

ચંદ્ર પાર્શ્વનાથ—તે કચ્છ દેશમાં રાપર ગામમાં છે.

જગવલ્લભ પાર્શ્વનાથ—સુલતાનગઢમાં, દક્ષિણહાથકલંગડ સ્ટેશનથી એક ગાઉ. સુરત નવાપરામાં, મોરાઇયા ગામે, પુનામાં, અમદાવાદ નીશાપોળમાં.

જીરાઉલા પાર્શ્વનાથ—જીરાઉલા ગામે, ધનેરામાં, જીરાપલ્લીગામે, નાંદોલગામે, બલોલમાં.

૨૪

જોટાવા પાર્શ્વ૦—આબુપાસે જીરાવલાગામે ને ધીણોજમાં.

જસોધરા પાર્શ્વ૦—ભરૂચમાં એક મહાન તીર્થરૂપ છે.

જીરા પાર્શ્વનાથ—તે પંજાબદેશે જીરાગામમાં છે.

જઘડીયા પાર્શ્વનાથ—જઘડીયે હાલ મૂળનાયકની બાજુમાં છે.

ટાંકલા પાર્શ્વ૦—પાટણ ઢંઢેરવાડા પાડે ટાંકામાંથી નીકળેલ.

ડોસલા પાર્શ્વનાથ—પાલણપુર પાસે ધોતાસકલામાં છે તથા ધોળકામાં ભોંયરામાં છે, ચમત્કારી છે.

ડોકરીયા પાર્શ્વનાથ—તે હાલમાં પ્રભાસપાટણમાં છે.

દવરા પાર્શ્વનાથ—કાઠીયાવાડ મુળીગામે ઘણા ચમત્કારી છે.

દાદા પાર્શ્વનાથ—વડોદરા નરસિંહજીની પોળમાં વેળુના છે.

દોલતી પાર્શ્વનાથ—પાટણમાં દોલતીયાપાડે છે.

તીવરી પાર્શ્વ૦—ઓશીયાના રસ્તા તીવરી ગામે પુરાના છે.

નવખંડા પાર્શ્વનાથ—ઘોઘાબંદરે છે. આ બિંબ સં. ૧૧૬૮ માં કોઈ શ્રીમાળી નાણાવટીયે ભરાવ્યું છે.

નવલખા પાર્શ્વ૦—પાલીમાં મોટા દેરાસરમાં ને દીવમાં તેમ હમીરપુર પણ છે.

નવસારી પાર્શ્વ૦—નવસારી ગામે મૂર્તિ મનોહર છે.

નવપલ્લવ પાર્શ્વનાથ—માંગરોળમાં છે, તે પ્રતિમાજી સંપ્રતિના વખતની છે. ખંભાતમાં સાબલીની પોળમાં, સુરતમાં છે.

નરોડા પાર્શ્વ૦—અમદાવાદથી ત્રણ ગાઉ નરોડા ગામે છે.

નાકોડા પાર્શ્વ૦—મારવાડ બલોતરા સ્ટેશન પાસે નકોડા ગામે.

નવફણા પાર્શ્વનાથ—આબુ ઉપર જિનચંદ્રસૂરિસ્થાપિત છે.

નાગફણા પાર્શ્વ૦—ચીતોડ પ્રતાપરાણાના દેરાસરમાં.

નાગપુરા પાર્શ્વનાથ—દક્ષિણ હૈદ્રાબાદતાબે નાગપુરમાં છે.

પલ્લવીયા પાર્શ્વનાથ—પાલણપૂરમાં મોટા દેરાસરજીમાં છે.

પોસલીયા પાર્શ્વ૦—એરણપુરાની છાવણીથી બાર ગાઉ દૂર.

પરોલી પાર્શ્વનાથ—ગોધરાના છાણીયલ સ્ટેશન પાસે પરોલી ગામે છે.

**પોસીના પાર્શ્વનાથ**—ઇડરતાબે પોસીનામાં. દેરાસર સંપ્રતિ રાજાનું બંધાવેલ છે.

**પંચાસરા પાર્શ્વ૦**—પાટણમાં વનરાજ ચાવડાના દેરાસરમાં.

**ફલોધી પાર્શ્વ૦**—મારવાડજીલ્લે મેડતા પાસે ફલોધી ગામે.

**બલેજા પાર્શ્વ૦**—માંગરોલ ને પોરબંદર વચ્ચે બલેજા ગામે.

**બહી પાર્શ્વનાથ**-તે માળવા જીલ્લામાં મંદસોર ગામમાં છે.

**ભટેવા પાર્શ્વનાથ**—ભટેવા ગામમાં તથા ચાણસ્મામાં છે.

**ભાભા પાર્શ્વનાથ**—અમદાવાદ ડોશીવાડાની પોળે તથા જામનગરમાં ચોરીવાળા દેરાસરમાં છે.

**ભીન્નમાલ પાર્શ્વનાથ**—ભીન્નમાલ નગર (શ્રીમાળનગર)માં છે.

**ભીડભંજન પાર્શ્વનાથ**-ખેડા પાસે હરીયાલ ગામે, ખેડામાં, પાટણમાંભાણાભાઇના દેરામાં ધાતુના, ખંભાત તાબે તારાપોરમાં, ઊનાવા ગામમાં, ઉદયપૂરમાં, સુરતમાં અને વડોદરે દાદા પાર્શ્વનાથના દેરાસરમાં પાવાગઢથી લાવેલા.

**ભીલડી પાર્શ્વનાથ**-ડીસાથી સાત ગાઉ ભીલડી ગામમાં છે.

**ભદ્રેશ્વર પાર્શ્વનાથ**-કચ્છ-ભદ્રેશ્વરમાં છે, પણ તે હાલ પાછળના ભાગમાં છે મૂળનાયક મહાવીરસ્વામી છે.

**મનરંજન પાર્શ્વનાથ**-મેંશાણામાં મોટા દેરાસરજીમાં છે.

**મનવંછિત પાર્શ્વનાથ**-ગામનેરમાં ૫૦૦ વર્ષ પહેલાના છે.

**મહાદેવ પાર્શ્વ૦**-પાટણ ખડતરવસીના દેરાસરે ભોંયરામાં.

**મનોરથ કલ્પદ્રુમ પા૦**-ચિતોડમાં ચંપકશેઠના સોમસુંદરસૂરિપ્રતિષ્ઠિત.

**મનમોહન પાર્શ્વ૦**—તે પાટણમાં ચમત્કારી છે, બુરાનપુરમાં, મીયાગામે, સુરતમાં, મોઢેરામાં, ખંભાતમાં, ને લાડોલ ગામે.

**મુંડેવા પાર્શ્વનાથ**-મારવાડ સોજતથી ૬ ગાઉ વગડી ગામે. અમદાવાદ મુંડેવાની ખડકીમાં, અને પાંજરાપોળમાં છે.

**મુહરી પાર્શ્વ૦**—જગચિંતામણીમાં જણાવેલ તે ઘણા પુરાણા સામળાજીના ખંડેરમાંથી ૧૯૨૮ માં લાવેલા ટીંટોઇ ગામે છે.

**મોઢેરા પાર્શ્વનાથ**-પાટણથી પાંચ ગાઉ મોઢેરા ગામમાં છે.

મહીમાપુરા પાર્શ્વ૦-મુર્શીદાબાદ જગતશેઠના મકાન પાસે.

મક્ષીજી પાર્શ્વનાથ-ઉજ્જયની પાસે મક્ષીજીમાં છે.

મુલતાન પાર્શ્વનાથ-મુલતાન શહેરમાં છે.

રાવણુ પાર્શ્વ૦-અલવરમાં દેરાસરનો જીર્ણોદ્ધાર હાલ થયો છે.

રૂદ્રવા પાર્શ્વનાથ—જેસલમેર પાસે અમરસાગર ગામે છે, પ્રતિમાજી બે હજાર વર્ષ ઉપરના છે.

રાણુકપુરા પાર્શ્વનાથ-રાણુકપૂર તીર્થમાં એક દેરાસરમાં છે.

લોદણુ પાર્શ્વનાથ—ડભોઇ ગામમાં છે. અહીં આઠ દેરાસર છે.

લોહાણા પાર્શ્વ૦—લોહાણા જંગલમાં છે, પ્રતિમા જુના છે.

લોદ્રવા પાર્શ્વનાથ—ફલોધી તીર્થ પાસે લોદ્રવા ગામે છે.

વરકાણા પાર્શ્વ૦—તે તીર્થ રાણી સ્ટેશનથી બે ગાઉ છે.

વલી પાર્શ્વ૦-વલી ગામથી લાવેલા પાટણુ સાંગલીયા પાડે છે.

વહી પાર્શ્વ૦—માળવામાં મંદસોરથી ચાર ગાઉ જીર્ણ ગામે.

વાડી પાર્શ્વનાથ—પાટણુ ઝવેરીવાડે,ત્યાં જુના લેખો પણ છે.

વિઘ્નહરા પાર્શ્વનાથ—ઉદયપૂરમાં બીરાજમાન છે.

વિજયચિંતામણી પાર્શ્વ૦-અમદાવાદ કાળુશાની પોળમાં તથા ખંભાતમાં છે.

સમીના પાર્શ્વ૦—ઉદયપૂરથી બે માઇલ છે જાત્રાલાયક છે.

સહસ્રફણા પાર્શ્વનાથ—ઊદયપુરમાં, પંજાબજંગીપુરમાં, રાધનપુરમાં, વિશનગરમાં, રણુવાસમાં, પાટણુમાં, શિખરજીના મૂળનાયક, અમદાવાદ દેવશાનાપાડે, જુનાગઢમાં, ગિરનારમાં, કરાંચીમાં, હકકાર પર્વતમાં, દક્ષિણુ બીજાપૂર ભોંયરામાંથી નીકળેલા.

સહસ્રકુટ પાર્શ્વનથ—પાટણુમાં મણીયારના પાડામાં છે.

સમફણા પાર્શ્વનાથ—જામનગરથી સાત ગાઉ ભણુસાલ ગામે, ગયાજીથી સોળ ગાઉ ભદ્દીલપુરમાં.

સમેરીયા પાર્શ્વનાથ—રતલામથી ચાર ગાઉ સમેરીયા તથા વીગનોદ ગામે.

શામલા પાર્શ્વનાથ-સમેતશિખરે, પાટણુ જોગીવાડે, ચારૂપનું બીજું નામ, અમદાવાદ શામળાની પોળે, બનારસમાં, મુર્શીદા-

બાદ કીર્તિબાગમાં, આબુ પાસે દાંતરાઇમાં, કેસરીયાથી પાંચ ગાઉ ઉપર છે, ડભોઇમાં, વરાડના મુક્તાગિરી પહાડમાં, ઉદયગિરિપર.

**સુઘદંતી પાર્શ્વનાથ**-સુઘદંતી ગામે ભોંયરામાંથી નીકળેલ.

**સુરજમંડન પાર્શ્વનાથ**-સુરત ગોપીપુરા તથા રોઇશાળામાં.

**મુલતાન પાર્શ્વનાથ**-સિદ્ધપુરમાં ઘણા ચમત્કારી છે.

**સીરોડીયા પાર્શ્વનાથ**-સીરોડા ગામે તથા શીરોહીમાં.

**સુખસાગર પાર્શ્વનાથ**-અમદાવાદ ડોશીવાડાની પોળમાં.

**સેરીસરા પાર્શ્વનાથ**-કલોલથી ત્રણ ગાઉ સેરીસા ગામે.

**સોગટીયા પાર્શ્વનાથ**-મારવાડ નાડુલાઇ ગામમાં છે.

**સાવલા પાર્શ્વનાથ**-કાઠીયાવાડ વઢવાણ શહેરમાં છે.

**શંખલપુરા પાર્શ્વનાથ**-તે શંખલપૂર ગામમાં છે.

**સોમચિંતામણી પાર્શ્વનાથ**-ખંભાયત બંદરમાં છે.

**શંખેશ્વર પાર્શ્વનાથ**-રાધનપુર તાબે શંખેશ્વરમાં છે.

**સાંકલા પાર્શ્વનાથ**-પાટણમાં સાંકલચંદ શ્રાવકના નામથી

**સેસફણા પાર્શ્વનાથ**-ડીસાથી ગાઉ સણવાલ ગામે.

**સેસલી પાર્શ્વ૦**-વાડી જીલ્લે પુલસરા સ્ટેશનથી સેસલી ગામે.

**સ્થંભન પાર્શ્વ૦**-ખંભાતમાં છે, તે ઘણા પુરાણા છે.

**સ્વયંભુ પાર્શ્વનાથ**-તે કાપરડા પાર્શ્વનાથનું બીજું નામ છે.

**સોરઠા પાર્શ્વનાથ**-સોરઠ દેશે વળા (વલ્લભીપુર) માં

**અમીઝરા પાર્શ્વનાથ**—ખેડા ગામે કુવા ગામે, થરાદ, ખેરાલુમાં, રતલામજીલ્લે સરદારપુરમાં, આણંદમાં, ગીરનાર ભોંયરામાં, શત્રુંજય ઉપર, વડાલીમાં, ગંધારમાં, ગોલવાડ જીલ્લે ખેડામાં.

**અજાહરા પાર્શ્વનાથ**—દીવબંદરે( ઉના દેલવાડામાં ).

**અજારા પાર્શ્વનાથ**—સોરઠ દેશમાં વેરાવલ પાસે છે.

**અંતરીક્ષ પાર્શ્વ૦**—વરાડ પ્રાંતમાં આકોલા પાસે શીરપુરમાં

**અવંતી પાર્શ્વનાથ**—ઉજ્જયનનગરમાં બીરાજમાન છે.

**અહીછત્રા પાર્શ્વનાથ**—અહિછત્રાનગર, કુરૂજંગમદેશે.

**ઉમરવાડી પાર્શ્વનાથ**—સુરત બંદરે બીરાજમાન છે.

## પાર્શ્વનાથના ૧૦૮ નામનો છંદ.

### રાગ પ્રભાતી કડખો.

પાસ જીનરાજ સુણી આજ સંખેસરા,
પરમ પરમેસરા વિશ્વ વ્યાપ્યો;
ભીડ ભાગી જરા જાદવાની જઈ,
થીર થઇ સંખપુરી નામ થાપ્યો. પાસ૦ ૧
સાર કરી સારી મનોહારી મહારાજ તું,
માની મુજ વિનતિ મન માચી;
અવર દેવાતણી આશી કુણકામની,
સ્વામીની સેવના એક સાચી. પાસ૦ ૨
તુંહી અરિહંત ભગવંત ભવતારણો,
વારણો દુઃખ ભય વિષમ વાટે;
તુંહી સુખકારણો સારણો કાજ સૌ,
તુંહી મનોહારણો સાચ માટે. પાસ૦ ૩
અંતરીક અમીઝરા પાસ પંચાસરા,
ભોયડા પાસ ભાભા ભટેવા;
વિજય ચિંતામણી સોમ ચિંતામણી,
સ્વામીશ્રી પાસતણી કરીએ ચરણસેવા. પાસ૦ ૪
ફલવર્ધી પાસ મનમોહના મગસીયા,
તારસલ્લા નમું નાહી તોટા;
એક બલેચા પ્રભુ આસગુલ અરજીયા,
બંભણ્ણ થંભણ પાસ મોટા. પાસ૦ ૫
ગેબી ગોડી પ્રભુ નીલકંઠા નમું,
હલધરા સામલા પાસ પ્યારા;
સુરસરા કંકણા પાસ દાદા વલી,
સુરજમંડન નમું ચરણ તારા. પાસ૦ ૬
જગતવલ્લભ કલિકુંડ ચિંતામણી,
લોદણ સેરીસા સ્વામી નમિએ;
નાકોડા ઉન્હાવલા કલીકુંડા શવણા,

પોસીના પાસ નમિ દુઃખ દમિયે. પાસ૦ ૭
સ્વામી માણેક નમું નાથ સીરોડીયા,
નાકુંડા જીરવાડી જગેસા;
કાપડી દોલતી પ્રમશીયા મુજપરા,
ગાડરીયા પ્રભુ ગુણ ગરેસા. પાસ૦ ૮
હમીરપરે પાસ પ્રણમુ વલી નવલખા,
ભીડભંજન પાસ ભીડ ભાગે;
દુઃખભંજન પ્રભુ ડોકરીયા નમું,
પાસ જીરાઉલા જગત જાગે. પાસ૦ ૯
અવંતી ઉજ્જેણીયે સહસફણી સાહે ।,
મહીમાવાદે કોકો કડેરા;
નારંગા અંચુયલા અવલેસરા,
તીવરી ફલવહાર નાગેંદ્ર નેડા. પાસ૦ ૧૦
પાસ કલ્યાણ ગંગાણી પ્રણમીયે,
પલ્લવહાર નાગેંદ્ર નાથા;
કુર્કુટેસ્રા પાસ છત્રા બહી,
કમઠ દેવે નમ્યા સહુ સાથા. પાસ૦ ૧૧
તીમરી ગોગો પ્રભુ દુધીયા વલ્લભા,
સંખલ ધૃતકલ્લોલ બુઢા;
ધીંગડમલા પ્રભુ પાસ ઝોટીંગજી,
જાસ મહિમા નહી જગત ગુઢા. પાસ૦ ૧૨
ચોરવાડી જિનરાજ ઉંડામણી,
પાસ અજાહરા નેવનંગા;
કાપરડા વજેઓ પ્રભુ છેછલી,
સુખસાગરતણા કરિયે સંગા. પાસ૦ ૧૩
વીજુલા કરકંડુ મંડલીકાવલી,
મહુરીયા ફલોધી અણીંદા;
અઉઆ કુલપાક કંસારીયા ઉંબરા,
અણીયાલા પાસ પ્રણમું આનંદા. પાસ૦ ૧૪
નવસારી નવપલ્લવા પાસજી,
શ્રી મહાદેવ વરકાણવાસી;

પરોકલા ટાંકલા નવખંડા નમો,<br>
    ભવતણી જાય જેથી ઉદાસી. પાસ૦ ૧૫<br>
મનવાંછિત પ્રભુ પાસજીને નમું,<br>
    વલી નમું નાથ સાચા નગીના;<br>
દુઃખ દોહગ તજી સાધુ મારગ ભજી,<br>
    કરમના કેસરીથી ના બીહના. પાસ૦ ૧૬<br>
અશ્વસેનનંદ કુલચંદ પ્રભુ અલવરા,<br>
    અંબિડા પાસ કલ્યાણરાયા;<br>
હોય કલ્યાણ જસ નામથી જય હુવે,<br>
    જનની વામાના જેહ જાયા. પાસ૦ ૧૭<br>
એકસત આઠ પ્રભુ પાસ નામે થુણ્યો,<br>
    સુખ સંપત્તિ લહો સર્વ વાતે;<br>
ઋદ્ધિ જસ સંપદા સુખ શરીરે સદા,<br>
    નહી મણા માહરે કોઇ વાતે; પાસ૦ ૧૮<br>
સાચ જાણી સ્તવ્યો મન્ન માહરે ગમ્યો,<br>
    પાસ રૂદયે રમ્યો પરમ પ્રીતે;<br>
સમીહીત સિદ્ધિ નવ નિધિ પામ્યો સૌ,<br>
    મુજ થકી જગતમાં કો ન જીતે. પાસ૦ ૧૯<br>
કાજ સૌ સારજે શત્રુ સંહારજે,<br>
    પાસ સંખેસરા મૌજ પાઊં;<br>
નિત્ય પ્રભાતે ઉઠી નમું નાથજી,<br>
    તુજ વિના અવર કુણ કાજે ધ્યાઊં. પાસ૦ ૨૦<br>
સંવત અઢાર એકાસીયે ફાલ્ગુન માસેયે,<br>
    બીજ ઉજવલ પખ્ખે છંદ કરીયો;<br>
ગૌતમ ગુરૂતણા વિજય ખુશાલને,<br>
    ઉત્તમે સંપદા સુખ વરીયો. પાસ૦ ૨૧

समाप्त

કર્પૂર કાવ્ય કલ્લોલાદિ

ભાગ ૬ ઠ્ઠો.

# સાધુ સન્મિત્ર

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શ્રી કર્પૂર પુસ્તકાલય-સમૌ.

લેખક:

લલિતવિજય.

# ભાગ ૬ સાધુસન્મિત્રની અનુક્રમણિકા

## કુલ ૬૬ વિષયો ને તેમાં આવેલી ૧૨૩૮ વસ્તુસંખ્યા


| પાન. | વિષયનામ. | વસ્તુસં૦ |
|---|---|---|
| ૧ | મંગલાચરણે | ૧ |
| ૨ | શુદ્ધ સદ્ભાવના | ૨ |
| ૪ | શ્રી મહાવીરસ્વામીથી પટાવળી | ૧ |
| ૫ | જુદીજુદી પટાવળીયો અને મણીવિજયદાદાનો પરિવાર | ૧૬ |
| ૯ | પટાવળીનો વધુ ખુલાસો | ૭૪ |
| ૨૩ | ૨૦૦૪ યુગપ્રધાનનો ખુલાસો | ૪ |
| ૨૫ | એક વસ્તુની સંખ્યા | ૪૨ |
| ૨૮ | બે વસ્તુની સંખ્યા | ૫૦ |
| ૩૬ | ત્રણ વસ્તુની સંખ્યા | ૬૭ |
| ૩૭ | ચાર વસ્તુની સંખ્યા | ૬૪ |
| ૪૩ | પાંચ વસ્તુની સંખ્યા | ૬૪ |
| ૫૫ | છ વસ્તુની સંખ્યા | ૧૭ |
| ૫૯ | સાત વસ્તુની સંખ્યા | ૨૪ |
| ૬૨ | આઠ વસ્તુની સંખ્યા | ૩૫ |
| ૬૮ | નવ વસ્તુની સંખ્યા | ૨૪ |
| ૭૨ | દશ વસ્તુની સંખ્યા | ૪૮ |
| ૮૧ | અગીયાર વસ્તુની સંખ્યા | ૧૧ |
| ૮૫ | બાર વસ્તુની સંખ્યા | ૨૯ |
| ૯૪ | તેર વસ્તુની સંખ્યા | ૧૩ |
| ૯૭ | ચૌદ વસ્તુની સંખ્યા | ૨૧ |
| ૧૦૪ | પંદર વસ્તુની સંખ્યા | ૨ |
| ૧૦૫ | સોળ વસ્તુની સંખ્યા | ૬ |
| ૧૦૭ | સત્તર વસ્તુની સંખ્યા | ૫ |
| ૧૦૯ | અઢાર વસ્તુની સંખ્યા | ૬૭ |
| ૧૧૬ | ઓગણીસ વસ્તુની સંખ્યા | ૨ |
| ૧૧૭ | વીસ વસ્તુની સંખ્યા | ૩ |
| ૧૧૯ | એકવીશ વસ્તુની સંખ્યા | ૪ |
| ૧૨૦ | ૨૨–૨૩ વસ્તુની સંખ્યા | ૮ |
| ૧૨૫ | ચોવીસ વસ્તુની સંખ્યા | ૫ |
| | | ૬૫૯ |
| ૧૨૬ | પચીસ વસ્તુની સંખ્યા | ૭ |
| ૧૩૧ | સતાવીશ વસ્તુની સંખ્યા | ૩ |
| ૧૩૨ | અઠાવીશ વસ્તુની સંખ્યા | ૨ |
| ૧૩૫ | ઓગણત્રીશ વસ્તુની સંખ્યા | ૨ |
| ૧૩૬ | ત્રીશ વસ્તુની સંખ્યા | ૧ |
| ૧૩૭ | એકત્રીશ વસ્તુની સંખ્યા | ૩૧ |
| ૧૩૯ | બત્રીશ વસ્તુની સંખ્યા | ૪ |
| ૧૪૧ | તેત્રીશ વસ્તુની સંખ્યા | ૩૩ |
| ૧૪૨ | છત્રીશ વસ્તુની સંખ્યા | ૮ |
| ૧૪૫ | ૪૪૦૦ શિષ્ય પરિવાર | ૧ |
| ૧૪૬ | પીસ્તાળીસ વસ્તુની સંખ્યા | ૪ |
| ૧૪૭ | ૪૭–૪૮ વસ્તુની સંખ્યા | ૪૯ |
| ૧૫૦ | પચ્ચાસ વસ્તુની સંખ્યા | ૪ |
| ૧૫૨ | એકાવન વસ્તુની સંખ્યા | ૨ |
| ૧૫૩ | બાવન વસ્તુની સંખ્યા | ૩ |
| ૧૫૪ | સંવરના સતાવન ભેદ | ૧ |
| ૧૫૫ | બાસઠ વસ્તુ વર્ણન | ૨ |
| ૧૫૭ | ૬૭–૬૮ વસ્તુની સંખ્યા | ૪૭ |
| ૧૬૪ | ૭૦–૮૦ વસ્તુની સંખ્યા | ૪ |
| ૧૬૬ | ચોરાસી વસ્તુની સંખ્યા | ૮૫ |
| ૧૬૭ | નવાણું વસ્તુની સંખ્યા | ૨૦ |
| ૧૬૮ | ૧૦૮ વસ્તુની સંખ્યા | ૩ |
| ૧૬૯ | પોરસીઆદિક પ્રમાણ ને કાળ | ૫ |
| ૧૭૦ | મહાવિદેહના સાધુના આહાર પાત્રાદિકનું માન | ૩ |
| ૧૭૧ | સાધુ અને સાધ્વીયોગ્ય તીર્થંકરની આજ્ઞા | ૧૫૭ |
| ૧.૭ | ગુરૂપ્રદક્ષિણા કુલક | ૧૮ |
| ૧૮૯ | સાધુયોગ નિયમ કુલક | ૪૭ |
| ૧૯૫ | ગુણાનુરાગ કુલક | ૨૮ |
| ૧૯૮ | સાધુ સાધ્વીની નિર્વાણવિ૦ | ૧ |
| ૨૦૩ | થાડા જૈનધર્મી રાજાઓ | ૪ |
| | | ૫૭૯ |

# श्री गौतमस्वामी



सर्वारीष्टप्रणाशाय, सर्वाभीष्टार्थदायिने ।
सर्वलब्धिनिधानाय, गौतमस्वामिने नमः ॥
अंगुठे अमृत वसे, लब्धितणा भंडार ।
गुरु गोयम समरीये, वांच्छित फल दातार ॥

८२ वर्षायुः पूर्ण करी वीर पछी १२ वर्षे मोक्षे गया.

मंगलाचरणे।

# श्री गौतमाष्टकम्.

श्रीइन्द्रभूतिं वसुभूतिपुत्रं, पृथ्वीभवं गौतमगोत्ररत्नम्।
स्तुवन्ति देवासुरमानवेन्द्राः, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥१॥

श्रीवर्धमानात् त्रिपदीमवाप्य, मुहूर्त्तमात्रेण कृतानि येन।
अङ्गानि पूर्वाणि चतुर्दशापि, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥२॥

श्रीवीरनाथेन पुरा प्रणीतं, मन्त्रं महानन्दसुखाय यस्य।
ध्यायन्त्यमी सूरिवराः समग्राः, स गौतमो यच्छतु वाञ्छितं मे॥३॥

यस्याभिधानं मुनयोऽपि सर्वे, गृह्णन्ति भिक्षाभ्रमणस्य काले।
मिष्टान्नपानाम्बरपूर्णकामाः, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥४॥

अष्टापदाद्रौ गगने स्वशक्त्या, ययौ जिनानां पदवन्दनाय।
निशम्य तीर्थातिशयं सुरेभ्यः, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥५॥

तिपंच संख्या शत तापसानां, तपः कृशानामपुनर्भवाय।
अक्षीणलब्ध्या परमान्नदाता, स गौतमो यच्छतु वाञ्छितं मे॥६॥

सदक्षिणं भोजनमेव देयं, साधर्मिकं संघसपर्ययेति।
कैवल्यवस्त्रं प्रददौ मुनीनां, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥७॥

शिवं गते भर्तरि वीरनाथे, युगप्रधानत्वमिहैव मत्वा।
पट्टाभिषेको विदधे सुरेन्द्रैः, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥८॥

श्रीगौतमस्याष्टकमादरेण, प्रबोधकाले मुनिपुङ्गवा ये।
पठन्ति ते सूरिपदं च देवा-नन्दं लभन्ते नितरां क्रमेण ॥९॥

શુદ્ધ સદ્દભાવના.

# સમભાવધારક મુનિવરોને ધન્યવાદ.

ઉ૦ શ્રીજશવિજયજીકૃત–શ્રીમંધર જિન સ્તવનની પંદરમી ઢાળ.

આજ મારે એકાદશીરે—એ દેશી.

ધન્ય તે મુનિવરારે, જે ચાલે સમભાવે;
ભવસાયર લીલાએ ઉતરે, સંયમ કિરિયા નાવે. ધન્ય ૧
ભોગ પંક તજી ઉપર બેઠા, પંકજ પરે જે ન્યારા;
સિંહ પરે નિજ વિક્રમ શુરા, ત્રિભુવન જન આધારા. ધન્ય ૨
જ્ઞાનવંત જ્ઞાની શું મળતા, તન મન વચને સાચા;
દ્રવ્ય ભાવ સુધા જે ભાખે, સાચી જિનની વાચા. ધન્ય ૩
મૂળ ઉત્તર ગુણ સંગ્રહ કરતા, તજતા ભિક્ષા દોષો;
પગપગ વ્રત દૂષણ પરિહરતા, કરતા સંયમ પોષો. ધન્ય ૪
મોહ પ્રતે હણતા નિત આગમ, ભણતા સદ્ગુરૂ પાસે;
દુષમ કાળે પણ ગુણવંતા, વરતે શુભ અભ્યાસે. ધન્ય ૫
છઠું ગુણઠાણું ભવ અડવી, ઉલ્લંઘન જેને લહિઉં;
તસ સોભાગ સકલ મુખ એકે, કેમ કરી જાયે કહિઉં. ધન્ય ૬
ગુણઠાણાની પરણિત જેહની, ન છીપે ભવજંજાલે;
રહે શેલડી ઢાંકી રાખી, કેતો કાલ પરાળે. ધન્ય ૭
તેહ ગુણ ધરવા અણધીરા, જો પણ સુધું ભાખી;
જિનશાસન શોભાવે તે પણ, સુધા સંવેગ પાખી. ધન્ય ૮
સદ્દહણા અનુમોદન કારણ, ગુણથી સંયમ કિરિયા;
વ્યવહારે રહિયા તે ફરસે, જે નિશ્ચય નય દરિયા. ધન્ય ૯
દુઃકરકાર થકી પણ અધિકા, જ્ઞાન ગુણે ઇમ તેહો;
ધર્મદાસગણી વચને લહિયે, જેહને પ્રવચન નેહો. ધન્ય ૧૦
સુવિહિત ગચ્છ કિરિયાનો ધોરી, શ્રી હરિભદ્ર કહાયા;
એહ ભાવ ધરતો તે કારણ, મુજ મન તેહ સુહાયા. ધન્ય ૧૧

સંયમ ઠાણુ વિચારી જોતાં, જો ન લહે નિજ શાખે;
તો જુઠું બોલીને દુર્મતિ, શું સાધે ગુણુ પાખે. ધન્ય ૧૨

નવિ માયા ધર્મે નવિ કહેવું, પરજનની અનુવૃત્તિ;
ધર્મવચન આગમમાં કહિયે, કપટ રહિત મનવૃત્તિ. ધન્ય ૧૩

સંયમ વિણુ સંયતતા થાપે, પાપ શ્રમણુ તે ભાખ્યો;
ઊત્તરાધ્યયને સરલ સ્વભાવે, શુદ્ધ પ્રરૂપક દાખ્યો. ધન્ય ૧૪

એક બાલ પણુ કિરિયા નયે તે, જ્ઞાન નયે નવિ બાલા;
સેવા યોગ્ય સુસંયત તે, બોલે ઉપદેશમાલા. ધન્ય ૧૫

કિરિયા નયે પણુ એક બાળકે, જે લિંગી મુનિરાગી;
જ્ઞાનયોગમાં જસ મન વર્તે, તે કિરિયા સુભાગી. ધન્ય ૧૬

બાલાદિક અનુકૂલ કિરિયાથી, આપે ઇચ્છા યોગી;
અધ્યાતમ મુખ યોગ અભ્યાસે, કેમ નવિ કહીયે યોગી. ધન્ય ૧૭

ઉચિત કિરિયા નિજ શક્તિ છંડી, જે અતિ વેગે ચડતો;
તે ભવસ્થિતિ પરિપાક થયા વિણુ, જગમાં દિસે પડતો. ધન્ય ૧૮

માચે મોટાઇમાં જે મુનિ, ચલવે ડાકડમાલા;
શુદ્ધ પરૂપણુ ગુણુવિણુ ન ઘટે, તસ ભવ અરહટ્ટમાલા. ધન્ય ૧૯

નિજગણુ સંચે મન નવિ ખંચે, ગ્રંથ ભણી જન વંચે;
લુંચે કેશ ન મુંચે માયા, તો વ્રત ન રહે પંચે. ધન્ય ૨૦

યોગ ગ્રંથના ભાવ ન જાણે, જાણે તો ન પ્રકાશે;
ફોગટ મોટાઇ મન રાખે, તસ ગુણુ દૂરે નાશે. ધન્ય ૨૧

મેલે વેશે મહિયલ માલે, બકપરે નીચો ચાલે;
જ્ઞાનવિના જગ ધંધે ઘાલે, તે કેમ મારગ ચાલે. ધન્ય ૨૨

પર પરિણુતિ પોતાની માને, વરતે આર્તધ્યાને;
બંધ મોક્ષ કારણુ ન પીછાને, તે પહિલે ગુણુઠાણે. ધન્ય ૨૩

કિરિયા લવ પણુ જે જ્ઞાનીનો, દૃષ્ટિ થિરાદિક લાગે;
તેથી સુજશ લહિજે સાહિબ, સીમંધર તુમ રાગે. ધન્ય ૨૪

# શ્રી મહાવીરસ્વામીથી પટ્ટાવળી.

## જૈન તત્ત્વાદર્શન તથા વિજયવૃક્ષના આધારે લખ્યું છે.

નિર્ગ્રંથગચ્છ

૧ સુધર્માસ્વામી
૨ જંબુસ્વામી
૩ પ્રભવસ્વામી
૪ શય્યંભવસૂરિ
૫ યશોભદ્રસૂરિ
૬ સંભૂતિવિજય તથા ભદ્રબાહુ
૭ સ્થૂલિભદ્રસ્વામી
૮ આર્યસુહસ્તિસૂરિ

કોટીગચ્છ

૯ સુસ્થિતસૂરિ તથા સુપ્રતિબદ્ધસૂરિ
૧૦ ઇંદ્રદિન્નસૂરિ
૧૧ દિન્નસૂરિ
૧૨ સિંહગિરિસૂરિ
૧૩ વજ્રસ્વામી
૧૪ વજ્રસેનસૂરિ

ચંદ્રગચ્છ

૧૫ ચંદ્રસૂરિ

વનવાસીગચ્છ

૧૬ સામંતભદ્રસૂરિ
૧૭ વૃદ્ધદેવસૂરિ
૧૮ પ્રદ્યોતનસૂરિ
૧૯ માનદેવસૂરિ
૨૦ માનતુંગસૂરિ
૨૧ વીરસૂરિ
૨૨ જયદેવસૂરિ
૨૩ દેવાનંદસૂરિ
૨૪ વિક્રમસૂરિ
૨૫ નરસિંહસૂરિ
૨૬ સમુદ્રસૂરિ
૨૭ માનદેવસૂરિ બીજા
૨૮ વિબુદ્ધપ્રભસૂરિ
૨૯ જયાનંદસૂરિ
૩૦ રવિપ્રભસૂરિ
૩૧ યશોદેવસૂરિ
૩૨ પ્રદ્યુમ્નસૂરિ
૩૩ માનદેવસૂરિ ત્રીજા
૩૪ વિમળચંદ્રસૂરિ
૩૫ ઉદ્યોતનસૂરિ

વડગચ્છ

૩૬ સર્વદેવસૂરિ
૩૭ દેવસૂરિ
૩૮ સર્વદેવસૂરિ બીજા
૩૯ યશોભદ્રસૂરિ બીજા તથા નેમિચંદ્રસૂરિ
૪૦ મુનિચંદ્રસૂરિ
૪૧ અજિતદેવસૂરિ
૪૨ વિજયસિંહસૂરિ
૪૩ સોમપ્રભસૂરિ તથા મણિરત્નસૂરિ

તપગચ્છ

૪૪ જગચ્ચંદ્રસૂરિ તપસ્વી
૪૫ દેવેંદ્રસૂરિ
૪૬ ધર્મઘોષસૂરિ
૪૭ સોમપ્રભસૂરિ બીજા
૪૮ સોમતિલકસૂરિ
૪૯ દેવસુંદરસૂરિ
૫૦ સોમસુંદરસૂરિ
૫૧ મુનિસુંદરસૂરિ
૫૨ રત્નશેખરસૂરિ
૫૩ લક્ષ્મીસાગરસૂરિ
૫૪ સુમતિસાધુસૂરિ
૫૫ હેમવિમળસૂરિ
૫૬ આનંદવિમળસૂરિ
૫૭ વિજયદાનસૂરિ
૫૮ વિજયહીરસૂરિ
૫૯ વિજયસેનસૂરિ
૬૦ વિજયદેવસૂરિ
૬૧ વિ૦સિંહસૂરિ બી૦
૬૨ સત્યવિજયગણી
૬૩ કર્પૂરવિજયગણી
૬૪ ક્ષમાવિજયગણી
૬૫ જિનવિજયગણી
૬૬ ઉત્તમવિજયગણી
૬૭ પદ્મવિજયગણી
૬૮ રૂપવિજયગણી
૬૯ કીર્તિવિજયગણી
૭૦ કસ્તુરવિજયગણી
૭૧ મણિવિજયગણી
૭૨ બુદ્ધિવિજયગણી ( બુટેરાયજી )
૭૩ વિજયાનંદસૂરિ ( આત્મારામજી )
૭૪ વિજયકમળસૂરિ

## બીજી પટાવલી

૬૧ વિજયસિંહસૂરિ બીજા
૬૨ વિજયપ્રભસૂરિ
૬૩ વિજયરત્નસૂરિ
૬૪ વિજયવૃધ્ધક્ષમાસૂરિ
૬૫ વિજયદેવેંદ્રસૂરિ*
૬૬ વિજયકલ્યાણસૂરિ
૬૭ વિજયપ્રમોદસૂરિ
૬૮ વિજયરાજેંદ્રસૂરિ+
૬૯ વિજયધનચંદ્રસૂરિ
૭૦ વિજયભૂપેંદ્રસૂરિ

---

● અહીંથી શ્રીપૂજ્યની પટાવલી શરૂ થઇ છે.

\+ અહીંથી ત્રણ થુઇ શરૂ થઈ.

## ત્રીજીપટ્ટાવળી

### વિમળની

૫૬ આનંદવિમળસૂરિ
૫૭ ઋદ્ધિવિમળ
૫૮ કીર્તિવિમળ
૫૯ વીરવિમળ
૬૦ મહોદયવિમળ
૬૧ પ્રમોદવિમળ
૬૨ મણિવિમળ
૬૩ ઉદ્યોતવિમળ
૬૪ દાનવિમળ
૬૫ દયાવિમળ
૬૬ સૌભાગ્યવિમળ
૬૭ મુક્તિવિમળ
૬૮ [illegible]વિમળ મહે[illegible]

## ચોથીપટ્ટાવળી

### સાગરની

૫૮ વિજયહીરસૂરિ
૫૯ ઊ૦ સહજસાગર
૬૦ ઊ૦ જયસાગર
૬૧ જિતસાગર ગ૦
૬૨ માનસાગર
૬૩ મયગલસાગર
૬૪ પદ્મસાગર
૬૫ સુજ્ઞાનસાગર
૬૬ સ્વરૂપસાગર
૬૭ જ્ઞાનસાગર
૬૮ મયાસાગર
૬૯ નેમસાગર
૭૦ રવિસાગર
૭૧ સુખસાગર
૭૨ સાગરબુદ્ધિસૂરિ
૭૩ સાગરઅજિતસૂરિ

## પાંચમી પટ્ટાવળી.

૬૮ મયાસાગરથી
૬૯ ગૌતમસાગર
૭૦ ઝવેરસાગર
૭૧ આનંદ સાગ૦ સૂરિ
૭૨ ઊ૦ માણેકસાગર

## છઠ્ઠીપટાવલી

૫૮ વિજય હીરસૂરિ
૫૯ તિલકવિજય
૬૦ રૂદ્ધિવિજય
૬૧ ચારિત્રવિજય
૬૨ રંગવિજય
૬૩ તેજવિજય
૬૪ યશવંતવિજય
૬૫ કુશળવિજય
૬૬ જીતવિજય
૬૭ શ્રીવિજય
૬૮ જયવિજય
૬૯ હર્ષવિજય
૭૦ ચંદ્રવિજય
૭૧ પં૦ હેતવિજય

## સાતમી પટ્ટાવળી

૬૫ જિન વિ૦ ગણી
૬૬ અમૃતવિજય
૬૭ ગુમાનવિજય
૬૮ ધનવિજય
૬૯ વિનયવિજય
૭૦ પં૦ ઉમેદવિ૦
૭૧ પં૦ ખાંતિવિ૦

## આઠમી પટ્ટાવળી

૬૮ રૂપવિજયગણી
૬૯ ઉદ્યોતવિજય
૭૦ અમરવિજય
૭૧ ગુમાનવિજય
૭૨ પ્રતાપવિજય
૭૩ મુક્તિવિજય
૭૪ પં૦ બુદ્ધિ વિ૦

## નવમી પટ્ટાવળી

૬૮ રૂપ વિ૦ ગણી
૬૯ અમીવિજય
૭૦ સૌભાગ્યવિજય
૭૧ રત્નવિજય

| | | |
|---|---|---|
| ७२ ભાવવિજય | ७૩ પં० પ્રેમ विo | **બારમી પટ્ટાવળી** |
| ७૩ વિજયનીતિસૂરિ | **અગિયારમી પટ્ટાવળી** | ७१ મણિવિજય ગણી |
| ७४ વિજયહર્ષસૂરિ | ७१ મણિ वि० ગણી | ७२ પદ્મવિજય |
| **દસમી પટ્ટાવળી** | ७२ વિજયસિદ્ધિસૂરિ | ७૩ જીતવિજય |
| ७१ રત્નવિજય | ७૩ વિજયમેઘસૂરિ | ७४ હીરવિજય |
| ७२ પં० મોહન वि० | ७४ ઉ० મનોહર वि० | ७५ વિજયકનકસૂરિ |

## મણિવિજય દાદાના શિષ્ય.

બુટેરાયજી શુભ वि० ગુલાબ वि० પદ્મ वि० અમૃત वि० વિજયસિદ્ધિસૂરિ.

## (१) બુટેરાયજી ( બુદ્ધિવિ० ) મહારાજના શિષ્ય.

મૂળચંદજી (મુક્તિ वि०) વૃદ્ધિચંદ્રજી, આત્મારામજી (વિજયાનંદસૂરિ) ખાંતિ वि० નીતિ वि० આનંદ वि० મોતી वि०

## १. બુટેરાય મહારાજના શિષ્યના શિષ્યો.

**મૂળચંદજીના શિષ્ય.**
१ ગુલાબ વિજય.
२ વિજયકમળસૂરિ.
૩ હંસવિજય
४ દાનવિજય.
५ શોભાગ્યવિજય.

**વૃદ્ધિચંદ્રજીના શિષ્ય.**
१ કેવળવિજય.
२ પં० ગંભીરવિજય.
૩ પં० ચતુરવિજય.
४ ઉત્તમવિજય.
५ હેમવિજય.
६ વિજયધર્મસૂરિ.
७ વિજયનેમસૂરિ
८ પં० પ્રેમવિજય.
९ કર્પૂરવિજય.

**આત્મારામજીના શિષ્ય**
१ લક્ષ્મીવિજય
२ સંતોષવિજય.
૩ રંગવિજય.
४ રત્નવિજય.
५ ચારિત્રવિજય.
६ કુશળવિજય.
७ પ્રમોદવિજય.
८ ઉદ્યોતવિજય.
९ ઉ० વીરવિજય.
१० સુમતિવિજય.
११ જયવિજય.
१२ કાંતિ वि० પ્રવર્તક
१૩ અમરવિજય.

**ખાંતિવિજયના શિષ્ય.**
१ મોહનવિજય.

**નીતિવિજયના શિષ્ય.**
१ વિનયવિજય.
२ ભક્તિવિજય.
૩ સિદ્ધિવિજય.
४ તિલકવિજય.

**આનંદવિજયના શિષ્ય.**
१ હર્ષવિજય.

**મોતીવિજયના શિષ્ય.**
१ ચંદ્રવિજય.

प्रशमपियूषपयोनिधि मुनिगणशिरताज पूज्यपाद (दादा) १००८

**पंन्यासजी श्रीमान् मणिविजयजी गणी.**



जन्म सं. १८५२ अघार (वीरमगाम) पिता जीवनदास, माता गुलाबबाइ, ज्ञाते वीशाश्रीमाली, दीक्षा सं. १८७७ पाली ( मारवाड ), पंन्यास सं. १९२३ ( भावनगर ), निर्वाण सं. १९३५ (अमदावाद )

## (૧) મુક્તિવિજયના શિષ્યના શિષ્ય.

ગુલાબવિજયના શિષ્ય.
૧ મણિવિજય.
૨ મંગળવિજય.
૩ નરેંદ્રવિજય.
૪ પ્રધાનવિજય.

કમળસૂરિના શિષ્ય.
૧ ભાવવિજય.
૨ વિજય કેસરસૂરિ.
૩ વિજય મોહનસૂરિ.
૪ ઊ. દેવવિજય.

હંસવિજયના શિષ્ય.
૧ રંગવિજય.

દાનવિજયના શિષ્ય.
૧ દીપવિજય.

[illegible]ભાણુવિજયના શિષ્ય.
૧ ગુણવિજય.

## (૨) વૃદ્ધિચંદ્રજીના શિષ્યના શિષ્ય.

કેવળવિજયના શિષ્ય.
૧ અમરવિજય.

પં૦ ગંભીરવિ૦ શિષ્ય.
૧ કલ્યાણવિજય.
૨ પ્રમોદવિજય.
૩ અવદાતવિજય.

પં૦ ચતુરવિ૦ શિષ્ય
૧ પં૦ શાંતિવિજય.
૨ ચંદનવિજય
૩ ક્ષમાવિજય.
૪ દુર્લભવિજય.
૫ ચિત્તવિજય.

ઉત્તમવિજયના શિષ્ય.
૧ વિમળવિજય.

હેમવિજયના શિષ્ય.
૧ વિનોદવિજય.
૨ તિલકવિજય.
૩ પં૦ પદ્મવિજય.
૪ ભગવાનવિજય.

વિ૦ ધર્મસૂરિના શિષ્ય.
૧ કીર્તિવિજય.
૨ વિજયઇંદ્રસૂરિ.
૩ ઊ૦ મંગળવિજય.
૪ પં૦ ભક્તિવિજય.
૫ રત્નવિજય.
૬ વિદ્યાવિજય.
૭ ન્યા. વિ. ન્યાય વિ.
૮ જયંતવિજય.
૯ ધરણેંદ્રવિજય.

વિ૦ નેમિસૂરિના શિષ્ય.
૧ ઊ૦ સુમતિવિજય.
૨ ઋદ્ધિવિજય.
૩ પ્રમોદવિજય.
૪ વિખ્યાતવિજય.
૫ પં૦ પદ્મવિજય.
૬ વિદ્યાવિજય.
૭ વિજયદર્શનસૂરિ.
૮ ભક્તિવિજય.
૯ ગિરવાણુજયવિ.
૧૦ સિદ્ધવિજય.
૧૧ કુસુમવિજય.
૧૨ પં૦ વિજ્ઞાનવિજય.
૧૩ વિજયઉદયસૂરિ.
૧૪ સિદ્ધિવિજય.
૧૫ ચંદનવિજય.
૧૬ લાવણ્યવિજય.
૧૭ અમૃતવિજય
૧૮ રૂપવિજય

પં૦ પ્રેમવિ૦ શિષ્ય.
૧ રવિવિજય.

કપૂરવિજયના શિષ્ય.
૧ પુન્યવિજય.
૨ ધનવિજય.
૩ યત્નવિજય.
૪ લલિતવિજય.

## (૩) આત્મારામજીના શિષ્યના શિષ્ય.

લક્ષ્મીવિજયના શિષ્ય.
૧ કુમુદવિજય
૨ હર્ષવિજય.
૩ કમળસૂરિ.
૪ હંસવિજય.
૫ મોતીવિજય.

રંગવિજયના શિષ્ય.
૧ કલ્યાણવિજય.

ચારિત્રવિજયના શિષ્ય.
૧ કલ્યાણવિજય.
૨ અમીવિજય.

**રત્નવિજયના શિષ્ય.**
૧ અમૃતવિજય.

**પ્રમોદવિજયના શિષ્ય.**
૧ અમૃતવિજય.

**ઉદ્યોતવિજયના શિષ્ય.**
૧ કપૂરવિજય.
૨ પં૦ કસ્તુરવિજય.

**સુમતિવિ૦ના શિષ્ય.**
૧ રામવિજય.

**ઊ૦ વીરવિ૦ના શિષ્ય.**
૧ વિજયદાનસૂરિ.
૨ નયવિજય.
૩ વિનયવિજય.
૪ હેતવિજય.
૫ મણિવિજય.

**પ્ર૦ કાંતિવિ૦ના શિષ્ય.**
૧ પં૦ ચતુરવિજય.
૨ લાભવિજય.
૩ ભક્તિવિજય.
૪ અનંગવિજય.

**જયવિજયના શિષ્ય.**
૧ ગુણવિજય તપસી.
૨ જ્ઞાનવિજય.

**અમરવિજયના શિષ્ય.**
૧ દેવવિજય.
૨ ચતુરવિજય.

**હર્ષવિજયના શિષ્ય.**
૧ વિજયવલ્લભસૂરિ.

**વિ૦ કમળસૂરિના શિષ્ય.**
૧ વિજયલબ્ધિસૂરિ.

## (૪) ખાંતિ વિ૦ ના શિષ્યના શિષ્ય.

મોહનવિજયના શિષ્ય—રામવિજય.

## (૫) નીતિ વિ૦ ના શિષ્યના શિષ્ય.

**વિનયવિજયના શિષ્ય.**
૧ વિજયવીરસૂરિ.
૨ પં૦ મણિવિજય.
૩ દીપવિજય.

**ભક્તિવિજયના શિષ્ય.**
૧ દેવવિજય.

**સિદ્ધિવિજયના શિષ્ય.**
૧ સૌભાગ્યવિજય.
૨ કલ્યાણવિજય.
૩ ચંદ્રવિજય.
૪ ચંદનવિજય.
૫ શાંતિવિજય.

## (૬) આનંદ વિ. ના શિષ્યના શિષ્ય.

**હર્ષવિજયના શિષ્ય.**
૧ પં. દુર્લભવિજય.
૨ પં. પુષ્પવિજય.
૩ કપૂરવિજય.
૪ ઉત્તમવિજય.

## (૭) મોતી વિ. ના શિષ્યના શિષ્ય.

ચંદ્રવિજયના—લબ્ધિવિજય

## મણિવિજયદાદાના બીજા પાંચ શિષ્યોનો પરિવાર.

(૨) શુભ વિ૦ ના શિષ્ય. લક્ષ્મી વિજયના જસ વિજય.

(૩) ગુલાબ વિ૦ ના રામવિ.

(૪) પદ્મ વિ૦ ના શિષ્ય જીત વિ૦ ના શિષ્ય.
૧ હીરવિજય.
૨ ધીરવિજય.
૩ હર્ષવિજય.

(૫) અમૃત વિ૦ ના શિ.
૧ નેમ વિજયજી
૨ મોતી વિજયજી

(૬) સિદ્ધિસૂરિના શિષ્ય.
૧ ઋદ્ધિ વિજયજી
૨ પ્રમોદ વિજયજી
૩ વિનય વિજયજી
૪ વિજયમેઘસૂરિ૦
૫ પં૦ રંગ વિજય
૬ કેસર વિજય

ઋદ્ધિ વિ૦ ના શિષ્ય.
૧ સંપત વિજય

પ્રમોદ વિ૦ ના શિષ્ય.
૧ પં૦ મેરૂ વિજય
૨ મંગળ વિજય

વિનય વિ૦ ના શિષ્ય.
૧ વિજયભદ્રસૂરિ

મેઘસૂરિના શિષ્ય.
૧ ઉ૦ મનોહર વિ.
૨ સુમિત્ર વિજય.

રંગ વિ૦ ના શિષ્ય.
૧ રામ વિજય

કેસર વિ૦ ના શિષ્ય.
૧ કલ્યાણ વિજય
૨ સૌભાગ્ય વિજય

# તે પટાવળીનો વધુ ખુલાસો.

## નિર્ગ્રંથગચ્છ અને વિસ્તારે વર્ણન.

૧ **સુધર્માસ્વામી**—મગધદેશે કોલ્લાગ ગામે જ્ઞાતે બ્રાહ્મણ ૫૦ વર્ષ ગૃહવાસ, ૩૦ વર્ષ વીરસેવા કરી, ૧૨ વર્ષ ગૌતમ સેવા કરી, ૮ વર્ષ કેવળીપર્યાય. કુલ ૧૦૦ વર્ષાયુ ભોગવી વીર પછી ૨૦ વર્ષે મોક્ષે ગયા.

૨ **જંબૂસ્વામી**—મગધદેશે રાજગ્રહી નગરી, રૂષભદત્તપિતા, ધારણી માતા, ૧૬ વર્ષે દીક્ષા, ૨૦ વર્ષ છદ્મસ્થતા, ૪૪ વર્ષ કેવળી એમ ૮૦ વર્ષાયુ પૂર્ણ કરી વીર પછી ૬૪ વર્ષે મોક્ષે ગયા. તે વખતે દશ વસ્તુ વિચ્છેદ ગઇ.

૩ **પ્રભવસ્વામી**—તે વિંધ્યરાજના પુત્ર હતા પણ કારણસર ચોરીનો ધંધો કરતા હતા, ૮૫ વર્ષાયુ પૂર્ણ કરી વીર પછી ૭૫ વર્ષે સ્વર્ગે ગયા.

૪ **શય્યંભવસ્વામી**—જ્ઞાતે બ્રાહ્મણ, દશવૈકાલિકના કર્ત્તા, જે મનક મુનિના પિતા થાય, ૨૮ વર્ષે દીક્ષા, ૧૧ વર્ષ મુનિપણે, ૨૩ વર્ષ આચાર્યપદે એમ ૬૨ વર્ષાયુ પૂર્ણ કરી વીર પછી ૯૮ વર્ષે સ્વર્ગે ગયા.

૫ **યશોભદ્રસૂરિ**—તુંગીયાયન ગોત્રીય, ૨૨ વર્ષ ગૃહસ્થાવાસ, ૧૪ વર્ષ સામાન્ય સાધુ, ૫૦ વર્ષ યુગપ્રધાન, ૮૬ વર્ષાયુ ભોગવી, વીર પછી ૧૪૮ વર્ષ પછી સ્વર્ગે ગયા.

૬ **સંભૂતિસૂરિ**—માઢર ગોત્રીય, ૪૨ વર્ષ ગૃહસ્થાવાસ, ૪૦ વર્ષ સામાન્ય સાધુ, ૮ વર્ષ યુગપ્રધાન, ૯૦ વર્ષાયુ પૂર્ણ કરી, વીર પછી ૧૫૬ વર્ષે સ્વર્ગે ગયા.

**ભદ્રબાહુ**—ભદ્રબાહુ ને વરાહમિહિર બે ભાઈ હતા, સંઘને નડતો (વરાહમિહિર) વ્યંતરનો ઉપદ્રવ ટળવા સાત ગાથાનું ઉવસગ્ગહરં બનાવ્યું, તેમણે ૧૧ અંગ ઉપર નિર્યુક્તિયો રચી છે, ૪૫ વર્ષ ગૃહસ્થાવાસ, ૧૭ વર્ષ સામાન્ય સાધુ, ૧૪ વર્ષ યુગપ્રધાન, સર્વે ૭૬ વર્ષાયુ ભોગવી વીર પછી ૧૭૦ વર્ષે સ્વર્ગે ગયા.

૭ **સ્થૂલિભદ્રજી**—જ્ઞાતે નાગરબ્રાહ્મણ, (કાયથ) શકડાળ પિતા તે પાટલીપુરે (પટણામાં) નવમા નંદરાજાના મંત્રી હતા, લાછલદે માતા, ૩૦ વર્ષ ગૃહસ્થાવાસ, ૨૪ વર્ષ વ્રતધર, ૪૫ વર્ષ યુગપ્રધાન, ૯૯ વર્ષ ૫ માસ ૫ દિવસ આયુ પૂર્ણ કરી, વીર પછી ૨૧૫ વર્ષે સ્વર્ગે ગયા. તેમના વખતમાં ત્રણ વસ્તુનો વિચ્છેદ થયો, વળી તેમના વખતમાં બાર વર્ષનો દુકાળ પડ્યો, ત્યારે ચંદ્રગુપ્તનું રાજ્ય હતું.

૮ **આર્યસુહસ્તિ**—તેમને લાડુની લાલચવાળા એવા એક ભિખારીને ઉત્તમધારી દીક્ષા આપી, તે ખાઈ તે જ દિવસે અતિસારથી મરણ પામી ચંદ્રગુપ્તનો બિંદુસાર, તેનો અશોક, તેના કુણાલ નામે અંધકને ત્યાં સંપ્રતિનો જન્મ થયો, તેમની વધુ હકીકત આ ભાગના અંતમાં જુવો. આર્યસુહસ્તિ પોતાની પાટે બે શિષ્યોને સ્થાપી, ૫ દિવસનું અનસન કરી ૧૦૦ વર્ષાયુ પૂર્ણ કરી વીર પછી ૨૯૧ વર્ષે સ્વર્ગે ગયા, તે મગધદેશે કોલ્લાગ ગામે ઇલાપત્યા ગોત્રીય બ્રાહ્મણ હતા.

**આર્યમહાગિરિ**—તે વિચ્છેદ થયેલા જિનકલ્પને પાળતા, ૪ સાધુને સાથે લઇ કલિંગ દેશ કુમરગિરિ તીર્થે અનસન કરી, વીર પછી ૨૪૫ વર્ષે સ્વર્ગે ગયા. તેઓ ૩૦ વર્ષ ગૃહવાસ, ૪૦ વર્ષ વ્રતપર્યાય, ૩૦ વર્ષ યુગપ્રધાન, તેમના ૪ શિષ્ય પૈકી બહુલ મુનિએ તો જિનકલ્પ શરૂ રાખી છેવટે દિગંબર નામથી પ્રસિદ્ધ થયા.

૯ **આર્યસુસ્થિત**-અને **કોટગચ્છ**—આર્યસુસ્થિત તથા

આર્યપ્રતિબુદ્ધ રાજકુળમાં ઉત્પન્ન થયેલા છે, કલિંગ દેશે કુમારપર્વત ઉપર તે બન્ને ભાઇઓએ ક્રોડવાર સૂરિમંત્રનું આરાધન કર્યું ત્યાંથી કોટિગચ્છ નામ પ્રસિદ્ધ થયું, પોતાનો પરિવાર ઈંદ્રદિન-સૂરિનેસોંપી કુમાર પર્વત ઉપર અનસન કરી, વીરનિર્વાણથી ૩૨૭ વર્ષે ૧૦૦ વરસની ઉમરે સ્વર્ગે ગયા.

૧૦ **ઈંદ્રદિનસૂરિ**—જ્ઞાતે કૌશિક ગૌત્રીય બ્રાહ્મણ હતા, તેમણે અનેક શ્રાવકોને પ્રતિબોધી જૈન ધર્મની ઘણી ઉન્નતિ કરી, છેવટે ત્રણ દિવસનું અનસન કરી દક્ષિણ મથુરામાં, વીર પછી ૩૭૮ વર્ષે સ્વર્ગે ગયા, તેમનાજ વખતમાં વીર સં. ૩૩૫ વર્ષે, જેમણે પન્નવણા-સૂત્ર રચ્યું છે તે પહેલા કાલિકાચાર્ય (જેશ્યામચાર્ય) થયા, તે ૩૭૬ વર્ષે, સ્વર્ગે ગયા, તેમના ગુરૂ ઉમાસ્વાતી જે તત્વાર્થસૂત્રના રચનાર, તેમના ગુરૂબલિસ્સહ, તેમના ગુરૂ આર્યમહાગિરિ.

૧૧. **આર્યદિનસૂરિ**—પોતાના સમુદાયને સોંપી વીર પછી ૪૫૮ વર્ષે સ્વર્ગે ગયા. વીર પછી ૪૫૩ વર્ષે બીજા કાલિકાચાર્ય થયા, જેમણે ગર્દભિલ્લનો ઉચ્છેદ કર્યો હતો તે વીર પછી ૪૫૩ વર્ષે ભરૂચમાં આર્યખપુટાર્ય વિદ્યા ચક્રવર્તી થયા, ૪૬૪ (૪૬૭) વર્ષ પછી આર્યમંગુ, વૃદ્ધવાદી, પાદલિપ્ત ને સિદ્ધસેનદિવાકર થયા, (જેમણે વિક્રમને જૈની કર્યો તે) તે વિક્રમરાજા વીર પછી ૪૭૦ વર્ષે થયા, તે કેવી રીતે થયા તે અનુક્રમ તથા તેમની થોડીક રાજઋદ્ધિનું પ્રમાણ આ ભાગના અંતમાં સંપ્રતિરાજા પછી જુવો.

૧૨ **સિંહગિરિસૂરિ**—છેવટમાં સિદ્ધગિરિ ઉપર બે દિવસનું અનસન કરી, વીર નિર્વાણ પછી ૫૨૩ વર્ષે સ્વર્ગે ગયા, તેમના સમયમાં સિદ્ધસેનદિવાકર હતા, તેઓ વિદ્યાધરગચ્છીય સ્કંદિલાચાર્યના શિષ્ય વૃદ્ધવાદી, અને તેમના તે શિષ્ય થાય. તે વીર પછી ૫૦૦ વર્ષે સ્વર્ગે ગયા છે.

૧૩ **વજ્રસ્વામી**—અવંતીદેશે તુંબવન ગામના બ્રાહ્મણ હતા, પિતા ધનગિરિ, માતા સુનંદા, જન્મ. વિક્રમ સં. ૨૬ અને વીર સં. ૪૯૬ છે, ૮ વર્ષ ગૃહવાસ, ૪૪ વર્ષ સાધુ, ૩૬ વર્ષ યુગ-પ્રધાન, એમ ૮૮ વર્ષનું આયુ પૂર્ણ કરી વીર પછી ૫૮૪ વર્ષ પછી સ્વર્ગે ગયા. વિક્રમ સં. ૧૦૮ ત્યાંથી વજ્રશાખા થઇ ને

तेमना हस्तक सिद्धगिरिनो तेरमो उद्धार विक्रम १०८ मां थयो, १० पूर्व, चोथुं संघयण ने चोथुं संस्थान विच्छेद, तेमणे बार-वर्षी दुकाळमां संघनुं रक्षण कर्युं, तेमने जन्मथी जातिस्मरण ज्ञान हतुं, ने तेमने आकाशगामीनी विद्या पण हती, आठमा सुहस्ति ने तेरमा वज्रस्वामीनी वचमां बीजी पटावळीमां गुण-सुंदरसूरि, कालिकाचार्य, स्कंदिलाचार्य, रेवतिमित्र, धर्मसूरि, भद्रगुप्ताचार्य, आ छ युग प्रधानो थया. वीरथी ५३३ वर्ष पछी आर्य-रक्षितसूरिए सर्वे शास्त्रोना अनुयोग जुदा जुदा कह्या, वीरथी ५४८ वर्षे त्रैराशीमत नीकळ्यो. तेमणे छेवटे काळ निर्वाणनो आदेश करी, रथावर्तगिरि उपर अनसन करी स्वर्गे गया. तेमने बोध-रायने जैनी कर्यो हतो.

१४ **वज्रसेनसूरि**—तेओ प्रथमे करेला आदेशे कुंकणदेशे, सोपारक नगरे, जिनदत्त शेठ, ईश्वरी स्त्री, त्यां आवी चडावेल लाख रुपीयानी हांडीमां झेर नांखता वारी, सवारे सुकाळ थशे तेम कह्युं ते प्रमाणे सुकाळ थयो, तेथी राजी थइ शेठ, शेठाणी ने चार पुत्रो मळी छ जणाए दीक्षा लीधी, तेओ वीर पछी ६२ वर्ष १२८ वर्षनुं आयु पूर्ण करी स्वर्गे गया, तेमना वखतमां कृष्णसूरिना शिष्य शिवभूतिए वीर सं. ६०९ पछी रथवीरपुर नगरमां दिगंबर मत कढयो. वज्रस्वामीथी ते वज्रसेन सुधीमां दुर्बलिका पुष्पसूरि थया.

१५ **चंद्रसूरि—अने चंद्रगच्छ**—तेमनाथी चंद्रगच्छ शरु थयो, तेओ भरुचमां पांच दिवसनुं अनसन करी, विक्रम. सं. १७० ने वीर सं. ६४० वीत्या बाद स्वर्गे गया.

१६ **सामंतभद्रसूरि अने वनवासी गच्छ**-तेओ महातपस्वी हता, ते घणा उत्कृष्ट त्यागी वैरागी हता, तेथी तेओ वनमां ज रहेता, त्यारथी वनवासीगच्छनाम पडयुं, ते वीर सं० ६५३ विक्रम सं० १८३ सुधी हता, पछी काळ कर्यो,

१७ **वृद्धदेवसूरि**—विक्रम सं० १८३ पछी आचार्यपदने प्राप्त थया छे, ते पहेलां चैत्यवासी कोरंट नगरमां हता, त्यां तेमने त्यांना नाहड मंत्रीने प्रतिबोधी, एक कोरंटमां ने बीजुं

સત્યપુરનગરમાં (સાચોરમાં-જયઉવીર સચ્ચઉરિમંડણ કહેવાય છે.) મંદિર બંધાવ્યું તે બન્નેમાં મહાવીરસ્વામીની પ્રતિમા પધરાવી. તેઓ વીર સં૦ ૬૭૩ ને વિક્રમ સં૦ ૨૦૩ પછી સ્વર્ગે ગયા.

૧૮ **પ્રદ્યોતનસૂરિ**—તેઓ ભરૂચ નગરમાં અનસન કરી, વીર સં૦ ૬૯૮ ને વિક્રમ સં૦ ૨૨૮ વર્ષે સ્વર્ગે ગયા.

૧૯ **માનદેવસૂરિ**—કોરંટ નગરના. પિતા જિનદત્ત, માતા ધારણી, તે બહુશ્રુત થયા, તેમને પદ્મા, જયા, વિજયા અને અપરાજિતા ચાર દેવીઓ સાધ્ય હતી ને તેમની સેવા કરતી હતી, તક્ષશિલામાં રહેતા શ્રાવકોનો મહામારીનો ઉપદ્રવ શાંત થવા નાડોલપુરથી લઘુશાંતિ સ્તોત્ર બનાવી આપ્યું તેથી શાંતિ થઈ, સંઘમાં વ્યંતરનો ઉપદ્રવ નિવારવા તિજયપહુત સ્તોત્રથી ઉપદ્રવ શાંત કર્યો. તેઓ વીરનિર્વાણ પછી ૭૩૧ વર્ષે ને વિક્રમ સં૦ ૨૬૧ વર્ષ પછી, શુભ ધ્યાનને ધ્યાતા થકા ૫ દિવસના અનસનપૂર્વક ગિરનાર ઉપર સ્વર્ગે ગયા. વીર સં૦ ૭૨૦ વર્ષે ત્રીજા કાલિકાચાર્ય થયા, જેમણે ઇંદ્રના પુછવાથી નિગોદનું સ્વરૂપ કહ્યું, તે પ્રભાવિક પુરૂષ વૃહદ્‌ગચ્છના હતા.

૨૦ **માનતુંગસૂરિ**—જ્ઞાતે બ્રહ્મક્ષત્રીય, પિતા હર્ષદેવ, તેમને માઘનંદી નામના દિગંબર જૈન મુનિની દેશના સાંભળી દીક્ષા લીધી, મહાકીર્તિ નામ રાખ્યું, તેની શ્વેતાંબરી બહેનને ત્યાં ગોચરી માટે ગયા, ત્યાં તેમને પાત્રમાંથી સમૂર્છિમ જીવો બતાવ્યા, તેથી ફરીથી તેમણે અજિતસિંહ નામના શ્વેતાંબર સાધુપાસે દીક્ષા લીધી અને મૂળનામ માનતુંગ રાખ્યું, ગુરૂના આદેશથી તેઓએ નાડોલ જઇ, માનદેવસૂરિપાસે વધુ અભ્યાસ કર્યો, ત્યાંથી માનતુંગસૂરિ ઉજયિનીમાં આવ્યા, ત્યાંનો વૃદ્ધ ભોજરાજા વિદ્વાનોપર પ્રેમવાળો હતો તેને પ્રતિબોધ્યો, તેને એક મયૂર નામે માનીતો પંડિત હતો, તેને એક ઉત્તમ રૂપવાન પુત્રી હતી, તે ત્યાંના એક બાણનામે બ્રાહ્મણને પરણાવી હતી, તે એક દિવસે પોતાના પતિ સાથે ક્લેશ થવાથી રીસાઇ પિતાના ઘેરે આવી, ત્યારે પિતાએ ઠપકો દેવાથી તેને શાપ આપ્યો તેથી તે કુષ્ટી થયો, તે બાણના પેર્યાથી રાજાએ રોગથી મયૂરને સભામાં

આવવાની મના કરી, મયૂર સૂર્યના પાઠથી રોગ રહિત થયો, તેથી રાજાએ બાણને કહ્યું કે આના જેવી તારામાં વિદ્યા છે, ત્યારે બાણે પોતાના હાથપગ કાપી ચંડીની સ્તુતિથી સારા કર્યા, તેથી આશ્ચર્ય પામી રાજાએ બ્રાહ્મણોનાં વખાણ કર્યા, તેથી ત્યાં બેઠેલા વાણીઆઓએ પોતાના ગુરૂની જાણ કરાવી, તેથી રાજાએ ગુરૂને બોલાવ્યા, ગુરૂના કહેવાથી તેમને બંધને બાંધી ૪૮ તાળા માર્યાં, તે ભકતામરની ૪૮ ગાથાથી તાળાના બંધો તોડી છુટા થયા તેથી રાજાએ જૈન ધર્મ સ્વીકાર્યો, અવંતીસુકુમાળે બંધાવેલા મંદિરનો એક લાખ સોનામહોરો ખર્ચી જીર્ણોદ્ધાર કર્યો, નાગ રાજાના મસ્તકની વ્યાધિ દૂર કરવા અઢાર મંત્રાક્ષરવાળું, મહાભયહર નામનું નમિઊણ સ્તોત્ર રચી, રાજાની વ્યાધિ મટાવીને વશ કર્યો. તેઓ વીર સં૦ ૭૫૮ ને વિક્રમ સં૦ ૨૮૮ માં ઉજયિનીમાં સ્વર્ગે ગયા.

૨૧ **વીરસૂરિ**—તેઓ વિવિધ પ્રકારના તપમાં પરાયણ હતા, તેમને નાગપુર નગરમાં વીર સં. ૭૭૦ ને વિક્રમ સં. ૩૦૦ પછી સમર શેઠના જિનપ્રસાદમાં નેમનાથ આદિ ૧૦૦ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તેમને સાચોર નગરે શ્રી વીર પ્રભુની પ્રતિષ્ઠા કરી, પછી વીર સં. ૭૯૩ અને વિક્રમ સં. ૩૨૩ પછી સ્વર્ગે ગયા.

૨૨ **જયદેવસૂરિ**—તેમના વખતમાં કેટલાક મુનિઓએ પરંપરાથી ચાલી આવતી સામાચારી ફેરવી, વીર પછી ૮૨૨ વર્ષે ચૈત્યવાસી થયા, તે વીર સં. ૮૩૩ ને વિક્રમ સં. ૩૬૩ વર્ષે સ્વર્ગે ગયા.

૨૩ **દેવાનંદસૂરિ**—એમના વખતમાં એટલે વીર સં. ૮૪૫ અને વિક્રમ સં. ૩૭૫ માં વલ્લભીપુર (વળા) નગર ભાંગ્યું, તથા ૮૮૨ વર્ષે ચૈત્યે સ્થિતિ તથા ૮૮૬ વર્ષ પછી બ્રહ્મદીકા થઈ.

**વિક્રમસૂરિ**—તેમના વખતની કાંઇ હકીકત મળી નથી.

**નરસિંહસૂરિ**—તેઓ મહાપ્રભાવિક પુરૂષ હતા, તેમને યક્ષને પ્રતિબોધીને માંસનું બળિદાન લેવાનો ત્યાગ કરાવ્યો હતો.

૨૬ **સમુદ્રસૂરિ**—આ આચાર્ય મહારાજ સીસોદીયા ક્ષત્રિય કુળના હતા, એમના સમયમાં હરિભદ્રસૂરિ હતા, વીર પછી ૧૦૦૦ વર્ષે સત્યમિત્ર થયા, આ સત્યમિત્ર અને ૧૪મી

પાટના વજ્રસેનસૂરિની વચમાં નાગહસ્તિ, રેવતીમિત્ર, બ્રહ્મદ્વીપ, નાગાર્જુન, ભતદીન અને પાંચમની ચોથ કરવાવાળા કાળિકાચાર્ય, એ છ યુગપ્રધાનો થયા, આ કાળિકાચાર્ય વીરથી ૯૯૩ વર્ષે થયા. આ ચોથા કહેવાય છે. વલ્લભીપુરમાં એક ક્રોડ પુસ્તકના લખાવનાર દેવર્દ્ધીંગણીક્ષમાશ્રમણ વીર પછી ૧૦૦૦ વર્ષે સ્વર્ગે ગયા, તેઓ શ્રી ૫૦૦ આચાર્યને વાચના આપતા હતા.

૨૭ **માનદેવસુરિ બીજા**—તેઓ વીર સં. ૧૦૪૮ ને વિક્રમ સં. ૫૭૮ માં સ્વર્ગે ગયા, માનદેવસૂરિ ને હરિભદ્રસૂરિ એ બે મહાત્માઓ સાથે ભણતા હતા. આ હરિભદ્રસૂરિ (જે ૧૪૪૪ ગ્રંથના કર્તા) વીર સં. ૧૦૫૫ ને વિક્રમ સં. ૫૮૫ માં સ્વર્ગે ગયા.

૨૮ **વિબુધપ્રભસૂરિ ૨૯ જયાનંદસૂરિ**—આ વિબુધપ્રભસૂરિ ને જયાનંદસૂરિ સુધી વચમાં, વિક્રમ સં. ૫૮૫ થી તે ૬૪૫ સુધીમાં ને વીર સં. ૧૧૧૫ માં શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ મહા પ્રભાવિક આચાર્ય થયા છે, તેમણે સંક્ષિપ્તજિનકલ્પ, ક્ષેત્રસમાસ, ધ્યાનશતક, બૃહત્સંઘયણી, તથા વિશેષાવશ્યક ભાષ્ય વિગેરે મહાન ગ્રંથો રચ્યા છે.

૩૦ **રવિપ્રભસૂરિ**—તેમને નાગોર નગરમાં વિક્રમ સં૦ ૭૦૦ ને વીર સં૦ ૧૧૭૦ માં શ્રી નેમિનાથની પ્રતિષ્ઠા કરી. સં૦ ૧૧૯૦ ને વિક્રમ સં૦ ૭૨૦ વર્ષે બીજા ઉમાસ્વાતી યુગપ્રધાન થયા.

૩૧ **યશોદેવસૂરિ**—તેમના સમયમાં વીર સં૦ ૧૨૭૨ ને વિક્રમ સં૦ ૮૦૨ માં વનરાજ ચાવડો થયો, તેમણે વિક્રમ સં૦ ૮૭૨ માં અણહિલપુર પાટણ વસાવ્યું ને શ્રી પંચાસરા પાર્શ્વનાથજીનું મંદિર બંધાવી પ્રતિષ્ઠા કરાવી, તે દેરાસરની ભમતીમાં હાલ પણ વનરાજની મૂર્તિ છે. વીર સં૦ ૧૨૭૦ ને વિક્રમ સં૦ ૮૦૦ માં જેમણે ગ્વાલિયરના આમ રાજાને જૈની કર્યો તે બપ્પભટ્ટસૂરિનો જન્મ થયો. આ બપ્પ ભટ્ટસૂરિ મહાન્ પ્રતાપી પુરૂષ થયા છે.

૩૨ **પ્રદ્યુમ્નસૂરિ**—તેમણે ગિરનાર ઉપર સં. ૧૩૦૫ વૈ૦ શુદ ૩ શનિવારે બાહડ શ્રીમાળીના મંદિરમાં શ્રી પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી છે.

૩૩ માનદેવસૂરિ ત્રીજા—જેમણે ઉપધ્યાન વાચ્ય વિગેરે ગ્રંથોની રચના કરી.

૩૪ વિમળચંદ્રસૂરિ—તે પોતાની પાટે ઉદ્યોતનસૂરિને સ્થાપીને સ્વર્ગે ગયા.

૩૫ ઉદ્યોતનસૂરિ વીર સં૦ ૧૪૬૪ ને વિક્રમ સં૦ ૯૯૪ માં પોતાના ૮૪ શિષ્યો સહીત આબુજીની યાત્રા કરી ઉતરી, ટેલીગામ નજીક રહેલા વિશાલ વડ વૃક્ષ નીચે વિશ્રામ લીધો, અને ત્યાં શાસનદેવીની વાણીથી તે ૮૪ શિષ્યોને ત્યાં આચાર્ય પદવી આપી, ત્યાંથી વડગચ્છ થયો ને ત્યાંથી ૮૪ ગચ્છો ચાલ્યા, તેના નામો બીજા ગ્રંથોથી જાણી લેવા.

૩૬ સર્વદેવસૂરિ અને વડગચ્છ—તેઓ બહુ લબ્ધિવંત હતા, તેમને વીર સં૦ ૧૪૮૦ ને વિક્રમ સં૦ ૧૦૧૦ વર્ષ પછી, રામસૈન્યપુરમાં ( જે હાલનું રામસેણુ ) શ્રી ઋષભદેવની તથા ચંદ્રપ્રભસ્વામીની પ્રતિષ્ઠા કરી. વળી તેમણે ચંદ્રાવતીમાં કુંકણુ મંત્રીને પ્રતિબોધી દીક્ષા આપી, તેને પહેલાં એક જૈન મંદિર બંધાવ્યું હતું, વિક્રમ સં૦ ૧૦૨૯ પછી ધનપાળ પંડિતે દેશી નામમાળાની રચના કરી, વીર સં૦ ૧૪૯૬ ને વિક્રમ સં૦ ૧૦૨૬ માં, તાક્ષિલાનું બીજું નામ ગિજની રાખ્યું.

૩૭ દેવસૂરિ—તેમને રાજાએ રૂપશ્રી એવું બિરૂદ આપ્યું, વિક્રમ સં૦ ૧૦૯૫ પછી થિરાપદ્રીય ગચ્છમાં, વાદીવેતાલ શ્રી શાંતિસૂરિ થયા, તેમણે શ્રી ઉત્તરાધ્યયન ઉપર ટીકા કરી.

૩૮ સર્વદેવસૂરિ બીજા—તેમણે યશોભદ્ર ને નેમિચંદ્ર પ્રમુખ આઠ સાધુઓને આચાર્ય પદવી આપી, તે બે એક પાટે બેઠા.

૩૯ યશોભદ્રસૂરિ બીજા—યશોભદ્ર ને નેમિચંદ્રસૂરિ સાથે થયા, નેમીચંદ-તે ૧૧૪૫ માં હતા જે પ્રવચનસારોદ્ધારના રચેતા, વિક્રમ સં૦ ૧૧૩૫-૩૯ વર્ષ પછી નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિ સ્વર્ગે ગયા; અને કૂર્ચપુર ગચ્છી ચૈત્યવાસી, જિનેશ્વરસૂરિના શિષ્ય શ્રી જીનવલ્લભસૂરિએ ચિત્રકૂટમાં શ્રી મહાવીરનાં છ કલ્યાણકની પ્રરૂપણા કરી.

૪૦ મુનિચંદ્રસૂરિ—તેઓ છએ વિગયના ત્યાગી હતા,

વિક્રમ સં૦ ૧૧૫૯ માં ચંદ્રપ્રભથી પોર્ણમીચિક મત નીકળ્યો, મુનિચંદ્રસૂરિએ હરિભદ્રસૂરિએ કરેલ કેટલાક ગ્રંથોની પંજીકા કરી, તથા ઉપદેશવૃત્તિ, યોગબિંદુવૃત્તિ વિગેરે અનેક વૃત્તિઓની રચના કરી.

૪૧ **અજિતદેવસૂરિ**—તેમનો જન્મ ૧૧૩૪–દીક્ષા ૧૧૫૨ આચાર્ય ૧૧૭૪ સ્વર્ગ. ૧૨૨૦ તેમણે સિદ્ધરાજની સભામાં, દિગંબર કુમુદચંદ્ર સાથે ૮૪ વાદીઓને જીત્યા ને દિગંબરનો પાટણમાંથી પ્રવેશ બંધ કરાવ્યો, ૧૨૦૪ માં ફલવદ્ધિ ગામે ચૈત્ય બિંબોની, અને આરાસણામાં (કુંભારીયા) શ્રીનેમનાથની પ્રતિષ્ઠા કરી; તેમણે ૮૪૦૦૦ શ્લોકપ્રમાણ સ્યાદ્વાદરત્નાકર ગ્રંથ કર્યો. તેમનાથી ૨૪ આચાર્યની શાખા થઇ, તે સમયે દેવચંદ્ર સૂરિના શિષ્ય શ્રી હેમચંદ્રસૂરિ સાડા ત્રણ ક્રોડ ગ્રંથના કર્ત્તા, કલિકાળસર્વજ્ઞ, કુમારપાળપ્રતિબોધી, સવાલક્ષ શ્લોકપ્રમાણ પંચાંગ વ્યાકરણના કર્ત્તા થયા ૧૨૦૪ માં ખરતર ગચ્છની ઉત્પત્તિ થઇ,- વિ૦ ૧૨૧૩ ને વીર૦ ૧૬૯૨ માં બાહડમંત્રી ( વાગ્ભટ ) જ્ઞાતે વીશાશ્રીમાળીએ, સાડાત્રણ ક્રોડના ખરચે શ્રી સિદ્ધ-ગિરિનો ૧૪ મો ઉદ્ધાર કર્યો, તે કુમારપાળ રાજાના પ્રધાન હતા.

૪૨ **વિજયસિંહસૂરિ**—વિ. સં. ૧૨૩૩ માં આંચળીયા ગચ્છની ઉત્પત્તિ થઇ વિ. સં. ૧૨૩૬ માં સિદ્ધપુનમયા ગચ્છની ઉત્પત્તિ થઇ, તેમણે વિવેકમંજરી શુદ્ધ કરી.

૪૩ **સોમપ્રભસૂરિ**—સોમપ્રભ ને મણિરત્નસૂરિ સાથે થયા, સોમપ્રભસૂરિના એક શ્લોકના સો–સો અર્થો થતા, વિક્રમ સં. ૧૨૫૦ માં આગમિકમત નીકળ્યો.

૪૪ **જગચ્ચંદ્રસૂરિ—તપગચ્છ**—જેમણે ચિતોડની રાજસભામાં દિગંબરના ૩૨ આચાર્યને જીત્યા, તેથી રાજાએ તેમને હીરલા જગતગુરૂનું બિરૂદ આપ્યું. તેમણે જાવજીવ આંબિલ તપ કર્યું છે, આંબિલ કર્યા ને ૧૨ વર્ષ થયા ત્યારે રાજાએ તેમને વિ. સં. ૧૨૮૫ માં તપાબીરૂદ આપ્યું. ત્યારથી જ આ તપગચ્છ ચાલુ થયો તેમણે ચૈત્રવાળગચ્છીય દેવભદ્ર ઉપાધ્યાયની સ્હાયથી ક્રિયા ઉદ્ધાર કર્યો.

૪૫ **દેવચંદ્રસૂરિ**—તેમને શ્રાદ્ધદિનકૃત, નવ્યકર્મગ્રંથ પંચક ( પહેલા પાંચ કર્મગ્રંથ ) સિદ્ધપંચાશિકા, ધર્મરત્ન, સુદર્શન ચરિત્ર, ત્રણ ભાષ્ય, વંદારવૃત્તિ વિગેરે ગ્રંથો રચ્યા છે. તેઓ વિ. સં. ૧૩૨૭ માં માળવામાં સ્વર્ગે ગયા ૧૩૧૫નો મોટો દુકાળ નિવારક જગડુશાહ થયા. તે ભદ્રેશ્વરનિવાસી ને શ્રીમાળી હતા.

૪૬ **ધર્મઘોષસૂરિ**—તેઓ ઘણા પ્રભાવશાળી, છ વિગયના ત્યાગી તેમ તપસ્વી હતા, તેમ મંત્રતંત્ર વિદ્યામાં ઘણા જ પરાક્રમી ને પારગામી હતા, તેમણે સંઘના ઘણા કામ કર્યા છે. તેમને ઘણા ગ્રંથો રચ્યા છે, તે વિ. સં. ૧૨૫૭ માં સ્વર્ગે ગયા.

૪૭ **સોમપ્રભસૂરિ** બીજા—જન્મ વિ. સં. ૧૩૧૦, દિક્ષા ૧૩૨૧, સુરિપદ, ૧૩૩૨ સ્વર્ગવાસ ૧૩૭૩ તેઓશ્રી ભીમપલ્લી નગરી ( જે હાલનું ભીલડીયા ) ભાંગવાનું જાણી. ત્યાંથી પહેલા કારતક માં જ પ્રતિક્રમિ ચાલી ગયા, અને તુરત જ સં. ૧૩૩૪ માં નગરી ભાંગી, તેમણે અગીઆરે અંગો અર્થસહિત કંઠે હતા, તેમણે આરાધન સૂત્ર તેમ જીતકલ્પ ઘણા ગ્રંથો રચ્યા છે, તેમના સમયમાં રત્નાકરસૂરિ હતા.

૪૮ **સોમતિલકસૂરિ**—જન્મ ૧૩૫૫ દીક્ષા ૧૩૬૯ સૂરિપદ ૧૩૭૩ સ્વર્ગ ૧૪૨૪ હતા. ૧૪૨૪ તેમને બુહદ્નવ્ય ક્ષેત્રસમાસસૂત્ર, સત્તરિ સયરિ સયઠાણાદિ ઘણા ગ્રંથો રચ્યા છે.

૪૯ **દેવસુંદરસૂરિ**—જન્મ ૧૩૯૬ દીક્ષા ૧૪૦૪ સૂરિ પદ ૧૪૨૦ પાટણમાં, તે યોગાભ્યાસી મંત્ર તંત્રની સિદ્ધિના મંદિર, જંગમ વિષના હરનાર, અગ્નિ, વ્યાલ, હરિનો ભય નાશક, ત્રિવિધે નિમિત્તના જાણ હતા, ને વિદ્વાન હતા.

૫૦ **સોમસુંદરસૂરિ**—જન્મ ૧૪૩૦, દીક્ષા ૧૪૩૭, વાચક ૧૪૫૦, સૂરિપદ ૧૪૫૭, સ્વર્ગ. ૧૪૯૯ તેમના હસ્તક નાંદીયાના ધનાશા પોરવાળે કરાવેલ શ્રી રાણકપુર તીર્થની પ્રતિષ્ઠા સં૦ ૧૪૯૬ માં થઇતેમના ૧૮૦૦ ઘણા ક્રિરિયાપાત્ર સાધુ હતા; તેથી પાખંડીઓએ ઇર્ષાથી મારવા મારા મોકલ્યા. ત્યાં ઉંઘમાં ગુરૂને ઓઘાથી પરમાર્જન કરતા જોયા, તેથી તે લોકો નમી પડયા ને માફી માગી. તેમણે યોગશાસ્ત્ર ઉપદેશમાળા પ્રમુખ ઘણા ગ્રંથો

રચ્યા છે. તેમના શિષ્ય શ્રી જિનમંડણ ગણીયે ૧૪૯૨ માં કુમારપાળ પ્રબંધની સંસ્કૃતમાં યોજના કરી.

૫૧ **મુનિસુંદરસૂરિ**:—જન્મ વિ૦ સં. ૧૪૩૬, દીક્ષા ૧૪૪૩, વાચક. ૧૪૬૬ સૂરિપદ. ૧૪૭૯ તે વખતે વૃદ્ધનગરીના દેવરાજે મહોત્સવમાં રૂા. ૩૨૦૦૦ હજાર ખરચ્યા સ્વર્ગ ૧૫૦૩ તેમણે દેલવાડામાં સંતિકરં નામનું સ્તવન કરી, યોગિની કૃત મરકીનો ઉપદ્રવ દૂર કર્યો, તે હમેશ ૧૦૦૦ શ્લોક કંઠે કરી લેતા ને સહસ્રાવધાની હતા. તેમણે રાજાઓ પાસે ઘણી જીવદયા પળાવી છે તેમ ચોવીશ વાર વિધિથી સૂરિમંત્રનું આરાધન કર્યું.

૫૨ **રત્નશેખરસૂરિ**:-જન્મ ૧૪૫૭, દીક્ષા–૧૪૬૩, વાચક ૧૪૯૩, સૂરિપદ ૧૫૦૨ સ્વર્ગ ૧૫૧૭ પછી તેમની વિદ્વત્તાને લીધે ખંભાતમાં બાંબી નામના ભટે પ્રેરાઇ ' તેમને બાલસરસ્વતીનું બિરૂદ આપ્યું હતું. તેમણે શ્રાદ્ધવિધિ આહ્નિક અનેક ગ્રંથો કર્યા હતા, તેમના વખતમાં વિ૦ સં૦ ૧૫૦૮ લુંકાગચ્છ નીકળ્યો, તે અમદાવાદના લુંકા નામે લહીયાએ પુસ્તક લખવામાં ભુલ થવાથી, તેને ઠપકો દેતાં તેણે લીંબડી જઇ ત્યાંના કારભારી લખમસીની સ્હાયથી, લીંબડી રાજમાં ધર્મનો ફેલાવો કર્યો, તેનો ૧૫૩૩ માં ભાણો સાધુ થયો, ૧૫૬૮ માં રૂપો, ૧૫૭૮ માં જીવાજી, ૧૫૮૭ માં વૃદ્ધવરસિંહજી, ૧૬૦૬ માં વીરસિંહજી ૧૬૪૯ માં જસવંત થયો, તેમની ( ગુજરાતી–નાગોરી-ઉત્તરાધી) ત્રણ શાખા થઇ.

૫૩ **લક્ષ્મીસાગરસૂરિ**:—જન્મ–૧૪૬૪. દીક્ષા–૧૪૯૦. સુરિ. ૧૫૦૮.

૫૪ **સુમતિસાધુ સૂરિ**:—તેમની કાંઇ વિશેષ હકીકત મળી નથી.

૫૫ **હેમવિમળસુરિ**:—તેઓએ શિથિલ સાધુઓ વચ્ચે રહી પોતાનો આચાર સાચવી રાખ્યો, તેથી કેટલાએક સાધુઓએ શિથિલપણું તજી દીધું, તેમ લુંકામતના કેટલાક સાધુઓ સંવેગી થયા. તે અવસરે સં૦ ૧૫૬૨ માં કડવા નામના એક વાંણીઆએ કડવોમત ચલાવ્યો ને ત્રણ થુઈ માની. વળી સં૦

૧૫૭૦ માં લુંકામતમાંથી બીજા નામના વેષધારીએ બીજો મત ચલાવ્યો જેને લોકો વિજયગચ્છ કહે છે.

૫૬ આનંદવિમળસુરિઃ– જન્મ ૧૫૪૬, દીક્ષા ૧૫૫૨, સુરિ ૧૫૭૦ સ્વર્ગવાસ ૧૫૯૬. સં૦ ૧૫૭૨ માં નાગપુરીઆ તપામાંથી, ઉપાધ્યાય પાર્શ્વચંદ્રે પાસચંદીઓ મત ચલાવ્યો, તેમણે સં. ૧૫૮૨ માં ક્રિયા ઉદ્ધાર કર્યો. તેમના વખતમાં વિદ્યાસાગર ઉપાધ્યાય તપસી હતા, તેઓ છઠ છઠના પારણે આંબિલ કરતા, તેમને ધર્મની ઘણી ઉન્નતિ કરી ને તપગચ્છની વૃદ્ધિ કરી. આનંદવિમળસુરિયે અનેક શેઠીઓના પુત્રને દીક્ષા આપી.

૫૭ વિજયદાનસુરિ—જન્મ સં. ૧૫૫૩. દીક્ષા ૧૫૬૨. સરિ. ૧૫૮૭. સ્વર્ગ. ૧૬૨૨. તે ઘણા પ્રભાવિક હતા, તેમને ધર્મનો ઘણો ઉદ્યોત કર્યો. તેમને જાવજીવ ઘી શિવાય બધી વીગય ત્યાગી હતી. તેમ ખંભાત, અમદાવાદ, મેશાણા, ગંધારબંદર પ્રમુખ મહોત્સવપૂર્વક જિનબિંબની પ્રતિષ્ઠા કરી, જેમના ઉપદેશથી મહ-મદબાદશાહના માન્ય મંત્રી, ગલરાજા (મલિક શ્રીનગદલે) શ્રી શત્રુંજયનો મોટો સંઘ કાઢ્યો, વળી જેમના ઉપદેશથી ગંધારના શ્રાવક રામજીએ, તથા અમદાવાદના શા. કુંવરજી પ્રમુખે શ્રી શત્રુંજય પર ચામુખ અષ્ટાપદાદિ જિનમંદિરો બંધાવ્યાં, ગિરનાર ઉપર જીર્ણોદ્ધાર કરાવ્યો તેઓશ્રી સિદ્ધાંતના પારગામી હતા, તે અખંડ પ્રતાપવાળા હતા, જેમણે બહુ જનોને ધર્મ પ્રાપ્ત કરાવ્યો છે.

૫૮ હીરવિજયસુરિ.—જન્મ. સં. ૧૫૮૩ પાલનપુર, દીક્ષા ૧૫૯૬ પાટણ, પંડિત ૧૬૦૭ નારદપુર, વાચક ૧૬૦૮ સુરીપદ. ૧૬૧૦ શિરોઇ, સ્વર્ગ ૧૬૫૨ ઊનામાં, પિતા કુરાશા, માતા નાથીબાઇ, જ્ઞાતેઓશવાળ, જેમના સૌભાગ્ય, વૈરાગ્ય, નિઃસ્પૃહતાદિ ગુણો ઉત્તમ હતા, જેમના સ્તંભતીર્થના વિહારમાં ભાવિકોએ એક ક્રોડ રૂપીઆ પ્રભાવનાદિ ધર્મકૃત્યોમાં ખરચ્યા, તેમણે શિરોહીમાં કુંથુનાથની અને નારદપુરમાં હજારો બિંબોની પ્રતિષ્ઠા કરી, તેમના ઉપદેશથી લુંકામતના મેઘજી રૂષિએ, પોતાના પચીશ સાધુઓ સાથે ફરીથી મહોત્સવપૂર્વક દીક્ષા લીધી, તેમણે

અકબર બાદશાહને પ્રતિબોધી જૈન ધર્મની ઘણી ઉન્નત કરી, તેમ બાદશાહને દેવ–ગુરૂ-ધર્મનું સ્વરૂપ સારી રીતે સમજાવ્યું.

૫૯ વિજયસેનસૂરિ–જન્મ. ૧૬૦૪, દીક્ષા. ૧૬૧૩, પંડિત, ૧૬૨૬.ઊપાધ્યાય ૧૬૨૮, ભટ્ટારક ૧૬૫૨, સ્વર્ગ ૧૬૭૧ તેમના શિષ્યોએ જહાંગીર બાદશાહ પાસેથી સારાં ફરમાનો કરાવી લીધા છે. સાંગણના સુત હિત શક્ષાનો રાસ કરતા, ઋષભદાસ તેમના વખતમાં થયા, તેમને ગુરૂ માનતા તે રાસ ૧૬૭૦ માં પુરો કર્યો.

૬૦ વિજયદેવસુરિ—જન્મ ૧૬૩૪. દીક્ષા ૧૬૪૩, સૂરિ ૧૬૫૬. સ્વર્ગ ૧૬૮૧

૬૧ વિજયસિંહસુરિ—જન્મ ૧૬૪૪. ઉપાધ્યાય. ૧૬૭૩ સૂરિ ૧૬૮૨, સ્વર્ગ ૧૭૦૮–૬૧ મી પાટે વિજયપ્રભસુરિ થયા. તેમનો જન્મ સં. ૧૬૭૫, દીક્ષા ૧૬૮૯, ઊપાધ્યાય ૧૭૧૦, ભટ્ટારક ૧૭૧૩, સ્વર્ગ ૧૭૪૯. તેમના વખતમાં સં ૧૭૦૯માં લવજીએ ઢુંઢક (સ્થાનકવાસી) મત ચલાવ્યો તે એવી રીતે કે–સુરતના દશાશ્રીમાળી વ્હોરા વીરજીની બાળવિધવા દીકરી ફુલાએ, લવજી નામના છોકરાને ખોળે લીધો, તે લુંકાના ઉપાસરે યતિબજરંગ પાસે ભણ્યો, વૈરાગ્ય થવાથી તેમની પાસે દીક્ષા લીધી, તે બે વર્ષ પછી ગુરૂને કહે કે તમે આગમ પ્રમાણે ચાલતા નથી, ગુરૂએ સમજાવ્યો પણ કહે કે તમે ભ્રષ્ટાચારી છો, કહી લડી. ભૂણા ને સુખજી નામના બે યતિ લઇને નીકળ્યો, ત્યાંથી થોડે થોડે તે ધર્મ વધતો ગયો. તે આજ સુધી ચાલે છે.

૬૨ સત્યવિજયગણી --તેમનો જન્મ સપાદ લક્ષદેશમાં લાડલુ ગામમાં થયો, ૧૪ વર્ષની ઉમરે દીક્ષા લીધી, સં. ૧૭૨૯ માં વિજય-પ્રભસૂરિ હસ્તક પંન્યાસ પદવી લીધી, સં. ૧૭૫૬ માં કાળ કર્યો, તેમને જસવિજય ઉપાધ્યાય સાથે મળી ક્રિયા ઉદ્ધાર કર્યો, તેઓ ઘણા ત્યાગી, વૈરાગી તપસ્વી હતા, તેઓ આનંદઘનજી મહારાજની સાથે જંગલમાં જ રહેતા, પછી વૃદ્ધાવસ્થાયે ચાલવાની શક્તિ ન હોવાથી પાટણમાં રહ્યા, સત્યવિજય ગણી, જસવિજય ઉપાધ્યાય ને આનંદઘનજી આ ત્રણે મહાપુરૂષો સતરમા સૈકામાં સાથે થયા છે, તેમને કપૂરવિજય ને કુશલવિજય બે શિષ્યો હતા.

૬૩ **કર્પૂરવિજયગણી**—જન્મ પાટણ પાસે વાગરોડ ગામમાં સં. ૧૭૦૯ માં થયો, ૧૪ વર્ષની ઉમરે ૧૭૨૩ માં દીક્ષા લીધી, ૧૭૭૫માં પાટણથાં સ્વર્ગવાસ, તેમણે ઘણી પ્રતિષ્ઠાઓ કરાવી તે ઘણા પ્રભાવિક પુરૂષ હતા, તેમને વૃદ્ધિવિજય ને ક્ષમાવિજય એમ બે શિષ્યો હતા.

૬૪ **ક્ષમાવિજય ગ૦**—તેમના બે શિષ્ય (જિનવિજય ને જશવિજય) બીજા જશવિજય ગણીના શુભવિજય, તેમના વીર વિજય, (જેઓ વિવિધ પ્રકારે પૂજાઓના રચનાર હતા.)

૬૫ **જિનવિજય ગ૦**—તેમના અમૃતવિજય, તેમના ગુમાન-વિજય, તેમના ધનવિજય, તેમના રંગવિજય, તેમના વિનયવિજય, તેમના ઉમેદવિજય ગણી તેમના ખાંતિવિજય ગણી.

૬૬ **ઉત્તમવિજય ગ૦**—તેમના પદ્મવિજય ગણી, તેમની બીજી હકીકત મળી નથી.

૬૭ **પદ્મવિજય ગ૦**—તેમના શિષ્ય રૂપવિજય તેઓશ્રી ૧૮૪૩ માં હતા. તેમની વધુ હકીકત મળી નથી.

૬૮ **રૂપવિજય૦ ગ૦**—તેમના બે શિષ્ય (અમીવિજય ને કીર્તિવિજય) અમીવિજયથી નીતિસૂરિ તથા ધર્મવિજય પંન્યાસની પટાવળી ચાલે છે.

૬૯ **કીર્તિવિજય ગ૦**—જન્મ સં. ૧૮૧૬ ખંભાત, જ્ઞાતે વીશા શ્રીમાળી, તેમના ચાર શિષ્ય, કસ્તુરવિજય ગ૦, ઉદ્યોતવિજય-જીવવિજય ને માણેકવિજય.

૭૦ **કસ્તુરવિજય ગ૦**—જન્મ ૧૮૩૭ પાલણપુર, વીશા પોરવાળ, દીક્ષા ૧૮૭૦.

૭૧ **મણિવિજય ગ૦**—જન્મ ૧૮૫૨ અઘાર ગામે, વીશાશ્રીમાળી, પિતા જીવનદાસ, માતા ગુલાબબાઇ, ૧૮૮૭ માં દીક્ષા કીર્તિવિ૦ગણી હસ્તક, પંન્યાસ ૧૯૨૩, સ્વર્ગવાસ સં૦ ૧૯૩૫. આ મહાપુરૂષથી સાધુ સમુદાયની વૃદ્ધિ થઇ છે.

૭૨ **બુટેરાયજી—બુદ્ધિવિજય ગણી**—જન્મ પંજાબ ૧૮૬૩, જ્ઞાતે શીખ, ઢુંઢક દીક્ષા ૧૯૧૦, સંવેગી દીક્ષા ૧૯૧૨, તેમના સાત શિષ્યો મુળચંદજી, વૃદ્ધિચંદજી, ખાંતિવિજય, આત્મારામજી, નીતિવિજય, આનંદવિજય અને મોતીવિજય.

**૭૩ આત્મારામજી વિ૦ આનંદસૂરિ**—જન્મ પંજાબ ૧૮૯૩, જ્ઞાતે કપૂર ક્ષત્રી, ઢુંઢક દીક્ષા ૧૯૧૦, સંવેગી દીક્ષા ૧૯૩૨, આચાર્ય ૧૯૪૩ પાલીતાણા, સ્વર્ગ ૧૯૫૨ જેઠ શુદિ ૮. ગુજરાનવાળા શહેરમાં. અહીં તેમના પગલા છે, તેમના ૧૩ શિષ્ય છે, તે આગળ જણાવ્યા છે. તેમણે અજ્ઞાનતિમિરભાસ્કર, જૈન તત્ત્વદર્શ તથા તત્ત્વનિર્ણય પ્રસાદ વિગેરે ગ્રંથો બનાવ્યા છે.

**૭૪ કમળસૂરિ**—જન્મ ૧૯૦૮, ઢુંઢક દીક્ષા ૧૯૩૦, સંવેગી દીક્ષા ૧૯૩૨ અમદાવાદ, આચાર્યપદવી પાટણમાં ૧૯૫૭, સ્વર્ગવાસ ૧૯૮૩. તેમના ગુરૂ લક્ષ્મીવિજય ને તેમના ગુરૂ આત્મારામજી.

## ૨૦૦૪ યુગપ્રધાન અને તેનો ખુલાસો.

**જૈનશાસન**—૨૧૦૦૦ વર્ષ ચાલશે, તેમાં ૨૩ ઉદય થવાના છે, અને તેમાં (૨૦૦૪) યુગપ્રધાન થવાના છે, તેનો પહેલો ઉદય ૬૧૭ વર્ષ ૧૦ માસ ૨૭ દિવસનો ગયો, તેમાં ૨૦ યુગપ્રધાન થઇ ગયા, અને બીજો ઉદય ૧૩૮૦ વર્ષ ૧૦ માસ ૨૯ દિવસનો ગયો, તેમાં ૨૩ યુગપ્રધાન થઈ ગયા, હાલ ત્રીજો ઉદય ચાલે છે, તે ૧૫૦૦ વર્ષ ૧૧ માસ ૨૦ દિવસ સુધીનો છે, તેમાં ૯૮ યુગપ્રધાન થવાના છે, તેમાં ૧૫ થઇ ગયા ને હાલમાં સોળમા વિચરે છે. તેમનું નામ સિદ્ધગેહ છે, તે વીર સં. ૨૪૭૯ સુધી રહેશે, તેમની વીર સં. ૨૪૪૧ માં આચાર્યપદવી છે, એટલે (વિક્રમ સં. ૧૯૭૧ થી તે ૨૦૦૯ સુધી વિચરત રહેશે.)

## ત્રીજા ઉદયના ૧૬ યુગપ્રધાનનો નામાદિ કોઠો.

| | યુ૦પ્ર૦નામ | ગ્રહસ્થ વર્ષ | દીક્ષા વર્ષ | આચાર્ય વર્ષ | | યુ૦પ્ર૦નામ | ગ્રહસ્થ વર્ષ | દીક્ષા વર્ષ | આચાર્ય વર્ષ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પાડિચથ | ૯ | ૮૨ | ૯ | ૯ | ધર્મરૂચિ | ૧૫ | ૩૦ | ૩૮ |
| ૨ | વિશ્નુમિત્ર | ૧૦ | ૨૦ | ૪૫ | ૧૦ | વિનયચંદ્ર | ૨૦ | ૩૦ | ૩૮ |
| ૩ | હરિમિત્ર | ૧૬ | ૪ | ૫૦ | ૧૧ | શિલમિત્ર | ૨૫ | ૩૫ | ૩૦ |
| ૪ | મંડીલ | ૧૫ | ૫૦ | ૩૦ | ૧૨ | દેવચંદ્ર | ૧૨ | ૨૦ | ૩૯ |
| ૫ | જીનપતિ | ૨૦ | ૩૦ | ૪ | ૧૩ | શ્રીચંદ્ર | ૨૬ | ૩૦ | ૩૫ |
| ૬ | ચંદ્ર. | ૧૫ | ૩૦ | ૩૦ | ૧૪ | શ્રી ખંડીલ | ૧૪ | ૩૦ | ૨૯ |
| ૭ | જીનવલ્લભ | ૧૦ | ૩૦ | ૩૦ | ૧૫ | શ્રી ધમીલ | ૧૧ | ૩૦ | ૩૨ |
| ૮ | જીનપ્રભ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૬ | સિદ્ધગેહ | ૧૩ | ૪૦ | ૩૮ |

એ ૨૦૦૪ યુગપ્રધાન અને તેના ૨૩ ઉદય. તેની વિગત નીચે પ્રમાણે.

| | ઉદય નામ | વર્ષ ચાલશે | યુગપ્રધાન | પહેલા યુગપ્રધાન નામ | છેલ્લાયુગપ્રધાન નામ |
|---|---|---|---|---|---|
| ૧ | સુરિકોટિ. | ૬૧૭ | ૨૦ | સુધર્માસ્વામી. | પુષ્પમિત્ર. |
| ૨ | ,, | ૧૩૮૦ | ૨૩ | વજ્રસેન. | અર્હન્મિત્ર. |
| ૩ | કોટિલક્ષ. | ૧૫૦૦ | ૯૮ | પાડિવયસુરિ. | વૈશાખ. |
| ૪ | , | ૧૫૪૬ | ૭૮ | હરિસ્સહ. | સત્કીર્તિ. |
| ૫ | ,, | ૧૯૦૦ | ૭૬ | નંદિમિત્ર. | થાવરસુત. |
| ૬ | ,, | ૧૯૫૦ | ૮૯ | સૂરસેન. | રહસુત. |
| ૭ | ,, | ૧૭૭૦ | ૧૦૦ | રવિમિત્ર. | જયમંગલ. |
| ૮ | ,, | ૧૦૧૦ | ૮૭ | શ્રીપ્રભ. | સિદ્ધાર્થ. |
| ૯ | કોટિસહસ | ૮૮૦ | ૯૫ | મણીરતિ. | ઇશાન. |
| ૧૦ | ,, | ૮૫૦ | ૮૭ | યશોમિત્ર. | રથમિત્ર. |
| ૧૧ | ,, | ૮૦૦ | ૭૬ | ધણુસિંહ. | ભરણીમિત્ર. |
| ૧૨ | ,, | ૪૪૬ | ૭૮ | સત્યમિત્ર. | દ્રઢમિત્ર. |
| ૧૩ | ,, | ૫૫૦ | ૯૪ | ધમ્મિલ. | સંગતિમિત્ર. |
| ૧૪ | ,, | ૫૯૨ | ૧૦૮ | વિજ્યાનંદ | શ્રીધરસુત. |
| ૧૫ | કોટિ શત. | ૯૬૫ | ૧૦૩ | સુમંગલ. | માગધસુત. |
| ૧૬ | ,, | ૭૭૦ | ૧૦૭ | જયદેવ. | અમરસુત. |
| ૧૭ | ,, | ૬૫૫ | ૧૦૪ | ધર્મસિંહ. | રેવતિમિત્ર. |
| ૧૮ | ,, | ૪૯૦ | ૧૧૫ | સુરદિન્ન. | કીર્તિમિત્ર |
| ૧૯ | ,, | ૩૫૯ | ૧૩૩ | વૈશાખ. | સિંહમિત્ર. |
| ૨૦ | ,, | ૪૦૮ | ૧૦૦ | કોડિત્ય. | કુલકમિત્ર. |
| ૨૧ | ,, | ૫૭૦ | ૯૫ | માથુર. | કલ્યાણમિત્ર. |
| ૨૨ | ,, | ૫૯૦ | ૯૯ | વિષ્ણુપુરી. | દેવમિત્ર. |
| ૨૩ | ,, | ૪૪૦ | ૪૪૦ | શ્રીદત્ત. | દુપ્પસહસુરિ. |

ટીપ—તે ૨૦૦૪ યુગપ્રધાન સર્વેના નામો તપાવળીમાં જણાવેલ છે.

## તેને લગતો વધુ ખુલાસો.

૧ બે હજાર વર્ષો ભસ્મગ્રહના અને પાંચસો વર્ષ વક્રયોગ તેના મળી પચ્ચીસસો વર્ષ શાસન ડોળાશે. ત્યારપછી જૈન ધર્મનો ઉદય થશે, અને તે પાંચમા આરાના છેડા સુધી અસ્ખલિત ચાલશે. આ પાંચમાં આરામાં થનારા ૨૦૦૪ યુગપ્રધાનોને તેના ત્રેવીશ ઉદય થવાના છે તે ઉપર જણાવ્યા છે.

૨ એ સર્વે યુગપ્રધાનો એકાવતારી હોય, તે જ્યાં જ્યાં વિચરે ત્યાં સર્વે દિશામાં અઢી જોજન ભૂમિમાં દુષ્કાળ તથા હિંસક જીવોનો ભય હોય નહીં.

૩ આઠમા કોટિલક્ષ નામના ઉદયની શરૂઆતમાં શ્રીપ્રભ યુગ-પ્રધાનના સમયમાં, દુનિયામાં કહેવાતો કલંકી અવતાર થશે.

૪ તે ઉદયો પૈકી પહેલો અને બીજો તે બે તો થઇ ગયા ને હાલ ત્રીજો ચાલે છે.

૫ છેલ્લા દુષ્પ્રસભસૂરિ યુગપ્રધાન પછી આ પાંચમો આરો પુરો થતાં જૈન ધર્મ નષ્ટ થશે.

### સાધુ સાન્મત્રે એક વસ્તુની સંખ્યા.

શાર્દૂલવિક્રીડીત છંદ.

જે પંચવ્રત મેરૂ ભાર નિવહે, નિઃસંગ રંગે રહે,
પંચાચાર ધરે પ્રમાદ ન કરે, જે દુઃપરિસા સહે.
પંચ ઈંદ્રિ તુરંગમાં વશ કરે, મોક્ષાર્થને સંગ્રહે,
એવા દુષ્કર સાધુધર્મ ધન તજે, જ્યૂં ગ્રહે ત્યૂં વહે. ૧

માલીની વૃતમ્ છંદ.

મયણુ રસ વિમોડી, કામિની સંગ છોડી,
તજીય કનક કોડી, મુક્તિ શું પ્રીતિ જોડી;
ભવ ભવ ભય વામી, શુદ્ધ ચારિત્ર પામી,
ઇહ જગ શિવગામી, તે નમો જંબુસ્વામી. ૨

### शिष्ये गुरुने करेल प्रश्न.

ગાથા— कहं चरे कहं चिट्ठे, कहमासे कहं सये ? ।
कहं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधई ? ॥

શિષ્યનો પ્રશ્ન-કેમ ચાલું ઉભો રહું, બેસું અને સુવાય;
તેમજ ખાતાં બોલતાં, પાપ નહિં બંધાય.

## गुरुश्रीनो उत्तर–जयणाये.

गाथा— जयं चरे जंल चिट्ठे, जयमासे जयं सये ।
जयं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधई ॥

જીવદયાશ્રયી—જીવદયા ગુણ વેલડી, રોપી ઋષભ જિણંદ;
શ્રાવકકુલ મારગ ચડી, સીંચી ભરત નરિંદ.
,, દયા સુખની વેલડી, દયા જ સુખની ખાણ;
જીવ અનંત સ્વર્ગે ગયા, દયાતણે પ્રમાણ.

જીવહિંસાશ્રયી હિંસા દુઃખની વેલડી, હિંસા દુઃખની ખાણ;
જીવ અનંત નર્કે ગયા, હિંસાતણે પ્રમાણ.
,, જીવ મારતાં નરક છે, રાખંતાં છે સગ્ગ;
એ બેહુ છે વાટડી, જિણ ભાવે તિણલગ્ગ.

એક નમસ્કાર ફળ—નમસ્કાર નિર્મળ એક જો, કરે વીરને કોય
તારક સંસાર સાગરે, નર નારીને હોય.

નવકારે પાપનાશ—સાત સાગર એક અક્ષરે, પદે પચ્ચાસ જાય;
પૂરા નવકારે પાંચ સો, સાગર પાપ પલાય.

તે શાસનપ્રેમી—ચક્રી હરિષેણ ભૂ કરી, જૈન ચૈત્ય મંડીત;
ભલી હૃદયની ભાવના, સાચી શાસનપ્રીત.

તે સ્થૂલિભદ્રજી— એકજ અવનીમાં થયો, કુટયો કામ ઘર કામ;
ચુલશી ચોવીશી રહ્યું, શકડાલસુત નામ.

એકત્વપણું— હું એક મમ કોઈ નહીં, હું પણ અન્યનો નહી;
અદીન મન એ આત્મને, શીખામણ દે સહી.
,, શાશ્વત જ્ઞાન દર્શનમયી, આતમ મ્હારો એક;
સંયોગ બાકીના સવિ, તે નહિ ત્હારા છેક.
,, આયો ત્યાંથી એકલો, આઈ કુખમાં એક;
ઊંધા મસ્તકે માસ નવ, આપ એકનો એક
,, સ્વર્ગ સંબંધે એકલો, ધર્મધ્યાનમાં એક;
મોક્ષ મ્હેલમાં એકલો, તેવી ધરજે ટેક.

એકે નુકશાન—સાધુ એકલા સંચરે, ભલે નિજપદ ભાન;
વધુ વિપરીત વર્તન વસે, નિંદા થાય નિદાન.
" ઘણા એકલા ઘર ગયા, પામી દુષ્ટ પ્રસંગ;
મહાનુભાવ માટે મળો, શુભ સંઘાડા સંગ.
" ઝાડ એકલું જંગલે, જરી ટકે નહિં જાણ;
એક વાડીમાં એકજ, ધારો ઢેડ પ્રમાણ.
" ઝાઝાં ભલા પણ ઝાંખરાં, વાડ વિષે વખણાય;
રહે પીંછે રળિયામણી, કેવી મોરની કાય.
એકલાજ સારા—ચિત્ત મેળી ચેલા કરો, મનનો મેળો મેલ;
રંગ સદ્દગુરૂનો ભલો, નહિ તો ભલા અકેલ.
" સિંહણનો સુત એક પણ, એકે એક હજાર;
ભલે ભુંડણીનાં હજાર, લેખો સહુ લાચાર.
થોડામાંજ મજા—ખતિશે સર્વે અસાર છે, થોડું લાગશે ઠીક;
અતિ આહાર ભારે મરે, હૃદયે રાખો બીક.
વધુ નહિ બોલો—મન મંજૂષમાં રોકજો, ગણ ગુણોનો ખાસ;
ખપી જનોને ખાસ તે, આપો ધરી ઉલ્લાસ.
આત્મને ધ્યાવો—ગાયક તે ગાઇ શકે, જોડક જોડે જાણ;
આતમ અનુભવ વિણના, કુંભારના કેકાણ.
આત્મશાખે ધર્મ—ધર્મ આત્મશાખે કરો, એનું મૂલ અમૂલ;
જન રંજનીયા ધર્મનું, મળે ન કોડી મૂલ;
ખરો ક્ષણ જાય—મૂરખ મન નથી જાણતો, ખરેખરો ક્ષણ જાય;
કાળ ઓચિંતો આવશે, શરણું કર સુખદાય,
તે ક્ષમાશ્રમણ—ક્ષમાશ્રમણ તવ તું ખરો, ખરી ક્ષમાનો વાસ;
વડીલને વંદનવશે, ક્ષમાશ્રમણ તું ખાસ.
આ એકજ વાત—લાખ વાતની વાત એક, હૃદય કોતરી રાખ;
શિવસુખને જો ચ્હાયતો, રાગ દ્વેષ દૂર નાખ.
ધર્મને આદર—કાળે પકડયો કેશથી, એમ ગણીને આપ;
આચર ઉત્તમ ધર્મને, ટળે પાપ પરિતાપ.
સત્યનો મહિમા—દુષ્કર તપ સંયમમાંહિ, સમ્યક્ શક્તિ નહિં જાણ
તો જિનભાષિત સત્યને, કરો સેવી કલ્યાણ.

गाथा---साधुनामदर्शनं पुन्यं, तीर्थभूता ही साधवः ।
तीर्थे फलति कालेन, साधवस्तु पदे पदे ॥

**ભાવાર્થ**— પુન્ય પ્રબળ સાધુદર્શને, તીર્થતુલ્ય તે જાણ;
તીર્થ તેહ કાળે ફળે, પગ પગ તેહ પ્રમાણ.

**સત્સંગ લાભ**—સંગત સાચી સંતની, નિષ્ફળ તે નહીં થાય;
લોહું પારસ–સ્પર્શથી, કંચન થઇ વેચાય.

" બળતો જળતો આત્મા, સંત સરોવર જાય;
શાંત કરે સદ્બોધીને, સંત તેહ સુખદાય.

" મદ આઠે તે મનુષ્યના, છાજ્યા કો નહિ સોય;
જે'હિ જાય સત્સંગમાં, જીવન ફળ તે જોય.

**સદા મીઠું બોલો**—વદો વચનો મીઠાં વધુ, ઉપજશે સુખ ઓર;
હૃદયે રાખી વાત એ, કાઢો વચન કઠોર.

**પ્રેમને ત્યાગો**--જ્યાં સુધી કોઇ પ્રિય નથી, સહી ત્યાં તક તે સુખ;
પણ બીજે પ્રેમી થતાં, આતમ પાવે દુઃખ.

**સાધુ અને વસ્ત્ર**—અઢાર જઘન ઉત્કૃષ્ટ લાખ, મધ્યમ વચેનું માન;
તે વસ્ત્ર ન કલ્પે સાધુને, ઓછું કીમતી આણ.

**સાધુ કેવું ખાય**-સાધુ નામ ધરાવીને, સારૂં સારૂં ખાય;
ભરૂચ પાડા થઇ પછી, ભાર વહી દેવાય.

**મનશુદ્ધિ કરો**—માનો મન પવિત્ર વિના, વૈરાગનો ન વાસ;
માટેજ મનશુદ્ધિ કરો, એની જો હોય આશ.

**મનનું મહત્ત્વ**--સંબંધ જે સુખ–દુઃખનો, મનની સાથે માન;
મન ત્હારૂં જે માર્ગમાં, તેવું ત્હારૂં જાણ.

**મનની પતીજ**—મનની હારે હારવું, મનની જીતે જીત;
મન મેળાવે મોક્ષને, પૂરી થયે પતીત.

## બે વસ્તુની સંખ્યા.

**બે પ્રકારે દેવ**—એક અરિહંત ને બીજા, ભજો સિદ્ધ ભગવાન;
હૃદયે તે બે રાખજો, અન્ય નહિ એહ સમાન.

**દેવ અને ગુરૂ**—શુદ્ધ દેવ ગુરૂજીતણું, સેવન સાચું જાણ;
ભાગ્યયોગે આ ભવ મળ્યા, કરો સેવી કલ્યાણ.

,, દેવ ને ગુરૂ બેમાંહિ, કોણ વિશેષ કહાય;
ધન્ય ધન્ય ગુરૂરાજથી, દેવના દર્શન થાય.

બે પ્રકારે ધર્મ—ધર્મ સાધુ શ્રાવકતણો, પ્રરૂપ્યો બે પ્રકાર;
શુદ્ધ શ્રદ્ધાયે સેવતાં, પમાશે ભવપાર.

,, દશવિધ યતિનો દાખિયો, શ્રાવકનો ચૌ સાર;
ભાખ્યો ભગવંતે ભલો, અંતર આપ વિચાર.

આત્મચિંતા કર—દેહ ચિંતા દિલ ધરે, અતિ તે આત્મે રાખ;
અનંત ભવકર્મ એક ભવ, છૂટે આત્મની શાખ.

આશ્રવ સંવર—સંવર સંગમાં નિર્જરા, આશ્રવે બંધ આય;
વિવેક વાત વિચારીને, સેવન કરો સદાય.

લઘુતાને ભાવ—લઘુતાથી પ્રભુતા લહે, પ્રભુતાયે પ્રભુ દૂર;
લઘુતા હૃદયે લાવતા, પ્રભુતા પાવે પૂર.

કેણી અને રેણી—કહે છે પણ કરતો નથી, લબાડ લેખો તેહ;
કેણી રેણી સારખી, ઉત્તમ આતમ એહ.

સ્યાદ્વાદ શૈલી—સ્યાદ્વાદ શૈલી ધર્મની, નિશ્ચય એક નહિ માન;
રથ જચું બેઉ ચક્રે ચલે, હૃદય રાખ તે જ્ઞાન.

સમ અને શાંતિ—ક્રોધી શત્રુ સુસજ્જન પર, સંભાવ શાંતિ કરાય;
ત્યારેજ સાચી તુજને, પરંસુખ પ્રાપ્તિ થાય.

સાથે નહિ બને—પરમેશ્વર પ્રીતિ વિષે, નાર નેહ દુઃખદાય;
બે તે સાથે નાહ બને, ભસવું લોટ ખવાય.

બે મોટા દુર્ગુણ—ગણ જ્ઞાની ઓળખ વિષે, દુર્ગુણ મોટા હોય;
હું જાણું હું સમજણો, પરિગ્રહ પૂરણ હોય.

અતિથિસત્કાર— અતિથિ સત્કાર સ્વર્ગ અર્પે, અપવાદી ધિક્કાર;
પાપકર્મ હરનાર તેહ, માનવ મન વિચાર.

બે વિરલા કહ્યા—રત્નખપી અને રત્નખાણ, અલ્પ અલ્પ તે તો હોય;
તેમજ ધર્મી ધર્મદાતા, કહ્યા વીરલા કોય.

બે પ્રકારે જ્ઞાન—શાસ્ત્રાદિક ભણવું સવિ, દાખ્યું તે દ્રવ્ય જ્ઞાન;
આત્મ સ્વરૂપ ઓળખવું, ગણ તેહ ભાવ જ્ઞાન

સ્હેલ ને મુશ્કેલ—કંચન તજવું સ્હેલ છે, તિરિયા તજવી સ્હેલ;
આપ બડાઇ ને ઇર્ષા, તે તજવું મુશ્કેલ;

તે બે નહિ કરો—ડરજે વાઘ વિષધર તણો, નિંદા દ્રોહે રાખ;

નિશ્ચય બે જો નહીં કરે, સત્ય સુખ શ્રુત શાખ.

**જ્ઞાન અને ક્રિયા**—જ્ઞાન ક્રિયા બે મોક્ષ છે, એક દેખે એકાંધ;
સહી બેઉની સ્હાયથી, પાવે ઝટ શિવપંથ.

**જ્ઞાની ને કેવળી**—જ્ઞાનવંત ને કેવળી, દ્રવ્યાદિક અહિ નાણુ;
બૃહત્કલ્પની ભાષ્યમાં, સરખા ભાખ્યા જાણુ

**ક્રિયાને જ્ઞાન**—ક્રિયામાત્ર કૃતકર્મ ક્ષય, દદ્દૂર ચૂર્ણ સમાન;
જ્ઞાન કહ્યું ઉપદેશ પદ, તાસ છાર સમજાણુ.

,, ખજુઆ સમ ક્રિયા કહી, જ્ઞાન ભાન સમ જોય;
કલિયુગ એહ પટંતરો, બૂઝે વિરલા કોય.

**ક્રિયાના ભેદ**—ક્રિયામાર્ગ અનુસારિણી, છેદે તે મતિહીન,
કપટ ક્રિયાબળ જગ ઠગી, તે તો ભવજળ મીન.

**એજ ખરો યોગી**—યોગી તે યોગી ખરા, યોગી ન રાવળ જાણ;
યોગી યોગ સિદ્ધિ કરે, રાવળ રખડે રાન.

**બે ચૂલિકાસૂત્ર**—નંદી અનુયોગદ્વાર તે, સૂત્ર ચૂલિકા સાર;
આગમનાં એ અંગ બે, આપ અંતરે ધાર.

**પ્રભુની પ્રાર્થના વ્યર્થ**—નિયમ ધર્મના નહિં પળે, પ્રભુ પ્રાર્થના વ્યર્થ;
પથ્થ જેમ કો નહિં પળે, આષધે સરે ન અર્થ.

**જિનવર આણા**—રાય આણા ઉલંઘતાં, પૂર્ણ વિટંબન પાય;
ત્યું જિનઆણા નવિ પળે, દુર્ગતિ દુઃખ પમાય.

**તે ત્યાગભાવના**—માગે તેને નહિ મળે, ત્યાગે આગે તેહ;
માટે મૂકી માગવું, ત્યાગ ત્યાગવું તેહ.

**સમભાવ ને શાંતિ**—સમભાવ ને શાંતિતણો, આપ આત્મમાં વાસ;
એવી એહથી આવશે, આતમમાં ઉજાશ.

**હાથે હારી જાય**—રાત ગમાઇ ઊંઘમાં, દિવસ ગમાયો ખાય;
મહાન મૂલી મનુષ્યભવ, હાથે હારી જાય.

**સાધુને સંસાર**—સાધુ સદા હાર્યા ભલા, જીતો સહુ સંસાર;
હાર્યા શિવપૂર સંચરે, જીત્યા જમને દ્વાર.

**સાધ્વીને વંદક**—સો વર્ષ દીક્ષિત્ત સાધ્વી, સાધુ તુરતનો સોય;
છતાં સાધુ વંદક કહ્યો, પ્રધાન પદથી જોય.

**સાધુ નહિ વાંદે**—છદ્મસ્થે ગુરૂજી અને, સાધ્વી કેવળજ્ઞાન;
તો પણ ગુરૂ વાંદે નહીં, શાસ્ત્ર શાખે પ્રમાણ.

**પુરૂષને નહિં ખપે**—સાધ્વી અથવા શ્રાવિકા, કહ્યું સૂત્ર પચ્ચખ્ખાણ;
ખાસ પુરૂષને નહિ ખપે, શાસ્ત્ર શાખે પ્રમાણ.
**અનુમોદન કર**—ગુણ આવવો છે સુલભ, અનુમોદન તે દૂર;
ગુણ અનુમોદન જો ઘણી, પામાશે ગુણ પૂર.
**અનુમોદન ને નિંદા**— અનુમોદનથી ફળે વધે, નિંદાયે નહિ પાય;
સુકૃત વૃદ્ધિ અનુમોદને, નિંદે પાપ પમાય.
**વિવેકને જાણો**—રાગ દ્વેષ વિષ વારવા, વિવેક મંત્રને વેદ;
તેવું તાસ સામર્થ છે, ભવ વન કરે ઉછેદ.
**વિવેકને શિખો**— બીજો સૂર્ય લોચન ત્રીજું, પૂરે અંતર પ્રકાશ;
માટે અન્ય સવિ મૂકીને, એનો કર અભ્યાસ.
**જાણકાર થાઓ**—જાણપણું દુર્લભ જગે, ધન કાલા ઘર હોય;
તેથી ધનતૃષ્ણા તજી, જાણકાર બન જોય.
**જાણીને આદરો**—જિનવચન જે અજાણ છે, તે અનુકંપા યોગ;
પણ જાણી નહિ આદરે, ભૂરિ દયાના ભોગ.
**કરે તેવું પામે**— કરણી જીવ જેવી કરે, તેવો પામે પાર;
જેવું વાય તેવું લણે, અંતર એવું ધાર.
,, જેવી જેની ભાવના, એવું આતમ પાય;
ગોળ જેવો ઘાલીયે, તે સ્વાદ તસ થાય.
**ભલું કરે ભલું**—કર ભલા તો હોય ભલા, સહી વાત એ સત્ય;
અન્યને શાંતિ આપતાં, તુજને તેહ પ્રત્યક્ષ.
**અબ્રહ્મ ને જૂઠ**—ચૂકે કર્મે ચોથું કહ્યા, એનો મળે ઉપાય;
પણ જીભે જૂઠો પડે, ઠેકાણું નહિ થાય.
**સંપત્તિ–વિપત્તિ**- સંપત્તિ સહુ વેંચે મળી, વિપત્તિ ન વેંચો કોય;
સંતગ એની કીજીએ, ભાગ્યા ભેરૂ હોય.
**પરને પોતાનું**—સર સુકે સૂકે કમલ, પંખી દશ દિશી જાય;
આપણા સોહી આપણા, પર ન આપણા થાય.

**જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષઃ**—ક્રિયાહીન જે જ્ઞાન તે હણાયેલું છે અને અજ્ઞાનપણાથી ક્રિયા હણાયેલી છે, અર્થાત્ જ્ઞાનવડે શુભાશુભ ભાવ ને કૃત્યાકૃત્ય જાણે છે; પરંતુ જો શુભ ક્રિયા કરતો નથી તો તેથી કાંઇ પણ સિદ્ધિ થતી નથી. અહીંયા દૃષ્ટાંત કહે છે, પાંગળો દેખે છે છતાં. દાઝયો અને આંધળો દોડીને દાઝયો.

**મોક્ષની પ્રાપ્તિ**—પંડિત પુરૂષો જ્ઞાન અને ક્રિયાના સંયોગની સિદ્ધિવડે જ મુક્તિરૂપ ફળની પ્રાપ્તિ કહે છે, કારણ કે એક પૈડે કરીને રથ ચાલતો નથી, ઇહાં દ્રષ્ટાંત કહે છે–આંધળો અને પાંગળો વનને વિષે એકઠા મળીને ત્યાંથી નાઠા તે નગરમાં પેસી ગયા.

**ચારિત્રની પ્રાધાન્યતા**—અનંત જ્ઞાનાભ્યાસ કર્યો હોય તો પણ ચારિત્રરહિતને જ્ઞાન શું લાભ કરે છે? અર્થાત્ કાંઇજ નહિ. જેમ લાખો કરોડો પ્રજ્વલિત કરેલા દીપકો, અંધને કાંઇ પણ બોધ કરી શકતા નથી.

ચારિત્રયુકત પુરૂષને અલ્પ જ્ઞાનાભ્યાસ પણ પ્રકાશને કરનાર થાય છે, જેમ ચક્ષુવાળાને એક દીપક પણ પ્રકાશ કરે છે.

## ત્રણ વસ્તુની સંખ્યા.

**પુન્યથી પમાય**—નહિં મંત્ર નવકાર સમ, શત્રુંજય સમ સ્થાન;
વળી દેવ વીતરાગ સમ, પાવે પુન્ય પ્રમાણ.

**ત્યારે ત્રણ ગયાં**—પ્રથમ સંઘયણ સંસ્થાન, ચાદ પૂર્વ ઉપયોગ;
સ્થૂલિભદ્રસ્વામી પછી, એનો ટળિયો યોગ.
,, વજ્રસ્વામીના વખતમાં, દશે પૂર્વનું જ્ઞાન;
ચો સંઘયણ સંસ્થાન તે, ગયાં તવ ત્રણ પ્રમાણ.

**તે ત્રણ વંદન**—ફીટ્ટા થોભવંદન વળી, દ્વાદશવ્રતની એમ;
જઘન્ય મધ્યમ અને ઉત્તમ, તી વંદન ગણ તેમ.

**ભાવનાયે લાભ**—ઉપયોગે ધર્મક્રિયાયે કર્મ, પરિણામે બંધ પાય;
જેમાં જેવી ભાવના, તેવો લાભ લેવાય.

**ગુરૂ આશાતના**—પગ અડે મળ થૂંક લગે, આણા નહિં પળાય;
જઘન મધ્યમ ઉત્કૃષ્ટ એમ, આશાતના ગણાય.

**સ્થાપનાચાર્યની** જ્યું ત્યું હલવે ભૂધરે, ખોવે તોડે ભગાય;
**આશાતના**—જઘન મધ્યમ ઉત્કૃષ્ટ તેહ, આશાતના ન થાય.

**પુરૂષ પ્રકાર**—ઉત્તમ મધ્યમ અને જઘન પુરૂષના તિ પ્રકાર;
ઓળખાયે આચર્ણથી, વિવેક ધરી વિચાર.

**ઉત્તમ પુરૂષ**—તીર્થંકરો ધર્મપુરૂષ, ચક્રી ભોગના ધાર;
કેશવાદિક કર્મપુરૂષ, ઉત્તમ તે તિ પ્રકાર.

જ્ઞાન દર્શન ચારિત્રના, પુરૂષ ત્રણ તે જાણ;
ઉત્તમ એ પુરૂષો કહ્યા, પુન્યે થાય પિછાન.

મધ્યમ પુરૂષ—ઉગ્રા ભોગા રાજન્ય ને, મધ્યમ પુરૂષો માન;
કોટવાળ ગુરૂ ક્ષત્રિ તે, ત્રણલે સ્થાપ્યા જાણ.

જઘન પુરૂષ—દાસ તે દાસીપુત્ર ને, ભૃતક મૂલ્યના માન;
ચોથ ભાગે કામ કરતાં, જઘન તે ત્રણ જાણ.

તે ત્રણ ઋદ્ધિ—દેવ ઋદ્ધિ ઈંદ્રાદિકની, ગણિરિદ્ધિ ગણસૂરિષ;
રાજ્ય ઋદ્ધિ તેમ ચક્રીની, માનો રિદ્ધિ એ ત્રીશ.

મુનિ કર્મ તોડે—સહસ લાખ કોડી વરસ, નરક જે ખપવે કર્મ;
પોરસી ઉપવાસ છઠ્ઠે, તોડે તેહ મુનિ કર્મ.

તે ત્રણ તત્ત્વો છે—દેવ ગુરૂ ધર્મ દિલમાં, તત્ત્વો ત્રણ તે જાણ;
સેવનથકી સત્વર મળે, શિવસુખની શુભ લ્હાણ.

ત્રણ મોટા યોગ—અસંખ્ય યોગ શિવસાધને, મોટા ત્રણ મનાય;
સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્ર, ઉત્તમ એહ ઉપાય.

એનો આધાર છે—જ્ઞાન દર્શન ચારિત્રની, વિરાધનાને વાર;
શિવસદનની સડકમાં, એનો એક આધાર.

મહાભાગ્યે મળે—ધર્મ સાંભળવા છે રૂચિ, ધીંગ ધર્મમાં રાગ;
દેવ ગુરૂ ભક્તિ દિલ બહુ, મળે તે મહાભાગ.

ગુણો પૂજનિક—જાતિ લીંગ વય પૂજ્ય નહિ, ગુણોજ પૂજ્ય ગણાય;
ગુણો પૂજાનું સ્થાન છે, કહેણુ એજ કહાય.

એ ત્રણ મુદ્રા—યોગમુદ્રા જિનમુદ્રા ને, મુક્તાસુક્તિ માન;
વંદન વિધિયે તે કહી, પ્રેમે કરો પ્રમાણ.

## તેનો ખુલાસો.

**યોગમુદ્રા**—બે હાથની દશ આંગળીયો માંહોમાંહે અંતરિત કરી કમળના ડોડા આકારે હાથ જોડી પેટની ઉપર કોણી સ્થાપવી તે. તે મુદ્રાયે ચૈત્યવંદન, નમુથ્થુણં, સ્તવનાદિ કહેવાય.

**જિનમુદ્રા**—પગના આગળના ભાગમાં ચાર આંગળને પાછળ કાંઇ ઓછું અંતર રાખી ઉભા રહેવું તે. આ મુદ્રામાં ઉભા ઉભા કાઉસગ્ગ, વંદન વિગેરે ક્રિયા કરાય.

**મુક્તાસુક્તિમુદ્રા**—બે હાથ કમળના ડોડાની પેરે પોલા રાખી જોડેલ લલાટે લગાડવા તે. તેમાં બે જાવંતી ને આભવમખંડા સુધી જયવીયરાય કહેવાય.

**એ ત્રણ આગમ**—(૧) અનાઆગમ-તીર્થંકરે ભાખ્યું તે. (૨) અનંતા આગમ-ગણધરાદિકે ગુંથ્યું તે. (૩) પરંપરા આગમ-સુધર્માદિક પાટાનું પાટ જંબુસ્વામી પરંપરા.

**અલ્પ આયુષ્યી**—જીવહિંસાંકર્તા અને, જૂઠા બોલા જેહ;
દુષીત અન્ન દે સાધુને, અલ્પ આયુષ્યકર તેહ.

**ત્રણ મનોરથ**—એકલવિહારી બહુશ્રુત, અણસન ક્યારે એમ;
મુનિ તે મનમાં ચિંતવે, ત્રણ મનોરથ તેમ.

**બે આત્માનંદી**—પુદ્‌ગલ ભવાભિનંદી, સહી ફરે સંસાર;
આત્માનંદી અલ્પમાં, પામે ભવનો પાર.

**બે આત્માનંદી**—જેમ નફા ટોટાતણો, વણિકો કરે વિચાર;
તેમ આત્માર્થી પુરૂષો, સાધે ધર્મ શ્રીકાર.

**જૂઠું નહિ બોલે**—બોલે બોલ બાળકમતિ, બોલે બોલ અણગાર;
વળી વદે વર કામિની, જૂઠ જરી નહિ ધાર.

**તેજ ખરો સાધુ**—પાંચે ઇંદ્રિય વશ કરી, પાળે પંચાચાર;
પંચસમિતિ સમતા રહે, વંદુ એહ અણગાર.

**તેજ ખરો મુનિ**—મુંડે લોચે નહિં મુનિ ૐકારે બ્રહ્મ નહી;
પણ સમતાને શાંતિયે, મુનિ મનાયે સહી.

**અહીયાંજ મોક્ષ**—સર્વથા મદ કામ જીતે, માનાદિ દોષો નહીં;
નિસ્પૃહી તે શુદ્ધ સાધુને, માન મોક્ષ છે અહીં.

**ક્રોધ નહિં કરો**—ક્રોધ અનર્થનું મૂળ છે, સંસારવૃદ્ધિ કાર;
ખાસ ધર્મનો ક્ષય કરૂ, તેથી તેહ નિવાર.

**તેથી દૂર રહો**—લોભ પાપનું મૂળ છે, વળી વ્યાધિ ષટરસ;
દુઃખનું સહી સ્નેહ છે, તે ત્રણથી તું ખસ.

**કલિ શું કરશે**—દયાયુક્ત હૃદય જેહનું, સત્ય વકતા સહી સાર;
પરહિતચિંતક હોય તસ, કલિ ત્યાં શું કરનાર?

**તે જ મોક્ષમાર્ગ**—પહેલો સાધુ ધર્મ ને, બીજો શ્રાવકધર્મ;
ત્રિજો સંવેગી પક્ષીનો, તી માર્ગે શિવશર્મ.

**તે સંસારમાર્ગ**—માર્ગો ત્રણ સંસારના, કુલિંગાદિને જાણ;
જોગી ભરડા ને ભગત, નામ જૈન તે માન.
**ત્યાં વૈદ્ય શું કરે**—ભોય સંથારે જે સુવે, લોઢી ઢેબર ખાય;
તુંબે પાણી જે પીવે, તિહાં વૈદ્ય શું જાય.
**કર્મ ક્ષય કરે**—સામાચારી સંયુકત ને, ચરણકરણનું જ્ઞાન;
અનેક ભવના અનંતા, કરે કર્મોની હાણ.
**તે તેવું મેળવે**—હરેક જન્મો જનમમાં, જીવનો જે અભ્યાસ;
તેવું તે જન મેળવે, દાન વિદ્યા તપ ખાસ.
**તે ભિક્ષાના ભેદ**—સર્વે સંપત કરી અને, પારૂષધ્ની તે ધાર;
વૃત્તિ ભિક્ષા છેવટ વદી, તેવાજ ત્રણ પ્રકાર.
**તે ત્રણ ફાયદા**—નીચું નિહાળી ચાલતાં, ઠીક ત્રણ ગુણ થાય;
દયા પળે કાંટો ટળે, પગ પણ નહિ ખરડાય.
**ત્રણનો સ્વભાવ**—સતોગુણી બુઝે સત્વર, રજોગુણી સખતાઇ;
તમોને ત્રણે કાળમાં, કદિ ન રૂચે કાંઇ.
**તે ત્રણ ગારવ**—રસ રિદ્ધિ સાતાગારવો, ભયંકર તે [1]ભુજંગ;
તે ત્રણ સંગત પરિહરો, પાડો નહિં [2]પ્રસંગ.
**તે ત્રણ શલ્યો**—માયા નિયાણ શલ્ય અને, મિથ્યાત્વ ત્રીજો મેલ;
હૃદય વાત એ રાખીને, ખેલો ન તેશું મેલ.
**બંધાય છુટાય**—મન વચન અને કાયથી, બહુ પાપ બંધાય;
તેમ તસ મિથ્યા દુક્કડે, ઓછું એમજ થાય.
,, ગોપન મન વચ કાયનું, સાચું તે સુખદાય;
મન વચ કાય તિ દંડને, વેગે કરો વિદાય.
**તિ મોટા આલય**—પંચમ દેવ પાંચરાજ, મેરૂ જોજન લાખ.
સ્વયંભૂ દધી એકરાજ, આલય હૃદયે રાખ.
**કથાના પ્રકાર**—ધર્મ અને અર્થકથા કહી, વળી કામની જાણ;
કથા તે ત્રંણ પ્રકારની, તેહ કરજે પ્રમાણ.
**નકામી જીંદગી**—ધર્મ અર્થ કામ ત્રણેમાં, એકે પણ નહિ હોય;
છાળી કંઠ આંચળ સમ, જન્મારો તસ જોય.

---
૧ સર્પ જેવા ભયંકર. ૨ મેળવો.

**તે ત્રણ પુરૂષ**—દેવ મનુષ્ય તિર્યંચના, પુરૂષો તિ પ્રકાર,
પુરૂષપણું તે ત્રણમાં, અન્યે નહિ અવધાર.
**ત્રણ નપુંસક**—મનુષ્ય તિર્યંચ નારકી, નપુંસક ત્યાં નિર્માણ,
દેવ નપુંસક હોય નાહે, એવું એમ પ્રમાણ
**તે ત્રણ ભુવન**—એક દેવ બીજું મનુષ્ય, ત્રીજું નાગનું જાણ,
ભુવન ત્રણ ત ભાખીયા, અંતર આપ પ્રમાણ.
**તે ત્રણ સ્થાન**—માનવ અને દેવ સ્થાન, ત્રીજું નારકી સ્થાન,
સ્થાન ભેદ તે ત્રણ છે, મન તારે લ્યું માન.
**વૈરાગ્ય પ્રકાર**—દુઃખગર્ભિત મોહગર્ભિત ને, જ્ઞાનગર્ભિતનો જાણ;
વૈરાગ્ય ત્રણ પ્રકારના, અનુક્રમ એહ પ્રમાણ.
**રાત્રિભૂક્તદોષ**—રાત્રિભોજન દોષ જે, તે અંધારે પાય,
તેજ લઘુ મુખ પાત્રમાં, દોષો લાગી જાય.
,, રાત્રિ અંધારે સૂક્ષ્મ, જીવો નહિં જણાય;
રાત્રિ રાંધ્યુ ખાય તો, રાત્રિભૂકત ગણાય.
,, જળથી સ્વાદિમે બમણું, તિગુણું ખાદીમ જોય;
તેથી તિગુણું અશનથી, રાત્રિભૂક્તનું હોય.
**અચિત્ત કારણ**—હરડ પિંપર મરી ભોજન, જળસ્થળમાં સો સાઠ;
આવી અચિત ગણાય છે, શાસ્ત્રે તે છે પાઠ.
પવન તાપ ધુંમાડાદિ, કિરિઆણું અવટાય;
લવણાદિક સો ભોજને, અચિત તે થઇ જાય.
**સચિત્ત ત્યાગી**—લુણ દીધાને કાચરી, અબીજ ને ઊકળાય;
**ખાય** ફાડ્યાં તળ્યા જે હોય તે, સચિતે ત્યાગી ખાય.
[1]**પાણીનો કાળ**—ત્રણ ઊકાળે ઊકળ્યું, વર્ષામાંહિ તી યામ;
શીતે ચૌ પણ ગ્રીષ્મમાં, પછી ગણાય નકામ.
**ત્રિફળા સાકર**—ત્રિફળા સાકર યોગનું, બે ઘડીપછી અચિત્ત;
**નું પાણી.** સેવો પાણીકાળ સમ, ત્યાર પછી તે સચિત.
[2]**પકવાન કાળ**—વર્ષામાં દિન પંદર ને, શિયાળે એક માસ;
ઉનાળામાં વીશ દીન, ખપે મીઠાઇ ખાસ.

---

૧ ૨૧ પ્રકારનું પાણી ૨૧ આંકથી જાણી લ્યો. અને તેનો કોઇ ગીતાર્થથી વિશેષ ખુલાસા કરી લ્યો.

૨ સાધુને તો તે કાળ છતાં તે દિવસની તે દિવસે ખપે, રખાય નહિ.

### નગર પ્રવેશે ત્રણવાર ગણવાનો મંત્ર.

ॐ ह्रीं श्रीं नमः पार्श्वनाथाय, ह्रीं श्रीं धरणेंद्र पद्मावतीसहिताय अट्टे मट्टे क्षुद्रान् स्तंभय स्तंभय, दुष्टान् चूरय चूरय मनोवांछितं पूरय पूरय, ऋद्धि वृद्धि कुरु कुरु स्वाहा ॥

### વાર અનુસાર પ્રવેશફળ.

ગુરૂ, શનિ, મંગળવારે—દક્ષિણ સ્વર ચાલતો હોય, તો તે વખતે નગરપ્રવેશ શુભ છે.

બુધ, શુક્ર, સોમ, રવિવારે—વામ સ્વર ચાલતો હોય, તો તે વખતે નગર પ્રવેશ શુભ છે. પણ આપણા સ્થાનથી જ્યારે બહાર જવું હોય, ત્યારે તે સમયે જે તરફનો સ્વર ચાલતો હોય, તે તરફનો પગ એક નવકાર ગણીને બહાર મૂકી વિહાર કરવો.

### દિવાળીની રાત્રિયે ગણવાનું ગરણું.

પહેલા પ્રહરે—શ્રી મહાવીરસ્વામીસર્વજ્ઞાય નમઃની ૨૦ નવકારવાળી.

બીજા પ્રહરે—શ્રી મહાવીરસ્વામીપારંગતાય નમઃની ૨૦ નવકારવાળી.

ચોથા પ્રહરે—શ્રી ગૌતમસ્વામીસર્વજ્ઞાય નમઃની ૨૦ નવકારવાળી.

### શ્રી ગૌતમસ્વામીના જાપની બીજી રીત.

ૐ હ્રીં શ્રીં ગૌતમ સ્વામીને નમઃ ( મહા મંગળકર છે. )

ૐ હ્રીં શ્રીં ગૌતમાય નમોનમઃ

ત્રણ પ્રકારના સ્થવિર—૧ વયસ્થવિર તે સાઠ વર્ષે, ૨ સુત્રસ્થવીર તે આચારાંગાદિક સિદ્ધાંતનો જાણ, ૩ વ્રત સ્થવિર તે ત્રીશ વર્ષના દીક્ષિત.

---

## ચાર વસ્તુની સંખ્યા.

એજ શૂરવીર—અર્હંતાદિક ક્ષમાશૂરા, તપ શૂરા મુનિરાય;
વૈશ્રમણાદિ દાનશૂરા, યુદ્ધે કેશવ કહાય.

**એ વીરપુરૂષ**—દયાવીર શાંતિ જિન, દાને કરણ કહાય;
ધર્મે વીર વીરે ચક્રી, શૂરા સહી ગણાય.

**ચાર જીતી ગયા**—જંબુ જીત્યા ઘર વિષે, નેમ ગિરીયે ગૂત;
વૈરસ્વામી વ્રત્તીપણે, સ્થૂલિભદ્ર અદ્‌ભૂત

**ભવપાર પામે**—સર્વવિરતિ દેશવિરતિ, સમ્યક્ત્વ શ્રુત તે સાર;
શુદ્ધ સામાયિક આદરે, પામે ભાવનો પાર.

**એ ચાર ધર્મ છે**—જ્ઞાન દર્શન ચારિત્ર તપ, ધર્મ ચાર તે ધાર;
ધમ ધર્મીની સ્હાયથી, પમાય ભવનો પાર.

**એ ચાર મંગળ**—વર મંગળ શ્રીવીરનું, ગૌતમનું ગણુ સાર;
ત્રીજું ત્યું સ્થૂલિભદ્રનું, ધર્મનું ચોથુ ધાર.

**એ ચાર શરણા**—અરિહંત સિદ્ધ સાધુ ને, ધર્મનું ચોથું ધાર;
સદાય શિવસુખ કારણે, શર્ણાં ચાર સંભાર.

**એ ધર્મના દ્વાર**—ક્ષમા ને નિર્લોભીપણું, નિષ્કપટતાને ધાર;
અહંકારનો ત્યાગ ચૌ, દાખ્યાં ધર્મનાં દ્વાર.

**ક્ષમાનું મહત્વ**—સર્વે સુખનું મૂળ ક્ષમા, ધર્મનું પણ તે ધાર;
દુષ્ટ દૂરિત હણુવા ક્ષમા, વળી વિદ્યાનો સાર.

**આ ચાર ભાવના**—મૈત્રી કારૂણ્ય ને પ્રમોદ, એમ ઉપેક્ષા જાણુ;
ભાવી ભાવના ચારને, કરો આત્મ કલ્યાણ.

**ચાર ગતિ ભમે**—ચૌદપૂર્વી તિ ચૌ જ્ઞાન, ઉપશાંત વીતરાગ;
વિષય કષાયાદિક વશે, ચાર ગતિના ભાગ.

**મુનિયોની રિદ્ધિ**—જ્ઞાન વિમાન ચારિત્ર પવિ, નંદન સહજ સમાધ;
મુનિ સુરપતિ સમતા સચી, રંગે રમે અબાધ.

**ચાર સાર વસ્તુ**—મનુષ્ય જન્મનું સાર ધર્મ, ધર્મસાર છે જ્ઞાન;
જ્ઞાનસાર સંયમ કહ્યું, સંયમ સાર નિર્વાણુ.

**કર્મબંધ કૃતિ**—અવ્રત યોગ કષાય તેમ, મિથ્યાત્વ ચોથું મહી;
કર્મબંધનનાં કારણો, સહિ તે સેવો નહી.

**લેશ પણુ નડે**—પ્રકૃતિ સ્થિતિ બંધ અને, અનુભાગ ને પ્રદેશ;
એહાવો ચાર પ્રકાર બંધ, નડે તે નિશ્ચય લેશ.

**સંઘ કહેવાય**—સાધુ શ્રાદ્ધાદિ ચારથી, આણે સંઘ મનાય;
આણુ વિના વધુ હોય પણુ, અસ્થિ રાશિ ગણાય.

તે કાયાના સ્થંભ—વેદની આયુ નામ ને, ગોત્રે કર્મ ગણુ ચાર;
સ્થિર કાયના સ્થંભ તે, કહ્યા કાયની લાર.

શિષ્યાદિ પરીક્ષા સુવિનયે શિષ્ય પરીક્ષા, સુભટની સંગ્રામ;
સહૈવ સંકટે મિત્રની, દાતા દુકાળે લામ.

એ ચાર કારણ—ઉપાદાન નિમિત્ત અને, અસાધારણ એહ;
અપેક્ષા એમ ચાર એ, કહ્યાં કારણો તેહ.

ચાર અતિક્રમ—અતિક્રમ વ્યતિક્રમ એમજ, અતિચાર અનાચાર;
છેલ્લાથી છેટે રહો, વિચારત્રણે વિસાર.

કારણે વર્તન—દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવની, રાખો હૃદયે હામ;
આગમમાં તે આખિયું, કરવા આતમ કામ.

ચારનું વર્તન-ધનિકે ક્રોધ કરવો નહિ, તપસી મત્સર માર;
વિદ્વાન માન અમાન તજ, સુજ્ઞ આતમ સમાર.

એજ સદગુરૂ—આત્મધર્મ આત્મ ઓલખ, ધર્મદાય કર્મે મુકત;
સહી તે સાચા સદ્ગરૂ, એ ગણો યુકતાયુકત.

જ્યાં હોય ત્યાં રહો—સારણુ વારણુ ચોયણા, પડિચોયણા જાણ;
જ્યાં ન હોય ત્યાં નવ રહો, કરાય નહિં કલ્યાણ.

પીંડના પ્રકાર—આહાર વસ્તી અને વસ્ત્ર, ચોથા પાત્રા જાણ;
અકલ્પ અલ્પનહિ ઇચ્છશો, કલ્પને કરો પ્રમાણ.

તે જઘન ક્ષેત્રો—પ્રાસાદ પાસ સુસ્થંડિલ, સ્વાધ્યાય ભૂમિ સાર;
ભિક્ષા સુલભ ચારે ભલા, જઘન ક્ષેત્ર તે ધાર.

દર્શન દુર્લભ—મહાન્તીર્થ ને મુનિજનો, ઔષધી મહારાય;
જેનું અલ્પ છે ભાગ્ય તસ, દરશન દુર્લભ થાય

ધર્મવડે મુક્તિ—અશાતાયે પાપ આય, પુન્યે શાતા પૂર;
સંસાર કર્મોથી કહ્યો, ધર્મથી મુકિત ધૂર.

તે સમાનપણું—વિદ્યા સમાન ચક્ષુ નહીં, તપ નહિં સત્ય સમાન;
રાગ સમાન દુઃખ નહીં, ત્યાગ સંસુખ ન જાણ.

તે સમાનપણું—ક્ષમા સમો કો તપ નહીં, સંતોષે સુખ માન;
તૃષ્ણા તુલ્ય વ્યાધિ નહીં, દયાયે ધર્મ પ્રમાણ.

એકબીજેહાની— જ્યાં આરંભ ત્યાં ન દયા, શીલ સ્રી સંગ જાય;
શંકા ત્યાં સમકિત નહીં, પ્રવ્રજ્યા પૈસે પલાય.

તે સમાનપણું—બ્રહ્મવ્રતસમ કો વ્રત નહિ, સ્વાધ્યાયે સમ યોગ;
શિવસમાન કો સુખ નહિં, નરકસમ દુઃખ ન કોય.

સદા આવા થવું—અકાર્યે થવું આળસુ, પર પીડને પંગ;
પર તાંતે બ્હેરા મુંગા, પરસ્ત્રી પેખે અંધ.

તે ઉત્તમ ચિંતા—ઉત્તમ ચિંતા આત્મની, મધ્યમ મોહની માન;
અધમ કહી છે કામની, અધમાધમ પર જાણ.

કામ નહિ થયું—ભોગોમાં ભોગે ગયો, તપે ગયો તપાઇ;
તૃષ્ણા જીર્ણ ન જીર્ણ તું, કાળે આય કપાઇ.

એજ પરમાર્થી—સંત સરોવર ને તરૂ, વરષા વરસે જેહ;
પુર પરમારથ કારણે, ધારો ધરી છે દેહ.

સ્વીય વ્રતભંગ—સતી પતિ નોકર સ્વામી, ગુરૂ શિષ્ય પિતાપુત્ર;
આણા ભંગે સ્વવ્રત ભંગ, ભાખ્યો ભાવ તે શ્રુત.

નિંદા પરિણામ—દેવ નિંદે દારિદ્રતા, ગુરૂ નિંદે નારય;
શાસ્ત્ર નિંદાયે મૂરખ, ધર્મ નિંદે કુળક્ષય.

તે ચાર દુર્લભ—સોમાં એક સૂરો મળે, પંડિત સહસે કોય;
વક્તા દશ સહસે અને, દાતા હોય ન હોય.

એ ચાર નકામા—રણ જીતે નહિં સૂરો, નહિં પંડિત વિદ્વાન.
નહિ વક્તા વાક ચાતુરે, નહિં દાતા ધન દાન.

એ ચાર જ ખરા—ઇંદ્રિય જીતે તે સૂરો, પંડિત ધર્મમાં પ્યાર;
સત્યવાદી વક્તા સહી, અભયદાની દાતાર.

તે કથા પ્રકાર—આક્ષેપણી વિક્ષેપણી, સંવેગીની સાર;
નિર્વેદિની સુણનારને, નિર્વેદની કરનાર.

એવી કથાઓ—રાજ દેશ રમણી કથા, ભાખી ભુક્ત સહચાર;
વિકથા તેહને વર્ણવી, માટે મનથી વાર.

વિકથાના ભેદ—એહ દર કથાના વળી, ચાર ચાર પ્રકાર;
વિવિધ વિષય ગ્રંથ વર્ણવ્યા, ત્યાંથી તસ નિરધાર.

ચારિત પ્રકાર—માનવ દાનવ ચરિત ને, વીર વિલાસ ચરિત;
ગુણ પ્રખ્યાપન ચાર તે, ચરિત માનશો મિત્ત.

વસ્તુઓના ભેદ—ખંધ દેશ પ્રદેશ તેમ, પરમાણું પર ધાર;
ભેદ ભલા થો વસ્તુના, સમજો તેનો સાર.

**વસ્તુની ઓળખ**–વર્ણ ગંધ રસ ફરસ છે, એ વસ્તુ ઓળખાણ;
સમજી તે સર્વની કરો, પૂરી આપ પિછાન.

**સંજ્ઞાના પ્રકાર**– આહાર ભય મૈથુન ને, પછી પરિગ્રહ લાર;
સંજ્ઞા ચાર સહુ જીવમાં, હોય તે હૈયે ધાર.

**બોધના પ્રકાર**–બાળસંસ્કાર પ્રબોધ ને, પ્રજ્ઞા શાસ્ત્રપ્રબોધ;
તત્ત્વ નિશ્ચયનો કહ્યો, ચાર પ્રકારે બોધ.

**ચાર કઠણ છે**–રસના ઇંદ્રિયે કઠણ, વ્રતે બ્રહ્મવ્રત જાણ;
કર્મે ત્યું મોહિની કહ્યું, મન ગુપ્તિમાંહિ માન.

**અભ્યાસ ને ત્યાગ**–તત્વજ્ઞાન અભ્યાસ કર, મમત્વ મનથી ત્યાગ;
પરિગ્રહ પાપનું મૂળ છે, ભજ ભાવે વીતરાગ.

**એ ચાર મૂળ છે**–ધર્મ તે ધનનું મૂળ છે, રસનું પાણી રાસ;
ગુણનું વિનયને ગણો, ગર્વ વિનાશનું ખાસ,

**દરકાર નથી**– દુઃખે ડરે સુખને ચહે, પુરણ જીવવા પ્યાર;
મરણતણો ભય છે છતાં, દિલે નહિં દરકાર.

## ચાર કાલિકાચાર્ય અને તેમનો સમય.

મનહર છંદ.

વીરના નિર્વાણ પછી, ત્રણસોપાંત્રીશ વર્ષે,
[1]કાલિકાચાર્ય પહેલા થયાનું કહાય છે;
વળી વીરના પછી તે, ચારસો ત્રેપન વર્ષે,
[2]કાલિકાચાર્ય બીજાનું, નામ સંભળાય છે;
વીર સાતસો ને વીશ, શકેંદ્રના પુછવાથી,
નિગોદ સ્વરૂપ કહ્યું, ત્રીજા તે મનાય છે;
વીર પછી નવસો ને, ત્રાણું વર્ષે લલિત જે,
પાંચમની ચોથ કરી, ચોથા તે ગણાય છે. ॥ ૧

**ચોમાસી વિચાર**—ચોમાસી પુનમે હતી, તે ચૌદશની કીધ;
સંવત્સરી થઇ ચોથની, ત્યાંથી તેહ પ્રસિદ્ધ.

---

૧ તે તત્વાર્થસૂત્રના કર્તા ઉમાસ્વાતિના શિષ્ય હતા. તેમનું બીજું નામ શ્યામાચાર્ય હતું. તેમણે પન્નવણાસૂત્ર રચ્યું, તે વીર સં. ૩૭૬ માં સ્વર્ગે ગયા—૨ તે ગર્દભિલ્લરાજઘાતક—

**સાધુ હંમેશા ચાર વાર સઝાય કરે તે**—૧ સવારની પડિલેહણમાં ધમ્મો મંગળની, ૨ સાંજની પડિલેહણમાં ધમ્મો મંગળની. ૩દૈવસિક પ્રતિક્રમણ અંતેની ( કોઇ પચ્ચખ્ખાણ પારતાં ધમ્મો મંગળની ) ૪ રાઇ પ્રતિક્રમણમાં ભરહેસરની.

**ચાર વેદના પ્રકાર**—૧ નારકીના જીવને મહાવેદના ને અલ્પનિર્જરા જાણવી, ૨ સાધુનેમહાવેદના ને મહાનિર્જરા જાણવી, તે ગજસુકુમાલની પેઠે ૩ દેવતાને—અલ્પ વેદનાને અલ્પ નિર્જરા. ૪ સૈલેસી કરણે ચાદમે ગુણઠાણે મહાનિર્જરા ને મહાનિર્જરા ને અલ્પવેદના.

**આ ચાર શાથી શોભે**—૧ પંડિત વિદ્યાર્થી, ૨ રાજા લશ્કરથી, ૩ વેપારી વેપારથી, અને ૪ સાધુ જ્ઞાનથી.

**જિનકલ્પી ચાર ઠેકાણે બોલે**—૧ કોઇ વસ્તુની યાચના કરતા, ૨ પુછવા માટે, ૩ આજ્ઞા લેવા માટે, ૪ કોઇના પૂછવાથી ઉત્તર આપવા માટે.

**ચાર ગોતમ**—૧ ગૌતમ ગણધર તે શ્રી મહાવીરસ્વામીના શિષ્ય, ૨ ગાતમ બુદ્ધ—તે બૌદ્ધ ધર્મના ચલાવનાર, ૩ ગોતમઋષિ તે વૈદિક મતમાં થયેલા છે, ૪ ગૌતમ તે એક નૈયાયિક મતમાં થયેલા છે.

**ચાર પ્રકારના સાધુ**—૧ પોતાનું ભરણપોષણ કરે, બીજાનું નહી તે જિનકલ્પી, ૨ એકબીજાનું ભરણપોષણ કરે, પોતાનું નહી તે પરમ ઉપકારી સાધુ, ૩ એક પોતાનું તથા પરનું બન્નેનું ભરણપોષણ કરે તે સામાન્ય સાધુ, ૪ એક પોતાનું તથા પરનું ભરણપોષણ ન કરે તે દરિદ્રિ સાધુ.

**ચાર પકારનો ધર્મ**—૧ દાનધર્મ—ધન્નોશાલિભદ્ર અસંખ્ય ઋદ્ધિના ભોગી થયા, ૨ શિયલધર્મ—સુદર્શન શેઠ—કલાવતી આદિ, ૩ તપધર્મ—દ્રઢપ્રહારી, ઢંઢણ આદિ ઋષિઓ મોક્ષે ગયા, ૪ ભાવધર્મ—પ્રસન્નચંદ્ર, ઇલાચીકુમાર, કપિલસ્કંદકના શિષ્ય ભરત, મારૂદેવાદિક.

**ચાર પ્રકારની પડિમા**—૧ સમાધિ પડિમા—તે સમતા

ભાવ રાખે, ૨ ઉપધાન પડિમા તે તપસ્યા કરે, ૩ વિવેક પડિમા તે શરીર ત્યાગ કરે, ૪ વ્યુત્સર્ગ પડિમા—તે કાઉસગ્ગ કરે.

**ચાર પ્રકારની બુદ્ધિ**—૧ ઉત્પાતિકી—તે આપણા પોતાના-થીજ ઉત્પન્ન થાય, ૨ વૈનેયિકી—તે વિનય કરતાં ઉત્પન્ન થાય, ૩ કાર્મિકી—તે કામ કરતાં સારી બુદ્ધિ ઉત્પન્ન થાય, ૪ પારિણામિકી—તે વય પરિણમતા ઉત્પન્ન થાય.

# પાંચ વસ્તુની સંખ્યા.

**પાંચ મહાવ્રત**— પ્રાણાતિપાત મૃષા અને, અદત્તાદાન મૈથુન;
પરિગ્રહપણે વિરમે વધુ, વાધે મહાવ્રત ગુણ.

મુનિના પાંચ મહાવ્રત અને શ્રાવકનાં પાંચ અણુવ્રત સાથે સરખાવી મુનિના વીસવશા અને શ્રાવકના સવા વશાની ઘટાવેલ ઘટના.

## પ્રાણાતિપાત વ્રત.

( મનહર છંદ )

સાધુ વીશવશા દયા ત્રસ સ્થાવરની પાળે,
શ્રાવકથી ત્રસ પળે તેથી દશ જાણવી;
સ્થૂલ સંકલ્પથી નહિં પણ આરંભથી મરે,
દશમાંથી પાંચ રહી અંતરમાં આણવી;
નિરપરાધી ન મરે અપરાધીની જયણા,
પાંચમાંથી અઢી રહી મન સાથે માનવી;
નિરપેક્ષ નહિ પણ સાપેક્ષપણે જયણા,
શ્રાવકની સવા તેમ લલિત પ્રમાણવી.

## મૃષાવાદ વ્રત.

મૃષા સૂક્ષ્મ અને સ્થૂલ તેમાં સૂક્ષ્મની જયણા,
સ્થૂલ મોટા પાંચ તજે તેથી દશ થઇ તે;
સ્થૂલ પણ સ્વને અન્ય તેમા સ્વના અર્થે ત્યાગ,
બીજા માટે જયણા છે તેથી પાંચ કહી તે;
બીજા અર્થે બે રીતે છે સ્વજન ને પરજન,
સ્વજનની છુટ પરે ત્યાગ અઢી લહી તે;

પર બે ભેદે લલિત ધર્મ અર્થે અન્ય અર્થે,
અન્યે ત્યાગ ધર્મે છુટ સવવશો રહી તે.

## અદત્તાદાન વ્રત.

અદત્ત સૂક્ષ્મ ને સ્થૂલ તેમાં સૂક્ષ્મની જયણા,
સ્થૂલનો છે ત્યાગ તેને રાજદંડ જાણવો;
તેથી દશવશા રહ્યો હવે સ્થૂલના બે ભેદ,
સામાન્ય વેપાર ચોરી વેપાર તે માનવો;
સામાન્યની જયણા ને ચોરી વ્યાપારનો ત્યાગ,
દશમાંથી પાંચ રહ્યા અંતરમાં આણવો;
સામાન્યે વેપારે થતી ચોરીના તે બે છે ભેદ,
રાજનો નિગ્રહ તેમ ન નિગ્રહ ઠાણવો. ૧
રાજનો નિગ્રહ નહિ એવી ચોરીની જયણા,
નિગ્રહ થાય તે ત્યાગે અઢીવશા જાણવી;
નિગ્રહ ત્યાગના પણ ભેદ બે કહ્યા તે જાણો,
અલ્પ તેહ દાણચોરી બીજી વધુ માનવી;
દાણચોરીની જયણા અને વધુનો છે ત્યાગ,
એટલે રહ્યું શ્રાવકની સવાવશો ઠાણવી.
સાધુની તે વીશવશા શ્રાવકની સવાવશો,
અનુક્રમ ત્રીજા વ્રતે લલિત પ્રમાણવી.

## બ્રહ્મચર્ય વ્રત.

મૈથુનના બે છે ભેદ મન વચન ને કાયા,
તેમાં મન વચનની જયણા પળાય છે;
કાયથી મૈથુન ત્યાગ તેથી દશવશા રહે,
કાયા મૈથુન ત્યાગના ભેદ બે કહાય છે;
નિજ પરનારી આશ્રી નિજ નારીની જયણા,
પરનો ત્યાગ તેથી પાંચ વશા થાય છે;
પરસ્ત્રી મૈથુન ત્યાગે કરવું ને કરાવવું,
ભેદ બેઉ ભાખ્યા તેના ભાવ જણાવાય છે.
કરાવવાની જયણા તે બીજાના લગ્નાદિક,
પોતે કરવાનો ત્યાગ એથી અઢી થાવે છે;

બીજા પાસે કરાવવું તેના પણ બે છે ભેદ,
સ્વજન તિર્યંચ અને પરનું જણાવે છે;
સ્વતિર્યંચની જયણા સ્વજન તિર્યંચ ત્યાગ,
શ્રાવકનું ચોથું વ્રત સવાયું ગણાવે છે;
ચોથું વ્રત શ્રાવકનું સવાવશો રહ્યું અને,
સાધુનું તો વીશવશા લલિત લખાવે છે.

## પરિગ્રહપ્રમાણ વ્રત.

પરિગ્રહના બે ભેદ બાહ્ય અને અભ્યંતર,
અભ્યંતર જયણાથી બાહ્યે દશ થાય છે;
બાહ્યના તે બે છે ભેદ અલ્પ તે પ્રમાણોપેત,
વધુ વિણ પ્રમાણનો ગણતાં ગણાય છે;
વધુનો છે ત્યાગ અને અલ્પની જયણા તેથી,
પાંચવશા રહ્યા હવે તે સમજાવાય છે;
પ્રમાણોપેતે બે ભેદ સ્વ એમજ પર અર્થે,
સ્વની છે જયણા પરે અઢી ગણાવાય છે.
બીજાના અર્થે બે ભેદ સ્વજન ને પરજન,
સ્વજનનો ભેદ અહીં એણી પેરે આણ્યો છે;
સ્વજન પુત્રપુત્રાદિ બાંધવ વિગેરે જાણો,
સ્વજનનો હેતુ એમ અહીં તે પ્રમાણ્યો છે;
સ્વજનની જયણા ને અન્ય માટે કર્યો ત્યાગ,
તેથી સવાવશો તેમ પરિગ્રહ માન્યો છે;
પાંચ વૃતો સદા માટે સાધુ વીશવશા પાળે,
સવાવશો લલિત તે શ્રાવકનો જાણ્યો છે.

## પાંચ મહાવ્રતના ૨૫૨ ભાંગા.

**પ્રાણાતિપાતના ૮૧ ભાંગા**-પાંચ સ્થાવર, ત્રણ વિગલેંદ્રિને એક પંચેંદ્રિ એ નવને મન, વચન, કાયાએ ગણતાં સતાવીશ થાય, તેને હણે નહી, હણાવે નહી, હણતાને અનુમોદે નહી તેમ ગણતાં એકાશી થાય.

**મૃષાવાદના ૩૬ ભાંગા**-ક્રોધ, હાસ્ય, ભય, ને લોભ એ ચારને મન, વચન, કાયાએ ગણતાં બાર થાય, તેને જૂઠું બોલે

નહીં, બોલાવે નહીં, બોલતાને અનુમોદે નહી તેમ ગણતાં છત્રીશ થાય.

**અદત્તાદાનના ૫૪ ભાંગા**-અલ્પ, ઘણી, નાની, મોટી, સચિત્ત, અચિત્ત, એ છ પ્રકારને મન, વચન, કાયાએ ગુણતાં અઢાર થાય, તેને ચોરી કરે નહીં, કરાવે નહીં, કરતાને અનુમોદે નહીં તેમ ગણતાં ચોપન થાય.

**મૈથુનના ૨૭ ભાંગા**-દેવતાની સ્રી, મનુષ્યની સ્રી, તિર્યંચની સ્રી-એ ત્રણને મન, વચન, કાયાએ ગુણતા નવ થાય, તેને ભોગવે નહીં, ભોગવાવે નહીં, ભોગવતાને અનુમોદે નહીં તેમ ગણતાં સતાવીશ થાય.

**પરિગ્રહના ૫૪ ભાંગા**-થોડો પરિગ્રહ, ઘણો પરિગ્રહ, નાનો પરિગ્રહ, મોટો પરિગ્રહ, સચિત્ત પરિગ્રહ, અચિત્ત પરિગ્રહ-આ છને મન, વચન, કાયાએ ગણતાં અઢાર થાય, તેને પરિગ્રહ રાખે નહીં, રખાવે નહીં, રાખતાને અનુમોદે નહીં તેમ ગણતાં ચોપન થાય. એ રીતે પાંચે મહાવ્રતના અનુક્રમે ૨૫૨ ભાંગા જાણવા.

## પાંચ ચારિત્ર અને તેની સમજ.

**ચારિત્ર પ્રકાર**—સામાયિક છેદો પસ્થાપન, ને પરિહાર વિશુદ્ધ;
સૂક્ષ્મસંપરાય યથાખ્યાત, ચારિત્ર પાંચ પ્રસિદ્ધ.
ચારિત્ર પાંચ પ્રકારના, પ્રત્યેકે બે પ્રકાર;
દશ પાંચેના દાખિયા, **વિગત વાર અવધાર**

## તે દશ ભેદનો ખુલાસો.

**સામાયિક**-જેનાથી રાગ દ્વેષ રહિત પણું, અને જ્ઞાન, દર્શન, ચારિત્રનો લાભ થાય તે, તેના બે ભેદ છે, એક **દેશાવરતી**, તે શ્રાવકને બે ઘડી સુધીનું, અને બીજુ **સર્વાવરતી** તે જાવજીવ સુધી મુનિ મહારાજને હોય તે-

**છેદોપસ્થાપનિય**-પૂર્વ પર્યાયનો છેદ કરવો, અને આચાર્યે આપેલાં પાંચ મહાવ્રતો ગ્રહણ કરવાં તે, તેના બે ભેદ છે, એક **સાતીચાર** તે મૂળ ગુણ ઘાતીને પ્રાયશ્ચિત રૂપ, અને બીજુ **નિરતીચાર તે** નવ દીક્ષિત શિષ્યને, છજીવણીઆ અધ્યયન ભણ્યા પછી હોય. અથવા તીર્થ આશ્રયેપાર્શ્વ પાર્શ્વપ્રભુના સાધુઓ, વીર પ્રભુના તીર્થમાં રહી ગયા હોય તો, તેઓ ચાર મહાવ્રતો ત્યાગ કરે પ્રસંગને અનુસરી પાંચ મહાવ્રત આદરે તે.

**પારિહાર વિશુદ્ધી**–કર્મોનો ક્ષય કરવા માટે વિશેષ તપ કરવું, તે, ત્યાં એક નવ જણુનો ગચ્છ નીકળે, તે તીર્થંકર પાસે અથવા તીર્થંકરનાં હાથ દીક્ષિત શિષ્યો પાસે, ચારિત્ર લેઇ ચોમાસામાં જઘન્યથી અઠમ, મધ્યમથી ચાર, અને ઉત્કૃષ્ટ પાંચ ઊપવાસ કરે, શિયાલે જઘન્યથી છઠ, મધ્યમથી અઠમ અને ઉત્કૃષ્ટ ચાર ઊપવાસ કરે, ઊનાળે જઘન્ય એક ઊપવાસ, મધ્યમથી છઠ, અને ઊત્કૃષ્ટ અઠમ કરે, આ પ્રમાણે નવ જણુમાંથી પ્રથમ ચાર જણ છ માસ સુધી ગુરૂની આજ્ઞાથી તપકરે, ચાર જણ વૈયાવચ કરે, અને એક વાંચના ચાર્ય થાય તેની પાસે ભણુવા પૂર્વક તપસ્યા કરે, પછી વૈયાવચ કરનાર ચાર જણ છ માસ સુધી તપશ્યા કરે, અને તપશ્યા કરનાર ચાર જણા તેમનું વૈયાવચ કરે, અને એક વાંચનાર્ય થાય પછી વાંચનાર્ય છ માસ સુધી તપશ્યા કરે, અને આઠમાંથી સાત જણા તેનું વૈયાવચ કરે, અને એક વાચનાચાર્ય થાય, એ પ્રમાણે અઢાર માસ સુધી તપ કરી પછી ગચ્છમાં આવે અથવા જિન કલ્પીપણું આદરે તે, તેના બે ભેદ છે, તપસ્વીઓને જે ચારિત્ર હોય તે, **નિાવશ માનસિક** અને વૈયાવચયાઓને જે ચારિત્ર હોય તે. **નિર્વિષ્ટ કાયિક.**

**સૂક્ષ્મ સંપરાય**—હવે જેમાં કષાય થોડા હોય તે, ત્યાં નવમે ગુણુ ઠાણે લોભના અસંખ્યાતા ખંડો ખંડ કરી, ઉપશમ શ્રેણીવાળો ઉપશમાવે, અને ક્ષપક શ્રેણીવાળો હોય તે ખપાવે, જ્યારે તે અસંખ્યાતા ખંડ માહેલો એક ખંડ બાકી રહે ત્યારે, તેના અસંખ્યતા સૂક્ષ્મ ખંડ કરી. દશમે ગુણુ ઠાણે ક્ષપક હોય તે ખપાવે, તે દશમાં ગુણુઠાણાનું નામ સૂક્ષ્મ સંપરાય, અને ચારિત્રનું નામ પણુ સૂક્ષ્મ સંપરાય છે, તેના બે ભેદ છે, શ્રેણી ચઢતાને **વિશુદ્ધ માનસિક** નામે પહેલો ભેદ હોય, અને અગિયારમે ગુણુઠાણેથી ઉપશમશ્રેણીવાળો પડે તો તેને **સંકિલષ્ટ માનસિક** નામે બીજો ભેદ હોય.

**યથાખ્યાત**—જેમાં બીલકુલ કષાય હોય જ નહી તે, સર્વે જીવલોકને વિષે પ્રસિદ્ધ છે. તેના બે ભેદ છે. એક **છાદ્મસ્થિક**—તે ઉપશમ શ્રેણીવાળાને અગિયારમે અને બારમે ગુણુઠાણે હોય,

અને બીજુ કૈવલિક તે કેવળીને તેરમે અને ચૌદમે ગુણઠાણે હોય એ ચારિત્રને આદરીને ઘણા સુવિહિત સાધુપુરૂષો નિર્વીઘ્નપણે અજરામર સ્થાનને ( મોક્ષને ) પામ્યા છે. ઇતિ ચારિત્રમ્.

**ચારિત્ર પ્રભાવ**—મુહૂર્ત માત્ર ચારિત્રથી, વૈમાનિક સુર થાય;
,, ભાવ ભલે શિવપદ 'વરે, જ્યું મરૂદેવા માય.
ચંડાળ કુળમાં ઉપન્યો, હરિકેશી મુનિરાય;
સદાય સુર સેવા કરે, ચારિત્ર ગુણને મ્હાય.

**પાંચ નિગ્રંથ છે**–પુલાક બકુશને કુશીલ, નિગ્રંથ સ્નાતક માન,
એકેકે બે ભેદ એમ, નિગ્રંથ પંચ પ્રમાણ.

**હાલમાં કયાં છે**-પ્હેલો ચોથો પાંચમો, એનો આજ વિચ્છેદ,
બકુશ કુશીલ તીર્થઅંત, રહેશે તે નિર્વેદ.

**પાંચ શ્રમણ છે**–નિગ્રંથ શકયને તાપસ, ગેરૂક આજીવ પણ,
શ્રમણો પંચ પ્રકારના, શાસ્ત્ર શાખથી ગણ.

## જીવને પાંચ વાર નિર્ગ્રંથપણું આવે. તેમાં ઉપાશમને ક્ષપક શ્રેણીનો ખુલાસો.

મનહર છંદ

સંસારે વસ્યા જીવોને, લઘુભવ આશ્રી નિશ્ચે,
ઉપશમ શ્રેણી ચાર વાર તને આવે છે;
અને ઉત્કૃષ્ટથી એક, ભવમાં બે વાર આવે,
ક્ષપક શ્રેણીતો ખાસ, એકવાર થાવે છે;
ઉપશાંત મોહે અને, ક્ષીણ મોહ ગુણ ઠાણે,
નિગ્રંથપણું હોય ત્યાં, તેનુ તે જણાવે છે,
ઉપશમ ચાર એક ક્ષપક શ્રેણી લલિત,
થાવે તેથી પાંચ વાર, નિગ્રંથતા પાવે છે; ॥ ૧

**આ પાંચ પાસથા**–પાસથો ઓસન્નો કુશીલ, સંસક્તી યથા છંદ;
વંદન વાર્યું તેહનું, જૈન શાસ્ત્રે જિનંદ.

**તેના દશ ભેદ**—પહેલા પાસથ્થાના બે ભેદ ૧ દેશ પાસથ્થો, ૨ સર્વ પાસથ્થો, બીજા ઓસન્નોના બે ભેદ ૧ દેશ ઓસન્નો, ૨ સર્વ ઓસન્નો, ત્રીજા કુશીલાયાના ત્રણ ભેદ ૧ જ્ઞાન કુશીલ, ૨ દર્શન કુશીલ, ૩ ચારિત્ર કુશીલ, ૪ સંસ્કતના બે ભેદ ૧ સંકિલષ્ટ ચિત્ત, ૨ અસં-

ક્લિષ્ટ ચિત, ૫ યથાછંદીના અનેક પ્રકારનો કહ્યા છે. તેનો વિશેષ ખુલાસો પ્રવચનસારોદ્ધાર, આવશ્યક અને ઉપદેશમાળાદિક ગ્રંથોથી જાણવો. આ પાંચ પ્રકારના પાસથ્થાને શાસ્ત્રોમાં નિવાર્યા છે.

આ ચાર પ્રકાર—જ્ઞાન દર્શન ચારિત્ર તપ, વળતી વીર્ય વિચાર;
આચાર પાંચ આચરે, સુખ પામે શ્રીકાર.

સમિતિ પ્રકાર—ઇરિયા ભાષા એષણા, આદાન ભંડમત્ત;
પરિષ્ટાપનિકા પાંચ એ, સમિતિ સેવો સમસ્ત.

જ્ઞાન પ્રકાર—મતિ શ્રુત અવધ ને મનઃ, પંચમ કેવળજ્ઞાન;
અનુક્રમ એને મેળવે, પુન્યવંત સુપુમાન.

અનુત્તર વૈમાન—વિજય વિજયંત ને જયંત, અપરાજિત એ ચાર;
પાંચમું સવાર્થસિદ્ધ છે, અનુત્તર એ અવધાર.

પંચ પ્રતિક્રમણુ–દેવસી રાઇ તિ પખ્ખી, ચોમાસી ચો ધાર;
સંવત્સરી છેવટ કહ્યું, સેવો સાંજ સવાર.

ભક્તિના પ્રકાર—પૂજન આણા પાળવી, રિકથ રક્ષા મહોત્સવ;
તીર્થયાત્રા તે પાંચની, ભક્તિ ભાવશો ભવ્ય.

પાંચ સમકિત—ઉપશમ પછી ક્ષયોપ છે, ક્ષાયિક સાસ્વાદન;
વેદક પાંચમું વર્ણવ્યું, સમકિત અનુક્રમ ગણુ.

પાંચ મિથ્યાત્વ—આભિ અને અનભિગ્રહીક, અભિનિવેશીક જાણ;
સંશયિક અનાભોગિકે, મિથ્યાત્વ પાંચે માન.

પાંચ સમવાય—કાળ સ્વભાવ ભવિતવ્યતા, પૂર્વકૃત કર્મ જોય;
ઉધમ પાંચે કાર્ય સિદ્ધિ, તેને સમકિત હોય.

પાંચ અવગ્રહ—શક્ર ચક્રી દેશનો ધણી, વળી વસ્તુ માલીક;
સાધર્મી અર્થે સાધુને, અવગ્રહ આખ્યાં ઠીક.

સંવર ભાવના—સમ્યક્ત્વ વિરતિને અપ્રમત્ત, અકષાય ને અયોગ;
રોકે પાપો આવતાં, સાચો શિવસંયોગ.

આશ્રવ ભાવના—મિથ્યાત્વ એમજ અવિરતિ, વળી પ્રમોદે વાસ;
કષાય યોગ એ પાંચથી, પૂરો આશ્રવ પાસ.

પાંચ સઝાય—વાંચન પૂછન પરાવર્તન, અનુપ્રેક્ષા ચો એમ;
ધર્મકથા સઝાય ધ્યાન, પાંચે ધરશો પ્રેમ.

૧ વાંચના—ભણવું, ભણાવવું, વાંચવું, ૨ પૂછના-પ્રશ્ન

પૂછવા-૩ પરાવર્તના—ભણેલું સંભારવું. ૪ અનુપ્રેક્ષા-તર્ક વિતર્કો કરવા, ૫ ધર્મકથા—સ્વશક્તિ અનુસાર ધર્મોપદેશ કરવો.

**પંચાંગ પ્રણામ**—બે પાય બેઉ હસ્ત એમ, શિર છેવટનું નામ;
દાખ્યું દેવ ગુરુ વંદને, એ પંચાંગ પ્રણામ.

**પુસ્તક પ્રકાર**—ગંડી કચ્છપી ને મુષ્ટી, સંપુટ ફલગ જાણ;
છેદપાટી છેલ્લું કહ્યું, પુસ્તક પંચ પ્રમાણ.

**અવર્ણવાદ ત્યાગો**-ઉત્તમે કદી ન કોઇનો, અવર્ણવાદ બોલાય;
પિતા ગુરુ સ્વામી નૃપનો, વિશેષે તજશો ભાય.

**જલદી મોક્ષ**—આહાર ઉંઘારંભ ને, પરિગ્રહ તેમ કષાય;
અલ્પ અલ્પ જેને હોય તે, જલદી મોક્ષે જાય.

**તેને દેવો નમે**—અલ્પાહાર અલ્પ બોલવું, અલ્પ તે ઉંઘ કરાય;
અલ્પ ઉપકરણ ઉપધી, પડે દેવ તસ પાય.

**એ સ્થાન ત્યાગો**—જીહાં યાત્રા ભય લજ્યા, દાક્ષિણતા ને દાન;
પાંચ ન હોય ત્યાં સુપુરૂષો, ત્યાગ કરો તે સ્થાન.

**પંચ ઈંદ્રિયો**—અંગ જીહ્વા નાસિકા, આંખ કાન એ પંચ;
એક એકને જાણે નહિ, શરીર કેરો સંચ.

**તેનાથી દુઃખ છે**—પાંચ ઇંદ્રિમાં એક પણ, છુટી જો સ્વલ્પ મૂકાય;
પાડે જીવ સંસારમાં, દાખી તે દુઃખદાય.

**એકે પણ દુઃખ**—ગજ મીન મૃગ મધુ પતંગ, મરે એકેંદ્રિ માટ;
પણ જે પાંચે વશ પડ્યા, ઘડાશે કેવો ઘાટ?

## જીવ પાંચ સ્થાનથી નીકળે તેની પાંચ ગતિ.

**પાંચ સ્થાને ગતિ**-પગ જંઘા પેટ મસ્તકે, સર્વાંગે જીવ જાય;
નર્ક તિર્યંચ મનુ દેવતા, પંચમે મોક્ષ પાય.

**પાંચ વિરૂદ્ધ તજો**-દેશ કાળ રાજ લોકને, વળી તે ધર્મવિરૂદ્ધ;
ઇત્યાદિક વિરૂદ્ધ તજે, વસે ઘટ ધર્મ વિશુદ્ધ.

**પાંચ અંતરાય**—દાન લાભ ભોગોપભોગ, વીર્ય પણ અંતરાય;
પૂર્વોપાર્જિત કર્મથી, સુખ દુઃખ સર્વે પાય.

**શરીર પ્રકાર**—ઓદારિક વૈક્રિય હારક, તૈજસ ને કારમણ,
પામે પૂન્ય પ્રમાણથી, એ શરીરનો ગણ.

**પાંડિત્યપણું**— વક્તૃત્વ વાદિત્વ ને વળી, કવિત્વ ભેદ કહાય;
આયામત્વ ગમત્વ પાંચે, પંડિત ભેદો થાય.

**સર્વે સાથે જાય**—જોબન જાતાં સંગમાં, જુવો જવાના ચાર;
કાન કેશ લોચન દંત, પાંચે થાય પસાર.

## કયા આવશ્યકથી કયા આચારની શુદ્ધિ થાય તે.

૧ સામાયિક, પ્રતિક્રમણ, કાઉસગ્ગ એ ત્રણ આવશ્યકથી ચારિત્રાચારની શુદ્ધિ થાય.

૨ ચઉવિસત્થો આવશ્યકથી દર્શનાચારની શુદ્ધિ થાય છે.

૩ વંદન આવશ્યકથી જ્ઞાન, દર્શન, ચારિત્રાચારની શુદ્ધિ થાય છે.

૪ પચ્ચખ્ખાણ આવશ્યકથી તપાચારની શુદ્ધિ થાય છે.

૫ અને એ છએ આવશ્યકમાં વીર્ય ફોરવવાથી વીર્યાચારની શુદ્ધિ થાય છે.

**ચાર ગતિ ભમે**—ચૌદપૂર્વી આહારલબ્ધિ, અવધિ મનઃપર્યવજ્ઞાન;
ઉપશાંતમોહી કષાયથી, ભમે ચોગતિ જાણ.

**તે દુર્લભબોધિ**—અવર્ણવાદ અરિહંતનો, અને ધર્મનો એમ;
અવર્ણવાદ આચાર્યનો, સકળ સંઘનો તેમ.
તપ બ્રહ્મે થયા દેવતા, તેનો તેમ કરાય;
અવર્ણવાદ એ પાંચથી, દુર્લભબોધિ થાય.

**ગતના પ્રકાર**—નરક તિર્યંચ મનુષ્યની, દેવતણી દિલ ધાર;
પંચમી મોક્ષ પામતાં, પમાય બેડો પાર.

**જીવોનું સ્થાન**—એકેંદ્રિ પણેંદ્રિ તિલોક, વિકલ તિર્છા માંહી;
પંચેદ્રિનું નિવાસસ્થાન, ભાખ્યું જેનું જ્યાંહી.

**गाथा**—नसा जाई नसा जोणी, नतं ठाणं नतं कुलं ।
न जाया न मुवा जत्थ, सव्वे जीवा अणंतसो ॥

**જીવનું ભ્રમણ**—એવી જાત યોનિ નથી, નથી સ્થાન કુલ નામ;
જ્યાં જીવનું ઉત્પન્ન મરણ, થયું ન અનંત ઠામ.

**કુસંપનું ફળ**—કુસંપથી કજીયા વધે, વધે રાગ ને દ્વેષ;
ધર્મ દીપક ઝાંખો પડે, દુઃખી બનાવે દેશ

**તે સંઘધારક**— શ્રદ્ધાવંત ને સત્યવંત, બુદ્ધિવંત હે ચાર.
બહુશ્રત સત્ત્વવંત પંચ, સદા સંઘ ધરનાર.

**આ પજુષણાકૃત**—લોચ અને ધર્મકાર્ય છે, તેમ અઠમ તપ વ્રત;
ચૈત્યવંદે ખમે ખમવે, પજુષણે સાધુકૃત.

**પાંચ જાત દાંડા**—લઠી વિલઠી દંડ ને, વિદંડ નાળા નામ;
દાંડા પાંચ તે દાખવ્યા, સવિ સાધુને કામ.

**પાંચ જાતિ ઘાસ**—કમળ વ્રીહિ શાળ કોદ્રા, રાળ ધાન્ય પરાળ;
અરણ્ય સ્યામાકનું ઘાસ, પણ જાતિનાં પરાળ.

**પાંચ જાત ચર્મ**—ગાડર છાળી ગાયના, ભેંસ મૃગના માન;
ચર્મ તે અનુક્રમ ચિંતવ્યાં પાંચે પાંચ પ્રમાણ.

**કાળનું કારણ**—કાળ હુડા અવસરપિણી, ભસ્મગ્રહની છાય;
દક્ષિણ ભરત આરો દુષમ, કૃષ્ણ પક્ષી જીવ થાય.

**ક્રિયાને ત્યાગો**—કાયિકી અધિકરણીયા, પરદ્વેષી પીડનાર;
પ્રાણીવધ એ પાંચને, નિત્યે દૂર નિવાર.

**આશાતના વારો**—અવર્ણ અનાદર ભોગને, દુઃપ્રણિધ્યાન ચાર;
અનુચિત્તવૃત્તિ પાંચએ, આશાતન નિવાર.

**ઇંદ્રિયવશતા**— એકેક ઇંદ્રિ યોગથી, જીવો જે દુઃખ પાય;
પણ જે પાંચે વશ પડયા, એનો શું ઉપાય ?

**તત્ત્વો અને સ્થાન**-પૃથ્વી જંઘા વાયુનાભી, અગ્નિ સ્કંદ જળપાય;
શિરે સ્થાન આકાશનું, તત્ત્વો પાંચ ત્યું ભાસ.

**તત્ત્વો અને સ્થાન**-દક્ષિણ પશ્ચિમ અને ઉત્તર, પૂર્વ નામે પ્રમાણ;
સ્થાન તત્ત્વોના સૂચવ્યાં, જોગ જુક્તિએ જાણ.

**તે તત્ત્વોના ગુણો**—સ્થિર ચરણ સમ ઉચ્ચાટન, શુન ગુણ તેહ સુજાણ;
કાર્ય પહેલાં એ કરે, એ અંતરમાં આણ.

**વાયુ અને તેના સ્થાનો**— હૃદય પ્રાણ ગુદા અપાન, નાભિ સમ કંઠ ઉદાન;
વ્યાન શરીર વ્યાવી રહે, વાયુ પંચ પ્રમાણ.

**વાયુ વહેમાન**—પૃથ્વી બાર ને સોળ જળ, અગ્નિ ચાર અડવાય;
સામુ નીચુ સમતિર્છું મહિ, અંગુલ એમ વહાય.

**તત્ત્વો અને રંગ**—પીત શ્વેત લાલ લીલો, કાળો તે રંગ કાર;
તેજ તત્ત્વોના જાણજો, પાંચ પાંચ પ્રકાર.

**વાયુ અને રંગ**—લાલ શ્યામ પીળો વળી, લાલ પણ રંગ દેખ;
વાયુના રંગો વર્ણવ્યા, સમજી સર્વને પેખ.

## પાંચમા આરા અંતના ભાવ.

**છેવટનો સંઘ**—વિમળનૃપ સુમુખ દુપ્પસહ, ફલ્ગુ સાધ્વી તે જાણ;
નાગિલ સત્યશ્રી પાંચમા, આરા અંતે માન.

**ભાવાર્થ**—વિમળવાહનરાજા–સુમૂખપ્રધાન—દુપ્પસહસૂરિ–ફલ્ગુ સાધ્વી, નાગીલ શ્રાવક અને સત્યશ્રી શ્રાવિકા–એ છ પાંચમા આરાના અંત સુધી રહેશે.

**અંતની સ્થિતિ**—પ્હેલે પ્હોરે જૈન ધર્મ, બીજે રાજધર્મ નાશ;
ત્રીજે પહોરે અગ્નિ જશે, છેલ્લે સંઘ ખલાસ.

**તે સૂરિનું જ્ઞાન**—દશવૈકાલિક જ્ઞાન તસ, વીશ વરસનું આય;
છઠ્ઠ તપ બાર વર્ષ દીક્ષા, બેઉ હાથની કાય;

**તેમની ગતિ શું ?**—અંતે અઠ્ઠમ તપ કરી, સુધર્મ દેવમાં દેવ;
ત્યાંથી તે ભરત ક્ષેત્રે, સિધ્ધપદ પાય સ્વમેવ.

**અંતે ચાર સૂત્રો રહેશે**— દશવૈકાલિક આવશ્યક, નંદિ અનુયોગ દ્વાર;
પંચમ આરા અંત તક, રહેશે હૃદય ધાર.

## શુદ્ધ વ્યવહાર ધર્મનું મૂળ છે.

**વ્યવહાર શુદ્ધિ**—વ્યવહાર શુદ્ધિ જ્યાં વસે, ત્યાંજ ધર્મ મૂળ જાણ;
માટે વર વ્યવહારને, રાખી કરો કલ્યાણ.

### વ્યવહાર શુદ્ધિની શ્રેષ્ઠતા.

મનહર છંદ—

જેહનો વેપાર શુદ્ધ, તેનું ધન શુદ્ધ કહ્યું,
જેનું ધન શુદ્ધ તેનો, આહાર તે શુદ્ધ છે;
આહાર છે શુદ્ધ તેનો, દેહ પણ શુદ્ધ કહ્યો,
દેહ જેનો શુદ્ધ તેનો, ધર્મયોગ શુદ્ધ છે;
તે પુરૂષ જે જે કૃત્ય, કરે તે સફળ થાય,
નિંદા બહુ થાય નેટ, તેથી જો વિરૂદ્ધ છે;
સ્વપર દુર્લભબોધી, ટાળવા માટે લલિત,
વ્યવહાર શુદ્ધિ સેવો, વૃત્તિ તે વિશુદ્ધ છે. ॥ ૧ ॥

### વ્યવહારના પાંચ પ્રકાર.

મનહર છંદ—

આગમ વ્યવહાર તે, કેવળી મનઃપર્યવ,
અવધિ ચૌદપૂર્વીનો, પહેલો ગણાય છે.
શ્રુતવ્યવહાર બીજો, શ્રુતને સાંભળવું તે;
આજ્ઞા વ્યવહાર ત્રીજો, આણા આદેશાય છે.
ધારણા વ્યવહાર તે, ધારીયે તે ચોથો કહ્યો,
જીત વ્યવહારે પાંચ, વ્યવહારો થાય છે.
જીત એટલે આચાર, કહ્યો વ્યવહાર કાર,
સમજી **લલિત** સાર, સેવે સુખદાય છે. ॥ ૨ ॥

### પાંચનો એક એકથી ક્રોડગણો લાભ.

મનહર છંદ—

પ્રભુ પૂજનથી પણ શુદ્ધ સ્તોત્ર ગણવાથી,
ક્રોડગણો લાભ કહ્યો શાસ્ત્રો સમજાવે છે;
શુદ્ધ સ્તોત્રથકી પણ લાભ ક્રોડગણો લેખો,
જાપ કરવાથી જોગ યોગ તે જણાવે છે;
જાપ થકી પણ જાણો ધ્યાન ધરે ક્રોડ ગણો,
વળી ધ્યાનથી વધારે ક્રોડનો કહાવે છે;
લયલીન થવે દાખ્યો અનુક્રમે લાભ આખ્યો,
સમજી સેવે **લલિત** પૂરો લાભ પાવે છે.

**રજોહરણની જાત**–ઉન ઉટઉન મુંજનો, તૃણ છાલનો તેમ;
રજોહરણ તે રાખવા, સૂચવ્યું શાસ્ત્રે એમ.

**વર્ષામાં વિહાર થાય**–ભય દુકાળ ને રાજભય, પાણી ફરવા પૂર;
અનાર્ય પરિસહ પાઉસે, વિહાર વાત મંજુર.

**વસ્ત્રના પ્રકાર**– ઉન પાટ ને કપાસનું, શણ આકતુર સાર;
શાસ્ત્રો માંહિ તે સુચવ્યાં, વસ્ત્રો પાંચ પ્રકાર.

**ચોમાસામાં વિહાર થાય**–[1]જ્ઞાન ભણવા, [2]દર્શનશુદ્ધિયે, [3]ચારિત્ર રક્ષણાર્થે, [4]આચાર્યની વૈયાવચ્ચ અર્થે, [5] આચાર્ય કાળ કરવાથી સાધુ સમુદાયની વૈયાવચ્ચ માટે થાય.

**એક સાધુ એક સાધ્વી સાથે રહે**–[1]દુષ્કાળમાં માર્ગમાં અટવી આવે તો એક બે રાત્રી રહે, [2]નગરમાં સ્થાન નહિં મળે તો એક બે રાત રહે, [3]વિહાર કરતાં સૂર્યાસ્ત થયો હોય તો નાગકુમાર યક્ષ વિગેરેના મંદિરમાં રહે, [4]સાધુ સાધ્વી વિહાર કરતાં ચોર વસ્ત્ર, પાત્ર ખુંચી લે તેમ હોય તો રહે, અનાર્ય ઉપસર્ગ કરે તો શીલ રક્ષણે ભેગા રહે તો વાંધો નથી.

**પાંચ કારણે સાધ્વીનો સંઘટ્ટો કરવા ભગવાનની આજ્ઞા છે**–[1]સાધ્વીને હાથી સુંઢમાં લઇને જતો હોય તો છોડાવવા, [2]ખાડામાં પડતી બચાવવા, પાણીમાં ડુબતી બચાવવા, [4]ભ્રમરી આવતી બચાવવા, [5]ચક્રી આવતી બચાવવા કારણે—

**પાંચ કારણે સાધુ સાધ્વીની સંભાળ કરે**–[1]સંયમથી પડેલ મન વાળીને સ્થિર કરવા, [2]અત્યંત રોગથી પીડીતને સ્થિર કરવા, [3]વાયુથી પીડિતને સ્થિર કરવા, [4]યક્ષના પરવશપણામાં પડેલને સ્થિર કરવા [5]પુત્ર તથા તેની માતાએ સંયમ લીધો હોય તેની.

**પાંચ સાથે આહાર પાણી નહિ કરવા**–[1]અકાર્ય કરી ન આલોવે તે, [2]પ્રાયાશ્ચત ન લેવે તે, [3]પ્રાયશ્ચિત લઇ રાખી મૂકે તે, [4]પ્રાયશ્ચિત પુરૂં કરી ન આપે અને [5]ગુરૂથી ઉપરવટ ચાલે તે.

---

# ૭ વસ્તુની સંખ્યા.

## ષટ્દ્રવ્યનો સ્વભાવ.

મનહર છંદ.

ચાલવામાં સ્હાય કરે ધર્માસ્તિકાય તે ખરે,
અધર્માસ્તિકાય સ્થિર રહે તે કહાય છે;
અવકાશ આપે તેને આકાસ્તિ કહ્યું એને,
[1]પુદ્દલાસ્તિકાય ચાર ભેદે પ્રરૂપાય છે;
કાળ સમયાદિકથી પલ્યોપમ સાગરનો,
તેમ પૂર્વાદિ ઘણા તે આંકે ગણાવાય છે;
છઠું જીવ દ્રવ્ય જાણો જ્ઞાન ચેતના લક્ષણે,
પ્હેલાના લલિત પાંચ અજીવ ગણાય છે.

## છ દ્રવ્યનો વધુ ખુલાસો.

છ દ્રવ્યમાં જીવ અને પુદ્ગલ તે બે દ્રવ્ય પરિણામી છે ને બાકીના ચાર દ્રવ્ય અપરિણામી છે. અહીં પરિણામીનો ભાવ જાણવો, પણ સ્વભાવે તો છ દ્રવ્ય પરિણામી છે, પરિણામી એટલે મૂળ સ્વરૂપ છોડ્યા શિવાય કાંઇક રૂપાંતર થવું તે.

છ દ્રવ્યમાં એક જીવદ્રવ્ય જીવ છે, બાકીના પાંચે અજીવ છે.

છ દ્રવ્યમાં એક પુદ્ગલ મૂર્તિવંત રૂપી છે, બાકીના પાંચે અરૂપી છે.

છ દ્રવ્યમાં પાંચ દ્રવ્યો સ્વપ્રદેશી છે, અને કાળ અપ્રદેશી છે.

છ દ્રવ્યમાં ધર્મ, અધર્મ અને આકાશ ત્રણે એક છે, બાકીનાં અનેક છે.

છ દ્રવ્યમાં આકાશક્ષેત્ર છે, બાકીનાં પાંચ ક્ષેત્રી છે (સ્થાન ક્ષેત્ર અને વસનાર ક્ષેત્રી).

છ દ્રવ્યમાં જીવ અને પુદ્ગલ સક્રીય છે (સારી ખોટી ક્રિયા કરે તે.) ને બાકીનાં ચાર અક્રિય છે.

છ દ્રવ્યમાં જીવ અને પુદ્ગલ બે અનિત્ય છે ને બાકીના ચાર નિત્ય છે. જો કે ઉત્પાદ, વ્યય, ધ્રુવપણે તે છ દ્રવ્ય નિત્યાનિત્ય છે, પણ ધર્માદિ ચાર સદા સ્થિર હોવાથી નિત્ય કહ્યાં છે.

છ દ્રવ્યમાં 'ધર્માદિક પાંચ દ્રવ્ય કારણ છે (કાર્યમાં સ્હાય કરનાર)ને એક જીવ અકારણ રૂપ છે.

છ દ્રવ્યમાં જીવ કર્તા છે (કાર્ય કરનાર)ને બાકીનાં પાંચ અકર્તા છે.

છ દ્રવ્યમાં આકાશ લોકાલોક વ્યાપી હોવાથી સર્વગત છે, અને બાકીના પાંચ માત્ર લોક વ્યાપી હોવાથી અસર્વગત છે, કેમકે આકાશની જેમ કોઇ પણ દ્રવ્ય અન્ય દ્રવ્યમાં તદરૂપપણે મળી જતું નથી માટે પ્રવેશ રહિત છે.

---

૧ (ખંધ, દેશ, પ્રદેશ, પરમાણું) શબ્દ, અંધકાર, ઉદ્યોત, કાંતિ, છાયાં, ટાઢ, તડકો એ સર્વે પુદ્ગલો છે. જેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય તે પુદ્ગલાસ્તિકાય.

## ૭ દ્રવ્યનો ( દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ગુણે ) ખુલાસો.

**જીવાસ્તિકાય**—દ્રવ્યથી અનંતા, ક્ષેત્રથી લોકપ્રમાણ, કાળથી આદિઅંત રહિત, ભાવથી અરૂપી અને ગુણથી ચેતના લક્ષણવંત.

**ધર્માસ્તિકાય**—દ્રવ્યથી એક ક્ષેત્રથી લોકપ્રમાણ, કાળથી આદિઅંત રહિત, ભાવથી અરૂપી અને ગુણથી સ્થિર ગુણ.

**અધર્માસ્તિકાય**—દ્રવ્યથી એક, ક્ષેત્રથી લોકપ્રમાણ, કાળથી આદિઅંત રહિત, ભાવથી અરૂપી અને ગુણથી સ્થિર ગુણ.

**આકાશાસ્તિકાય**—દ્રવ્યથી એક, ક્ષેત્રથી લોકાલોકપ્રમાણ, કાળથી આદિઅંત રહિત, ભાવથી અરૂપી અને ગુણથી અવકાશગુણ.

**કાળ**—દ્રવ્યથી અનંતા, ક્ષેત્રથી અઢીદ્વીપપ્રમાણ, કાળથી આદિઅંત રહિત, ભાવથી અરૂપી અને ગુણથી વર્તના ( જુનાનું નવું ને નવાનું જુનું કરવું એ લક્ષણ. )

**પુદ્ગલાસ્તિકાય**—દ્રવ્યથી અનંતા—ક્ષેત્રથી લોકપ્રમાણ, કાળથી આદિઅંત રહિત, ભાવથી રૂપી અને ગુણથી સડણ—પડણ—વિધ્વંસણ.

**સાધુ ૭ પ્રકારે મુક્તિનો ઘાત કરે છે**—[૧]દીક્ષામદથી, [૨]સૂત્રમદથી, [૩]તપસ્યામદથી, [૪]શિષ્ય પુસ્તક લાભમદથી, [૫]પ્રભૂત પર્ષદા પૂજામદથી, [૬]આદર—સન્માન સત્કારના મદથી.

**શ્રુતકેવળી કહેવાયા**—ત્રીજા શ્રી પ્રભવસ્વામીથી માંડી ૭ આચાર્યો ચોદ પૂર્વના વેત્તા હતા તે—૧ પ્રભવસ્વામી, ૨ શય્યંભવસ્વામી, ૩ યશોભદ્રસૂરિ, ૪ સંભૂતિવિજય, ૫ ભદ્રબાહુસ્વામી, ૬ સ્થૂલિભદ્ર એમ ૭ થયા.

## શિષ્યને ગુરૂના બોલ.

**શિષ્યાદિ વંદને**—શિષ્ય કે શ્રાવક વંદને, બોલે ગુરૂ જે બોલ;
સંબંધ તેહનો સૂચવ્યો, અનુક્રમે કર તોલ.

### તેમાં દરેકના ૭ ૭ બોલ.

| શિષ્ય કે શ્રાવક | | ગુરૂ મહારાજ | | શિષ્ય કે શ્રાવક | | ગુરૂ મહારાજ | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઇચ્છામિ. | ૧ | છંદેણ. | ૪ | જત્તાભે. | ૪ | તુબ્ભંપિવટ્ટએ |
| ૨ | અણુજાણહ | ૨ | અણુજાણામિ | ૫ | જવણિજ્જંચભે | ૫ | એવં |
| ૩ | દિવસો વઇક્કંતો | ૩ | તહત્તિ. | ૬ | ખામેમિ ખમાસમણો. | ૬ | અહમવિ ખામેમિ તુમં |

**છ અનંતા—** સિધ્ધો સિધ્ધા ને સિદ્ધશે નિગોદ વન હી જાત;
કાળદ્ધિ પુદ્ગલ પ્રમાણુ આ, લોકાકાશ છ સ્યાત.
**મરણુનો ભય**- તીર્થંકર ગણુધર ઇંદ્ર, ચક્રી કેશવ રામ-
મૃત્યુ ન મૂકે કોઇને, સર્વ શિરે તેહ આમ.
**એક ભવ હણે**- વિષ વન્હિ વ્યાલ વાઘ ને, વારણુ વૈરી સવ્વ;
એ છ એક જ ભવ હણે, મિથ્યાત્વ અનંતા ભવ.
**છ ભેદે નિમિત્ત**-વંદન પૂઅણુ સક્કાર ને. સમ્માણુ બોહિલાભાય
નિરૂવસગ્ગ છ નિમિત્તને, વત્તિયાએ જોડાય.

આઠ કે ચાર થોયના દેવવંદનમા પહેલા ત્રણુ કાઉસગ્ગ છ નિમિત્તે થાય અને છેલ્લો કાઉસગ્ગ સમ્યગ્દષ્ટિદેવ સ્મરણાર્થે કરાય છે.

**ગુરૂવંદનથી** છ-ગુરૂ વિનયે માનત્યાગ, અર્હંત આણુ પળાય;
ગુણુ. શ્રુત સેવ ગુર્વાદિ પૂજા, સિદ્ધપણું સુખદાય.
**સંસાર ન છુટે**-દીક્ષા જન્મ પારવાર તપ, સૂત્ર લાભ શુભ થાય;
પૂજા સત્કાર છ ગર્વથી, સંસાર નહિ છુટાય.
**સિદ્ધચક્રનું તપ**-નવકારશીથી છઠ ફળ, પોરસી અઠમ જાણુ;
**ફળ** પુરિમુટ્ઠ ઉપવાસ ચાર, એકાસણુ પણુ માન.
પાસક્ષમણુ આંબિલથી, ઉપવાસ એક માસ;
ત્રીશગણું ફળ તીસુધે, શ્રીસિદ્ધગિરિમાં ખાસ.
**એ છ આવશ્યક**-સામાયિક ચાસથ્થ વંદન, પ્રતિક્રમણુ કાઉસગ્ગ;
પચ્ચખ્ખાણે થ્યા છ પૂરા, આદર નિત્ય આવશ્યક.
**છકાયના જીવો**-પૃથ્વી પાણી તેઉ વાઉ, વનસ્પતિ ત્રસ વખાણુ;
છકાય જીવો સાચવો, સમજી શાસ્ત્ર પ્રમાણુ
**સાધુ આહાર ન**-તાવ ઉપસર્ગ વ્રત મૂકતાં, જીવદયા બંભનિમિત્ત;
**લેવે.** તપ તેમ અંત અનસને, આહાર ન લે છ રિત.
**સાધુ આહાર લેવે**-ક્ષુધા વેયાવચ્ચે સમિતિ, સંયમ પ્રાણુને કાજ;
ધર્મધ્યાન વંચન કારણુ, આહાર લે મુનિરાજ.
**છ જાતિ પ્રમાદ**-મદિરા નિંદરા ને વિષય. કષાય દ્યૂત કહાય;
પડિલેહણુ તે પ્રમાદ છ, દાખ્યા તે દુઃખદાય.
**રૂતુ ને વિગઈ**-હિમંતદુધ દહી શિશિર, વસંત ઘી ગ્રીષ્મગોલ;
વર્ષાતેલવણુ શરદવારી, એમ છ ગણી અમોલ.

# સાત વસ્તુની સંખ્યા.

## સાત પ્રકારનું આયુષ્ય.

**બંધકાળ—** જેટલે થાકતે આયુષ્યે પરભવનું આયુ બાંધે તે

**અબાધાકાળ—** આયુ બાંધ્યા પછી જેટલો કાળ ગયે થકે આયુષ્ય ઉદય આવે તે વચ્ચેનો કાળ તે.

**અંતસમય—** આયુષ્ય ભોગવતાં જે સમય પૂર્ણ થાય તે.

**અપવર્તન—** જે આયુષ્ય ઘણા કાળ વેદવા યોગ્ય છે, તે થોડા કાળમાં વેદીએ તે.

**અનપવર્તન—** જે આયુષ્ય જેટલે કાળે વેદવાનું છે તે તેટલુંજ વેદીએ, ઓછું નહી તે.

**સોપક્રમ—** જેણે કરી આયુષ્ય ઓછું કરીએ તે ( ઉપક્રમિજે તે )

**નિરૂપક્રમ—** જેને કારણ મલ્યા થકા પણ આયુષ્ય ઘટે નહીં તે

## સોપક્રમ અને નિરૂપક્રમનો ખુલાસો.

**આ નિરૂપક્રમ—**શલાકી તત્ભવ મોક્ષ ને, દેવ નર્ક મનુ તિર્યંચ;
અસંખ્યાયુષ્ય યુગળ બેઉ, નિરૂપક્રમનો સંચ.

**આ સોપક્રમ—** શેષ થાકતા જીવ તે, બેઉ પ્રકારે હોય;
સોપ ને નિરૂપક્રમના, જીવ જલ્પીયા સોય.

## સાત પ્રકારે આયુષ્ય તુટે તે.

**પહેલું—**અધ્યવસાયે કરી ( રાગે-સ્નેહે-ભયે ) મનના વિકલ્પે કરી આયુષ્ય તુટે છે, જેને મન ન હોય તેને સંજ્ઞાથી જાણવું

**રાગે—**એવી રીતે કે પાણીનેવિષે પાણી પાનારી કોઇ સ્ત્રી તરૂણ પુરૂષને દેખે, અનુરાગે જોતાં પ્રાપ્તિ ન થઇ છતાં મરણ પામી તેમ.

**સ્નેહે—**એવી રીતે કે કોઇ સાર્થવાહીને પરદેશથી તેનો પતિ આવ્યો તેવારે, કોઇ મિત્રે પરીક્ષાનિમિત્તે પતિનું મરણ કહ્યું, તેથી સ્ત્રી મરણ પામી ને સ્ત્રીના મરણે સાર્થવાહ પણ મરણ પામ્યો તેમ.

**ભયે—**એવી રીતે કે જેમ શ્રી કૃષ્ણને દેખી સોમીલ મરણ પામ્યો તેમ.

**બીજું નિમિત્તથી—**(દંડ-ચાબુક દોરડાદિકે) મરણ પામે તે.

**ત્રીજું ખાવાથી**—અત્યંત ઘણો સરસ આહાર ખાવાથી મરણ પામે તે.

**ચોથું વેદના**—તે સઘાઘાતી શૂલાદિકથી મરણ પામે તે.

**પાંચમું પરાઘાત**—ખાડામાં પડી મરણ પામે તે.

**છઠું ફાસે**—( સર્પ-અગ્નિ-વિષપ્રમુખ સ્પર્શ ) થી મરણ પામે તે.

**સાતમું આણુપાણુ**—( શ્વાસોશ્વાસ ઓછાવત્તા લેવાથી કે શ્વાસોશ્વાસ રૂંધનથી ) મરણ પામે તે.

**આયુ બંધાય તે**—સરાગ સ્નેહે ભયાત્મક, દંડ શસ્રાદિક યોગ;
અતિ આહાર કર્યા થકી, સૂલાદિ વેદન યોગ.
પરાઘાત દ્રષ્ટે ઘાતક, સર્પાદિક સ્પર્શે જાણ,
શ્વાસોશ્વાસ રોગથી, આયુષ્યનું બંધાણ.

**ભાવસાધુના લીંગ**-ક્રિયા માર્ગાનુસારિણી, ધર્મે ઉત્કૃષ્ટતા ધાર;
પ્રજ્ઞાપણું ને ક્રિયા વિશુદ્ધ, શકય અનુષ્ઠાન સુસાર.
ભારે ગુણરાગી ભલો, ગુરૂઆણાયે પ્યાર,
ભાવ સાધુનાં તે ભલાં, સાત લીંગ સંભાર.

**વિનય પ્રકાર**— દશની ભક્તિ ન આશાતના, મન વચ કાયે માન;
ગુણીસંગ પિત્રુ આજ્ઞાએ, લોકોપચાર જાણ.

**નયના પ્રકાર**— નૈગમ સંગ્રહ વ્યવહાર, ઋજુ ને સંભિરૂઢ;
શબ્દ એવંભૂત એમ, નય સાત એમ રૂઢ.

**એને મુકો નહિ**—મનોયોગ ગુરૂભકિત ને, શીલ સત્ત્વે દયાધર્મ;
વળી વિનય તપ સાતને, મૂકો ન સમજી મર્મ.

**આ સુખમકાળ**-અકાળે નહિ કાળે વર્ષે, સાધુ સેવ અસાધુ નહિ;
ગુરૂસંગમાં પ્રીતિ ઘણું, મન વચ સુખ ઉછાહી.

**આ દુઃખમકાળ**-અકાળે વર્ષે કાળે નહિ, કુસાધુ સેવ સાધુ ટાર;
ગુરૂસંગ વર્ત્તાવ ખોટો, મન વચ દુઃખ અપાર

**આ પાપનું ફળ**-રોગ શોક પરિતાપ દુઃખ, વ્યસન ને વધબંધન;
આપ કીધ અપરાધ ફળ, મળે માનવ ને ગણ.

**જૈનમતના પ્રકાર**-સર્વજ્ઞ ધર્મ ને તત્ત્વાર્થો, પ્રમાણુ પ્રતિભા ધાર,
સેહ સિદ્ધ પર્યંત સાત છે, જૈન મતના પ્રકાર.

| | | |
|---|---|---|
| **સાધુ સાધ્વીની માંડલી—** | | સૂત્ર અર્થ ભોજન ગ્રહણ, પ્રતિલેખન આવશ્યક; સ્વાધ્યાય સંથારપોરિસિ, સાત માંડલી શકય. |
| **પીંડ પાણી એષણા—** | | અસંસૃષ્ટા સંસૃષ્ટા ને, ઉદ્ધતા અલ્પલેપિક; અવગૃહીતા પ્રગૃહીતા, ઉજ્ઝિત ધર્મા ઠીક. |
| **સ્થૂલિભદ્રની બ્હેનો—** | | જખ્ખા જખદીના ભૂયા, ભૂયદીના કહાય; સેણા વેણા રેણા બ્હેન, સ્થૂલિભદ્રની થાય. |
| **તીર્થંકરપદ—** | | દેવ જ્ઞાન સાધારણ દ્રવ્ય, શાસનવૃદ્ધિ કરનાર; તીર્થંકરપદ તે લહે, શાસ્ત્રમાંહિ તે સાર. |

૭ **ચૈત્યવંદન**—સાધુ હંમેશાં સાત ચૈત્યવંદન કરે તે-રાઇ-પ્રતિક્રમણમાં જગચિંતામણિનું. ૨ વિશાલ-લોચનનું. ૩ દેરાસરમાં. ૪ પચ્ચખ્ખાણ પારતાં જગચિંતામણિનું. ૫ આહાર કર્યા પછી જગચિંતામણિનું. ૬ દેવસિક પ્રતિક્રમણનું ( કોઇ નમોડસ્તુ વર્ધમાનાયનું કહે છે) ૭ સંથારાપોરિસિમાં ચઉક્કસાયનું.

## ૫૭ મી પાટે દાનસૂરિ થયા તેમના સાત બોલ.

(જુના પાના ઉપરથી )

૧ દિગંબરના ચૈત્ય, યતિ, શ્રાવકને વાંદવા યોગ્ય નહીં.

૨ એકલા શ્રાવક ગ્રહસ્થના પ્રતિષ્ઠા ચૈત્ય વાંદવા નહીં.

૩ અભિનિવેષ મિથ્યાત્વીનાં ધર્મકૃત્યો અનુમોદવા નહીં.

૪ ઉત્કૃષ્ટ ઉત્સૂત્રભાષીનું ધર્મકૃત્ય અનુમોદવા યોગ્ય નહીં.

૫ દ્રવ્યલીંગીના દ્રવ્યે પ્રાસાદ, પ્રતિમા નિપન્યા હોય તે વંદાનક નહીં.

૬ સ્વપક્ષીના ઘર વિષે અવંદનિક પ્રતિમા હોય તે સાધુના વાસક્ષેપે વંદનિક હોય.

૭ સાધુની કરેલ પ્રતિષ્ઠા શાસ્ત્રોમાં કહેલ છે.

**ગોચરીના સાત પ્રકાર**—૧ ક્ષીર ગોચરી, ૨ અમૃત ગોચરી, ૩ મધુકર ગોચરી, ૪ગો ગોચરી, ૫ રૂદ્ર ગોચરી, ૬ અજગર ગોચરી, ૭ ગદ્ધા ગોચરી. આનો વધુ ખુલાસો સાધુ સાધ્વી યોગ્ય તીર્થંકર આજ્ઞામાં આપ્યો છે ત્યાં જુઓ.

**સાધુની ભાષા કેવી હોય**—૧ થોડું, ૨ મીઠું, ૩ મધુર,

૪ વિચારી, ૫ કામ પડે, ૬ નિરવદ્ય, ૭ કપટ રહિત સુત્ર સિદ્ધાંતના આધારે બોલે.

**સાધુનું મોન**—૧ પ્રતિક્રમણે. ૨ ગમને. ૩ ભોજને. ૪ પ-ડિલેહણે. ૫ વડીનીતિ. ૬ લઘુનીતિ. ૭ ગ્રહણે.

**સાત પદવીયો**—૧ આચાર્યની. ૨ ઉપાધ્યાયની. ૩ સ્થાવરની. ૪ પ્રવર્તકની. ૫ ગણીની. ૬ ગણધરની. ૭ ગણાવચ્છની.

**સાત મરણ ક્ષેત્રો**—૧ કુશિષ્ય. ૨ કુશ્રાવકો. ૩ ચોર. ૪ અગ્નિ. ૫ પાણી. ૬ મૂષક. ૭ ધાડપાડુ.

---

## આઠ વસ્તુની સંખ્યા

**નવકારે મોક્ષ**—આઠ ક્રોડ અઠ લાખ પર, અઠ્યાશીસો આઠ;
નવકાર થકી ત્રીજા ભવે, મળે મોક્ષનો ઠાઠ.

### ઉપવાસના બદલામાં આઠ પચ્ચખ્ખાણ.

મનહર છંદ.

પીસ્તાલીશ દિવસ જે નવકારશીને કરે,
ચોવીશ દી પોરસીના સમ તેહી જાણ છે;
વીશ સાઢપોરસી ને પરિમુઢ આઠથકી,
ત્રણ નીવી કરવાથી બરોબર માન છે;
બે આંબિલ તપસ્યા ને ચાર એકાસણાં તેમ,
આઠ બેઆસણા માપ સરખું સમાન છે;
અપવાદ માર્ગે આમ ઉપવાસ બદલામાં,
કર પચ્ચખ્ખાણ કહ્યું લલિત પ્રમાણ છે. ॥ ૧ ॥

**પીંડના પ્રકાર**—આહાર ચો પ્રકાર ને, વસ્ત્ર પાત્રે છ ધાર;
કાંબળ રજોહરણે અડ, પીંડતણા પ્રકાર.

**ભીક્ષાચરિઆવીથી** રુજુગતિ ને પ્રત્યાગતિ, ગોમુત્રિકા પતંગ;
પેટા અધ પેટાભ્યંતર, સંબુક બાહ્યસંબુક

**આઠ નિમિત્તો**—સુપન સ્વર ભૂમિકંપ ને, વ્યંજન હસ્તની રેખ;
ઉત્પાત અંતરિક્ષ અંગ, નિમિત્ત નામ તે લેખ.

**આઠ સિદ્ધિ વા૦**—અણિમા મહિમા ગરિમા, લઘિમા પ્રાપ્તિ જોય,
**લઘિમ્ય.** પ્રાકામ્ય ઇશત્વ વશિત્વ, આઠ સિદ્ધિ તે હોય.

## તેનો વધુ ખુલાસો.

૧ **અણિમા**—કમળ જેવા ઝીણા છિદ્રમાં પેસવાની શક્તિ તે.
૨ **મહિમા**—મેરૂથી પણ મોટું શરીર કરવાની શકિત તે.
૩ **ગરિમા**—અત્યંત ભારે થવાની શકિત તે.
૪ **લઘિમા**—અત્યંત હલકા થવાની શકિત તે.
૫ **પ્રાપ્તિ**—મેરૂની ટોચ અને સૂર્યાદિકને સ્પર્શ કરવાની શકિત તે.
૬ **પ્રાકામ**—પાણીમાં પૃથ્વીની જેમ ચાલે ને પૃથ્વીમાં પાણીની જેમ ડૂબે તે.
૭ **ઈશિત્વ**—સ્થાવર આજ્ઞા માને ને તીર્થંકર તથા ચક્રવર્તીની રિદ્ધિ વિસ્તારે તે.
૮ **વશિત્વ**—જીવ અજીવ સર્વ પદાર્થ વશ થાય તે.

## પ્રતિક્રમણના આઠ પર્યાય.

૧ **પ્રતિક્રમણ**—પાપથી ઓસરવું તે.
૨ **પ્રતિચરણ**—શુભ યોગ પ્રત્યે વારંવાર ગમન તે.
૩ **પ્રતિહરણ**—સર્વ પ્રકારે અશુભ યોગ ત્યાગ તે.
૪ **વારણા**—અકાર્ય કરવાનું વારવું તે.
૫ **નિવૃત્તિ**—સાવદ્ય કાર્યથી નિવર્તવું તે.
૬ **નિંદા**—આત્મસાક્ષીએ પાપ નિંદવું તે.
૭ **ગર્હા**—ગુરૂસાક્ષીએ પાપ નિંદવું તે.
૮ **શુદ્ધિ**—આત્માને નિર્મળ કરવો તે.

## આઠ પ્રકારે ક્રિયાવાદી.

### મનહર છંદ.

અનેકવાદી આત્માને ઘણા માને અને વળી,
એકવાદી આત્મ એક માન તો જણાય છે;
મિતવાદી જીવને તો અંગુષ્ટ પર્વસં માને,
નિમિત્તવાદી ઇશ્વર કર્તા કહે જાય છે.
શાતાવાદી સુખ ભોગો ભોગવતાં શાતા માને,
સમુચ્છેદ ક્ષણે ક્ષણે વસ્તુ ઉચ્છેદાય છે;
નિયતવાદી એકાંત લોક માને નાસ્તિકથી,
પરલોક પુન્ય પાપ મોક્ષ ક્યાં મનાય છે.

**આઠ પ્રમાદ—** અજ્ઞાન ક્રોધાત સંશય, મિથ્યાત્વ ઉલટ જ્ઞાન;
રાગ દ્વેષ સ્મૃતિ ભ્રંશ, ધર્મયોગે નહિ માન.

## અષ્ટ પ્રવચનમાતા.

**પ્રવચનમાતા**—ઇરિયા ભાષા એષણા, આદાનભંડમત્ત
પરિષ્ઠાપનિક તિ ગુપ્તિયે, અડ પ્રવચન મા સંત.

૧ **ઇરિયાસમિતિ**—આગળ ધુંસરા પૂર જમીન જોતાં જયણાયે ચાલવું તે.

૨ **ભાષાસમિતિ**-નિર્વદ્ય ભાષા. બીજાના આત્માને દુઃખ થાય નહિ, તેમ પોતાનો આત્મા ખરડાય નહી તેમ બોલે.

૩ **એષણાસમિતિ**—બેંતાલીશ દોષ રહિત નિર્દોષ આહારની જ ગવેષણા તે.

૪ **આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિ**—કાંઇપણ વસ્તુ લેતાં-મૂકતાં પૂજવું-( દ્રષ્ટિથી જોવું ) પ્રમાર્જવું તે.

૫ **પરિષ્ઠાપનિકાસમિતિ**—ઠલ્લો માત્રાદિ પરઠવતાં અણુજાણહ જસુગ્ગો ને પરઠવ્યા પછી ત્રણ વાર વોસિરે કહેવું તે.

૮ [1]**મન** [2]**વચન** અને [3]**કાયાનું** ગોપવવું તે—અષ્ટ પ્રવચનમાતા.

## આઠ કારણે એકલવિહારી થવાય.

**દુહા**—શ્રદ્ધાવંત સત્યવાદી ને, બુદ્ધિવંત બહુશ્રુત,
ક્રોધ વિનાનો ને વળી, સહી શક્તિયે જુત;
સંતોષી ને વીર્યવંત, એ ગુણ આઠ કહાય.
એમ સાધુ અડ કારણે, એકલ વિહારી થાય.

## વળી બીજી રીતે એકલવિહારી.

**આ આઠ ગુણે પણ સાધુ એકલો રહે**—૧ સંયમને વિષે દ્રઢ. ૨ જઘન્યથી દશ અને ઉત્કૃષ્ટથી ચૌદપૂર્વી. ૩ ચાર જ્ઞાનનો ધણી. ૪ ત્રણ જ્ઞાનનો ધણી. ૫ કલેશરહિત. ૬ બળસહિત. ૭ સંતોષી. અને ૮ ધીર્યવંત.

**આ આઠ દુર્ગુણે સાધુ એકલો રહે**—૧ ક્રોધી. ૨ માની. ૩ માયાવી. ૪ લોભી. ૫ કુતુહળી. ૬ ધૂર્ત—( ઠગવતી ). ૭ પાપમાં રકત. ૮ દુષ્ટ આચારવાળો.

**આ આઠ આત્મા**–દ્રવ્ય કષાય યોગાત્મા, ઉપયોગાત્મા જ્ઞાન;
દર્શન ચારિત્ર ને વીર્ય, આઠ આત્મા માન.

**આ યોગનાં અંગ**–યમ નિયમ આસન અને, પ્રાણાયામ પ્રત્યાહાર;
ધારણા ધ્યાન સમાધિયે, યોગ અંગ અડ ધાર.

**આઠ પ્રકારે ઉદ્યમ કરવોસારો**—૧ પૂર્વના પાપ ખપાવવા, ૨ નવા પાપ નહિ થવા, ૩ ભણેલું વિચારવા, ૪ નવીન ભણવા, ૫ નવીન શિષ્ય કરવા, ૬ જૂના શિષ્યને ભણાવવા, ૭ સંઘનો કલેશ મટાડવા, ૮ તપ સંયમમાં વીર્ય ફોરવવા.

**આચાર્યની આઠ સંપદા**—૧ આચાર, ૨ શરીર, ૩ સૂત્ર, ૪ વચન ૫ વાંચના, ૬ મતિ, ૭ સંગ્રહ, ૮ પરિણામિક.

**આદર કરવાનાં આઠ વચનો**—૧ જ્ઞાન ભણવાનો ઉદ્યમ, ૨ આવતા કર્મને રોકવા, ૩ જૂના કર્મને તપથી ખપાવવા, ૪ નિર્ધન ઉપર સ્નેહ, ૫ નવીન સાધુને જ્ઞાન ભણાવવા, ૬ જ્ઞાન ભણીને વિચારવા, ૭ સ્વજાતિઓમાંથી કલેશ શાંત કરવા, ૮ વૃદ્ધ બાળ, ગ્લાન, તપસ્વીની વૈયાવચ્ચ કરવા.

**આ આઠ દુર્લભ**—મોહનીકર્મને ક્ષય કરી, રસેંદ્રિ વશ રખાય;
મનોયોગ યોવન શીલ, કરપી દાન કરાય.
કાયર સંયમ પાળવું, ક્ષમા માનીને માન;
તરૂણ વયે ઇંદ્રિય વશ, દુર્લભ આઠે જાણ.

**આ આઠ દ્રષ્ટિ**—મિત્રા તારા બલા અને, દિપ્રા સ્થિરા પ્રમાણ;
કાંતા પ્રભા પરા એમ, દ્રષ્ટિ આઠ દિલ જાણ.

**આ આઠ પ્રાપ્તિ**—જ્ઞાન ધર્મ બલ કામ તેમ, પાત્ર સંગ્રહ વિજ્ઞાન;
સર્વાર્થ એમજ રાજ્યની, એ અડ પ્રાપ્તિ જાણ.

**સાધુનીપુષ્પ પૂજા**–અહિંસા સત્ય અસ્તેય બંભ, અપરિગ્રહ ગુરૂસેવ;
તપ જ્ઞાન નિરવદ્ય સાધુ તે, અઠ પુષ્પે કરે સેવ.

**અન્યમતે પુજા**—અહિંસા પંચેંદ્રિ નિગ્રહ, દયા ક્ષમા ને ધ્યાન;
તપ જ્ઞાન સત્ય અન્યમતે, પૂજાનું પ્રમાણ.

**જીવનું સામાન્ય**—મન ચેતન જ્ઞાન વિજ્ઞાન, ધારણ બુદ્ધિ ધાર;
**લક્ષણ**— . . ઇહાપોહ વિચાર જીવનું, સામાન્ય લક્ષણ સાર.

**આ આઠ અભવી**—સંગમ કાલ કસાઇ ને, કહી કપીલા નાર,
અંગારમર્દન આચાર્ય, નોજીવ પ્રરૂપનાર.
પાંચમો મુનિ [1]પાલકને, કૃષ્ણસુત [2]નામે પાલ.
ઉદાયીઘાતક [3]વિનયરત્ન, અભવી આઠ નિહાલ.

**પ્રસંગે ભવિ અભવિ ખુલાસો.**

**અભવિ ન પામે**—સલાકી અનુત્તરવાસી, ત્રાયતિંશક જાણ;
ચૌદપૂર્વી ઇંદ્રપણું, ને જિન વાર્ષિકદાન.
દીક્ષા તીર્થંકર કહી, શાસનદેવી યક્ષ;
અભવી એ પામે નહિ, શાસ્ત્રે શાખ પ્રત્યક્ષ.

**ભાવની ઓળખ**—ભવ્ય અભવ્ય જીવ લક્ષણે, સમજાવ્યો એ સાર;
હું ભવ્ય વા અભવ્ય છું તે, ભવિને થાય વિચાર.

**અભવિનો બોધ**—ભવિના બોધ્યા જીવથી, અભવીના અવધાર;
અનંતગુણા મોક્ષે ગયાં, નયચક્રે નિરધાર.

**પીંગળના આઠ ગણ**

**આ આઠ ગણો**—મગણ નગણ અને યગણ, ભગણ સગણથી ભેલ;
તગણ જગણ મેળી રગણ, કર કવિતા રસરેલ.

**આઠે ગણના લઘુ ગુરૂની સમજ.**

મનહર છંદ.

મગણમાં ત્રણ ગુરૂ, નગણમાં લઘુ ત્રણ,
લઘુ ગુરૂ ગુરૂ એમ યગણમાં આવે છે;
ગુરૂ લઘુ લઘુ ગણ ભાળીયે તે ભગણમાં,
સગણમાં લઘુ લઘુ ગુરૂ એક ગાવે છે;
ગુરૂ ગુરૂ લઘુ એક તગણમાં આવે તેમ,
લઘુ ગુરૂ લઘુ તે તો જગણમાં જાવે છે;
ગુરૂ લઘુ ગુરૂ રોજ રગણમાં આવી રહે.
પીંગળે **લાલત** ગણ આઠે એમ ધાવે છે ॥ ૧

**લઘુ ગુરૂ પદ**—સારંગી ભજન ગવાવી ભોજન ગમતા ખાય;
સંસાર અપાર આથડે, એનો નહિ ઉપાય,

---

[1]પાલક, ૨ પાલક, ૩ નામના સાધુ.

**આઠ વ્યાકરણ**–ઇંદ્ર ચંદ્ર કાશી કાચ્છન, પીસલી શાકટાયન;
પાણીનીય જૈન અમર, અડ વ્યાકરણ તે ગણુ.

## આઠ નિન્હવ–તેમનો મત અને સમય—

**પહેલો જમાલિ**– તે મહાવીરસ્વામીને કેવળજ્ઞાન થયા પછી ૧૪ મે વર્ષ થયો. તે મહાવીરસ્વામીની બહેન સુદર્શનાનો પુત્ર અને તે મહાવીરસ્વામીની પુત્રી પ્રિયદર્શનાને પરણ્યો હતો. તેણે એક સમયે વસ્તુ ઉપજે નહિ, પણ વસ્તુ ઉપજતાં ઘણો સમય લાગે એવી સદ્દહણા રાખી હતી. તે ભગવાનથી જુદો વિચરી છઠ્ઠ અઠ્ઠમાદિ તપ સહિત ચારિત્ર પાળી છેવટ ૧૫ દિવસનું અનસન કરી કાળ કરી ૧૩ સાગરોપમ આયુવાળો કિલ્વિષી દેવ થયો, ત્યાંથી ચ્યવી ઉત્સૂત્રપ્રરૂપણાને લીધે ઘણો કાળ ભવભ્રમણ કરી શિવપદ પામશે.

**બીજો તિષ્યગુપ્ત**—તે વીર પ્રભુને કેવળજ્ઞાન થયા પછી ૧૬ મા વર્ષે થયો. તેણે આત્માના સર્વ પ્રદેશમાં છેલ્લા પ્રદેશે જીવ રહે છે એવી સદ્દહણા રાખી હતી. તેને–આમલ કલ્પાયે મિત્રશ્રી શ્રાવિકાના ઘરે વહોરાવવાના વખતે પ્રતિબોધથી શુદ્ધ થયો.

**ત્રીજા અષાઢાભૂતિના શિષ્યો**—તે વીરના નિર્વાણ પછી ૨૧૪ વર્ષે થયા. તેમણે સંયત તથા અસંયત ઇત્યાદિક સર્વે પદાર્થો નિશ્ચયનયે કરી અવ્યક્ત છે, એવી સદ્દહણા રાખી હતી. તેણે રાજગ્રહીના બળભદ્ર રાજાની ધમકીના ભયથી પ્રતિબોધ પામી આલોચના કરી.

**ચોથો અશ્વમિત્ર**—તે વીર નિર્વાણ પછી ૨૨૦ વર્ષે થયો. તેણે સર્વ પદાર્થો ઉત્પન્ન થયા પછી તેનો ઉચ્છેદ થાય છે એવી પ્રરૂપણા કરી, તેથી ગુરૂએ કાઢી મૂકયો. તેને રાજગ્રહીના શ્રાવકોએ મારવાથી બોધ પામી પ્રભુની વાણી અંગીકાર કરી.

**પાંચમો ગાંગદેવ**—તે વીર નિર્વાણ પછી ૨૨૮ વર્ષે થયો. તે મહાગિરિના શિષ્ય ધનગુપ્તનો શિષ્ય હતો. તેણે એક સમયે જીવ બે કિરિયા વેદે, એવી સદ્દહણા રાખી હતી. તેને રાજગ્રહીમાં મણીનાગ નામના યક્ષે મુદ્દગરના મારની ધમકી આપી તેથી બોધ પામી શુદ્ધ થયો.

**છઠ્ઠો રોહગુપ્ત**—તે વીર નિર્વાણ પછી ૫૪૪ વર્ષે ગુપ્તસૂરિનો શિષ્ય થયો. તેણે પરિવ્રાજકના વિવાદમાં નોજીવની પ્રરૂપણા કરી તિરાશીક મત થાપ્યો, તેની માફી નહિ માગવાથી ગુરૂએ કાઢી મૂકયો. પછી તે વિશેષિક મતધારી થયો.

**સાતમો ગોષ્ટામહિલ**—તે વીર નિર્વાણ પછી ૫૮૪ વર્ષે થયો. તે આર્યરક્ષિતસુર્યસુરિનો શિષ્ય થાય. તે અબદ્ધ સ્પષ્ટ કર્મવાદી થયો, એટલે કર્મ જે છે તે આત્માના પ્રદેશ સાથે ( અબદ્ધ કે સ્પષ્ટ ) મળ્યા નથી, પણ સર્પ કંચુકીવત્ ફરસ માત્ર છે. એવી પ્રરૂપણા કરી. તેને આચાર્યે સમજાવ્યા છતાં ન માનવાથી સંઘે અને આચાર્યે તેનો બહિષ્કાર કર્યો.

આ પ્રમાણે સાત નિન્હવોનું વર્ણન કર્યું, તે સર્વે જિનેશ્વરના સ્વલ્પ વચનના ઉત્થાપક હતા. હવે ભગવાનના ઘણા વચનનો ઉત્થાપક દિગંબર મત કાઢનારનું સ્વરૂપ કહી બતાવે છે.

**આઠમો શિવભૂતિ**-( સહસમલ્લ )-તે મહાવીર નિર્વાણ પછી ૬૦૯ વર્ષે થયો. તે કૃષ્ણસૂરિનો સ્વયમેવ કપડાં પહેરી લીધેલ શિષ્ય થયો. ગુરૂએ બે પ્રકારે જિનકલ્પની વ્યાખ્યા કરી, ત્યાં તેને પરિગ્રહનો સર્વથા ત્યાગ કરવો તે શ્રેષ્ઠ છે, એમ કહી દિગંબર મત અંગીકાર કર્યો. તેની વિશેષ હકીકત ઉતરાધ્યયન આદિક ગ્રંથોથી જાણી લેવી. ત્યાં વિસ્તારે સમજાવી છે.

તે સિવાય પણ બીજા મૂર્તિ ઉત્થાપક આદિ ઉત્સૂત્રપ્રરૂપક નિન્હવો છે, તે ગીતારથ પુરૂષોથી સમજી જાણી લેવા. તેમ આ સર્વેની વિસ્તારે હકીકત પણ ઉત્તરાધ્યયનાદિક બીજા ગ્રંથોથી જાણી લેવી. ઇતિનિન્હવ.

---

## નવ વસ્તુની સંખ્યા.

**નવકારે નર્ક ટળે**—નરક ટળે નવ લાખથી, નિરમળ ગણ નવકાર,
ભાવ ભલાને ભેળવે, પમાય ભવનો પાર.

### શીલની નવ વાડ વર્ણન.

૧ પશુ, નપુંસક અને સ્ત્રી રહિત સ્થાનકે રહેવું.
૨ સ્ત્રીની કથા વાર્તા સરાગે કરવી નહિ.

# શીલરત્ન રક્ષણે નવવાડ




નવવાડ આ એ નિર્મળી, પાળો ધરી સુપ્યાર,
શિવપુર સંચરવા સહી, કરશો શુદ્ધ સ્વીકાર;
સમ્યક્ પ્રકારના શીલને, વંદન વારંવાર,
દુષ્ટ દુર્ગતિ દ્વાર સમ, અબ્રહ્મનેજ ધિક્કાર.

૩ જે આસને સ્ત્રી બેઠી હોય તે આસને બ્રહ્મચારી પુરૂષે બે ઘડી સુધી અને તેજ પ્રમાણે બ્રહ્મચારિણી સ્ત્રીએ પુરૂષના આસને ત્રણ પહોર સુધી બેસવું નહિ.

૪ સ્ત્રીના અંગોપાંગ સરાગ દ્રષ્ટિયે જોવાં નહિ.

૫ ભીંત પ્રમુખને આંતરે સ્ત્રી પુરૂષ બન્ને સુતાં હોય કે કામભોગ સંબંધી વાતો કરતાં હોય ત્યાં બેસી રહેવું નહીં

૬ પૂર્વ અવસ્થામાં સ્ત્રી સાથે કામક્રીડાદિ કીધી હોય તેનું સ્મરણ કરવું નહિ.

૭ સરસ અને માદક એવો આહાર લેવો નહિ.

૮ નિરસ એવો આહાર પણ ચાંપીને લેવો નહિ.

૯ શરીરની શોભાદિક કરવી નહિ.

## શુદ્ધ શીલનો પ્રભાવ ને તેનું ફળ.

મનહર છંદ.

શુદ્ધ શિલ માન્યું વર કુળની ઉન્નતિકર,
પરંભૂષણ તે ઘર અહિ માળ થાય છે;
નહિ જાય તેવું ધન ઘણે ઘણું થાય ગણ,
સુગતિનું સ્થાન એથી અગ્નિ શીત થાય છે;
કુગતિનો નાશ કરે યશ ઘણો આવે ખરે,
નિવૃતિના હેતુ પરે શીલ તે ગણાય છે;
શૂળી સિંહાસન કલ્પવૃક્ષ જાણો ઝેર સુધા,
જેવું તે લલિત તેવું શીલ સુખદાય છે;

## બ્રહ્મચર્ય ગુણ સ્તવનાયે વીશ સ્થાનક.

## પુજાની બારમી ઢાળ

જિન પ્રતિમા જિન મંદિરા, કંચનનાં કરે જેહ,
બ્રહ્મવ્રતથી બહુ ફળ લહે, નમો નમો શિયલ સુદેહ.

કયું જાણયું કયું બની આવશી—એ દેશી.

બ્રહ્મચર્ય પદ પૂજીએ, વ્રતમાં મુકુટ સમાન હો વિનીત.
શિયલ સુરતરૂ રાખવા, કહી નવ વાડ ભગવાન હો વિનીત.
નમો નમો બંભવયધારિણં ॥ ૧ ॥ એ આંકણી.

કૃત કારિત અનુમતિ તજે, દીવ્ય ઓદારિક કામ હો વિનીત;
ત્રિકરણ યોગે એ પરિહરે, ભેદ અઢાર ગુણધામ હો વિ૦નમો॥ ૨

દશ અવસ્થા કામની, ત્રેવીશ વિષય હરંત હો વિનીત૦
અઢાર સહસ શીલાંગ રથે, બેઠા મુનિ વિચરંત હો વિ૦ન૦॥ ૩
દ્રવ્યથી ચાર દારા તજે, ભાવે પરપરિણતિ ત્યાગ હો વિ૦
દશ સમાધિ ઠાણુ સેવતાં, ત્રીશ અબંભનાં મયાગહો વિ૦ન૦॥ ૪
દીયે દાન સોવન કોડિનું, કંચન ચૈત્ય કરાય હો વિ૦
તેહથી બ્રહ્મવત ધારતાં, અગણિત પુણ્ય સમુદાય હો વિ૦ન૦॥ ૫
ચોરાસી સહસ મુનિદાનનું, [1]ગૃહસ્થ ભક્તિફળ જોય હો વિ૦
ક્રિયા ગુણઠાણે મુનિ વડા, ભાવ તુલ્ય નહિં કોય હો વિ૦ ન૦॥ ૬
દશમે અંગે વખાણિયો, ચંદ્રવર્મા નરિંદ હો વિ૦
તેમ આરાધી પ્રભુતા વર્યો, સૌભાગ્યલક્ષ્મી સુરીંદ હો વિ૦ન૦॥ ૭

## પ્રસંગે શિયળ આશ્રયી દુહા.

**શીલનું ફળ—** ચુલશી સહસ મુનિ દાને, જે ફળ જોગ જણાય;
તે બ્રહ્મવતીની ભક્તિયે, ભલા ભાવથી થાય.

**બરોબરી નથી—** દાન કનક કોડિ દીયે, કંચન ચૈત્ય કરાય;
શુદ્ધ બ્રહ્મવતી સંગ તે, બરોબરી નહિં થાય.

**વિશ્વાસ ન કરો—** જ્યાંસુધી ધર્મી જીવડો, શ્રેયનો અર્થી હોય;
ત્યાં તક ઇંદ્રિયવિષયનો, વિશ્વાસ કરો ન કોય.

**વિષયથી ડરો—** સુકુમાલિકા જેહ ગતિ, કાને તેહ કરાય;
રસક ભસક બહેન જેહ, સાધ્વીની ગતિ થાય.

**ત્યાંસુધી જીતેંદ્રિ—** તપસી જ્ઞાની ને યતિ, જીતેંદ્રિ ત્યાં તક જાણ;
નારી નજરે નહિ પડ્યા, તે ત્યાં સુધી પ્રમાણ.

**બંભી ને અબંભી—** અબંભી તે બંભીને, પડવ રાત્રે પાય,
પોતેજ લુલા પાંગળા, દુર્લભબોધી થાય.

**સાધુને સ્ત્રી સેવે—પાપ** સગર્ભા સ્ત્રીના એકલખ, નિર્દય પેટ ચીરાય,
તેથી તરફડ્યા જીવનું, મારે પાપ જે થાય.
તેશું નવગણુ પાપ એક, સ્ત્રી-સેવનનું જાણ.
સાધુ સંબંધે સૂચવ્યું, છંડો તેહ સુજાણ.

**નવ રસ નામ—** હાસ્ય કરૂણા રૂદ્ર વીર, ભયાનક બિભત્સ જાણ;
અદ્ભુત શાંત શ્રૃંગારના, નવરસ નામ પ્રમાણ.

---

૧. વિજય શેઠ અને વિજયા શેઠાણીની ભક્તિ.

## આ મુનિઓનું કુટુંબ.

શાર્દૂલવિ૦ છંદ.

ધીર્ય યશઃ પિતા ક્ષમા ચ જનની, શાન્તિશ્ચિરં ગેહિની,
સત્યં સુનુર્યં દયા ચ ભગિની, ભ્રાતા મનઃસંયમઃ
શય્યા ભૂમિતલં દિશોઽપિ વ્યસનં, જ્ઞાનામૃતં ભોજનમ.
ચૈતે યસ્ય કુટુંબિનો વદ સખે! કસ્માત્ ભયં યોગિનઃ ?

**કરેમિ ભંતે**—દેવસી રાઇ પ્રતિક્રમણે, ત્રણ ત્રણ તિંહા થાય;
ત્રણ સંથારા પોરસી, કરેમિ ભંતે કરાય.

**સાધુનો વિહાર**--ચાતુરમાસી એક ને, અડ માસે અડ ધાર;
સાધુ સંબંધી સૂચવ્યો, તે નવ કલ્પી વિહાર,

**સાધ્વીનો વિહાર**-ચાર્તુમાસનો એક ને, અડ માસી ચોધાર;
સાધ્વી અર્થે સૂચવ્યો, પંચ કલ્પી વિહાર.

**આ નવ વિગય**—દુધ દહીં ઘી ગોળ તેલ, ભક્ષ વિગય તે ભાય;
માખણ મધુ મધ માંસ તે, ચારે અભક્ષ ગણાય

**નવમેથી પડયા**—નવમે ગ્રૈવેયક ચઢ્યા, પડયા અભવી પહાણ;
કાંઇ ઉણા દશપૂર્વી, શાસ્ત્રે શાખ પ્રમાણ.

**નવ પ્રકારનો પરિગ્રહ**—ધનધાન્ય ક્ષેત્ર વસ્તુઅને, સોનુ રૂપુ કુપદ;
દ્વીપદ ચોપદ નવ વિધે, પરિગ્રહની કહી હદ.

### નવ પાપશ્રુત.

૧ ઉત્પાત રૂધિર વૃદ્ધિ પ્રમુખ
૨ નિમિત્તશાસ્ત્રનો વર્તાવ
૩ મંત્રશાસ્ત્રનો વર્તાવ
૪ આઇરક માતંગ વિદ્યાશાસ્ત્ર
૫ સંથારો કંબલાદિ પ્રમુખ
૬ બોંતેર કળાશાસ્ત્ર
૭ વાસ્તુકશાસ્ત્ર
૮ અજ્ઞાન શાસ્ત્ર ભારતાદિ
૯ મિથ્યા પ્રવચન શાકયાદિ દર્શનશાસ્ત્ર

**નવ મોટી પદવીયો**—૧ તીર્થંકરની, ૨ ચક્રવર્તીની, ૩ વાસુદેવની, ૪ બળદેવની, ૫ કેવળીની, ૬ સાધુની, ૭ શ્રાવકની, ૮ સમકિતની, ૯ માંડલિકની,

**નવ પ્રકારના પ્રત્યનીકો-શત્રુઓ**—૧ આચાર્યનો ૨ ઉપાધ્યાયનો. ૩ સ્થવિરનો. ૪ કુલનો. ૫ ગણનો. ૬ સંઘનો. ૭ જ્ઞાનનો. ૮ દર્શનનો. ૯ ચારિત્રનો.

**નવ પ્રકારે પાપશાસ્ત્ર**—૧ ઉત્પાત. ૨ નિમિત્ત. ૩ મંત્ર ૪ માતંગ. ૫ વૈદક. ૬ કળા. ૭ આભરણ. ૮ અજ્ઞાન. ૯ મિથ્યાત્વપ્રવચન.

### નવ તત્ત્વ સમજનો કોઠો.

| | તત્ત્વનામ. | રૂપી ભેદ | અરૂપી ભેદ | તે કેવાં છે | સાત અને બે તત્ત્વો કરવાની રીત. |
|---|---|---|---|---|---|
| ૧ | જીવ | ૧૪ | ૦ | જાણવા યોગ્ય | પુન્ય અને પાપ શુભાશુભ કર્મ હોવાથી તે |
| ૨ | અજીવ | ૪ | ૧૦ | જાણવા યોગ્ય | આશ્રવમાં ભળે તેથી સાત થાય. |
| ૩ | પુન્ય | ૪૨ | ૦ | આદરવાયોગ્ય | **બે તત્ત્વ કરવાની રીત.**<br>સંવર-નિર્જરા અને મોક્ષ તે આત્માના |
| ૪ | પાપ | ૮૨ | ૦ | છાંડવા યોગ્ય | સ્વાભાવિક ગુણ હોવાથી તે જીવમાં ભળે |
| ૫ | આશ્રવ | ૪૨ | ૦ | છાંડવા યોગ્ય | પુન્ય અને પાપ બે કર્મ છે ને કર્મ છે તે<br>આશ્રવ છે ને આશ્રવ તે મિથ્યા દર્શના- |
| ૬ | સંવર | ૦ | ૫૭ | આદરવાયોગ્ય | દિથી થયેલ જીવનો મલીન સ્વભાવ છે |
| ૭ | નિર્જરા | ૦ | ૧૨ | આદરવાયોગ્ય | માટે તેણ જીવમાં ભળે. અને આશ્રવ |
| ૮ | બંધ | ૪ | ૦ | છાંડવા યોગ્ય | પણ કર્મબંધ હોવાથી જીવને થાય માટે તે<br>પણ જીવમાં ભળે, અને જેટલા જડ પદાર્થો |
| ૯ | મોક્ષ | ૦ | ૯ | આદરવાયોગ્ય | છે તે સર્વે અજીવ છે એવી રીતે જીવ અને<br>અજીવ બે તત્ત્વો ઠાંણાગસૂત્રમાં કહેલ છે. |

# દશ વસ્તુની સંખ્યા.

## દશ પ્રકારે યતિ-ધર્મ.

### મનહર છંદ.

ક્ષમા ક્રોધનો અભાવ માન માર્દવે હઠાવ;
આર્જવ તે કપટથી રહિત થવાય છે,
મુક્તિ લોભનો વિનાશ તપે ઇચ્છારોધ ખાસ,
સંયમ સત્તર ભેદે પાળવા કહાય છે;
સત્ય ધર્મ સાચું બોલો શૌચે શુદ્ધ આહાર લ્યો,
શરીર શુદ્ધિ કષાય કર્ષે કમાવાય છે;
અકિંચને મુર્ચ્છા મોડ બ્રહ્મે મૈથુનને છોડ,
દશ વિધ શું લલિત પાળે યતિ થાય છે.

**દશ અધર્મ પ્રકાર**—ક્રોધ, માન, માયા, લોભ, ઇચ્છાઓ, મમત્વ, અસત્ય મન-વચ-કાયાની અપવિત્રતા ) શૌચ, ધનાદિક અને અબ્રહ્મ.

**દશ સમાધિ સ્થાન**—ખંતી મુત્તી આર્જવ ને, માર્દવ લાઘવ માન;
સત્ય સંયમ તપ ક્રિયા બંભ, દશ તે સમાધિસ્થાન.

## સાધુના દશ કલ્પ (આચાર)

મનહર છંદ.

અચેલક વસ્ત્ર વિના ઉદ્દેસ આહાર શુદ્ધિ,
સજ્જાતર વસ્તુ બાર ખપવાનો કાર છે;
રાજપિંડ નહિ ખપે રાય સત્તાવાળો કહ્યો,
કૃત કર્મે વંદનની વિધિ વ્યવહાર છે;
વયતે વ્રતની વિધિ જેષ્ટ રત્નાધિક્કાર,
પ્રતિક્રમણ પાંચ કે બેનો ત્યાં વિચાર છે;
માસકલ્પ માન ચાર પર્યુસણા કલ્પકાર.
લલિત સાધુ આચાર દશનો આ સાર છે.

## તે કલ્પનું મહત્ત્વ.

**કલ્પનો પ્રભાવ**—દશે પ્રકારના કલ્પ આ, દોષ રહિત કરાય;
ત્રીજા ઔષધ વત્ત એહ, હરદમ હિતકર થાય.

## દશવૈકાલિકના દશ અધ્યયનો.

મનહર છંદ.

પહેલું દ્રુમ પુષ્પિકા શ્રમણપૂર્વિકા બીજું,
ત્રીજું ક્ષુલકાચારે ત્યાં સુઆચાર કાર છે;
ષટજીવ નિકાય ચો પંચમુ પિંડૈષણાનું,
મહાચાર કથા છમાં પાપના પ્રકાર છે.
સાતમું સુવાક્ય શુદ્ધિ આચાર પ્રણિધિ અડ,
વિનય સમાધિનવે સભિખુયે સાર છે;
દશવૈકાલિકે દશ લલિત આ અધ્યયનો,
સાધુપણા વિષે સાચો એનોજ આધાર છે. ॥ ૧ ॥

## જંબુસ્વામી પછી દશ વસ્તુનો વિચ્છેદ.

મનહર છંદ.

મન:પર્યવજ્ઞાન ને પરમાવધિનું જ્ઞાન,
પુલાક લબ્ધિ આહાર શરીર મણાય છે;

ક્ષપકશ્રેણી ને વળી ઉપશમશ્રેણી એમ,
જિનકલ્પનો આચાર ગયાનું કહાય છે;
સૂક્ષ્મસંપરાય તેમ પરિહારવિશુદ્ધને,
યથાખ્યાત તિ ચારિત્ર વિરહ વદાય છે;
કેવળજ્ઞાન ને મોક્ષ **લલિત** આદશ વસ્તુ,
જંબૂસ્વામી સંગ ગઇ શાસ્ત્રે સમજાય છે. ॥૨॥

**દશ ભેદે મુંડ**—સ્પર્શ રસ ઘ્રાણુ ચક્ષુ ને, શ્રોત ક્રોધ ને માન;
માયા લોભ મસ્તક મુંડ, દશ પ્રકારના જાણુ.

**દશ સંકલેશ**—ઉપકરણુ ઉપાશ્રય ભક્ત, કષાય મન વચન કાય;
જ્ઞાન દર્શન ચારિત્ર દશ, સંકલેશ સમજાય.

**આકાશ સઝાય**—ઉલ્કાપાત દિશિદાહ ગાજ, વીજ નિર્ઘાત સંધ્યાકાળ
યક્ષાલિપ્ત ધુંવાડા ધુમર, રજોવૃદ્ધિ દશ ન્યાળ.

**જીવ પરિણામ**-જીવ ગતિ ઇંદ્રિય લેશ્યા, યોગ ઉપયોગ જ્ઞાન;
દર્શન ચારિત્ર વેદનો, પરિણામ દશ પ્રમાણુ.

## દશ રૂચિ અને વિસ્તારે ખુલાસો.

મનહર છંદ.

જિનોક્ત તત્ત્વે પહેલી બીજી ગુરૂવાદિ બોધે,
સર્વજ્ઞ વચને ત્રીજી રૂચિ તે ગણાય છે;
સૂત્ર સિદ્ધાંતની ચોથી વાકય અર્થે કહી પાંચ,
અભિગમ વિશેષની છઠ્ઠી સમજાય છે;
દ્વાદશાંગી નયે કરી વિચારતાં સાત થાય.
સંયમની ક્રિયા રૂચિ આઠમી મનાય છે;
વિસ્તારાર્થે કહી નવ દશમી તે શ્રુત ધર્મે
રૂચિ ત્યાં **લલિત** રાખ દશે સુખદાય છે. ॥૧॥

**આશાતના તજી**—પ્રથમ પંચ પરમેષ્ઠિનો, પ્રવચન અને ચૈત્ય;
**ભક્તિ કરો**—બિંબ સંઘ દર્શન ભક્તિયે, આશાતના તજ નિત્ય.

**દશનો વિનય કરો**–અર્હં સિદ્ધ ચૈત્ય શ્રુતનો, યતિધર્મ સાધુ સૂરિ-
પાઠક સંઘ સમકિતનો, ભાવો વિનય ભૂરિ.

**વૈયાવચ્ચ કરો**—આચાર્ય પાઠક પ્રવર્તક, સ્થવિર તપસ્વી ગ્લાન;
નવદીક્ષિત કુલ ગણુ સંઘ, વૈયાવચ્ચ વર માન.

## દશવિધ ચક્રવાળ સામાચારી

**સામાચારી નામ**—ઇચ્છાકાર મિથ્યાકાર, તથાકાર આવશ્યક;
નૈષધિકી આપૃચ્છના, સાતમે પ્રતિપૃચ્છ.
છંદણા ને નિમંત્રણા, ઊપસંપદા જાણ;
ચક્રવાળ સામાચારી, પ્રવચન સાર પ્રમાણ.

**મુનિને ભોજન માટે**—પ્રાર્થના કરવામાં આવે તે છંદના અને જ્યારે મુનિ ગ્રહણ ન કરે ત્યારે નિમંત્રણા, તથા રાત દિવસ ચક્રની પેઠે ભમ્યા કરે તે ચક્રવાળ, જ્ઞાન, દર્શન, ચારિત્રના લાભ માટે કોઇ બહુશ્રુત પાસે જવાય તે, ઉપસંપત્ સમાચારી જાણવી.

**દશ પ્રકારની સામાચારી**—૧ ભિક્ષા. ૨ પ્રમાર્જના. ૩ ઇર્યાપથિકી. ૪. આલોચના. ૫. ભોજનવિધિ. ૬ માત્રક શુદ્ધ. ૭ વિચારી. ૮ સ્થંડિલ. ૯ આવશ્યક. ૧૦

**ઓઘ સામાચારી**—તે ઓઘનિર્યુકિત ગ્રંથમાં કહી છે, ત્યાંથી જાણી લેવી.

**પદવિભાગ સમાચારી**—તે જીતકલ્પ તથા નિશીથાદિક છેદ ગ્રંથોમાં તેને ભલા સાધુના આચરણે કહી છે તે.

**દશ પ્રાયશ્ચિત**--આલોચન પ્રતિક્રમણ મિશ્ર, વિવેક ને કાઉસગ્ગ;
તપ છેદ મૂલ અનવસ્થાપ્ય, પરાંચિત્તે દશ લગ.

**તે [1]દશ પ્રકારના ગુણી પાસે આલોવે**—૧ જાતિવંત પાસે, ૨ કુલવંત પાસે, ૩ વિનયવંત પાસે, ૪ જ્ઞાનવંત પાસે, ૫ દર્શનવંત પાસે ૬ ચારિત્રવંત પાસે, ૭ ક્ષમાવંત પાસે, ૮ ઇંદ્રિયદમન કરવા વાળા પાસે, ૯ માયારહિત પાસે, ૧૦ પશ્ચાતાપ નહિ કરવાવાળા પાસે.

**સત્યના પ્રકાર**--જનપદ સંમત સ્થાપના, નામ રૂપ પ્રતીત્ય;
વ્યવહાર ભાવ યોગઉપમ, દશ પ્રકારનું સત્ય.

### તે દશે સત્ય દૃષ્ટાંત સાથે.

**મનહર છંદ.**

કુંકણે પાણીને પીચ કહે જનપદ સત્ય,
કમળ પંકજ કહે સંમત તે જાણવું;
પ્રતિમા વિગેરે તે તો સ્થાપના સત્ય કહાય,
કુળ વૃદ્ધિ નહિ છતાં નામ સત્ય ઠાણવું;

---

૧ આનો વધુ ખુલાસો આ છઠ્ઠા ભાગના ૮૯ પાને જુઓ.

છતા વેશે નહિ સાધુ રૂપ સત્ય તેને શાખ્યું,
પ્રતીત સત્યનું પછી રહ્યું તે પ્રમાણવું;
પુત્ર અપેક્ષાયે પિતા પિતા અપેક્ષાએ પુત્ર,
ટચલી અનામિકા ને વચલીયે માનવું;
અનુદરા કન્યા નામ અનુદરા ગર્ભ વિના,
જ્યાં જેહ ત્યાં તેહ સત્ય વ્યવહારે થાય છે;
બગ શ્વેત વર્ણે વધુ ભાવ સત્ય તેને ભાખ્યું,
વસ્તુ નામે નામ તેને યોગ્ય સત્ય ગાય છે;
કોઇ જન તળાવને સમુદ્ર સમાન કહે,
ઉપમા સત્યનું તેને નામ અપાવાય છે;
દશ પ્રકારનું સત્ય દાખ્યું તે દ્રષ્ટાંત સાથે,
જ્યાં જે વ્યવહાર ત્યાં તે લલિત કહાય છે.

**આ દશ અસત્ય**—કષાય રાગ દ્વેષ હાસ્ય, ભય અને અવર્ણવાદ;
આઘાત દશ અસત્યથી, ખરી ખવાશે ખાદ.

**જ્ઞાનના નક્ષત્રો**—મૃગશિર આર્દ્રા પુષ્ય ને, પૂર્વા ત્રણમાં પાય;
મૂળ અશ્લેષા હસ્ત ચિત્રા, જ્ઞાનની વૃદ્ધિ થાય.

**એ પડિલેહણા**—તિ ઓઘે એક મુહપત્તિ, એક સંથારે હે;
ત્રણ ઉત્તરપટો કપડા, કામળ ચોળપટ બે.

**પડિલેહણમાં ન બોલો**— પડિલેહણમાં પાળજો, વચન નાહ જ વદાય;
શાસ્ત્રમાં એમ સૂચવ્યું, છકાય વિરાધન થાય.

## દશ પચ્ચખ્ખાણ ને તુટતું આયુ.

મનહર છંદ.

નવકારસી પોરસી પછી સાઢપોરિસી તે,
પુરિમુઢ એકાસન અને નીવી આવે છે;
એકઠાણું એકદંતી આંબિલ ને ઉપવાસ,
*દશ પચ્ચખ્ખાણે આયુ તુટ્યાનું ગણાવે છે;*
સો સહસ દશ સહસ લાખ દશ લાખ ક્રોડ,
દશ ક્રોડ શતક્રોડ ક્રમે લાભ પાવે છે;
સહસ ક્રોડ ને દશ સહસ ક્રોડ વર્ષાયુ,
અનુક્રમે લલિત એ શાસ્ત્રો સમજાવે છે.

**દશ પ્રકારે પચ્ચખ્ખાણ કરે**—૧ અનાગત-ભવિષ્ય

કાળનું, ૨ અઇકાંત-કાલવર્તતા, ૩ કોટિ સહિત-કોટિ સહિત, ૪ નિયવંત-નિશ્ચયે કરી, ૫ સાગારં-આગાર સહિત, ૬ અનાગારં-આગાર રહિત, ૭ પ્રમાણુ કૃત-કવલતપ પ્રમાણુતપ, ૮ નિરવિશેષં-સર્વ તપ કરે, ૯ સંકેતિક-ગંઠસી મુઠસી આદિ, ૧૦ અદ્ધા-પોરસી સાઢ પોરસી.

## પ્રદેશી રાજાએ કેશી ગણધરને કરેલ દશ પ્રશ્ન.

**આ દશ પ્રશ્નો**—દાદો દાદી કુંભી ને, કૃમિ તોલ તીર જાણુ;
ખંડ દર્શન કુંથુ તેમ, પરંપર ધર્મ પ્રમાણુ.

## કેશી ગણધરે આપેલ દશ ઉત્તર.

**આ દશ ઉત્તર**—સ્વઓજાર અપવિત્રસ્થાન, કૂટાકારાગાર;
લોહગોળે અગ્નિ અને, જીર્ણધનુષ્ય તે ધાર.
ચર્મમસક ને અરણુ કાષ્ટ, વાયુદીપક વણુય;
લોહભાર ને વાહિનર, ઉત્તરો દશ અપાય.

## તે પ્રશ્નોત્તરનું વિવેચન.

**પ્રશ્ન ૧**—તમારા મતે મારા દાદા અધર્મી હતા, ને તે નરકે ગયા હશે, તો તે આવી મને પાપ કરતાં કેમ વારે નહી?

**ઉત્તર**—તમારી રાણીને કોઇ જારપુરૂષ સાથે દુરાચાર કરતી જોઇ હોય, તો તમે તેને દેહાંત દંડની શિક્ષા કરો, તે વખતે તે તેના કુટુંબને આવું નિંદ્ય કર્મ ન કરવા ઉપદેશ આપવા જવા ઇચ્છે તો તમે તેને જવાની રજા ન આપો, તેમ તે નરકથી આવી શકે નહીં.

**પ્રશ્ન ૨**—મારી દાદી જૈન ધર્મી હતી, તે તમારા મતે સ્વર્ગે ગયા હશે; તો તે અહીં આવી મને ધર્મમાર્ગે કેમ ન પ્રવર્તાવે?

**ઉત્તર**—હે રાજા તમે નાહી, શણગાર સજી, દેવપૂજા કે કરવા જતા હો ત્યારે તમને કોઇ અશુચિસ્થાને આવવા કે બેસવા સુવાનું કહે તમે તે ન કરો, તેમ તે દિવ્ય શરીરધારી દેવ આ મનુષ્ય લોકરૂપ અશુચિ સ્થાને આવે નહી.

**પ્રશ્ન ૩**—એક ચોરને મેં લોઢાની કુંભીમાં નાંખી વાયુસંચાર ન થાય તેમ તેને મજબૂત બંધ કરી, ઘણા વખતે જોતાં તે જીવ રહિત હતો, તો તે કુંભીને છિદ્ર પડ્યાવિના તે જીવ કેવીરીતે નીકળી ગયો?

**ઉત્તર**—શિખર આકારના ઘરમાં વાયુનો સંચાર ન થાય તેમ

બંધ કરી, તેમાં રહી કોઇ શંખ કે ભેરી વગાડે તો, તે ઘરને છિદ્ર પડ્યા વિના શબ્દ બહાર આવે છે, તેમ તે જીવ નીકળી શકે.

**પ્રશ્ન** ૪—એક ચોરને મારી તેનું શબ ઉપર કહેલ કુંભીમાં નાખ્યું. તેને ઘણાકાળે જોતાં તેમાં કીડા પડેલા હતા. તો તે કુંભીમાં છિદ્ર પડ્યા વિના જીવો શી રીતે પેઠા ?

**ઉત્તર**—એક લોઢાનો ગોળો અગ્નિમાં નાંખી અગ્નિવાળો કર્યો, તેને છિદ્ર પડ્યા વિના પણ તેમાં અગ્નિ પ્રવેશે છે, તેમ છિદ્ર પડ્યા વિના જીવ પર્વતાદિકને ભેદી અંદર જઇ શકે છે.

**પ્રશ્ન** ૫—એક યુવાન બળવાન પુરૂષ ધનુષ્ય લઇ એક તીર-વડે એકી સાથે પાંચ તવા વીંધે, તે બાળવયમાં તેમ તીર ફેંકી શકતો નહોતો, તેથી શરીર ને જીવ જુદા કેમ માની શકાય ?

**ઉત્તર**—ઉપરનો જ પુરૂષ જીર્ણ ધનુષ્યાદિવડે એકી સાથે પાંચ તવા ન વીંધી શકે, એ જ રીતે તે બાળક કળાશક્તિના અભાવે તવા વીંધી શકતો નથી.

**પ્રશ્ન** ૬—એક ચોરને તોળી પછી મારીને તોળ્યો તો સરખો થયો. જો જીવ જુદો હોય તો જીવ સહિતે વધારે ને જીવ રહિતે ઓછું થાય તેમ થયું નહી; તો જીવ ને શરીર જુદા કેમ મનાય ?

**ઉત્તર**—એક ચામડાની મસકને તોલી પછી વાયુ ભરી તોલીએ, તો પણ વજન વધે નહિ તેમ જીવનું વજન વધે નહિ.

**પ્રશ્ન** ૭—જીવ જોવા માટે એક ચોરના તલ તલ જેવડા કકડા કર્યા પણ જીવ દેખાયો નહી.

**ઉત્તર**—અરણિના કાષ્ટમાં અગ્નિ છે, છતાં તલ જેવડા કકડા કરીએ તો પણ અગ્નિ દેખાતો નથી; પણ તેના બે કકડા ઘસવાથી અગ્નિ પેદા થાય છે, તેમ જીવ પણ ઉપયોગથી જાણી શકાય છે.

**પ્ર૦** ૮—જો જીવ શરીરથી ભિન્ન છે, તો તે પેસતા-નીકળતાં કેમ દેખાતો નથી ?

**ઉત્તર**—વાયુ રૂપી છે છતાં દેખાતો નથી પણ વૃક્ષો કંપાવવા વિગેરેથી જણાય છે, તેમ જીવ અરૂપી છે છતાં કાર્યથી જણાય છે.

**પ્રશ્ન** ૯—જો શરીર ને જીવ બન્ને જુદા છે, તો હાથી મરીને કુંથુ અને કુંથુ મરીને હાથી થાય, તે વખતે હાથીનો જીવ કુંથુના શરીરમાં અને કુંથુનો જીવ હાથીના શરીરમાં કયાં રહે ?

**ઉત્તર**—કુંથુ ને હાથી વિગેરે જીવોના અસંખ્યાતા પ્રદેશો છે, અને તે જેવડું શરીર હોય તેવડામાં વ્યાપી રહે તેવા સ્વભાવે છે, જેમ એક દીવો છે તેને મોટા ઓરડા, કે કુંડામાં ઢાંકીએ તો તે તેટલામાં જ પ્રકાશ આપે છે, તેમ જીવ પણ જેવું શરીર હોય તેવા શરીરમાં વ્યાપી રહે.

**પ્રશ્ન ૧૦**—આપના કહેવાથી શરીર ને જીવ જુદા છે એમ મેં જાણ્યું, પણ પરંપરાથી ચાલતા આવેલા ધર્મનો મારે શી રીતે ત્યાગ કરવો ?

**ઉત્તર**—હે રાજા ! પરંપરાગત ધર્મને જ ઝાલી રાખવાથી, લોહના ભારને વહન કરનારની જેમ તમારે પસ્તાવો કરવા વખત આવશે. તે આ પ્રમાણેઃ–ધન મેળવવાના અર્થી કેટલાક પુરૂષો ધન મેળવવા ચાલ્યા અને એક મોટી અટવીમાં ગયા. ત્યાં ભૂમિ ખોદતાં ઘણું લોઢું નીકળ્યું. તેની ગાંસડીઓ બાંધી આગળ ચાલ્યા. થોડે ગયા ત્યારે સીસાની ખાણ જોઇ તેથી લોઢું નાંખી દઇ સીસું લીધું પણ એક આગ્રહી પુરૂષે તેમ કર્યું નહી. એ પ્રમાણે આગળ ચાલતાં તાંબુ, રૂપું, સોનું, રત્ન વિગેરેની ખાણો જોઇ બધાઓએ લીધેલ નિઃસાર વસ્તુનો ત્યાગ કરી નવા નવા સારા પદાર્થો યાવત્ રત્નો લીધા, પણ પેલા આગ્રહીએ તો લીધેલ લોઢું પકડી રાખ્યું, પછી તે સર્વે ઘરે આવ્યા ને મોટા ધાનક થયા. તેમને જોઇ લોઢું ગ્રહણ કરનારે ઘણો પશ્ચાત્તાપ કર્યો ને પોતાની મૂર્ખાઇ માટે ઘણો ખેદ થયો. તેમ તમને પણ નિઃસાર ધર્મને પકડી રાખવાથી ને ઉત્તમ ધર્મનો ત્યાગ કરવાથી પશ્ચાત્તાપ થશે.

આ પ્રમાણે દશે પ્રશ્નોત્તરની વ્યાખ્યા કરી. તેનો વધુ ખુલાસો રાયપસેણીમાં વિસ્તારથી આપેલ છે. તેમાં તો કુલ ૧૧ પ્રશ્નોત્તર છે, તેમાં છઠો પ્રશ્ન એ છે કે કોઇ બળવાન યુવાન લોઢા વિગેરે ઘણા ભારને ઉપાડે છે, તે જ્યારે વૃદ્ધ થાય છે ત્યારે પાંચ શેર જેટલો પણ ભાર ઉપાડી શકતો નથી. જો શરીરથી જીવ જુદો હોય તો ભલે શરીર જીર્ણ થાય, પણ જીવ જીર્ણ થતો નથી તેથી ભાર કેમ ન ઉપાડી શકે ? તેના ઉત્તરમાં કેશી ગણધરે કહ્યું કે, તેજ બળવાન પુરૂષ અતિ જીર્ણ કપડામાં મોટા લોઢા વિગેરેનો ભાર મૂકી વહન ન કરી શકે, તેમ તે જીર્ણ શરીરથી ભાર વહન કરી શકતો નથી.

સંપ્રતિરાજાના રાસમાં આ ૧૧ પ્રશ્નોત્તરો વિસ્તારથી આપેલા છે.

**દશ ગુરૂભક્તિ**—૧ ગુરૂ આવે ત્યારે ઊભા થવું. ૨ બે હાથ જોડી ઊભા થવું. ૩ ગુરૂ આવે ત્યારે સામા જવું. ૪ આસન નિમંત્રણ કરવું. ૫ આસન પાથરી આપવું. ૬ આવ્યા પછી ભક્તિ કરવી. ૭ તેમના ગુણ ગાવા. ૮ સત્કાર કરવો. ૯ સન્માન કરવુ ૧૦ ગુરૂ જાય ત્યારે મૂકવા જવું.

**દશ પ્રકારે સ્થવિર**—૧ ગ્રામ સ્થવિર. ૨ નગર સ્થવિર. ૩ દેશ સ્થવિર. ૪ કુલ સ્થવિર. ૫ ઘર સ્થવિર. ૬ ગણિ સ્થવિર. ૭ સંઘ સ્થવિર. ૮ વય સ્થવિર. ૯ સુત્ર સ્થવિર. ૧૦ વ્રતદીક્ષા સ્થવિર.

**દશ જાણવા લાયક**—૧ એક વાળનો અગ્ર ભાગ આકાશાસ્તિકાયની અસંખ્યાતી શ્રેણિને અવગાહી રહેલ છે. ૨ એક એક શ્રેણમાં અસંખ્યતા પ્રતર છે. ૩ એક એક પ્રતરે અસંખ્યાતા નિગોદના ગોળા છે. ૪ એક એક ગોળે અસંખ્યતા-શરીર છે. ૫ એક એક શરીરે અનંતા જીવો છે. ૬ એક એક જીવે અસંખ્યાતા પ્રદેશ છે. ૭ એક એક પ્રદેશે અનંતી કર્મવર્ગણા છે. ૮ એક એક કર્મ વર્ગણામાં અનંતા પરમાણુ છે. ૯ એક એક પરમાણુમાં અનંતા-વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યાય છે. ૧૦ એક એક પર્યાયે અનંતા કેવળીના પર્યાય છે.

**જ્ઞાનીના દશ લક્ષણો**—૧ ક્રોધ રહિત. ૨ વૈરાગ્યવંત ૩ જિતેંદ્રિય. ૪ ક્ષમાવંત. ૫ દયાવંત. ૬ નિર્લોભી. ૭ દાતાર. ૮ ભય રહિત. ૯ શોક સંતાપ રહિત. ૧૦ સર્વજનપ્રિય.

**દશનો સંગ ત્યાગો**—૧ પાસત્થાનો. ૨ ઓસન્નાનો. ૩ કુશીલિયાનો. ૪ સંસક્તનો. ૫ સ્વછંદીનો. ૬ નિન્હવનો. ૭ કદાગ્રહીનો. ૮ અનીતિ કરનારનો, ૯ અન્યમાર્ગીયનો. ૧૦ વામમાર્ગીયનો.

**દશ પ્રકારનો લોચ**—પાંચ ઇંદ્રિયોના વિષયથી અને ચાર કષાયથી વિરમણ તે નવ પ્રકારનો ભાવ લોચ અને દ્રવ્યથી દશમો કેશનો, તે દશ પ્રકારનો લોચ કહેવાય છે.

# અગીયાર વસ્તુની સંખ્યા

## અગીયાર પચ્ચખ્ખાણના ૬૮ આગાર.

મનહર છંદ.

નવકારશી આગાર બે છે ને છ પોરસીના,
ઉપવાસના છે પાંચ આઠ એકાસણુ છે;
સાત પુરિમુઢ નાને છ આવે છે પાણીના ત્યાં,
એકલઠાણાના સાત ગણો તેનો ગણુ છે;
સોળ કાઉસગ્ગના છે છ તેમજ સમકિતે,
ચોળપટાનો છે એક બાકી બીજા પણ છે;
છેલ્લા ચાર અભિગ્રહે પચ્ચખ્ખાણ અગીયારે,
આગારની લલિત આ સીધી સમજણ છે ॥ ૧

## મુનિઓનો ઘરવાસ.

ઈંદ્રવિજય છંદ.

ધીરજ તાત ક્ષમા જનની, પરમારથ મિત મહારૂચિ માસી.
જ્ઞાન સુપુત સુતા કરણામિત, પુત્રવધૂ સમતા પ્રતિભાસી,
ઉદ્યમ દાસ વિવેક સહોદર, બુદ્ધિ કલત્ર શુભોદય દાસી.
ભાવકુટુંબ સદા જિનકે ઢીગ, સો મુનિકું કહીયે ગૃહવાસી.

## અગીયાર અંગની પદ સંખ્યા

**અગીયાર અંગ–** તિક્રોડ અડસઠ લાખ ને, છેંતાલીશ હજાર;
**પદ સંખ્યા** અગિયાર અંગે પદની, સંખ્યાનો વિસ્તાર.
**તે પદ સંખ્યાની–**બમણા બમણા તેહથી, અન્ય અંગોના જોય;
**સમજ** અંગ અગિયારે કુલપદ, ઉપર કહેલ હોય.
**તે એક પદની–** સિદ્ધાંતે એક પદતણી, શ્લોક સંખ્યા જેહ;
**શ્લોક સંખ્યા** આંક એહનો સૂચવ્યો, ટાળો જોઇ સંદેહ.
( ૫૧૦૮૮૪૬૨૧॥ ) એકાવન ક્રોડ આડલખ, વળી ચુલશી હજાર;
છસો સાડી એકવીશ, શ્લોકે સંખ્યા ધાર.

વળી તે પદોની સંખ્યા અનુયોગદ્વાર સૂત્રની વૃત્તિમાં તો ૫૧૦૮૮૬૮૪૦॥ હોય એમ કહ્યું છે.

## અગીઆર સ્થંડિલના ગુણ

મનહર છંદ.

લોક આવ જાવ નહી અને વળી એકાંતનું,
ત્રસઘાત થાય નહી જોગ તે જણાય છે;
સરખું સપાટ જેવું પોલાણ વિનાનું તેમ,
ઘણા કાળ વપરાતું તેવું સુખદાય છે;
વિશાળ ને બહુ દૂર કે ન ગામ નજીકમાં,
બિલાદિ જ્યાં હોય નહી તેજ માન્ય થાય છે;
એકેંદ્રિય બિજુ એમ અગિયારે સ્થંડિલ તે,
સાધુને ઠલ્લાને યોગ લલિત લેખાય છે. ॥ ૧

## ઠલ્લા માત્રાનો ખુલાસો.

૧ પૂર્વ ને ઉત્તર દિશી લોકમાં પૂજ્ય છે, માટે તેને પુંઠ કરી બેસવું નહીં.

૨ દક્ષિણથી રાત્રિયે નિશાચર પિશાચાદિ દેવતા ઉત્તર તરફ જાય છે, તેથી તેમને પુંઠ દેતાં ક્રોધ ઉત્પન્ન થાય, તેથી જીવિતવ્યનો નાશ કરે. માટે રાત્રિયે દક્ષિણ દિશા તરફ પુંઠ કરવી નહી.

૩ વાયુને પુંઠ દેતાં અશુભ ગંધ નાકમાં પ્રવેશે, તેથી હરસનો રોગ ઉત્પન્ન થાય તેમ લોકો પણ દુભાય.

૪ જે ગામમાં માસકલ્પ રહ્યા હોઇએ, તેને તથા સૂર્ય ને પુંઠ દેતાં લોકમાં હાંસી થાય.

૫ આકુળ વૃક્ષની છાયાયે કરે, મધ્યાને છાયા ન હોય તો પોતાના અંગની છાયા ઠલ્લા ઉપર પડે તેમ, નહી તો ત્રસ જીવોને તાપથી કીલામણા થાય, ત્યાં એક મુહૂર્ત બેસે પછી તેને કીલામણા ન થાય.

૬ દાંડો અને ઓઘો ડાબી સાથળ ઉપર રાખે, પાણીનું ભાજન જમણા હાથમાં રાખે, ડાબા હાથમાં ડગલ રાખે ને ત્રણ ચાંગળા પાણીથી શુદ્ધિ કરે.

## દશ પ્રકારે સ્થંડિલના ૧૦૨૪ ભાંગા.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૦ | ૪૫ | ૧૨૦ | ૨૧૦ | ૨૫૨ | ૨૧૦ | ૧૨૦ | ૪૫ | ૧૦ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૦ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |

પ્રવચનસારોદ્ધાર.

ઠલ્લો માત્રુ નહિં કરવાના—તેર સ્થાન છે. તે તેર વસ્તુ સંગ્રહમાં જણાવેલ છે ત્યાંથી જોઇ લેવું.

## અમૃતનો ઘુંટડો.

**હે વીર પરમાત્મા!** મોક્ષ માર્ગના વહન કરનારા તરીકે, (સાર્થવાહ તરીકે) જેને તેં પૂર્વે મૂકયા હતા, (સ્થાપત કર્યા હતા.) તેઓ કલિકાલમાં તારી ગેરહાજરીમાં, તારા શાસનમાં મોટા લુટારા થઇ પડયા છે. તેઓ યતિ (સાધુભિક્ષુ.) નું નામ ધારણ કરીને, અલ્પ બુદ્ધિવાળા પ્રાણીયોની પુન્યલક્ષ્મી ચોરીલે છે અમારે તે હવે શું પોકાર કરવા, ધણી વગરનું રાજ્ય હોય ત્યાં કોટવાળ પણ શું ચોર નથી થતા.

**હે મુનિ!** તારા ત્રિકરણ યોગ વિશુદ્ધનથી, છતાં પણ લોકો તારો આદરસત્કાર કરે, તને નમસ્કાર કરે, અથવા તારી પૂજા સેવા કરે, ત્યારે હે મૂઢ! તું શા માટે સંતોષ માને છે, આ સંસારસમુદ્રમાં પડતાં તને આધાર ફક્ત બોધીવૃક્ષનો જ છે, તે ઝાડને કાપી નાંખવામાં, નમસ્કારાદિથી થતો સંતોષાદિ પ્રમાદ, ( લોકસત્કાર વિગેરે.) ને કુહાડા બનાવે છે–

**હે મુનિ!** આ લોકો તારા ગુણોને આશ્રયીને તને નમે છે, અને ઊપધિ, ઊપાશ્રય, આહાર અને શિષ્યો તને આપે છે, હવે જો ગુણ વગર ઋષિ (યતિ-સાધુ)નો વેશ તું ધારણ કરતો હોઇશ તો ઠગના જેવી તારી ગતિ થશે–

**હે મુનિ!** તું હમેશાં દિવસ અને રાતમાં થઇ નવ વાર, કરેમિભંતેનો પાઠ ભણતાં બોલે છે કે, હું સાવધ કામ નહીં કરૂં અને પાછો વારંવાર તેજ કામ કર્યા કરે છે, આ સાવધ કર્મો કરી તું ખોટું બોલનાર થવાથી, પ્રભુને પણ છેતરનાર છે, અને તે પાપના ભારથી ભારે થયેલા. તારે માટે નરકજ છે એમ હું ધારૂં છું.

**હે મુનિ!** તારામાં નથી કોઇ ખાસ સિદ્ધિ કે નથી ઉત્તમ પ્રકારના ક્રિયા યોગ તપશ્યા કે જ્ઞાન, છતાં પણ અહંકારથી કદર્થના પામેલો, પ્રસિદ્ધિ પામવાની ઇચ્છાથી હે અધમ! તું પરિતાપ શા માટે કરે છે–

**હે મુનિ!** તું ગુણ વિનાનો છે, છતાં પણ લોકો તરફથી વંદન, સ્તુતિ આહાર પાણીનું ગ્રહણ વિગેરે ખુશી થઇને

મેળવવા ઇચ્છા રાખે છે; પણ યાદ રાખજે કે પાડા, બળદ, ઘોડા, ઊંટ કે ગધેડાના જન્મ લીધા વગર તું તે દેવામાંથી છુટો થઇ શકીશ નહીં–

**હે મુનિ !** જો તું ગુણ મેળવવા યત્ન કરતો નથી તો પછી જેઓ તારી ગુણસ્તુતિ કરે છે, તને વાંદે છે અને પૂજે છે, તેઓ જ જ્યારે તું કુગતિમાં જઇશ, ત્યારે તને ખરેખર હસશે અથવા તારો પરાભવ કરશે.

**હે મુનિ !** તારી કપટજાળથી રંજન થયેલા લોકો તને દાન આપે, નમસ્કાર કરે કે વંદન કરે ત્યારે તું રાજી થાય છે; પણ તું જાણતો નથી કે તારી પાસે એક લેશ સુકૃત્ય હશે તે પણ તેઓ લુટી જાય છે.

**હે મુનિ !** વસ્ત્ર, પુસ્તક અને પાત્રાં વિગેરે ધર્મોપકરણના પદાર્થો, શ્રી તીર્થંકર ભગવાને સંયમની રક્ષા માટે યતિઓને બતાવ્યા છે, તે છતાં મંદબુદ્ધિવાળા મૂઢ જીવો, વધારે મોહમાં પડીને તેને સંસારમાં પાડવાના સાધનભુત બનાવે છે, તેઓને ખરેખર ધિક્કાર છે !! મૂર્ખ માણસવડે અકુશળતાથી વપરાયેલું શસ્ત્ર, (હથિયાર) તેના પોતાના જ નાશનું નિમિત્ત થાય છે.

**હે મુનિ !** સંયમ ઉપકરણના બહાનાથી, પુસ્તક વિગેરે વસ્તુઓનો તું બીજા ઉપર ભાર મૂકે છે, પણ તે ગાય, ગધેડા ઉંટ, પાડા વિગેરેનાં રૂપો તારી પાસે લેવરાવીને ઘણા કાળ પર્યંત તને ભાર વહન કરાવશે.

**હે મુનિ !** સંયમ પાળવાના કષ્ટથી બ્હી જઇને, વિષય-કષાયથી થતા અલ્પ સુખમાં જો તું સંતોષ પામતો હોય તો પછી તિર્યંચ નારકીનાં, આગામી દુઃખો સ્વીકારી લે, અને સ્વર્ગ તેમજ મોક્ષ મેળવવાની ઇચ્છા તજી દે.

**પ્રકરણ રત્નાકર ચોથો ભાગ–મુનિસુંદરસૂરિ.**

**અગીયાર લાખ શ્રાવક**—ગોશાળાના અગીયાર લાખ (૧૧૦૦૦૦૦) શ્રાવકો હતા.

## ભવાભિનંદીજીવ.

**પાંચ ઇંદ્રિયોના વિષયો**—દુઃખકારી છે, છતાં જે જીવો

તેમાં સુખની બુદ્ધિએ આનંદ માને તે ભવાભિનંદી જીવ કહીયે. તેના ૧૧ લક્ષણ નીચે પ્રમાણે છે.

**તે ૧૧ લક્ષણ**—આહાર પૂજાવા ઉપધિ, રિદ્ધિ ગૃધ ક્ષુદ્ર ને લોભ;
દીન મત્સરી ભયી શઠ, અજ્ઞાની સવિ અથોભ.

## વિશેષાર્થ.

૧ **આહારના અર્થે**—જો હું સામાયિકાદિ ધર્મકરણી કરીશ તો જમવાનું મળશે ત વિચારે.

૨ **પૂજાવા અર્થે**—જો હું ધર્મકરણી કરીશ તો લોકોમાં પૂજનિક થઈશ તે વિચારે.

૩ **ઉપધી અર્થે**—વસ્ત્રપાત્રાદિ અર્થે ધર્મકરણી કરે તે.

૪ **રિદ્ધિ ગારવ**—શ્રાવકો પોતાના રાગી કરવાના અર્થે ધર્મકરણી કરે તે.

૫ **ક્ષુદ્ર-અગંભીર**—પરછિદ્ર ખોળે ને પરગુણ ઢાંકે, ને પોતાના ગુણનો ઉત્કર્ષ કરે તે.

૬ **લોભને વિષે-પુદ્ગલ**—ભાવવિષે ધન, ધાન્ય, વસ્ત્ર, પાત્ર, જસ, કીર્તિ મેળવવા તત્પર આસક્ત રહેવું તે.

૭ **દીન પુદ્ગલ ભાવના**—આગામી કાળની આજીવિકાની દરેક પ્રકારની ચિંતા કરે, પણ આત્મસ્વરૂપ વિચારે નહી તે.

૮ **મત્સરી**—પારકા ગુણોને સહન કરી શકે નહીં તે.

૯ **ભયવાન**—પુદ્ગલાદિક વસ્તુના વિયોગનો ભય કરવો તે.

૧૦ **શઠ**—જે કુડ કપટ અને માયાથી ભરેલ હોય તે.

૧૧ **અજ્ઞાના**—સર્વે વસ્તુઓથી અજાણ હોય તે.

---

# બાર વસ્તુની સંખ્યા.

## બાર ભાવના વર્ણન.

**તે બારના નામ**—અનિત્ય અશરણ ભાવના, સંસાર એકત્વભાવ,
અન્યત્વ અશુચિ ભાવિ ને, આશ્રવે દિલ ઉઠાવ;
સંવર નિર્જરા ભાવ જે, લોકસ્વરૂપ લે લક્ષ,
બોધિદુર્લભ ધર્મે લાલત, પંચમીગતી પ્રત્યક્ષ.

## તેનો વિસ્તારે ખુલાસો.

**અનિત્ય ભાવના**—ડાભના અગ્રભાગે રહેલા જળ બિંદુની જેમ સંસારના સર્વે પદાર્થો અસ્થિર છે, એમ ચિંતવવું તે

**અશરણ ભાવના**—આ ભવસમુદ્રમાં ડૂબતા આત્માને શ્રી જિનેશ્વરના ધર્મ સિવાય કોઇ શરણ નથી, એમ ચિંતવવું તે.

**સંસાર ભાવના**—આ જીવે સંસારના વિચિત્ર સંબંધો અનંતી વાર અનુભવ્યા છે, એમ ચિંતવવું તે.

**એકત્વ ભાવના**—હે ચેતન! તું એકલો આવ્યો છે અને એકલો જઇશ, સુખ-દુઃખ પણ એકલો જ ભોગવીશ, ધર્મ સિવાય કોઇ સાથે આવવાનું નથી, એમ ચિંતવવું તે.

**અન્યત્વ ભાવના**—આત્માને શરીર પરસ્પર સંબંધવાળા છતાં જુદા છે, તો પછી અપ્રત્યક્ષ એવા ધન કુટુંબાદિ તારાં ક્યાંથી હોય? એમ ચિંતવવું તે.

**અશુચિ ભાવના**—મારો જન્મ અતિ અપવિત્ર સ્થાનવાળો છે, મારૂં શરીર સાત ધાતુઓથી અપવિત્ર છે, પવિત્ર પદાર્થો પણ આ શરીરના સ્પર્શથી અપવિત્ર થાય છે, પવિત્ર તો એક શ્રી જિનેશ્વરનો ધર્મ છે, એમ ચિંતવવું તે.

**આશ્રવ ભાવના**—કર્મને આવવાના, ૫ ઇંદ્રિય, ૩ યોગ, ૪ કષાય, ૫ અવ્રત, ૨૫ ક્રિયાઓ એ ૪૨ માર્ગ છે. એ ૪૨ માર્ગથી કર્મ કેવી રીતે આવે છે, તેનું સ્વરૂપ ચિંતવવું તે.

**સંવર ભાવના**—નવ તત્ત્વમાં કહેલા કર્મને રોકવાના ૫૭ ઉપાય-૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૨૨ પરીસહ ૧૦ વિધ યતિધર્મ, ૧૨ ભાવના અને ૫ ચારિત્ર તે ૫૭ પ્રકારના સ્વરૂપનું ચિંતવન કરવું તે.

**નિર્જરા ભાવના**—બાર પ્રકારના તપથી કર્મની નિર્જરા કેવી રીતે થાય છે? તેનું સ્વરૂપ ચિંતવવું તે, તે તપ નીચે પ્રમાણે છે.

**લોકસ્વરૂપ ભાવના**—કેડે બે હાથ દેઇ પગ પસારી ઉભા રહેલા પુરૂષની જેમ ષટ્ દ્રવ્યાત્મક ચૌદ રાજલોક છે, તેનું ચિંતવન કરવું તે.

**બોધિદુર્લભ ભાવના**—સંસારે ભમતા જીવને રિદ્ધિ, સિદ્ધિ આદિ મળવી સુલભ છે, પણ સુદેવ, સુગુરુ અને સુધર્મ ઉપર શ્રદ્ધા થવારૂપ સમ્યક્ત્વ પ્રાપ્ત થવું એ બહુ દુર્લભ છે, ત ચિંતવવું તે.

**ધર્મ ભાવના**—સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને પણ અરિહંત ભગવાને કહેલો ધર્મ ( જ્ઞાન, દર્શન, ચરિત્રનો માર્ગ ) આચરવો તે બહુ દુષ્કર છે, એમ ચિંતવવું ત.

## તપનો મહિમા

**તપમાં વર્તન**—અસમાધિ અંશ નહિ મને, ઇંદ્રિય હાનિ ન થાય,
મન વચ કાયે યોગ શુદ્ધ, તપ તેવોજ કહાય;
શુભ સમતા ઘટમાં વસી, નહિં કષાયીકાર,
અખંડ ધર્મને આદરે, તપ તેવો શ્રીકાર.

## તપના બાર પ્રકાર

અનસન ઉણોદરી અને, વૃત્તિસંક્ષેપ રસત્યાગ,
કાય ક્લેશ સંલીનતા, ષટ બાહ્યનું રાગ;
પ્રાયશ્ચિત:પછી વિનય ને, વૈયાવચ્ચ સ્વાધ્યાય,
ધ્યાન કાઉસ્સગ અભ્યંતર, છને સેવો સદાય,

**તપનો પ્રભાવ**—દૃઢપ્રહારી પાપીઓ, ક્રૂર કર્મ કરનાર,
પણ તપના પ્રભાવથી, તોડ્યો કર્મનો તાર.

**તપનું મહત્વ**—ત્રિવિધ તાપ તપથી ટળે, તપથી ટળે વિકાર;
વીરે તેહ વખાણીયો, ધન્ય ધન્નો અણગાર

## પ્રથમ છ પ્રકારે બાહ્ય તપ.

**અનસન**—બે ભેદે છે. થોડા કાળ માટે ઉપવાસાદિ કરવું તે ઇત્વર કથીત અને આયુષ્ય થોડું જાણી જાવજીવ સુધી અનસન કરવું તે યાવત કથીત કહેવાય.

**ઊણોદરી**—બે ભેદે છે. પાંચ સાત કોળીયા ઉણા રહેવું અથવા વસ્ત્ર–પાત્રાદિની ઓછાશ તે દ્રવ્યઉણોદરી અને રાગ–દ્વેષની ઓછાશતે ભાવ ઉણોદરી કહેવાય.

**વૃત્તિસંક્ષેપ**—આજીવિકાનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે સંક્ષેપ કરવો, અભિગ્રહ કરવો અથવા નિયમ ધારવા તે.

**રસત્યાગ**—વિગયનો ત્યાગ અથવા આંબિલ, નીવી પ્રમુખ કાંઇ પણ તપ કરવો તે.

**કાયકલેશ**—લોચાદિ કષ્ટ સહન કરવાં, કાઉસ્સગ્ગ કરવો, ઉત્કૂટાદિક આસન કરવું તે.

**સંલીનતા**--અંગોપાંગાદિકનું ગોપવવું તે, તેના ચાર ભેદ છે. ઇંદ્રિયસંલીનતા, કષાય સંલીનતા, યોગસંલીનતા, વિવિકત ચર્યાસંલીનતા ( એકાંત વસ્તીમાં રહેવું તે ) એ છ પ્રકારે બાહ્ય તપ જાણવા.

## છ પ્રકારે અભ્યંતર તપ.

### ( ૧ ) પ્રાયશ્ચિત.

**દશ પ્રાયશ્ચિત**—આલોયણ પ્રતિક્રમણ મિશ્ર, વિવેકને કાઉસ્સગ્ગ;
તંપ છેદ મૂળ અનવસ્થાપ્ય, પરાંચિત્ત તે દશ લગ.

આ દશે પ્રાયશ્ચિત ચૌદ પૂર્વધર અને વજઋષભનારાચ સંઘયણી હોય ત્યાં સુધી જ હોય, ત્યારપછી છેલ્લા બે ( નવમું અને દશમું ) તેનો વિછેદ થાય, બાકીના આઠ તો પાંચમા આરાના છેડે દુપ્પસહસૂરિ થશે ત્યાં સુધી રહેશે.

**પ્રાયશ્ચિત**--એટલે કીધેલા અપરાધોની શુદ્ધિ માટે ગુરૂ પાસે કપટ રહિતપણે—શુદ્ધ મને ગર્હા નિંદા કરવી તે.

## તે દશનો ખુલાસો

૧ **આલોયણા**—ગુરૂ પાસે સ્વ અપરાધનું શુદ્ધ મને કહેવું ને ગોચરીનું આલોચવું તે.

૨ **પ્રતિક્રમણ**--પૂંજ્યાવિના માતરૂ પ્રમુખ પરઠવવાથી મિચ્છામિ દુક્કડં દેવા તે.

૩ **મિશ્ર**— શબ્દાદિ વિષયે રાગાદિ કર્યાથી આલોચના કરવી ને મિછામિ દુક્કડં દેવા તે.

૪ **વિવેક**—અશુદ્ધ ભાતપાણીનો ત્યાગ કરવો તે.

૫ **કાઉસ્સગ્ગ**--રાત્રિમાં કુસ્વપ્ન દીઠાથી કાઉસ્સગ્ગ કરવો તે.

૬ **તપ**--પૃથ્વી કાયાદિ સંઘટ્ટ થવાથી નીવી પ્રમુખ તપ છમાસતક કરવું તે.

૭ **છેદ**--પૃથ્વી કાયાદિક સંઘટ્ટે મહાવ્રતે દૂષણુના લીધે દીક્ષાપર્યાયમાં ન્યૂનતા થઇ હોય તો તે અપરાધાર્થે જે દુર્દમ તપ કરવો તે.

૮ **મૂળછેદ**--મૂળગુણુ ભંગ થવાના લીધે સર્વથા વ્રતનું છેદન થવાથી ફરી જે મહાવ્રત લેવાં તે.

૯ **અનવસ્થાપ્ય**--અતિ સંકિલષ્ટ પરિણામે કોઇનો ઘાત પાત થઇ ગયો હોય તો, સૂત્રમાં કહ્યા પ્રમાણે તપ કરવું ને પછી ફરી મહાવ્રતનો આરોપ કરવો તે.

૧૦ **પરાંચિત**--રાજાની રાણી. વા સાધ્વી પ્રમુખ સ્રીને વિષે સંભોગ થયા પછી, બાર વર્ષપર્યંત ક્રિયા સહિત અને લિંગાદિકે રહિત તીર્થપ્રભાવના કરી ફરી દીક્ષા લઇ ગચ્છમાં આવવું તે.

---

## પ્રસંગે આલોચણ આપનાર-લેનારની સમજ.

### પ્રથમે આલોયણ આપનારના આઠ ગુણ.

૧ **આચારવાન**--પાંચે આચારના જાણ હોય તે.

૨ **આધારવાન**--લેનારના દોષોને બરોબર ધારે તે.

૩ **આગમ વ્યવહારી**--આગમના પાંચે વ્યવહારના જાણ.

૪ **યુક્તિવાન**--લેનાર પ્રકાશતાં ન શરમાય તેમ વૈરાગ્ય વચનથી કહે તે.

૫ **પ્રકુર્વી**--લેનારને સર્વે પ્રકારે પાપશુદ્ધિ કરાવનાર.

૬ **અપરિશ્રાવી**--લેનારનું પાપ બીજાને કહી આપે નહિ તે.

૭ **નિર્વાક**--લેનારની શક્તિ પ્રમાણેજ પ્રાયશ્ચિત આપે.

૮ **આપાયદર્શી**--લેનાર આપનાર બન્નેનો વર્ત્તાવ જણાવે તે.

### આલોયણ આપવા લાયક ગુરૂનાં લક્ષણ

૧ **ગીતાર્થ**--નિશીથાદિ સૂત્રોના જાણકાર હોય તે.

૨ **કૃતયોગી**--વિવિધ શુભયોગ ને ધ્યાનથી, તપથી જેણે પોતાનું શરીર કસ્યું છે તે--

૩ **ચારિત્રવાન**—નિરતિચાર ચારિત્રને પાળનાર હોય તે.

૪ **ગ્રહણકુશલ**—બહુ યુક્તિયે કરી આલોયણ દાયકોના, વિવિધ તપ વિશેષે કરી અંગીકાર કરાવવું, તેમાં કુશળ હોય તે.

૫ **ખેદજ્ઞ**—સમ્યક્પ્રાયશ્ચિતની વિધિમાં પરિપૂર્ણ અભ્યાસ કરેલો હોય, અને આલોયણના સર્વે વિચારને જાણે તે.

૬ **અવિખાદી**—આલોયણ લેનારનો મોટો અપરાધ સાંભળી પોતે ખેદ ન કરે, પણ ઊલટો તેને તથાપ્રકારના વૈરાગ્ય વચનથી આલોયણ લેવામાં ઉત્સાહ વધારે, એવા ગુરૂ હોય તેને આલોયણ આપવા લાયક સમજવા.

**એવાના અભાવે આલોયણ કયાં લેવી ?**—સ્વગચ્છના આચાર્ય પાસે, અને તેના અભાવે એક સમાચારીવાળા બીજા આચાર્ય પાસે, તેમના અભાવે અન્ય સામાચારી-વાળા સંવેગી ગચ્છના આચાર્ય પાસે, તેના અભાવે ગીતાર્થ પાર્શ્વસ્થાની પાસે, તેના અભાવે ગીતાર્થ સારૂપિક (શ્વેત વસ્ત્રધારી, મસ્તકે કેશ નહિ રાખનાર, કાછડી નહી વાળનાર, રજો-હરણ ને બ્રહ્મચર્ય વિનાના, સ્ત્રી વિનાના અને ભિક્ષાગ્રાહી ) પાસે લેવી, તેના અભાવે પશ્ચાત્કૃત પાસે ( ગીતાર્થ ચારિત્ર તજીને ગૃહસ્થ થયેલ પાસે ) લેવી, તેના અભાવે જયાં ભગવાન અને ગણધરોએ આવી ઘણીવાર પ્રાયશ્ચિત આપેલું છે. ને તે દેવતાએ જાણેલું હોય ત્યાં જઇ તે દેવતાનું અઠ્ઠમ તપથી આરાધન કરી તેની પાસે, ને તે દેવ ચવી ગયો હોય ને તેની જગ્યાએ બીજો દેવ આવ્યો હોય તે, સીમંધરસ્વામી પાસે જઇ પૂછી ને આપે, તેના અભાવે અરિહંત પ્રતિમાજી આગળ પોતાની મેળે પ્રાયશ્ચિતની આલોયણા લેવી, તેના અભાવે પૂર્વ તથા ઉત્તર દિશા સન્મુખ ઉભા રહી અરિહંત સિધ્ધાની શાખે લેવી.

## આલોયણ લેનારના દશ દોષ

દુહો:—આકંપ અનુમાન દ્રષ્ટ, બાદર સૂક્ષ્મ ને છન્ન;
શબ્દાકુળ બહુજન અવ્યક્ત, તત્સેવીયે દશ ભણ.

### એ દશેનો વધુ ખુલાસો.

૧ આકંપ—આલોયણ ઓછી લેવા અર્થે ગુરૂનું બહુ વૈયાવચ્ચ કરે તે.

૨ અનુમાન—ઓછું પ્રાયશ્ચિત આપતા હોય તેવા પાસે આલોયણ લે તે.

૩ દ્રષ્ટ—બીજાએ દેખેલા દોષો આલોવે પણ બીજા નહીં તે.

૪ બાદર—મોટા દોષો આલોવે પણ નાના ન આલોવે તે.

૫ સૂક્ષ્મ—નાના દોષો આલોવે ને ખોટો ડોળ કરી મોટા ન આલોવે તે.

૬ છન્ન—છાના આવીને આલોચે, ગુરૂ સાંભળે નહિ એવીરીતે.

૭ શબ્દાકુળ—ઘણા લોકના ગડબડાટમાં, ગુરૂ ન સાંભળે તેમ આલોવે તે.

૮ બહુજન—ઘણા માણુસો સાંભળે તેમ અથવા સંભળાવે તેમ બોલે તે.

૯ અવ્યક્ત—અવ્યકત ગુરૂ પાસે ( શાસ્ત્રના અજાણ પાસે) આલોવે તે.

૧૦ તત્સેવી—પોતાની સમાન પ્રાયશ્ચિત આલોચનારનું જોઇ આલોચે પણ પોતાના દોષો પ્રગટ કરે નહી, વા ગુરૂનો તિરસ્કાર કરતો આલોવે અથવા જેની પાસે પોતાના દોષો કહેતાં શરમ ન લાગે તેની પાસે આલોવે. ઈતિ પ્રાયશ્ચિત.

## ( ૨ ) વિનય.

**તેરનો વિનય-** તીર્થંકર સાધુ કુલ ગણ, સંઘ ક્રિયા ને ધર્મ;
જ્ઞાન જ્ઞાની સૂરિ સ્થવિર, વાચક ગણી સુકર્મ.

**વિનયનો બીજો પ્રકાર**-ગુણવાનની ભક્તિ કરવી તથા આશાતના ટાળવી, ગુણે કરી નમસ્કાર કરવો તે, તેના સાત ભેદ છે, તે કહે છે.

**આદર વસ્તુ-** અરિહંત સિદ્ધ આચાર્ય, પાઠક સાધુ પ્રવચન;
પ્રાસાદ પ્રતિમા સંઘ, દશમે ગણો દર્શન.

**આ દશેની**—મન વચન કાયાએ ભક્તિ કરવી તે ત્રણ, અને મન, વચન, કાયાએ આશાતના ટાળવી તે છ થયા.

**સાતમો લોકોપચાર વિનય તે**-ગુણી પુરૂષોના સહવાસમાં વસવું, માતાપિતાદિ વડેરાઓની ભક્તિ કરવી, તેમનાં વચન માનવાં દરેક કાર્ય તેમની મરજી પ્રમાણે કરવું, તે લોકો-

પચાર વિનય છે. જો કે આ વિનય લૌકિક છે, તો પણ તેમાં પ્રવૃતિ કરનાર જીવ ગુણી પુરૂષોનો વિનય કરી શકે છે, તેથી તે વિનયભાવ વિનયનું કારણ હોવાથી અવશ્ય કરવા યોગ્ય છે.

## ( ૩ ) વૈયાવચ્ચ.

**આચાર્યાદિક દશે** જણને આહારાદિક લાવી આપવા અથવા તેમના પગ દાબવા, કેડ દાબવી વિગેરે વૈયાવચ્ચ કહેવાય. તેના દશ પ્રકાર છે તેના નામ.

**દશના** નામ—આચાર્ય પાઠક પ્રવર્તક, સ્થવિર તપસી ગ્લાન;
નવદીક્ષિત સમાનધર્મી, ગણ સંઘે દશ માન.

## ( ૪ ) સ્વાધ્યાય.

**તેના પાંચ ભેદ**—વાંચન પૃછન પરાવર્તન, અનુપ્રેક્ષા તે એમ;
ધર્મકથા સ્વાધ્યાય ધ્યાન, પાંચે રાખો પ્રેમ.

**તે પાંચ ભેદ**—૧ વાંચના—ભણવું ભણાવવું ને વાંચવું તે. ૨ પૃચ્છના—પ્રશ્નો પૂછવા તે. ૩ પરાવર્તના—ભણેલું સંભારવું તે. ૪ અનુપ્રેક્ષા—તર્કવિતર્કો કરવા તે. ૫ ધર્મકથા—પોતાના જાણપણાને અનુસારે બીજાઓને ધર્મોપદેશ કરવો તે.

## ( ૫ ) ધ્યાન.

### આ ચાર ધ્યાન દરેકના ભેદ સાથે.

**તેના ચાર ભેદ**—આર્ત્ત રૌદ્ર ને ધર્મ શુકલ, ધ્યાવાં ધ્યાન તે ચાર;
પહેલાં બેને પરિહરી, ધર્મ ને શુકલ તે ધાર.

### તે દરેકના ચાર ચાર ભેદો.

**૧ આર્ત્તધ્યાન**— ઇષ્ટ વિયોગ અનિષ્ટ યોગ, રોગ ચિંતા અગ્રશોચ;
આર્ત્ત ધ્યાનના ભેદ એ, સદા ત્યાગવા શોચ.

**૨ રૌદ્રધ્યાન**— હિંસાનું મૃષાનુબંધી, સ્તેયાનુબંધી તેમ;
સંરક્ષણાનુબંધી સવી, તજો રૌદ્રના તેમ.

**૩ ધર્મધ્યાન**— આજ્ઞા અપાય વિપાક ને, સંસ્થાનવિચય ચાર;
હૃદય પ્રેમથી રાખજો, ધારી ધર્મ પ્રકાર.

**૪ શુકલધ્યાન**— પૃથક્ત્વ એકત્વ વિતર્ક ને, સૂક્ષ્મક્રિયા નિવૃત્તી,
વ્યુછિન્નક્રિયા અપ્રતિપાતી, શુકલધ્યાને સુખવર્ત્તી.

**ચાર ધ્યાને ગતિ**–આર્ત્ત રૌદ્રે નર્ક તિર્યંચ, ધર્મે મનુ દેવ ધાર;
શુક્લે દેવકે શિવસુખ, અનુક્રમ એ અવધાર.

**શુક્લધ્યાનમાં– આલંબન.** ખંતી માર્દવને આર્જવ, મુક્તિ તે ચોથી ગણ;
સાચાં તે શુક્લ ધ્યાનમાં, ચાર એ આલંબન.

**વળી બીજાં ચાર ધ્યાન.**

**તે ચારના નામ**–પિંડ પદસ્થ રૂપસ્થને, રૂપાતીત ને શાખ;
ધ્યાન આ ચૌ આખીયાં, શાસ્ત્રો પૂરે શાખ.

**ધ્યાનના ત્રિ ભેદ**–શીર્ષક શંબા ને વળી, ઘંટક ત્રીજો ભેદ;
ધાર ભેદ તે ધ્યાનના, એની દિલ ઉમેદ.

**( ૬ ) કાયોત્સર્ગ.**

દેહોત્સર્ગ કષાયોત્સર્ગ, ઉપધ્યોત્સર્ગ એમ;
ભવોત્સર્ગ તે કર્મ ત્યાગે, ચાર ચિંતવો તેમ.

**ખુલાસો**–દેહનો ત્યાગ, કષાયનો ત્યાગ–ઉપધીનો ત્યાગ અને ભવમાં ભમાવનાર કર્મોનો ત્યાગ એમ ચાર ભેદો ઉત્સર્ગના જાણવા.

એ છ પ્રકારે અભ્યંતર તપ જાણવું–આ છ વસ્તુઓ આત્મસ્વરૂપનું મૂળ કારણ છે. જેને આત્મસ્વરૂપ ઓળખવાની ઇચ્છા હોય તેજ આ છ વસ્તુઓ આરાધી શકે છે. બાહ્ય તપની જેમ આ તપ દેખાદેખીથી થઇ શકતું નથી–ઇતિબાર પ્રકાર.

**સાધુની બાર પ્રતિમાઓ.**

**તેની સમજણ**– એકથી ચડતા માસે, કરે માસ તે સાત,
સાત સાત અહોરાત ત્રિ, અને એક અહોરાત.
છેલ્લી એક જ રાતની, એમ પ્રતિમા સુબાર,
સાધુ સાદરે આદરો, શાસ્ત્રથી ગ્રહી સાર.
( ૨૮ માસ, ૨૨ અહોરાત ને એક રાતની. )

**આચાર્યના ગુણ**–છત્રીશ છત્રીશી ગુણ ગણ, આચારજ અવધાર;
૧૨૯૬ બાર સો છન્નુ ગુણ ગણી, વંદો વારંવાર.

**ચૈત્રી કાઉસ્સગ્ગ**–બાર માસે કાઉસ્સગ્ગ કરવાનો વિધિ.
ચૈતર શુદિ ૧૧–૧૨–૧૩ અથવા ૧૨–૧૩–૧૪ અથવા ૧૩–૧૪–૧૫ એ ત્રણ દિવસોએ હંમેશાં દૈવસિક પ્રતિક્રમણમાં સઝાય કહ્યા પછી આ કાઉસ્સગ્ગ કરવો. પ્રથમ ઇરિયાવહિયા કહી, લોગસ્સ

કહી, ખમાસમણ દેઈ અચિત્તરજ ઓહડાવણીઅત્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઇચ્છં, કરેમિ કાઉસ્સગ્ગં. અન્નત્થ કહી ચાર લોકસ્સનો સાગરવર-ગંભીરા સુધી કાઉસ્સગ્ગ કરવો. પારીને લોગસ્સ કહેવો.

**બાર પ્રકારે સાંભોગિક એક માંડલી**–૧ વસ્ત્રાદિક લે દે. ૨ સૂત્રસિદ્ધાંત ભણે ભણાવે–૩ આહારપાણી લે દે–૪ અરસપરસ નમસ્કાર કરે–૫ શિષ્યાદિક આપે લે–૬ નિમંત્રણા કરે–૭ અરસ-પરસ ઉભા થાય–૮ અરસપરસ ગુણગ્રામ કરે–૯ અરસપરસ વૈયાવચ્ચ કરે–૧૦ સાથે ભેગા બેસે–૧૧ એક આસને બેસે–૧૨ અરસપરસ કથાવાર્તા કરે.

**એ અષાડા મુનિ**—વ્રત લઇ વેશ્યાનઃ ઘરે, વસ્યા વરસ તે બાર;
કર્મકૃતિ કળી જાય નહિં, તે અષાડ અણગાર.

**એ નંદીષેણ મુનો**—વ્રત છંડયું વેશ્યા વસે, દશ બોધે પ્રતિદિન;
(બોધ) સહસ તેંતાલીશ બસો, વરસ બારના ગીન.

**સુમતિવિલાસ**— વેશ્યા ઘરે બાર વરસ, ક્રોડો ખર્ચ જે કીધ;
લીલાવતી લાવી બધું, પતિ વીત્ત તેહ પ્રસિદ્ધ.

**સ્થુલિભદ્ર અને વેશ્યા**—બાર વરસ જે ઘર વસ્યા, ત્યાંજ કર્યું ચૌમાસ;
વેશ્યા વ્રતધારી કરી, તે સ્થુલિભદ્ર શાબાશ.

**આ ભાષાના ભેદ**–સંસ્કૃત પ્રાકૃત સૌરસેની, માગધિ પૈસાચ ધાર;
અપભ્રંશક છ ભાષાના, ગદ્ય પદ્ય ભેદો બાર.

**ગોચરી લક્ષના કુળ**–પ્રધાન પ્રોહિત રાય મે, ક્ષત્રી ઇખ્ખાગ ધાર;
યાદવવંશ બ્રાહ્મણ તથા, ગુર્જર ગણજે સાર.
વણિક ગોરક્ષ ને સુતાર, સાળવી કોટવાળ;
સાધુ આહાર અર્થે આ, બાર કુળો સંભાળ.

**શય્યાતરની નહીં ખપે**–ચૌ આહાર પાય પુછ વસ્ત્ર, પાત્ર કાંબળ સુઇ;
કાતર નરણી કાન કોરણુ, સજ્જાત્તરની નહીં.

# તેર વસ્તુની સંખ્યા.

## સાધુને ચૌમાસા માટે ઊત્કૃષ્ઠ ક્ષેત્રના તેર ભેદ.

મનહર છંદ.

જીવની ઊત્પત્તિ નહિ કીચડન મળે કહીં,
સ્થંડિલ નિર્જીવ સહી વસ્તી વખણાય છે;

કુપ દહી મળે ખાસ જિનંદ પ્રાસાદ પાસ,
ઓષધ વૈદ્યનો વાસ જોગ તે જણાય છે;
શ્રાવક ઉજળા અગ્રા વિત્ત વસ્તિ સાજા તાજા,
વળી રૂડો રાજા વિપ્રો વિનિત વર્ણાય છે;
સુલભ ભિક્ષા સજાય, તેર ભેદો તેમ થાય,
ઉત્તમ ક્ષેત્ર જ એહ લલિત લેખાય છે. ॥ ૧

## પ્રસંગે ચાર જઘન ક્ષેત્ર.

આ જઘન ક્ષેત્રો–પ્રાસાદ પાસ સ્થંડિલ શુભ, સ્વાધ્યાય ભૂમિ સાર,
ભિક્ષા સુલભ ચારે ભલા, જઘન ક્ષેત્ર અવધાર.

## તેર અશુભ ક્રિયા.

મનહર છંદ.

અર્થને અનર્થ ક્રિયા હિંસા અને કર્મ ક્રિયા,
દષ્ટિ. વિપર્યાસ ક્રિયા પાંચમી ગણાય છે;
મૃષાવાદ ક્રિયા છઠી અદત્તા દાનની સાત,
મિથ્યાત્વને માન સાથે નવનેટ થાય છે;
મિત્રની દશમી દાખી અગિયારે માયા આખી,
પછી બારમી ભાખી તે લોભની લેખાય છે;
તેરમી ઈર્યા પથિકી નિત્ય તે લલિત નક્કી,
પ્રાણીને લાગવા વકી ચેતો ચેતાચાય છે. ॥ ૧

## તેર ગાદી ( બેસણાં ).

મનહર છંદ

વડગચ્છ તપગચ્છ કોટિકને ચંદ્રગચ્છ,
કુતકપુરા કોરંટ ગચ્છ ગણાવાય છે;
નાગપુરાગચ્છ અને ચોદશીયાગચ્છ ગણી,
ચિતોડાગચ્છની ગાદી આઠમી મનાય છે;
કકપુરાગચ્છ પછી જળધારીગચ્છ જાણો,
મલધારગચ્છ ગાદી અગીયારે થાય છે;
સંડેર કમળગચ્છ તેરગાદી ગણી તમ,
ગાદીનામ બેસણાં તે લલિત લખાય છે. ૧

## આ ૧૩ સ્થાને ઠલ્લો માત્રુ કરવું નહિ.

મનહર છંદ

શાખકે છાણાનો ઢગ ગાયવાડો સાપરાફ,
 આંબા ગુલાબ પ્રમુખ મૂળમાંહે વારીયે;
અગ્નિઅને સુર્યસામે માર્ગવચે પાણી સ્થાને,
 માત્રાપર ઠલ્લો માત્રુ કરવા ન ધારીયે;
સ્મશાનાદિકમાં અને નદીના કાંઠાયે તેમ,
 નદીની ભેખડમાંહે નક્કી જ નિવારીયે;
સ્ત્રી કે પૂજ્ય પુરૂષકો દેખે તેવા તેર સ્થાને,
 ઠલ્લો માત્રાનો લલિત વાત ન વિચારીયે. ૧

## સ્થાપનાચાર્ય પ્રતિ લેખણના ૧૩ બોલ.

૧ શુદ્ધ સ્વરૂપના ધારક ગુરૂ, ૨ જ્ઞાનમયી, ૩ દર્શનમયી ૪ ચારિત્રમયી, ૫ શુદ્ધ શ્રદ્ધામય, ૬ શુદ્ધ પ્રરૂપણામય, ૭ શુદ્ધ સ્પર્શના મય, ૮ પંચાચાર પાલે, ૯ પલાવે, ૧૦ અનુમોદે, ૧૧ મનગુપ્તિ, ૧૨ વચન ગુપ્તિ, ૧૩ કાયગુપ્તિએ ગુપ્તા,—આ પ્રમાણેના તેર બોલ બોલી પાંચે સ્થાપના ચાર્યની પૃથક પૃથક પડિલેહણા કરી પછી સ્થાપના ચાર્ય સંબંધી બીજી મહુપત્તિઓ પડિલેહે. (સાંજની પડિલેહણ વખતે પહેલાં સ્થાનાચાર્યની બધી મુહપતિઓ પડિલેહીને પછી સ્થાપનાચાર્ય પડિલેહે.)

ઉપર જે પાંચ સ્થાપનાચાર્ય કહ્યા તે એવી રીતે કે—૧ આચાર્ય, ૨ ઉપાધ્યાય, ૩ પ્રવર્ત્તક, ૪ સ્થાવર, ૫ ગણાવિચ્છેદક—એવી રીતે તેમાં પાંચ પૂજ્ય પુરૂષોનું આરેપણ છે.

**ઓઘાની પડિલેહણ**—સવારમાં પહેલો ઓઘો, પછી દાંડી, પછી નિષેદીયું, પછી ઓઘારીયું અને છેવટે દોરો અને સાંજે પહેલાં દોરો, પછી ઓઘારીયું, નિષેદીયું, દાંડી અને ઓઘો એ પ્રમાણે પડિલેહવાં.

**ઉપધિની પડિલેહણ**—સવારમાં પહેલાં સંથારીયું, પછી ઉત્તરપટ્ટો, તેમ કપડો, પાંગણી વિગેરે અને છેવટે દાંડો પડિલેહવો સાંજે પહેલાં કપડો પછી પાંગણી પછી સંથારીયું વિગરે અને છેવટે દાંડો પડિલહેવો.

**દરેક ઉપકરણના બોલ**—ડાંડો, ડાંડી, કહેરા, ઢાંકણાં, પડલી વિનાની કાચલી, દોરા, નિષેદીયું, ઓઘારીયું, ડંડાસણુ વિગેરેને ૧૦ બોલથી અને બાકીના ઉપકરણોને ૨૫ બોલથી પડિલેહવાં.

**સવારની પાડલેહણામાં**—પાંચ ઇરિયાવહી અને સાંજે ચાર ઇરિયાવહી કરવાના છે.

**તેર સમાન સામાચારી**—૧ તપગચ્છ. ૨ સોડેરાગચ્છ. ૩ ચઉદશીયાગચ્છ. ૪ કમલકલસાગચ્છ. ૫ ચંદ્રગચ્છ. ૬ કોટીગચ્છ. ૭ કતાકપરાગચ્છ ૮ કોરિંટગચ્છ. ૯ મલ્લધારિગચ્છ. ૧૦ ચિત્રોડાગચ્છ. ૧૧ કક્કસુરિયાગચ્છ. ૧૨ વડગચ્છ. ૧૩ ઓશવાલગચ્છ.

## તેરને જીતવાની રીત.

| | | | |
|---|---|---|---|
| ૧ | ક્રોધને ક્ષમાથી જીતાય. | ૮ | કામને સ્ત્રીના શરીરની અશુચિ ભાવનાથી જીતાય. |
| ૨ | માનને માર્દવથી જીતાય. | ૯ | મત્સરને પારકી સંપદાથી ઉત્કર્ષને વિષે મનને રોકવાથી જીતાય. |
| ૩ | માયાને આર્જવથી જીતાય. | ૧૦ | વિષયોને મનના સંવરવાથી જીતાય. |
| ૪ | લોભને સંતોષથી જીતાય. | ૧૧ | અશુભ મન, વચન, કાયાને ત્રણ ગુપ્તિથી જીતાય. |
| ૫ | રાગને વૈરાગથી જીતાય. | ૧૨ | પ્રમાદને અપ્રમાદથી ( ઉદ્યમથી ) |
| ૬ | દ્વેષને મૈત્રીથી જીતાય. | ૧૩ | અવિરતીને વ્રતથી જીતાય. |
| ૭ | મોહને વિવેકથી જીતાય. | | |

# ચૌદ વસ્તુની સંખ્યા.

## ચૌદપૂર્વ.

### મનહર છંદ.

ઉત્પાદ ને અગ્રાયણી વીર્યપ્રવાદનુ વળી,
અસ્તિ નાસ્તિ અને જ્ઞાન પ્રવાદ સંભારીયે;
સત્યપ્રવાદની પછી આત્મ પ્રવાદ તે આવે,
સમ્યક કર્મપ્રવાદ એક નામ ધારીયે;
પ્રત્યાખ્યાન પ્રવાદ ને વિદ્યાનુપ્રવાદ દશે,
અવંધ્યફળ કલ્યાણ એક જ વિચારીયે;
પ્રાણાયું ક્રિયા વિશાળ છેલ્લુ લોકબિંદુસાર,
ચૌદ પૂર્વ તે લલિત અંતર ઉતારીયે. ॥ ૧ ॥

## તે ચૌદપૂર્વનો વધુ ખુલાસો.

| | પૂર્વ નામ. | તેમાં પ્રરૂપેલ વસ્તુ નામ. | પદસંખ્યા. |
|---|---|---|---|
| ૧ | ઉત્પાદ પ્રવા૦ | તેમાં સર્વે દ્રવ્યોની ઉત્પત્તિનું સ્વરૂપ દર્શાવેલ છે. | એક ક્રોડ |
| ૨ | અગ્રાયણી૦ | તેમાં સર્વે દ્રવ્યો અને પર્યાયોનું પ્રમાણ આપેલ છે. | છન્નુ લાખ |
| ૩ | વીર્યપ્રવાદ૦ | તેમાં કર્મસહિત અને કર્મરહિત જીવ અને અજીવની શક્તિનું સ્વરૂપ છે. | સાઠ લાખ |
| ૪ | અસ્તિનાસ્તિ૦ | તેમાં વસ્તુની અસ્તિનાસ્તિકતા ને તેનું સદ્‌અસદ્‌રૂપને તેનું સ્યાદ્વાદશૈલીયે સ્વરૂપ છે. | સાઠ લાખ |
| ૫ | જ્ઞાનપ્રવાદ૦ | તેમાં પાંચે જ્ઞાનનું વિસ્તારપૂર્વક સ્વરૂપ છે. | એકકમ એક ક્રોડ |
| ૬ | સત્યપ્રવાદ | તેમાં સત્ય, સંયમ ને વચન ત્રણે વસ્તુનું સ્વરૂપ છે. | એક ક્રોડ ૭ |
| ૭ | આત્મપ્રવાદ૦ | તેમાં જીવદ્રવ્યનું અનેક નયદર્શને પ્રતિપાદન છે. | છવીસ ક્રોડ |
| ૮ | કર્મપ્રવાદ૦ | તેમાં આઠે કર્મનું સ્વરૂપ વિસ્તારે આપેલ છે. | એક કરોડ એંશી લાખ |
| ૯ | પ્રત્યાખ્યાનપ્ર. | તેમાં ત્યાગ કરવા યોગ્ય પદાર્થો સહિત પ્રત્યાખ્યાનનું સ્વરૂપ છે. | ચોરાશી લાખ |
| ૧૦ | વિદ્યાપ્રવાદ૦ | તેમાં અનેક પ્રકારની ચમત્કારી વિદ્યાઓ મંત્રપાઠ અને પાઠસિદ્ધિ વિદ્યાઓ છે. | એક કરોડ દશ લાખ |
| ૧૧ | કલ્યાણપ્રવાદ૦ | તેમાં સમ્યગ્‌જ્ઞાન, દર્શન, ચારિત્રનું ફળ અવશ્ય છે. | છવીસ ક્રોડ |
| ૧૨ | પ્રાણાયુપ્રવાદ૦ | તેમાં જીવાદિ પ્રાણોના શરીર, આયુષ્યનું સવિસ્તર છે. | એક ક્રોડ છપનલાખ |
| ૧૩ | ક્રિયાવિશાળ૦ | તેમાં પચીસ ક્રિયાઓનું ભેદાનુભેદપૂર્વક વિસ્તારે સ્વરૂપ છે. | નવ ક્રોડ |
| ૧૪ | લોકબિંદુસાર. | તેમાં લોકના વિષે સારભૂત વસ્તુનું સ્વરૂપ છે. | સાડાબાર ક્રોડ |

### ચૌદ પૂર્વની સાઇનું માન.

( ૧૬૩૮૩ એક પૂર્વે એક ગજપુર, ચઢતી ચૌદે તેમ;
ગજપુર ) સોળ તી અડ લી ગજપુર, સાઇ સર્વની એમ.

આમાં કહેલા હાથી મહાવિદેહ ક્ષેત્રના જાણવા ( પ્રશ્નચિંતામણી. )

## શિષ્યને જ્ઞાન આપવા યોગાયોગે ચૌદ દષ્ટાંત.

### નંદી સૂત્ર ગાથા-૪૪

મનહર છંદ.

સેલઘન પ્રતિપક્ષે કૃષ્ણભૂમિનું દ્રષ્ટાંત,
ચાલણીના પ્રતિપક્ષે કમંડળુ આવે છે;
ઘડાના પ્રકારો ઘણા તેમાના થોડાજ સારા,
ઘી દુધ ગરણી સમ નકામા જણાવે છે;
હંસ સમા છે ઉત્તમ પાડા જેવા ડોળે પાણી,
ઘેટા જેવા ડોળ્યા વિણુ પાણી પીને જાવે છે;
મસક જેવાને વાર્યા ગુરૂના દોષો તે ગાવે,
જળો જેવા દુભ્યા વિણુ ગુણગ્રાહી થાવે છે;
બિલાડી ઢોળીને ચાટે નાલાયક ગણી માટે,
દુધ પી જાહક ચાટે ઠીક તેવા ઠાણવા;
ગાયના ગ્રાહક ચાર સહી નહિં ગણ્યા સાર,
ભેરી ભંગ કરનાર એવા અપ્રમાણવા;
આભારીના દ્રષ્ટાંતમાં પ્રતિપક્ષે તેથી સારૂં,
યોગાયોગ દ્રષ્ટાંતોને મન સાથે માનવા;
શિષ્ય જ્ઞાન દેવા માટે ચૌદ આ દ્રષ્ટાંતો ઘાટે,
લલિત જે યોગ વાટે શિષ્ય શુભ જાણવા.

### તેનો વિસ્તારે ખુલાસો.

૧ સેલઘન—મગના દાણા જેવડો મગશેલ. પુષ્કરાવર્ત મેઘથી પણ ન ભીંજે તેમ જડ બુદ્ધિવાળો શિષ્ય ભણે નહિ ને ઉલટો અનર્થ ઉત્પન્ન થાય.

પ્રતિપક્ષે—કૃષ્ણભૂમિમાં પડેલો વરસાદ ઘણા ધાન્યને આપવાવાળો થાય, તેમ તેવો શિષ્ય સારો ગણાય.

૨ ચાલણી—જેમ ચાલણીમાં નાંખેલું પાણી તુરત નીકળી જાય, તેમ આપેલું જ્ઞાન તુરત ભૂલી જાય તેવો શિષ્ય અયોગ્ય જાણવો.

પ્રતિપક્ષે—જેમ વાંસથી બનાવેલું તાપસનું કમંડળ ટપકતું નથી, તેમ તેવો શિષ્ય યોગ્ય જાણવો—

૩ પરિપૂર્ણક—ઘી દુધાદિની ગરણી વસ્તુ કાઢી મેલ સંગ્રહે છે તેમ તેવો દોષગ્રાહી નકામો જાણવો.

૪ **હંસ**—જેમ દુધ ગ્રહી પાણી ત્યાગે છે, તેમ તેવો ગુણગ્રાહી યોગ જાણવો.

૫ **કુટ-ઘડો**-ઘડા ઘણા પ્રકારના હોય છે, તેમાના થોડાક જ સારા છે, તેમ યોગ્ય શિષ્ય અલ્પજ હોય.

૬ **મહિષ**—જેમ પાડો પાણી ડોળી પી શકતો નથી, તેમ જે શિષ્ય વ્યાખ્યાને ખોટા કુતર્કો કરે, વિકથા વિગેરે કરે, તે પણ અયોગ્ય જાણવો.

૭ **મેષ**—જેમ ઘેટો બકરો આદિ ડોળ્યા વિના પાણી પીયે, તેમ ગુરૂ પાસે વિનયથી ભણે તે યોગ્ય જાણવો.

૮ **મસક**—પવનથી ભરેલી મસકની જેમ ગુરૂના જાતિ દોષ ગાવે, તેવો શિષ્ય નકામો જાણવો.

૯ **જળો**—જેમ જળો શરીરને દુઃખ દીધા વિના ખરાબ લોહીને ખેંચે છે, તેમ ગુરૂને દુભ્યા વિના જે જ્ઞાન ગ્રહે તે યોગ્ય જાણવે.

૧૦ **બિલાડી**—જેમ બિલાડી દુધને ઢોળીને ચાટે, તેમ વિનયાદિ વિનાનો શિષ્ય ગુરૂ પાસેથી ન સાંભળતાં, બીજા સાધુઓને પૂછીને જાણે તે અયોગ્ય જાણવો.

૧૧ **જાહક**—જેમ જાહક પક્ષી થોડુ દુધ પી કાના ચાટે, તેમ ગુરૂથી ગ્રહેલ પાઠ પાકો કરી, આગળ ભણે તે યોગ્ય જાણવો.

૧૨ **ગાય**—ચાર જણને મળેલી એક ગાય વારા પ્રમાણે દોહી લીધી, પણ કોઇએ ખોરાક આપ્યો નહિ તેથી ગાય મરી ગઇ, તેમ બીજા સાધુઓ ગુરૂનો વિનય કરશે, બીજે ધાર્યું કે શિષ્યો કરશે. ગુરૂને ખોટું લાગ્યું ને લોકોમાં નિંદા થઇ તેવા નકામા છે, આથી સુલટું વર્તતા યોગ્ય ગણાય.

૧૩ **ભેરી**—કૃષ્ણમાં ગુણગ્રાહીપણું ને નીચ યુદ્ધ ન કરવું તે ગુણ જોઇ, એક દેવે પ્રસન્ન થઇ મહારોગ હરતા છ-છ માસે વગાડે ને બાર જોજન સંભળાય તેવી એક ગોચંદનની ભેરી આપી. તે વગાડનારે દ્રવ્યના લોભથી ભેરીમાંથી કકડે કકડે આપી બીજી વસ્તુથી સાંધી લેઇ ભેરી નકામી કરવાથી તેને શિક્ષા આપી કાઢી મૂકયો, ને ફરી દેવારાધન કરી બીજી ભેરી યાચી લીધી, ને તે બીજાને સાચવવા આપી. તેમ શિષ્યને આપેલ સૂત્ર ભૂલી

જઇ વચ્ચે કલ્પિત ગોઠવી નકામા કરે તે પહેલો ભેરી ભાગનાર જેવો નકામો જાણવોને ફરીથી જેણે ભેરી સાચવી તેમ સૂત્ર-અર્થને સાચવી રાખે તે યોગ જાણવો.

૧૪ આભીરી—ઘી વેચવા ગએલ ભરવાડને ભરવાડણ ઘીના માપ એક બીજાને આપતાં એક ઘાડવો ફુટી ગયો, તે કારણે બેઉ આપસ આપસ લડી પડયાં. રહેલ બધું ઘી ઢોળાઇ ગયું ને મોડું થવાથી રસ્તામાં લુંટાયા, તેમ તેવો શિષ્ય નકામો જાણવો અને જેઓ લડ્યા વિણ ઢળેલ ઘી સાચવી લઇ લીધું ને બંને પોતાની ભૂલ કબુલ કરીને વેળાસર ઘેરે પણ ગયાંને લુંટાયાં નહિ. તેમ ગુરૂ ઉપયોગ અભાવે કાંઇ અન્યથા કહ્યું હોય, તેથી શિષ્યે પણ અવળુ પઠણ કરવાથી ગુરૂ કહે કે, મેં ભૂલથી તને કાંઇ અવળુ સમજાવ્યું છે, માટે આમ પઠણ કર ત્યારે શિષ્યે કહ્યું કે આપે બરોબર સમજાવ્યું હશે, પણ મારી કુબુદ્ધિથી અર્થ ધાર્યો નહીં, એવો શિષ્ય એકાંતે યોગ્ય છે. ઇતિ ચૌદ દ્રષ્ટાંત [ રત્નસંચયગ્રંથે ]

## સાધુના ચૌદ ઉપકરણ.

**ચૌદ ઉપકરણ—** પાત્ર ઝોળી કામળખંડ, ચરવળી પલ્લાં પંચ;
પાત્ર વિંટણ ગુચ્છા મળી, સાત પાત્રનો સંચ.
„ તી કપડે એક ઉનનો, રજોહરણ મુખવસ્ત્ર;
[1]માત્રક ચોળપટો મળી, [2]ઓઘિક ચૌદે માત્ર.

**ઊપગ્રાહીક ઉપ૦—**ચૌદ ઉપકરણ ચિંતવ્યાં, સહી સાધુને સાફ;
ભોગ જોઇતા જે ખપે, મૂર્ચ્છા વિણ તે માફ.

**૧૪ ઉપકરણનો ખુલાસો**-પાત્ર, ઝોળી, પાત્ર મુકવા કામળ ખંડ, પાયકેસરીયા (ચરવળી), પલ્લા, રજસ્ત્રાણ. ( પાત્રવીંટણું ) ગોચ્છા, એ સાત પાત્ર પરિકર છે, ત્રણ પ્રછાદક કપડાં (બે સુતરાઉ ને એક ગરમ.) ઓઘો. મુહપત્તિ, માત્રક અને ચોલપટ્ટ એ કુલ ચૌદ થયાં. પ્રથમનાં ૧૨ જિનકલ્પીનાં ને માત્રક ને ચોલપટ્ટો મળી ચૌદ સ્થવિરકલ્પીના જાણવા. આ ઓઘિક ઉપકરણ ગણાય, તે શિવાય બીજાં ખપ પૂરતાં જે રાખવાં પડે તે મૂર્ચ્છા વિણ રાખવા છુટ છે, તેને ઉપગ્રાહિક ઉપકરણ કહેવાય.

---

૧ માત્રુ કરવાનું ભાજન ૨ એટલાં તો જોઇએ. ૩ સંયમ અર્થે બીજાની જરૂર હોય તો મૂર્છારહિતપણે રખાય.

**તેનું થોડુંક માન**-કપડા, કાંમળી પાંચ પાંચ હાથ, મૂહપત્તિ એક વેંત ને ચાર આંગળ, ઓઘો બત્રીશ આંગળ (૨૪ આંગળ ડાંડી અને આઠ આંગળ દશીઓ.) ચોળપટ્ટો ઢીંચણથી ઉંચો અને ડુંટીથી નીચો. લાંબો શરીરના પ્રમાણસર, પણ હાલમાં તેમાં થોડોક ફેરફાર કરાવાય છે, તે ગીતાર્થ પુરૂષોથી જાણી લેવું.

**સાધુ અને સાધ્વીનાં**-ઉપકરણો જાણવા શ્રી આચારાંગ તથા નિશિથસૂત્ર, પ્રવચનસારોદ્ધાર ને રત્નસંચયાદિમાં કહેલ છે.

**અભ્યંતર ગ્રંથી**-મિથ્યાત્વ વેદ હાસ્ય ષટ, ચૌ કષાય નો કાર;
અભ્યંતર ચૌદ ગ્રંથીએ, વેગે દૂર નિવાર.

**ચૌદપૂર્વધર નિગોદમાં**— ચૌદ પૂર્વધર મુનિ પણ, નિગોદમાં નંખાય;
કાળ અનંતો ત્યાં રહે, કરેલ કર્મ પસાય.

**ચૌદપૂર્વી ગતિ**—ચૌદપૂર્વી તિ ચૌ જ્ઞાન, ઉપશાંત વીતરાગ;
વિષય કષાયાદિક વશે, ચાર ગતિના ભાગ.

**ચૌદપૂર્વી ગતિ**—આહાર લબ્ધ ચૌદપૂર્વી, અવધિ મનઃપર્યવજ્ઞાન;
ઉપશાંતમોહિ કૃત કર્મે, ભમે ચૌ ગતિ જાણ.

**ચૌદ પૂર્વધર શરીર**—સંસારે ચૌદ પૂર્વી, તિહાં સુધીમાં ચાર;
શરીર આહારક કરે, એક ભવે બે વાર.

**એ ચૌદ માર્ગણા**-ગતિ ઇંદ્રિય કાય યોગ, વેદ કષાયો ચાર,
જ્ઞાન સંયમ ને દર્શને, લેશ્યા ભવ્ય લેલાર;
સમ્યકૂત્વ ને સન્નિ વળી, આહારક દશ ચાર,
ચૌદ માર્ગણે ચિંતવી, દશ મોક્ષની સાર.

**૧૪૫૨ ગણધર**—ચૌદ સો ને બાવન બધા, ગુણવંતા ગણધાર;
ચોવીશ જિનના ચિંતવ્યા, જુક્તે કરો જુહાર.

**વક્તાના ૧૪ ગુણ**

મનહર છંદ.

સોળ બોલ જાણકને શાસ્ત્રાર્થ વિસ્તરી જાણે,
વાણીમાં મિઠાશ ને અવસરનો જાણ છે;
સત્ય વક્તા શ્રોતાઓનો સંદેહ છેદે ગીતાર્થ,
અર્થે વિસ્તરી સંવરી સંક્ષેપે ત જાણ છે;
વ્યાકરણ સાથે ભાષા કર્કશ ન બોલે કદિ,
વાણીવડે સભાજન રીઝવવા જાણ છે;

શ્રોતા બોધે પ્રશ્ન કરે સમજે તેવું જ વદે,
ગર્વ ત્યાગ ધર્મવંત સંતોષે સુજાણ છે.

### શ્રોતાના ૧૪ ગુણ—

ભક્તિવંત મીઠાબોલો અંહકાર રહિત ને,
શ્રવણમાં રૂચી સારી ધીરતાનું ધ્યાન છે;
એક ચિત્તે સુણનાર જેવું સુણ્યું તેવું કહે,
પ્રશ્નકાર સાંભળેલા શાસ્ત્ર સારે જાણ છે;
ધર્મ કામે ન પ્રમાદ દતારપણાએ દિલ,
ગુણજ્ઞ ને નિંદાદિકે સદા એ અજાણ છે;
દોષથી રહિત દાખ્યો શ્રોતા ચૌદ ગુણે આખ્યો,
લલિત જો લખ્યા ગુણ હોય તો પ્રમાણ છે.

### [1]ચૌદ ગુણસ્થાન.

મનહર છંદ.

મિથ્યાત્વ ને સાસ્વાદન મિશ્ર અવિરતિ સમ્યક્,
દેશવિરતિ શ્રાવક સાધુ છઠ્ઠું (પ્રમત્ત) પાય છે;
અપ્રમત્તદશા જુજ નિવૃતિ અનિવૃત્તિનું,
સૂક્ષ્મસંપરાયે અલ્પ કષાય કરાય છે;
ઉપશાંત મોહનીયે ખાસ ત્યાંથી પડે ખરો,
ક્ષીણમોહે કષાયને [2]કર્મો ક્ષય થાય છે;
સયોગી કેવળજ્ઞાન અયોગી લલિત પાંચ,
હ્રસ્વ અક્ષરો ગણતાં જીવ મોક્ષે જાય છે. ૧

### ચૌદ મહાવિદ્યા.

મનહર છંદ.

આકાશગામિની અને પરકાય પ્રવેશીની,
રૂપ પરાવર્ત્તિની ને સ્તંભિની કહાય છે;
મોહિની સુવર્ણસિદ્ધિ રજત ને રસસિદ્ધિ,
બંધ મોક્ષની ને શત્રુ પરાભવિ ગાય છે;

---

૧ આ ચૌદ ગુણસ્થાનમાં એક ચૌદમું અયોગી ગુણસ્થાન આત્માના ઘરનું છે; અને બાકીના તેર તે તો પુદ્ગલના ઘરના છે. ૨ ચાર ઘાતીકર્મ ( જ્ઞાના૦ દર્શના૦ મોહની૦ અંતરાય૦ ) નો ક્ષય થાય છે તે.

વશ્યકરણી ને વળી ભૂતાદિદમની તેને,
અગ્નિ આદિ ઉપદ્રવ, શમની ગણાય છે;
સર્વે સંપત્કરી શિવસુખદાયીની લલિત,
ચૌદ મહાવિદ્યામાંનું, સાધે સુખ પાય છે.

### બીજી ચૌદ વિદ્યાઓ.

મનહર છંદ.

ઋગવેદ યજુર્વેદ ત્રીજો સામવેદ તેમ,
અથર્વવેદે વિદ્યાઓ ચારતે કહાય છે;
શિક્ષા પાંચ કલ્પ છઠી વ્યાકરણ છંદે આઠ,
જ્યોતિષે તે જોગ નવ વિદ્યાઓ વર્ણાય છે;
નિરૂક્તિની દશમીને મિમાંસા અગીયારમી,
બાર આન્વીક્ષિકી તેર ધર્મ શાસ્ત્ર થાય છે;
છેલ્લી પુરાણની સહી ચૌદ આવધાઓ કહી,
તેમ અન્ય શાસ્ત્રો માંહિ લલિત લેખાય છે.

**ગુણસ્થાનક ભાવના—** ચૌદ સ્થાન ચડવા કહ્યાં, ચડિયો તે બે ચાર;
અબ આઠે ઉદ્યમ કરી, પોચી જા ઝટ પાર.

---

## પંદર વસ્તુની સંખ્યા.

**પંચ મહાવ્રતધારી સાધુઓની અવશ્યકરણીના ૧૫ ભેદ–**

૧ હમેશાં પ્રતિક્રમણ ન કરે તો ફરીને ઊઠામણ કરે.
૨ બેઠાં બેઠાં પ્રતિક્રમણ કરે તો ઊપવાસની આળોયણ આવે.
૩ કાળ વખત પ્રતિક્રમણ ન કરે તો ચૌથભકતનું પ્રાયશ્ચિત લાગે.
૪ સંથારા ઉપર પ્રતિક્રમણ કરે તો ઉપવાસનું પ્રાયશ્ચિત લાગે.
૫ માંડલે પ્રતિક્રમણ ન કરે તો ફરી ઊઠામણ કરે.
૬ કુશીલિયાને પ્રતિક્રમે તો ઉપવાસનું પ્રાયશ્ચિત લાગે.
૭ સંઘને ખમાવ્યા પછી પડિક્કમે તો ઊઠામણ કરે.
૮ પોરસી ભણાવ્યા પહેલાં સુવે તો ઉપવાસનું પ્રાયશ્ચિત લાગે.
૯ દિવસે સુવે તો ઉપવાસનું પ્રાયશ્ચિત લાગે.
૧૦ વસતિ અણુપવેસે આદેશ વિનામાગે સઝાય કરે તો ચૌથ-ભક્તનું પ્રાયશ્ચિત લાગે.

૧૧ અવિધિયે પડિલેહણુ કરે તો ઉપવાસનું પ્રાયશ્ચિત લાગે.
૧૨ નિત્ય પડિલેહણુ ન કરે તો ઉપવાસનું પ્રાયશ્ચિત લાગે.
૧૩ નહિ પડિલેહ્યાં વસ્ત્ર, પાત્ર વાપરે તો ફરી ઉઠામણુ કરે.
૧૪ કાળે અણુઉદ્ધર્યો પ્રતિક્રમણુ કરે તો ઉઠામણુ કરે.
૧૫ ઇરિયાવહિ લાગ્યા છતાં પડિક્કમ્યા વિના બેસી જાય તો ચોથ ભક્તનું પ્રાયશ્ચિત લાગે. **( મહાનિશીથસૂત્ર )**

**પંદરસો ત્રણુ સિદ્ધિપદ પામ્યા:**—શ્રી અષ્ટાપદગિરીએ ૧૫૦૩ તાપસોને પ્રતિબોધી શ્રી ગૌતમ સ્વામીએ દીક્ષા આપી અને પોતાની લબ્ધિવડે ખીરનું પારણું કરાવ્યું, તેમાં પાંચસો જમતાં જમતાં કેવળજ્ઞાન પામ્યા, પાંચસો ભગવાનનું સમોસરણુ જોઈને કેવળજ્ઞાન પામ્યા અને પાંચસો વ્યાખ્યાન સાંભળીને કેવળજ્ઞાન પામ્યા, એમ પંદરસો ત્રણુ કેવળી થઇ મોક્ષે સીધાવ્યા છે.

## સોળ વસ્તુની સંખ્યા.

**સોળ વચન જાણે તે ઉપદેશ દેવાને લાયક ગણાય.**

૩ એક વચન, દ્વિવચન અને બહુવચન જાણે તે.
૩ પુરૂષલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ જાણે તે.
૭ અધ્યાત્મી વચન અને અંતરનું વચન જાણે તે.
૮ ઉપનીત વચન અને પ્રશંસાકારી વચન જાણે તે.
૯ અપનીત વચન અને પરનિંદાનું વચન જાણે તે.
૧૦ ઉપનીત અપનીત વચનને પહેલાં પ્રશંસી પછી નિંદીયે.
૧૧ અપનીત ઉપનીત વચનને પહેલાં નિંદી પછી પ્રશંસા કરવી.
૧૨ અતીત વચન તે ગયા કાલનું જેમ ગયે કાલે અનંતા તીર્થંકર થયા.
૧૩ વર્તમાન વચન તે વર્તમાન કાળની વ્યાખ્યા કરાય તે.
૧૪ અનાગત વચન આવતા કાલનું વચન. આવતા કાળે તીર્થંકર થશે
૧૫ પ્રત્યક્ષ વચન તે એણે મને કહ્યું તે.
૧૬ પરોક્ષ વચન તે ભગવાન કહી ગયા છે.

**ઉપાધ્યાયની ૧૬ ઉપમા:**—૧ દુધભર્યો દક્ષિણાવર્ત શંખપરે શોભનિક, ૨ નયભાવ પ્રમાણુ પ્રવિણુ, ૩ અશ્વ, ૪ ગજ, ૫ વૃષભ, ૬ સિંહસરિખા પરવાદીમાનવારક, ૭ અદીન, ૮

વાસુદેવ, ૯ ચક્રવર્તી, ૧૦ ઇંદ્ર ઉપમા જોગ, ૧૧ સૂર્ય, ૧૨ ચંદ્ર પરે દીપતા, ૧૩ જંબૂ, ૧૪ સીતાનદી, ૧૫ મેરૂગિરિ, ૧૬ સ્વયંભૂરમણસમુદ્ર-ઈતિ.

## કાવ્યના સોળ પ્રકાર.

### છપ્પો.

સમય પ્રતિભા કાવ્ય, અભ્યાસ વિદ્યા તી ભાખ્યાં,
જાતિ ગિતિનાં કાવ્ય, રીતિ વૃત્તિ કહી દાખ્યાં;
વાચ્ય ને વાચક કાવ્ય, છંદ અલંકારે જાણો,
ગુણને દોષના તેમ, રસ ને ભાવ પ્રમાણો;
અભિનવ એમ છેલ્લું લલિત, વર્ણન તસ નામવાર છે,
કાવ્ય જાણક જન જાણજો, કાવ્યો સોળ પ્રકાર છે.

## સોળ વિદ્યા દેવીઓ ને તે કેવી છે તે.

૧ રોહિણી-પુન્ય બીજને ઉત્પન્ન કરનારી છે.

૨ પ્રજ્ઞપ્તિ-પ્રકૃષ્ટ જ્ઞાન છે જેના વિષે તેવી છે.

૩ વજ્રશૃંખલા-દુષ્ટને દમન કરવા માટે વજ્રની પેઠે દુર્ભેદ્ય છે, અને શૃંખલા છે જેના હાથમાં તે.

૪ વજ્રાંકુશી-વજ્ર અને અંકુશ એ અસ્ત્ર જેના હાથમાં છે તે.

૫ ચક્રેશ્વરી-નિરંતર હાથમાં ચક્રને ધારણ કરનારી છે તે.

૬ નરદત્તા-મનુષ્યોને વરદાન દેવાવાળી છે તે.

૭ કાળી-શ્યામ વર્ણવાળી અથવા શત્રુઓને કાળરૂપ છે તે.

૮ મહાકાળી-ઘણા શ્યામ વર્ણવાળી અને શત્રુઓને મહાકાળ સદૃશ છે તે.

૯ ગૌરી-ગૌર ( એટલે ઉજ્વલ ) વર્ણવાળી છે તે.

૧૦ ગંધારી-ગાયના વાહન ધારણ કરનારી છે તે.

૧૧ મહાજ્વાલા-સર્વે પ્રકારના હથિઆરોની મોટી જ્વાળા છે તે.

૧૨ માનવી-મનુષ્યોની માતા તુલ્ય છે તે.

૧૩ વૈરોટયા અન્યોઅન્ય વૈરની ઉપશાંતિ માટે આગમન છે જેનું તે.

૧૪ અચ્છુપ્તા-પાપનો સ્પર્શ નથી જેને તેવી.

૧૫ માનસિકા-ધ્યાન કરનારના મનને સાનિધ્ય કરવાવાળી તે.

૧૬ **મહામાનસિકા**–ધ્યાન કરનારના મનને મહા સાનિધ્ય કરવાવાળી તે.

## કાઉસગ્ગના ૧૬ આગાર.

૧ ઉંચો શ્વાસ લેવો.
૨ નીચો શ્વાસ લેવો.
૩ ખાંસી ખાવી.
૪ છીંક ખાવી.
૫ બગાસુ ખાવું.
૬ ઓડકાર ખાવો.
૭ અધોવાત થવો.
૮ ચકરી આવવી.
૯ વમન ઉછળવું.
૧૦ સૂક્ષ્મ અંગસંચાર.
૧૧ સૂક્ષ્મ મળસંચાર.
૧૨ આંખ ફરકવી.
૧૩ અગ્નિ વા દીવા વિગેરેથી અંગ ઢાંકવું વા બીજે જવું તે.
૧૪ પંચેંદ્રિયનો વધ અથવા સ્થાપનાચાર્ય વચ્ચેથી પંચેદ્રિય જીવ જાય તે.
૧૫ રાજા અથવા ચોરના ભયથી બીજે જવું પડે તે.
૧૬ સર્પ, વિંછુના ઉપદ્રવથી બીજે જવું પડે તે.

**સૂયગડાંગના સોળ અધ્યયનો**,—૧ સ્વસમયપરસમય ૨ વૈતાલિય ૩ ઉપસર્ગપરિજ્ઞા ૪ ઇત્થિપરિજ્ઞા ૫ નર વિભક્તિ ૬ વીર શુઇ ૭ કુશિલ પરિભાસિયા ૮ સકામઅકામવીર્ય ૯ ધર્મ ૧૦ સમાધિ ૧૧ મોક્ષમાર્ગ ૧૨ સમોસરણ ૧૩ જથાતથ ૧૪ ગ્રંથ ૧૫ જમતિ ૧૬ ગાહા.

## સત્તર વસ્તુની સંખ્યા.

**સંયમ પ્રકાર**– પંચ મહાવ્રત પાળવા, પંચેંદ્રિ જયકાર;
કષાયજય તિ દંડ ત્યાગ, સંયમ સત્તર પ્રકાર.

**આ અસંયમના પ્રકાર**–પંચ સ્થાવરને તિવિગલ, અને પંચેંદ્રિય એક,
નવની નહિં વિરાધના, હૃદયે રાખ વિવેક;
અજીવ પ્રેક્ષાપેક્ષને, અપ્રમાર્જની કાર,
પરિષ્ઠાપનીક ત્રણ યોગ, અસંયમ તેહ વાર.

## સંયમ ગુણ સ્તવનાએ વીશસ્થાનક પૂજાની સત્તરમી ઢાળ.

દુહો—શુદ્ધાતમ ગુણમેં રમે, તજી ઇંદ્રિય આશંસ;
થિર સમાધિ સંતોષમાં, જય જય સંયમવંશ.

કુંવર ગંભારો નજરે દેખતાંજી—એ દેશી.

સમાધિ ગુણમય ચારિત્રપદ ભલુંજી, સત્તરમું સુખકારરે,
વીશ અસમાધિ દોષ નિવારીનેજી, ઉપન્યો ગુણ સંતોષ શ્રીકારરે॥
નમો નમો સંયમપદને મુનિવરાજી—એ આંકણી ॥ ૧ ॥
અનુકંપા દીનાદિકની જે કરેજી, તે કહિયે દ્રવ્ય સમાધિરે;
સારણાદિક કહી ધર્મમાંહે સ્થિર કરેજી, તે લહિયે ભાવ સમાધિરે. ૨
વ્રત શ્રાવકનાં બાર ભેદે કહ્યાંજી, મુનિના મહાવ્રત પંચરે;
સત્તર એ દ્રવ્ય ભાવથી જાણીનેજી, યથોચિત કરે સંયમ સંચરે. ૩
ચાર નિક્ષેપે સાત નયે કરીજી, કારણ પાંચ સંભારરે;
ત્રિપદી સાતે ભાંગે કરી ધારિયેજી, જ્ઞેયાદિક ત્રિક અવધારરે. ૪
ચાર પ્રમાણે ષટ્ દ્રવ્યે કરીજી, નવ તત્ત્વે દિલ લાવરે;
સામાયિક નવ દ્વારે વિચારિયેજી, એમ ષટ આવશ્યક ભાવરે. ૫
ચાર સામાયિક આગમમાં કહ્યાંજી, સર્વ વિરતિ અવિરૂદ્ધરે;
પાંચ ભેદ છે સંયમ ધર્મનાજી, નિર્મળ પરિણામે સવિ શુદ્ધરે. ૬
સમાધિવર ગણધરજી જાચિયેજી, ચોવીશ જિનને કરી પ્રણામરે,
પુરંદર તીર્થંકર થયા એહથીજી, સૌભાગ્યલક્ષ્મી ગુણધામરે. ૭

**સત્તર પ્રમાર્જના**—પુઠે બે પગ એક મધ્યં, કેડ નીચે કરાય,
અધ પગથી તી આગલે, તેમ તી ભૂમિ થાય;
દક્ષિણ હાથે ભાલવામ, કુણી સુધી કર સાર,
વામ હાથ ભાલ દક્ષિણે, કહ્યો પર કર કાર;
તી ચવળાપર પૂજના, ત્રણ અવયવે તામ,
વંદન વખતે પ્રમાર્જના, સત્તર સાચવો આમ.

### સત્તર પ્રકારના મરણ.

મનહર છંદ.

આવિચિ અવધિ અને, આત્યંતિક ત્રીજું આવે,
બલાય વસાર્ત એથી, પાંચને પ્રમાણવા;
અંતઃશલ્ય તદભવ, બાળ ને પંડિત બીજાં,
મિશ્ર સદ્મસ્થ જોગ, જોડે જોડે જાણવા;
કેવળી ને વેહાયસ, ગૃદ્ધપૃષ્ટ પછી ગણી,
ભક્તપરિજ્ઞા ઇંગિની, એના પછી આણવા;
પાદોપગમને પુરાં, મૂકી છેડે મરણને,
સત્તર પ્રકારે મરણો, લલિત તે જાણવા.

## તેનો વધુ ખુલાસો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | આવિચિ | ક્ષણે ક્ષણે આયુષ્ય ઓછું થાય તે. | ૧૦ | મિશ્ર | શ્રાવકનું મરણ તે. |
| ૨ | અવધિ | નરકની પેઠે મર્યાદાએ મરે તે. | ૧૧ | સદમસ્થ | છદ્મસ્થપણે મરે તે. |
| ૩ | આત્યંતિક | વ્રત ભાંગીને મરે તે. | ૧૨ | કેવળી | કેવળીપણે મરે તે. |
| ૪ | બલાય | વ્રત ભાંગીને મરે તે. | ૧૩ | વેહાયસ | ફાંસો ખાઇ મરે તે. |
| ૫ | વસાર્ત | ઇંદ્રિવશ થઇ મરે તે | ૧૪ | ગૃદ્ધપૃષ્ટ | શિયાળીયાદિકને સ્વશરીર ખવરાવી મરે તે |
| ૬ | અંતઃશલ્ય | પાપ આલોયા વિના મરે તે. | ૧૫ | ભક્તપરિજ્ઞા | ભાતપાણી ત્યાગ કરી મરે તે. |
| ૭ | તદ્ભવ | બીજાભવે તે જ આયુષ્ય બાંધે. | ૧૬ | ઇંગિની | અનસનકરી વૈયાવચ્ચન કરાવી મરે તે. |
| ૮ | બાળ | અવિરતિપણે મરે તે. | ૧૭ | પાદોપમગન | વૃક્ષના છેદેલી ડાળની જેમ સ્થિર. |
| ૯ | પંડિત | સર્વવિરતિપણે મરે તે | | | |

**વિક્રમ સં. ૧૭૦૯ માં**—સુરતના દશાશ્રીમાળી લવજી નામના માણસે ઢુંઢક મત કાઢયો, તેનો વધુ ખુલાસો ૬૨ મા પટ્ટધર શ્રીવિજયપ્રભસૂરિની હકીકત મધેથી જાણી લેવો.

### અઢાર વસ્તુની સંખ્યા.

**જે અજ્ઞાની જીવો વિરાધે છે તે સંયમસ્થાન.**

**સંયમના સ્થાન**—પંચ મહાવ્રત નિશીભુક્ત, છકાયી રક્ષા જાણ,
[1]અકલ્પ ગ્રહસ્થ ભાજન પલંગ, નહિં ઘરશોભા સ્નાન.

**બ્રહ્મચર્ય ભેદ**—વૈક્રિય આહારિક અંગ, મન વચ કાયે માન;
કર્યું કરાયું મોદ્દવું, બંભ અડદશ પ્રમાણ.

**અઢાર ભાવરાશી**—તિર્યંચ માનવ કાય વન, હરેકે ચાર ચાર;
એકેક દેવ નરકના, ભાવ રાશી અઢાર.

### તેનો વધુ ખુલાસો.

તિર્યંચના બેરેંદ્રિ-તેરેંદ્રિ-ચૌરેંદ્રિ-પંચેંદ્રિના ચાર
મનુષ્યના-સંમૂર્છિમ, કર્મભૂમિ, અકર્મભૂમિ, અંતરદ્વીપના ચાર

---

૧ આહાર—વસતી—વસ્ત્ર અને પાત્રા.

**કાય સંબંધી**–પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાયના ચાર
**વનસ્પતિ**—અગ્રબીજ, મૂળબીજ, સ્કંધબીજ, પર્વબીજ ચાર
**દેવતા**—ચારે નીકાયના દેવતાની એકજ
**નારકી**—સાતે નારકીનો એકજ
જીવ આમ આ અઢારે ભાવરાશીમાંજ રોળાયા કરે છે.

**સાધુના અઢાર પ્રકારના આચાર**—૧ દયા, ૨ સત્ય, ૩ અચૌર્ય, ૪ બ્રહ્મચર્ય, ૫ અપરિગ્રહ, ૬ પૃથ્વીકાયદયા, ૭ અપકાયદયા, ૮ તેઉકાયદયા, ૯ વાઉકાયદયા, ૧૦ વનસ્પતિકાયદયા, ૧૧ ત્રસકાયદયા, ૧૨ રાત્રિભોજનત્યાગ, ૧૩ અકલ્પનીય વસ્તુત્યાગ, ૧૪ ગૃહસ્થનું ભાજનત્યાગ, ૧૫ ગૃહસ્થને ઘર વસવું ત્યાગ, ૧૬ પલંગ તલાઈ ત્યાગ, ૧૭ સ્નાનત્યાગ, ૧૮ શરીરશોભાત્યાગ.

## અઢાર શાખા.

**આ અઢાર શાખા**–વિજય હંસ સાગર અને, સોભાગ્યે ગણુ ચાર,
ઉદય સુંદરને વિમળ, રાજ સોમ નવ ધાર;
ધર્મ રતન ને રૂચિ કહી, નંદ ચંદ્ર ને વર્ધન,
હર્ષ કીર્તિ ને કુશળની, અઢાર શાખા ગણુ.

**તેરાપંથ**–વિક્રમ સંવત ૧૮૧૮ માં સ્થાનકવાસી રઘુનાથજીના ચેલા ભખમજીએ કાઢયો.

## અઢાર હજાર શીલાંગરથ વર્ણન.

ગાથા—करणाइ तिन्नि जोगा, मणमाईणी हवंति करणाइं ।
आहाराइसन्ना, चउ सोयाइ इंदिया पंच ॥ १ ॥
भोमाई नव जीवा, अजीवकाओ अ समणधम्मो अ ।
खंताइ दस पयारो, एवं ठिईं भावणा एसा ॥ २ ॥

**ભાવાર્થ**—ત્રણ કરણ, ( કરવું, કરાવવું, અનુમોદવું ) ત્રણ યોગ, ( મન, વચન, કાય ) ચાર સંજ્ઞા, ( આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ ) અને શ્રોત્રાદિ પાંચ ઇંદ્રિયો. ૧

પૃથ્વીકાયાદિ નવ પ્રકારનાં જીવ અને અજીવકાય મળી દશ; ક્ષમાદિ દશ પ્રકારે યતિધર્મ, એની ભાવના આ પ્રમાણે જાણવી ( જે સાથેના કોઠામાં છે. ) ૨

# અઢાર હજાર શીલાંગ રથ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જે નોકરંતી ૬૦૦૦ | જે નોકરાવંતી ૬૦૦૦ | જેનાનુભવતિ ૬૦૦૦ | | | | | | | |
| મન ૨૦૦૦ | વચન ૨૦૦૦ | કાયા ૨૦૦૦ | | | | | | | |
| નિર્જિઆહાર સન્ના ૫૦૦ | નિર્જિઅભય સન્ના ૫૦૦ | નિર્જિઅપરિગ્રહસન્ના ૫૦૦ | નિર્જિઅમેહુણ સન્ના ૫૦૦ | | | | | | |
| કર્ણેંદ્રિ. ૧૦૦ | ચક્ષુઇંદ્રિ ૧૦૦ | ઘ્રાણેંદ્રિ ૧૦૦ | રસેંદ્રિ ૧૦૦ | સ્પર્શેંદ્રિ ૧૦૦ | | | | | |
| પૃથ્વીકાયારંભ. ૧૦ | અપકાયારંભ ૧૦ | તેઉકાયારંભ ૧૦ | વાયુકાયારંભ ૧૦ | વનસ્પતિકાયારંભ ૧૦ | બેઇંદ્રિકાયારંભ ૧૦ | તેરેંદ્રિકાયારંભ ૧૦ | ચૌરેંદ્રિકાયારંભ ૧૦ | પચેંદ્રિકાયારંભ ૧૦ | અજીવકાયારંભ ૧૦ |
| ખંતિજુઆતેમુનિવંદે | સમદ્દાતેમુનિવંદે | સજ્જઅપ્પાતેમુનિવંદે | મુત્તિજુઆને મુનિવંદે | તવજુઆને મુનિવંદે | સસંજમાતે મુનિવંદે | સચ્ચજુઆનેમુનિવંદે | સોમજુઆતે મુનિવંદે | અકંચણાતે મુનિવંદે | બંભજુઆતે મુનિવંદે |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |

**અઢાર હજાર શીલાંગ રથના ધોરી.**

અઢાર સહસ્ર શીલાંગના, રથની રચના જોય;
ગુરૂગમથી તસ ગુણને સમજી લેજો સોય.

૧૦ યતિધર્મ—પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઇંદ્રિ, ત્રેઇંદ્રિ, ચોરેંદ્રિ, પંચેંદ્રિ. અજીવ ૧૦ ને ૧૦ ગુણ્યા ૧૦૦) થયા, તેને પાંચ ઇંદ્રિએ ગુણતાં ૫૦૦) થયા, તેને ચાર સંજ્ઞાએ ગુણતાં ૨૦૦૦) થયા, ૨૦૦૦) ને મન, વચન, કાયાએ ગુણતાં ૬૦૦૦) થયા, તેને કરવું, કરાવવું, અનુમોદવું એ ત્રણે ગુણતાં ૧૮૦૦૦) થયા.

---

૧ શીલ એટલે સદાચાર તેને પાળવાના પ્રકારો આ કોઠામાં વર્ણવ્યા છે.

## કોઠાની સમજૂતી

ક્ષમાદિક દશ પ્રકારના યતિધર્મને ધારણ કરનાર નિર્ગ્રંથમુનિજનો આ કોઠામાં જણાવ્યા મુજબ પૃથ્વીકાયાદિક જીવોની દશ પ્રકારે વિરાધના કરે નહિ, તેમાં પાંચ સ્થાવરની અને ચાર પ્રકારના ત્રસની તેમજ અજીવને પણ જીવબુદ્ધિથી વિરાધે નહિ તેથી દશને દશે ગુણતાં ૧૦૦ ભેદ થાય. જે ઇન્દ્રિયને વશ બની ઉકત દશવિધ આરંભ સેવાય છે, તે પાંચે ઇંદ્રિયોનો નિગ્રહ મુનિજનો અહોનિશ કર્યા કરે છે, તેથી ૧૦૦ ને પાંચે ગુણતાં ૫૦૦ ભેદ થયા. આહારાદિક ચાર પ્રકારની સંજ્ઞાને આધીન થવાથી ઉકત ઈન્દ્રિયોને વશ થઈ આરંભ સેવાય છે, તે ચાર સંજ્ઞાને જીતી લેવાથી ૫૦૦ ને ચારે ગુણતાં ૨૦૦૦ ભેદ થયા. મન, વચન અને કાયાના દંડથી (દુષ્પ્રણિધાનથી) આરંભ સેવાય છે, તે ત્રણે દંડો નિવારી તેને કબજે કરાવવાથી ૨૦૦૦ ને ત્રણે ગુણતા ૬૦૦૦ ભેદો થાય છે. ઉકત રીતે મન, વચન અને કાયાથી મુનિજનો જાતે આરંભ સેવે નહિ, અન્ય પાસે સેવરાવે નહિ તેમજ સેવનારને અનુમોદે નહિ તેથી ૬૦૦૦ ને ત્રણે ગુણતાં ૧૮૦૦૦ ભેદ થાય છે.

### ઇરિયાવહિના ૧૮૨૪૧૨૦ ભાંગા.

અઢાર લખ ચોવીશ સહસ, એકસો વીશ જાણ;
ભાંગા ઇરિયાવહિતણા, આંકે આપ પ્રમાણ.

મનહર છંદ

પાંચસો ત્રેસઠ ભેદ જીવોના જે જાણો તેને,
અભિહયાથી માંડીને દશપદે ગણસો,
છપન સો ત્રીશ થયા તેને રાગ દ્વેષે ગણી,
તેની સંખ્યા મન વચ કાયે ગુણ કરશો;
કરવું કરાવવું ને અનુમોદવું એ ત્રણ;
કારણવડે ગણીને આંકે અનુસરશો;
તિકાળ અને અર્હંત સિદ્ધ સાધુ દેવ ગુરૂ,
આત્મસાક્ષી રૂપ એમ **લલિત** તે ધરશો. ॥ ૧ ॥

**તે ભાંગે કરેલ ખરા ખમતખામણાં**-તે તો મૃગાવતી સાધ્વીએ કર્યા કે જે ત્રિકરણ શુદ્ધે ઇરિયાવહિયા પડિક્કમતાં તેના (૧૮૨૪૧૨૦) મિચ્છામિદુક્કડં દેતાં કેવળજ્ઞાનને પામ્યા.

### ઇરિયાવહિના બમણા (૩૬૪૮૨૪૦) ભાંગા

વિચાર સિત્તરી ગ્રંથમાં, ટીકા તેહ જણાય,
જાણ અજાણ બેઉ ગણે, બમણી સંખ્યા થાય.

**અઢાર હજાર પદો** - આચારાંગ પ્રથમ હતા, પદોઅઢાર હજાર;
સેનપ્રશ્ન બાશી માહિ, સૂચવ્યો એવો સાર.

### અઢાર દીક્ષાને અયોગ્ય પુરૂષો

મનહર છંદ

આઠ સાઠ વર્ષનોને ઉભય કલિબ ભૂરિ,
નૃ કલિબ જડ જાતિ રોગી ચોર જાણવા,

નૃપતિનો વૈરી અને ગાંડો અદર્શન વળી,
દાસત્વ પામ્યો ને દુષ્ટ એવા અપ્રમાણવા;
મહામૂઢ દેણદાર જાતિ કર્મ અંગ ખોડ,
અર્થે પરાધીન એવા નર નહિ આણવા;
પગાર પૈઠયો સંબંધી રજા સિવાયે લલિત;
અઢારે દીક્ષા અયોગ્ય મનુષ્યો તે માનવા ॥ ૧ ॥

## તેનો સામાન્ય અર્થે ખુલાસો

**બાળક**- જન્મથી આઠ વર્ષનો અને નિશીય ચૂર્ણિ માં તો ગર્ભથી તે આઠ વર્ષ ગણ્યા છે.
**વૃદ્ધ**-સીતેર વર્ષનો ઈદ્રિયક્ષીણતાયે સાઠ વર્ષ ગણ્યા છે.
**નપુંસક**- સ્ત્રી-પુરૂષની ઈચ્છાવાળો, સ્ત્રી શબ્દાદિ સાંભળી તેમ દેખી રહી શકે નહિ.
**પુરૂષકલિબ**-તીવ્ર ઈચ્છાથી સ્ત્રીને બળાત્કારે આલિંગન કરે તે.
**જડ**-ભાષાજડ, શરીરજડ, કરણજડ (ઠોઠ) વિગેરે પ્રકારે
**રોગી**-કોઈ પણ પ્રકારના રોગથી વ્યાપ્ત હોય તે.
**ચોર**-ખાતર પાડનાર, લુંટનાર વિગેરે દુષણી. હોય તે.
**નૃપવૈરી**- રાજાના ભંડાર, અંતઃપુર, શરીર અને કુમાર પ્રમુખનો દ્રોહી. હોય તે.
**ગાંડો**-ગાંડપણથી ઉન્મત્ત થયેલો ભ્રમિત ચિત્ત વિગેરે.
**અદર્શન**-એક ચક્ષુ કે અંધ અને બીજો ગાઢ નિદ્રાવાળો.
**દાસ**-દાસીથી ઉત્પન્ન થયેલો વા વેચાતો લીધેલો એવો.
**દુષ્ટ**-ઉત્કૃષ્ટ કષાય અને વિષયવાળો. (દુષ્ટ આચરણવાળો)
**મૂઢ**-વિવેકશૂન્ય તેમ સર્વે બાબતમાં અજાણ હોય તે.
**દેણદાર**-રાજાનો કે શાહુકારનો દેણદાર હોય તે.
**જુંગિઓ**-હલકી જાતના હલકા કામ કરનાર તેમ શરીરે ખોડવાળો
**અર્થેપરાધીન**-દેવાથી પરાધીનપણે રહેલો હોય તે.
**પગાર પૈઠી રહેલ**-અમુક સરતથી પગાર પૈઠી રહેલો હોય તે
**સંબંધીની રજા વિણ**- માતપિતાદિની રજા વિનાનો, તેમનું મન દુઃખાય અને અદત્તાદોષ લાગે.

## દીક્ષા આપનાર લાયક ગુરૂના ૧૫ ગુણ.

૧ વિધિ પ્રમાણે દીક્ષા અંગીકાર કરનાર એવા.
૨ સમ્યગ્રીતે ગુરૂકુળની ઉપાસના કરનાર એવા.
૩ અખંડ શુદ્ધ શીલ પાલનાર એવા.
૪ સમ્યક્ પ્રકારે આગમનો અભ્યાસ કરનાર એવા.
૫ તેથી નિર્મળ બોધને લીધે તત્ત્વના જાણકાર એવા.
૬ ઉપશાંત-(અલ્પકષાયી) સમભાવી એવા.
૭ સંઘનું હિત કરવા-કરાવવા તત્પર એવા.
૮ પ્રાણી માત્રનું કલ્યાણ કરવામાં મશગુલ એવા.
૯ જેનું વચન સર્વમાન્ય રાખે એવા.

૧૦ ગુણી પુરૂષોને અનુસરી વર્તનારા એવા.
૧૧ ગંભીર હૃદયવાળા-(હલકટ નહિ.) એવા.
૧૨ વિષાદ (શોક-સંતાપ) રહિત (આનંદી) એવા.
૧૩ ઉપશમ લબ્ધિવાળા-(સિદ્ધિસંપન્ન.) એવા.
૧૪ સિદ્ધાંતના અર્થનો ઉપદેશ આપનાર એવા.
૧૫ ગુરૂ પાસેથી ગુરૂપદને મેળવનાર એવા.

## દીક્ષા લેવાને ખરા અધિકારીના ૧૬ ગુણ.

૧ આર્ય દેશમાં ઉત્પન્ન થયેલો તેવો.
૨ ઉચ્ચ જાતિ અને કુળવાળો
૩ ઘણા ભાગે જેના કર્મરૂપ મળ ક્ષય પામ્યા હોય તેવો
૪ અને તેથી કરીને નિર્મળ બુદ્ધિવાળો તેવો.
૫ સર્વ પ્રકારે સંસારની અસારતા જાણનાર તેવો.
૬ સંસાર ઉપર વૈરાગ્ય ભાવને ધરનાર તેવો.
૭ અલ્પ કષાયવાળો (ક્રોધ, માન, માયા, લોભ) તેવો.
૮ અલ્પ હાસ્ય ષટક (નોકષાય) વાળો તેવો.
૯ સદાય કરેલા ગુણને જાણનાર તેવો.
૧૦ વિનયવંત (વિનયના પ્રકારનો જાણ) તેવો.
૧૧ પહેલાંથી જ રાજા, પ્રધાન અને ગામલોકથી માન પામેલો
૧૨ કોઈનો પણ દ્રોહ નહિ કરનાર તેવો
૧૩ કલ્યાણકારી અંગવાળો (વિના ખોડ-દેખાવડો) તેવો.
૧૪ શ્રદ્ધાવંત (જૈન ધર્મમાં પ્રીતિવાળો) તેવો.
૧૫ સ્થિર ચિત્તવાળો (પ્રતિજ્ઞાપાલક શૂરો) તેવો.
૧૬ દીક્ષા લેવાને ગુરૂ સમીપે આવેલો તેવો.

## સોળ જાતિના નપુંસક. (દશ ને છ.)

આ દીક્ષાને અયોગ્ય દશ નપુંસક.

**દશ નપુંસક-** પંડક વાતિક કલીબ કુંભિ, ઇર્ષ્યાળુ શકુનીસત;
તત્કર્મસેવી પક્ષિકા પક્ષી, સૌગંધિક આસકત.

## તેનો વિશેષાર્થ.

**પડક-** જેનું સર્વે વર્તન સ્ત્રી સદૃશજ હોય તે.
**વાતિક-** જેનું પુરૂષાકર સ્તબ્ધ હોય તે સ્ત્રીના સ્પર્શે વેદ કરે તે.
**કલીબ-** જે વિવસ્ત્ર સ્ત્રી દેખી કે શબ્દે ક્ષોભ પામે અને સ્ત્રી આલિંગને વ્રત ધારી શકે નહિ.
**કુંભી-** જેના સાગારિક અને વૃષણ સ્તબ્ધ થાય તે.
**ઇર્ષાલુ-** જે પ્રતિસેવિત સ્ત્રીને દેખી રીસ કરે તેવો.
**શકુની-** જે ઉત્કૃષ્ટ વેદપણાથી રોજ સ્ત્રીસેવને ઘણો આસકત રહે તે.
**તત્કર્મસેવી-** જે મૈથુન પછી નીકળેલ વીર્યને પોતે કુતરાની પેઠે ચાટે તે.
**પક્ષિકા પક્ષિક-** જેને શુકલપક્ષે મૈથુનની ઘણી ઈચ્છા હોય અને કૃષ્ણપક્ષે અલ્પ ઈચ્છા હોય તે.

**સૌગંધિક—** જે સ્વલિંગને સુગંધી માનતો થકો સુંગે તે

**આસક્ત—** જે વીર્ય પડયા પછી પણ આલીંગનાદિક કરે તે.

**આ દીક્ષાને યોગ્ય છ નપુંસક.**

**આ છ નપુંસક**—વાર્ધિક ચિપ્પિત મંત્રથી, ઔષધ કે ઋષિશાપ.
ભવનપત્યાદિક શાપથી, છએ નપુંસક છાપ.

**તેનો વિશેષાર્થ.**

**વાર્ધિક—** જનાન ખાના માટે રાજાએ જન્મથીજ જેના વૃષણ ગળાવ્યા હોય તે.

**ચિપ્પિત—** જન્મથી અંગુઠો કે આંગળી કાપી જેને નપુંસક સરખો કર્યો હોય તે.

**મંત્રથી—** કાંઇ મંત્રના પ્રયોગથી નપુંસક થયેલ હોય તે.

**ઔષધથી—** કાંઇ ઔષધના પ્રયોગથી નપુંસક થયેલ હોય તે.

**ઋષિશાપ—** કોઇ ઋષિના શાપથી નપુંસક થયેલ હોય તે.

**ભુવનપત્યાદિક શાપથી—** કોઇ ભુવનપત્યાદિક શાપથી નપુંસક થયો હોય તે.

પ્રવચનસારોદ્ધાર પાન. ૭૨૦ થી ૨૫

**દીક્ષાયે અયોગ્ય**—રોગી વિજયનો લોલાપી, ક્રોધી દૂર કરાય;
માયા કપટી માનવી, દીક્ષા નહિં દેવાય.

**દીક્ષા લેવાનાં દશ કારણો**—પોતાની ઇચ્છાથી, રોષથી, વૃદ્ધાવસ્થાથી, જાતિસ્મરણજ્ઞાનથી મૃગાપુત્ર પરે, તૃષ્ણાથી કપિલ પરે, ગુરૂ ઉપદેશથી આદિજિનના ૯૮ પુત્રો પરે, દેવે આયુ ઓછું કહેવાથી, મોહથી ભૃગુ પુરોહિત પરે, રોગ થવાથી અનાથી પરે, કોઇ માને નહિ ત્યારે તેતલીપુત્ર પરે.

**દીક્ષાના ત્રણ પ્રકાર**—ઉપાયપ્રવ્રજ્યા, અપાયપ્રવ્રજ્યા, સંધાયપ્રવ્રજ્યા તે ત્રણ પ્રકાર.

**દીક્ષાના બીજા ત્રણ પ્રકાર**—ઇહલોકના પ્રતિબંધથી, પરલોકના પ્રતિબંધથી, ઉભય લોકના પ્રતિબંધથી લે તે.

**સાધુ ચલાયમાન ચિતને ૧૮ પ્રકારે સ્થિર કરે**—૧ આજીવિકાનું ઘણું છે, ૨ વિષયસુખ મધુબિંદુ સમાન છે, ૩ વિષયસેવનમાં રોગોની ઉત્પત્તિ ઘણી છે, ૪ સાધુપણામાં દુઃખ સ્વલ્પ છે

ને તે સ્વલ્પકાળ રહેનારૂં છે, ૫ સાધુપણું છોડે લોકમાં હાંસી થશે, ૬ વમન કરેલ વિષયને ફરીથી ગ્રહણ ન કરાય, ૭ કુગતિનો બંધ પડશે, ૮ ફરીથી સમ્યક્ત્વ શુદ્ધ ધર્મ હાથમાં નહિ આવે, ૯ રોગ થવાથી કોઇ સાર નહિં કરે, ૧૦ ગૃહસ્થાવાસ ચિંતાથી ભરેલો છે, ૧૧ કષ્ટ રહિત દીક્ષા છે અને સંસારવાસ કષ્ટ સહિત છે, ૧૨ સંસારબંધન છે, દીક્ષા મોક્ષરૂપ છે, ૧૩ સંસાર પાપી છે, ચારિત્ર પાપ રહિત છે ૧૪ કામભોગનું સુખ સામાન્ય ને સ્વલ્પજ છે, ૧૫ પુન્ય પાપનું ફળ પ્રત્યક્ષ છે, ૧૬ મનુષ્યના આયુષ્ય પાણીના પરપોટા જેવા છે, ૧૭ સંસારમાં કેવળ પાપકર્મ ઘણાજ છે, ૧૮ તેથી અનંતસંસાર વૃદ્ધિ પામશે, અનંતા દુઃખો ભોગવ્યા વિના છુટકો નહિ થાય. એ પ્રમાણે ચિંતવતો થકો સ્થિર કરે.

**અઢાર દિશીઓ**—૪ દિશી, ૪ વિદિશી, ૮ તે આઠ દિશીના આઠ આંતરા એક આકાશ અને એક પાતાળ તે અઢાર.

---

## ઓગણીશ વસ્તુની સંખ્યા

### કાઉસગ્ગના ૧૯ દોષ.

મનહર છંદ.

ઘોટક લતા ને સ્તંભ માળ ઉદ્ધિ ને નિગડ,
શબરિ ખલિણ વધુ લંબોત્તર જાણીયે;
સ્તન સંયતિ ને વળી ભમુહઅંગુલિ એમ,
વાયસના દોષ વેગે મૂકવાને માનીયે;
કપિત્થને શિરઃકંપ, મૂક ને મદિરા વળી,
પેહા તે તરસ્યો કપિ એમજ પ્રમાણીયે,
ઓગણીશ દોષ આવા તજી કાઉસગ્ગ કરે,
લલિત તે ગણ્યો લેખે વીર વિભુ વાણીયે.

### તેનો વિસ્તારે ખુલાસો.

| | | |
|---|---|---|
| ૧ | ઘોટક | જે ઘોડાની પેઠે પગ ઊંચો નીચો કર્યાં કરે તે |
| ૨ | લતા | જે વેલડીની પેઠે હાલ્યાજ કરે તે. |
| ૩ | સ્તંભ | જે થાંભલા આદિકે ટેકો દેઇ ઉભો રહે તે. |

| | | |
|---|---|---|
| ૪ | માલ | જે મેઢી માળને ટેકો દેઇ ઉભો રહે તે. |
| ૫ | ઊદ્ધિ | જે ગાડાની ઉધ માફક પગને લાંબા રાખે તે. |
| ૬ | નિગડ | જે બેડી પહેર્યાની જેમ પગને પહોળા રાખે તે. |
| ૭ | શબરિ | જે ભીલડીની જેમ ગુહ્ય સ્થાને હાથને રાખે તે. |
| ૮ | ખલિણુ | જે ઘોડાના ચોકડાની પેઠે હાથને લાંબા રાખે તે. |
| ૯ | વધુ | જે નાની વહુની માફક માથુ ઓઢી નીચું રાખે તે. |
| ૧૦ | લંબોત્તર | જે નાભીથી ઉપર ને ઢીંચણથી નીચું વસ્ત્ર રાખે તે. |
| ૧૧ | સ્તન | જે સ્ત્રીની માફક છાતીને ઢાંકી રાખે તે. |
| ૧૨ | સંયતિ | જે સાધ્વીની જેમ શરીરને ઢાંકી રાખે તે. |
| ૧૩ | ભમુહઅંગુલી | જે આલાવા અથવા કાઉસગ્ગ સંખ્યા ગણવા આંગુલિ પાંપણના ચાળા કરે તે. |
| ૧૪ | વાયસ | જે કાગડાની પેરે ચારે તરફ ડોળા ફેરવ્યા કરે તે. |
| ૧૫ | કપિત્થ | જે કોઠાની પેરે પહેરેલા વસ્ત્રોને સંકોચી રાખે તે. |
| ૧૬ | શિરઃકંપ | જે યક્ષા વેષ્ટિતની પેઠે માથું ધુણાવ્યા કરે તે. |
| ૧૭ | મૂક | જે બોબડાની પેરે હું હું કર્યા કરે તે. |
| ૧૮ | મદિરા | જે આલાવો ગણતાં મદિરા પીધાની પેઠે બરબડ્યા કરે તે. |
| ૧૯ | પેહા | જે તરસ્યા વાનરની જેમ હોઠ હલાવ્યા કરે તે. |

**જ્ઞાતાસૂત્રના ૧૯ અધ્યયનો**—૧ મૃગાપુત્ર, ૨ ધનાસાર્થવાહ, ૩ મોરડીના ઈંડાનું, ૪ કાચબાનું, ૫ થાવચ્ચાપુત્રનું, ૬ તુંબડીનું, ૭ રોહિણીનું, ૮ મલ્લિનાથનું, ૯ જિનઋષિજિનપાળનું, ૧૦ ચંદ્રમાનું; ૧૧ દવદંત ઋષિનું, ૧૨ સુબુદ્ધિપ્રધાનનું ૧૩ નંદન મણિકારનું, ૧૪ તેતલીપ્રધાનનું ૧૫ નદીવનફળનું, ૧૬ દ્રૌપદીનું ૧૭ કાલીદ્વીપક ઘોડાનું, ૧૮ સુસુમા દારિકાનું, ૧૯ પુંડરીકનું.

## વીશ વસ્તુની સંખ્યા

### સાધુને ત્યાગવાના વીશ અવિનય.

મનહર છંદ.

ધબધબ ચાલે ક્ષેત્ર ન પૂજે અશુદ્ધ પૂજે,
શય્યા અપૂજ અશુદ્ધ આસને શું જાણવું;

રત્નાધિક સ્થવિરની સામુ બોલે પ્રાણીઘાત,
સંજ્વલન કષાયનું એથી શાય આણવું;
નિત્ય પૂઠે નિંદા કરે ક્રોધાદિ આધકરણ,
અન્યે ઉદીરણા એની અકાળે જે ભણવું;
હાથ પગ ન પ્રમાર્જે ઊંચે શબ્દે કલી ટંટા
છેકવાળુનું લલિત આવું અપ્રમાણનું ॥ ૧

## તે અવિનયની વીગત

૧ ધબ ધબ ચાલવું તે.
૨ ક્ષેત્રનું અપ્રમાર્જન કરે.
૩ ક્ષેત્રનું દુષ્પ્રમાર્જન કરે.
૪ વસતિનું અપ્રમાર્જન કરે.
૫ વસતિનું દુષ્પ્રમાર્જન કરે.
૬ આસનનું અપ્રમાર્જન.
૭ આસનનું દુષ્પ્રમાર્જન કરે.
૮ રત્નાધિકની સામું બોલે તે.
૯ સ્થવિરની સામું બોલે તે.
૧૦ પ્રાણીનો ઉપઘાત કરે.
૧૧ સંજ્વલન ક્રોધ કરે.
૧૨ નિરંતર પીઠ માંસ ખાય. હમેશ પાછળ નિંદા કરે.
૧૩ ક્રોધાદિકને અધિકરણ રૂપ કરે
૧૪ અન્યના ક્રોધાદિકની ઉદીરણા કરે.
૧૫ અકાળે સ્વાધ્યાય કરે.
૧૬ સચિત્ત રજથી ખરડાયેલ હાથ પગ ન પ્રમાર્જે.
૧૭ મોટેથી (જોરથી) શબ્દ કરે.
૧૮ કલહ કંકાસ કરે.
૧૯ ઝઘડા ટંટા કરે.
૨૦ સૂર્ય હોય ત્યાં સુધી ખાય.

## વીશ વ્યાકરણ ( શબ્દશાસ્ત્ર )

મનહર છંદ.

[૧]ઐંદ્ર ને [૨]જૈનેંદ્ર એમ [૩]સિદ્ધહેમચંદ્ર [૪]ચાંદ્ર
[૫]પ્રાણિનીય [૬]સારસ્વત [૭]શાકટાયનનું છે;
[૮]વામન [૯]વિશ્રાંત તેમ દશમું [૧૦]બુદ્ધિસાગર,
[૧૧]સરસ્વતીકંઠાભર્ણ [૧૨]વિદ્યાધરાદિનું છે;
[૧૩]કલાપક [૧૪]ભીમસેન [૧૫]શૌવ [૧૬]ગૌડ [૧૭]નંદિ અને,
[૧૮]જ્યોત્પલ [૧૯]મુષ્ટિનું તે ઓગણીસમું તેનું છે;
[૨૦]જયદેવ અભિધાન બેઉ નામ એક જાણ,
વીશ વ્યાકરણ ધ્યાન લલિત મઝાનું છે. ॥ ૧ ॥

**સાધુએ ટાળવાના વીશ દોષો**:—૧ દોડાદોડ ચાલવું, ૨

ગુરૂને પૂછયા વિના ચાલવું, ૩ ક્યાં પુંજે ને ક્યાં પગ માંડવા, ૪ મર્યાદાથી અધિક પાટપાટલા રાખવા, ૫ ગુરૂના સામું બોલવું, ૬ બહુશ્રુતનો ઘાત ચિંતવવો, ૭ મોટાના સામું બોલવું, ૮ વારંવાર ક્રોધ કરવો, ૯ ગુણવંતના પાછળ અવગુણ બોલવા, ૧૦ નિશ્ચય વચન બોલવા, ૧૧ કલેશ ઉત્પન્ન કરવો, ૧૨ શાંત થયેલા કલેશને ફેર જગાવવો, ૧૩ અકાળે સજ્ઝાય ધ્યાન કરવું, ૧૪ સચિત્ત ઉપર પુંજ્યા-પ્રમાર્જ્યા વિના બેસવું-ઉઠવું, ૧૫ પહોર રાત્ર ગયા પછી લાંબે સ્વરે બોલવું, ૧૬ વારંવાર તીર્થોમાં કલેશ કરવો ને સર્વ પ્રાણીઓના ઘાત ચિંતવવો, ૧૭ અસત્ય બોલવું, ૧૮ છકાય જીવોને હણવા, ૧૯ સવારનો આહાર સાંજ સુધી ખાવો, ૨૦ આહાર દોષિલો કરવો.

**દીક્ષા અયોગ્ય સ્ત્રી**—અઢાર પ્રકાર પુરૂષપે, સગર્ભા શિશુ માય;
વીશ વનીતા જાતિને, દીક્ષા નહિ દેવાય.

**તેનો ખુલાસો:**—જે આગળ ૧૮ દોષ પુરૂષના કહ્યા, તેવાજ અઢાર દોષને ધરનાર સ્ત્રીના અઢાર અને ગર્ભવંતી ને બાળકની માએ વીશ સ્ત્રીજાતિને દીક્ષા આપવી નહીં.

---

# એકવીશ વસ્તુની સંખ્યા.

## એકવીશ પ્રકારનું પ્રાસુક પાણી.

મનહર છંદ

લોટ મસળ્યાનું પાણી તીલ ચોખા ધોયણનું,
તીલનું અચિત્ત તેમ કુકશા ધોવણ છે;
જવ છાશ સુરમાનું શુદ્ધ ઉકાળેલું પાણી,
કેરી ને આંબલી કેરા છોતરાનું પણ છે;
કોઠ બીજોરાનું કહ્યું દ્રાક્ષ ને દાડમતણું,
ખજુર શ્રીફળ પાણી કેરનું ધોવણ છે;
બોર આંબળા ધોયણ વિતીષ વસ્તુના સર્વે,
પ્રાસુક પાણી લલિત એકવીશ ગણુ છે. ૧

**અભવિત્યાં જાય**—એકવીશ દેવે અભવિ, કિરિયા કરવે જાય;
અંતર અલ્પ નહિ ભાવના પાછો તે પટકાય.

સાધુએ તજવાના ૨૧ મોટા દોષો—૧ હસ્તકર્મ, ૨ મૈથુન, ૩ રાત્રિભોજન, ૪ આધાકર્મી આહાર, ૫ રાજપિંડ, ૬ બેંતાલીશદોષી આહાર, ૭ વારંવાર પચ્ચખ્ખાણ ભાંગે, ૮ છ માસે બીજે જાય તો, ૯ એક માસમાં ત્રણ નદી ઉતરે, ૧૦ એક માસમાં ત્રણ માયાસ્થાન કરે, ૧૧ શય્યાતરનો આહાર લે, ૧૨ જાણીબુઝી પ્રાણાતિપાત સેવે, ૧૩ જાણીબુઝી મૃષાવાદ સેવે, ૧૪ જાણીબુઝી અદત્ત લે, ૧૫ સચિત્ત ઉપર બેસે, ૧૬ કાચી માટી ઉપર બેસી હાલેચાલે, ૧૭ ઈંડાળો જાળા સહિત પાટ પાટલા વાપરે, ૧૮ મૂળકંદ, સ્કંધ, ત્વચા, શાખા, પલ્લવ, ફુલ, ફળ, બીજ, હરિત વાપરે, ૧૯ એક વર્ષમાં દશ નદી ઉતરે, ૨૦ એક વર્ષમાં દશ દશ માયાસ્થાન સેવે, ૨૧ સચિત્ત વસ્તુથી હાથ, પગ ખરડાયેલાના હાથથી આહારપાણી લે તે.

**કલ્પસૂત્રથી લાભ:**—એકવીશ વખત એકાગ્રચિત્તથી કલ્પસૂત્ર સાંભળનાર સંસારનો સત્વર અંત કરે છે.

---

## બાવીશ વસ્તુની સંખ્યા

### સાધુ માટે બાવીશ પરીસહ.

મનહર છંદ.

જૈન ધર્મે દૃઢ થવા અને કર્મક્ષય માટે,
દુઃખ સમભાવે સહો જિનંદ બતાવે છે;
ક્ષુધા પિપાસા ને શીત ઉષ્ણ ડંસ અચેલક,
અરતિ સ્રીને ચરિયા નૈષધિકી આવે છે;
શય્યા ને આક્રોશ વધ યાચના અલાભ રોગ,
તૃણ સ્પર્શ મળ તેમ સત્કાર કહાવે છે;
પ્રજ્ઞા ને અજ્ઞાન પછી સમ્યક્ત્વ લલિત છેક,
પરીસહો પાળવા તે સાધુને જણાવે છે. ૧

### તે પરિસહોનો વધુ ખુલાસો.

૧ ક્ષુધા—શુદ્ધ આહારના અભાવે, ભૂખથી થતી વેદના આવે સહન કરે ને તપોવૃદ્ધિ માને તે.

કેવો ઘોર પરિસહ છતાં કેવી સહનશીલતાનું આદર્શ

## મુનિશ્રી ગજસુકુમાર



સોમીલ સસરાએ માથા ઉપર માટીની પાળ કરી માંહે ખેરના અંગારા ભરી કરેલ ઉપસર્ગ, તે સમભાવ અને શાંતિથી સહન કરી કેવળજ્ઞાન મેળવી મોક્ષ મેળવનાર મહાપુરૂષ, ધન્ય છે એમની ક્ષમાશીલતાને!

૨ પીપાસા–શુદ્ધ પાણીના અભાવે તરસથી થતી વેદના સંભાવે સહન કરે તે.

૩ શીત–શિયાળામાં પુષ્કળ ટાઢથી થતી વેદના સંભાવે સહન કરે, તેમ અગ્નિસેવન ઇચ્છા ન કરે તે.

૪ ઉષ્ણ–ઉનાળામાં પુષ્કળ તાપથી થતી ગરમી સંભાવે સહન કરે, તેમ પવન પંખાદિ ન ઇચ્છે તે.

૫ ડંસ–ચોમાસામાં ડાંસ, મચ્છર, જુ, માંકણાદિના ડંખથી થતી વેદના સંભાવે સહન કરે તે.

૬ અચેલક–આગમ શાખે મૂર્ચ્છા રહિત વસ્ત્રો રાખતાં છતાં ટાઢાદિ દુઃખ સહન કરે, તેમ નવા–જુના વસ્ત્રોથી હર્ષ–શોક ન કરે તે.

૭ અરતિ–વિહાર કરતાં ટાઢ–તાપાદિથી થતી અરતિ સંભાવે સહન કરે તે.

૮ સ્ત્રી–સ્ત્રીનાં અંગોપાંગ જોઇ વિકારવાળું મન નહિ કરતાં તેને મોક્ષમાર્ગમાં વિઘ્નકર્તા માની સામું પણ ન જુવે અને મનને સ્થિર રાખે તે.

૯ ચરિયા–એક ઠેકાણે રહેવાથી ઘણા માણસો સાથે રાગ થાય, માટે ગ્રામાનુગ્રામ વિહાર કરે તે.

૧૦ નૈષધિકી–શુન્યગ્રહ, સ્મશાન, સર્પબિલ, સિંહગુફા વિગેરે સ્થાને કાઉસ્સગ્ગ ધ્યાને રહેતાં, હિંસક પ્રાણીઓથી થતા ઉપસર્ગથી ડરે નહિ તે.

૧૧ શય્યા–(વસ્તિ) શીત, ઉષ્ણ, ખરસટ, ખાડા ખૈયાવાળી અગર સુકોમળ ગમે તે મળે છતાં હર્ષ–ખેદ કરે નહિ તે.

૧૨ આક્રોશ–કોઇ કડવાં વચન બોલે, ગાળ બોલે, તિરસ્કાર કરે તો પણ સામો ઉત્તર ન આપતાં સંભાવે સહન કરે તે.

૧૩ વધ–કોઇ પાટુ, ગડદા, ચાબુક, લાકડી, વિગેરેના પ્રહાર કરે તેને સામો પ્રહાર ન કરતાં સંભાવે સહન કરે તે.

૧૪ યાચના–નીચ–ઉંચ ઘેર ભીક્ષા લેવા જતાં અગર કાંઇ વસ્તુનો ખપ હોય તે માગતાં લજ્જા ન આણે તે.

૧૫ અલાભ-ગ્રહસ્થના ઘેર યાચના કરવા જાય, તેના ઘરમાં વસ્તુ હોય છતાં ન આપે તોપણ, માઠું લગાડે નહિ તેમ શ્રાપ આપે નહી, પણ મનમાં સંતોષ ધારણ કરે તે.

૧૬ રોગ-જેવો તેવો આહાર કરવાથી રોગ થાય, તેથી બહુ વેદના થાય તો પણ, જિનકલ્પી સાધુ ઔષધ કરાવે નહી, અને હાલના સાધુઓ આગમમાં કહ્યા પ્રમાણે થોડા પાપવાળું ઔષધ કરાવે અને મનમાં કર્મના વિપાક ચિંતવે પણ ખેદ ન કરે તે.

૧૭ તૃણસ્પર્શ-ડાભની શય્યાએ સુતાં તૃણનો અગ્રભાગ ખુંચે તેથી વેદના થાય તે સંભાવે સહન કરે તે.

૧૮ મળ-તૃણસ્પર્શથી અને પરસેવાના સંયોગથી મેલ થાય, શરીર ગંધાય તો પણ ન્હાવાની ઈચ્છા કરે નહિ, અથવા હું ક્યારે છુટીશ એવી પણ ઈચ્છા ન કરે તે.

૧૯ સત્કાર-પોતાનો આદરસત્કાર ઘણો થતો જોઇ, મનમાં ગર્વ ન આણવો પણ જ્ઞાન, દર્શન, ચારિત્રનું મહાતમ વિચારવું.

૨૦ પ્રજ્ઞા-પોતાને જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી બહુશ્રુતપણું પ્રાપ્ત થાય તો પણ ગર્વ ન કરે.

૨૧ અજ્ઞાન-જ્ઞાનાવરણીય કર્મના ગાઢ ઉદયથી જ્ઞાન પ્રાપ્ત ન થાય, તો પણ જ્ઞાનાભ્યાસ પ્રત્યે ખેદ ન કરવો તે.

૨૨ સમ્યક્ત્વ-અનેક દર્શનોના વિચિત્ર મતમતાંતરો સાંભળી, આસત્ય હશે કે આ સત્ય હશે ઇત્યાદિ વ્યામોહ ન પામવો અથવા અનેક ઉપસર્ગ પ્રાપ્ત થતાં પણ સર્વજ્ઞ કથિત ધર્મની દ્રઢતાથી ચલાયમાન ન થવું તે.

## બાવીશ પરીસહોનો ભાવ

મનહર છંદ.

બાવીશમાં શીત ઉષ્ણ ચર્ય્યા ને નિષિધા ચાર,
સાથે ચાર હોય નહી તેવું જણાવાય છે;
પણ તેના પ્રતિપક્ષી બેઉ સાથે રહે. માટે,
એક પ્રાણી સાથે વીશ પરીસહ પાય છે;
પરીસહો માંહે પણ સ્ત્રી પજ્ઞા સત્કાર ત્રણ,
અનુકૂળ અને બાકી પ્રતિકૂળ થાય છે;

બી સત્કાર પરીસહ એમો બે શીતળ ભાવ,
બાકીના લલિત વીશ ઉષ્ણ કહેવાય છે.

૨૨ તીર્થંકરના સાધુ—બહુ મૂલ્યવાન અને પંચરંગી કપડાં પહેરે અને ઋષભ ને મહાવીરના સાધુ તો ધોળા તેમ પ્રાયે જીર્ણ વસ્ત્રો પહેરે.

૨૨ તીર્થંકરના સાધુમાં—જે સાધુ નિમિત્તે આહાર કર્યો હોય તેને તે ન ખપે, પણ બાકીના બીજા સાધુઓને તો તે ખપે અને ઋષભ ને મહાવીરના સાધુઓને તો, કોઇ પણ સાધુ માટે કરેલ આહારાદિ કોઇ પણ સાધુને ખપે નહિ.

## બાવીશ પ્રકારના અનાચારિયો.

૧ જે સાધુ રાત્રિયે પાસે ઓષધાદિક રાખે તો તે ગૃહસ્થ સમાન કહેવાય.

૨ જે સાધુ ગૃહસ્થની પાસે શરીર ચંપાવે તે.

૩ જે સાધુ ગૃહસ્થ પાસેથી ઓઢવા માટે લે તે—સુયગડાંગ ૯ અધ્યયને.

૪ જે સાધુ કાકડી, તરબુચ, ખડબુચ વિગેરે ફળાદિ છોલેલાં લે તે—પન્નવણા તથા દશાશ્રુતસ્કંધે.

૫ જે સાધુ સાધ્વીના સાથે વિહાર કરે તે આજ્ઞાબહાર—ઠાણાંગસૂત્રે.

૬ જે સાધુ સાધ્વીનો લાવ્યો આહાર કરે તે—આચારાંગસૂત્રે.

૭ જે સાધુ ગોચરી જાય ત્યારે અગર બહાર જાય ત્યારે ભાર-ઉપકરણ—પીઠ—પાટીયા ગૃહસ્થોને ભળાવી જાય તે, આજ્ઞાબહાર દશવૈકાલિક ૭ અધ્યયને.

૮ જે સાધુ પુરૂષ વિના સ્ત્રીને બોધ આપે તે—ભગવતીસૂત્રે.

૯ જે સાધુ બે અઢી ગાઉ ઉપરાંત આહારપાણી લઇ જાય તે ભગવતી તથા ઉત્તરાધ્યયનસૂત્રે.

૧૦ જે સાધુ પૈસા તથા ધાતુ રાખે તે—પ્રશ્નવ્યાકરણમાં

૧૧ જે સાધુ લુગડાં ધોવે—ધોવરાવે, સ્નાન કરે તે દુરાચારી—સુયગડાંગજી અધ્યયને.

૧૨ જે સાધુ મોરપીંછી રાખે તે—પ્રશ્નવ્યાકરણમાં.

૧૩ જે સાધુ માથું ધોવે, તેલ સુગંધ અત્તર લગાવે તે-દશવૈકાલિક ૬ અધ્યયને.

૧૪ જે સાધુ નિત્યપિંડ લે તે પાસત્થો-આવશ્યકચૂર્ણિમાં.

૧૫ જે સાધુ શય્યાતરનો પિંડ લે તે પાસત્થો-આવશ્યકચૂર્ણિમાં.

૧૬ જે સાધુ એકલો વિહાર કરે તે પાસત્થો-ઉપદેશમાળામાં

૧૭ જે સાધુ ચૌદ ઉપકરણથી અધિક રાખે તે પાસત્થો-નિશિથચૂર્ણિમાં.

૧૮ જે સાધુ પુસ્તક લખાવે તે પાસત્થો-પ્રવચનસારોદ્ધારમાં.

૧૯ જે સાધુ શેષા કાળમાં માસ ઉપરાંત રહે તે પાસત્થો-કર્ણિકા તથા આચારાંગસૂત્રમાં.

૨૦ જે સાધુ સાધ્વી કે શ્રાવિકાનો વિશેષ પરિચય રાખે તે-દશવૈકાલિક તથા ગચ્છાચારપયન્નાદિકમાં.

૨૧ જે સાધુ ચેલા-ચેલી, શ્રાવક-શ્રાવિકા ઘણો પરિવાર રાખે તે પાસત્થો-ઉપદેશમાળા.

૨૨ જે સાધુ પુસ્તક, પાના, પાત્રા, ઉપકરણો ઘણા રાખે તે પાસત્થો-નિશિથચૂર્ણિમાં.

### બાવીશ સાથે વાદ કરવો નહિ.

ધનવાન બળવાન ક્રૂર કુટુંબી તપસી,
નીચ અભિમાની ગુરૂસાથે વાદ વાર્યો છે;
સ્થવિર ચોર જુગારી રોગી ક્રોધી જુઠ ધારી,
કુસંગી ને શીતલેશ્યા વાળાને વિસાર્યો છે;
તેજોલેશ્યા મુખમીઠા રાજા અને દાનેશ્વરી,
જ્ઞાની તેમ વેશ્યાસંગી નિશ્ચય નિવાર્યો છે;
નારી કે બાળક કોય બાવીશનું કોઇ હોય,
લલિત તેશું વાદમાં જીત્યા તોયે હાર્યો છે.

**ભાવપુજાના ૨૩ પ્રકાર**—૧ કરૂણાભાવ તે ન્હવણ, ૨ જિનગુણ તે જળ, ૩ યતના તે સ્નાન, ૪ નમ્રતા અંગલુંછણું, ૫ ભક્તિ તે કેસર, ૬ શ્રદ્ધા તે ચંદન, ૭ ધ્યાન તે રંગરોલ, ૮ તિલક તે શુદ્ધભાવ, ૯ સમાધિ તે પખાલ, ૧૦ ધર્મ તે અંગ-

લુંછણા, ૧૧ સદ્ભાવ તે આભરણ, ૧૨ નવવિધ બ્રહ્મચર્ય તે નવ અંગપૂજા, ૧૩ વિશુદ્ધપંચાચાર તે ફુલ પગર, ૧૪ જ્ઞાન તે દીપક, ૧૫ નયોનું ચિંતવન તે ઘ્રતપૂર, ૧૬ તત્ત્વ તે વિશાલ પાત્ર ૧૭ સંવર ભાવ તે ધૂપ, ૧૮ જોગ તે કૃષ્ણાગુરૂ, ૧૯ અનુભવ તે શુદ્ધ વાસક્ષેપ, ૨૦ અષ્ટમદ ત્યાગ તે અષ્ટમંગળ, ૨૧ સત્ય તે ઘંટ, ૨૨ સુધર્મ તે આરતી મંગળ દીવો, ૨૩ નિશલ્યપણું તે તિલક–દ્રવ્યપૂજા તે ભાવપૂજાના નિમિત્તભૂત છે, દ્રવ્યપૂજા શિવાય ભાવપૂજાની પ્રાપ્તિ થવી દુર્લભ છે; માટે પ્રથમ દ્રવ્યપૂજા અને પછી ભાવપૂજાથી પરમાત્માપૂજન કરનાર જીવ સત્વર મોક્ષ મેળવે છે.

# ચોવીશ વસ્તુની સંખ્યા.

## ચોવીશ દંડક–વર્ણન.

**દંડક એટલે શું**-જીવ જિહાં દંડાય છે, તે દંડક કહેવાય;
કાળ અનંતા આથડે, ચોવીશ દંડકમાંય.

**ચોવીશ દંડક**—નરક એક દશ ભુવનના, પૃથ્વીકાયાદિક પણ;
ત્રણ વિગલેંદ્રિ બે ગર્ભજો, તિર્યંચ માનવ ગણ.
વ્યંતર જ્યોતિષી એકેક, વૈમાનિકનો એક;
તે દંડક ચોવીશ છે, ધારો ધારી વિવેક.

# તે દરેક દંડકના ચોવીશ ચોવીશ દ્વાર.

મનહર છંદ.

શરીર અવગાહના સંઘયણ સંજ્ઞા અને,
સંસ્થાન કષાય લેશ્યા ઇંદ્રિયનો કાર છે;
સમુદ્ઘાત દૃષ્ટિ અને દર્શન ને જ્ઞાન યોગ,
ઉપયોગ ઉત્પાત ને ચ્યવન ચિતાર છે;
સ્થિતિ પર્યાપ્તિ આહાર સંજ્ઞા ગતિ આગતિને,
વેદ અલ્પ બહુત્વ શું ચોવીશ તે દ્વાર છે;
કયા કયા જીવે દ્વાર કયાં કયાં અને કોને ?
કેટલાં લલિત તેનો શાસ્ત્રે વધુ સાર છે. ॥ ૧ ॥

## સ્થંડિલ શુદ્ધિના ૨૪ માંડલા.

**તેની વિગત**–૧ આઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૨ આઘાડે આસન્ને પાસવણે અણહિયાસે.

૩ આઘાડે મજ્જે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૪ આઘાડે મજ્જે પાસવણે અણહિયાસે.
૫ આઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૬ આઘાડે દૂરે પાસવણે અણહિયાસે.

બીજા છ માંડલામાં અણહિયાસેને બદલે અહિયાસે કહેવું ત્યારપછી બીજા બાર માંડલામાં આઘાડે ને બદલે અણાઘાડે કહેવું; બાકી સર્વે ઉપર પ્રમાણે કહેવું.

**ચારિત્ર પાળકે સહાય ૨૪ બોલ પાળવા**—૧ પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ પાળવી, ૨ દેવગુરૂની આશાતના ટાળવી, ૩ શીત ઉષ્ણતા સહેવી, ૪ એકાંતમાં રહેવું, ૫ ઊઘાડે પગે ચાલવું, ૬ લોચ કરાવવો, ૭ હમેશાં એકભક્ત કરવું, ૮ ભૂમિશયન કરવું, ૯ આંબિલનો તપ કરવો, ૧૦ યોગોદ્વહન તપ કરવો, ૧૧ બાવીશ પરીસહ સહેવા, ૧૨ રાત્રિયે ચતુર્વિધ આહાર ત્યાગ કરવો, ૧૩ પ્રમાદનો ત્યાગ કરવો, ૧૪ અપ્રતિબદ્ધ વિહાર કરવો, ૧૫ પ્રાસુક આહારપાણી પરઘર વહેરવા જવું, ૧૬ અસમંજસ વાણી બોલવી નહિ, ૧૭ લોકોના વચનો સહન કરવા, ૧૮ એક ઠેકાણે રહેવું નહિં, ૧૯ ક્ષમા ધારણ કરવી, ૨૦ બે વાર પડિલેહણ કરવી, ૨૧ ગુરૂના વચન સહન કરવા ૨૨ હંમેશાં સિદ્ધાંત ભણવા, ૨૩ ગુરૂકુળ પાસે રહેવું, ૨૪ પંચ મહાવ્રત પાળવા.

## પચીશ વસ્તુની સંખ્યા.

### સિદ્ધાંત ભણે અને બીજાને ભણાવે તે

### ઊપાધ્યાયના ૨૫ ગુણ.

અંગ અગિયાર ઉપાંગ બાર, બેઉ તે ચરણ કરણ;
પાઠક ગુણ પચીસનું, સાચું કરજો શરણ.

ઉપાધ્યાયની—૧૬ ઉપમા સોળ આંકમાં જણાવી ગયા છીએ.

### ઉપાધ્યાય ગુણ સ્તવના વીશ સ્થાનક

પદપૂજા છઠી—ઢાલ

દુહો—બોધ સૂક્ષ્મ વિણ જીવને, ન હોય તત્ત્વ પ્રતીત;
ભણે ભણાવે સૂત્રને, જય જય પાઠક ગીત.

## દેશી રસિયાની.

શ્રી ઉવજઝાય બહુશ્રુત નમો ભાવશું, અંગ ઉપાંગના જાણ મુણીંદા;
ભણે ભણાવે શિષ્યને હિત કરી, કરે નવપલ્લવ પહાણ વિનીતા. ૧
અર્થસૂત્ર કહેવાના વિભાગથી, સૂરિશ્વર પાઠક સાર સોહંતા;
ભવ ત્રીજે અવિનાશી સુખ લહે, યુવરાજ પરે અણગાર મહંતા. ૨
ચૌદ દોષ ભર્યા અવિનીત શિષ્યને, કરે પન્નર ગુણવંત વિદીતા;
ગ્રહણ આસેવન શિક્ષા દાનથી, સમય જાણે અનેકાંત સુજ્ઞાની. ૩
આવશ્યક પચવીશ શીખવે વાંદણે, પચવીશ ક્રિયાનો ત્યાગ વિચારી;
પચવીશ ભાવના ભાવે મહાવ્રતની, શુભ પચવીશી ગુણરાગ સુધારી. ૪
પયભર્યો દક્ષિણાવર્ત્ત શંખ શોભિયે, તેમ નયભાવ પ્રમાણ પ્રવીણા;
હય ગય વૃષભ પંચાનન સારિખા, ટાળે પરવાદી અભિમાન અદીના. ૫
વાસુદેવ નરદેવ સુરપતિ ઉપમા, રવિ શશિ ભંડારીરૂપ દીપંતા;
જંબુ સીતાનદી મેરૂ મહીધરો, સ્વયંભૂ ઉદધિ રયણ ભૂપ ભણંતા. ૬
એ સોળ ઉપમા બહુશ્રુતને કહી, ઉત્તરાધ્યયને રસાલ જિણંદા;
મહીંદ્રપાલ વાચક પદ સેવતો, સૌભાગ્યલક્ષ્મી સુવિશાલ સૂરીંદા ૭

**તે ગુણો**—તેમાં જણાવેલ જુદા જુદા આંકથી જાણી લેવા

### દ્વાદશાવર્તવંદને ૨૫ આવશ્યક સાચવવા તે.

| | | | |
|---|---|---|---|
| ૨ | બે વંદનમાં બે વાર નમવું તે. | ૩ | ત્રણ ગુપ્તિ સાચવવી. |
| ૧ | ચોળપટ્ટો રજોહરણ રાખીને વાંદવું. | ૨ | બે વાર અવગ્રહમાં પ્રવેશવું. |
| ૧૨ | બાર આવર્ત સાચવા. | ૧ | એક વાર અવગ્રથી નીકળવું. |
| ૪ | ચાર વાર ગુરૂના ચરણે મસ્તક નમાવવું. | | |

### પાંચ મહાવ્રતની ૨૫ શુભ ભાવનાઓ.

**દુહા**—૧ ઇર્યાસમિતિ મનગુપ્તિ, વચનગુપ્તિયે વાસ;
વસ્ત્ર પાત્રાદિ પૂજને, આહારાદિક ખાસ.
૨ વચન વિચારી બોલવું, ક્રોધ લોભ ભય હાસ્ય;
ખરે તે ચાર શત્રુ ખરા, વધે જુઠનો વાસ.
૩ વસતિ આહાર કાળ હદ, ગુરૂ વડિલાદિ સંગ;
અવગ્રહ સારો સાચવો, પાળો શુભ પ્રસંગ.
૪ સ્ત્રી કથા અંગ ન જુવે, પૂર્વ વિષય નિવાર;
સ્નિગ્ધ આહાર કુઠામ તે, તજે ભાવના સાર.

૫ શબ્દ રૂપ રસ ગંધ ને, સ્પર્શ પાંચ તે જાણ;
ભલે ભૂંડે આસક્ત નહી, લે લલિત તે લ્હાણ.

## આ પચીશ ભાવનાનો વધુ ખુલાસો.

**પ્રથમ મહાવ્રતની પાંચ ભાવના**—૧ ઈર્યાસમિતિ સાચવી રાખવી એટલે ગમનાગમન ક્રિયા પ્રસંગે જયણા સહિત ચાલવું, ૨ મનગુપ્તિ સાચવવી એટલે મનમાં માઠા વિચાર આવવા ન દેવા, ૩ વચનગુપ્તિ પાળવી એટલે જીવોપઘાતક પાપવાળું વચન નહિ ઉચ્ચારવું, પણ જરૂર પડે ત્યારે નિષ્પાપ વચન ઉચ્ચારવું, ૪ વસ્ત્ર, પાત્ર વિગેરે ઉપકરણો લેતાં-મૂકતા જયણા સહિત પ્રવર્તવું અને ૫ આહારપાણી જોઇ-તપાસી જયણા સહિત વાપરવાં, જોયા વિના વાપરવાં નહી.

**બીજા મહાવ્રતની પાંચ ભાવના**—૧ વચન વિમાસી વિચારીને બોલવું, સહસા બોલી નાંખવું નહિ, ૨ થી ૫ ક્રોધ, લોભ, ભય અને હાસ્યનું સ્વરૂપ સમજી તે દોષો દૂર કરવા, બરોબર ઉપયોગ રાખવો; કેમકે તેથી સહસા જૂઠું બોલી જવાય છે.

**ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના**—૧ રહેવા માટે વિચારીને પરિમિત અવગ્રહ માગવો, ૨ ગુર્વાદિક વડીલની રજા લઇને આહારપાણી વાપરવા, ૩ કાળ માનની અવધિ બાંધી અવગ્રહ માગવો, ૪ અવગ્રહ માગતાં વારંવાર હદ બાંધવા લક્ષ રાખવું, અને ૫ પોતાના સાધર્મિક સાધુ પાસે પણ પરિમિત અવગ્રહ માગવો-ઉક્ત ભાવનાઓથી એ મહાવ્રત રૂડી રીતે આરાધિત થાય છે.

**ચોથા મહાવ્રતની પાંચ ભાવના**—૧ વારંવાર સ્રીકથા કર્યા કરવી નહિ, ૨ સ્રીનાં અંગોપાંગ ધારી ધારીને જોવા નહિ, ૩ પૂર્વે કરેલી કામક્રિયા યાદ કરવી નહિ, ૪ સ્નિગ્ધ રસવાળું પ્રમાણ રહિત ભોજન કરવું નહિં, અને ૫ નિર્દોષસ્થાન, આસન, સ્રી, પશુ, પંડગ રહિત હોય તેવા સેવવા, અન્યથા વિક્રિય થવાથી ધર્મભ્રષ્ટ થઇ જવાય છે.

**પાંચમા મહાવ્રતની પાંચ ભાવના**—૧ થી ૫ ભલો કે બુરો-શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ પામી તેમાં આસક્ત,

વિરકત, ગૃદ્ધ, મોહીત, તલ્લીન કે વિવેકવિકળ થઇ જવું નહિ, રાગ-દ્વેષ કરવો નહિ. એવી રીતે સાવધાનપણે સાધુ યોગ્ય આચારમાં પ્રવર્તતાં ઉકતમહાવ્રત યથાવિધિ આરાધી શકાય છે.

## સાધ્વીનાં ૨૫ ઉપકરણ.

**અવગ્રહાંતક**—હોડીના આકારવાળુ ગુપ્તસ્થાન ઢાંકવાનું વસ્ત્ર.

**પટ્ટ**—ચાર આંગળ પહોળો કેડ બાંધવાનો, તેના આધારે અવગ્રહાંતક રખાય તે.

**અર્ધોરૂક**—કેડથી અર્ધો સાથળ સુધી પહેરવાનું ચડી જેવું.

**ચલણિકા**—ચણીયો તે ચડીના આકારનો ઢીંચણ સુધીનો. આ બે સીવ્યા વિનાનાને કસોથી બંધાય છે.

**અભ્યંતરનિવસની**—કેડથી અર્ધી જંઘાં ઢંકાય તેવું ઘાઘરાના જેવું.

**બહિર્નિવસની**—તે કેડથી તે પગની ઘુંટી ઢંકાય તેટલું લાંબુ ઘાઘરાના આકારવાળું, કેડથી નાડીથી બંધાય છે, તે સર્વે કેડથી નીચેના કહ્યા.

**કંચુક**—પોતાના અંગ પ્રમાણે તે કસોથી બંધાય છે.

**ઊપકક્ષિકા**—દોઢ હાથ સંચોરસ જમણી કાખ ઢંકાય તેવું.

**વૈકક્ષિકા**—તે પટના આકારે હોય છે ને તે ડાબે પડખે પહેરાય છે, તે ઉપકક્ષિકા ને કંચુકને ઢંકે છે.

**સંઘાટી**—આ સંઘાટીઓ ચાર હોય છે ને તે ૩ા થી ૪ હાથ લાંબી હોય છે. તે નીચે પ્રમાણેઃ–

પહેલી બે હાથ પહોળી તે અપાસરામાં ઓઢાય.

બીજી ત્રણ હાથ પહોળી ગોચરી જતાં ઓઢાય.

ત્રીજી ત્રણ હાથ પહોળી સ્થંડિલ જતાં ઓઢાય છે.

ચોથી વ્યાખ્યાન તથા સ્નાત્રાદિક ઓચ્છવમાં ઓઢાય.

**સ્કંધકરણી**—તે ઉનની ને ચાર હાથ સંચોરસ હોય, તે ચોવડી કરી ખભે નંખાય છે.

આ ઉપરના ૧૧ અને ૧૪ સાધુનાં મળી ૨૫ ઉપકરણ સાધ્વીના જાણવા તેમાં જે ચોલપટ્ટો છે તે સાધ્વીને સાડો જાણવો.

## પચીશ કષાયનો ખુલાસો.

( દુહા )

સોળ કષાય—પ્રથમ અનંતાનુબંધી, બીજો અપ્રત્યાખ્યાન;
પ્રત્યાખ્યાની સંજ્વલે, પ્રત્યેક ચો ચો જાણ.
અનંતાનુબં- જાવજીવ વાસન સમ્યકત્વ, નર્કે ખાસ નંખાય;
ધીના ૪ભેદ—એ અનંતા બંધીયો, ક્રૂર કષાય કહાય.
ક્રોધ પર્વત ફાટ તેનો, માન પાષાણ થંભ;
માયા કઠણ વાસ મૂળ, લોભ કૃમિજનો રંગ.
ભણે ભણવે વાંચવે, સમજાવે બહુસાર;
પણ તે ટાળ્યો નહિ ટળે, પ્રથમ કષાયી કાર.
અપ્રત્યાખ્યા- વર્ષવાસ દેશવિરતિ નહિ, તિર્યંચ ગતિ પોચાય;
નીના ૪ભેદ—એહ અપ્રત્યાખ્યાનીયો, કહ્યો બીજો કષાય.
ક્રોધ સુકાસર ફાટ સમ, અસ્થિ થંભ સમ માન;
માયા મેંઢ શીંગ સમ, લોભ કાદવ સમાન.
પ્રાસ કે સજ્જન શિખથકી, મહા મહેનતે જાય;
એક વર્ષ અંતે બીજો, કષાય દૂર કરાય.
પ્રત્યાખ્યાન- ચોમાસ વાસ સંયમ નહિ, મનુષ્ય ગતિ મેળાય;
ના ૪ ભેદ—પ્રત્યાખ્યાન તે પેખજો, ત્રીજો તેહ કષાય.
ક્રોધ રજ રેખ સં કહ્યો, કાષ્ટ થંભ સમ માન;
માયા બેલ મુત્ર રેખ સં, લોભ અંજન સમાન.
કાંઈક સરળ તે મનુષ્ય, સામાન્ય જો બોધાય;
સત્વર તેહ જન સુધરે, તેવો તેહ કષાય.
સંજ્વલના પખ્ખીવાસન યથાખ્યાત, દેવગતિને પાય;
૪ ભેદ—કષાય સંજ્વલનો કહ્યો, ચોથો ચિત્તમાં લાય.
ક્રોધ જળરેખ માન તસ, નેતર સોટી સમાન;
માયા વાંસ છોલ જેવી, લોભ હલદરી જાણ.
ધણીજ ઉંચી હદ ગયા, નિષ્કપટી તે કહાય;
આત્મગુણ ઉલ્લાસ કર, સ્હેજે થાય સમાય.

### નવ નોકષાય (કષાયનાં કારણ)

હાસ્યષટ્ક—કારણે કે વિના કારણે, [1]હાસ્ય, [2]રતિ, [3]અરતિ, [4]ભય, [5]શોક, [6]દુગંચ્છા એ છની પ્રાપ્તિ થાય તે.

ત્રણુ વેદ—સ્ત્રી પ્રત્યે ઇચ્છા તે પુરૂષવેદ, પુરૂષ પ્રત્યે ઇચ્છા તે સ્ત્રી વેદ, બંને પ્રત્યે ઇચ્છા તે નપુંસકવેદ. પુરૂષવેદ ઘાસની અગ્નિ જેવો છે, સ્ત્રીવેદ બકરીની લીંડીઓની અગ્નિ જેવો છે, નપુંસકવેદ નગરના દાહ જેવો છે. તે ૨૫ કષાય.

## સત્તાવીશ વસ્તુની સંખ્યા.

### સાધુના સત્તાવીશ ગુણુ.

મનહર છંદ,

પ્રાણુાતિપાતાદિવાર રજની ભોજનટાર,
છકાયની રક્ષા સાર પંચેંદ્રિયો વશ છે;
લોભ લેશ નહિં ધરે ક્ષમા ખુબ ભાવ ખરે,
એ પડિલેહણુ કરે વિશુદ્ધ સહર્ષ છે;
શુદ્ધ છે સંયમ યોગ અશુભ તિ યોગ રોધ,
શિતાદિક પરીસહો સહાય તો બસ છે;
મણુાદિક ઉપસર્ગ લલિત સહન કરે,
સત્તાવીશ ગુણુ સરે સાધુ તે સરસ છે ॥ ૧ ॥

**સત્તાવીશ ગુણુનો ખુલાસો:**—પ્રાણુાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, રાત્રિભોજન—( એ છ વ્રત પાળે ) પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાય—( એ છકાયની રક્ષા )—પાંચ ઇંદ્રિયનો નિગ્રહ, ૧૮ લોભનો ત્યાગ, ૧૯ ક્ષમા ધારણુ, ૨૦ ચિત્તની નિર્મળતા, ૨૧ શુદ્ધ પડિલેહણુ, ૨૨ સંયમયોગમાં પ્રવૃત રહેવું ( પાંચસમિતિ ત્રણુ ગુપ્તિ, નિદ્રા, વિકથા, અવિવેક ) ૨૩ મન, ૨૪ વચન, ૨૫ કાયા ( એ ત્રણે યોગ માઠા માર્ગે જતાં રોકે ) ૨૬ શીતાદિ પરીસહ સહન કરવા, ૨૭ મરણુાદિઉપસર્ગ સહન કરવા.

### સાધુ ગુણુ સ્તવના-વીશ સ્થાનક પૂજાની

### સાતમી ઢાળ

દુહો:—સ્યાદ્વાદ ગુણુ પરિણુમ્યો, રમતા સમતા સંગ;
સાધે શુદ્ધાનંદતા, નમો સાધુ શુભરંગ.

( કર્મપરીક્ષા કરણુ કુમર ચાલ્યો—એ દેશી. )

મુનિવર તપસી ઋષિ અણુગારજીરે, વાચંયમ વ્રતી સાધ;

ગુણ સત્તાવીશે જેહ અલંકર્યારે, વિરમી સકલ ઉપાધ.
ભવિયણ વંદોરે સાતમું પદ ભલુંરે ॥ ૧ ॥ એ આંકણી ॥
નવવિધ ભાવલોચકરે સંયમીરે, દશમો કેશનો લોચ;
ઓગણત્રીસ પાસત્થા ભેદ છે રે, વારે તસ નહિ જગશોચ ॥ભ૦॥૨॥
દોષ સુડતાલીશ આહાર વારતારે, અતિક્રમ ન કરે ચાર;
મુનિને અર્થે સમારે મંદિરારે, પરિહરે એહ આચાર ॥ભ૦॥૩॥
નરના દોષ અઢાર નિવારીનેરે, દીક્ષા શિક્ષા દિયે સાર;
પુણ્ય પાપ પુદ્ગલ હેય રૂપતા રે, સમભાવે મુક્તિ સંસાર ॥ભ૦॥૪॥
સત્યહેતુ ભવ અટવી મૂકવારે, ફરસ્યું છઠ્ઠું ગુણસ્થાન;
યોગ અધ્યાતમ ગ્રંથની ચિંતનારે, કિરિયા નાણુ પહાણુ ॥ભ૦॥૫॥
પુરવ મત વિરાધક યોગથીરે, કૂટલિંગી પણું થાય;
દંભ જાળ જંજાળ સવિ પરિહરેરે, ચરણ રસિક કહેવાય ॥ભ૦॥૬॥
કોડી સહસ નવ સાધુ સંયમીરે, સ્તવિયે ગીતારથ જેહ;
વીરભદ્ર પરે તીર્થપતિ હુવે રે, સૌભાગ્યલક્ષ્મી ગુણગેહ ભ૦॥૭॥

# અઠ્ઠાવીશ વસ્તુની સંખ્યા.

## અઠ્ઠાવીશ લબ્ધિ.

૧ **આમર્ષ ઔષધિ**—જેના હાથ-પગ વિગેરેના સ્પર્શથી રોગ જાય તે.

૨ **વિપ્રુષ ઔષધિ**—જેના મળ-મૂત્રાદિકે કરી સર્વે પ્રકારના રોગ જાય તે.

૩ **ખેલોષધિ**—જેના શ્લેષ્મ પણ ઓષધિરૂપ હોય તે.

૪ **જલ્લોષધિ**—જેનો પરસેવો પણ ઓષધિરૂપ હોય તે.

૫ **સર્વૌષધિ**—જેના કેશ, રોમ, નખાદિ ઓષધિરૂપ હોય ને સુગંધીરૂપ હોય તે.

૬ **સંભિન્નશ્રોત**—જેને એક ઇંદ્રિયથી બધી ઇંદ્રિયોનો વિષય જાણવાની શક્તિ હોય તે અથવા બાર જોજનમાં પડેલા ચક્રીના સૈન્યનાં બધાં વાજીંત્રોના શબ્દ સાથે હોય, છતાં જુદાજુદા જાણવાની શક્તિ તે.

૭ **અવધિજ્ઞાન**—જેથી રૂપી દ્રવ્યો આત્માવડે સાક્ષાતપણે જોવાની શક્તિ તે.

૮ **ઋજુમતિ મનઃપર્યવ**-અન્યના મનમાં કરેલા વિચારને સામાન્યપણે જાણવાની શકિત તે.

૯ **વિપુલમતિ મનઃપર્યવ**-અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેંદ્રિય જીવોના મનના વિચારને વિશેષ જાણવાની શકિત તે.

૧૦ **ચારણલબ્ધિ**--બે પ્રકારે જંઘાચરણ ને વિદ્યાચરણ જે વિદ્યાવડે આકાશમાં ફરે તે.

૧૧ **આશીવિષલ૦**--જેની દાઢમાં વિષ હોય તે ડંશવાથી જીવ મરે તે પ્રયોગ સર્પાદિકરૂપે થાય તે.

૧૨ **કેવળજ્ઞાનલ૦**---જેથી લોકાલોકનું સ્વરૂપ જાણે તે.

૧૩ **ગણધરલ૦**---જે ગણધરપણું પ્રાપ્ત થાય તે.

૧૪ **પૂર્વધરલ૦**---ચોદ પૂર્વધરને શ્રુતજ્ઞાનવડે થયેલી તે.

૧૫ **તીર્થંકરલ૦**---જેથી સમવસરણાદિક ઋદ્ધિ વિકુર્વી શકે તે, તથા તીર્થંકર ને તીર્થંકરપણાની તે.

૧૬ **ચક્રવર્તીલ૦**---જેથી ચોદ રત્નાદિક ઋદ્ધિ વિકુર્વી શકે તે તથા ચક્રી ને ચક્રીપણાની તે.

૧૭ **બળદેવલ૦**---જેથી તેની ઋદ્ધિ વિકુર્વી શકે તે તથા બળદેવને બળદેવપણાની તે.

૧૮ **વાસુદેવલ૦**---જેથી તેની ઋદ્ધિ વિકુર્વી શકે તે, તથા વાસુદેવને વાસુદેવપણાની તે.

૧૯ **ક્ષીરાશ્રવલ૦**---જેની વાણીમાં દુધ-સાકર કરતાં વધુ મીઠાશ થાય તે.

૨૦ **કોષ્ઠબુદ્ધિલ૦**---જેના કોઠામાંથી સર્વ સૂત્રાર્થ ભરેલા નિધાનની જેમ નીકળ્યા જ કરે, અથવા કોઠામાંથી અન્નની જેમ નીકળે તે.

૨૧ **પદાનુસારિણી**-પ્રારંભનું પદ અથવા અર્થ સાંભળવાથી આખા શાસ્ત્રનો બોધ થાય તે, અનુશ્રુતપદાનુસારિણી-અંતનુ પદ અર્થ સાંભળવાથી આખા શાસ્ત્રનો બોધ થાય તે, પ્રતિકૂળપદાનુસારિણી અને મધ્યનું ગમે તે પદ અર્થ સાંભળવાથી આખા શાસ્ત્રનો બોધ થાયતે, ઊભયપદાનુસારિણી.

૨૨ **બિજબુદ્ધિલ૦**---જ્ઞાનાવરણીયાદિક કર્મના ક્ષયોપ-

શમના અતિશયપણાથી એક અર્થરૂપ બીજનું જાણપણું સવાથી અનેક અર્થરૂપી બીજોનું જાણવું તે.

૨૩ તેજોલેશ્યાલ૦—ક્રોધના અતિશયપણાથી શત્રુને સહેજમાં બાળવાની શક્તિ તે.

૨૪ આહારકલ૦—આહારક શરીર કરવાની શક્તિ તે.

૨૫ શીતલેશ્યાલ૦-તેજોલેશ્યા નિવારણમાટે શીતલેશ્યાને મૂકવાની શક્તિ તે.

૨૬ વૈક્રિયલ૦—વિષ્ણુકુમારની જેમ લાખ જોજનનું શરીર કરવાની શક્તિ તે. તેના અનુત્વ મહત્ત્વાદિક ઘણા ભેદો છે.

૨૭ અક્ષીણમહાનસીલ૦—અંતરાયકર્મના ક્ષયોપશમથી, ભિક્ષાવડે લાવેલું અન્ન, મુનિ પોતે આહાર કર્યા અગાઉ ગમે તેને જમાડે પણ ખુટે નહિ તે, ગૌતમસ્વામીની જેમ.

૨૮ પુલાકલબ્ધિ—જે વડે મુનિ જૈન શાસનના અર્થે ચક્રવર્તીની સેનાને ચૂરી નાંખવી હોય તો ચૂરી શકે તે.

## અસઝાયનાં અઠ્ઠાવીશ કારણો.

૧ હાડકાં, માંસ, લોહી સાઠ હાથ સુધી પડ્યાં હોય તો.

૨ વિષ્ટા પડેલ ગંધાય ત્યાં સુધી

૩ સ્મશાનભૂમિમાં.

૪ નજીકમાં પંચેંદ્રિય કલેવર કાઢે નહી ત્યાં સુધી

૫ મોટું પ્રસિદ્ધ માણસ ગુજરી જાય તો અહોરાત્રિ

૬ રાજમાં વિઘ્ન હોય ત્યાં સુધી

૭ રાજા મરણ પામે તો નવો ગાદી બેસે ત્યાં સુધી

૮ સૂર્ય-ચંદ્ર ગ્રહણ ચાલે ત્યાં સુધી પણ સૂર્ય-ગ્રહણ છતાં અસ્ત થાય તો બીજે દિવસે સૂર્ય ઉગે ત્યાં સુધી અને ચંદ્ર-ગ્રહણ છતાં જો સૂર્ય ઉગે તો આખો દીવસ

૯ બાળચંદ્ર (બીજ, ત્રીજ, ચોથનો) ચાર ઘડી સુધી.

૧૦ તારા ખર્યા હોય તો.

૧૧ દશે દિશાઓ રાતી થઈ હોય તો.

૧૨ અકાલે ગાજવીજ ને કડાકા થાય તો બે પહોર.

૧૩ અકાલે વરસાદ પડે ત્યાં સુધી. અકાલ તે આદ્રા નક્ષત્રથી તે આસો શુદિ ૧૦ સુધી એટલે દશેરા સુધી જાણવો.

૧૪ આકાશમાં નવીન ચિન્હ થાય ત્યારે.

૧૫ ધુમસ પડતી હોય ત્યારે.
૧૬ ઠાર કે ઝાકળ પડતી હોય ત્યાં સુધી
૧૭ ઘણો મોટો તોફાની પવન ને ધૂળ ઉડતી હોય ત્યાં સુધી.
૧૮ ચાર મહાપડવોની—અષાડ, આસો, કાર્તક ને ફાગણની પુનમની પડવા.
૧૯ ત્રણે ચોમાસીની અઢી અઢી દિવસની.
૨૦ આસો અને ચૈતરની પણ અઢી દિવસની. અઢી દિવસ તે અર્ધી ચૌદશ, એક પૂનમને એક પડવો મળી.
૨૧ ચાર કાળની ચાર, સવાર, બપોર સાંજ અને મધ્યરાત મળી ચાર.
૨૨ ધરતી ધ્રુજે તો આઠ પહોર સુધી
૨૩ ઉપાસરાથી સાતમા ઘરમાં મરણ થાય તો અહોરાત્રી.
૨૪ ઉપાસરા નજીક કલહયુદ્ધ કરે ત્યાં સુધી.
૨૫ ગરીબ માણસ ૧૦૦ હાથમાં મરણ પામે તો.
૨૬ મનુષ્યનું લોહી ૧૦૦ હાથમાં પડયું હોય તો.
૨૭ માંહો માંહે મલ્લયુદ્ધ કરે ત્યાં સુધી.

**દશ આકાશ સઝાય.**

૨૮ ઉલ્કાપાત, દિશીદાહ, ગાજ, વીજ, નિર્ઘાત, સાયંકાલ, ચક્ષાલિપ્ત, ધુંવાડા, ધુમર અને રજોવૃદ્ધિ આદિ.

## ઓગણત્રીશ વસ્તુ સંખ્યા.

**ઓગણત્રીશ પ્રકારના દ્વારો**—૧ નામ, ૨ લેશ્યા, ૩ શરીર, ૪ અવગાહના, ૫ સંઘયણ, ૬ સંજ્ઞા, ૭ સંઠાણ, ૮ કષાય, ૯ ઇંદ્રિય, ૧૦ સમુદ્ઘાત, ૧૧ દૃષ્ટિ, ૧૨ દર્શન, ૧૩ જ્ઞાન, ૧૪ જોગ, ૧૫ ઉપયોગ, ૧૬ જીવને ઊપજવાનું, ૧૭ કાલસંખ્યાનું, ૧૮ આયુ, ૧૯ પર્યાપ્તિ, ૨૦ આહાર, ૨૧ ગતાગતિ, ૨૨ વેદ, ૨૩ ભુવન, ૨૪ પ્રાણ, ૨૫ સંપદા, ૨૬ ધર્મ, ૨૭ યોનિ, ૨૮ કુલકોડી, ૨૯ અલ્પબહુત્વ.

## સાધુને વર્જવાના ૨૯ પાપ શ્રુત.

**આ આઠ નિમિત્ત**—દિવ્ય ઊત્પાત અંતરિક્ષ, ભૂકંપ અંગકુરણ.
પક્ષીસ્વર લક્ષણ વ્યંજન, નિમિત્ત આઠ તે ગણ.

**એ આઠ પ્રકારના નિમિત્ત છે**—તેના દરેકના (સૂત્ર, અર્થ અને તદુભય) ત્રણ ત્રણ ભેદ છે તેને ગણતાં ૨૪ થયા, ગંધર્વશાસ્ત્ર ૨૫, નાટ્યશાસ્ત્ર ૨૬, વાસ્તુશાસ્ત્ર ૨૭, આયુર્વેદ ૨૮, ધનુર્વેદની વિદ્યા ૨૯ આ ઓગણત્રીશ પ્રકારનું પાપશ્રુત કહેવાય છે, તે મુનિ મહારાજ માટે સદાયે વર્જ્ય છે. (રત્નસંચય)

**ઓગણત્રીશ પ્રકારના પાસત્થા**-પાસત્થા પાંચ પ્રકારના કહ્યાં છે, પણ તેના ૨૯ ભેદ પણ છે, તે અન્યગ્રંથોથી વા-ગીતાર્થથી જાણવા ખપ કરવો.

## ત્રીશ વસ્તુની સંખ્યા

### આ દુષમ કાલે પાંચમા આરાના ભાવ.

મનહર છંદ.

નગર તે ગ્રામ થશે ગામ શમશાન તુલ્ય,
રાજા યમ જેવા દાસો કુટુંબી તે જાણીયે;
પ્રધાનાદિ લાંચીયા ને સુખી તે નિર્લજ્જ થશે,
કેટલીક કુળવંતી વેશ્યા જ્યું પ્રમાણીયે;
પુત્રો તે સ્વછંદચારી શિષ્ય ગુરૂ પ્રત્યનીક,
દુર્જન પુરૂષ સુખી સંપત્તિ સન્માનીયે;
સજ્જન દુઃખીયા અને અલ્પઋદ્ધિ અલ્પમાન,
દેશે પરચક્ર દુઃખ દુકાળી રેઠાણીયે ॥૧
પૃથ્વી દુષ્ટ સત્વાકુલ વિપ્ર અસ્વાધ્યાય લુબ્ધ,
શ્રમણ મહાત્મા ગુરૂ કુલવાસ ત્યાગીયા;
મતિ મંદધર્મી તેમ ક્રુર કષાયે ભરેલ,
સમકિતિ દેવ દેવો અલ્પ બળ ભાગીયા;
મિથ્યાદષ્ટિ દેવ તે તો બહુજ બળિયા થશે,
મનુષ્યો દેવ દર્શને અધિક અભાગીયા;
વિદ્યા મંત્ર ઔષધનો પ્રભા અલ્પ ને ગોરસ,
કર્પૂર સાકર આદિ વર્ણમાં વિરાગીયા; ॥૨
બળ ધન આયુહીન માસકલ્પ ક્ષેત્ર નહી,
અગિયાર પડિમાના શ્રાદ્ધ ધર્મો વારીયા;
સૂરિ શિષ્યને સમ્યક શ્રુત ભણાવશે નહી,
શિષ્ય પણ કષાય ને મંદબુદ્ધિ ધારીયા;
મુંડ વણ શુદ્ધ સ્વલ્પ સૂરિ આપ સામાચારી,
નિજ પ્રશંસા નિંદક ઉત્સૂત્ર ઉચ્ચારીયા;
મ્લેચ્છનું રાજ બળી આર્યદેશ અલ્પ બળી,
કલ્પનિર્યુક્તિના ભાવ લક્ષિતે ઉતારીયા; ॥૩

## સાધુની ત્રીશ ઉપમા.

મનહર છંદ.

કાંસાનુ ભાજન શંખ કૂર્મ કંચન કમળ,
ચંદ્ર સૂર્ય પૃથ્વી મેરૂ સ્વયંભૂ રમણુ છે.
અગ્નિ ચંદન વૃષભ દ્રહપાણી ગજ સિંહ,
ગેડાને ભારંડપંખી ત્યું પંખીની પણ છે.
જીવ સર્પ આકાશની શરદ ઋતુનું પાણી,
ચકોરપક્ષિ ભ્રમર પારેવો હરણુ છે.
વાયુ વૃક્ષ સરોવર વર્ણવી ઉપમા વર,
લલિત તે લાભકર ત્રીશનો તે ગણુ છે.

## એકત્રીશ વસ્તુની સંખ્યા અમુક સૂત્ર ને તેના બનાવનાર.

**( સૂત્રના નામ અને તે તે સૂત્રોની સમજણ ને કર્ત્તાના નામ. )**

૧ **નવકાર**—પંચપરમેષ્ટિમંગળ સૂત્ર શાશ્વતો છે.

૨ **ઉવસગ્ગહરં**—ભદ્રબાહુસ્વામીએ વરાહમીર વ્યંતરનો ઉપદ્રવ નિવારવા અર્થે, સાત ગાથાનું બનાવ્યું હતું.

૩ **સંતિકરં**—મુનિ સુંદર સૂરિ તેમણે દેલવાડામાં યોગીનીકૃત ઉપદ્રવનિવારવા બનાવ્યું તે.

૪ **તિજયપહુત્ત**—માનદેવસૂરિયે સંઘમાં વ્યંતરનો ઉપદ્રવ નિવારવા બનાવ્યું, તેમાં ૧૭૦ જિનનો સર્વતોભદ્ર ચમત્કારી યંત્ર છે,

૫ **નમિઊણ**—માનતુંગસૂરીયે નાગ રાજાના મસ્તકની વ્યાધિ નિવારવા બનાવ્યું, તેમાં ૧૮ ચમત્કારી મંત્રાક્ષરો છે.

૬ **અજિતશાંતિ**—શત્રુંજા ઉપર અજિતનાથ ને શાંતિનાથના સામા સામી મંદિર હતા, તે સ્તવન બોલતાં બે એક હારમાં થયા, તેના કર્તા નંદિષેણસૂરિ છે, તે કોઇ વીરપ્રભુના શિષ્ય અને કોઇ પાર્શ્વનાથપ્રભુના શિષ્ય કહે છે.

૭ **બૃહત્શાંતિ**—જે મેરૂશિખરે ભગવાનને ન્હવરાવતાં ઈંદ્રો બોલે છે, તેમાં અનેક જીવોની અનેક પ્રકારે શાંતિ ઇચ્છવામાં આવી છે, તેને નેમનાથ ભગવાનની માતા શિવાદેવીએ દેવીપણામાં રચી કહેવાય છે.

૮ **કલ્યાણ મંદિર**—સિદ્ધસેન દીવાકરે બનાવ્યું, તેનાથી અવંતી પાર્શ્વનાથ પ્રગટ થયા, તે વિક્રમ રાજાના વખતમાં થયા છે.

૯ **ભક્તામર**—વીશમા પટધર માનતુંગસૂરિએ બનાવ્યું, આ આદીશ્વરનું સંસ્કૃત સ્તોત્ર છે, ઊજ્જયિનીમાં વૃદ્ધ ભોજે, આચાર્યની પરીક્ષા માટે બંધ બાંધી ૪૮ તાળાં માર્યાં, તે સ્તોત્ર બોલતા મુક્ત થયા, આથી રાજા જૈન ધર્મની ઇચ્છાવાળો થયો.

૧૦ **જયતિહુંઅણ**—તે નવાંગી ટીકાના રચનાર શ્રી અભયદેવસૂરિશ્વરે બનાવ્યું. તે વિક્રમ સં. ૧૧૩૩–૩૯ સ્વર્ગે ગયા.

૧૧ **સકલાર્હત્**—આ શ્રી હેમચંદ્રસૂરિશ્વરે બનાવ્યું છે, તેમાં ચોવીશ જિનની સ્તુતિ છે.

૧૨ **સ્નાતસ્યાની સ્તુતિ**—આ સ્તુતિ શ્રી હેમચંદ્રના શિષ્ય બાલચંદકૃત છે. તેને પાછળથી પ્રતિક્રમણમાં દાખલ કરી છે.

૧૩ **જગચિંતામણી**—આ ચૈત્યવંદન શ્રી ગૌતમ સ્વામીએ અષ્ટાપદ તીર્થ ઉપર બનાવ્યું છે.

૧૪ **નમુત્થુણં**. તેમાં ઇંદ્ર કૃત ભગવાનના ગુણોનું વર્ણન છે.

૧૫ **સંસાર દાવાનળ સ્તુતિ**. આ સ્તુતિ શ્રી હરિભદ્રસૂરિ જે ૧૪૪૪ ગ્રંથના કર્તા હતા, તેમને અંત સમયે કરેલી છે.

૧૬ **સકલતીર્થવંદન**. આમાં શાશ્વતા અશાશ્વતા, ત્રણે લોકના ચૈત્ય ને બિંબોનું વર્ણન છે. તે જીવવિજયજીએ બનાવ્યું છે.

૧૭ **લઘુશાંતિ**—આ ૧૯ મા પટધર માનદેવસૂરિએ તક્ષશિલાના શ્રાવકોનો ઉપદ્રવ શાંત થવા, નાડોલથી બનાવી મોકલી છે.

૧૮ **નમોઽર્હંત સિ૦**—આ સિદ્ધસેન દીવાકરે બનાવ્યું.

૧૯ **રત્નાકર પચીસી**—રત્નાકર સૂરિયે રચી છે. તેમાં આત્મનિંદા કરી, સમકીત યાચના કરી છે. તે સં. ૧૩૭૧ સુધી હતા.

## ૨૦ છ કર્મગ્રંથની ગાથા અને કર્તા સાથે.

મનહર છંદ.

કર્મ વિપાક પહેલો એકસઠ ગાથા એની;<br>
કર્મસ્તવ બીજો ગાથા ચોતરીશ ઠાણવી;<br>
બંધ સ્વામીત્વ છે ત્રીજો પચીશ તે ગાથાવાળો;<br>
ષડશીતિ ચોથો ગાથા છાશી મને માનવી;

શતક છે સો ગાથાનો પાંચેના જગત ચંદ્ર;
સૂરિના શિષ્ય દેવેંદ્ર સૂરિ કૃતી જાણવી;
સમતિકા છઠ્ઠો ગાથા સીતેર પછી નેવાશી,
પૂર્વધર કૃતી તેની લલિત પ્રમાણવી. ॥ ૧ ॥

૨૧-૨૨-૨૩-૨૪ ચાર પ્રકરણ છે.

## આ ચાર પ્રકરણના કર્તા અને તેની ગાથા.

પહેલું પ્રકરણ તે જીવ વિચારનું જાણો,
શાંતિ સૂરિ કર્તા ગાથા એકાવન એની છે;
નવતત્વ ગાથા સાઠ બીજુ પ્રકરણ છે એ,
કર્ત્તાનું ત્યાં નામ નથી કૃતી શુભ કેની છે;
દંડક પ્રકરણની ગાથા બેંતાલીશ કહી,
ગજસાર મુનિકૃતી, જુગતિ મજાની છે;
સંઘયણી ત્રીશ ગાથા હરિભદ્ર સૂરિ કૃતી,
વિગત લલિત કહી જાણો જે તે જેની છે. ॥ ૧ ॥

૨૫ **શ્રી ઋષિમંડળ સ્તોત્ર**—તેના કર્તા શ્રી ગૌતમ સ્વામી છે.
૨૬ **ક્ષેત્રતમાસ**— } એના કર્તા શ્રી જિનભદ્રગણીક્ષમાશ્રમણ
૨૭ **બૃહત્સંઘયણી** } છે. તે વિક્રમ સં. ૬૪૫ સુધીમાં થયા છે.
૨૮ **આત્મરક્ષા નસ્મકારમંત્ર**—તે પૂર્વાચાર્ય કૃતિ છે.
૨૯ **ગ્રહશાંતિસ્તોત્ર**—તેના કર્તા શ્રી ભદ્રબાહુ સ્વામી છે.
૩૦ **જિનપંજરસ્તોત્ર**—તેના કર્તા શ્રી કમળપ્રભ આચાર્ય છે.
૩૧ **નવકારનો છંદ**—તેના કર્તા કુશળ લાભ વાચક છે.

## બત્રીશ વસ્તુની સંખ્યા.

**સાધુના ૩૨ ગુણો**—૧ પાપ આલોચી નિ:શલ્ય થાય, ૨ આલોચેલું પાપ કોઇને કહે નહિ, ૩ દ્રઢ ધર્મી હોય, ૪ ઉભય લોકની વાંછા રહિત તપ કરે, ૫ શરીરની શોભા ન કરે, ૬ છાની તપશ્યા કરે, ૭ અજાણ્યા કુલની ગોચરીલે, ૮ નિર્લોભી હોય, ૯ સરલ સ્વભાવી હોય, ૧૦ પરિસહથી ડરે નહિ, ૧૧ નિર્મળ મને સંયમ પાળે, ૧૨ શુદ્ધ સમકિત પાળે, ૧૩ ચિત્ત સ્થિર રાખે, ૧૪ કપટ રહિત આચાર પાળે, ૧૫ વિનયવંત, ૧૬ વૈરાગ્યવંત, ૧૭ સંતોષી ધીર્યવંત, ૧૮ સારી રીતે ધર્મ ધ્યાન કરનાર, ૧૯

સારી ક્રિયા કરનાર, ૨૦ આશ્રવને રોકનાર, ૨૧ આત્માના દૂષણ દૂર કરનાર, ૨૨ અજ્ઞાનીના સંગ રહિત, ૨૩ મૂળ ગુણ ઊત્તર ગુણ આરાધક, ૨૪ સ્થિર ચિત્તે કાઉસ્સગ્ગ કરનાર, ૨૫ પ્રમાદ રહિત ક્રિયા કરનાર, ૨૬ ક્ષણે ક્ષણે શુદ્ધ ક્રિયા કરનાર, ૨૭ મન વચન કાયાના યોગોને ધર્મમાં જોડનાર, ૨૮ સંસાર ભાવથી વિરક્ત રહેનાર, ૨૯ ગુરૂએ આપેલ પ્રાયશ્ચિત કરનાર, ૩૦ આલોચી નિઃશલ્ય થનાર, ૩૧ માયા રહિત આચાર પાળનાર, ૩૨ આલોચી નિંદી સંથારો કરી પંડિત મરણે મરનાર.

**શીયલની ૩૨ ઉપમાઓ**—૧ જેમ ગ્રહ નક્ષત્ર તારામાં ચંદ્ર મોટો, ૨ મણિ મોતી પ્રવાલાદિકની ઉત્પત્તિમાં રત્નાકર, ૩ તમામ રત્નોમાં ચિંતામણી, ૪ આભૂષણોમાં મુકુટ, ૫ વસ્ત્રોમાં દેવદુષ્ય, ૬ પુષ્પોમાં કમળ, ૭ ચંદનમાં બાવના ચંદન ૮ ઓષધિમાં ચુલ હિંમવંત, ૯ નદીયોમાં સીતોદા, ૧૦ સમુદ્રોમાં સ્વયંભૂ રમણ, ૧૧ ગોળ પર્વમાં રૂચક પર્વત, ૧૨ હસ્તિયોમાં ઐરાવણ, ૧૩ ચતુષ્પદોમાં કેસરીસિંહ, ૧૪ નાગકુમારમાં ધરણેંદ્ર. ૧૫ સુવર્ણ કુમારમાં વેણું કુમાર, ૧૬ સર્વ દેવ લોકમાં પાંચમું બ્રહ્મ દેવ, ૧૭ સર્વ સભામાં સૌધર્મ સભા, ૧૮ દેવ સ્થિતિમાં સર્વાર્થ સિદ્ધ, ૧૯ રંગમાં ગળીનો, ૨૦ દાનમાં અભયદાન, ૨૧ સંઘયણમાં વજ્ર ઋષભનારાચ, ૨૨ સંઠાણમાં સમ ચતુર સંસ્થાન, ૨૩ જ્ઞાનમાં કેવળ જ્ઞાન, ૨૪ ધ્યાનમાં શુકલ ધ્યાન, ૨૫ લેશ્યામાં શુકલ લેશ્યા, ૨૬ દેવોમાં તીર્થંકર દેવ, ૨૭ ક્ષેત્રમાં મહાવિદેહ, ૨૮ પર્વતમાં સુમેરૂ, ૨૯ વનમાં નંદન, ૩૦ વૃક્ષમાં કલ્પવૃક્ષ, ૩૧ સેનામાં ચક્રવર્તીની ૩૨ રથોમાં વાસુદેવનો રથ મોટો છે. તેમ સર્વમાં શીયળ વ્રત મોટામાં મોટું છે.

## ગુરૂ વંદનમાં લાગતા ૩૨, દોષ તજવા.

મનહર છંદ.

અનાદર સ્તબ્ધ પણે, ઉતાવળે વંદનના,
ચોખ્ખા અક્ષર ન બોલે, કુદી તીડ પરેતે;
અંકુશ જેવું ઓઘો રાખી, કાચબાને મીન પરે,
એક વાંદી તુર્ત બીજે, વંદનને કરેતે.

ચિત્તે ગુરૂ બુરૂ ચિંતી, ઢીંચણુપે હાથ રાખી,
ભયથીને મને ભજે, એવું મને ધરેતે;
ગુરૂ નિજ મિત્ર ધારી, આપ ગૌરવ ઇચ્છાથી,
ભણુવા આદિ કારણે, ચોરપરે ડરેતે. ॥ ૧ ॥
શત્રુધારી ક્રોધ થકી, તર્જનાને શઠતાયે,
અર્ધ વાંદી વિકથાને, અંધારે કરાય છે;
સિંગજ્યું એક તરફે, વંદનને કર જાણે,
ઓઘાને મસ્તકે હાથ, લાગેન શું થાય છે.
ઓછા વધુ અક્ષરથી, મુગાપરે મોટા શબ્દે,
અયોગ્ય રીતેથી એમ, બત્રીસ ગણાય છે;
આ બત્રીશ દોષ તજી, ગુરૂને વંદન કહ્યું,
દોષ સેવેતો લલિત, પાપજ બંધાય છે, ॥ ૨ ॥

**સંયમના ખપીએ**—સંયમની ઉન્નતિના અર્થે, આ કર્પૂર કાવ્ય કલ્લોલ ભાગ૦ ૨ પાન ૩ ઊ૦ શ્રીયશોવિજયજી કૃત યતિધર્મ ( સંયમ ) બત્રીશી વાંચવી, તે મનન કરવા યોગ છે.

## તેત્રીશ વસ્તુની સંખ્યા.

### ગુરૂની તેત્રીશ આશાતના.

ગુરૂની આગળ પડખે અને સમીપે ચાલે, ઉભો રહે અને બેસે ૯, બહારથી આવી ગુરૂ પહેલાં આચમન લે ૧૦, ગુરૂ પહેલાં આલોવે ૧૧, રાત્રે ગુરૂનું વચન સાંભળ્યા છતાં જવાબ ન આપે ૧૨, ગુરૂપાસે આવેલ શ્રાવકોને પહેલાં પોતે બોલાવે ૧૩, ગોચરી પોતાની મેળે અથવા બીજા પાસે આળોવે ૧૪, ગુરૂને આહાર દેખાડે નહી અને બીજાને દેખાડે ૧૫, ગુરૂની આજ્ઞા લીધા વિના અથવા નિમંત્રણ કર્યા વિના બીજાને નિમંત્રણ કરે ૧૬, ગુરૂને પૂછયા વિના સ્નિગ્ધ પદાર્થ બીજાને આપે ૧૭, ગુરૂને સારી વસ્તુ ન આપે ને પોતે ખાય ૧૮, ગુરૂનું વચન સાંભળે નહી ૧૯, ગુરૂને કર્કશ વચન કહે ૨૦, ગુરૂ બોલાવે ત્યારે આસનપર બેઠાંજ જવાબ આપે ૨૧, ગુરૂ બોલાવે ત્યારે શું છે ? એમ તર્જના કરતો બોલે, ૨૨, ગુરૂને તું એવો શબ્દ કહે ૨૩, ગુરૂનું વચન ઉથાપે ( માને નહી. ) ૨૪ ગુરૂનું બહુમાન થતું દેખી ખુશી ન

થાય, ૨૫, ગુરૂનું વચન અસત્ય કરવા માટે, તમને સાંભરતું નથી, આ અર્થ આવો છે એમ કહે ૨૬, ગુરૂની કથાનો છેદ કરે ( વચ્ચે ડાહાપણ કરે. ) ૨૭, ગુરૂની પર્ષદાનો ભેદ કરે ૨૮, ગુરૂ કહી રહ્યા પછી પોતે પાછો વિસ્તારથી કહે ૨૯, ગુરૂના સંથારાને પગથી સ્પર્શ કરે ૩૦, ગુરૂના આસનપર બેસે ૩૧, ગુરૂથી ઉંચા આસને બેસે ૩૨, ગુરૂથી સરખા આસને બેસે ૩૩, આ પ્રમાણે ગુરૂની તેત્રીશ આશાતના તે તજવા યોગ્ય છે.

## છત્રીશ વસ્તુની સંખ્યા.

### ઊત્તરાધ્યયનનાં ૩૬ અધ્યયનો.

મનહર છંદ.

વિનયને પરિસહ, ચતુરંગીને અસંખ્ય,
અકામ સકામ સુધી, પાંચમુ પ્રમાણવું,
ક્ષુલ્લક ચેલક અને, કપિલને નમિ પછી,
દ્રુમપત્ર બહુશ્રુત, હરિકેશી જાંણવું;
ઊત્તમ ચિત્ર સંભૂતિ, ઇષુકારી ભિક્ષુ એમ,
બ્રહ્મચર્ય અને પાપ, શ્રમણનું ઠાણવું,
સંજતિને મૃગાપુત્ર, અનાથી સમુદ્ર પાલ,
રથનેમિ અને કેશી, ગૌતમનું આણવું. ॥ ૧ ॥
અષ્ટ પ્રવચનનું ને, જયઘોષ સમાચારી,
ખલુકિય મોક્ષ માર્ગ, ગાઇને ગણાવું છું,
સમ્યક્ત્વ પરાક્રમ, તપો માર્ગ તેના પછી,
ચારિત્ર વિધિનુ જોગ, યોગ તે જણાવું છું;
પ્રમાદ સ્થાનાધ્યયન, કર્મ પ્રકૃતિને લેશ્યા,
સાધુમાર્ગ જીવાજીવ, વિભક્તિ બતાવું છું,
આ છત્રીશ અધ્યયનો, ઉત્તરાધ્યયને આખ્યાં,
**લલિત** લેખીત શિર, નેહથી નમાવું છું. ॥ ૨ ॥

**પન્નવણા સૂત્રના ૩૬ પદો**—૧ પદ પરૂપણા, ૨ પદસ્થાન, ૩ બહુ વક્તવ્યતા, ૪ સ્થિત, ૫ વિશેષ, ૬ વક્કંતી, ૭ સાસોસાસ, ૮ સત્યા, ૯ જોણી, ૧૦ ચર્મ, ૧૧ ભાષા, ૧૨ શરીર, ૧૩ પ્રમાણ, ૧૪ કષાય, ૧૫ ઇંદ્રિ, ૧૬ પ્રયોગ, ૧૭ લેશ્યા, ૧૮ કાયથિત, ૧૯

સમ્યક્ત્વ, ૨૦ અંતક્રિયા, ૨૧ ઓગાહણા, ૨૨ સંઠાણ, ૨૩ ક્રિયા, ૨૪ કર્મબંધ, ૨૫ કર્મછેદના, ૨૬ છેદતા બંધકા, ૨૭ છેદતા વેદતા, ૨૮ આહાર, ૨૯ ઉપયોગ, ૩૦ ખસણિયા, ૩૧ સંજ્ઞા, ૩૨ સંયમ, ૩૩ ઉપધિ, ૨૪ પરિચારણા, ૩૫ છેદના, ૩૬ સમુદ્ઘાત.

## સૂરિના ૩૬ ગુણો.

મનહર છંદ.

પંચેંદ્રિ વિષય માંહિ, ન્યારા નિશદીન સહી,
નવ બ્રહ્મવાડ કહી, શુદ્ધ પાળનાર તે;
ક્રૂર કષાયથી ડરી; ક્ષમાદિ ધારણ કરી,
પંચ મહાવ્રત પાળે, વિશુદ્ધ વિચાર તે;
જ્ઞાનાદિ આચાર પાંચ, પાળે ત્યાં ન આવે આંચ,
પ્રવચન માત આઠે, તેમાં તદાકાર તે;
સૂરિના ગુણો છત્રીશ, એમાં વાસ અહોનિશ,
**લલિત** લાભીને હીસ, સંઘના આધાર તે. ॥ ૧ ॥

**તેનો વધુ ખુલાસો**—પાંચ ઇંદ્રિયના ૨૩ વિષયોમાં મનગમતા ઉપર રાગ અને અણગમતા ઉપર દ્વેષ આચાર્ય મહારાજ કરે નહિ.

**બ્રહ્મચર્યની**—નવ પ્રકારની ગુપ્તિ એટલે શીયળની નવ વાડોને જાળવી રાખે, તે નવ વસ્તુની સંખ્યામાં જણાવેલ છે.

**સંસારની**—પરંપરા જેનાથી વધે તે ક્રોધ, માન, માયા, અને લોભ, એ ચાર કષાય આચાર્ય મહારાજ કરે નહિ.

**પાંચ મહાવ્રત પાળે**—૧ પ્રાણાતિપાત વિરમણ તે કોઇ જીવનો વધ કરવો નહિ; ૨ મૃષાવાદ વિરમણ તે ગમે તેવા કષ્ટના ભયે પણ જૂઠું બોલે નહિ, ૩ અદત્તાદાન વિરમણ તે કોઇની અણઆપેલી નજીવી ચીજ પણ લેવી નહિ, ૪ મૈથુન વિરમણ તે મન વચન કાયાએ બ્રહ્મચર્ય પાળવું, ૫ પરિગ્રહ વિરમણ તે કોઈપણ વસ્તુનો સંગ્રહ કરવો નહિ, તેમ ધર્મોપગરણ પુસ્તકાદિ વસ્તુ પોતાની પાસે હોય તેના ઉપર મૂર્છા રાખવી નહિ.

**પાંચ આચાર પાળે**—૧ **જ્ઞાનાચાર** તે જ્ઞાન ભણે ભણાવે, લખે લખાવે, જ્ઞાન ભંડાર કરે કરાવે, ભણનારને સ્હાય આપે, ૨ **દર્શનાચાર** તે શુદ્ધ સમ્યક્ત્વ પાળે પળાવે, અને સમ્યક્ત્વથી

પડતાને સમજાવી સ્થિર કરે, ૩ **ચારિત્રાચાર** તે શુદ્ધ ચારિત્ર પાળે પળાવે, અને પાળનારને અનુમોદે, ૪ **તપાચાર** તે છ બાહ્ય અને છ અભ્યંતર, એમ બાર પ્રકારે તપ કરે કરાવે અને અનુમોદે, ૫ **વીર્યાચાર** તે ધર્મક્રિયા કરવામાં છતી શક્તિ ગોપવે નહિ, તમામ આચારો પાળવા શક્તિ ફોરવે તે.

**અષ્ટ પ્રવચન માતા**—ચારિત્ર ધર્મની રક્ષાના અર્થે મુનિને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપી આઠ પ્રવચન માતાને પાળવી તે આઠ વસ્તુ સંખ્યામાં જણાવેલ છે. ત્યાંથી જોઈ લ્યો.

એ પ્રમાણે આચાર્યના ૩૬ ગુણો જાણવા.

આ ઉપર જણાવ્યા તે, છત્રીશ ગુણની એક છત્રીશી થઈ, તેવી છત્રીશ છત્રીશી ગુણે ભર્યા આચાર્ય હોય, તેનો ગુણાકાર કરતાં ૧૨૯૬ ગુણો થાય, તેવા ગુણે ભર્યા શ્રીઆચાર્યભગવાનને વારંવાર વંદના હો.

## આચાર્યાદિક માટે અગત્યની સૂચના.

**વ્યવહાર સૂત્રમાં કહ્યું છે કે**—જે બહુ શ્રુત હોય છતાં જો માયા કપટે બોલે, ઉત્સૂત્ર બોલે, પાપકર્મ કરી આજીવીકા કરે, એવાને આચાર્યપદવી, ઉપાધ્યાયપણું, પ્રવર્તકપણું, સ્થવીરપણું ગણીપણું, આદિ કોઇ પણ પદવી આપવી નહિ, તે જાવજીવ સુધી આપવી નહિ, એવી મર્યાદા છે. વળી પંચમહાવ્રત રહિતને સાધુપણું ગણાય નહિ, તો આચાર્ય તો કેમ ગણાય.

**ગીતાર્થ પુરૂષ કેવું બોલે તે**—જે વચન બોલવાથી બીજો જીવ દુઃખી થાય, જે વચન બોલવાથી પ્રાણીનો વધ થાય અને પોતાનો આત્મા કલેશમાં પડે, તેવું વચન ગીતાર્થો બોલે નહિ, ગીતાર્થ માટે આવાં વચનો બોલવાનો સંભવ હોતો જ નથી.

## આચાર્ય ગુણ સ્તવનાયે વિશ સ્થાનક.

પૂજાની ચોથી-ઢાળ.

**દુહો**—છત્રીશ છત્રીશી ગુણે, યુગ પ્રધાન મુણીંદ;
જિનમત પરમત જાણતા, નમો તેહ સુરીંદ.

આવો આવોને સયણ, ભગવતી સૂત્રને સુણિયે—એ દેશી.

સરસ્વતી ત્રિભુવન સ્વામિની દેવી, સિરિદેવી યક્ષરાયા;
મંત્રરાજ એ પંચ પ્રસ્થાને, સેવે નિત્ય સુખદાયા.
ભવી તુમે વંદોરે, સૂરીશ્વર ગચ્છરાયા. એ આંકણી ૧

ત્રણ કાળના જિન વંદન હોયે, મંત્રરાજ સમરણથી,
યુગપ્રધાન સમ ભાવાચારજ, પંચાચાર ચરણથી. ભવિ ૨
પડિરૂવાદિક ચૌદ ગણધારી, ક્ષાંતિ પ્રમુખ દશ ધર્મ,
બાર ભાવના ભાવિત નિજ આતમ, એ છત્રીશ ગુણધર્મ. ભવિ ૩
આઠ પ્રમાદ તજી ઉપદેશે, વિકથા સાત નિવારે,
ચાર શિક્ષાકરી જન પડિબોહે, ચૌ અનુયોગ સંભારે. ભવિ ૪
બારસેં છન્નુ ગુણે ગુણવંતા, સોહમ જંબૂ મહંતા,
આયરિયા દીઠે તે દીઠા, સ્વરૂપસમાધિ ઉલ્લસંતા, ભવિ ૫
યુગ પ્રધાન સૂરિ ત્રેવીશ ઉદયે, હોય હજાર ને ચાર,
સમયાગમ અનુભવ અભ્યાસી, થાશે જગજન મનોહાર. ભવિ ૬
એ પદ સેવતો પુરૂષોત્તમ નૃપ, જિનવર પદવી લહિયા,
સૌભાગ્યલક્ષ્મી સૂરિ ભાવે ભજતાં, ભવિક જીવ ગહગહિયા. ભવિ ૭

**આત્માની ૩૬ રાજ્યરિદ્ધિ**—૧ જીવરૂપી રાજા, ૨ સમ્યક્ત્વ રૂપી પ્રધાન, ૩ પંચમહાવ્રત રૂપી ઉમરાવ, ૪ જ્ઞાન રૂપી ભંડારી, ૫ ધૈર્ય રૂપી હસ્તિ, ૬ આર્જવ માર્દવ રૂપી હોદ્દા અંબાડી, ૭ સંતોષ રૂપી મહાવત, ૮ માન રૂપી ઘોડો, ૯ પર ઉપકાર રૂપી પલાણ, ૧૦ ભાષા સમિતિ રૂપી પાખર, ૧૧ ચારિત્ર રૂપી લગામ, ૧૨ જૈન ધર્મ રૂપી ચાબુક, ૧૩ શીયલ રૂપી રથ, ૧૪ સત્તર પ્રકારના સંયમ રૂપી સૈન્ય, ૧૫ વિવેક રૂપી નિશાન, ૧૬ ધર્મ-ધ્યાન શુક્લધ્યાન રૂપી ધ્વજા, ૧૭ પાંચ પ્રકારના સજ્ઝાયધ્યાન-રૂપી ચારિત્ર, ૧૮ બાર ભેદે તપ રૂપી શસ્ત્ર, ૧૯ સંવર રૂપી બગા, ૨૦ આચાર રૂપી વેપાર, ૨૧ ક્ષમા રૂપી ઢાલ, ૨૨ દયા રૂપી બરછી, ૨૩ ક્રિયા રૂપી કમાન, ૨૪ જ્ઞાન રૂપી તરકસ, ૨૫ સંયમ રૂપી તીર, ૨૬ અભિગ્રહ રૂપી તરવાર, ૨૭ શુકલ લેશ્યા રૂપી બંધુક, ૨૮ પચ્ચખ્ખાણ રૂપી શંખલ, ૨૯ સત્ય રૂપી દારૂ, ૩૦ ભાવના રૂપી ગોળો, ૩૧ રાગદ્વેષ રૂપી જામગ્રી, ૩૨ ચાર ચોકડી રૂપી જ્વાલા, ૩૩ કાયા રૂપી બુરજ, ૩૪ આઠ કર્મ રૂપી વેરીજય, ૩૫ મોક્ષ રૂપી ગઢ લીધો, ૩૬ ષટ્કાય રૂપી પ્રજાની રક્ષા.

**ચુંવાલીસો શિષ્ય પરિવાર**—વીરપ્રભુના અગીયાર ગણધરના ૪૪૦૦ શિષ્ય હતા, તેઓએ પણ તેમના સાથેજ દીક્ષા લીધી હતી.

## પીસ્તાલીશ વસ્તુની સંખ્યા.

### પિસ્તાલીશ આગમ.

દુહો—અંગ અગિયાર આખિયા, અને ઉપાંગો બાર;
પયન્ના દશ પરૂપીયા, છ છેદ મૂળ ચાર.
નંદી અનુયોગદ્વાર બે, ચુલિકા સૂત્ર જાણ;
પરૂપ્યું પિસ્તાલીશ તે, આગમનું એ માન.

### ૪૫ આગમનાં નામ.

#### ૧૧ અંગનાં નામ.

૧ શ્રી આચારાંગ ... સૂત્ર.
૨ શ્રી સુયગડાંગ ... સૂત્ર.
૩ શ્રી ઠાણાંગ ... સૂત્ર.
૪ શ્રી સમવાયાંગ ... સૂત્ર.
૫ શ્રી ભગવતી ... સૂત્ર.
૬ શ્રી જ્ઞાતા ધર્મ કથા સૂત્ર.
૭ શ્રી ઉપાસક દશાંગ સૂત્ર.
૮ શ્રી અંતગડ દશાંગ સૂત્ર.
૯ શ્રી અનુત્તરો વવાઇય સૂત્ર.
૧૦ શ્રી પ્રશ્નવ્યાકરણ ... સૂત્ર.
૧૧ શ્રી વિપાક ... સૂત્ર.

#### ૧૨ ઉપાંગના નામ.

૧ શ્રી ઉવવાઇ ... સૂત્ર.
૨ શ્રી રાયપસેણી ... સૂત્ર.
૩ શ્રી જીવાભિગમ ... સૂત્ર.
૪ શ્રી પન્નવણા ... સૂત્ર.
૫ શ્રી સૂરપન્નત્તિ ... સૂત્ર.
૬ શ્રી ચંદપન્નત્તિ ... સૂત્ર.
૭ શ્રી જંબૂદ્વીપ પન્નત્તિ સૂત્ર.
૮ શ્રી નિરયાવલિ ... સૂત્ર.
૯ શ્રી કપ્પવડંસિયા સૂત્ર.
૧૦ શ્રી પુફિયા ... ... સૂત્ર.
૧૧ શ્રી પુપ્ફચુલિયા ... સૂત્ર.
૧૨ શ્રી વન્હિ દશાંગ ... સૂત્ર.

#### ૧૦ પયન્નાનાં નામ.

૧ શ્રી ચઉસરણ પયન્નો.
૨ શ્રી આઉર પચ્ચખ્ખાણ પયન્નો.
૩ શ્રી મહા પચ્ચખ્ખાણ પયન્નો.
૪ શ્રી ભત્ત પરિજ્ઞા પયન્નો.
૫ શ્રી તંદુલ વેયાલ પયન્નો.
૬ શ્રી ગણી વિજ્જય પયન્નો.
૭ શ્રી ચંદ વિજ્જય પયન્નો.
૮ શ્રી દેવેંદ્ર સ્તવ પયન્નો.
૯ શ્રી મરણ સમધિ પયન્નો.
૧૦ શ્રી સંથારા ... પયન્નો.

#### ૬ છેદ સૂત્રના નામ.

૧ શ્રી દશાશ્રુતસ્કંધ ... સૂત્ર.
૨ શ્રી બૃહત્કલ્પ ... સૂત્ર.
૩ શ્રી વ્યવહાર ... સૂત્ર.
૪ શ્રી જિત કલ્પ ... સૂત્ર.
૫ શ્રી નિશીથ ... સૂત્ર.
૬ શ્રી મહા નિશીથ ... સૂત્ર.

#### ૪ મૂળ સૂત્રનાં નામ.

૧ શ્રી આવશ્યક ... સૂત્ર.
૨ શ્રી દશવૈકાલિક ... સૂત્ર.
૩ શ્રી ઉત્તરાધ્યયન ... સૂત્ર.
૪ શ્રી પિંડ નિર્યુક્તિ સૂત્ર.

#### ૨ ચૂલિક સૂત્રનાં નામ.

૧ શ્રી નંદી ... ... સૂત્ર.
૨ શ્રી અનુયોગદ્વાર ... સૂત્ર.

## વર્તમાન ૪૫ આગમની શ્લોક સંખ્યા.

**૪૫ આગમે**—છલખ ઓગણુ સાઠ સહસ, ત્રણુસો ત્રીશ પ્રમાણુ;
**શ્લોકસંખ્યા** આગમ પીસ્તાલીશ ની, શ્લોક સંખ્યા પ્રમાણુ,

## શ્રુતગુણુ સ્તવનાયે વીશ સ્થાનક પૂજાની.

### ઓગણીસમી ઢાળ.

**દુહો**—વક્તા શ્રોતા યોગ્યથી, શ્રુત અનુભવ રસ પીન;
ધ્યાતા ધ્યેયની એકતા, જય જય શ્રુત સુખલીન.

અવિનાશીની સેજડીયે, રંગ લાગ્યો મોરી સજનીજી—એ દેશી.

શ્રુતપદ નમિયે ભાવે ભવિયા, શ્રુત છે જગત આધારજી;
દુઃસમ રજની સમયે સાચો, શ્રુત દીપક વ્યવહાર;
શ્રુતપદ નમીયેજી—એ આંકણી. ॥ ૧ ॥
બત્રીશ દોષરહિત પ્રભુ આગમ, આઠ ગુણે કરી ભરિયુંજી;
અથથી અરિહંતજીયે પ્રકાશ્યું, સૂત્રથી ગણુધરે રચિયું. શ્રુ૦ ॥ ૨ ॥
ગણુધર પ્રત્યેક બુદ્ધે ગૂંથ્યું, શ્રુત કેવળી દશ પૂર્વીજી;
સૂત્ર રાજા સમ અર્થ પ્રધાન છે, અનુયોગ ચારની ઉર્વી. શ્રુ૦ ॥ ૩ ॥
જેટલા અક્ષર શ્રુતના ભણાવે, તેટલા વર્ષ હજારજી;
સ્વર્ગનાં સુખ અનંતા વિલસે, પામે ભવજળ પાર. શ્રુ૦ ॥ ૪ ॥
કેવળથી વાચકતા માટે, છે સુઅનાણુ સમત્થજી;
શ્રુતજ્ઞાની શ્રુતજ્ઞાને જાણે, કેવળી જેમ પસત્થ. શ્રુ૦ ॥ ૫ ॥
કાળ વિનય પ્રમુખ છે અડવિધ, સૂત્રે જ્ઞાનાચારજી;
શ્રુતજ્ઞાનીનો વિનય ન સેવે, તો થાયે અતિચાર. શ્રુ૦ ॥ ૬ ॥
ચઉદ ભેદે શ્રુત વીશ ભેદે છે, સૂત્ર પીસ્તાલીશ ભેદેજી;
રત્નચૂડ આરાધતો અરિહા, સૌભાગ્યલક્ષ્મી સુખવેદે. શ્રુ૦ ॥ ૭ ॥

## સુડતાલીશ વસ્તુની સંખ્યા.

### સાધુને ગોચરીમાં ટાળવાના ૪૭ દોષ.

સાધુસાધ્વીએ આહારપાણી વહોરતાં ૪૨ દોષ અને આહાર કરતાં માંડલીના ૫ દોષ વર્જવા તે નીચે પ્રમાણે—

**પ્રથમ ઉદ્‌ગમન એટલે આહાર ઉપજાવવાના ૧૬ દોષ.**

૧ **આધાકર્મ**—સર્વે સાધુઓને ઉદ્દેશી કરેલ હોય તે.

૨ ઔદ્દેશિક—પૂર્વ કરેલ ભાત, લાડુને દહી, ગોળથી સ્વાદીષ્ટ કરે, અને ઘી મેળવે તે.
૩ પુતિ—શુદ્ધ આહારને આધા કર્મીથી મિશ્ર કરે તે.
૪ મિશ્ર—પોતાને તથા સાધુ માટે પ્રથમથી જ કલ્પી કરવું તે.
૫ સ્થાપિત—ખીર આદિક કરી સાધુ માટે સ્થાપી રાખવાં તે.
૬ પાહુડી—વિવાહવિલંબ છતાં સાધુ જાણી લાભ લેવા વિવાહ વહેલા કરે તે.
૭ પાદુઃકરણ—અંધારામાં રહેલી વસ્તુ દીવાદિકથી શોધી લાવી આપે તે.
૮ ક્રીત—સાધુ માટે કીમત આપી ( વેચાથી ) લાવી આપે તે.
૯ પ્રામિત્યક—સાધુ માટે ઊધાર લાવીને આપે તે.
૧૦ પરાવર્તન—પોતાની વસ્તુ બીજાની સાથે અદલાબદલી કરીને આપે તે.
૧૧ અભ્યાહૃત—કાંઇ પણ સહામુ લાવીને આપે તે.
૧૨ ઊદ્ભિન્ન—કુલ્લાદિકમાંથી ઘી કાઢવા તેના મુદીયેથી માટી દૂર કરે તે.
૧૩ માલોપહૃત—માળ ઊપરથી છીંકેથી કે ભોંયરેથી કાંઇપણ લાવી આપે તે.
૧૪ આચ્છેદ્ય—રાજાદિકો કોઇની પાસેથી જબરાઇથી લઇ આપે તે.
૧૫ અનાસૃષ્ટિ—આખી મંડળીની રજા શિવાય તેમાંથી એક જણ કાંઇપણ આપે તે.
૧૬ અધ્યય પૂરક—સ્વાર્થ છતાં સાધુ આવ્યા જાણી આહાર વધારી આપે તે.

### ઊત્પાદના સાધુથી થતા ૧૬ દોષ.

૧ ધાત્રીપિંડ—ગૃહસ્થના બાળકને દુધ પાવું, ન્હવરાવવું, શણગારવું, રમાડવું, ખોળામાં બેસારવું તે.
૨ દૂતિપિંડ—દૂતની પેરે સંદેશા લઇ જવા લાવવા તે.
૩ નિમિત્તપિંડ—ત્રણે કાલના લાભાલાભના નિમિત્ત કહેવા તે.
૪ આજીવપિંડ—ભિક્ષા માટે પોતાના કુળ, જાતિ, કર્મ, શિલ્પ આદિકનાં વખાણ કરવાં તે.

૫ **વનીપકપિંડ**—પોતાનું દીનપણું જણાવીને ભિક્ષા લેવી તે.
૬ **ચિકિત્સાપિંડ**—ભિક્ષા માટે ઔષધાદિક બતાવવા તે.
૭ **ક્રોધપિંડ**—ગૃહસ્થને ડરાવી શાપ આપી આહાર લેવો તે.
૮ **માનપિંડ**—અમુક ઘેરથી સારો આહાર લાવી આપું, તેમ પ્રતિજ્ઞા કરી ગૃહસ્થને વિટંબના કરી લાવી આપે તે.
૯ **માયાપિંડ**—ભિક્ષા માટે જુદા જુદા વેશ તેમ ભાષા બદલે તે.
૧૦ **લોભપિંડ**—ભિક્ષા સારી લેવા માટે ઘણું ભમે તે.
૧૧ **પૂર્વપશ્ચાત સંસ્તવ**—પહેલા ગૃહસ્થના માબાપ, પછી સાસુસસરાની પ્રશંસા પૂર્વક તેમની સાથે પોતાનો પરિચય જણાવવો તે.
૧૨ થી ૧૫ **વિદ્યાદિ પિંડ**—૧૨, ૧૩, ૧૪, ૧૫ ભિક્ષા માટે વિદ્યા, મંત્ર, ચુર્ણ, તથા યોગનો ઉપયોગ કરવા લાગે તે.
૧૬ **મૂળ કર્મપિંડ**—ભિક્ષા માટે ગર્ભનું સ્તંભન, ગર્ભનું ધારણ, પ્રસવ, રક્ષાબંધનાદિક કરવાથી લાગે તે.

### એષણાના સાધુ અનેશ્રાવકથી થતા ૧૦ દોષ.

૧ **શંકિત**–આધા કર્મીની શંકા છતાં પણ ગૃહણ કરવો તે.
૨ **મક્ષિત**–સચિત અચિત એવા મધુ આદી નિંદ વસ્તુ સંઘટ્ટ વાળો લેવો તે.
૩ **નિક્ષિત**–સચિત મધે સ્થાપન કરેલું અચિત લેવું તે.
૪ **વિહિત**–સચિત ફળાદિથી ઢંકાયેલું અન્નાદિ લેવું તે.
૫ **સંહૃત**–દેવાના પાત્રમાં રહેલા પદાર્થને બીજા પાત્રમાં નાંખી જે આપવું તે.
૬ **દાયક**–બાળક, વૃદ્ધ, નપુંસક ધ્રુજતો, આંધળો, મદોન્મત્ત હાથપગવિનાનો, બેડીવાળો, પાદુકાવાળો, ખાંશીવાળો, તોડનાર, ફોડનાર, કંડક ( અનાજવિ૦ ) દળનાર, ભુંજનાર, કાતરનાર, પિંજનાર છકાય વિરાધક, છોકરાવાળી સ્રી, ગર્ભણી સ્રી એટલા પાસેથી આહાર લેવો તે.
૭ **ઉન્મિશ્ર**–દેવા લાયક ખાંડ વિગેરેને સચિત મિશ્રિત કરી આપે તે.
૮ **અપરિણત**–અચિતપણાને પામ્યા વિનાનું જે દેવું તે.

૯ લિપ્ત-દહીં, દુધ, ઘી, ખીર આદિ દ્રવ્યથી વાસણ હાથાદિ ખરડી આપે તે.

૧૦ છર્દિત-ઘી આદિકના જમીન પર છાંટા પડે તેમ આપે તે.

## આહાર વાપરવાના ૫ દોષ ( માંડલીના ).

૧ સંયોજન-લોલુપતાથી પુડલા આદિકને ઘી ખાંડથી મિશ્રિત કરવા તે.

૨ પ્રમાણાતિરિક્ત-ધીરજ, બળ, મનાદિ તિયોગને બાદ ન આવે તેમ સંયમના નિર્વાહ પુરતો આહાર કરે, તે ઉપરાંત કરે તો તે.

૩ અંગાર-અન્નને તથા દેનારને વખાણતો ખાય તો, ચારિત્રને બાળી કોલસા કરે.

૪ ધૂમ-અન્નને કે દેનારની નિંદા કરે તો ખાય તો, ચારિત્ર રૂપ ચિત્રશાળીને કાળી કરે તે.

૫ કારણાભાવ-મુનિ છ કારણે આહાર કરે તે, ક્ષુધા, વૈયાવચ, ઇરિયાસમિતિ, સંયમ, જીવીતવ્ય અને ધ્યાનસ્થિર, તે સિવાય કરે તો દોષ લાગે.

**બોલવું નહિ**— આહાર વખતે કાંઇ પણ, બોલે પાપ બંધાય,
જરૂર કામ જણાયતો, પાણી પી બોલાય.

**૪૮ ને દીક્ષા વારી**— અઢાર નર દશ નપુંસક, વનીતા વીશ કહાય;
એવા અડતાલીશ ને, દીક્ષા નહિ દેવાય.

## પચ્ચાસ વસ્તુ સંખ્યા.

**તપના ગુણો ૫૦**— તપ પદ બાર પ્રકારનું, પણ ગુણ તાસ પચ્ચાસ;
નીરખો નવપદ વિધિયે, વિસ્તારે તિહાં વાસ.

## તપ ગુણ સ્તવનાર્થે નવપદ પૂજાની.

### સત્તર અને અઢારમી-ઢાળ.

**દુહો**— દઢ પ્રહારી હત્યા કરી, કીધાં કર્મ અઘોર.
તો પણ તપ પ્રભાવથી, કાઢ્યાં કર્મ કઠોર.

### નવપદની પૂજા ઢાળ-સત્તરમી.

પુરષોત્તમ સમતા છે તારા ઘટમાં—એ દેશી.

તપ કરીયે સમતા રાખીઘટમાં તપ૦
તપ કરવાલ કરાલ લે કરમાં, લડિયે કર્મ અરિ ભટમાં. તપ૦ ૧

ખાવત પીવત મોક્ષ જે માને, તે સિરદાર બહુ જટમાં, તપ૦
એક અચરિજ પ્રતિશ્રોત તરતા, આવે ભવ સાયર તટમાં. તપ૦ ૨
કાલ અનાદિકો કર્મ સંગતિથે, જીઉ પડીયો જ્યું ખટપટમાં, તપ૦
તાસ વિયોગ કરણ એ કારણ, જેણે નવિભમીયે ભવતટમાં. તપ૦ ૩
હોયે પુરાણ તે કર્મ નિર્જરે, એ સમ નહિ સાધન ઘટમાં, તપ૦
ધ્યાન તપે સવિ કર્મ જલાઇ, શિવ વધૂ વરિયે ઝટપટમાં. તપ૦ ૪

દુહો— વિઘ્ન ટળે તપ ગુણ થકી, તપથી જાય વિકાર.
પ્રશંસ્યો તપ ગુણ થકી, વીરે ધન્નો અણગાર.

ઢાળ ૧૮ મી.

સજ્ઝાય સાઇ હો, ડંકા જોર બજાયા હે—એ દેશી.

તપસ્યા કરતાં હો, ડંકા જોર બજાયા હો.
ઉજમણાં તપ કેરા કરતા, શાસન સોહ ચડાયા હો.
વીર્ય ઉલ્લાસ વધે તેને કારણ, કર્મ નિર્જરા પાયા. તપ૦ ૧
અડસિદ્ધિઅણિમા લઘિમાદિક, તિમ લદ્ધિ અડવીસા હો;
વિષ્ણું કુમારાદિક પરે જગમાં, પામત જયત જગીશા. તપ૦ ૨
ગૌતમ અષ્ટાપદગિરિ ચઢિયા, તાપસ આહાર કરાયા હો,
જે તપ કર્મ નિકાચિત તપવે, ક્ષમા સહિત મુનિરાયા. તપ૦ ૩
સાડા બાર વર્ષ જિન ઉત્તમ, વીરજી ભૂમિ ન ઠાયા હો;
ઘોર તપે કેવળ લહ્યા તેહના, પદ્મવિજય નમે પાયા. તપ૦ ૪

## પચ્ચાસ લબ્ધિઓ.

| | | |
|---|---|---|
| ૧ જિન લબ્ધિ. | ૧૧ ક્ષીરાશ્રવ લબ્ધિ૦ | ૨૧ સર્વ (સં૦જ) લ૦ |
| ૨ અવધિજિન લ૦ | ૧૨ મધ્વાશ્રવ લબ્ધિ૦ | ૨૨ ઋજુમતિલબ્ધિ |
| ૩ પરમાવધિજિનલ. | ૧૩ અમૃતાશ્રવ લબ્ધિ. | ૨૩ વિપુલમતિલબ્ધિ |
| ૪ અનંતાવિધજિન. | ૧૪ અક્ષીણ મહાનસ૦ | ૨૪ જંઘાચારણલબ્ધિ |
| ૫ અનંતાનંતાવિધ. | ૧૫ આમર્ષૌષધિલ૦ | ૨૫ વિદ્યાચારણલબ્ધિ |
| ૬ સર્વાવધિજિન લ૦ | ૧૬ વિપ્રુડૌષધિલ૦ | ૨૬ પ્રજ્ઞાશ્રમણલબ્ધિ |
| ૭ બીજબુદ્ધિ લ૦ | ૧૭ ખેલૌષધિલબ્ધિ | ૨૭ વિદ્યાસિદ્ધિલબ્ધિ. |
| ૮ કોષ્ઠબુદ્ધિ લબ્ધિ. | ૧૮ જલ્લૌષધિલબ્ધિ | ૨૮ આકાશગામિલ૦ |
| ૯ પદાનુસારિલબ્ધિ. | ૧૯ સર્વૌષધિલબ્ધિ. | ૨૯ તમલેશ્યાલબ્ધિ. |
| ૧૦ સંભિન્નશ્રોત લ૦ | ૨૦ વૈક્રિયલબ્ધિ. | ૩૦ શીતલેશ્યાલબ્ધિ. |

| | | |
|---|---|---|
| ૩૧ તેજોલેશ્યાલબ્ધિ | ૩૮ વાદીલબ્ધિ | ૪૫ અભવસ્થકેવલીલ૦ |
| ૩૨ વચનવિષલબ્ધિ | ૩૯ અષ્ટાંગનિમિત્તલ૦ | ૪૬ ઉગ્રતપોલબ્ધિ. |
| ૩૩ આશીવિષલબ્ધિ. | ૪૦ પ્રતિમાપ્રતિપન્નલ૦ | ૪૭ દીપ્ત તપોલબ્ધિ. |
| ૩૪ દૃષ્ટિવિષલબ્ધિ. | ૪૧ જિનકલ્પપ્રપન્નલ૦ | ૪૮ ચતુર્દશપૂર્વિત્વલ |
| ૩૫ ચારણમુનિલ૦ | ૪૨ આણિમાદિસિદ્ધિ. | ૪૯ દશપૂર્વિત્વલબ્ધિ. |
| ૩૬ મહામુનિલબ્ધિ | ૪૩ શ્રામણ્યલબ્ધિ. | ૫૦ એકાદશાંગધારિત્વલબ્ધિ. |
| ૩૭ તેજોઅગ્નિસર્ગલબ્ધિ | ૪૪ ભવસ્થકેવલીલ૦ | |

## એકાવન વસ્તુ સંખ્યા.

**૫૧ જ્ઞાનના ગુણ**—ગુણ એકાવન જ્ઞાનના, વિગતતાર તસ વાસ;
દેવવંદન ને નવપદે, વાંચી વિચારો ખાસ.

## જ્ઞાન ગુણ સ્તવનાયે વીશ સ્થાનક.

### પૂજાની આઠમી ઢાળ.

દુહો—અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવ ભ્રમ ભીત્તિ;
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો જ્ઞાનની રીતિ.

અરણીક મુનિવર ચાલ્યા ગોચરી—એ દેશી.

જ્ઞાનપદ ભજિયેરે જગત સુહંકરૂ, પાંચ એકાવન્ન ભેદેરે;
સમ્યગ્ જ્ઞાન જે જિનવર ભાષિયું, જડતા જનની ઉચ્છેદેરે. જ્ઞા૦ ૧
ભક્ષાભક્ષ વિવેચન પરગડો, ખીર નીર જેમ હંસોરે;
ભાગ અનંતમોરે અક્ષરનો સદા, અપ્રતિપાત પ્રકાશ્યોરે. જ્ઞા૦ ૨
મનથી ન જાણેરે કુંભ કરણ વિધિ, તેહથી કુંભ કેમ થાશેરે;
જ્ઞાન દયાથીરે પ્રથમ છે નિયમા, સદ સદ્ભાવ વિકાશેરે. જ્ઞા૦ ૩
કંચન નાણુંરે લોચનવંત લહે, અંધો અંધ પુલાયરે;
એકાંતવાદી રે તત્વ પામે નહીં, સ્યાદ્વાદ રસ સમુદાયરે. જ્ઞા૦ ૪
જ્ઞાન ભર્યા ભરતાદિક ભવ તર્યા, જ્ઞાન સકળ ગુણ મૂળરે;
જ્ઞાની જ્ઞાનતણી પરિણતિ થકી, પામે ભવજળ કૂળરે. જ્ઞા૦ ૫
અલ્પાગમ જઇ ઉગ્રવિહાર કરે, વિચરે ઉદ્યમ વંતરે;
ઉપદેશમાળામાં કિરિયા તેહની, કાય કલેશ તસ હુંતરે. જ્ઞા૦ ૬
જયંત ભૂપોરે જ્ઞાન આરાધતો, તીર્થંકર પદ પામેરે;
રવિ શશિ મેહપરે જ્ઞાન અનંતગુણી, સૌભાગ્યલક્ષ્મીહિતકામેરે. જ્ઞા૦ ૭

## બાવન વસ્તુ સંખ્યા.

**વિનય પ્રભાવ**—વિનય વૈરીને વશ કરે, વિનયથી વાધે મામ;
વિનય કર્યો કામણ કર્યું, વિનય વશે આરામ.

**બાવન પ્રકાર**—તજ આશાતન તેરની, ભક્તિ કીરત બહુમાન;
બને બાવન ચૌ ગુણે, વિનય વાત પ્રમાણ.

**તે વિનયનો ખુલાસો**—૧ તીર્થંકર, ૨ સાધુ, ૩ કુલ, ૪ ગુરુ, ૫ સંઘ, ૬ ક્રિયા, ૭ ધર્મ, ૮ જ્ઞાન, ૯ જ્ઞાની, ૧૦ સૂરિ, ૧૧ સ્થવિર, ૧૨ પાઠક, ૧૩ ગણી—આ તેરની આશાતના નિવારી, ભક્તિ, કીરતિ, અને બહુમાન કરવે બાવન પ્રકાર થાય.

## વિનય ગુણ સ્તવનાયે દશવૈકાલિકની.

### સઝાય ઢાળ નવમી.

શત્રુંજય જઈયે લાલન—એ દેશી.

વિનય કરજો ચેલા, વિનય. શ્રીગુરૂ આણા શીશ ધરજો. ચેલા. એ ટેક.

ક્રોધી માની ને પરમાદી,
વિનય ન શિખે વળી વિષવાદી; ચે૦
વિનય રહિત આશાતના કરતાં,
બહુ ભવ ભટકે દુર્ગતિ ફરતાં. ચે૦ દુ૦ ૧

અગ્નિ સર્પ વિષ જિમ નવિ મારે,
ગુરૂ આસાયણ તેથી અધિક પ્રકારે; ચે૦ અ૦
અવિનયે દુ:ખિયા બહુ સંસારી,
અવિનયી મુક્તિનો નહિ અધિકારી. ચે૦ ન૦ ૨

કોહ્યા કાનની કુતરી જેમ,
હાંકી કાઢે અવિનયી તેમ. ચે૦ અ૦
વિનયે શ્રુત તપ વળી આચાર,
કહીયે સમાધીનાં ઠામ એ ચાર. ચે૦ ઠા૦ ૩

વળી ચાર ચાર ભેદ એકેક,
સમજો ગુરૂ મુખથી સુવિવેક; ચે૦ સુ૦
તે ચારેમાં વિનય છે પહેલો,
ધર્મ વિનય વિણ ભાખે તે ઘેલો. ચે૦ ભા૦ ૪

મૂળ થકી જિમ શાખા કહીએ,
　　ધર્મ ક્રિયા તિમ વિનયથી લહીએ; ચે૦ વિ૦
ગુરૂ માન વિનયથી લહેશો સાર,
　　જ્ઞાન ક્રિયા તપ જે આચાર　　ચે૦ જે૦ ૫
ગરથ પાખે જિમ ન હોયે હાટ,
　　વિણુ ગુરૂ વિનય તેમ ધર્મની વાટ; ચે૦ ધ૦
ગુરૂ નાન્હો ગુરૂ મોટો કહીયે,
　　રાજાપરે તસ આણા વહીયે.　　ચે૦ આ૦ ૬
અલ્પશ્રુત બહુશ્રુત પણ જાણો,
　　શાસ્ત્ર સિદ્ધાંતે તેહ મનાણો; ચે૦ તે૦
જેમ શશી ગ્રહ ગણે વિરાજે,
　　મુનિ પરિવારમાં તેમ ગુરૂ ગાજે.　　ચે૦ તે૦ ૭
ગુરૂથી અલગા મત રહો ભાઇ,
　　ગુરૂ સેવ્યે લહેસો ગૌરવાઇ; ચે૦ સો૦
ગુરૂ વિનયે ગીતારથ થાશો,
　　વંછિત સવિ સુખ લખમી કમાશો.　　ચે૦ લ૦ ૮
શાંત દાંત વિનયી લજ્જાળુ,
　　તપ જપ ક્રિયાવંત દયાળુ. ચે૦ ક્રિ૦
ગુરૂકુલવાસી વસતો શિષ્ય,
　　પૂજનીય હોયે વિસવાવીશ　　ચે૦ વિ૦ ૯
દશ વૈકાલિક નવમે અધ્યયને,
　　અર્થ એ ભાંખ્યો કેવળી વયણે; ચે૦ કે૦
એણીપેરે લાભ વિજય ગુરૂ સેવી,
　　વૃદ્ધિ વિજય સ્થિર લખમી લહેવી.　　ચે૦ લ૦ ૧૦

## સંવરના સતાવન ભેદ.

મનહર છંદ.

સમિતિ પાંચ છે શુદ્ધ ગુપ્તિ ત્રણ ગણો એમ,
　　અષ્ટ પ્રવચનની એ માતાજી મનાય છે;
બાવીશ પ્રકારે પૂરા પરિસહ સહો [1]શૂરા,
　　દશ વિધ યતિધર્મ સાચો સુખદાય છે.

બાર પ્રકારની બાર ભાવનાઓ ભાવો સાર,
પાંચ ચારિત્રને પ્રેમે સાધે સુખ થાય છે;
સતાવન સંવરના ભેદો તે **લલિત** ભલા,
આવતા કર્મો ને રોકે શાસ્ત્રે સમજાય છે.

## બાસઠ વસ્તુ વર્ણન.

### બાસઠ માર્ગણા

મનહર છંદ.

ચારગતિ પંચઇંદ્રિ છકાય ને યોગ ત્રણ,
તિવેદ કષાય ચાર એમ દિલ આણવી.
મતિ આદિ જ્ઞાન આઠ સાત સામાયિક પછી,
ચાર ચક્ષુને છ લેશ્યા જોગ યોગ જાણવી.
છ સમ્યક્ત્વ ભવ્યાભવ્ય સન્નીને અસન્નીસાઠ,
આહાર અણાહારે બે બાસઠ તે માનવી.
મૂળ માર્ગણા છે ચૌદ બાસઠ બને તેમાંથી,
મોક્ષની **લલિત** દશ બાકી અપ્રમાણવી.

## તે માર્ગણાની વિસ્તારે સમજ.

| સંખ્યા | તેના નામ | ૧૪ જીવસ્થાન | ૧૪ ગુણસ્થાન | ૧૫ યોગ | ૧૨ ઉપયોગ | ૬ લેશ્યા | અલ્પબહુત્વદ્વાર | અનુક્રમ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતી | ૨ | ૪ | ૧૧ | ૯ | ૬ | અસંખ્યગુણા | ૩ |
| ૨ | મનુષ્યગતી | ૩ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૩ | તીર્યંચગતી | ૧૪ | ૫ | ૧૩ | ૯ | ૬ | અનંતગુણા | ૪ |
| ૪ | નર્કગતી | ૨ | ૪ | ૧૧ | ૯ | ૬ | અસંખ્યગુણા | ૨ |
| ૫ | એકેંદ્રિ | ૪ | ૨ | ૫ | ૩ | ૪ | અનંતગુણા | ૫ |
| ૬ | બેઇંદ્રિ | ૨ | ૨ | ૪ | ૩ | ૩ | વીશેષાધીક | ૪ |
| ૭ | તેઇંદ્રિ | ૨ | ૨ | ૪ | ૩ | ૩ | વીશેષાધીક | ૩ |
| ૮ | ચૌરેંદ્રિ | ૨ | ૨ | ૪ | ૩ | ૩ | વીશેષાધીક | ૨ |
| ૯ | પંચેંદ્રિ | ૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૧૦ | પૃથ્વીકાય | ૪ | ૨ | ૩ | ૩ | ૪ | વીશેષાધીક | ૩ |
| ૧૧ | અપકાય | ૪ | ૨ | ૩ | ૩ | ૪ | યોગવીશેષાધીક | ૪ |
| ૧૨ | તેઉકાય | ૪ | ૧ | ૩ | ૩ | ૩ | અસંખ્યગુણા | ૨ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | વાઉકાય | ૪ | ૧ | ૫ | ૩ | ૩ | વીશેષાધીક | ૫ |
| ૧૪ | વનસ્પતિકાય | ૪ | ૨ | ૩ | ૩ | ૪ | અનંતગુણા | ૬ |
| ૧૫ | ત્રસકાય | ૧૦ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | સર્વથા થોડા | ૧ |
| ૧૬ | મનોયોગ | ૧૧૨ | ૧૩ | ૧૩ | ૧૨ | ૬ | સર્વથા થોડા | ૧ |
| ૧૭ | વચનયોગ | ૬૧૮ | ૧૩/૨ | ૧૫/૪ | ૧૨/૪ | ૬ | અસંખ્યગુણા | ૨ |
| ૧૮ | કાયયોગ | ૧૪/૪ | ૧૩/૫ | ૧૫/૫ | ૧૨/૩ | ૬ | અનંતગુણા | ૩ |
| ૧૯ | સ્રીવેદ | ૪ | ૯ | ૧૩ | ૧૨ | ૬ | સંખ્યાતગુણા | ૨ |
| ૨૦ | પુરૂષવેદ | ૪ | ૯ | ૧૫ | ૧૨ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૨૧ | નપુંશકવેદ | ૧૪ | ૯ | ૧૫ | ૧૨ | ૬ | અનંતગુણા | ૩ |
| ૨૨ | ક્રોધ | ૧૪ | ૯ | ૧૫ | ૧૦ | ૬ | વીશેષાધીક | ૨ |
| ૨૩ | માન | ૧૪ | ૯ | ૧૫ | ૧૦ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૨૪ | માયા | ૧૪ | ૯ | ૧૫ | ૧૦ | ૬ | વીશેષાધીક | ૩ |
| ૨૫ | લોભ | ૧૪ | ૯ | ૧૫ | ૧૦ | ૬ | વીશેષાધીક—૨ | ૪ |
| ૨૬ | મતીજ્ઞાન | ૨ | ૯ | ૧૫ | ૭ | ૬ | મતીશ્રુતબરાબરવી. | ૩ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૨ | ૯ | ૧૫ | ૭ | ૬ | મતીજ્ઞાન બરાબર | ૪ |
| ૨૮ | અવધીજ્ઞાન | ૨ | ૯ | ૧૫ | ૭ | ૬ | અસંખ્યાતગુણા | ૨ |
| ૨૯ | મનપર્યવજ્ઞાન | ૧ | ૭ | ૧૩ | ૭ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૧ | ૨ | ૭ | ૧ | ૨ | અનંતગુણા | ૬ |
| ૩૧ | મતીઅજ્ઞાન | ૧૪ | ૩/૨ | ૧૩ | ૫ | ૬ | અનંતગુણા | ૭ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૧૪ | ૨/૨ | ૧૩ | ૫ | ૬ | મતીઅજ્ઞાન બરા૦ | ૮ |
| ૩૩ | વીભંગઅજ્ઞાન૦ | ૨ | ૩/૧ | ૧૩ | ૫ | ૬ | અસંખ્યાતગુણા | ૫ |
| ૩૪ | સામાયિક | ૧ | ૪ | ૧૩ | ૭ | ૬ | સંખ્યાતગુણા | ૫ |
| ૩૫ | છેદ્દોપસ્થાપનિય | ૧ | ૪ | ૯ | ૭ | ૬ | સંખ્યાતગુણા | ૪ |
| ૩૬ | પરિહાર વિસુધી | ૧ | ૨ | ૯ | ૭ | ૬ | સંખ્યાતગુણા | ૨ |
| ૩૭ | સુક્ષ્મ સંપરાય | ૧ | ૧ | ૯ | ૭ | ૧ | સર્વથી થોડા | ૧ |
| ૩૮ | યથાખ્યાત | ૧ | ૪ | ૧૧ | ૯ | ૧ | સંખ્યાતગુણા | ૩ |
| ૩૯ | દેશવીરતી | ૧ | ૧ | ૧૧ | ૬ | ૬ | અસંખ્યાતગુણા | ૬ |
| ૪૦ | અવીરતી | ૧૪ | ૧૪ | ૧૩ | ૯ | ૬ | અનંતગુણા | ૭ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૩૧૬ | ૧૨ | ૧૩ | ૧૦ | ૬ | અસંખ્યાતગુણા | ૨ |
| ૪૨ | અચક્ષુદર્શન | ૧૪ | ૧૨ | ૧૫ | ૧૦ | ૬ | અનંતગુણા | ૪ |
| ૪૩ | અવધીદર્શન | ૨ | ૯ | ૧૫ | ૭ | ૬ | સર્વથી થોડા | ૧ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪૪ | કેવલદર્શન | ૧ | ૨ | ૭ | ૨ | ૧ | અનંતગુણા | ૭ |
| ૪૫ | કૃષ્ણ | ૧૪ | ૬ | ૧૫ | ૧૦ | ૧ | વીશેષાધીક | ૬ |
| ૪૬ | નીલ | ૧૪ | ૬ | ૧૫ | ૧૦ | ૧ | વીશેષાધીક | ૫ |
| ૪૭ | કાપોત | ૧૪ | ૬ | ૧૫ | ૧૦ | ૧ | અનંતગુણા | ૪ |
| ૪૮ | તેજો | ૨ | ૭ | ૧૫ | ૧૦ | ૧ | અસંખ્યાતગુણા | ૩ |
| ૪૯ | પદ્મ | ૨ | ૭ | ૧૫ | ૧૦ | ૧ | અસંખ્યાતગુણા | ૨ |
| ૫૦ | શુક્લ | ૨ | ૧૩ | ૧૫ | ૧૨ | ૧ | સર્વથી થોડા | ૧ |
| ૫૧ | વેદક | ૨ | ૪ | ૧૫ | ૭ | ૬ | અસંખ્યાતગુણા | ૪ |
| ૫૨ | ક્ષાયિક | ૨ | ૧૧ | ૧૫ | ૯ | ૬ | અનંતગુણા | ૫ |
| ૫૩ | ઉપશમ | ૨ | ૮ | ૧૩ | ૭ | ૬ | સંખ્યાતગુણા | ૨ |
| ૫૪ | મીશ્ર | ૧ | ૧ | ૧૦ | ૬ | ૬ | સંખ્યાતગુણા | ૩ |
| ૫૫ | સાસ્વાદન | ૭ | ૧ | ૧૩ | ૫ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૫૬ | મિથ્યાત્વ | ૧૪ | ૧ | ૧૩ | ૫ | ૬ | અનંતગુણા | ૬ |
| ૫૭ | ભવ્ય | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | અનંતગુણા | ૨ |
| ૫૮ | અભવ્ય | ૧૪ | ૧ | ૧૩ | ૫ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૫૯ | સંજ્ઞી | ૨ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૬૦ | અસંજ્ઞી | ૧૨ | ૨ | ૬ | ૪ | ૪ | અનંતગુણા | ૨ |
| ૬૧ | આહારી | ૧૪ | ૧૩ | ૧૫ | ૧૨ | ૬ | અસંખ્યાતગુણા | ૨ |
| ૬૨ | અણાહારી | ૮ | ૫ | ૧ | ૧૦ | ૬ | સર્વથી થોડા | ૧ |

## સડસઠ વસ્તુ સંખ્યા.

### પ્રથમે સમકિતના સડસઠ બોલ.

મનહર છંદ.

આર સદહણા અને, ત્રણ લિંગ શુશ્રૂષાદિ,
દશ પ્રકારે વિનય, ગુરૂ ગમે ધારજે;
ત્રણ શુદ્ધિ મન આદિ, દૂષણ શંકાદિ પાંચ,
આઠ પ્રભાવક આપ, ઊરમાં ઉતારજે;
પાંચ ભૂષણને પાંચ, લક્ષણને યતના છ,
છ આગાર ભાવના છ, સ્થાન છ વિચારજે;
સડસઠ બોલે દાખ્યું, ભલું સમકિત ભાખ્યું,
લલિત હૃદયે રાખી, સ્વયમ સુધારજે;

## સડસઠ બોલ.

**ચાર સદહણા**—સેવા તત્વજ્ઞ જ્ઞાનીની, કુગુરૂ સંગ નિવાર;
મિથ્યામતી સંગત તજો, સાધ સદહણા ચાર.
**ત્રણ લિંગ**—સર્વ સ્થાનો ઉચિત કરે, ગુણી ગુણીશું પ્રેમ;
જિનધર્મ વિષે પ્રીતી વધુ, નિર્ગુણીપે સમ તેમ.
**દશ વિનય**—અર્હં સિદ્ધ ચૈત્ય શ્રૂતને, યતીધર્મ સાધુ સૂરિ;
પાઠક સંઘ સમકિતનો, ભાવ વિનય તે ભૂરિ.
**ત્રણ શુદ્ધિ**—મન શુદ્ધિને વચને શુદ્ધિ, કાય શુદ્ધિનો કાર;
શુદ્ધિ ત્રણ તેમ સાચવો, સડસઠ બોલે સાર.
**પાંચ દૂષણ**—શંકા કાંક્ષા ફળ સંદેહ, મિથ્યાત્વ શ્લાઘાસંગ;
દુષણ પંચ દૂરે કરો; શુદ્ધ સમકિત પ્રસંગ.
**આઠ પ્રભાવક**—ગીતાર્થને ધર્મબોધક, સંવાદે શિરદાર;
નિમિતકને તપસી વળી, મંત્ર વિદ્યા સુસાર.
સિદ્ધિસંપન્ન સાચા સહી, કવિતા શ્રેષ્ટ કરનાર;
પ્રભાવક તે પ્રવચનના, આઠે ઉત્તમ ધાર.
**પાંચ ભૂષણ**—શાસન સેવ પ્રભાવના, તીર્થસેવ ધર્મ ટેક;
સુદેવ ગુરુ ભક્તિ ભાવના, ભૂષણ ભાવો નેક.
**પાંચ લક્ષણ**—ઉપશમ સંવેગ નિર્વેદ, અનુકંપા આસ્તિક;
લક્ષણ પાંચ લે લક્ષમાં, શોભે સમકિત ઠીક.
**છ યતના**—પરતીર્થ વંદન નમસ્કાર, કુપાત્રદે વારવાર.
આલાપન સંલાપના, છ યતના સ્વીકાર.
**છ આગાર**—રાજાભિ ગણાભિ બાલા, દેવાભિ યોગ ચાર;
વ્રતિપીડા ગુરૂ નિગ્રહે, છ આગાર સંભાર.
**છ ભાવના**—ધર્મમૂળ ધર્મપૂર દ્વાર, ધર્મ પાયો આધાર;
ભાજન નિધિ છ સમક્તિે, ધર્મ ભાવના ધાર.
**છ સ્થાન**—જીવ છે જીવ નીત્ય છે, કરતા ભોક્તા તત્ર;
મોક્ષ છે મોક્ષ ઉપાય છે, જ્ઞાન દર્શન ચારિત્ર.

## નિશ્ચયને વ્યવહાર સમકિત.

**સમકિતના બે** સુદેવ સુગુરૂ ધર્મશ્રદ્ધા, એ જાણો વ્યવહાર;
**પ્રકાર**—આત્મસ્વરૂપે એકતા, નિશ્ચય સમકિત ધાર.

નિશ્ચય સમકિતવંતને, વ્યવહાર સમકિત હોય,
પણ વ્યવહાર સમકિત ને, નિશ્ચય હોય ન હોય.
વ્યવહારનું સમકિત તે, નિશ્ચય કારણ જાણ.
સદ્‌ગુરૂ બોધ સુભાવથી, પાવે પદ નિરવાણ.

## સમકિતાશ્રયી થોડું વર્ણન.

**પાંચ સમકિત**—ઉપશમ સાસ્વાદન અને, વેદક તેમ ક્ષાયિક;
ક્ષયોપશમ પણ પ્રેમથી, સમકિત સેવો ઠીક.

**દશ સમકિત**—ક્ષાયિક ક્ષયોપશમ અને, ઉપસમિક સાસ્વાદન;
વેદક દરએ ભેદ દશ, નિસર્ગ અભિગમે ગણ.

**સમકિત સ્પર્ધા**-પર્વતે મેરૂ સુરે ઇંદ્ર, ગ્રહે ચંદ્રમા જેમ;
બ્રહ્માદિ દેવે જિનવરૂ, ધર્મે સમકિત તેમ.

**સમકિત સ્થિતિ**-ઉપશમ અંતર્મુહૂર્તી, છઆવળિ સાસ્વાદન;
વેદક સમકિત સમયનું, ધારો ત્રણનું મન.
" ક્ષાયિક કહ્યું કાંઇ અધિક, તેત્રિશ સાગર સાર;
ક્ષયોપશમ સમકિત તેમ, છાસઠ સાગર ધાર.
" ક્ષયોપશમ સમકિત સ્થિતિ, છાસઠ સાગર હોય;
બે વાર વિજયા દિકમાં, તેત્રિશ સાગર હોય.
" અથવા ત્રણવાર તેહ, અચ્યુત દેવના આય,
ત્રણ બાવીશ સાગરે, મનુષ્ય મોક્ષમાં જાય.

**સમકિતિ શ્રેષ્ટ**-દરશનથી જેહ ભ્રષ્ટ તે, મૂલ મોક્ષ ન જાય;
વિના સંયમે શિવ વરે, વિણ દર્શન નહિં પાય.

**સમકિતિ જ્ઞાની**—સમકિત અષ્ટપ્રવચન ધર, જ્ઞાની તેહ ગણાય;
અધ પુદ્‌ગલ પરાવરતને, સકળ કર્મમળ જાય.

**નવપૂર્વી છતાં અજ્ઞાની**— સમકિત વિના નવપૂર્વી, અજ્ઞાની કહેવાય;
સમકિત વિણ સંસારમાં, આમતેમ અથડાય.

**તેજ સમકિતિ**—સત્ય સ્વરૂપ જસ જીંદગી, સદોય સમતાવંત;
છિન છિન સત્ય ગવેષણા, તેહ સમકિતિ સંત.

**તે શ્રદ્ધા તારે**—નહિ તપ નહિ શાસ્રાભ્યાસ, ન ભણ્યું ગણે નદાન;
તે પણ શક્તિ નહિ હોય તો, એક અર્હ સત્ય માન.
( આટલી પણ શ્રદ્ધા આત્માને તારે છે. )

**સમકિત દૃષ્ટિ**—સમકિત દૃષ્ટિ જે જીવ તે, કરે કુટુંબ સંભાળ.
આપ અંતર ન્યારો રહે, ધાવ ખેલાવે બાળ.

**સમકિત દાહક**–દેવ દ્રવ્યનાશ મુનિઘાત, ઉત્સૂત્રે વદનાર;
સાધ્વી ચતુર્થવ્રત ભંજક, સમકિત દાહક ચાર.

**સમકિત હોય**–ઉદ્યમ અને પૂર્વકૃત કર્મ, ભવિતવ્યતા સ્વભાવ;
કાળ પાંચે સિદ્ધિ માને, તેને સમકિત સાવ.

## એ પાંચે કારણોનું જુદુ જુદુ કાર્ય.

**ઉદ્યમ**—માતાપિતાના ઉદ્યમથી રૂધિરવીર્યનું મળવું તે.

**કર્મ**—પૂર્વકૃત કર્મે કરી તેમાં જીવનું આવવું તે.

**ભવિતવ્યતા**—જીવના સારાખોટા કર્માનુસાર સુખદુઃખના હેતુરૂપ પ્રતિક્ષણે વસ્તુનું મળવું તે.

**સ્વભાવ**—જીવમાં પશુ મનુષ્યાદિનો સ્વભાવ ઉત્પન્ન થવો તે.

**કાળ**—કાળે કરી સર્વે અવસ્થા પામે છે, એમ સર્વે જીવ આશ્રયી જાણવું.

એક કારણે કામ બને નહીં તેવી ખરી માન્યતા હોય તેને સમકિત કહેવાય.

## પ્રસંગે મિથ્યાત્વની સમજ.

### આ દશ મિથ્યાત્વ.

મનહર છંદ.

ધર્મને અધર્મ અને, અધર્મને ધર્મ કહે,
ધર્મ કે અધર્મ શું તે અગત્યે અજાણ છે;
માર્ગને ઉન્માર્ગ એમ, ઉન્માર્ગને માર્ગ માને,
સાધુને અસાધુ તેમ, અસાધુ સુજાણ છે;
જીવને અજીવ જાણે, અજીવને જીવ એમ,
મૂર્તને અમૂર્ત માને, અમૂર્તે કયાં ભાન છે;
દશ આ મિથ્યાત્વ દાખ્યાં, સમજી લલિત છોડ,
સંસારના ફેરે મોટી, મિથ્યાત્વે મ્હોકાણ છે;

**છ મિથ્યાત્વ**—લૌકિક દેવગુરુ પર્વગત, ત્રી લોકોત્તર નામ;
મિથ્યાત્વ છ છંડો સદા, સમજી સાર તમામ.

**પાંચ મિથ્યાત્વ**-અભિ અને અનભિગ્રહીક, અભિનિવેશીક જાણ;
સંશયિક અનાભોગિકે, મિથ્યાત્વ પાંચે માન.

## પાંચ મિથ્યાત્વ વિસ્તારે.

મનહર છંદ.

ખરૂં ખોટું જાણ્યા વિના, મને માન્યું માની લેવે,
સર્વે ધર્મ સારા સર્વે, દર્શનો તે સારાં છે;
જાણી જોઈ જૂઠું વદે, ખોટી પરૂપણા પદે,
સમકિતી બોધે પણ વર્તન નઠારાં છે;
જિનવાણીમાં સંશય, સિદ્ધાંત સમજ વિના,
દીલ ડગુમગુ રહે, અજ્ઞાન અંધારાં છે;
અજાણપણાયે આવું, એકેંદ્રિયાદિકે લાગે,
મિથ્યાત્વે લલિત માથે, મોતનાં નગારાં છે.

**ચાર મિથ્યાત્વ**—પરૂપણા પ્રવર્તન અને, પરિણામને પ્રદેશ;
મૂકલ ચાર મિથ્યાત્વનો, લલિત ન લેતો લેશ.

**મિથ્યાત્વે હાની**-વિષ વન્હિ વ્યાલ વાઘને, વારણ વૈરી સબ્વ;
એ છ એક ભવમાં હણે, મિથ્યાત્વ અનંતાભવ.

## સમકિત દૃષ્ટિને મિથ્યાત્વ દૃષ્ટિની વહેંચણી.

### તેના આઠ ભાંગા.

દુહા—સામાન્ય માણસ અને, અજ્ઞાન તપસી જાણ,
લીંગધારી અગીતાર્થ, મિથ્યાત્વ દૃષ્ટિ માન;
શ્રેણિક કૃષ્ણાદિ સમકિતિ, અનુત્તર વાશી દેવ,
સંવિજ્ઞપક્ષી અને યતિ, સમકિત દૃષ્ટિ હેવ;
વિરતિ જાણ ગ્રહે પાળે, અજ્ઞ આદર પળાય,
છ પ્રકાર ત્રિક યોગથી, ભાંગા આઠે થાય.

### પ્રથમે મિથ્યાત્વ દૃષ્ટિના ચાર ભાંગા.

૧ ન જાણે ન આદરે ન પાળે તે સામાન્ય મિથ્યાત્વ દૃષ્ટિ.

૨ ન જાણે ન આદરે પણ પાળે તે અજ્ઞાન તપસ્વી તે સમ્યક્-જ્ઞાનરહિત હોવાથી જાણી આદરી શકતા નથી.

૩ ન જાણે આદરે ને પાળે તે પાર્શ્વસ્થાદિક દ્રવ્યલિંગી તેઓ વ્રત ગ્રહણ કરે છે પણ પાળતા નથી.

૪ ન જાણે આદરે ને પાળે, તે સમ્યગ્જ્ઞાન વિનાના મિથ્યાત્વી અભવી અગીતાર્થ જાણવા.

આ ચારે ભાંગાવાળા સમ્યગ્જ્ઞાન વિનાના હોવાથી મિથ્યાત્વ દૃષ્ટિ છે.

## સમકિત દૃષ્ટિના ચાર ભાંગા.

૧ જાણે ન આદરે ન પળે તે શ્રેણિક, કૃષ્ણાદિક ધર્મના સમ્યક્ સ્વરૂપને જાણતા છતાં અવિરતિના તીવ્ર ઉદયથી આદરી શકતા નથી અને પાળતા પણ નથી.

૨ જાણે આદરે નહિ પણ પાળે, તે અનુત્તર વૈમાનના દેવો સમજવા, તેઓ ધર્મના સમ્યક્ સ્વરૂપને જાણે પણ, અવિરતિના ઉદયથી આદરે નહી પરંતુ પાળે ખરા.

૩ જાણે આદરે પણ પાળે નહી. તે ધર્મના સમ્યક્ સ્વરૂપને જાણે આદરે અને પાળી શકે નહી. તેઓ પશ્ચાતાપ કર્યા કરે અને વેશ છોડીને સંવિજ્ઞ પક્ષપણે વર્તે.

૪ જાણે આદરે અને પાળે તે સર્વે પ્રકારના મુનિ જાણવા, તેઓ ધર્મના સમ્યક્ સ્વરૂપને જાણે છે, અંગીકાર કરે છે, અને સર્વે પ્રકારે પાળે પણ છે.

આ ચાર પ્રકારના ભાંગા સમકિત દૃષ્ટિના જાણવા.

## સાધુ વેષે મિથ્યાદ્રષ્ટિ.

જે રજોહરણાદિક સાધુનો વેષધારી જાતિના લીંગે મિથ્યાદ્રષ્ટિ હોય, તે ક્રિયાના બળે કરી દશવિધ ચક્રવાળ સમાચારિના પ્રભાવે મરીને, અંગાર મર્દકાચાર્યની પેરે ઉત્કૃષ્ટ નવ ગ્રૈવેયક સુધી ઉપજે.

## મિથ્યાદ્રષ્ટિ કોને કહીયે તે.

જે દ્વાદશાંગી સૂત્ર સુધા સદહે, પરંતુ સૂત્રોક્ત એક પદને પણ અસદ્દહતો રહેતો તેને દેશ થકી મિથ્યાત્વી કહીયે, તથા વિતરાગોક્ત સૂત્રથકી અને સૂત્રના અર્થ થકી પદમાત્ર પણ સદ્દહે નહિ તેને, સર્વ થકી મિથ્યાત્વી કહીયે તે માટે સૂત્ર લક્ષણ કહે છે.

## સૂત્ર અધિકાર.

સુધર્મા સ્વામી પ્રમુખ ગણધરના રચેલા જે આચારાંગાદિક સૂત્રો, તેમજ નમિરાજા પ્રમુખ પ્રત્યેક બુદ્ધના રચેલા નેમિપ્રવ્રજ્યાદિક, વળી ચૌદ પૂર્વધર, શ્રૂત કેવળી સય્યંભવસૂરિ પ્રમુખના

રચ્યા દશ વૈકાલિકાદિક સૂત્ર, વળી સંપૂર્ણ દશ પૂર્વધરના રચ્યા એ સર્વે સૂત્ર કહીયે.

## દર્શન મહિમા.

દર્શનના ગુણો—દર્શનના ગુણ દાખીયા, સેવો સડસઠ સાર;
વિવરણ નવપદ વિધિયે, વિગતવાર અવધાર.

## દર્શન ગુણ સ્તવનાયે વીશ સ્થાનક પૂજાની.

### નવમી-ઢાળ.

દુહો— લોકા લોકના ભાવ જે, કેવલિ ભાષિત જેહ;
સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ.

નમોરે નમો શ્રી શત્રુંજય ગિરિવર— એ દેશી.

શ્રી દર્શનપદ પામે પ્રાણી, દર્શન મોહની દૂરરે;
કેવલી દીઠું તે મીઠું માને, શ્રદ્ધા સકળ ગુણભૂરરે.
પ્રભુજી સુખકર સમકિત દીજે, દ૦ એ આંકણી— ૧
વિઘટે મિથ્યા પુદ્ગલ આતમથી, તેહજ સમકિત વસ્તરે;
જિન પ્રતિમા દર્શન તસ હોવુ, પામીને સમકિત દસ્તરે. પ્ર૦ ૨
દોવિધ દર્શન શાસ્ત્રે ભાખ્યું, દ્રવ્ય ભાવ અનુસારરે;
જે નિજ નયણે ધર્મમેં જોવે, તે દ્રવ્ય દર્શન ધારરે. પ્ર૦ ૩
જિન વંદન પૂજન નમનાદિક, ધર્મબીજ નિરધારરે;
યોગદૃષ્ટિ સમુચ્ચય માંહે, એહ કહ્યો અધિકારરે. પ્ર૦ ૪
યદ્યપિ અબદ્ધ અછે તોહીપણ, આયતિ હિતકર સોયરે;
સિદ્ધ ભવપરે એહથી પામે, ભાવ દર્શન પણ કોયરે. પ્ર૦ ૫
સમકિત સકળ ધર્મનો આશ્રય, એહનાં ષટ્ ઉપમાનરે;
ચારિત્ર જ્ઞાન નહિ વિણ સમકિત, ઉત્તરાધ્યયન વખાણરે. પ્ર૦ ૬
દર્શન વિણ કિરિયા નવિ લેખે, બિંદુ યથા વિણ અંકરે;
દશમાંહે નવ અંક અભેદ છે, તેમ કુસંગે નિકલંકરે. પ્ર૦ ૭
અંતર્મુહૂર્ત્ત પણ જે જીવે, પામ્યું દર્શન સારરે;
અર્ધા પુદ્ગલ પરિયટ માંહે, નિશ્ચય તસ સંસારરે. પ્ર૦ ૮
ગત સમકિત પૂરવ બદ્ધાયુષ, દો વિનુ સમકિતવંતરે;
વિણ વૈમાનિક આય ન બાંધે, વિશેષાવશ્યક કહંતરે. પ્ર૦ ૯
ભેદ અનેક છે દર્શન કેરા, સડસઠ ભેદ ઉદારરે,
સેવતો હરિવિક્રમ જિન થાયે, સૌભાગ્યલક્ષ્મીવિસ્તારરે. પ્ર૦૧૦

## અણાહારી વસ્તુઓ.

૧ અગર.
૨ અફીણ.
૩ અતી વિષની કળી.
૪ અર્કાદિ પંચાંગ.
૫ અંબર.
૬ આસન.
૭ આછી.
૮ એળીયો.
૯ ઇંદ્રાણીમૂળ.
૧૦ ઉપલેટ.
૧૧ ઉજ્વળી.
૧૨ કસ્તુરી.
૧૩ કડુ.
૧૪ કરીયાતુ.
૧૫ કડાછાલ.
૧૬ કરણમૂળ.
૧૭ કપાસમૂળ.
૧૮ કેરડા મૂળ.
૧૯ કંથેર મૂળ.
૨૦ કુંવાર.
૨૧ કંદરૂ.
૨૨ કીકો ઇંટાલો.
૨૩ ખારો.
૨૪ ખેરસાર.
૨૫ ખેર મૂળ.
૨૬ ખોરાસાણીવજ
૨૭ ગળો.
૨૮ ગુગળ.
૨૯ ગોમુત્રાદિ.
૩૦ ઘોડાવજ.
૩૧ ચીત્રાછાલ.
૩૨ ચીમેડ.
૩૩ ચીડ.
૩૪ ચોપચીની.
૩૫ ચુનો.
૩૬ જવખાર.
૩૭ ઝેરી કોપરૂ.
૩૮ ઝેરી ગોટલી.
૩૯ ટંકણખાર.
૪૦ ડાભ મૂળ.
૪૧ તગર.
૪૨ ત્રીફલા ( હરડાં બેડાં આંબળા )
૪૩ દારૂલ.
૪૪ ધમાસો.
૪૫ નઇ કંદ
૪૬ પુવાડ
૪૭ પાનની જડ.
૪૮ ફટકડી.
૪૯ બોરછાળ.
૫૦ બોર મૂળ.
૫૧ બાવળ છાલ.
૫૨ બોજકણ
૫૩ બીયાનું લાકડુ.
૫૪ બોળ.
૫૫ મલીયાગરૂ.
૫૬ મજીઠ.
૫૭ રાખ.
૫૮ રીંગણી ઊભી બેઠી
૫૯ રોહિણી છાલ.
૬૦ લીંબ પંચાંગ મૂળ છાલ કાષ્ટ.પત્ર.મોર
૬૧ વખમો.
૬૨ સુખડ.
૬૩ સુરોખાર.
૬૪ સાજીખાર.
૬૫ હરડેદળ.
૬૬ હળદર
૬૭ હીંમજ.

૧ આ શ્રાધવિધિ તથા બીજાઓના ઉત્તરાપરથી પુછી મેળવી છે.

**નવકાર અક્ષર**–મહા મંત્ર નવકારના, અડસઠ અક્ષરો ધાર;
સમ સાગર એક અક્ષરે, પાપો થાય પસાર.

**અડસઠ આગાર**–અગીયાર પચ્ચખ્ખાણના, અડસઠ છે આગાર;
સવી શ્રાવક સન્મિત્રથી, સમજો તેનો સાર.

## સીતેર વસ્તુ સંગ્રહ.

**ચારિત્રના ગુણ**–સીત્તેર ગુણથી શોભતું, સેવો ચારિત્ર સાર;
નવપદ વિધિથી નામ તસ, વિગતવારે અવધાર.

## ચરણ સિત્તરી.

મનહર છંદ.

પંચ મહાવ્રત પાળે દશ વિધ યતિ ધર્મ,
સત્તર ભેદે સંયમ પાળવા પ્રકારતે;
વૈયાવચ દશ વિધ બ્રહ્મ ગોપો નવ ભેદે,
જ્ઞાન દર્શન ચારિત્ર ત્રણનોજ કારતે;
તપ તપો ભેદ બાર ક્રૂર કર્મ કરે ઠાર,
નિગ્રહો કષાય ચાર દુઃખનો નિવારતે;
ચરણ સિત્તરી કાર ઊર ધરી એનો સાર,
ભાગે ભવ ભાર ધ્યાને લલિત તું ધારતે. ॥ ૧ ॥

## કરણ સિત્તરી.

મનહર છંદ.

પિંડ વિશુદ્ધિ છે ચાર પંચ સમિતિયે પ્યાર,
ભાવો સુભાવના બાર ભાગે ભવ ભારતે;
બાર પડિમાને ધાર સાધુની જે સુખકાર,
પંચેંદ્રિ નિગ્રહે પ્યાર સદાયે સંભારતે;
પડિલેહણ પચીશ ગુપ્તિ ત્રણ ગોપી હીસ,
અભિગ્રહો ચાર નીશ દીશ દીલ ધાર તે;
કરણ સિત્તરી સાર કહ્યો જે લલિત કાર,
પોચાવેતે ભવ પાર સેવીને સુધારતે. ॥ ૧ ॥

## ચારિત્ર ગુણ સ્તવનાયે વીશસ્થાનક.

### પૂજાની અગીયારમી ઢાળ.

દુહો—રત્નત્રય વિણું સાધના, નિષ્ફળ કહી સદીવ;
ભાવ રયણનું નિધાન છે, જય જય સંયમ જીવ.

અજિત જિણંદશું પ્રીતડી—એ દેશી.

ચારિત્રપદ શુભ ચિત્ત વશ્યું, જેહ સઘળા હો નયનો ઉદ્ધાર;
આઠ કરમ ચય રિક્ત કરે, નિરૂત્તે હો ચારિત્ર ઉદાર. ચા. ૧
ચારિત્ર મોહ અભાવથી, દેશ સંયમ હો સર્વ સંયમ થાય;
આઠ કષાય મિટાવીને, દેશ વિરતિ હો મનમાં ઠહરાય. ચા. ૨

બાર કષાય મનથી મટે, સર્વ વિરતિ હો પ્રગટે ગુણરાશ;
દેશથી સર્વ સંયમ વિષે, અનંત ગુણી હો વિશુદ્ધ સમાસ. ચા. ૩
સંયમ ગુણ ઠાણ ફરસ્યા વિના, તત્વરમણતા હો કેમ નામ કહેવાય;
ગજ પાખર ખર નહિ વહે, એહની ગુરુતા હો આતમમાં સમાય. ૪
વર્ષ સંયમના પર્યાયમાં, અનુત્તરનાં હો સુખ અતિક્રમ હોય;
શુકલ શુકલ પરિણામથી, સંયમથી હો ક્ષણમાં સિદ્ધિ જોય. ચા. ૫
સર્વ સંવર ચારિત્ર લહી, પામે અરિહા હો સહિ મુક્તિનું રાજ;
અનંત કારણ ચરણ છે, શિવપદનું હો નિશ્ચય મુનિરાજ. ચા. ૬
સત્તર ભેદ સંયમ તણા, ચરણ સિત્તરી હો કહી આગમ માંહિ;
વરૂણદેવ જિનવર થયો, વિજય લક્ષ્મી હો પ્રગટે ઉત્સાહિ. ચા. ૭

**ગઈ એંશીમી ચોવિશીના જયભુષણ તીર્થંકર—** જંબુદાડીમ રાજા, રતીમતી પટરાણીની પુત્રી–લક્ષ્મણા ( પતિ રણ-પ્રચંદ ) તે સાધ્વીએ ચકલા–ચકલીનું મૈથુન જોઈ ખોટો વિચાર કર્યો અને તીર્થંકરે આ ઉપદેશમાં ભૂલ કરી છે, તેવો અવર્ણવાદ બોલી તેનો મિચ્છામિ દુક્કડ ન દીધો તેના પાપે ૮૦ ચોવીશી સુધી ઘણા નીચ ભવોમાં રખડી છેવટે આવતી ચોવીશીના શ્રી પદ્મનાભ વખતે મોક્ષે જશે. જુઓ ? તીર્થંકરના અવર્ણવાદથી કેટલું ભવ ભ્રમણ થયું.

## ચોરાશી ગચ્છના નામ.

૧ દેવંદનિક
૨ ધર્મઘોષ
૩ સંડેરા
૪ કિન્નરસા
૫ નાગોરીતપા
૬ મલ્લધારા
૭ ખડતપા
૮ ચિત્રવાળ
૯ ઓશવાળથી તપા ગચ્છ થયો
૧૦ નાણાવાળ
૧૧ પલ્લિવાળ
૧૨ આગમિયા
૧૩ બોકડીયા
૧૪ ભિન્નમાલિયા
૧૫ નાગેંદ્રા
૧૬ સેવંતરીયા
૧૭ બંડેરા
૧૮ જઈલવાળ
૧૯ વડાખડતર
૨૦ લહુડાખડતર
૨૧ ભાણુસોલિયા
૨૨ વડગચ્છથી વિધિપક્ષ ગચ્છ થયો
૨૩ તપાબિરૂદ
૨૪ સુરાણા
૨૫ વડીપોશાળ
૨૬ ભરૂઅચ્છા
૨૭ કત્તબપુરા
૨૮ સંખલા
૨૯ ભાવડહરા
૩૦ જાખડીયા
૩૧ કોરંટવાળ
૩૨ બ્રહ્માણીયા
૩૩ મંડાહડા
૩૪ નીબલીયા
૩૫ બેલાહરા
૩૬ ઊચ્છિંતવાળ
૩૭ ખદોલિયા

| | | |
|---|---|---|
| ૩૮ પંથેરવાળ | ૫૪ પ્રામેચા | ૭૦ હરસોરા |
| ૩૯ ખેજડીયા | ૫૫ બંભણિયા | ૭૧ કોટિગણ કુલગચ્છ |
| ૪૦ વાછિતવાળ | ૫૬ ગોયલવાળ | ૭૨ ઝીશાખાના બિરૂદ |
| ૪૧ જીરાઉલિયા | ૫૭ વગ્ઘેરા | ૭૩ વાડિયગણ |
| ૪૨ જેસલમેરા | ૫૮ ભટેરા | ૭૪ ઊડવાડિયગણ |
| ૪૩ લલવાણિયા | ૫૯ નાપરિયા | ૭૫ માનવગણ |
| ૪૪ તાતહડા | ૬૦ બાહડમેરા | ૭૬ ઊત્તરવાલસહ |
| ૪૫ છાજહડા | ૬૧ કક્કરિયા | ૭૭ ઊદ્દેહગણ |
| ૪૬ ખંભાયતા | ૬૨ રંકવાળ | ૭૮ ચારણગણ |
| ૪૭ શંખવાલીયા | ૬૩ બોરસવા | ૭૯ ઓકોલિયા |
| ૪૮ કમળકળશા | ૬૪ વેગડા | ૮૦ લુણિયા |
| ૪૯ સોજંતરિયા | ૬૫ વીશલપુરા | ૮૧ સાધુ પુનમીયા |
| ૫૦ સોજતિયા | ૬૬ સંવાડીયા | ૮૨ ત્રાંગડિયા |
| ૫૧ પાંપલિયા | ૬૭ ચુંધુકિયા | ૮૩ નીબજીયા |
| ૫૨ ખીમસરા | ૬૮ વિદ્યાધરા | ૮૪ સાચોરાગચ્છ |
| ૫૩ ચોરવેડીયા | ૬૯ આયરિયા | |

**ચોરાશી હજાર શ્લોક પ્રમાણ**—એકતાલીશમી પાટે થયેલ, શ્રી અજિતદેવસૂરિયે, ૮૪૦૦૦ હજાર શ્લોક પ્રમાણનો **સ્યાદ્વાદ રત્નાકર** ગ્રંથ કર્યો.

**નવાણું હજાર નવસો નવાણું ભવ**—રૂપી સાધ્વી જે રાજાની કુંવરી હતી, તેણે એક વખત રાજકચેરીમાં ઘણા સ્વરૂપવાન એવા પુરોહિતના પુત્ર પર દ્રષ્ટિપાત કર્યો, તેનું લાગેલ પાપ છેવટે સાધ્વીપણામાં નહિં આલોચવાથી (૯૯૯૯૯) ઘણા નીચા ભવોમાં ભમી છેવટે મોક્ષે જશે. જુઓ ? પાપ નહિં આલોચવાનું પરિણામ.

## નવાણુ યાત્રા અને વિધિ.

**તે માટે ઉપયોગી સૂચના**—સાધુ સાધ્વીયે નવાણું કે છુટક યાત્રા કરવા જવું આવવું તે, ખાસ અજુવાળુ થયે ઉપયોગ અને જયણા પૂર્વક ગિરિરાજનું ધ્યાન ધરતા જવું આવવું કે, જેથી કોઈ જીવની વિરાધના થાય નહિ, રસ્તામાં વાતો નહિ કરવી, તેમ નવકારવાળી પણ ન ગણવી જોઇએ ? ઘણી વખતે અજુવાળું થયે ઉપર ચડનારને પહેલે, કે બીજે હડે અગર તેથી કાંઈ ઉપર

યાત્રા કરીને આવનાર સાધુ-સાધ્વીઓ સામા મળે છે, તો તેમણે પડી લેહણુ ક્યારે કરી અને ક્યારે ચડયા ? આ પ્રમાણે વર્તવું તે લાભ લેતાં નુકસાન થાય છે, તે લક્ષમાં લેવા જેવું છે.

## હવે એની વિધિ અને વર્તન.

હમેશાં એકાસણું કરવું
ત્રણે ટંકના દેવવંદન કરવા.
હમેશાં પાંચ ચૈત્યવંદન કરવા.
હમેશાં ત્રણ પ્રદક્ષિણા કરવી.
હમેશાં નવ ખમાસમણ દેવાં.
હમેશાં નવ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.
હમેશાં દશ બાંધી નવકારવાળી ગણવી.
નવ વખત ઘેટીની યાત્રા કરવી.
નવ વખત નવ ટુંકના દર્શન કરવા.
એક વાર રોહીશાળાની યાત્રા કરવી.
એક વખત શત્રુંજી નદી પગલે જવું.
એકવાર દોઢ ગાઉની પ્રદક્ષિણા કરવા
એકવાર ત્રણ ગાઉની પ્રદિક્ષણાકરવી
એકવાર છ ગાઉની પ્રદક્ષિણા કરવી
એકવાર બારગાઉની પ્રદક્ષિણાકરવી
એક વખત પંચતીર્થી યાત્રા કરવી.
કોઈ પ્રકારની આશાતના ન થાય તેવો ઉપયોગ રાખવો.

## એક સમયમાં કેટલા સિદ્ધે.

મનહર છંદ.

એક સમય ઉત્કૃષ્ટ સ્રીયો વિશ સિદ્ધિ વરે,
નપુંસક વેદે દશ સિદ્ધે તે પ્રમાણીયે;
પુરૂષ એકસો આઠ ગ્રહ લીંગે સિદ્ધે ચાર,
અન્ય લીંગે દશ સિદ્ધ ઉર એમ આણીયે;
સ્વલીંગે એકસો આઠ બે પણસો ધનુષ્યના,
બે હાથ શરીર ધારી ચાર ચિત્તે જાણીયે;
ને મધ્યમ અવગાહે એક સમયે ઉત્કૃષ્ટ,
એકસો આઠ લલિત સિદ્ધે મન માનીયે. ॥ ૧ ॥

**એકસો ને આઠ ગ્રંથ**—શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયે શ્રી સંઘના શ્રેયાર્થે, ઘણા ઉત્તમ ને ઉપયોગી એવા એકસોને આઠ (૧૦૮) ગ્રંથની રચના કરી, સંઘના માટે ઘણો સારો વારસો મુકી ગયા છે, એ મહાન ઉપકાર કર્યો છે, ધન્ય છે તે મહાત્માને અને ધન્ય છે એ કૃતિને. એમાં બધુયે આગમના દોહનનુંજ સમર્પણ છે.

**એકસોને આઠ ગ્રંથ**— શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ પણ શ્રી સંઘના તથા જનસમુદાયના લાભાર્થે ઉપયોગી એવા એકસોને આઠ (૧૦૮) ગ્રંથની રચના કરી છે, ધન્ય છે આવા ઉપકારી મહાત્માઓને.

## પોરસી સાઢપોરસી પુરિમુદ્ધ પ્રમાણ—

અંગ છાયાયે માપ—

| | શ્રા. | ભા. | આ. | કા. | મા. | પો. | મા. | ફા. | ચૈ. | વૈ. | જે. | અ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પોરસી પગ આંગળ. | ૨-૪ | ૨-૮ | ૩ | ૩-૪ | ૩-૮ | ૪ | ૩-૮ | ૩-૪ | ૩ | ૨-૮ | ૨-૪ | ૨ |
| સાઢપોરસી પગથી. | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ |
| પુરિમુદ્ધ પગથી. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | ૦ |

## પોરસી પ્રમાણ.

મનહર છંદ.

સ્વ શરીર છાયા જ્યારે, બે પગલાં થાય ત્યારે,
અશાડ માસમાં ત્યારે, પોરસી મનાય છે.
પોષમાસે ચાર પગ, હોવાથી પોરસી કહી;
ચૈત્ર તથા આસો માસે, તી પગે ગણાય છે.
આ પોરસી પ્રમાણમાં, સાતદી આંગળ એક;
પખ્ખીએ બે આંગળની, વૃદ્ધિ હાની થાય છે;
એમ એક માસે ચાર, આંગળની વૃદ્ધિ હાની;
જેમ જ્યાં સંભવે તેમ, લલિત કરાય છે;

## સાઢ પોરસીને પુરિમુદ્ધ પ્રમાણ.

મનહર છંદ.

શ્રાવણમાં ચાર પગ, ત્યાંથી અનુક્રમ માસે;
એકેક પગ વૃદ્ધિયે, પોષે નવ થાય છે.

ત્યાંથી અનુક્રમ માસે, એકેક પગ હાનીયે;
અષાડે તી પગે સાઢ, પોરસી ગણાય છે.
એક પગે શ્રાવણમાં, અનુક્રમ માસે ત્યાંથી;
એકેક પગ વૃદ્ધિયે, પોષે છ મનાય છે.
અનુક્રમ માસે હાની, એકેક પગે **લલિત**;
પુરિમુઢ્ઢ અષાડે સ્વ, છાયામાં સમાય છે'

## પાછલી પોરસિ. પાડલેહણનો કાળ.

જેઠ અષાઢ શ્રાવણ, માસે છ આંગળ છાયા;
હોવે પડિલેહણને, કરવી કહાય છે.
ભાદરવે આસો અને, કારતક માસે આઠ;
આંગળની છાયા ત્યારે, પડિલેહણાય છે.
માગસર પોષ મહા, માસે દશ આંગળની;
છાયા હોવે પોરસીને, કરવી ગણાય છે.
ફાગણ ચૈત્ર વૈશાખે, આઠ આંગળની છાયા;
હોવે પડિલેહણ તે, **લલિત** કરાય છે.

## રાત્રીના ચાર પ્રહરનુ કાળ જ્ઞાન.

મનહર છંદ.

સૂર્ય જે નક્ષત્રે હોય, દશમુ નક્ષત્ર ત્યારે;
જ્યારે માથે આવે ત્યારે, આદ્યયામ થાય છે'
તેરમું નક્ષત્ર માથે, આવે ત્યારે બીજો યામ;
સોળમા નક્ષત્ર માથે, ત્રીજો તે ગણાય છે.
વીશમું નક્ષત્ર જ્યારે, માથાપે આવે છે ત્યારે;
ચોથો યામ થાય તેવું, કહેણુ કહાય છે.
રાત્રિ કાળનું તે જ્ઞાન, સમજનું આછે સ્થાન;
જોગ તે **લલિત** જાણ, શાસ્ત્રે સમજાય છે.

## મહાવિદેહના સાધુના આહાર પાત્રાદિકનુ માન.

**સાધુનો આહાર**—બત્રીશ કવળનો કહ્યો, પુરૂષનો આહાર;
વિદેહે સાધુનો કવળ, બત્રીશ મુંડા ધાર.
એક સહસ ચોવીશ મુંડા, એક વખ્તે આહાર;
મુંડા માપ દાખ્યું નહીં, ગુરૂ ગમથી નિરધાર.

**મુખ ને પાત્રાનું** વિદેહ સાધુના મુખનું, પચ્ચાસહાથપ્રમાણ;
**માન—** તેમ તસ પાત્રાનું તણુ, સત્તરધનુષ્યનું જાણ.
**મુહપત્તિ માન—**એક લખને સાઠ સહસ, ભરત સાધુની જાણ.
તે વિદેહના સાધુની, એક મુહુપત્તિ માન.
અહીં કરતાં સંચોરસ, ચારસો ગણી હોય;
તે માપ તસ ઘટી શકે, જોગ યોગ તે જોય.

## સાધુ સાધ્વી યોગ તીર્થંકર આજ્ઞા.

**તેનેજ સાધુ કહીયે.**

તીર્થંકર ગણધરના વચને સાધુ થઇ, તેમનાજ વચને વર્ત-નાર, સ્ત્રીઓના વશ નહિ પડનાર, તેમ જે વમેલા વિષને પીતા નથી તેને સાધુ કહીયે. દશ વૈકા૦

જેઓ પાંચે સ્થાવરની લેશ પણ વિરાધના કરતા નથી, તેમ કરાવતા નથી તેને સાધુ કહીયે. દશ વૈકા૦

જેઓ પોતાના અર્થે બનાવેલો આહાર ખાતા નથી, તેમ પોતે આહાર પકાવતા નથી, તેમ બીજા પાસે પકાવરાવતા નથી તેને સાધુ કહીયે. દશ વૈકા૦

જેઓ જિનવચને શ્રદ્ધા રાખી, છકાય જીવોને પોતાના આત્મ-વત્ માને છે, તથા પાંચ મહાવ્રતો પાળે છે, અને પાંચ આશ્રવને રોકે છે, તેજ સાધુ કહેવાય. દશ વૈકા૦

જેઓ ચાર કષાયનો ત્યાગ કરે છે, આગમ વચને ત્રિયોગ સ્થિર રાખે છે, પશુ તેમ સોના રૂપાનો ત્યાગ કરે છે, તેને સાધુ કહીયે. દશ વૈકા૦

જેઓ ગ્રહસ્થનો પરિચય રાખતા નથી. તેને સાધુ કહીયે. દશવૈકા.

સાધુ સાધ્વીએ, દિવસની પહેલી પોરસીમાં સ્વાધ્યાય, બીજી પોરસીમાં અર્થ વિચારણા, તેમ પાઠ લેવો દેવો, ત્રીજી પોરસીમાં આહાર પાણી વિગેરે કરવા અને ચોથી પોરસીમાં વિહાર કરવો.

સાધુ સાધ્વીએ રાતની પહેલી પોરસીમાં અર્થ વિચારણા બીજી ત્રીજી પોરસીમાં નિદ્રા લેવી અને ચોથી પોરસીમાં સ્વા-ધ્યાય કરવો, તે ઉત્તરાધ્યયન વિગેરેમાં કહ્યું છે.

## સાધુ સાધ્વીનો આહાર.

**ગૌચરીના સાત પ્રકાર—**

૧ **ક્ષીર ગૌચરી**—આહાર પાણી કલ્પનીય દોષ રહિત લાવે તે.
૨ **અમૃત ગૌચરી**—માગ્યા વિના અચિત આહાર મળે તે.
૩ **મધુકર ગૌચરી**—ભ્રમરની પેઠે ફરી થોડું થોડું લઇ આત્માને તૃપ્ત કરે તે.
૪ **ગૌ ગૌચરી**—દરેક ઘરથી થોડું થોડું લેવે તે.
૫ **રૂદ્ર ગૌચરી**—ડરી ડરીને (બીતો બીતો) ગૌચરી લાવે તે.
૬ **અજગર ગૌચરી**—એકજ ઘરેથી લાવે તે.
૭ **ગદ્ધા ગૌચરી**—એકજ ઘેરથી તમામ લાવે તે.

## આહાર અને તીર્થંકર આજ્ઞા.

**गाथाः**—अहो जिणेहिं असावज्जा, वित्ति साहुण देसिया ।
मुख्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा ॥ १ ॥

**ભાવાર્થ**—મોક્ષ સાધનના હેતુ ભૂત, સાધુના દેહના નિવાહાર્થે, અહો તીર્થંકર ભગવાને, સાધુને નિર્દોષ વૃત્તી દેખાડી છે.

**ભિક્ષા ત્રણ પ્રકારની છે**—તેમાં સર્વે સંપત કરી અને પૌરૂષધ્ની તે બે ચારિત્ર દુષિતની છે અને ત્રીજી વૃત્તિ ભિક્ષા તે ચારિત્ર પાત્રની છે.

સાધુ સાધ્વીએ—આહાર પાણી ૪૨ દોષ રહિત લાવવા ખપ કરવો. અને તેવો શુદ્ધ લાવેલો આહારાદિ માંડલીના ૫ દોષ ટાળી વાપરવા ઉપયોગ રાખવો, તે ૪૭ દોષ આ પુસ્તકના સુડતાલીસ વસ્તુ સંખ્યામાં જણાવ્યા છે, દશ વૈકા૦

મુનિરાજ—ગ્રહસ્થના બોલાવ્યા થકી અર્થીને ગોચરીની વિનતી કરવા આવે, તેને ત્યાં જાય નહીં, તે આચારાંગ ઉત્તરાધ્યયન તેમ નિશિથ સૂત્રમાં કહ્યું છે,

સાધુ—નિત્યપિંડ ભોગવે નહિ, તે ઉત્તરાધ્યયન તથા૦ દશ વૈકાલિકમાં કહ્યું છે.

સાધુ—આધાકર્મી, મિશ્ર આહાર ભોગવે નહી, તે ભગવતી તથા૦ ઠાણાંગ તેમ દશ વૈકા૦ કહ્યું છે.

સાધુ—અસુજતો આહાર પાણી ફરી ફરી લેવા જાય નહિ,

તે આચારાંગ ૮ મા અધ્યયને તથા૦ દશ વૈકાલિક પાંચમા અધ્યયને કહ્યું છે,

સાધુ–સવારે ટાઢો આહાર વહોરે નહી, તે આચારાંગમાં કહ્યું છે.

સાધુ–કમાડ ઉઘાડી આહાર લેવે નહી, તે દશ વૈ૦ તથા૦ પ્રતિક્રમણ સૂત્રમાં કહ્યું છે-

સાધુ–એક વખતજ આહાર કરે, તેમ તપસ્વી પણ એક વખતજ આહાર કરે, તે દશ વૈકાલિક પાંચમા અધ્યયનમાં કહ્યું છે.

સાધુ–સાધ્વીનો લા૦યો આહાર લેવે નહી, તે આચારાંગ તથા૦ વ્યવહાર સૂત્રમાં કહ્યું છે.

સાધુ–બે કોશ ઉપરાંત આહારપાંણી લેવા જાય નહી, તે ભગવતીજીમાં ને ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે.

સાધુ–આહાર બાંધી રાખે નહિ, તે સૂયગડાંગમાં કહ્યું છે.

સાધુ અને સાધ્વીઓએ લાવેલો આહારપાણી ત્રણ પહોર સુધી ખપે, તે સૂયગડાંગ તથા ઉત્તરાધ્યયનમાં કહ્યું છે.

સાધુ–દરરોજ વિગઇ વાપરે નહિ તે દશવૈ૦ તથા ઉત્તરાધ્યયન વિગેરેમાં કહ્યું છે.

સાધુ–જ્યાં ઘણા માણુસો જમતા હોય ત્યાં અને મરણ પછવાડે જમણુ થાય ત્યાં, ઘણા પ્રાણીઓનો વધ થાય છે, તેને સંખડી કહે છે, ત્યાં ગોચરીયે જાય નહિ.

સાધુ–કારણુ વિના સ્વાદીમ (સોપારી, એલચી, ચુરણુ, તજ, ધાણા, સવા વિગેરે.) વાપરે નહિ, તે ઉત્તરાધ્યયન વિગેરેમાં કહ્યું છે.

સાધુ–ગૌચરી બે જણુ સાથે જાય એકલા નહિ, તે કલ્પ સૂત્રમાં કહ્યું છે.

સાધુ– ઔષધ ભેષજ (ઔષધાદિક) રાત્રે રાખે નહિ, તે દશવૈ૦ તથા ઉત્તરાધ્યયનમાં કહ્યું છે.

સાધુ–નાના પ્રકારના અશન, પાન, ખાદિમ, સ્વાદિમને પામીને જેઓ, પોતાના સ્વધર્મી સાધુઓને બોલાવી, નિમંત્રણા કરી આહાર કરે છે; તે મુનિ કહેવાય. દશવૈકા૦

સાધુ–આહાર કર્યા બાદ, સજ્ઝાય ધ્યાનમાં તત્પર રહે તે મુનિ કહેવાય. દશવૈ૦

સાધુ–આધા કર્મી ઉપાશ્રયે કૃત આહાર સરાગ ભાવે ભોગવે નહિ, તે આચારાંગ તથા પ્રશ્ન વ્યાકરણ સંવરદ્વારે કહ્યું છે.

## ગૌચરી વિગેરે માટે સમજ.

સાધુ સાધ્વીએ વરસાદ વખતે ગૌચરી જવું નહી. ગૌચરી ગયા પછીથી વરસાદ આવવો શરૂ થાય તો, કોઈ મકાન કે વૃક્ષાદિ ( જ્યાં એકલી સ્ત્રીઓ કે સાધ્વીઓ ન હોય તેવી ) જગોએ ઉભા રહેવું.

આવતો વરસાદ બીલકુલ ન રહે ને દીવસ થોડો રહે તો વરસાદમાં પણ ઉપાસરે આવી જવું.

વરસાદથી ઉભા રહેલા સાધુ પાસે, પોતાના પુરતી ગોચરી આવી હોય, ને ત્યાં પાણીનો જોગ હોય ને અવસર થઇ ગયો હોય તો, ત્યાંજ તે ગૌચરી વાપરી ઉપાસરે આવી જવું. અને જો બધી સમુદાયની ગૌચરી આવી હોય તો, તેનો ઉપયોગ-પૂર્વક અવસર જોઈ તુર્ત ઉપાસરે આવી જવું.

ચોમાસું રહેલ સાધુ ઔષધાદિ કારણે, ચારથી પાંચ જોજન સુધી જઇ શકે, પણ ત્યાં રાતવાસો રહેવાય નહિ, તે ગામ છોડી બીજે રહી શકે.

સાધુને વચે નદી ઓળંગવી પડે તો, એક પગ ઉપાડીને બીજે મુકે એટલું પાણી હોય તો ઉતરી શકાય.

સાધુએ નદી વિગેરે ઉતરી કાંઠે આવી તુરત ઈરીયાવહીયા પડિકમવા.

## ખેત્રાતીત વસ્તુ

**આ ચાર** ખેત્રાતીત માર્ગાતીત, કાલાતીત કહાય;
**અતીત—** પ્રમાણાતીત ચારને, મુનિવર માન સદાય.

## ખેત્રાતીતનો વધુ ખુલાસો.

મનહર છંદ.

**સૂર્યોદય પહેલાનું, લીધું કંઈ અસનાદિ,**
**સાધુને તે નહિ ખપે, ખેત્રાતિત થાય છે;**
**બે કોશ સુધીનું કાંઈ, અસનાદિ લેવે સાધુ,**
**ઉપરનું નહિ લેવે, માર્ગાતીત થાય છે;**

પ્હેલા પહોરે લીધું તે, ત્રીજા પ્હોર સુધી ખપે,
પડિલેહણુ પછી તે, કાલાતીત થાય છે;
જેને જે આહાર તેથી, વધુને પ્રમાણાતીત,
ઓછે ઉણોદરી વ્રત, **લલિત** તે થાય છે. ॥ ૧ ॥

ટીપ–પુરૂષને ૩૨ કવળનો આહાર હોય ને તે કુકડીના ઇંડા પ્રમાણુનો અથવા, તે આહારના ૩૨ ભાગ કલ્પવા ને તેથી ઉણોદરી વ્રત સમજી લેવું.

**સાધુપણું કાંઈ ખાવા માટે નથી**—પણ આત્મસાધન માટે છે. અને તે આત્મસાધન પુદ્દગલથી થઇ શકે છે. તેથી ગાડાને ઉંગણીની જેમ કાંઇ ખાવાનું આપવાની જરૂર છે, પેટ કોઇને છુટયું નથી કહ્યું છે કે—

કવિત.

ચોગી સિદ્ધ કલંદર તાપસ, હોત દીગંબર માર કસોટી,
પીર મુરિદ્દ મુસાફિર મીરા, સેખવસે વનમાંહિ તંગોટી;
જે જપિયા જપ જાપ જપેહે, જાંહિકી કીરતિ દેશ મહોટી,
સેવક હે સ્વામી દાસ નિરંજન, રોટિ બિના સબવાત હે ખોટી.

ચોગિ ધરે ચોગ ધ્યાન, પંડિત પઢે પુરાણ,
જ્ઞાની કહિ યાન પે ઉદાસ ભેખ લીયા હે;
કેતે શાહ પાતશાહ કેતે શાહજાદે કેતે,
વાસુદેવ ચક્રી પુનિ કરણ દાન દીયાહે;
કહે કવિ ગંગદાસ ગંગા કે નિકટબીચ,
એક શેર અનાજને જગત જેર કીયા હે.

પણ જેઓ રસેંદ્રિમાં ગૃદ્ધ બની ધર્મારાધને સર્વે પ્રકારે પશ્ચાત છે, તે તો નિંદાને પાત્ર છે અને તેમની સ્થિતિ ધોબીના કુતરા જેવી થાય છે. કહ્યું છે કે—

મનહર છંદ.

પેટકુ કે કાજ માનું જોગ લઇ જોગી ભયો,
પરમુખ દેખી ઝુરે જેસો કાંગો હાટકો;
ભીખ માટે ભટકત ગટકત સવિ રસ,
ખોટો મોતી નહિં મુંમો પોયો કુંદો પાટકો.

ઓરોં કું ઉપદેશ દેત આપે કુરીતે રેત,
પુગે નહિ હોશ જેમ દોડાયો ઘોડો કાટકો;
કહે રીખિ લાલચંદ સુનો હો ભવિક વૃંદ,
ધોબી કો કુતરો નહિ ઘરકો કે ઘાટકો. ॥ ૧ ॥
નહિ નવકારસી પોરિસી, નહિ ભણવાના ખપ,
લીધાં ઝોળી પાતરાં, આવીજ ઉભા ટપ.

વળી જેઓ જ્ઞાન, ધ્યાન, તપ, જપ આરાધને ઉદ્યમ કરતાં નથી તેમને તો હરાયા ઢોર જેવા કહ્યા છે.

છપ્પો.

વગર મહેનતે ખાય પારકા માગી મેવા,
વગર મહેનતે ખાય હરાયા સાંઢો જેવા;
જીવે પારકુ ખાઇ દિલનો ડોળ વધારે,
દિલમાં દાન બુરી હાથમાં માળા ધારે.
એ માલ પારકો ખાઇને મનમાંહે હરખાય છે,
દુનિયા મૂર્ખ બની એને મલીંદા આપે જાય છે.

આવી રીતે લોલુપતાથી ખાધેલો ખોરાક, ઘણો દુઃખ દેવાવાળો થાય છે કહ્યું છે કે—

શ્રાવક કેરા રોટલા, દો દો હાથકા દંત,
કિરિયા કરશે તો ભલે, નહિતો ખેંચે અંત.

માટે જ્ઞાન, ધ્યાન, તપ, જપ આદિક ધર્મ કરણીમાં તત્પર રહેવું તેજ આત્મહિત કહેવાય.

સાધુ—દાન પારણા પરભાવનાદિને પ્રશંસે, પણ નિષેધે નહી.

સાધુ—છરી, ચાપુ, સુડી, ખડીયો કલમ, કાતર, વિગેરે પાસે રાખે નહી, તે આચારંગ, ઉત્તરાધ્યયન વિગેરેમાં કહ્યું છે.

સાધુ–૧૨ વસ્તુ સજ્જાતરની ભોગવે નહી, તે ( અશનાદિ ૪ પાયપૂછણા, વસ્ત્ર, પાત્રાં, કાંબળી, સુઇ, કાતર, નયણી, કાન કોરણી) તે ઠાણાંગ સૂત્રને બૃહતકલ્પમાં કહ્યું છે.

સાધુ ગૃહસ્થને વંદાવા જાય નહી, તથા તેડાવે પણ નહી, તે સૂયગડાંગ વિગેરેમાં કહ્યું છે.

સાધુ ગૃહસ્થ સાથે ચીઠી કાગળ દેવે નહી, તે નિશિથ સૂત્ર તથા દશ વૈકાલિકમાં કહ્યું છે.

સાધુ–સાધ્વીયે એક ઠેકાણે વધુ રહેવાથી રાગ બંધાય તેમ અપ્રીતિનું કારણ થાય, માટે વધુ રહેવું નહિ–કહ્યું છે કે–

સ્ત્રી પીયર નર સાસરે, સંયમીયા સ્થિરવાસ;
એતાં હોય અળખામણા, જો માંડે સ્થિરવાસ.
વહેતાં પાણી નિર્મળા, બંધ્યા ગંદા હોય;
સાધુ સદા ભમતા ભલા, ડાઘ ન લાગે કોય.

સાધુને વિહાર બે પ્રકારનો છે, એક ગીતાર્થનો અને બીજો ગીતાર્થનિશ્રાનો તે શિવાય ત્રિજો વિહાર નથી.

વળી વિહાર વસે દેવ દર્શનાદિનો લાભ થાય, સંયમ સચવાય, તેમ ઉપદેશાદિકે અન્ય જીવોને પણ લાભ મળે.

સાધુ ગૃહસ્થ પાસે વૈયાવચ ( ચંપી આદિક ) કરાવે નહીં, તેમ તેની પોતે પણ કરે નહીં. તે દશવૈકાલિક તથા નિશિથ સૂત્રમાં ને આચારાંગમાં કહ્યું છે.

સાધુ–સાધ્વી સાથે વિહાર કરે નહી, તે સૂયગડાંગ તથા દશવૈકાલિકમાં કહ્યું છે.

સાધુ–ગૃહસ્થને સાથે રાખે નહી, તેમ ફેરવે નહી, તે આચારાંગ દ્વિતીયશ્રૂતસ્કદમાં કહ્યું છે.

સાધુ–ગૃહસ્થ તથા અન્યતીર્થી સાથે વિહાર કરે નહી, તે ઉત્તરાધ્યયન તથા આચારાંગ દ્વિતીય શ્રુતસ્થએ કહ્યું છે.

સાધુ–પાટ, ફલંગ, સરાગ ભાવે કૃત ભોગવે નહી, તે ભગવતી ૧૮ તુંગીયા નગરી શ્રાવિકાધિકારે ને રાયપશ્રેણી સૂત્ર મધ્યે કહ્યું છે.

સાધુ–નિમીત, જ્યોતિષ, મંત્ર, નક્ષત્ર, સ્વપ્ન, વશીકરણ, યોગ, ઔષધાદિ લક્ષણ, ફળ વિગેરે કહે નહી, તે ઉત્તરાધ્યયન તથા દશવૈકાલિકમાં કહ્યું છે.

સાધુ–દ્વાર વાસે ઉઘાડે નહી, તે ઉત્તરાધ્યયનના ૩૫ અધ્યયનમાં અને સૂયગડાંગ દ્વિતીય અધ્યયનમાં કહ્યું છે.

સાધ્વીએ તો ઘણા ભયાદિક કારણના લીધે રાત્રિયે અવશ્ય વસ્તિદ્વાર બંધ કરવાં અને જિનકલ્પિ સાધુ સર્વથા દ્વાર બંધ નજ કરે, પણ સ્થવિર કલ્પિ સાધુ તો કારણે યત્નાવડે વસતિદ્વાર બંધ કરે. તે બૃહત્કલ્પ ભાષ્યમાં કહેલ છે.

સાધુએ પાટ, પાટલા, ઘડા, પરાત વિગેરે જે જે જોઇએ તે તે ગૃસ્થહના ઘેરથી જાચી જાતે ઉપાડી લાવવા તેમ કામ પુરૂં થયે જાતે ઉપાડી પાછા આપી આવવા તે આચારાંગ વિગેરેમાં કહ્યું છે.

સાધુએ કપડાં કામળી પાત્રાં વિગેરે, જે જે જોઇએ તે તે ગૃહસ્થના ઘર અગર દુકાને, જાતે જઇ જાચીને વહોરી લાવવાં તે આચારાંગ વિગેરેમાં કહ્યું છે.

## સાધુને વસ્ત્રો લેવાનો વિધિ.

### વસ્ત્રોના ત્રણ પ્રકાર.

**ત્રણની સમજ**-સુતર સહી એકેંદ્રિથી, કીડે રેશમ કહાય;
કાંબળ કહી પંચેંદ્રિથી, વસ્ત્રો ત્રણ વદાય.

**વસ્ત્રો-સુતરાઉ, રેશમી ને ઉનના** એમ ત્રણ પ્રકારના છે. યથા કૃતિ તે આખું અલ્પ પરિકર્મ તે એક સાંધો આવે તે' બહુલ પરિકર્મ તે ઘણા સાંધાવાળું, (પહેલાના અભાવે બીજુ ને તેના અભાવે ત્રીજુ લેવું,) સાધુ અર્થે વણ્યું ન હોય, સાધુ અર્થે વેચાતું લીધું ન હોય, પોતાના પુત્ર કલત્ર પાસેથી છીનવી લીધું ન હોય, વેપારીની દુકાનેથી ઘરે લાવેલું, સ્વગામથી કે પરગામથી લાવેલું, પ્રામિત્ય તે (બીજાનું ઉછીનું લઈ આપે તે) પિંડ વિશુદ્ધિના દોષ રહિત, અવિશોધી કોટિ તે સાધુ અર્થે વણાવ્યું તે, અને જે ધોવરાવવું પ્રમુખ સાધુ અર્થે કરાવે તે વિશોદ્ધિ કોટિ, ઇત્યાદિક દોષ રહિત હોય તે સાધુને લેવું કલ્પે. હવે તે કલ્પનીયમાં પણ સારૂ નઠારૂં વસ્ત્ર બતાવે છે.

અંજન તે સુરમો, ખંજન તે દીપ માળ, કદર્મ એટલે કાદવ અથવા ગાડી પ્રમુખની મળી (ઉંગ) ઉંદર કે ઉધઇએ કરડેલું, બળેલું તુનેલું, ધોબીથી કાંકરાથી કુટાયેલું, છીદ્ર પડેલુ ને જીર્ણ થયેલું, તેનો ભલો ભુડો વિપાક દેખાડે છે.

તે વસ્ત્રના નવ ભાગ કરવા—ચાર ખુણા દેવતાના છે, બે છેડા મનુષ્યના છે, બે કીનારીના ભાગ અસુરના છે. ને વચમાંનો એક ભાગ રાક્ષસનો છે. ચાર ખુણાના ભાગમાં અંજનાદિક હોય તો સારા, બે છેડે હોય તો સમઘાત, બે કીનારે હોય તો ગ્લાનત્વ

રોગની પ્રાપ્તિ થાય અને રાક્ષસના ભાગમાં તે અંજનાદિક હોય તો મરણની પ્રાપ્તિ જાણવી. પ્રવચન સારોદ્ધાર.

સાધુને અઢારથી તે લાખ રૂપીયા સુધીનું વસ્ત્ર ખપે નહિ, એટલે અઢારથી ઓછી કીંમતનુંજ ખપે, તે પ્રવચન સારોદ્ધાર શ્લોક૦ ૮૦૪ માં કહ્યું છે.

સાધુ એક આંકનુંજ ( એકથી નવ રૂપીયા સુધીનું ) વસ્ત્ર ગ્રહણ કરે, તે આચારાંગ તથા ઉત્તરાધ્યયનમાં કહ્યું છે.

**કપડાને થીગડાં**-કપડાને ત્રણ થીગડાં, ચોળપટાને એક;
તેથી વધુ ન દીજીયે, હૃદય રાખી વિવેક.

## વસ્ત્રોના પાંચ પાંચ પ્રકાર.

દુહો— અપ્રત્યુપેક્ષતે મૂળથી, નહીંજ પડિલેહાય;
દુ:પ્રત્યુપેક્ષતે કષ્ટથી, પડિ લેહી શકાય.

### અપ્રત્યુપેક્ષ.

મનહર છંદ.

રૂને આકતુલે ભરી, તળાઇ તે ચનીચન,
હંસ રોમાદિકે ભર્યું, ઓશીકું ગણાય છે;
ઓશીકાપે રાખવાનું, ગાલ મસુરીયું ગણ્યું;
ગંડોપ ધનિકા તેનું નામ ગણાવાય છે,
ગોડા અને કોણીનીચે, રખાય તે આલિંગિણી,
લુગડા વા ચાંબડાનો, ચાકળો કહાય છે,
અપ્રત્યુપેક્ષના ભેદ, પાંચ તે હૃદયે વેદ,
પડિલેહો ન લલિત, સત્ય સમજાય છે. ॥ ૧ ॥

### દુ:પ્રત્યુપેક્ષ.

મનહર છંદ.

હાથી ઉંટપરે વાળ, ભર્યો આથર પલ્હવી,
કોયવી રૂભર્યું વસ્ત્ર, બૂરટી કહાય છે;
તેમાં શાલજોડી અને, કૃમીથી બનેલ વસ્ત્ર,
પીતાંબરાદિક તેનો, સમાવેશ થાયછે;

દઢગાલી પ્રમાણુ જે, દશીનુ વસ્ત્ર પહેરે,
પ્રાવારક બીજા ગ્રંથે, કામળો વદાય છે;
નવતક જીર્ણ વસ્ત્ર, દુઃપ્રત્યુપેક્ષના ભેદ,
કષ્ટે પડિલેહી શકે, લલિત જણાય છે. ॥ ૨ ॥

**સાધુને પાત્રા**–લાકડા, તુંબડા ને માટી એ ત્રણુ જાતનાજ વપરાય ( ધાતુના નહી ) તે આચારાંગ, ઓઘનિર્યુક્તિમાં કહેલ છે.

સાધુ–ગૃહસ્થના ઘેર વસ્ત્ર, પાત્ર મુકે નહી, તે આચારાંગ, ઉત્તરાધ્યયનમાં કહેલ છે.

સાધુ–ગૃહસ્થના ભરોંસે પીઢ ફલકાદિ ઉપકરણ મુકી ૧૦૦ હાથ ઉપરાંત ગોચરી જાય નહિ, તે ઉત્તરાધ્યયન તથા આચારાંગમાં કહ્યું છે.

સાધુ–ત્રણુ પડ ઉપરાંત ઓઢે નહિ, ને બે પડથી વધારે પાથરે નહિ, તે આચારાંગમાં કહ્યુ છે.

સાધુ–ગૃહસ્થના પૈસા એકઠા કરી વૈરાગીને દીક્ષા આપે નહી, તે આચારાંગ તથા ઉત્તરાધ્યયનના ૩૫ મા અધ્યયનમાં કહ્યું છે.

સાધુ–રસ્તે ચાલતાં પછેડી લોબડીએ માથું ઢાંકે, નહી તો દોષ લાગે તે દશવૈકાલિક તથા ઉત્તરાધ્યયનના બીજા અધ્યયને કહ્યું છે.

સાધુ–શીંગડી પાછણા દેવરાવે નહી, તે ઉત્તરાધ્યયન તથા નિશિથસૂત્રમાં કહ્યુ છે.

સાધુ–નારાયણુ તેલ, વિસગર્ભ, ગંધ પાત્ર રાત્રે રાખે નહી, તે દશવૈકાલિક તથા ઉત્તરાધ્યયનમાં કહ્યું છે.

સાધુ–એકલી ત્રણુ સ્ત્રી તથા ત્રણુ સાધ્વી પાસે પુરૂષ વિના વ્યાખ્યાન કરે નહી, તે ઉત્તરાધ્યયનમાં કહ્યુ છે.

સાધુ સાધ્વી–કથા, ચોપાઈ, ચરિત્ર, શૃંગાર રૂપ કથા કહે નહી, તે પ્રશ્નવ્યાકરણુ તથા ઉત્તરાધ્યયનમાં કહ્યું છે.

સાધુ–ગૃહસ્થના ઘેર બેશી વ્યાખ્યાન આપે નહી, તે સૂયગડાંગમાં ને દશવૈકાલિકમાં કહ્યું છે.

સાધુ–પડિહારૂ ભાંડો પગરણુ ન લેવે, ભોગવે નહી, તે સૂયગડાંગમાં કહ્યું છે.

સાધુ—બહુ મુલવાળી વસ્તુ લેવે નહી, તે ઉત્તરાધ્યયન તથા દશવૈકાલિક તથા પ્રવચન સારોદ્ધાર શ્લોક ૮૦૪ માં કહ્યું છે.

સાધુને સ્ત્રીઆદિકનો પરિચય ત્યાગ—જે ગચ્છમાં જેના દાંત પડી ગયા છે, એવા સ્થવિર પણ સાધ્વી સાથે બોલતા નથી, અને સ્ત્રીનાં અંગોપાંગ જોતા નથી, તેને ગચ્છ કહીયે. ગચ્છાચાર પયન્નો.

કોઈપણ મુનિ—બીજા બહુ ગુણે અલંકૃત હોય, લબ્ધિ સંપન્ન હોય અને ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયો હોય, તોપણ મૂળગુણે કરી વિમુક્ત હોય એવાને કાઢી મુકે છે, એવો ગચ્છ તેજ ગચ્છ છે. ગચ્છાચાર પયન્નો.

અપ્રમત્ત મુનિમહારાજાઓને અગ્નિ અને વિષ જેવો સાધ્વીનો સંસર્ગ છે. તે વર્જવા જેવો છે, કારણકે એવા સંસર્ગવાળા સાધુ અલ્પકાળમાં અપકીર્તિને પામે છે. ગચ્છાચારપયન્નો.

કુકડીના બચાને જેમ બિલાડીથી ભય છે, તેમ બ્રહ્મચારીઓને સ્ત્રીના શરીરથી ભય છે. દશવૈકાલિક૦

મુનિએ ચિત્રામણમાં ચિત્રેલી સ્ત્રીને પણ જોવી નહી, તેમ અલંકાર વાળી અથવા અલંકાર વિનાની સ્ત્રીને પણ જોવી નહી, જે જોવી તે વિકારનું કારણ છે, કદાપી જોવામાં આવે તો, તુરત સૂર્યની જેમ દૃષ્ટિ ખેંચી લેવી. દશવૈકાલિક૦

મુનીએ હાથ, પગ, નાક, કાન કાપેલી તે પણ સો વરસની એવી પણ સ્ત્રીનો પરિચય કરવો નહીં, તો પછી યુવાનની તો વાત શું કરવી. દશવૈકાલિક૦

મુનિએ સ્ત્રીનાં અંગોપાંગ, આકૃતિ, સુંદર બોલવા પણાને અને તેના મનોહર જોવા પણાને દેખવાં નહી, તેમ કરવાથી વિષયાભિલાષની વૃદ્ધિ થાય છે. દશવૈકાલિક૦

આત્માર્થી મુનિઓને વસ્ત્રાદિકથી શરીર શોભા, સ્ત્રીઓનો સંસર્ગ, અને ઘી તથા દુધાદિકથી નીતરતું ભોજન, તે ચારે વસ્તુ તાલકુટ વિષ સમાન છે. દશવૈકાલિક૦

કષ્ટ ક્રિયાને કરતા છતાં પણ રસ લોલુપતાદિકથી ઇંદ્રિય જય વગરના સાધુ, જેમ ઘુણ નામનો જીવડો કાષ્ટને પોલુ નિસ્સાર કરી મુકે છે, તેમ વિષય સુખની લાલસાવાળા સાધુ સ્વચારિત્રનો વિનાશ કરી

નાંખે છે, તેથી ચારિત્રના અર્થી સાધુએ ઇંદ્રિય જય કરવા ૯૯ પ્રયત્ન કરવો. પુષ્પમાળા.

મદ મદનને સર્વથા જીતનારા તન, મન, વચનના દોષ રહિત અને નિઃસ્પૃહી એવા સુવિહિત સાધુઓને અહીંજ મોક્ષ છે.

જ્યારે તારૂં મન વાઘથી જેટલુ ડરે છે, તેટલુંજ પરનિંદાથી, અને વિષધરથી જેટલું ડરે છે, તેટલુંજ પરદ્રોહથી ડરતું રહેશે એટલે પ્રાણાંતે પણ પરનિંદા અને પરદ્રોહમાં પ્રવૃત્તિ કરીશ નહી, ત્યારેજ તને પરં સુખની પ્રાપ્ત થશે.

ક્રોધાતુર થયેલા શત્રુ ઉપર અને શુદ્ધ અંતઃકરણવાળા સજ્જન ઉપર, જ્યારે તારૂં મન સંભાવ ધારણ કરશે, ત્યારેજ તને પરંસુખની પ્રાપ્તિ થશે.

જેઓ કષાયોને ઉપસમાવી શાંત બન્યા છે, તેજ પરમ સુખી છે, માટે કદાપી ક્રોધાદિ કષાય સેવવા નહિ ક્રોધાદિકથી પ્રાણીઓ કેવા દુઃખી થાય છે તેનો વિચાર કર.

સાધુએ-સવારે દશ પડિલેહણા કરી છેવટના સૂર્યોદય વખતે દાંડા ને પડિલહેવો જોઇએ. આચારાંગ૦

સાધુએ પડિલેહણ વખતે બોલવાથી છકાયની વિરાધના કહી છે, માટે પડિલેહણમાં સાધુ સાધ્વીયે બોલવું નહી.

સાધુને કંદોરો બાંધવાનું આવશ્યક વૃત્તિ, ધર્મરત્નપ્રકરણ વૃત્તિ, ઉત્તરાધ્યયન વૃત્તિ વિગેરેમાં છે, આર્ય રક્ષિતસૂરિએ સાધુ થયેલા પોતાના પિતાને, કંદોરો બંધાવ્યો તે પ્રમાણે વૃદ્ધવાદ છે.

સર્વે ચારિત્ર પાત્ર સાધુઓને લોક ખરેખર આધાર રૂપ છે, તેથી લોક વિરૂદ્ધ અને ધર્મ વિરૂદ્ધ સર્વે તજવું. પ્રશમરતિ૦ ૧૩૧

શરીર સાધન રૂપ છે, અને શરીર સાધન લોકાધીન છે, તેથી સતધર્મ ચારિત્રને હાની ન પહોંચે, તેમ લોકને અનુસરવું, પ્રશમરતિ૦ ૧૩૨

જે જે દોષથી અન્યજન અનુપકારી અને અત્યંત ખિન્ન થાય, તે તે દોષના સ્થાનો સદાય પોતેજ પ્રયત્નથી પરિહરવા. પ્રશમ૦ ૧૩૩

સાધુ-બે અને સાધ્વી ત્રણ વિચરે. એકલા વિચરે નહિ, તે કલ્પસૂત્રમાં છે.

સાધુ–રસ્તામાં ચાલતાં વાતો કરે નહિ, વાત કરવી હોય તો એક બાજુ ઉભા રહીને વાત કરી લેવી. દશવૈકાલિક૦

સાધુએ–બૈરાંઓને તેમ છોકરીઓને ભણાવવી નહીં, તે ઉત્તરાધ્યનમાં કહ્યું છે.

સાધુને–છોકરાઓનો પરિચય, તેમ રમાડવા તે ઘણું નુકશાન કરતા છે, તે દશવૈકાલિક૦

સાધુ, સ્નાન કરે નહી, ( ન્હાય નહી. ) વસ્ત્ર ધોવે નહી, વસ્ત્ર શિવતા વધેતો ફાડે નહીં, ફાડે તો દોષ નથી, તે સુયગડાંગમાં છે.

સાધુ વર્ષમાં એક વખતે ( ચોમાસુ બેસતાં પહેલાં ) પાણીથી કાપ કાઢે, ( વસ્ત્ર ધોવે. ) વધારે પાણીનો જોગ ન મળેતો ઝોળી પલ્લાદિક મળેલ પાણીથી કાઢી લે. ( સાબુ ખાર નહી. ) એવી આજ્ઞા છે. પ્રવચન સારોદ્ધાર.

સદ્ ઉદ્યમી અપ્રમત્ત પુરૂષોને પ્રાંતે કશી ઉપાધી રહેતી નથી.

સાધુ, દિવસે સુવે નહીં, એક ઉપવાસ આલોયણ આવે છે.

કપડાં સુકવવાની દોરી રાત વાસો રહેતો એક આંબિલની આલોયણ આવે.

**મિથ્યાત્વ**—શ્રી અરિહંતનો અવર્ણવાદ, અરિહંત ભાષિત ધર્મનો અવર્ણવાદ, ચતુર્વિધ સંઘનો અવર્ણવાદ, તપ બ્રહ્મચર્ય પાળી દેવ થાય છે તેનો અવર્ણવાદ બોલે, તે જીવ દુર્લભ બોધી પણું પામે, ને એજ ઉપરના પાંચની સ્તવના કરતો થકો જીવ સુલભ બોધીપણું પામે છે, તે આચારાંગ ઉત્તરાધ્યયન વિગેરેમાં કહ્યું છે.

વિષ, અગ્નિ, સર્પ, સિંહ, હાથી અને શત્રુ એ સર્વે પ્રાણીના એકજ ભવને હણી શકે છે, પણ મિથ્યાત્વતો સત્તામાં હોવાથી પ્રાણીને અનંત કોટિભવમાં હણે છે ( એટલે અનંતા ભવ કરાવે છે.)

**ગુરૂ આશાતના વિષે**—ગુરૂ આશાતના કરવા વાળાને મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે, આમ છે તો તેવાને મોક્ષ પણ નથી. દશવૈકાલિક૦

કોઇ જીવવા માટે અગ્નિમાં ઉભો રહે, આશી વિષ સર્પને ક્રોધ પમાડે, કે ઝેર ખાય, તો આમ કરવે ઉલટું મરણ થાય છે.

તેમ ગુરૂ આશાતનાથી સંસાર વૃદ્ધિ થાય છે, કદાચ મંત્ર ઉપચારથા તે ત્રણથી બચે, પણ ગુરૂ હિલનાથી તો મોક્ષ નજ થાય, દશવૈકાલિક૦

કોઈક પ્રભાવિક અતિશયના બળે માથાથી પર્વતને તોડે, સુતા સિંહને જગાડે, તરવારની ધારાપર હાથ પછાડે, તોપણ તેવાને ગુરૂ આશતનાથી તો મોક્ષે નજ થાય. દશવૈકાલિક૦

અપ્રસન્ન ગુરૂના સદ્બોધના અભાવે, મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે. માટે શાશ્વત સુખના અભિલાષીએ, જેમ ગુરૂ પ્રસન્ન રહે તેમ વર્તવું. દશવૈકાલિક૦

જેમ વિનયથી સાધુઓ કીર્તિ, શ્રુત, જ્ઞાન, અને પ્રશંસવા લાયક વસ્તુને પામે છે, તેમ મોક્ષ ને પણ મેળવે છે, તો તે વિનયનું બરોબર સેવન કરો, દશવૈકાલિક૦

**અધ્યાત્મ આશ્રી**—મોહ વિકલતા રહિત પુરૂષો આત્મ શુદ્ધિને અર્થેજ શુદ્ધ નિર્દોષ ક્રિયા કરે છે, તેજ અધ્યાત્મ છે, એમ વીતરાગ પ્રભુ ઉપદેશે છે. પ્રશમરતિ.

જેમ સર્વ પ્રકારના ચારિત્રમાં સામાયિક સહગત રહે છે, તેમ સર્વે પ્રકારના મોક્ષ માર્ગમાં અધ્યાત્મ સહગતજ રહે છે. પ્રશમરતિ૦

ચોથા ગુણ સ્થાનથી માંડીને ચૌદમા ગુણ સ્થાનક સુધી ક્રમે કરીને વધારે વધારે શુદ્ધિવાળી ક્રિયા અધ્યાત્મમય હોય છે. પ્રશમરતિ.

શાંત દાંત વ્રત નિયમમાં સદા સાવધાન અને વિશ્વવત્સલ એવો મોક્ષાર્થી જીવ જે જે નિર્દંભ, નિષ્કપટ, ક્રિયા કરે છે, તે અધ્યાત્મ ગુણની વૃદ્ધિ માટે થાય છે. પ્રશમરતિ૦

મહારથના બન્ને ચક્રોની પરે વા પંખીની બન્ને પાંખોની પરે શુદ્ધ અવિકારી જ્ઞાન અને શુદ્ધ ક્રિયા એ બન્ને શુદ્ધ અંશે અધ્યાત્મમાં સાથે મળેલા સમજવા, અર્થાત શુદ્ધ જ્ઞાન યુકત શુદ્ધ ક્રિયા યોગેજ યથાર્થ અધ્યાત્મ હોઇ શકે. પ્રશમરતિ૦

ખાન, પાન, ઉપાધિ, માન, મહત્વ, રિદ્ધિ અને ગૌરવને માટે ભવાભિનંદીજીવજે ક્રિયા કરે છે, તે અધ્યાત્મનો લોપ કરનારી થાય છે. પ્રશમરતિ૦

ક્ષુદ્ર, લોભી, લાલચું, દીન, અદેખો, ભયવાન, શઠ, મૂર્ખ, અને નકામા પાપારંભને સેવનારો, ભવાભિનંદી કહેવાય છે પ્રશ૦

અધ્યાત્મજ્ઞાનીઓ નિશ્ચયથી મૂર્ચ્છાનેજ પરિગ્રહ કહે છે, તેથી વૈરાગના અર્થીને નિષ્પરિગ્રહતા, નિસ્પૃહતા એ પરમ ધર્મ છે. પ્રશ૦

જેમ તાડના શિખર ઉપર થયેલી સૂચીનો ( અંકૂરનો ) નાશ થવાથી નિશ્ચય તે તાડનો નાશ થાય છે, તેમ મોહની કર્મનો ક્ષય થયે છતે, સમસ્ત કર્મનો નિયમા નાશ થાય છે. પ્રશમરતિ૦

**કષાય વિચાર**—ધર્મનું મૂળ દયા છે, સકળ વ્રતોનું મૂળ ક્ષમા છે, સકળ ગુણોનું મૂળ વિનય છે, સકળ વિનાશનું મૂળ અભિમાન છે.

લોભથી કોણ હણાયું નથી, સ્ત્રીઓએ કોનું હૃદય ભોળવ્યું નથી, મૃત્યુએ કોનો અંત કર્યો નથી, વિષય સુખમાં કોણ ગૃદ્ધ બન્યું નથી.

માન કષાયવંત કરતાં ક્રોધ કષાયવંત વધારે છે, ક્રોધ કષાય કરતાં માયા કષાયી વધારે છે, માયા કષાયી કરતાં લોભ કષાયી વધારે છે.

દેવતાને લોભ વધારે છે, નારકીને ક્રોધ વધારે છે, મનુષ્યને માન વિશેષ છે, તીર્યંચને માયા વિશેષ હોય છે.

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રતાનો વિશ્વાસ નાશ કરે છે, ને લોભ સર્વે વસ્તુનો નાશ કરે છે.

માટે ક્ષમા ઉપશમે કરી ક્રોધને જીતો, મૃદુતાએ કરી માનને જીતો, સરળતાએ કરી માયાને જીતો, અને સંતોષે કરીને મુનિએ લોભને જીતવો જોઇયે.

રાગ–દ્વેષનું ઝેર નિવારવા માટે હંમેશાં, વિવેક રૂપ મંત્રનું સેવન કરો કે જેથી તે રાગ–દ્વેષને નિર્મૂળ કરશે.

સર્વે ઇંદ્રિઓમાં રસેંદ્રિ, સર્વે કર્મમાં મોહની, સર્વે વ્રતમાં બ્રહ્મવ્રત, અને સર્વે ગુપ્તિમાં મન ગુપ્તિ એ ચારે જીતવા કઠણ છે.

સાધુ હંમેશાં આવશ્યક ક્રિયા, પૂર્વ અગર ઊત્તર દિશા સન્મુખે રહી કરે.

સાધુએ કાંઇ વસ્તુ લેતાં મુકતાં, પહેલાં આંખથી જોઇ પછી રજોહરણાદિકથી પ્રમાર્જન કરવા ચુકવું નહિં.

સાધુએ કાંઇ પણ બોલતાં મુખે મુહુપત્તિનો ઊપયોગ કરવા જરા પણ ચુકવું નહિ.

સાધુએ, ઊંદર વિગેરે જીવ નિવારણાર્થે પાત્રાથી વીશ આંગુળ દૂર સુઇ રહેવું, તેથી વધારે દૂર નહી. ઓઘનિર્યુક્તિ.

સાધુઓ પરસ્પર ઊત્કૃષ્ટ બે હાથ અંતર રાખી શયન કરે, એમ ન કરે તો અનેક પ્રકારના દોષનો સંભવ થાય. ઓઘનિર્યુક્તિ.

જો મુનિને વિષય પિડા થાય તો, હલકો આહાર કરવો, ઊણોદરી કરવો, સ્થિર કાઉસગ્ગ ધ્યાને રહેવું, ગામાંતર જવું, છેવટે આહાર પાણીનો ત્યાગ કરવો, પણ સ્ત્રી સંસર્ગમાં કદાપિ ફસાવું નહીં.

હે મુનિ તું તારા શરીરને તપથી ખુબ કૃશ તથા જીર્ણ કર, કે જેથી જુનાં લાકડાને અગ્નિ જલદી બાળે, તેમ સ્નેહ રહીત અને સાવધાન પુરૂષના કર્મો જલદી બળી જશે.

મુનિએ સર્વ સંસાર જંજાળ છોડી, ઊપશમ ભાવથી અનુક્રમે વધતા જતા તપથી દેહનું દમન કરવું, મુક્તિ મેળવનાર મહા પુરૂષોનો માર્ગ પામવો બહુ વિકટ છે; માટે હે મુનિ ! તું તારા માંસ અને લોહીને સૂકાવ, કારણ કે જે બ્રહ્મચર્યમાં રહીને તપથી સદા શરીરને દમે છે, તેજ મહા પુરૂષ મુક્તિ મેળવનાર હોવાથી માનનીય થાય છે. પ્રશમરતિ.

જેમણે અંતરંગ શત્રુઓને જીત્યા છે, એવા જિનેશ્વરોએ જગતના હિતના માટે આ ચારિત્ર ધર્મ સારી રીતે પરૂપેલો છે તેમાં જે રક્ત થયેલા છે, તેજ આ સંસાર સમુદ્રને લીલા માત્રમાં પાર પામેલા સમજવા.

મુનિએ કોઇ પણ કાર્ય ગુરૂની આજ્ઞા પૂર્વકજ કરવા નિરંતર ધ્યાનમાં રાખવું એવી જિન આજ્ઞા છે.

## ગુરૂ ગુણ સ્તવના.

દુહો—ઉત્તમે કદી ન કોઇનો, અવર્ણવાદ વદાય;
પિતા ગુરુ સ્વામિ નૃપનો, વિશેષ વારો ભાય.

લાવણી—નેમકી જાન બની ભારી—એ દેશી.

શિષ્યને સદૈવ સુખકારી, ભલી ગુરૂ ભક્તિ ગુણકારી;
લેખાયો લાભ ત્યાં ભારી, સ્વલ્પ શંકા ઘો ત્યાં વારી. શિ૦ ટેક.
તીર્થંકરને ક્ષાયિકપણું, સાતની ત્રીજી નરક;
કૃષ્ણ તે કરતાં પામીયા, ગુંરૂ ભક્તિ ચે ગરક,
લેવો લ્યો લાભ દિલધારી, .... .... .... .... ભલી૦ ૧



સદ્‌ગુણાનુરાગી.

શાન્તમૂર્તિ મુનિ મહારાજ

શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ વિણ ઘોર અંધાર;
ગુરૂ વાણીથી વેગળા, એનો ધીક્ક અવતાર,
વક્તા વાત દ્યો વિદારી, .... .... .... .... ભલી૰ ૨
શિષ્યો શિખ શુભ એ સદા, રાખો હૃદયે ક્ષેમ;
ગુરૂ આણા ઊત્તમ ગણી, પાળો પૂરણ પ્રેમ.
નમૃતા નિરમળી લ્યો ધારી, .... .... .... .... ભલી૰ ૩
ઉપકારી ગુરૂનો અતી, બદલો લેશ તે આપ;
સ્વલ્પ નહિ તે વાળી શકો, એમનો ગુણ અમાપ,
ગુરૂના ગુણોની બલિહારી, .... .... .... .... ભલી૰ ૪
અપ્રસન્ન ગુરૂ જો એ કદી, સદ્બોધે નહીં સ્વલ્પ;
મહા મિથ્યાત્વ પમાય ત્યાં, અપ્રસન્ન કરો ન અલ્પ.
વિવેક નહિ મુકશો વિસારી, .... .... .... .... ભલી૰ ૫
માન ગુરુ વિનયથી ઘટે, અરિહંત આણ પલાય;
શ્રુત સેવ દેવ ગુરુ ભક્તિયે, પંચમી ગતિ પમાય,
એહની રાખો દિલ ચારી, .... .... .... .... ભલી૰ ૬
ગુરૂ વિનય વિમળો કરે, કીર્તિ જ્ઞાન શ્રુત પાય;
શિવ સુખ પણ સહેજે મળે, સેવો વિનયે સદાય,
વિનયની એહ ભલી વારી, .... .... .... .... ભલી૰ ૭
લખ્યું લલિત લખ લાભનું, લાસે લાભ લેખાય,
ભુંડી ભવની ભીતી ટળે, સુખ શાશ્વતું થાય;
ઉત્તમએ આપણા ઉપકારી, .... .... .... .... ભલી૰ ૮

શ્રીપૂર્વાચાર્યકૃત.

## શ્રી ગુરૂ પ્રદક્ષિણા કુલક ભાવાર્થ.

૧ હે સદ્‌ગુરૂજી ! આપનું દર્શન કર્યે છતે શ્રી ગૌતમસ્વામી, શ્રી સુધર્માસ્વામી, શ્રી જંબુસ્વામી, શ્રી પ્રભવસ્વામી અને શ્રી સ્વયંભવ આદિક આચાર્ય ભગવંતો તેમજ બીજા પણ યુગ પ્રધાનોનું દર્શન કર્યું માનું છું.

૨ આજે મારો જન્મ કૃતાર્થ થયો, આજે મારૂં જીવિત સફળ થયું, કે જેથી આપના દર્શનરૂપ અમૃત રસવડે કરીને મારા નેત્રો સિંચિત થયાં અર્થાત્ આપનું અદ્‌ભુત દર્શન મને પ્રાપ્ત થયું.

૩ તે દેશ, તે નગર, તે ગામ અને તે આશ્રમને ધન્ય છે કે જ્યાં હે પ્રભુ! આપ સદાય સુપ્રસન્ન થતા વિચરો છો.

૪ તે હાથ સુકૃતાર્થ છે કે, જે આપના ચરણે દ્વાદશવર્ત્ત વંદન કરે છે, અને તે વાણી (જીવ્હા) બહુ ગુણવાળી છે કે, જે વડે સદ્ગુરૂના ગુણોનું વર્ણન કરવામાં આવે છે.

૫ હે સદ્ગુરૂ! આપનું મુખ કમળ દીઠે છતે, આજ કામધેનુ મારા ઘરને આંગણે આવી જાણું છું, તેમજ સુવર્ણ વૃષ્ટિ થઇ જાણું છું અને આજથી મારૂં દારિદ્ર દૂર થયું માનું છું.

૬ હે સદ્ગુરૂ! આપનું મુખ કમળ દીઠે છતે, ચિંતામણિ રત્ન સરખું સમ્કિત મને પ્રાપ્ત થયું ને તેથી સંસારનો અંત થયો માનું છું.

૭ હે સદ્ગુરૂ! આપનું મુખ કમળ દીઠે છતે જે ઋદ્ધિ દેવતાઓ પોતાની દેવાંગનાદિક સહિત ભોગવે છે, તે મારે કંઇ હિસાબમાં નથી.

૮ હે સદ્ગુરૂ! આપનું વદન કમળ દીઠે છતે જે મન, વચન, કાયાથી મેં જે પાપ આજ પર્યંત ઉપાર્જન કર્યું છે, તે બધું આજે સ્વતઃ નષ્ટ થયું માનું છું;

૯ જીવોને સર્વજ્ઞ ભાષિત ધર્મ પામવો દુર્લભ છે, તથા મનુષ્ય જન્મ મળવો દુર્લભ છે, અને તે મનુષ્ય જન્મ મળે છતે પણ સદ્ગુરૂની સામગ્રી મળવી અતિ દુર્લભ છે.

૧૦ જ્યાં પ્રભાતે ઉઠતાંજ સુપ્રસન્ન ગુરૂનાં દર્શન થતાં નથી ત્યાં અમૃત સદૃશ જિન વચનનો લાભ શી રીતે લઇ શકાય.

૧૧ જેમ મેઘને દેખી મોરો પ્રમુદિત થાય છે, અને સૂર્યનો ઉદય થયે છતે કમળનાં વન વિકસિત થાય છે, તેમજ આપનું દર્શન થયે છતે અમે પણ પ્રમોદ પામીએ છીએ.

૧૨ હે સદ્ગુરૂજી! જેમ ગાય પોતાના વાછરડાને સંભાળે છે, અને જેમ કોયલ વસંત માસને ઇચ્છે છે, તથા હાથી વિંધ્યાચળની અટવીને યાદ કરે છે, તેમ અમારૂં મન આપનું સ્મરણ કર્યા કરે છે.

૧૩ બહુ બહુ દિવસે જઇ સુગુરૂ ને જોઇ મારાં બે નેત્રો વિકસિત થયા ને હૃદયમાં આનંદ થયો.

૧૪ અહો ઇતિ આશ્ચર્યે! આપે ક્રોધનો કેવો જય કર્યો

છે? માનનો કેવો પરાજય કર્યો છે? માયાને કેવી દૂર કરી છે? અને લોભને કેવો વશ કર્યો છે?

૧૫ અહો આપનું સરલપણું કેવું ઉત્તમ છે? અહો આપનું નમ્રપણું કેવું રૂડું છે, અહો આપની ક્ષમા કેવી ઉત્તમ છે? અને આપની સંતોષવૃત્તિ કેવી શ્રેષ્ટ છે.

૧૬ હે ભગવંત! આપ અહિં પ્રગટજ ઉત્તમ છો, વળી ઇચ્છા મનોરથવડે કરીને પણ ઉત્તમ છો અને અંતે પણ કર્મ મલને ટાળીને આપ મોક્ષ નામનું સર્વોત્તમ સ્થાનજ પામવાના છો,

૧૭ આચાર્ય મહારાજને કરેલો નમસ્કાર જીવને હજારો ગમે ભવ ભય થકી મુક્ત કરે છે અને તે ભાવ સહિત કરવામાં આવતો નમસ્કાર જીવને સમકિતનો લાભ આપે છે.

૧૮ ભાવાચાર્યને ભાવસહિત કરેલો નમસ્કાર, સર્વ પાપને પ્રકર્ષે કરીને નાશ કરનારો થાય છે, અને તે સર્વ મંગલમાં ત્રીજું મંગલ છે. ઇતિ

સોમસુંદર સૂરિકૃત.

## સંવિજ્ઞ સાધુ યોગ્ય નિયમ કુલક ભાવાર્થ.

૧ ત્રણ ભુવનને વિષે એક અસાધારણ પ્રદીપસમાન, શ્રી વીર પ્રભુને અને નિજ ગુરૂના ચરણ કમળને નમીને સર્વ વિરતિવંત સાધુ જનોને યોગ્ય, સુખે નિર્વહિ શકાય એવા નિયમોને હું (સોમસુંદર સૂરિ) કહીશ.

૨ યોગ્ય નિયમોનું પાલન કર્યા વગરની દીક્ષા, ફક્ત નિજ ઉદર પૂરણા કરવારૂપ આજીવિકા ચલાવવા માત્ર ફળવાળી કહી છે. એવી દીક્ષા તો હોળીના રાજાની જેમ સહુ કોઇને હસવા યોગ્ય બને છે.

૩ તે માટે પંચાચાર (જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ–વીર્ય)ના આરાધન હેતે લોચાદિક કઠણ નિયમો ગ્રહણ કરવા જોઇએ કે જેથી લીધેલ દીક્ષા સફળ થાય.

## જ્ઞાનાચાર સંબંધી નિયમો.

૪ જ્ઞાન આરાધન હેતે મ્હારે હમેશાં પાંચ ગાથાઓ ભણવી કંઠાગ્ર કરવી અને પરિપાટીથી (ક્રમવાર) પાંચ પાંચ ગાથાનો અર્થ ગુરૂ સમીપે ગ્રહણ કરવો.

૫ વળી હું બીજાઓને ભણવા માટે હમેશાં પાંચ ગાથાઓ લખું અને ભણનારાઓને હમેશાં ક્રમવાર પાંચ પાંચ ગાથા આપું સિદ્ધાંત–પાઠ ગણવાવડે વર્ષા રૂતુમાં પાંચસો, શિશિરરૂતુમાં આઠસો, ને ગ્રીષ્મ રૂતુમાં ત્રણસો ગાથા પ્રમાણ સઝાય ધ્યાન સદાય કર્યા કરૂં.

૬ પંચ પરમેષ્ટી રૂપ નવપદ ( નવકાર મહામંત્ર ) નું એકસો વાર હું સદાય રટણ કરૂં.

## દર્શનાચારના નિયમો.

૭ દર્શનાચારમાં આ નીચે મુજબ નિયમો હું સમ્યગ્ભાવે ગ્રહણ કરૂં છું.

૮ પાંચ શક્રસ્તવ વડે સદાય એક વખત દેવવંદન કરૂં જ અથવા બે વખત ત્રણ વખત કે પહોરે પહોરે યથાશક્તિ આળશ રહિત દેવવંદન કરૂં.

૯ દરેક અષ્ટમી ચતુર્દશીને દિવસે સઘળાં દેરાસરો જુહારવાં. તેમજ સઘળા મુનિજનોને વાંદવા ત્યારે બાકીના દિવસે એક દેરાસરે તો અવશ્ય જવું.

૧૦ હમેશાં વડિલ સાધુને નિશ્ચે ત્રિકાલ વંદન કરૂં જ અને બીજા ગ્લાન તેમજ વૃદ્ધાદિક મુનિજનોનું વૈયાવચ્ચ યથાશક્તિ કરૂં.

## ચારિત્રાચાર સંબંધી નિયમો.

૧૧ હવે ચારિત્રાચાર વિષે નીચે મુજબ નિયમો ભાવ સહિત અંગિકાર કરૂં છું, ઈર્યાસમિતિ–વડી નીતિ, લઘુનીતિ, કરવા અથવા આહાર પાણી વહોરવા જતાં ઈર્યાસમિતિ પાળવા માટે વાટમાં વાર્તાલાપ વિગેરે કરવાનું ત્યાગ કરૂં.

૧૨ યથા કાળ પુંજ્યા પ્રમાર્જ્યા વિના ચાલ્યા જવાય તો, અંગ પડિલેહણા પ્રમુખ સંડાસા પડિલેહ્યા વગર બેસી જવાય તો અને કટાસણા કાંબળી વગર બેસી જવાય તો ( તત્કાલ ) પાંચ નમસ્કાર કરવા ( ખમાસમણા દેવા ) અથવા પાંચ નવકાર મંત્ર જાપ કરવો.

૧૩ **ભાષા સમિતિ**—ઊઘાડે મુખે ( મુહપત્તિ રાખ્યા વગર ) બોલુંજ નહિં, તેમ છતાં ગફલતથી જેટલી વાર ખુલ્લા મુખે બોલી જાઉં તેટલી વાર (ઇરિયાવહી પૂર્વક) લોગસ્સનો કાઉસ્સગ્ગ કરૂં.

૧૪ આહાર પાણી કરતાં તેમજ પ્રતિક્રમણ કરતાં કોઇ મહત્વના કાર્ય વગર કોઇને કાંઇ કહું નહિ, એટલે કે કોઇ સંગાતે વાર્તાલાપ કરૂં નહિં, એજ રીતે આપણી ઉપધિની પડીલેહણા કરતાં હું કદાપિ બોલું નહિં.

૧૫ એષણા સમિતિ—બીજાં નિર્દોષ પ્રાસુક ( નિર્જીવ ) જળ મળતાં હોય, ત્યાં સુધી પોતાને પ્રયોજન (ખપ) છતાં ધોણુ (વાણું જળ) હું ગ્રહણ કરૂં નહિ, વળી અણગળ ( ગળ્યાવગરનું ) જળ હું લહું નહિ અને જરવાણી તો વિશેષ કરીને લહું નહિં.

## અથ આદાન નિક્ષેપણ સમિતિ નિયમ.

૧૬ આદાન-નિક્ષેપણા સમિતિ—આપણી પોતાની ઊપધિ પ્રમુખ પુંજી-પ્રમાર્જીને તેને ભૂમિ ઉપર સ્થાપન કરૂં. તેમજ ભૂમિ ઊપરથી ગ્રહણ કરૂં. જો તેમ પુંજવા પ્રમાર્જવામાં ગફલત થાય તો, ત્યાંજ નવકાર મહા મંત્રનો ઉચ્ચાર કરૂં (નવકાર ગણું.)

૧૭ દાંડો પ્રમુખ પોતાની ઊપધિ જ્યાં ત્યાં ( અસ્ત વ્યસ્ત ઢંગધડા વગર ) મૂકી દેવાય તો, તે બદલ એક આયંબિલ કરૂં અથવા ઊભા ઊભા કાઉસગ્ગ મુદ્રાએ રહી એકસો શ્લોક યા સો ગાથા જેટલું સજ્ઝાય ધ્યાન કરૂં.

૧૮ પારિઠાવણિયા સમિતિ—લઘુનીતિ વડીનીતિ કે ખેળા-દિકનું ભાજન પરઠવતાં કોઇ જીવનો વિનાશ થાય તો નિવી કરૂં અને અવિધિથી ( સદોષ ) આહાર પાણી પ્રમુખ વહોરીને પરઠવતાં એક આયંબિલ કરૂં.

૧૯ વડીનીતિ કે લઘુનીતિ કરવાના કે પરઠવવાના સ્થાને—'અણુજાણહ જસ્સુગ્ગહો' પ્રથમ કહું, તેમજ તે લઘુ-વડી નીતિ પાણી લેપ રગલ પ્રમુખ પરઠવ્યા પછી ત્રણવાર 'વોસિરે' કહું.

૨૦ મન-વચન-કાય ગુપ્તિ-મન અને વચન રાગમય-રાગા-કુળ થાય તો હું એક એક નિવિ કરૂં-અને જો કાય કુચેષ્ટા થાય ઊન્માદ જાગે તો ઊપવાસ અથવા આયંબિલ કરૂં.

## મહાવ્રત સંબંધી નિયમ.

૨૧ અહિંસાવ્રત—બે ઈંદ્રિય પ્રમુખ જીવની વિરાધના મારા પ્રમાદાચરણથી થઇ જાય તો, તેની ઈંદ્રિયો જેટલી નિવિઓ કરૂં.

સત્યવ્રતે-ભય, ક્રોધ, લોભ અને હાસ્યાદિકને વશ થઈ જઈ, જુઠું બોલી જાઉં તો આયંબિલ કરૂં.

૨૨ **અસ્તેયવ્રતે**—પઢમાલિયા ( પ્રથમભિક્ષા ) માં આવેલા જે ઘૃતાદિક પદાર્થ, ગુરૂ મહારાજને દેખાડયા વગરના હોય તે હું લહું નહિં ( વાપરૂં નહિં ) અને દાંડો તર્પણી વગેરે બીજાનાં રજા વગર લહું વાપરૂં તો આયંબિલ કરૂં.

૨૩ **બ્રહ્મવ્રતે**—એકલી સ્ત્રી સંગાતે વાર્તાલાપ ન કરૂં અને સ્ત્રીઓને ( સ્વતંત્ર ) ભણાવું નહિં, પરિગ્રહ પરિહારવ્રતે એક વર્ષ યોગ્ય( ચાલે તેટલીજ )ઉપધિ રાખું, પણ એથી અધિક નજ રાખું.

૨૪ પાત્રાં અને કાચલાં પ્રમુખ પંદર ઉપરાંત નજ રાખું. રાત્રિભોજન વિરમણવ્રતે અશન, પાન, ખાદિમ અને સ્વાદિમરૂપ ચાર પ્રકારના આહારનો ( લેશમાત્ર ) સંનિધિ રોગાદિક કારણે પણ રાખું કરૂં નહિં.

૨૫ મહાન રોગ થયો હોય તો પણ ક્વાથ ન કરૂં, ઉકાળો પીઉં નહીં, તેમજ રાત્રિ સમયે જળપાન કરૂં નહિં, અને સાંજે સૂર્યાસ્ત પહેલાની છેલ્લી બે ઘડીમાં જળપાન કરૂં, તો પછી બીજા અશનાદિક આહાર કરવાની તો વાતજ શી.

૨૬ અથવા સૂર્ય નિશ્ચે દેખાતે છતેજ ઉચિત અવસરે સદાય જળપાન કરી લહું, સૂર્યાસ્ત પહેલાંજ સર્વ આહાર સંબંધી પચ્ચખ્ખાણ કરી લહું અને અણાહારી ઔષધનો સંનિધિ પણ ઉપાશ્રયમાં રાખું રખાવું નહિં.

## તપાચાર સંબંધી નિયમો.

૨૭ હવે તપ આચાર વિષે કેટલાક નિયમો શક્તિ અનુસારે ગ્રહણ કરૂં છું, છઠ્ઠ આદિક તપ કર્યો હોય તેમજ યોગ વહન કરતો હોઉં તે વગર મને અવગ્રાહિત ? ભિક્ષા લેવી કલ્પે નહિ.

૨૮ લાગલાગાં ત્રણ નીવીઓ અથવા બે આયંબિલ કર્યા વગર હું વિગઈ ( દુધ દહીં ઘી પ્રમુખ ) વાપરૂં નહિં અને જ્યારે વિગઇ વાપરૂં તે દિવસે પણ ખાંડ પ્રમુખ વિશિષ્ટ સાથે ભેળવી નહિ વાપરવાનો નિયમ જાવ જીવ સુધી પાળું.

૨૯ ત્રણ નીવી લાગોલાગ થાય તે દરમિયાન, તેમજ વિગઈ વાપરવાના દિવસે નિવિયાતાં ગ્રહણ કરૂં નહિ વાપરૂં નહિ, તેમજ બે દિવસ સુધી લાગટ કોઇ તેવા પુષ્ટ કારણ વગર વિગઈ વાપરૂં નહિ.

૩૦ પ્રત્યેક અષ્ટમી અને ચતુર્દશીને દિવસે શક્તિ હોય તો ઉપવાસ કરૂં, નહિ તો તે બદલ બે આયંબિલ અથવા ત્રણ નિવિઓ પણ કરી આપું.

૩૧ પ્રતિદિન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવગત અભિગ્રહ ધારણ કરવા; કેમકે અભિગ્રહ ન ધારીએ તો પ્રાયશ્ચિત આવે એમ જીતકલ્પમાં લખ્યું છે.

## વીર્યાચાર સંબંધી નિયમો.

૩૨ વીર્યાચાર સંબંધી કેટલાક નિયમો યથાશક્તિ હું ગ્રહણ કરૂં છું. સદા સર્વદા પાંચ ગાથાદિકના અર્થ હું ગ્રહણ કરી મનન કરૂં.

૩૩ આખા દિવસમાં સંયમ માર્ગમાં ( ધર્મકાર્યમાં ) પ્રમાદ કરનારાઓને હું પાંચવાર હિતશિક્ષા ( શિખામણ ) આપું, અને સર્વ સાધુઓનું એકમાત્રક ( પરઠવવાનું ભાજન ) પરઠવી આપું.

૩૪ પ્રતિ દિવસ કર્મક્ષય અર્થે ચોવીશ કે વીશ લોગસ્સનો કાઉસગ્ગ કરૂં, અથવા એટલા પ્રમાણમાં સજ્ઝાય ધ્યાન કાઉસ્સગ્ગમાં રહી સ્થિરતાથી કરૂં.

૩૫ નિદ્રાદિક પ્રમાદવડે માંડળીનો ભંગ થઇ જાય ( માંડળીમાં બરાબર વખતે હાજર ન થઇ શકું ) તો એક આયંબિલ કરૂં. અને સહુ સાધુ જનોની એક વખત વિશ્રામણા વૈયાવચ્ચ નિશ્ચે કરૂં.

૩૬ સંઘાડાદિકનો કશો સંબંધ ન હોય તો પણ લઘુ શિષ્ય ( બાળ ) અને ગ્લાન સાધુ પ્રમુખનું પડિલેહણ કરી આપું, તેમજ તેમના ખેલ પ્રમુખ મલની કુંડીને પરઠવવા વિગેરે કામ પણ હું યથાશક્તિ કરી આપું.

## સમાચારી વિષે નિયમો.

૩૭ વસતિ ( ઉપાશ્રય-સ્થાન ) માં પ્રવેશતાં નિસીહી અને તેમાંથી નીકળતાં આવસ્સહી કહેવી ભૂલી જાઉં તેમજ માર્ગમાં પેસતાં કે નિસરતાં પગ પૂંજવા વિસરી જાઉં તો ( યાદ આવે તેજ સ્થળે ) નવકાર મંત્ર ગણું.

૩૮–૩૯ કાર્ય પ્રસંગે વૃદ્ધ સાધુઓને હે ભગવાન્! પસાઃ કરી અને લઘુ સાધુને 'ઇચ્છકાર' એટલે તેમની ઇચ્છા અનુસારેજ કરવાનું કહેવું ભૂલી જાઉં, તેમજ સર્વત્ર જ્યારે જ્યારે ભૂલ પડે ત્યારે ત્યારે 'મિચ્છાકાર' એટલે 'મિચ્છામિ દુક્કડં' એમ કહેવું જોઇએ તે વિસરી જાઉં તો જ્યારે મને પોતાને સાંભરી આવે અથવા કોઇ હિતસ્વી સંભારી આપે ત્યારે તત્કાળ મારે નવકાર મંત્ર ગણુવો.

૪૦ વૃદ્ધ (વડિલ) ને પૂછયા વગર વિશેષ વસ્ત્ર (અથવા વસ્તુ) લઉં દઉં નહિ અને મ્હોટાં કામ વૃદ્ધ (વડિલ) ને પૂછીનેજ સદાય કરૂં, પણ પૂછયા વગર કરૂંજ નહિ.

૪૧ જેમનો શરીરનો બાંધો નબળો છે, એવા દુર્બળ સંઘયણુવાળા છતા પણ જેમણે કંઇક વૈરાગ્યથી ગૃહસ્થવાસ છાંડયો છે, તેમને આ ઉપર જણાવેલા નિયમો પાળવા પ્રાયઃ સુલભ છે.

૪૨ સંપ્રતિકાળે પણ સુખે પાળી શકાય એવા આ નિયમોને જે આદરે પાળે નહિ, તે સાધુપણા થકી અને ગૃહસ્થપણા થકી ઉભય ભ્રષ્ટ થયો જાણવો.

૪૩ જેના હૃદયમાં ઉક્ત નિયમો ગ્રહણ કરવાનો વધારે ભાવ ન હોય, તેમને આ નિયમ સંબંધી ઉપદેશ કરવો એ સિરા–સર વગરના સ્થળે કૂવો ખોદવા જેવો નિરર્થક–નિષ્ફળ થાય છે.

૪૪ નબળાં સંઘયણુ, કાળ, બળ અને દુઃષમ આરો આદિ હીણાં આલંબન પકડીને પુરૂષાર્થ વગરના પામર જીવો આળસ પ્રમાદથી બધી નિયમ ધુરાને છંડી દે છે.

૪૫ (સંપ્રતિ કાળે) જિનકલ્પ વ્યુચ્છિન્ન થયેલો છે. વળી પ્રતિમાકલ્પ પણ અત્યારે વર્તતો નથી, તથા સંઘયણાદિકની હાનીથી શુદ્ધ સ્થવીરકલ્પ પણ પાળી શકાતો નથી.

૪૬ તોપણુ જો મુમુક્ષુઓ આ નિયમોના આરાધન વિધિવડે સમ્યગ્ ઉપયુક્ત ચિત થઇ ચારિત્ર સેવનમાં ઉજમાળ બનશે તો તે નિયમો નીશ્ચે આરાધક ભાવને પામશે.

૪૭ આ સર્વે નિયમોનેજ (શુભાશયો) વૈરાગ્યથી સમ્યગ્ રીત્યા પાળે છે, આરાધે છે તેમની ગ્રહણ કરેલી દીક્ષા સફળ થાય છે. એટલે તે શીવસુખ ફળને આપે છે. ઇતિશમ્.

# શ્રી ગુણાનુરાગ કુલકં.

૧ સકળ કલ્યાણના સ્થાનકરૂપ શ્રી તીર્થંકર પ્રભુના ચરણ-કમળને નમસ્કાર કરીને, સૌભાગ્ય લક્ષ્મીને ઉત્પન્ન કરનારૂં, પરગુણ ગ્રહણ કરવાનું સ્વરૂપ જણાવું છું ( તે તમે લક્ષ દઇને સાંભળો. )

૨ જે પુરૂષના હૃદયમાં ઉત્તમ ગુણાનુરાગ નિવાસ કરી રહે છે, તેને તીર્થંકરપદ પર્યંતની ઋદ્ધિયો દુર્લભ નથી, પણ સુલભ છે. એમ શાસ્ત્ર આદર્શથી સ્પષ્ટ દેખી શકાય છે.

૩ જેમના હૃદયમાં સદાય સદ્‌ગુણ પ્રત્યે સ્વભાવિક પ્રેમ જાગેલો છે, તેઓ ધન્ય, કૃત પુન્ય જાણવા; તેમને સદાય અમારો પ્રણામ હો.

૪ ઘણું ભણવાથી, તપ તપવાથી કે દાન દેવાથી શું પ્રયોજન છે ? ફક્ત સઘળા સુખના સ્થાનક રૂપ એક ગુણાનુરાગને જ તું આદર.

૫ કદાચ તું ઘણો તપ કરીશ, ઘણાં શાસ્ત્ર ભણીશ, અને વિવિધ કષ્ટ સહીશ, પરંતુ જો ગુણાનુરાગ ધારીશ નહિ, બીજાના સદ્‌ગુણ જોઈ રાજી થઈશ નહિ, તો તારી સઘળી કરણી ફોક સમજજે.

૬ બીજાના ગુણનો ઉત્કર્ષ સાંભળીને તું જો અદેખાઈ કરીશ તો, જરૂર તું સંસારમાં સર્વ સ્થળે પરાભવ પામીશ.

૭ ઈર્ષાના જોરથી અંજાઇ જઇ જો તું ગુણવંત જનોના, થોડા પણ અવર્ણવાદ કોઇ રીતે બોલીશ તો સંસાર મહા અટવીમાં તારે ભટકવું પડશે. ( અને ત્યાં બહુ પેરે દુઃખનો કડવો અનુભવ કરવો પડશે.) માટે પ્રથમથીજ પારકા અવર્ણવાદ બોલવાથી પાછો ઓસર, કે જેથી તારી અધોગતિ થતી અટકે.

૮ આ વર્તમાન ભવમાં જીવ જે ગુણનો કે દોષનો અભ્યાસ કરે છે, તે ગુણદોષને અભ્યાસવડે પરભવમાં ફરી મેળવે છે.

૯ જે પોતે સેંકડો ગમે ગુણથી ભર્યો છતે, અદેખાઇ વડે પારકા દોષ જંપે છે, તે પંડિત પુરૂષોની નજરમાં પલાલના ઢગલા જેવો અસાર ( હલકો ) જણાય છે. ( અને હાસ્યપાત્ર બને છે. )

૧૦ જે દુષ્ટ આશયથી પરાયા છતા અને અછતા દોષને ગ્રહણ કરે છે, તે પોતાના આત્માને નિરર્થક પાપ બંધનથી બાંધે છે. (તેથી ભવાંતરમાં પોતેજ વારંવાર દુઃખનો ભોગી થાય છે.)

૧૧ તેટલા માટે જેથી કષાય અગ્નિ પેદા થાય તે કાર્ય જરૂર તજી દેવું, અને જેથી કષાય અગ્નિ શાંત થાય, તેજ કાર્ય

આદરવું. (તે માટે પરનિંદા ઇર્ષા, અદેખાઇ પ્રમુખ અકાર્ય અવશ્ય તજવાં જોઇએ.)

૧૨ જો તું ત્રિભુવનમાં ગુરૂપણું મેળવવા ખરેખર ઇચ્છતોજ હોય તો, પારકા દોષ ગ્રહણ કરવાની અથવા પરનિંદા કરવાની પડેલી કુટેવ સંપૂર્ણ પ્રયત્નવડે તું તજી દે, એજ મોટાઇનો માર્ગ છે.

૧૩ જગતમાં સહુ કોઇને પ્રશંસવા યોગ્ય આ ચાર પ્રકારના પુરૂષો કહ્યા છે. ૧ સર્વોત્તમ ૨ ઉત્તમોત્તમ ૩ ઉત્તમ અને ચોથામધ્યમ.

૧૪ એ ઉપરાંત ભારે કર્મી અને ધર્મવાસના રહિત જે અધમ અને અધમાધમ પુરૂષો હોય, તેમની પણ નિંદા તો નજ કરવી, પરંતુ બની શકે તો તેમને સુધારવા માટે મનમાં કરૂણા લાવવી યુક્ત છે, નિંદા સર્વથા વર્જ્ય છે. કેમકે તેથી તેને કે પોતાને કશો ફાયદો નથી, પરંતુ કરૂણા બુદ્ધિથી તો સ્વપરને ફાયદો થવો સંભવે છે. માટે શાસ્ત્રકાર તેનુંજ સેવન કરવા ફરમાવે છે.

૧૫-૧૬ જેને પ્રત્યેક અવયવમાં આકરૂં યૌવન પ્રગટયું હોય, જેમનું શરીર ઘણુંજ સુગંધી હોય અને જેમનું રૂપ સર્વોત્તમ હોય, એવી સ્ત્રીઓના મધ્યમાં રહ્યો છતો જન્મથી આરંભી અખંડ બ્રહ્મચર્યને ધારણ કરનાર, જે મન વચન અને કાયાવડે નિર્મળ શીળપાળે છે, તે પુરૂષ સર્વોત્તમ જાણવો. અને તે સર્વ કોઇને શિરસાવંદ્ય પ્રણામ કરવા યોગ્ય છે, એમ જાણવું.

૧૭-૧૮ વળી જે એવાજ પ્રકારની સ્ત્રીઓના મધ્યમાં રહ્યો છતો કોઇ ક્ષણભર રાગથી રંગાયો હોય, પરંતુ તુરતજ બીજે ક્ષણે તે લાગેલા પાપની સર્વ પ્રકારે નિંદા ગર્હા કરે, અને ફરી આખા ભવમાં કોઇપણ વખત જેના મનમાં રાગ પ્રગટે નહિ, તે મહાસત્ત્વવંત પુરૂષ ઉત્તમોત્તમ છે એમ જાણવું

૧૯-૨૦ જે ક્ષણભર સ્ત્રીનું (સુંદર) રૂપ જોવે અથવા મનથી તેનું ચિંતન કરે, પરંતુ સ્ત્રીઓએ વિષયભોગ સંબંધી પ્રાર્થના કર્યા છતાં તેવું અકાર્ય (સ્ત્રીસેવન) કરે નહિ, તે સાધુ કે સ્વદારા સંતોષી શ્રાવકઅલ્પ સંસારી ઉત્તમ પુરૂષ જાણવો. જે સાધુ કે શ્રાવક ભવભીરૂ હોય, સ્વવ્રત રક્ષા કરે તે ઉત્તમ છે. તેની બલિહારી છે.

૨૧ જે પુરૂષ ધર્મ અર્થ અને કામરૂપ પુરૂષાર્થને અન્યોન્ય બાધા રહિત સેવે, એટલે ધર્મને હાનિ ન પહોંચે તેમ

અર્થ ઉપાર્જન કરે, અને અર્થ ઉપાર્જન કરવામાં ખલેલ ન પહોંચે તેમ વિષય સેવન કરે તે મધ્યમ પુરૂષ જાણવો.

૨૨ આ ઉપર જણાવેલા પુરૂષોના ગુણગ્રહણ બહુમાનપૂર્વક જો તું કરીશ તો શીઘ્ર શિવસુખ પામીશ, એમ ચોક્કસ સમજજે. કેમકે પોતે સદ્ગુણી થવાનો એ સરલ અને ઉત્તમ માર્ગ છે.

૨૩ આજકાલ સંયમ માર્ગમાં શિથિલતા ધારણ કરનારા અને સંયમક્રિયાની ઉપેક્ષા કરનારા પાસસ્થાદિક સાધુ યતિજનોની સભા સમક્ષ નિંદા કરવી નહિ, તેમજ પ્રશંસા પણ કરવી નહિ, કેમકે નિંદા કરવાથી તેઓ સુધરી શકશે નહિ, તેમજ પ્રશંસા કરવાથી તેમના દોષોને પુષ્ટિ આપવા જેવુંજ થશે.

૨૪ હીનાચારી સાધુ–યતિઓ ઉપર કરૂણા આણીને જો તેમને રૂચે તો હિતબુદ્ધિથી સત્ય માર્ગ બતાવવો. તેમ છતાં જો તેઓ રોષ કરે તો તેમના દોષ–દુર્ગુણ ( સભા સમક્ષ ) પ્રકાશવા નહિ.

૨૫ અત્યારે દુષમકાળમાં જેનો થોડો પણ ધર્મગુણ ( સદ્ગુણ ) દ્રષ્ટિમાં આવે તેનું બહુમાન ધર્મબુદ્ધિથી સદાય કરવું યુક્ત છે. એથી સ્વપરને અનેક લાભ થવા સંભવ છે.

૨૬ પરગચ્છમાં કે સ્વગચ્છમાં જે સંવિજ્ઞ ( તીવ્રવૈરાગ્યવંત ભવભીરૂ ) બહુશ્રુત–ગીતાર્થ મુનિજનો હોય તેમનો ગુણાનુરાગ કરવા તું ચૂકીશ નહિ. સમભાવી મહાપુરૂષોનો સમાગમ સદાય દુર્લભ છે. તેવા સમભાવી મહાત્માઓથી આપણને ઉત્તમ ફળ મળી શકે છે.

૨૭ ગુણરત્નોથી અલંકૃત પુરૂષોનું બહુમાન જે શુદ્ધ–નિષ્કપટ મનથી કરે છે, તે અન્ય જન્મમાં તેવા ગુણોને જરૂર સુખે મેળવી શકે છે. સદ્ગુણોનું અનુમોદન કરવું યા તેમનું બહુમાન કરવું એ આપણે પોતે સદ્ગુણી થવાનું અમોઘ બીજ છે.

૨૮ આવી રીતે ગુણાનુરાગ( સદ્ગુણી પ્રત્યે અકૃત્રિમ પ્રેમ વાત્સલ્ય )પોતાની હૃદયભૂમિમાં જે ધારણ કરે છે, તે મહાનુભાવ સર્વ કોઇને નમન કરવા યોગ્ય પરમ શાન્તપદને પામે છે. એમ પરમ સંવેગી અને પવિત્ર ગુણાનુરાગી શ્રી સોમસુંદરસૂરિ મહારાજ ભવ્યજનોને હિતબુદ્ધિથી અમૃત વચનો વડે આપણને બોધે છે.

# સાધુ સાધ્વીની નિર્વાણ વિધિ.

જ્યારે સાધુ કે સાધ્વી કાળ કરે ત્યારે–કાળ કર્યા પહેલાંથીજ ઓઘો, સંથારો વિગેરે ઉપધી હોય તે વેગળાં લઇ લેવાં કદાપિ જીવ જતાં સુધી રહ્યા હોય તો, શ્રાવકો તેને ઉના પાણીમાં પલાળે, જો પલાળવા જોગ પાણી ન હોય તો, ગાયનું ઝરણ છાંટે તો પણ ચાલે, જો કદિ રાત્રે કાળ કર્યો હોય ને બીજા સાધુઓને પ્રતિક્રમણની ક્રિયા કરવી હોય તો, સ્થાપનાજી લઇ બીજા સ્થાને જઇ કરે અને કાળ કરેલના કે બીજાના સ્થાપનાજી હોય તે મૃતક સ્થાને રાખવા નહિ. જ્યારે જીવ જાય ત્યારે સાધુ હોય તે મૃતકને વોસરાવે એટલે, તરત શ્રાવકો અડેલા હોય તે ટચલી આંગળીએ સોય કે ટાંચણીથી જરા છેદ કરે, ગુરૂ આદિક મોટા પુરૂષ પદવીવાળા હોય તેમના શરીરને શ્રાવકો અડેલા હોય તે પલોઠી વળાવે, ને બીજા સામાન્ય સાધુ હોય અને જેના માથે ગુરૂ:આદિક વડિલ બેઠા હોય તો, તેમને પલોઠી વળાવવાની જરૂર નહિ, કારણકે તેમને માંડવીમાં બેસારવાના નથી ? તેમને તો પાલખી ( નનામી ) જેવી કરી હોય તેમાં પધરાવે, માંડવી કરવાની હોય તો તાસતા પ્રમુખ લુગડે મઢાવેલી કરવી, માંડવી કરતાં વાર લાગે ત્યાં સુધી કાળ કરેલ સાધુને, એક થંભની સાથે લુગડાથી મજબુત કરી બેસાડે, રાત્રે કાળ કર્યો હોય તો ત્યાં શિષ્યાદિ બાળ સાધુને પાસે રાખવા નહિ, ગીતાર્થ–અભીરૂ હોય તે જાગે અને કાયકીનું માત્રક પાસે રાખે ( માત્રા સહિત કુડી ) જો કદાપિ મૃતક ઉઠે તો ડાબા હાથમાં માત્રુ લઇ ને બુઝ બુઝ ગુઝ્ઝગા એમ કહી મૃતકને માત્રુ છાંટે, મૃતકના મસ્તક સ્થાને જમીન ઉપર તથા જેટલે ઠેકાણે મૃતકને ફેરવવાની જરૂર પડે અને ફેરવે, તેમ જ્યાં જ્યાં રાખે, બેસારે તે દરેક ઠેકાણે પ્રથમથી મંગાવી રાખેલા લોઢાના ખીલા જમીનમાં ઠોકવા, પછી મોટી કથરોટ લઈ તેમાં શ્રાવકો મૃતકને બેસાડે ને નાપિતને બોલાવી તેના મસ્તક તથા દાઢી મૂચ્છના બાલ ઉતરાવે, પછી સચિત પાણીથી નવરાવે પછી સુકોમળ કપડાથી

શરીર લુવે, પછી [1]નવો શ્વેત ચોલપટ્ટો અઢી હાથનો પહેરાવે. કંદોરો બાંધે તથા નવો શ્વેત સાડા ત્રણ હાથનો કપડો કેસરના પાંચ અવળા સાથીયા કરી ઓઢાડે, બીજા કપડાંને તો કેસરના છાંટણા કરવા. નનામી ઉપર એક ઉત્તરપટ્ટો પાથરવો, તેના વચલા ભાગમાં એક આટાનો અવળો સાથીયો કરવો અને મસ્તક તરફ એક આટાનો અવળો 'ક' કરવો માંડવી હોય તો બેઠકે અવળો સાથીયો કરવો, મૃતક પાસે ચરવલી અથવા ચરવલો રાખવો, શ્રાવકોએ શોકાતુર થકા બરાસ, સુખડ, કેસર, કસ્તુરી ઉંચા પદાર્થોનું શરીરે વિલેપન કરવું, પછી નવી શ્વેત કેસર છાંટેલ મુહપત્તિ નાશીકાની દાંડી ઉપર બે કાને પરોવવી કે દોરાથી બાંધવી અથવા જમણા હાથમાં આપવી, મૃતક સ્થિર રહે તેવી રીતે રાખવું, પછી હાથ જોડી ભાવના ભાવવી, જે આપણા શાસનપતિ શ્રી મહાવીર સ્વામી દેશના દેતા મુગતે ગયા, તેમ આ અમારા ગુરૂ પણ તેમજ મુગતે કે સ્વર્ગે ગયા. એમ કહે, એવી ભાવના ભાવ્યા પછી બીજા સાધુ મૃતકની પાસે આવી હાથમાં વાસક્ષેપ લઈ બોલે કે "કોટીગણ, વયરી શાખા, ચાંદ્રકુલ, [2]આચાર્યશ્રી (                ) ઉપાધ્યાયશ્રી (                ) પ્રવર્તક પન્યાસશ્રી (                ) મહત્તરા શ્રી (                ) અમુક મુનિના શિષ્ય, મુનિ (                ) અને સાધ્વી હોય તો અમુક સાધ્વીની શિષ્યા (                ) એટલું કહી માથે વાસક્ષેપ કરતાં મહા પારીઠા વાણીયા વોસિરે વોસિરે વોસિરે કહેવું આમ ત્રણવાર વાસક્ષેપ કરવો ( મહા પારીઠા વાણીયા વોસિરણત્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નથ૦ કહી એક નવકારનો કાઉ-

---

૧ કાળ કરનાર સાધ્વી હોય તો બે કાચ, બે સાડા, બે કંચવા, કમરથી તે છાતી સુધી એક કપડાથી સાત પડ કરતા વીંટવા, તેના ઉપર કપડો ઉપર પ્રમાણે સાથીયા કરી માથા ઉપરથી ઓઢાડવો, કાયને બે પગે દોરીથી બાંધવો પછી છેવટે એક ડબલ કપડોઉપર ઓઢાડવો, એટલા સાધ્વીનાં કપડાં જાણવા બાકીની વિધિ તો સર્વે સાધુ પ્રમાણે જાણી લેવી.

૨ આચાર્યશ્રી વિજયસિંહસૂરિ, ઉપાધ્યાયશ્રી સકલચંદજી, પન્યાસશ્રી સત્યવિજય ગણી, મહત્તરાશ્રી ચંદનબાળા, આ પ્રમાણે કહેવાની પણ કેટલેક ઠેકાણે પ્રવૃત્તિ છે.

સ્સગ્ગ કરી પારી પ્રગટ નવકાર કહે, પછી તિવિહં તિવિહેણ વોસિરિયં કહે ) એટલી સાધુની કરણી.

હવે **શ્રાવકોને કરવાનું કૃત્ય**–તે કરેલી માંડવામાં મજબુત બેસારી ૧ ચરવળી પ્રથમ કહી હતી તે અને ૧ મુહુપત્તિ જમણી બાજુ મૂકે અને ૧ નાનું પાત્રું ફૂટેલું અથવા ફોડીને એક લાડુ સહિત ઝોળીમાં નાખી બાજુએ મુકે અને પુતળું કરવું હોય તો તે નક્ષત્ર પ્રમાણે કરવાનું જાણવું, તેમાં [1]જેષ્ટા, [2]આદ્રા, [3]સ્વાતિ, [4]શતભિષા, [5]ભરણી, [6]અશ્લેશા અને [7]અભિજીત એ સાત નક્ષત્રે પુતળું કરવું નહિ, અને [1]રોહિણી, [2]વિશાખા, [3]પુનર્વસુ, [3]ત્રણે ઉત્તરા, એ છ નક્ષત્રે ડાભના બે પુતળા કરવા, બાકીના ૧૫ નક્ષત્રોમાં એક પુતળું કરવું, તે પુતળાના જમણા હાથમાં ચરવળી મુહપત્તિ આપવી અને ડાબા હાથમાં એક ભાંગેલુ પાત્રુ અને તેમાં એક લાડુ સહિત ઝોળી આપવી, બે પુતળા હોય તો બન્નેને તે પ્રમાણે આપવું, એ સર્વે પુતળાં કરવાનું નક્ષત્ર કાળ ધર્મ પામે તે વખતનું જાણવું, પછી ઉપાડનાર સારા મજબુત હોય તે ઉપાડે, ઉપાશ્રયમાંથી મૃતકને બહાર કાઢે ત્યારે પગતરફથી કાઢે, ચાલતાં કોઈયે રોવું નહિ, પણ સર્વે મનુષ્યો ' જય જય નંદા ' ' જય જય ભદ્દા ' ભદની, એવું બોલે, અને આગળ બદામો, પૈસા, પાઈયો, અધેલા, બે આનીયો, પ્રમુખ નાણું ઉચ્છાળે, ને તે ઉપાશ્રયથી તે ઠેઠ સ્મશાન ભૂમિ સુધી શ્રાવકો ઉચ્છાળે, અને વાંસડાઓને એક છેડાથી ચિરાવી માંહે સરાવલાં ઘાલી દીવા, ધૂપ કરતા આગળ ચાલવું, પછી શોક સહિત મહોત્સવ-પૂર્વક વાજીંત્ર વાજતે બડા આડંબરે મસાણે જઈ [1]પૂર્વે શુદ્ધ કરી રાખેલ જમીન ઉપર સુખડ વિગેરેના ઉત્તમ લાકડાની ચે ( ચિતા ) કરી માંહે માંડવી પધરાવે ગામ તરફ મસ્તક રાખે, પછી અગ્નિ દે ( લગાડે ) છેવટ સર્વે અગ્નિ શાંત કરી, રક્ષા યોગ્ય સ્થાનકે પરઠવી પછી પવીત્ર થઇ ગુરૂ પાસે આવે, એટલી શ્રાવકની કરણી છે.

---

૧ .મૃતક લઈ ગયા પહેલાં એક સાધુ ડંડાસણ લઇ સ્મશાને જઇ જ્યાં અગ્નિ સંસ્કાર કરવાનો હોય ત્યાં ઇરિયાવહિપૂર્વક કાજો લેઇ વોસરાવી આવે.

**હવે ઉપાશ્રયમાંથી મૃતક લઈ ગયા પછી તરત પ્રત્યેક સાધુને કરવાની કરણી**—પ્રથમથી ગાયનું ઝરણ લાવી રાખ્યું હોય, તેને મૃતકના સંથારાની આગથી પગથીયે છાંટવું, અને સંથારાની જગ્યાએ એટલામાં તો સર્વે ઠેકાણે સોનાવાંણી પાણી હોય તે છાંટીને ધોઈ નાંખવું, પણ તે પાણી ઉકાળેલું જ હોવું જોઇયે, પછી કાળ કરનારના શિષ્ય અથવા તેમનાથી નાના પર્યાયવાળા કોઈ સાધુ હોય, તે ચોળપટ્ટો, કપડો અવળા પહેરે અને ઓઘો જમણી કાખમાં અવળો રાખી. અવળો કાજો લે ( દ્વારથી આસન તરફ ) ને કાજાના ઇરિયાવહિ કરી પછી અવળા દેવ વાંદે, તેનો વિધિ પ્રથમ કલ્લાણકંદંનીથોય૦ પછી એક નવકારનો કાઉસ્સગ્ગ૦ અન્નથ૦ અરિહંત ચેઇઆણું૦ જયવીયરાય આખા કહેવા૦ ઉવસ્સગ્ગહરં૦ નમોર્હત૦ જાવંત કેવિસાહુ૦ ખમાસમણ૦ જાવંતિચેઇઆઇં૦ નમુથ્થુણં૦ જંકિંચિ૦ પછી પાર્શ્વનાથનું ચૈત્યવંદન૦ ખમાસમણ૦ લોગસ્સ૦ એક લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી કાઉસ્સગ્ગ૦ અન્નથઉસસીએણં૦ તસ્સઉત્તરી૦ ઇરિયાવહિ૦ ખમાસમણ દઈ અવિધિ આશાતનાનો મિચ્છામિ દુક્કડં દઇ, પછી સવળો—વેષ પહેરી સવળો કાજો લેવે, તેના ઇરિયાવહિ કરવા, એમ બે વાર કાજો લેવો,[1] પછી એક બાજોઠ મંગાવી તે બાજોઠ ઉપર ભીના કંકુનો સવળો સાથીઓ કરવવો પછી ચૌમુખ બિંબ પધરાવીને, ઘીનો દીવો અને ધૂપ કરાવીને પછી સવળા દેવ વાંદવા, તેનો વિધિ જે પોષહાદકમાં વાંદે છે તે પ્રમાણે આઠ થોઇયે વાંદવા, પણ તે થોઇઓ સંસાર દાવાની તથા સ્નાતસ્યાની કહેવી અને ચૈત્યવંદન તો સર્વ ઠેકાણે પાર્શ્વનાથનાંજ કહેવાં, સ્તવનના ઠેકાણે અજિતશાન્તિ સ્તોત્ર રાગ કાઢ્યા શિવાય કહેવું, એ રીતે સવળા દેવનો વિધિ, હવે દેવ વાંદ્યાપછી ખમા૦ દેઇ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ક્ષુદ્રોપદ્રવ

---

૧ દેવ વાંદવા મળેલ સર્વે સાધુ–સાધ્વીઓએ ગાયના ઝરણમાં ૧ કપડો, ૨ ચોળપટ્ટો, ૩ મુહપત્તિ, ૪ ઓઘાની એક દશી અને ૫ કંદોરો એ પાંચે વસ્તુના છેડા જરા બોળવા જોઇએ.

ઓહડાવણી કાઉસ્સગ્ગ કરૂં ? ઇચ્છં કરેમિ કાઉસ્સગ્ગં—અન્નથ૦ કહીને સાગરવર ગંભીરા સુધી ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ સર્વે કરે, અને એક જણ કાઉસ્સગ્ગ પારીને નમોર્હત્૦ કહી ક્ષુદ્રોપદ્રવની થોય બોલે તે નીચે પ્રમાણે—

સર્વે યક્ષાંબિકાદ્યા યે, વૈયાવૃત્ય કરા જિને ।
ક્ષુદ્રોપદ્રવસંઘાતં, તે દ્રુતં દ્રાવયંતુ નઃ ॥ ૧ ॥

આ સ્તુતિ અને બૃહતશાંતિ સાંભળી સર્વે પારે, પછી લોગસ્સ કહી ખમા૦ દઇ અવિધિ આશાતનાનો મિચ્છામિ દુક્કડં દેવો, આ સવળા દેવ વાંદવાનો વિધિ સાધુ-સાધ્વી, શ્રાવક–શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ મળીને કરે, પછી ત્યાં મળેલા સર્વે સાધુ પરસ્પર વંદન કરે, પછી સર્વે દેરાસર જઇ ચૈત્યવંદન કરી ઉપાશ્રયે આવી પછી સર્વે વેરાઇ જાય, અને જે માણસો સ્મશાને ગયા છે તે સર્વે જ્યારે દહન ક્રિયા કરી નાહી શુદ્ધ થઇ ઉપાશ્રયે આવે ત્યારે, તે સર્વના આગળ સંતિકરં અથવા લઘુ શાંતિ કે બૃહદ્ શાંતિ ત્યાં હોય તે સાધુ સંભળાવે, અને પછી સંસારની અનિત્યતાનો ઉપદેશ આપે, તે સર્વે સાંભળી શ્રાવકો પોતાના ઘેર જઇને તે દિવસથી અઠ્ઠાઇ મહોત્સવ માંડે, આઠ દિવસ સુધી ઘેંઘાટ કરે એ રીતે સાધુ સાધ્વીની નિર્વાણ વિધિ સંપૂર્ણ.

જો બહારગામથી સ્વસમાચારીવાળા સાધુ કાળધર્મ પામ્યાના સમાચાર આવે તો, ઉપર પ્રમાણે સાધુઓ અથવા ચતુર્વિધ સંઘ, આઠ થુઇએ સવળા દેવ વાંદે, તથા અજિતશાંતિ સ્તવન, સર્વે યક્ષાંબિકાદ્યા સ્તુતિ, અને બૃહત્ શાંતિ વિગેરે કહે.

અને સાધ્વીના કાળધર્મ પામ્યાના સમાચાર આવે ત્યારે સાધ્વીઓ અને શ્રાવિકાઓ ઉપર પ્રમાણે સવળા દેવ વાંદે. તેમ અજિત શાંતિસ્તવનાદિક પણ સર્વે કહે. ઇતિ નિર્વાણ વિધિ.

---

## રાજા શ્રેણીક.

કુશાગ્રપુરના પ્રસેનજિત રાજાને ૧૦૦ પુત્રો હતા, તેમાં રાજ્યને લાયક કોણ છે તેની પરિક્ષામાં શ્રેણિક લાયક ને હોશિયાર લાગ્યા, ત્યાં રાજાએ ઢંઢેરો પીટાવેલો કે જેનું ઘર સળગશે તેને નગર બહાર કાઢી મુકીશું, તેમાં રસોઈયાની ભુલથી રાજાનોજ મ્હેલ સળગ્યો. રાજા બોલ્યા પ્રમાણે નગર બહાર રહેવા ગયા લોકો તેને રાજગૃહ કહેવા લાગ્યા તેથી ત્યાં રાજગૃહનગર વસાવ્યું.

હવે શ્રેણિકને લાયક ગણવાથી બીજા ભાઈઓ તેનો ઘાત કરે, તે ડરથી બીજાઓને જુદા જુદા દેશ વેંચી આપ્યા ને શ્રેણિ-કને કાંઈ આપ્યું નહિ, તેથી શ્રેણિકે અપમાન થયું માની ત્યાંથી નીકળી વેણુાતટ ગયા, ત્યાં ભદ્રશેઠની દુકાને બેઠા, શેઠને વેપારમાં લાભ થયો શેઠ પોતાના મેમાન તરીકે ઘેરે તેડી ગયા, તેની હોંશિયારી જોઇ પોતાની નંદા નામની દીકરી પરણાવી, અહીં રાજા મરણ પથારીયે છે, તેથી શ્રેણિકને શોધવા ઘોડેસ્વારો મોકલ્યા, ઘણી તપાસે વેણુાતટે મળ્યા, ગર્ભવતી નંદાને પિતાનો મંદવાડ જણાવી નીકળ્યા, પિતાને મળ્યા, શ્રેણિકને રાજમુગટ આપ્યો પિતા કાળ કરી ગયા. શ્રેણિક મગધ દેશના રાજા થયા, તેને ૫૦૦ પર-ધાનો હતા તેના નાયક કરવા ખાલી કુવામાં વીંટી નાખી જણાવ્યું કે, કાંઠે ઉભા રહી વીંટી કાઢશે તેને વડા પરધાનની જગ્યા આપીશું. તે વેણુાતટથી આવેલા એક નાની ઉમરના મુસાફરે કાઢી, તેને વડો પરધાન કર્યો, જેનું નામ અભયકુમાર હતું, તેની માતા નંદાને પટરાણી કરી, આ અભયકુમારથી રાજ ઘણુંજ ખીલી નીકળ્યું.

શ્રેણિક ચેટક રાજાની કુમરી ચેલણાને પરણ્યા, તેનાથી શ્રેણિકની જૈનધર્મ વિષે ઘણી સારી શ્રદ્ધા થઈ. એક વખતે બાગમાં ગયા ત્યાં અનાથી મુનિને દેખી નમસ્કાર કર્યો, તેમના ઉપદેશથી તે સમકિત પામ્યા. એકદા ત્યાં ભગવાન સમોસર્યા ત્યાં એક કોઢીયો ભગવા-નને પરૂ ચોપડવા લાગ્યો, ભગવાનને છીંક આવે કહે મરો, શ્રેણિકને છીંક આવે કહે ઘણું જીવો, અભયકુમારને છીંક આવે કહે જીવો કે મરો, અને કાળસૌરિક કસાઇને છીંક આવે કહે ન

જીવો ન મરો, આથી શ્રેણિકે તેને પકડવા હુકમ કર્યો, તેને પકડાતાં તે અદ્રશ થયો, તે ભગવાનને પૂછતાં કહ્યું કે તે દેવ હતો તેણે તમને બોધ થવા આમ કર્યું છે, પછી છીંકનો પ્રશ્ન કર્યો, પ્રભુ કહે હું મોક્ષમાં જવાનો છું તેથી મરો કહ્યું, તમે નર્કમાં જવાના છો તેથી જીવો કહ્યું, અભયકુમાર દેવ થવાના છે તેથી મરો કે જીવો કહ્યું, અને કસાઇ અહીં દુઃખી છે ને મરીને પણ દુઃખ ભોગવવાનો છે, તેથી તેને તેમ કહ્યું, શ્રેણિકે બચવા ઉપાય પૂછયો પ્રભુ કહે કપિલાના હાથે મુનિને દાન અપાવો, કસાઇના રોજના ૫૦૦ પાડા મારવા બંધ કરાવો, અને પુણીશ્રાવકનું એક સામાયિક ખરીદી લ્યો તો બચો પણ તેમાંનું કાંઇ બન્યુ નહિ. પ્રભુએ તેમને બહુ સમજાવી શાંત કર્યા. શ્રેણિકને ચેલણા રાણીથી કોણિક, હલ્લ, વિહલ્લાદિ અને બીજી રાણીઓથી મેઘકુમાર, નંદીશ્રેણુ કાલકુમાર, જાલકુમારાદિ પુત્રો થયા. અભયકુમાર, મેઘકુમાર, નંદીશ્રેણે દીક્ષા લીધી. અભયકુમારની દીક્ષા પછી કોણિકે રાજ લોભથી શ્રેણિકને કેદમાં પુરી ગાદીયે બેઠો. તે રોજ શ્રેણિકને ચાબુકાદિ મારી બહુ દુઃખ આપતો, તેને ચેલણાના સમજાવવાથી પસ્તાવો થયો, તેથી પિતાને પોતે પાંજરામાંથી તાકીદે કાઢવા ગયો, પણ શ્રેણિક પોતાને મારવાની બીકથી પાસે રાખેલું કાતીલ વિષ ખાઇ મરણ પામ્યા કોણિકને ઘણો પશ્ચાતાપ થયો, આ શોકથી તેણે આ નગર છોડી ગંગા કિનારે પાટલીપુત્ર નગર ( પટણા ) વસાવ્યું. ઇતિ.

## સંપ્રતિ રાજાનો સમય.

**શ્રી સ્થૂલિભદ્રસ્વામીના વખતમાં**—ચંદ્રગુપ્તનું રાજ્ય હતું, તેમનો બિંદુસાર નામનો રાજા થયો, તેમનો અશોક નામે રાજા થયો, તેમનો કુણાલ નામે અંધકરાજાને ત્યાં સંપ્રતિનો જન્મ થયો, તે મહાવીરપ્રભુ પછી ૩૦૦ વર્ષે ઊજ્જયનીનગરીમાં રાજા થયા અને તે જૈની હતા, તેમનો ૯૯૦૦૦ હજાર જીર્ણોદ્ધાર કરાવ્યા અને ૨૬૦૦૦ હજાર નવા જિન મંદિરો બંધાવ્યાં, અને સોના, ચાંદી, પીતળ, પાષાણ પ્રમુખની સવાક્રોડ જિન પ્રતિમા ભરાવી, તેમના વખતના મંદિરો તથા પ્રતિમાઓ હાલ પણ ઘણા મોજીદ છે, તેમને ૭૦૦ દાનશાળાઓ, અને ૧૦૦૦ ઉપાશ્રયો કરાવ્યા

હતા, તેમ બીજાં પણ ઘણા ધર્મના કાર્યો સારા પ્રમાણમાં કરાવ્યા હતા, તેમનું સંપૂર્ણ વિસ્તારે વૃતાંત પરિશિષ્ટ પર્વાદિ ગ્રંથોથી જાણી લેવું.

## વિક્રમરાજાનો સમય અને રાજરિદ્ધિ.

**તેના ૪૭૦ વર્ષ અને વિક્રમ**—જે રાત્રીયે મહાવીર પ્રભુનું નિર્વાણ થયું-તેજ દિવસે અવંતીનગરીમાં પાલકનો રાજ્યાભિષક થયો, તે પાલક ચંદ્રપ્રદ્યોતનો પૌત્ર થાય, તેણે ૬૦ વર્ષ રાજ્ય કર્યું, તેના પછી શ્રેણિકનો પુત્ર કોણિક અને કોણિકનો પુત્ર ઉદાયી, જ્યારે અપુત્રીયો મુવો ત્યારે તે ગાદી પર નંદ નામે નાઈ બેઠો, તે ગાદી પર નંદના નવ રાજા થયા, અને તેમને ૧૫૫ વર્ષ રાજ્ય કર્યું, નવમા નંદની ગાદી પર મૌર્યવંશી ચંદ્રગુપ્ત રાજા થયો, તેનો પુત્ર બિંદુસાર, તેનો પુત્ર અશોક, તેનો પુત્ર કુંણાલ, તેનો પુત્ર સંપ્રતિ રાજા થયો, તે સર્વેએ ૧૦૮ વર્ષ સુધી રાજ્ય કર્યા, આગળના સર્વે રાજાઓ પ્રાયે જૈની હતા, તેના પછી ૩૦ વર્ષ પુષ્પમિત્રનું રાજ્ય થયું, પછી બાળમિત્ર, ભાનુમિત્ર એ બેનું રાજ્ય ૬૦ વર્ષ ચાલ્યું, પછી નભવાહનનું રાજ્ય ૪૦ વર્ષ ચાલ્યું, ત્યાર પછી ૧૩ વર્ષ ગર્ધભિલ્લનું રાજ્ય ચાલ્યું, ત્યાર પછી ૪ વર્ષ શકોનું રાજ્ય રહ્યું, ત્યાર પછી શકોને જીતી વિક્રમાદિત્યે પોતાનું રાજ્ય જમાવ્યું, એ પ્રમાણે ૪૭૦ વર્ષ જાણવા-વિક્રમ રાજા ઉજ્જયની નગરીમાં થયા છે.

**વિક્રમાદિત્યનો સંઘ**—શ્રી સિદ્ધસેનના ઉપદેશથી શ્રીશત્રુંજયનો કાઢેલ સંઘનું વર્ણન. ૧૬૯ સોનાના અને ૫૦૦ હાથીદાંતને ચંદનના દેરાસર હતા, સિદ્ધસેનસૂરિ આદિ ૫૦૦૦ આચાર્યો, ૧૪ મુકુટ બધી મોટા રાજાઓ, ૭૦૦૦૦૦૦ લાખ શ્રાવક કુટુંબો, ૩૬૦૦ હાથી, ૧૮૦૦૦૦૦ લાખ ઘોડા, ૧૧૦૦૫૦૦૦ ગાડાં એમ ખચ્ચર, ઊંટ, પોઠીયા વિગેરે પણ જાણી લેવું.

## વિક્રમ રાજાની રાજ્ય રિદ્ધિ.

૮૦૦ મુકુટબધી રાજાઓ હંમેશાં સેવામા રહેતા હતા.
૧૦૦૦૦૦૦૦ મહાન્ પરાક્રમી શુરવીર સુભટો હતા.
૧૬ ઉત્તમ પંડિતો હતા. ૧૬ વિદ્વાન ભાટકવિ હતા.

૧૬ નિમિત વેત્તા હતા. ૧૬ઢાઢીયો ગાનારા હતા.
૧૬ રાજવૈદ્યો હતા.
૩૦૦૦૦૦૦૦ પાયદળ લશ્કર હતું તે ૧૮ યોજન વિસ્તામાં હતું.
૧૦૦૦૦૦૦૦૦ એટલા દરેક પ્રકારના કુલ વાહનો હતા.
૪૦૦૦૦૦ નાવ નાવડાં વહાણુ વિગેરે હતા.
૫૫૫૫૫૫૫૫૫ આટલા સર્વ દિશાઓમાં રહેલા મ્લેચ્છોને રણુ-સંગ્રામમાં હણીને પોતાનો સંવત ચલાવ્યો.

## રાજા કુમારપાળ.

દેથળીના ધણી ત્રિભુવનપાળને કુમારપાળ, મહિપાળ અને કીર્તિપાળ ત્રણ પુત્રો હતા, સિદ્ધરાજને પુત્ર નહિ હોવાથી જોશીયોને પૂછતાં કુમારપાળ ગાદીયે આવશે જણાવ્યું તેથી કુમારપાળને મારવા મારા મેકલ્યા, મારે પહેલા ત્રિભુવનપાળને મારી નાંખ્યો.

કુમારપાળ પૂજારી થયા, ત્યાંથી પણ મારાની બીકથી નાઠા, રસ્તામાં ભીમસિંહ પટેલે કાંટાના ઉપાડા નીચે સંતાડ્યા ત્યાં બચ્યા ને નાઠા, પાચા દેથળી આવ્યા ત્યાં પણ મારા આવ્યા, ત્યાં સર્જ્જન-કુંભારે નેભાડામાં સંતાડ્યા ત્યાંથી બચી નાઠા, રસ્તામાં ઘણા ભુખ્યા થયા ત્યાં એક શ્રીદેવીબાઇયે ભાતુ ખાવા આપ્યું, તે ખાઈ ખંભાત ગયા, ત્યાં શ્રી હેમાચાર્ય મહારાજ હતા ત્યાંના મંત્રી ઉદયન હતા, તેમણે ગુરૂશ્રીના કહેવાથી સારી બરદાસ કરી ત્યાં પણ મારા આવ્યા મહારાજે પુસ્તકના ભંડારમાં સંતાડ્યા ત્યાં પણ બચ્યા, ને નાશી દક્ષિણ ગયા ત્યાંથી માળવામાં ગયા, આ વખતે સિદ્ધરાજ ઘણા માંદા છે. તે સમાચારથી કુમારપાળ ગુજરાતમાં આવ્યા, સિદ્ધરાજનું મરણ અને કુમારપાળ રાજા થયા, પછી જે જે માણુસોએ સ્હાય કરી હતી તે સર્વેને રાજ્યમાં નીમ્યા.

રાજ્યાભિષેક વખતે શ્રીદેવીના હાથે તીલક કરાવ્યું, એને ધોળકા ગામ ઈનામમાં આપ્યું, પોતાની સ્ત્રી ભોપાળદેવીને પટરાણી કરી, ભીમસિંહને અંગરક્ષક કર્યો, સર્જ્જનને સાતસો ગામનો સુબો કર્યો, વોશિરીને લાટ દેશનો હાકેમ કર્યો, કડુક વાણીયાને વડોદરા ઈનામમાં આપ્યું, ઉદયનને મંત્રી કર્યો તેમના પુત્ર વાગ્ભટને નાયબ દિવાન કર્યો અને શ્રી હેમાચાર્ય મહારાજને ગુરૂ સ્થાપ્યા.

એમણે અઢાર દેશમાં રાજ્ય કર્યું, તેમની રાજ્ય સત્તા ઉત્તરમાં પંજાબ; દક્ષિણમાં વિંધ્યાચળ સુધી હતી આટલો રાજ્યવિસ્તાર બીજા કોઇ રાજાનો નોહોતો. તેમણે અઢારે દેશમાં સારી દયા પળાવી, તેમના રાજ્યમાં ઘોડા વિગેરેને પાણી પણ ગળીને પાતા. તેમ પલાણો પણ પુજણીથી પુંજી પ્રમાવર્જીને વપરાવતા હતા.

કુમારપાળનો જન્મ-વિક્રમ સં. ૧૧૪૯, રાજ્યાભિષેક સં. ૧૧૯૯, બાર વ્રત સ્વીકાર ૧૨૧૬, સ્વર્ગવાસ ૧૨૩૦ માં, તેઓ ૭૨ સામંતો ઉપર આજ્ઞા ચલાવતા હતા.

તેમના ધર્મ કાર્યો—૧૪૪૪ નવા દેરાસરો બંધાવ્યાં તેમાં તારંગા, ઇડર, ધંધુકાદિકના દેરાસરો હાલમાં છે, ૧૬૦૦૦ જીર્ણોદ્ધાર કરાવ્યા, શ્રી સિદ્ધાચળની સાત યાત્રા ગુરૂ અને સંઘ સહીત કરી, ૨૧ સોનાની શાહીના પુસ્તકોના ભંડાર કરાવ્યા, એક વર્ષમાં એક ક્રોડ સોનામહોર એવી રીતે ચૌદ વર્ષ સુધી સાધર્મીક ભાઇઓને આપી, ૯૮૦૦૦૦૦ દ્રવ્ય લેણું સાધર્મીક ભાઇઓનું છોડી દીધું, ૭૨૦૦૦૦૦ લાખ દ્રવ્ય નિવાર્સીનું છોડી દીધું, આ શિવાય પણ તેમણે ઘણા ધર્મ કાર્યો કર્યાં છે.

## જીવના ૫૬૩ ભેદમાંથી ક્યા ક્ષેત્રમાં કેટલા લાધે તેનો કોઠો.

| જીવના ભેદ | નારકી | તિરિયંચ | મનુષ્ય | દેવતા | સર્વ |
|---|---|---|---|---|---|
| ૫૬૩ | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૯૮ | ૫૬૩ |
| ૧ ભરતક્ષેત્રમાં | ૦ | ૪૮ | ૩ | ૦ | ૫૧ |
| ૨ મહાવિદેહમાં | ૦ | ૪૮ | ૩ | ૦ | ૫૧ |
| ૩ જંબુદ્વીપમાં | ૦ | ૪૮ | ૨૭ | ૦ | ૭૫ |
| ૪ લવણસમુદ્રમાં | ૦ | ૪૮ | ૧૬૮ | ૦ | ૨૧૬ |
| ૫ ધાતકીખંડમાં | ૦ | ૪૮ | ૫૪ | ૦ | ૧૦૨ |
| ૬ કાલોદધિમાં | ૦ | ૪૮ | ૦ | ૦ | ૪૮ |
| ૭ અર્ધપુષ્કરમાં | ૦ | ૪૮ | ૫૪ | ૦ | ૧૦૨ |
| ૮ નંદિશ્વરદ્વીપમાં | ૦ | ૪૬ | ૦ | ૦ | ૪૬ |
| ૯ નંદિશ્વરસમુદ્રમાં | ૦ | ૪૬ | ૦ | ૦ | ૪૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦ તિર્યછલોકમાં | ૦ | ૪૮ | ૩૦૩ | ૭૨ | ૪૨૩ |
| ૧૧ અધોલોકમાં | ૧૪ | ૪૮ | ૩ | ૫૦ | ૧૧૫ |
| ૧૨ ઉર્ધ્વલોકમાં | ૦ | ૪૬ | ૦ | ૭૬ | ૧૨૨ |
| ૧૩ મેરૂગિરિમાં | ૦ | ૪૮ | ૦ | ૦ | ૪૮ |
| ૧૪ અઢીદ્રીપમાં | ૦ | ૪૮ | ૩૦૩ | ૦ | ૩૫૧ |
| ૧૫ બાર દેવલોકમાં | ૦ | ૨૦ | ૦ | ૪૮ | ૬૮ |
| ૧૬ નવ ગ્રૈવેયકમાં | ૦ | ૧૪ | ૦ | ૧૮ | ૩૨ |
| ૧૭ લોકના છેડે | ૦ | ૧૨ | ૦ | ૦ | ૧૨ |
| ૧૮ અધોગ્રામ | ૦ | ૪૮ | ૩ | ૦ | ૫૧ |
| ૧૯ મુઠીમાં | ૦ | ૧૨–૪ | ૦ | ૦ | ૧૨–૪ |

## અજીવના ૫૬૦ ભેદમાંથી કયા ક્ષેત્રમાં કેટલા લાધે તેનો કોઠો.

| અજીવના ભેદ | ધર્માસ્તિ કાય | અધર્મા-સ્તિકાય | આકાશા સ્તિકાય | કાલ | પુદ્ગલા સ્તિકાય | સર્વે |
|---|---|---|---|---|---|---|
| | ૮ | ૮ | ૮ | ૬ | ૫૩૦ | ૫૬૦ |
| ૧ ભરતક્ષેત્રમાં | ૭ | ૭ | ૭ | ૬ | ૫૩૦ | ૫૫૭ |
| ૨ જંબુદ્વીપમાં | ૭ | ૭ | ૭ | ૬ | ૫૩૦ | ૫૫૭ |
| ૩ લવણસમુદ્રમાં | ૭ | ૭ | ૭ | ૬ | ૫૩૦ | ૫૫૭ |
| ૪ નંદિશ્વરમાં | ૭ | ૭ | ૭ | ૦ | ૫૩૦ | ૫૫૧ |
| ૫ મુઠીમાં | ૭ | ૭ | ૭ | ૬ | ૫૩૦ | ૫૫૭ |

આ કોઠો પં૦ મેરૂવિજયજીના પાના ઉપરથી લીધો છે. આ પાંચસોને ત્રેસઠ ( ૫૬૩ ) ભેદ આ પુસ્તકના આઠમા ભાગની શરૂઆતથી વિસ્તારે જણાવેલા છે. તે ત્યાંથી જોઈ લ્યો.

**ભાગ છઠ્ઠો—સમાપ્તમ્.**

# અધ્યાત્મ સાર સંગ્રહ.

## કર્તા ઉપા૦શ્રી જસવિજયજી મહારાજ

ઉ. શ્રી. જસવિજયજી મહારાજ પ્રથમે પંચ પરમેષ્ઠી ભગવાનની સ્તુતિ કરી પછી આ અધ્યાત્મ વિષયને કહે છે.

શાસ્ત્રથી, બુદ્ધિમાન્ પુરૂષોના સારા સંપ્રદાયથી અને મારા પોતાના અનુભવથી આ અધ્યાત્મ વિષયની કોઈ પણ પ્રક્રિયાને હું કહું છું. ૭

જેમ ભોગી લોકોને સ્ત્રીઓનું સંગતમય ગીત પ્રીતિને માટે થાય છે, તેમ યોગી લોકોને અધ્યાત્મ રસથી કોમળ એવું આ પદ્ય( કાવ્ય ) પ્રીતિને માટે થાય છે. ૮

યુવાન પુરૂષોને સ્ત્રીના અધરામૃતના સ્વાદથી જે સુખ ઉત્પન્ન થાય છે, તે સુખ અધ્યાત્મ શાસ્ત્રના સ્વાદના સુખસાગરની પાસે એક બિંદુરૂપ છે. ૯

અધ્યાત્મ શાસ્ત્રથી ઉત્પન્ન થયેલા સંતોષના સુખવડે શોભનારા પુરૂષો રાજાને, કુબેરને અને ઈંદ્રને પણ ગણતા નથી. ૧૦

જે પુરૂષ અધ્યાત્મ શાસ્ત્ર શીખ્યા વગર પંડિતપણાની ઇચ્છા રાખે છે, તે લંગડો પુરૂષ સ્વર્ગના વૃક્ષનું ફળ મેળવવાની ઇચ્છાથી આંગળીને ઉંચી કરે તેના સમાન છે. ૧૧

અધ્યાત્મ શાસ્ત્ર દંભરૂપી પર્વતને છેદવામાં વજ્ર સમાન છે, મૈત્રી ભાવરૂપી સમુદ્રને વધારવામાં ચંદ્ર સમાન છે અને વધેલા મોહજાળ રૂપ વનને બાળવામાં અગ્નિ સમાન છે. ૧૨

અધ્યાત્મ શાસ્ત્રરૂપી સારા રાજ્યમાં ધર્મનો માર્ગ સુસ્થ થાય છે, પાપ રૂપી ચોર નાશી જાય છે અને બીજો કોઇ ઉપદ્રવ થતો નથી. ૧૩

જેમના હૃદયમાં અધ્યાત્મ શાસ્ત્રનું તત્ત્વ પરિણામ પામેલું છે, તે પુરૂષોને કષાય તથા વિષયોના આવેશનો ક્લેશ કદિ પણ થતો નથી. ૧૪

અધ્યાત્મ શાસ્ત્રના અર્થબોધરૂપી યોદ્ધાની કૃપા જો ન હોય તો, કામદેવરૂપી નિર્દય ચંડાળ પંડિતોને પણ પીડા કરે છે. ૧૫

મહર્ષિઓ, હૃદયરૂપી વનમાં વધતી વિષવેલની સમાન તૃષ્ણા ને અધ્યાત્મ શાસ્ત્રરૂપી દાતરડાથી છેદે છે. ૧૬

જેમ વનમાં ઘર, દરિદ્રતામાં ધન, અંધકારમાં તેજ અને મરૂસ્થળમાં જળ દુર્લભ છે, તેવી રીતે કળિયુગમાં અધ્યાત્મ શાસ્ત્ર દુર્લભ છે. તેને ધન્ય પુરૂષો જ પ્રાપ્ત કરી શકે છે. ૧૭

વેદ તથા બીજા શાસ્ત્રનો જાણકાર ક્લેશ ભોગવે છે અને અધ્યાત્મ શાસ્ત્રનો વેત્તા રસ ભોગવે છે. ગધેડા ચંદનનો ભાર વહન કરે છે, પણ તે ચંદનના ભોગને ભાગ્યવાન્ જ પ્રાપ્ત કરે છે. ૧૮

બીજા વિદ્વાનો ભુજાના અફળાવાવડે તથા હાથ અને મુખના વિકારવડે અભિનય કરી બોલનારા છે અને અધ્યાત્મ શાસ્ત્રને જાણનારા પુરૂષો તો નેત્રમાં પણ વિકાર લાવ્યા વગર શાંતતાથી બોલનારા છે. ૧૯

વિબુધ વિદ્વાનો અધ્યાત્મ શાસ્ત્રરૂપી હેમચળવડે મથન કરેલા આગમરૂપી સમુદ્રમાંથી ગુણરૂપી ઘણાં રત્નોને શું પ્રાપ્ત નથી કરતો ? ૨૦

કામનાં રસનો અવધિ ભોગ સુધી છે; સારા ભક્ષણના રસનો અવધિ ભોજન ક્યાં સુધી છે, પણ અધ્યાત્મ શાસ્ત્રની સેવાનો રસ નિરવધિ—અવધિ વગરનો છે. ૨૧

નઠારા તર્કોવાળા ગ્રંથોના સર્વસ્વ—સર્વ રહસ્યના ગર્વરૂપી જ્વરથી વિકારવાળી એવી દ્રષ્ટિ અધ્યાત્મ ગ્રંથરૂપી ઔષધથી નિર્મળ ભાવને પામે છે. ૨૨

ધનવાન ગૃહસ્થોને જેમ પુત્ર, સ્ત્રી વગેરે સંસારની વૃદ્ધિને માટે થાય છે, તેમ પંડિતાઇથી ગર્વિષ્ટ થયેલા પુરૂષોને અધ્યાત્મ વગરનું શાસ્ત્ર સંસારની વૃદ્ધિને માટે થાય છે. ૨૩

તેથી અધ્યાત્મ શાસ્ત્રનો અભ્યાસ કરવો, વારંવાર તેની ભાવના ભાવવી અને તેનો અર્થ વારંવાર ચિંતવવો અને જે યોગ્ય પુરૂષ હોય તેને તે શીખવવું. ૨૪

### અધ્યાત્મ કોને કહેવાય ?

શિષ્ય પ્રશ્ન કરે છે—"હે ભગવાન ! તમે જેનું વર્ણન

કરો છો તે અધ્યાત્મ શું કહેવાય ?" ગુરૂ ઉત્તર આપે છે—"હે વત્સ ! અધ્યાત્મ શું કહેવાય તે હું શાસ્ત્ર પ્રમાણે તારી આગળ વર્ણન કરી બતાવું છું, તે તું સાંભળ." ૧

જેમનો મોહનો અધિકાર નાશ પામ્યો છે, એવા મુનિઓને આત્માને અધિકાર કરી જે શુદ્ધ ક્રિયા પ્રવર્તે તેને જિનેશ્વરો અધ્યાત્મ કહે છે. ૨

જેમ સર્વ ચારિત્રોની અંદર સામાયક અનુગત છે તેમ સર્વ યોગોની અંદર અધ્યાત્મ અનુગત છે. ૩

અપુનર્બંધ—ચોથા ગુણઠાણાથી માંડીને ચાદમા ગુણઠાણા સુધી અનુક્રમે જે આત્માની શુદ્ધિ પ્રગટ થાય છે તે સર્વ અધ્યાત્મ ક્રિયા જાણવી. ૪

ભવાભિનંદી પુરૂષ આહાર ઉપધિને અર્થે, પૂજા પામવાની ઋદ્ધિના ગૌરવથી બંધાઈને જે ક્રિયા કરે છે, તે અધ્યાત્મ ગુણની વિરોધી છે. ૫

ક્ષુદ્ર—હલકો, લોભમાં પ્રીતિવાળો, દીન, મત્સરી, બ્હીકણ, શઠ અને અજ્ઞાની એવો ભવાભિનંદી જે ક્રિયા કરે છે, તે નિષ્ફળ થાય છે. ૬

શાંત, ઈંદ્રિઓનું દમન કરનાર, સદા ગુપ્ત એટલે ત્રણ ગુપ્તિવાળો, મોક્ષનો અર્થી અને વિશ્વ ઉપર પ્રીતિવાળો પુરૂષ જે દંભ વગરની ક્રિયા કરે છે, તે ક્રિયા અધ્યાત્મ ગુણની વૃદ્ધિને માટે થાય છે. ૭

એથી પ્રશ્ન કરવાની જેને સંજ્ઞા ઉત્પન્ન થયેલી છે, એવો પુરૂષ પૂછવાની ઇચ્છાથી સાધુની પાસે જવાની ઇચ્છા કરે છે અને ક્રિયામાં રહીને ધર્મને પૂછે છે. ૮

તત્ત્વને અંગીકાર કરી પ્રથમ સમ્યગ્દર્શનને પ્રાપ્ત થયેલો શ્રાવક તથા યતિ તે ત્રણ પ્રકારના (૧) ઉપશમ (૨) ક્ષયોપશમ, (૩) ક્ષાયક સમકિત તે અનંતાનુબંધનો અંશ જેણે ખપાવ્યો છે, વળી દર્શનમોહનીયને ખપાવનાર, મોહનીયને ઉપશમાવનાર એવા ઉપશાંતમોહી તથા ક્ષપકશ્રેણીને વિષે વર્ત્તી જેણે મોહનો ક્ષય કરેલો છે, તેવા સયોગી કેવળી તથા અયોગી કેવળી ભગવંત જાણવા. ૯—૧૦

અનુક્રમે જે એ ગુણો કહેવામાં આવેલા છે, તે અસંખ્યાત ગુણો નિર્જરાના કરનારા છે, તેથી એકલાથી પણ અધ્યાત્મની વૃદ્ધિને માટે પ્રયત્ન કરવો. ૧૧

શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયા એ બે અંશે મોટા રથના બે ચક્રની જેમ અને પક્ષીની બે પાંખોની જેમ સાથે રહેલા છે. ૧૨

પૂર્વે નિશ્ચયનય અને વ્યવહારનો આરોપ માત્ર ઉપચારથી છે, પણ પાંચમા ગુણુઠાણાથી માંડીને એ નય ઇચ્છે છે. ૧૩

શુશ્રુષા–સેવા કરવી વિગેરે ક્રિયા ચોથે ગુણઠાણે પણ ઉચિત છે, જેમને સુવર્ણનું આભૂષણ મળે નહીં તેમને રૂપાનું આભૂષણ મળે તે સારૂં ગણાય છે. ૧૪

અપુનર્બંધક એટલે ચોથે ગુણઠાણે રહેલાની જે શમ સહિત ક્રિયા છે, તે દર્શનના ભેદથી વિચિત્ર છે અને ધર્મના વિઘ્નનો ક્ષય કરનારી છે. ૧૫

અશુદ્ધ એવી પણ ક્રિયા સારા આશયથી શુદ્ધ ક્રિયાનો હેતુ થાય છે. તાંબું બાળી રસનો અનુવેધ કરવાથી તે સુવર્ણપણાને પામે છે. ૧૬

એ કારણ માટે ધીર બુદ્ધિવાળા પુરૂષો જ્ઞાન, દર્શન અને ચારિત્ર એવા ત્રણ રત્નના માર્ગને વિષે પ્રવેશ કરવાને મિથ્યા દૃષ્ટિવાળાને પણ દ્રવ્ય સમકિતનો આરોપ કરી ચારિત્ર આપે છે. ૧૭

કદી કોઇ એમ કહેશે કે ભાવ જાણ્યા સિવાય–ચારિત્ર આપવાથી સિદ્ધિ અને અસિદ્ધિ હણાઇ જાય છે, તો પછી ભવ્ય જીવોને પણ દીક્ષા ન આપવી; પણ તેમ કરવાથી સમ્યગ્ માર્ગનો ઉચ્છેદ થઇ જાય છે. ૧૮

એમ અશુદ્ધનો અનાદર કરે અને શુદ્ધ યોગનો અભ્યાસ ન કરે ત્યારે દર્શન જે સમકિત તે પણ શુદ્ધ ન થાય, કારણ કે એક નિસર્ગ–સ્વાભાવિક સમકિત ટાળીને શુદ્ધ કરવું તે પણ અભ્યાસથીજ થઇ શકે છે. ૧૯

શુદ્ધ માર્ગના અનુરાગવડે ઉત્તમ એવા અને ગુણવાન પ્રાણીને આધીન રહેનારા પુરૂષોના આત્માની જે શુદ્ધતા છે, તે ક્યારે પણ હણાતી નથી. ૨૦

વિષય, આત્મા અને અનુબંધ એ ત્રણે પ્રકારે શુદ્ધ કહેવાય છે. તે શુદ્ધિ એક એકથી વિશેષ ઉત્તમ છે. તે ત્રણે કર્મમાં જે દુઃખથી પોતાના આત્માને મૂકવાને ઝંપાપાત વગેરે કરે તે પહેલું–વિષયશુદ્ધિ કર્મ કહેવાય છે. ૨૧

જે બીજી આત્મશુદ્ધિ છે, તે અજ્ઞાનીઓને થાય છે, તે લોકદ્રષ્ટિએ પાંચ યમ, ત્રણ નિયમ વગેરે પાલે છે અને ત્રીજી અનુબંધ શુદ્ધિ છે, તે શાંત વૃત્તિવડે તત્ત્વના સંવેદન–અનુભવને અનુસરે છે. ૨૨

પહેલી વિષયશુદ્ધિ અજ્ઞાનના બહુપણાથી મોક્ષના સાધકને બાધ કરનારી છે, અને તેના સદ્ભાવથી શુભ આશયનો લેશ માત્ર હોય તો તેથી જન્મ–મરણ થયા કરે એમ યોગાભ્યાસી પુરૂષો કહે છે. ૨૩

બીજી આત્મશુદ્ધિથી ક્વચિત દોષની હાનિ તો થાય, પણ દેડકાના ચૂર્ણની જેમ પરંપરાએ ઘણા દોષ થઇ જાય છે, અને ત્રીજી અનુબંધ શુદ્ધિમાં તો ગુરૂતા ભાવ અને લઘુતા ભાવના ચિંતવનથી કર્મની અત્યંત હાની થાય છે. ૨૪

જે ક્રિયા સ્વરૂપથી પણ શુદ્ધ હોય તો તે આત્માને શુદ્ધતા કરનારી છે, માટે શુદ્ધ ક્રિયા કરવી જોઇએ. મુનીંદ્ર પરમેશ્વરે બતાવેલા વ્યવહારવડે દ્રઢ આદરથી શુદ્ધ ક્રિયા કરવામાં આવે તો તેથી ત્રણ રત્નોના માર્ગનું બીજ પ્રગટ થાય છે. ૨૫

ગુરૂની આજ્ઞાને આધીન રહેવાથી, દ્રવ્ય દીક્ષાના ગ્રહણથી પણ અને અનુક્રમે વીર્યના ઉલ્લાસથી ઘણા જીવો પરમપદને પામેલા છે. ૨૬

અધ્યાત્મના અભ્યાસ વખતે પણ કોઈ લેશ માત્ર ક્રિયા વર્તે છે, અને શુભકારી ઓઘ સંજ્ઞાને સહચારી એવું કાંઇક જ્ઞાન પણ વર્તે છે. ૨૭

એ કારણ માટે તે અધ્યાત્મ, જ્ઞાન અને ક્રિયારૂપે રહેલું છે. તે અધ્યાત્મ દંભ રહિત આચારથી શોભનારા મનુષ્યોને ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું જાય છે. ૨૮

# દંભત્યાગ અધિકાર.

## તે દંભ કેવો છે?

**દંભ**—મુક્તિરૂપી લતામાં અગ્નિરૂપ છે; દંભ, ક્રિયારૂપી ચંદ્રમાં રાહુરૂપ છે; દંભ, દૌર્ભાગ્યનું કારણ છે અને દંભ, અધ્યાત્મ સુખની અર્ગલા-ભૂંગળરૂપ છે. ૧

**દંભ**—જ્ઞાનરૂપી પર્વતમાં વજ્ર સમાન છે; દંભ, કામરૂપ અગ્નિમાં હોમવાનું દ્રવ્ય છે; દંભ, દુઃખોનો મિત્ર છે અને દંભ વ્રત લક્ષ્મીનો ચોર છે ૨

દંભથી વ્રતને ધારણ કરી જે માણસ પરમપદ—મોક્ષની ઇચ્છા રાખે છે, તે લોઢાના નાવ ઉપર બેસી સમુદ્રના પારને પામવા ઇચ્છે છે. ૩

જો દંભને દૂર કર્યો ન હોય તો, પછી વ્રત અને તપ કરવાથી શું? જો દ્રષ્ટિનું અંધપણું ન ગયું હોય તો, પછી દર્પણ કે દીવા શા કામના છે? ૪

કેશનો લોચ, પૃથ્વીપર શય્યા, ભિક્ષા અને બ્રહ્મચર્ય વગેરે સર્વે મુનિના આચારો, જેમ ડાઘાથી મોટો મણિ દૂષિત થાય છે, તેમ એક દંભથી દૂષિત થઇ જાય છે. ૫

રસમાં લંપટપણું છોડી શકાય છે, દેહ શોભા ત્યજી શકાય છે અને કામભોગ વગેરેનો ત્યાગ થઇ શકે છે; પરંતુ દંભનું સેવન ત્યજવું મુશ્કેલ છે. ૬

પોતાના દોષ ઢંકાય, લોકમાં પોતાની પૂજા થાય, અને પોતાનું ગૌરવ થાય—એટલાજ માટે મૂર્ખ લોકો દંભથી હેરાન થાય છે. ૭

જેમ અસતી-કુલટા સ્ત્રીનું શીલ તેના અશીલની વૃદ્ધિને માટે થાય છે તેમ વેષધારી દંભીઓનું વ્રત તેના અવ્રતની વૃદ્ધિને અર્થે થાય છે. ૮

મૂર્ખ લોકો દંભના પરિણામને જાણતા હોય, તો પણ તે ઉપર વિશ્વાસ ધારણ કરી પગલે પગલે સ્ખલના પામે છે. ૯

અહા! મોહનું કેવું માહાત્મ્ય છે, કે જેથી કાજળવડે રૂપની જેમ ભગવંતની દીક્ષાને પણ લોપી નાંખે છે. ૧૦

જેમ કમળમાં હિંમ, શરીરમાં રોગ, વનમાં અગ્નિ, દિવસમાં રાત્રિ, ગ્રંથમાં મૂર્ખતા અને સુખમાં કલહ ઉપદ્રવરૂપ છે, તેમ ધર્મની અંદર દંભ ઉપદ્રવરૂપ છે. ૧૧

એથી કરીને જે પુરૂષ મૂળ તથા ઉત્તર ગુણોને ધારણ કરવાને સમર્થ ન હોય, તેણે ઉત્તમ પ્રકારનું શ્રાવકપણું ધારણ કરવું યુક્ત છે; પણ દંભથી જીવવું યુક્ત નથી. ૧૨

જે પુરૂષ વ્રત ઉપર લાગેલા દૃઢ રાગને લઈને લિંગ એટલે મુનિવ્રત પણ મૂકવાને સમર્થ ન હોય, તેણે સંવિગ્ન સંવેગનો પક્ષ લઈ દંભ રહિત સાધુના સેવક થવું. ૧૩

અવસન્ન એટલે અવસેદ પામેલો હોય, પણ સિદ્ધાંતના શુદ્ધ અર્થના કહેનાર, અને દંભથી રહિત એવા ગુણરાગી સાધુને થોડી યતના હોય તો પણ તે નિર્જરાને આપે છે. ૧૪

જેઓ પોતે વ્રતનો ભાર સહન કરી શકે તેમ નથી, એમ જાણતાં છતાં દંભથી પોતાનું યતિપણું કહે છે, તેઓનું નામ પણ પાપના માટે થાય છે. ૧૫

જે મુનિઓ સારી રીતે વિચારી યતનાને કરતા નથી, તેવા દાંભિક મુનિઓ યતિના નામથી આ જગતને છેતરે છે. ૧૬

ધર્મમાં થયેલ પોતાની અતિ ખ્યાતિના લાભથી પોતાના આશ્રવને ઢાંકનારો અને હીન છતાં પણ કપટ—દંભને ધારણ કરનારો યતિ આ વિશ્વને તૃણવત્ ગણે છે. ૧૭

પોતાનો ઉત્કર્ષ બતાવવાથી, દંભથી અને બીજાઓના અપવાદથી યોગીના જન્મને બાધ કરનારૂં કઠિન કર્મ બાંધે છે. ૧૮

તેથી આત્માના અર્થી એવા મુનિએ કે ગૃહસ્થે અનર્થના કારણ રૂપ એવા દંભનો ત્યાગ કરવો, કારણ કે સરળતાવાળા પુરૂષના આત્માની શુદ્ધિ થાય છે, એમ આગમને વિષે પ્રતિપાદન કરેલું છે. ૧૯

તીર્થંકરોએ એકાંતે આજ્ઞા પણ કરી નથી તેમ સર્વથા

નિષેધ પણ કર્યો નથી, પરંતુ જે કાર્ય કરવું તે દંભ રહિત કરવું એવી પરમેશ્વરની આજ્ઞા છે. ૨૦

જેમનું ચિત્ત અધ્યાત્મને વિષે આસક્ત છે, તેવા પુરૂષોએ થોડો પણ દંભ કરવો યોગ્ય નથી. સમુદ્રને તરનારા પુરૂષોના વહાણને એક છિદ્રનો લેશ પણ યોગ્ય નથી. ૨૧

મલ્લિનાથ વિગેરેને લેશ માત્ર પણ રાખેલો દંભ સ્રી વેદના અનર્થનું કારણ થયો હતો, એથી તેનો ત્યાગ કરવાને મહાત્મા પુરૂષે પ્રયત્ન કરવો જોઇએ. ૨૨

---

## ભવ–સ્વરૂપ ચિંતા.

એવી રીતે દંભ રહિત આચરણ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી, સારી બુદ્ધિવાળા પુરૂષે સમાધિ પ્રાપ્ત કરી, પોતાના ચિત્તને વિષે ક્ષણવાર આ સંસારનું સ્વરૂપ ચિંતવવું. એ સંસારના સ્વરૂપની ચિંતા અધ્યાત્મના પ્રદેશરૂપી સરોવરના તીરની લહરી છે, જે વૈરાગ્ય પ્રમુખરૂપ પ્રીતિકારી પવનથી પુષ્ટ થયેલી છે, તે સત્પુરૂષોને સુખને માટે થાય છે. ૧

આ સંસારરૂપ સમુદ્ર કે જેમાં એક તરફ કામરૂપી દુઃસહ વડવાનળ સળગી રહ્યો છે, એક તરફ વિષયરૂપી પર્વતના શિખર ઉપરથી જુદા થયેલા પાષાણો પડી રહ્યા છે, અને એક તરફ વિકારરૂપી નદીના સંગમથી ક્રોધરૂપી ચક્રીઓ થયા કરે છે, તેવા આ સંસારરૂપ સમુદ્રમાં કોને ભય ન થાય? ૨

રતિ–વિષયના સંતાપથી ચપળ એવી પ્રિય–સ્રીરૂપ જ્વાલા જેમાંથી નીકળે છે, કમળ દળના જેવી શ્યામ કાંતિવાળા કટાક્ષરૂપી ધૂમાડાના જથ્થા જેમાંથી પ્રગટ થાય છે અને ઘણા વિકારોને કરનારા વિષયો રૂપી અંગારા જ્યાં અંગોને બાળે છે એવા સંસારરૂપી આગ્નમાં સુખ ક્યાં સુલભ છે? ૩

જેમાં સ્વભાવે કૃપણ એવા પ્રાણીરૂપ પશુઓને ગળામાં પુત્ર–સ્રીના સ્નેહરૂપ પાશ નાંખી વિષમ એવા વિષયરૂપ ઘાતકી માણસો અતિ દુઃખી કરી પીડે છે, તે સંસાર અહા! મોટા ભયને કરનારૂં કસાઇના સ્થાનરૂપ છે. ૪

જે આ સંસારરૂપી રાક્ષસ, અવિદ્યારૂપી રાત્રિમાં વિચરે છે, મસ્તક ઉપર વિષમ એવા કષાય રૂપ સર્પોના સમૂહને વહન કરે છે, ગળામાં વિષયરૂપી અસ્થિઓને નાંખે છે, અને વક્ર મુખે હસતો મહાદોષરૂપી દાંત પ્રગટ રીતે દેખાડે છે તે આ સંસારરૂપી રાક્ષસ વિશ્વાસ કરવાને યોગ્ય નથી. ૫

જેઓ આ સંસારરૂપી અટવીમાં ધર્મરૂપી દ્રવ્યના થોડા અંશની ભિક્ષા માંડ માંડ મેળવી પ્રયાણ કરતા તેવા લોકોને, સુંદર નેત્રવાળી સ્ત્રીના સ્તનરૂપ વિષમ દુર્ગમાં સ્થિતિ કરીને રહેલો કામદેવરૂપી બળવાન લુંટારો લુંટે છે, તે અટવીમાં સહાય વગર ગમન કરવું ઉચિત નથી. ૬

મારૂં ધન, મારૂં ઘર, મારા પુત્રો અને મારી સ્ત્રી વગેરે એવા વિપર્યાસથી જેમણે વારંવાર વિસ્તારવાળાં દુઃખ પ્રાપ્ત કરેલાં છે, એવા લોકો પણ જે સંસારમાં મિથ્યા સુખના હર્ષને ધારણ કરનારા છે, એવો આ કપટ રચનામય સંસાર છે, તેમાં વિવેકી પુરૂષ પ્રસરતો નથી. ૭

જેની અંદર પ્રિયાનો સ્નેહ એક બેડીના જેવો છે, સ્વજન વર્ગ પહેરેગીર સુભટના જેવો છે, ધન નવીન બંધનના જેવું છે અને વ્યસન અતિ અપવિત્ર વસ્તુથી ભરેલ બીલના સંસર્ગથી વિષમ છે, એવો આ સંસાર ખરેખર કારાગૃહ રૂપ છે. તેની અંદર વિદ્વાનોને ક્યારે પણ પ્રીતિ થતી નથી. ૮

આ સંસાર એક શ્મશાન છે, જેની અંદર મહાન ક્રોધરૂપી ગીધ પક્ષી છે, અરતિરૂપી ચપળ શીયાળણી છે, કટુ શબ્દને પ્રગટ કરતો કામદેવરૂપી ઘુવડ પક્ષી જેમાં વિચરે છે, શોક રૂપી અગ્નિ જ્યાં પ્રદીપ્ત થયેલો છે અને જેમાં અપયશ રૂપી ભસ્મ આસપાસ રહેલો છે, એવા તે સંસારરૂપી શ્મશાનમાં શું રમણીય હોય ? અર્થાત કાંઇ ન હોય. ૯

અતિ વિષમ મૂર્છાને વિસ્તારનારી ધનની આશા જેની છાયા છે, મોટા વિકારને માટે થનારો સ્ત્રીઓનો વિલાસ જેનો પુષ્પરસ છે, અને નરકની વ્યાધિનો સમૂહ જેના ફળનો સ્વાદ છે

એવા આ સંસારરૂપી વિષવૃક્ષ ઉપર બુદ્ધિવાળા પુરૂષે આસ્થા કરવી યુક્ત નથી. ૧૦

કોઇને મોટું રાજ્ય હોય છે ત્યારે કોઇને ધનનો લેશ પણ સુલભ નથી; કોઇને ઉત્તમ જાતિ હોય છે, તો કોઇને નીચપણાનો અપયશ હોય છે; કોઇને અતિશે લાવણ્યની શોભા હોય છે, તો કોઇને શરીરનું રૂપ બીલકુલ નથી, એવી રીતે આ સંસારમાં રહેલું વિષમપણું કોને પ્રીતિકારક હોય ? ૧૧

પામર લોકોએ માનેલા આ સંસારરૂપી ઘરમ સ્થિતિ કરવામાં સુખ નથી, તેને માટે અમે શું કહીએ ? તે સંસાર-રૂપી ઘરમાં કામદેવરૂપી ઉગ્ર શત્રુ ગુણરૂપી પૃથ્વીને ખોદ્યા કરે છે, તેની પાડોશમાં રહેલ કુપરિણામ રૂપી પાડોશીનો કલહ સતત ચાલ્યા કરે છે અને તેની અંદર ફરતા એવા આઠ મદરૂપી સર્પોના રાફડા છે. ૧૨

જેમ વિકરાળ ક્રોધરૂપી સૂર્યથી શમરૂપ સરોવર સુકાઈ જવાથી ભવી પ્રાણીઓ વિષયને વશ થઇ તૃષાની પીડાથી ખેદ પામે છે, અને જ્યાં પ્રતિદિન કામદેવરૂપી પસીનાને લઇને ગુણ રૂપી ચરબી ગ્લાન પામે છે, એવા આ સંસારરૂપી ભયંકર ગ્રીષ્મઋતુમાં તાપને હરણ કરનારૂં શરણ શું છે ? અર્થાત નથી. ૧૩

પિતા, માતા અને ભાઇ, પોતાના ઇચ્છેલા અર્થની સિ-દ્ધિને વિષેજ અભિમત-સંમત થાય છે, અને ધનવાન પુરૂષ ગુણોના સમુહને જાણનારો હોય તો પણ તે ધનને આપી શકતો નથી. એવી રીતે સર્વ લોકો પોતાનો સ્વાર્થ સાધવાને હમેશાં પ્રવર્તે છે એવા એ સંસારના સુખને કહેવાને કોણ રસિક સમર્થ છે ? ૧૪

અહો ! આ સંસારમાં જે લોક સ્વાર્થ ન હોય ત્યારે નિર્દય થઇ જેને તૃણની જેમ છોડી દે છે, તે લોક સ્વાર્થ હોય ત્યારે ચંડાળનો હાથ પકડી તેની સાથે ચાલે છે અને વળી જ્યાં હૃદયમાં વિષ હોય છતાં મુખમાં અમૃત રાખી લોક વિશ્વાસ-ઘાત કરે છે, એવા સંસારથી જો ઉદ્વેગ ન થાય તો પછી વધારે કહેવાથી શું ? ૧૫

ધાટા મોટા દ્રવ્યની નિધિઓના ગુણવાળો માણસ સ્ત્રીઓની દ્રષ્ટિના ખુણાઓ ( કટાક્ષ ) જો તે મનોહર–હર્ષકારક હોય તો તેનાથી ખુશી થાય છે અને જો તે કોપ યુક્ત હોય તો તેનાથી ખેદ પામે અને સ્તુતિ વગેરે ઉપયોગથી માંડ માંડ તેઓનો રોષ ઉતારે છે. અહો ! મોહે કરેલી આ સંસારની વિષમ ઘટના કેવી છે ? ૧૬

જે કુટુંબમાં પ્રેક્ષા–તત્વા વિચારણા રૂપી સ્ત્રી છે, વિનય રૂપી પુત્ર છે, ગુણરતિ પુત્રી છે, વિવેકરૂપી પિતા છે અને શુદ્ધ પરિણુતિ રૂપી માતા છે આવું કુટુંબ જે શુદ્ધ આત્માને સ્ફુટ રીતે સ્ફુરી રહ્યું છે તેવું કુટુંબ આ સંસારમાં જોયું નથી તે છતાં પ્રાણી તે સંસારના કુટુંબના સંયોગમાં સુખની બુદ્ધિ રાખે છે એ ઘણી અફસોસની વાત છે ! ૧૭

પ્રથમ પ્રેમના આરંભમાં એટલે પ્રેમ કરવામાં દુઃખ છે, તે પછી તે પ્રેમનો વિચ્છેદ ન થાય એટલે તેને જાળવી રાખવો તેમાં દુઃખ છે, તેમ છતાં જો તે પ્રેમનું પાત્ર નાશ પામી જાય તો તેમાં પણ દુઃખ છે–આ પ્રમાણે મનુષ્ય કઠિણ ચિત્તવાળો થઇ નીંભાડામાં ભરેલા કલશની જેમ ઘણા તાપવાળા એવા સંસારરૂપી નીંભાડાનાં દુઃખ સહન કરે છે, તે સંસારમાં કોઇ પણ ઠેકાણે સુખ નથી. ૧૮

આ સંસાર મોહરૂપી રાજાની એક રણભૂમિ રૂપ છે, મૃગના જેવાં નેત્રવાળી સ્ત્રીઓના કટાક્ષ બાણોથી જેમાં ધર્મરૂપી કટક હણાય છે, રાગરૂપી ઘણા રૂધિરથી હૃદયના પ્રદેશ જેમાં લીંપાય છે અને ક્રૂર એવા વ્યસન રૂપી સેંકડો ગીધ પક્ષીઓ જેમાં ઉંચે ભમ્યા કરે છે. ૧૯

આ સંસારમાં મોહના કોઇ ઉન્માદને પ્રાપ્ત થયેલા પ્રાણીઓ એવાં પરવશ બની જાય છે કે તેઓ ક્ષણમાં હસે છે, ક્ષણમાં ક્રીડા કરે છે, ક્ષણમાં ઘણા ખેદ પામે છે, ક્ષણમાં રૂએ છે, ક્ષણમાં પોકાર કરે છે, ક્ષણમાં વિવાદ કરે છે, ક્ષણમાં નાશી જાય છે, ક્ષણમાં હર્ષ પામે છે અને ક્ષણમાં નૃત્ય કરે છે. ૨૦

જેમ પંડિતમાં અપૂર્ણ વિદ્યા, જેમ ખળ પુરૂષની મૈત્રી,

રાજસભામાં જેમ અન્યાયની પ્રણાલી, જેમ વિધવા સ્ત્રીનું યૌવન અને મૂર્ખ પતિને વિષે જેમ મૃગાક્ષીના સ્નેહની લ્હેરી હૃદયને દગ્ધ કરે છે, તેમ આ સંસારની ક્રીડાની લજ્જા તત્ત્વદષ્ટિ પુરૂષોના હૃદયને બાળે છે. ૨૧

જેમ પ્રભાત થવાથી સ્વપ્નની રચના નિષ્ફળ થાય છે અને નેત્રનો તિમિર-રોગ દૂર થયા પછી નિર્મળ દષ્ટિવાળા પુરૂષોને જેમ બે ચંદ્ર દેખવાનું જ્ઞાન થતું નથી, તેમ વિકલ્પ રહિત સ્થિર બુદ્ધિવાળા સાધુ પુરૂષોને તત્ત્વવિષય જાણવાથી આ સંસાર મિથ્યા રૂપે સ્ફુરે છે. ૨૨

પ્રિયાની વાણી, વીણા, શય્યા અને શરીરની ચંપીના સુખોથી આ સંસાર અમૃતથી ઘડેલો છે, એમ પ્રથમ બુદ્ધિ થઇ હતી. હવે જ્યારે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે એમની એ સંસાર ઉપર અકસ્માત્ પ્રીતિ ઉઠી ગઇ છે અને હવે તો સ્વાત્માને વિષે પ્રીતિ ઉત્પન્ન થઇ છે. ૨૩

ઘણી કઠિનતાને ધારણ કરનારા આ સંસારના પ્રપંચો કાષ્ટની પુતળીના સ્તનની પેઠે અતિ પ્રીતિદાયક લાગતા નથી. અજ્ઞાનરૂપી વાદળ વીખરાઇ જવાથી પ્રસરતી કાંતિવાળો આત્મારૂપી ચંદ્ર પ્રકાશી રહ્યો છે. તેથી હવે સહજ ચિદાનંદનો ઝરો પ્રાપ્ત થયો માટે, એ સંસારના પ્રપંચમાંથી વિરતિ હો. ૨૪

હાથી ઘોડા અને પશુઓના સંગ્રહથી થયેલી સંસારની જે રાજ્યલક્ષ્મી છે તેવી જ્ઞાન, ધ્યાન અને પ્રશમથી ઉત્પન્ન થયેલી લક્ષ્મી પોતાના મનમાં શું નથી? અર્થાત્ તેનેજ મનની રાજ્યલક્ષ્મી જાણવી. જે બાહેરની પ્રિયાઓ છે, તેવી મનની અંદર આત્મરતિરૂપ પ્રિયાઓ નથી શું ? તેથી કયો પુરૂષ સ્વાધીન સુખને છોડી દે અને પરાધીન સુખની ઇચ્છા કરે ? ૨૫

પરાધીન સુખ કે જે ક્ષયવાળું, વિષયની ઇચ્છાઓના સમૂહથી મલિન અને સંસારના ભયનું સ્થાનરૂપ છે, તેની અંદર કુમતિ પુરૂષ રમે છે અને સ્વાધીન-આધ્યાત્મિક સુખ કે જે અક્ષય ઇંદ્રિઓની ઉત્સુકતાથી રહિત અને નિર્ભય છે તેની અંદર વિદ્વાન પુરૂષો લીન થઇને રમે છે ૨૬

બુદ્ધિવાળા વિદ્વાન લોકો કહે છે કે આ સંસારના સ્વરૂપનું જે ધ્યાન તે જગતને અભયદાન રૂપ અને શમતાના સુખના ભંડાર રૂપ છે. એ સ્વરૂપનું ધ્યાન જો સ્થિર થાય છે તો જૈન સિદ્ધાંત અને જૈન તત્ત્વોને જાણનારા લોકોને ચંદ્રનાં કિરણો તથા કર્પૂરના જેવા ઉજ્જ્વલ યશની પ્રોઢ શોભા પ્રાપ્ત થાય છે. ૨૭

## વૈરાગ્ય શાથી થાય છે.

સંસારના સ્વરૂપને જાણવાથી અને સંસારમાં માલ નથી, એવી દ્રષ્ટિથી થયેલા દ્વેષથી સંસારની ઇચ્છાનો ઉચ્છેદ થવારૂપ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.

વિષયસુખ લીધા પછી વૈરાગ્ય થવો જોઇએ એમ માનનારાઓના મતનું ખંડન

શાસ્ત્રમાં કહ્યું છે કે જ્યાંસુધી દ્રવ્ય છે ત્યાંસુધી વિષય છે.

જે કામભોગ અનંતવાર પ્રાપ્ત થયા છે, છતાં જાણે તે પ્રાપ્ત થયા જ નથી, એવો ભ્રમ થવાથી મૂઢ લોકોની કામભોગની ઇચ્છા ઉપશમ પામતી નથી.

ઇંધણથી જેમ અગ્નિ ક્ષય પામતો નથી, તેમ વિષયોથી કામનો ક્ષય થતો નથી, પણ ઉલટો તે શક્તિનો ઉલ્લાસ કરી વૃદ્ધિ પામે છે.

## વૈરાગ્ય થવામાં મુશ્કેલી.

જેમ સિંહને સૌમ્યપણું સુગમ નથી અને સર્પોને ક્ષમા આવવી સુગમ નથી તેમ વિષયોમાં પ્રવર્તેલાને વૈરાગ્ય સુગમ નથી.

વિષયત્યાગ વિના વૈરાગ્યની ઇચ્છા નકામી છે. તે તે કુપથ્યનો ત્યાગ કર્યા વિના રોગનો ઉચ્છેદ કરવાને ઇચ્છે છે.

વિષયાસક્ત હૃદયમાં વૈરાગ્ય ટકી શકતો નથી, તે જેમ તપેલા લોઢાની ઘણ ઉપર પડતું જળનું બિંદુ ટકી શકતું નથી તેમ.

વિષયસંસર્ગી ચિત્તમાં વૈરાગ્યનો સંક્રમ થવો તદ્દન અશક્ય છે. તે જેમ કહૂ નામની અમાસની રાત્રિએ ચંદ્ર ઉગે અને વાંઝીયા વૃક્ષ ઉપર ફૂળ બેસે તેમ.

નિરાબાધ વૈરાગ્ય ક્યારે થાય ? તે સંસારના કારણરૂપ એવા વિષયોને વિષે દ્વેષથી તેમાં પ્રવૃતિ ન કરે અને એ સંસારને નિર્ગુણગુણ રહિત જુએ ત્યારે.

સંસારની નિર્ગુણતા જોવાથી કેવી રીતે વૈરાગ્ય થાય છે. તે ચોથા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનમાં પણ એનો પ્રસંગ આવે છે, એટલે પ્રમાતાપુરૂષોને આ સંસારની નિર્ગુણતા જોવાથી વૈરાગ્ય પ્રાપ્ત થાય.

ચારિત્રમોહનીનો મહિમા કેવો છે. તે કર્મનો કોઇ એવો મહિમા છે કે એની અંદર બીજા કોઇ હેતુનો યોગ ન હોય, તે છતાં પણ ફળનો યોગ જોવામાં આવતો નથી.

ચોથે ગુણસ્થાને વૈરાગ્ય હોય છે, તે ગુણસ્થાનને સમકિતની એક જાતની દશામાં હોય, કારણ કે ત્યાં પણ પોતાના આત્મિક સ્વભાવની રમણતાએ કરીને કુસંગપણું હણાય તેમ શ્રી હેમાચાર્યમહારાજ જણાવે છે.

ભોગને તત્ત્વરૂપે માનવામાં આવે તો સંસારસાગરનું ઉલ્લંઘન થતું નથી; તેનાથી કુમાર્ગે જવાય છે.

ધર્મની બળવાન શક્તિને ભોગ હણી શકતો નથી, તે જેમ દીવાનો બૂઝવનારો પવન બળતા દાવાનળને હણી શકતો નથી તેમ મારે ધર્મમાં દ્રઢ રહેવું તે શ્રેયકારક છે.

ઉદાસી રહેનારા પુરૂષો ભોગમાં બંધાતા નથી. જેમ શ્લેષ્મ–બળખામાં માંખી બંધાઇ જાય છે તેમ પ્રાણી આસક્તિને લીધે વિષયમાં બંધાઇ જાય છે, અને જો તે વિષયમાં આસક્તિ ન રાખે તો, સુકી માટીના ગોળામાં જેમ માંખ બંધાય નહિ તેમ તે વિષયોમાં બંધાતો નથી.

જેમને મોક્ષ–લક્ષ્મી નજીક આવેલી છે, તેવા ઉત્તમ પુરૂષોનો વૈરાગ્ય ગર્ભથી આરંભીને નાશ થતો નથી.

વિષયોથી શાંત થએલાને હમેશાં ઇંદ્રિયોને વિષયોથી વિમુખ કરવાથી જે સુંદર વૈરાગ્ય થાય છે, એ વૈરાગ્ય હિશાનો રાજમાર્ગ છે.

વૈરાગ્યનો ન્હાનો માર્ગ પોતાની મેળે નિવૃત્ત થયેલા ઉદીરણા વગરની અને યંત્રણા સિવાયની તૃપ્તિ ઇંદ્રિયોવડે જે જ્ઞાનીઓને વૈરાગ્ય થાય તે નાનો માર્ગ.

બળાત્કારે પ્રેરેલી ઇંદ્રિયો વનના હાથીની જેમ કદી પણ વશ થતી નથી, પણ ઊલટી અનર્થને વધારનારી થાય છે.

અધર્મનો આડંબર કરનારા ધૂતારાઓ લજ્જાથી નીચું જુએ છે, દુર્ધ્યાન ચિંતવે છે અને પોતાના આત્માને નરકના ખાડામાં નાંખે છે.

ઇંદ્રિઓને ઠગનાર શુદ્ધ ભાવને અર્પણ કરી સર્વદા પોતાના અને પરના વિભાગને જાણનારો વિરક્ત પુરૂષ ઇંદ્રિયોની વંચના કરવાને યોગ્ય છે.

કેવો વૈરાગ્ય અદ્ભુત છે, તે એ કે પ્રવૃત્તિને વિષે અથવા નિવૃત્તિને વિષે જેને સંકલ્પ નથી, તેની ઇંદ્રિયોનો વિકાર હરાય છે; તેનાથી જે વૈરાગ્ય ઉત્પન્ન થાય તે.

જ્ઞાની યોગીને પ્રવૃત્તિઓ બાધકારક થતી નથી, તે જેમ કાષ્ટયંત્રમાં ગોઠવેલી પુતળીઓના નૃત્યની જેમ.

પરદર્શનીઓ વૈરાગ્યને યોગ્ય માયા કહે છે, પણ એ લોકોના અનુગ્રહની હેતુરૂપ હોવાથી એની અંદર દુષણ નથી.

એ યોગમાયા પણ શુદ્ધ જ્ઞાનની દિશા છે. એ યોગમાયાના નામવાળી વૈરાગ્યદશા સિદ્ધાંતને વિષે અપવાદ પદની અંદર સંભળાય છે અને તે મૃગલાની પર્ષદાને ત્રાસ અને નિરાશ કરવારૂપ ફળની સાથે મળેલી છે.

ઉદાસીન ભાવમાં ચોથા ગુણસ્થાનમાં પણ વૈરાગ્ય હોય છે. ઉદાસીનપણું જેનું ફલ છે, એવું જ્ઞાન જ્યારે પરિપકવાસ્થાને પામે છે, ત્યારે ચોથા ગુણસ્થાનમાં પણ એ વૈરાગ્ય રહેલો છે.

---

## વૈરાગ્યના ત્રણ પ્રકાર.

દુઃખગર્ભિત, મોહગર્ભિત અને જ્ઞાનગર્ભિત એમ ત્રણ પ્રકારનો વૈરાગ્ય કહેલો છે. તેમાં વિષયોની પ્રાપ્તિ ન થવાથી સંસાર તરફ ઉદ્વેગ રહે તે પહેલો દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાય છે.

## ૧ દુઃખગર્ભિત વૈરાગ્ય.

એ પહેલા દુઃખગર્ભિત વૈરાગ્યમાં પ્રાણીને દેહ સંબંધી તથા મન સંબંધી ખેદ ઉત્પન્ન થાય છે અને તેમાં મનને તૃપ્તિ આપનાર જ્ઞાન પણ હોતું નથી, તેથી જો તે પ્રાણીને પોતાની ઇચ્છિત વસ્તુનો લાભ થાય તો તેનો વિનિપાત (ભ્રષ્ટતા) થઇ જાય છે.

દુઃખથી વિરકત થયેલા મુનિઓ, જેમ સંગ્રામમાં અધીર થયેલા પુરૂષો વન વિગેરેમાં પ્રવેશ કરે છે તેમ પાછા ગૃહસ્થવાસમાં પ્રવેશ કરવાની ઇચ્છા કરે છે.

અહો ! એ પ્રથમ વૈરાગ્યવાળા પુરૂષો શુષ્ક તર્કવિચાર અને વૈદ્યક વિગેરે ભણે છે, પરંતુ શમતાની નદી રૂપ સિદ્ધાંતની પધ્ધત્તિને ભણતા નથી.

ગ્રંથના ખંડ ખંડ બાધથી પુરૂષો ગર્વની ગરમીને ધારણ કરે છે, તેઓ શમતા રૂપ અમૃતના ઝરારૂપ તત્ત્વના રહસ્યને પામતા નથી.

એ દુઃખગર્ભિત વૈરાગ્યથી સાધુ થયેલા પુરૂષો માત્ર વેષધારી છે, તેઓ ગૃહસ્થથી કાંઇ અધિક થતા નથી, અર્થાત ગૃહસ્થના જેવાજ છે, તેઓ પુર્વોત્થાયી નથી, એટલે આગળ પડેલા નથી તેમ પાછળ પડેલા નથી.

દુઃખગર્ભિત વૈરાગ્યનું પ્રયોજન ઘરમાં પુરૂં અન્ન પણ દુર્લભ છે, અને વ્રત લેવામાં લાડવા મળે છે, તે દુઃખગર્ભિત વૈરાગ્યનું લક્ષણ છે.

## બીજો મોહગર્ભિત વૈરાગ્ય.

નઠારાં શાસ્ત્રના અભ્યાસથી આ સંસારની નિર્ગુણતા જોવામાં આવે અને તેથી જે વૈરાગ્ય થાય તે બીજો મોહગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. એવો વૈરાગ્ય બાળ તપસ્વીઓને થાય છે.

સિદ્ધાંત જાણીને પણ જેઓ તે સિદ્ધાંતની વિરૂદ્ધ અર્થ કહેનારા છે, તેઓ એ ઇષ્ટકાર્ય કરતા હોય તો પણ તેમનું ઇષ્ટ થવું દુષ્કર છે.

સંસારમાંથી મૂકાવનારા અજ્ઞાની પુરૂષોની જેમ મોહગર્ભિત વૈરાગ્યવાળા પુરૂષોને પરમાર્થપણે શુભ પરિણામ હોતો નથી અને તેમની જ્ઞાન ઉપર રૂચિ થતી નથી.

મોહગર્ભિત વૈરાગ્યવાળાને શમતા હોય તો પણ તે અંતરમાં રહેલા વિષયજ્વરના અનુભવની જેમ કેવળ દોષના પોષણ માટે થાય છે.

તેના લક્ષણો.

નઠારા શાસ્ત્રોમાં ડહાપણ, શાસ્ત્રના અર્થમાં વિપર્યય, સ્વચ્છંદપણું, કુતર્ક, ગુણવાન પુરૂષોના પરિચયનો ત્યાગ.

પોતાનો ઉત્કર્ષ કરવો, બીજાનો દ્રોહ કરવો, કજીઓ, દંભશીલ થવું, આશ્રવ પાપને ઢાંકે, શકિત ઉપરાંત ક્રિયા કરવાનો આદર કરવો.

ગુણ ઉપર અનુરાગ ન કરવો, બીજાએ કરેલા ઉપકારને ભૂલી જવો, તીવ્ર કર્મનો વિચાર ન કરવો અને શુભ અધ્યવસાયથી રહિત થવું.

શ્રદ્ધા, મૃદુતા, કોમળપણું, ઉધ્ધતપણું, મધુરતા અને અવિવેકપણું—એ બીજા મોહગર્ભિત વૈરાગ્યનાં લક્ષણોની પંકિત કહેલી છે.

ત્રીજા જ્ઞાનગર્ભિત વૈરાગ્યનું લક્ષણ.

સમ્યક્ તત્ત્વને ઓળખનાર, સ્યાદ્વાદ મતને માનનાર, મોક્ષના ઉપાયનું ચિંતવન કરનાર અને તત્ત્વને જોનારા એવા પુરૂષને જે વૈરાગ્ય થાય છે, તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કહેવાય છે.

જેનો વિચાર પુષ્ઠ હોય અને જેની બુધ્ધિ પોતાના અને બીજાના શાસ્ત્રમાં પ્રવર્ત્તતી હોય તેને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રગટ થાય છે.

જેને પોતાના અને પરના શાસ્ત્રના વ્યાપારરૂપ કર્મમાં પ્રધાનતા નથી, તે નિશ્ચયથી શુદ્ધ એવા કર્મના સારને પ્રાપ્ત કરતો નથી.

જે સમ્યક્ત્વ તે મોન ચારિત્ર; અને ચારિત્રને મૌન સમ્યક્ત્વ કહેવાય છે, એમ આચારાંગ સૂત્રમાં ગત પ્રત્યાગતની રીતિથી જે કહેલ છે, તે એક જાતનો નિયમ દર્શાવેલ છે, તે ઉપરથી સમ્યક્ત્વજ સારરૂપ છે, એ સિધ્ધ થાય છે.

સમ્યક્ત્વ શું છે ?

જ્ઞાનનું ફળ અનાશ્રય છે, અને અનાશ્રયનું ફળ વિષયોનો અનુદ્યોગ છે, અને વિષયોનો ત્યાગ કરવાનો એક નિશ્ચય તે સમ્યક્ત્વ કહેવાય છે.

વ્યવહારિક ચારિત્રથી માત્ર બાહેરની પ્રવૃત્તિ થાય છે અને અંદરની પ્રવૃત્તિથી સારરૂપ એવું સમ્યક્ત્વ સહિત જ્ઞાન છે.

## શુદ્ધ નયની અપેક્ષાએ વર્તવું જોઇએ.

સમસ્ત નયની વાસના વિના એકાંતે ષટકાયની રક્ષાની શ્રદ્ધા કરતાં છતાં પણ સમ્યક્ત્વની શુદ્ધતા કહેવાતી નથી, કારણ કે સંપૂર્ણ નયની અપેક્ષાએ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના લાભ વિના યથાર્થપણાનો લાભ થતોજ નથી તેથી શુદ્ધ નયની અપેક્ષાએ વર્તવું જોઇએ.

## જ્ઞાનગર્ભિતપણું કેવાને હોય છે?

ઉત્સર્ગ માર્ગમાં, અપવાદ માર્ગમાં, વ્યવહાર માર્ગમાં, નિશ્ચય માર્ગમાં, જ્ઞાનનયમાં અને ક્રિયાનયમાં જો એ કદાગ્રહ ન હોય તો જ્ઞાનગર્ભતા સમજવી. એટલે તેનામાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યનો યોગ છે એમ સમજવું.

## જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ગીતાર્થનેજ પ્રાપ્ત થાય છે.

અને ઉપચારથી તેની નિષ્ટાને લઇને અગીતાર્થ તે પણ કવચિત્ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હોય છે.

## જ્ઞાનગર્ભિત વૈરાગ્યનાં લક્ષણો.

સૂક્ષ્મ દ્રષ્ટિ, મધ્યસ્થ ભાવ, સર્વમાં હિતનું ચિંતવન, ક્રિયા ઉપર ઘણો આદર અને ધર્મ ઉપર લોકોની યોજના.

બીજાના વૃતાંતને વિષે મુંગા, આંધળા અને બહેરાના જેવી તેની ચેષ્ટા હોય છે, અને નિર્ધન પુરૂષને જેમ દ્રવ્ય મેળવવામાં જેમ ઉત્સાહ હોય છે, તેમ તેને પોતાનામાં ગુણ મેળવવાનો ઉત્સાહ હોય છે.

કામદેવના ઉન્માદનું વમન-ત્યાગ, મદના સમૂહનું મર્દન, અસૂયાના તંતુનું છેદન અને સમતારૂપ અમૃતમાં મજ્જન.

સદાય ચિદાનંદમય, સ્વભાવથી ચલાયમાન ન થવું, એ ત્રીજા જ્ઞાનગર્ભિત વૈરાગ્યનાં લક્ષણોની પંક્તિ જાણવી.

દુઃખગર્ભિત અને મોહગર્ભિત એ બંને વૈરાગ્યનું મર્દન કરી, જ્ઞાનગર્ભ વૈરાગ્ય ગ્રહણ કરવા યોગ્ય છે. વળી પોતાના અધ્યાત્મના પ્રસાદથી કદાચિત જ્ઞાનગર્ભ વૈરાગ્યનો ઉપયોગ થાય છે.

## યોગાધિકાર.

કદાગ્રહના ત્યાગથી જેનો મિથ્યાત્વ રૂપ વિષનો બિંદુ નાશ

પામેલ છે, અને જે સમ્યક્ત્વથી શોભે છે, એવા પુરૂષને અધ્યાત્મની શુદ્ધિથી યોગ સિદ્ધ થાય તે.

તે યોગ કર્મ અને જ્ઞાન એવા ભેદથી બે પ્રકારનો છે, તેમાં આવશ્યક વગેરે રહિત એવા ક્રિયારૂપ તે કર્મયોગ કહેવાય છે.

### કર્મયોગનું સ્વરૂપ.

શરીરની ચેષ્ટારૂપ કર્મ કરનારો આત્મા જે સારા ભોગથી પુણ્યકર્મને વિસ્તારે છે, તેથી તે કર્મયોગ કહેવાય છે.

### કર્મયોગથી શું ફળ મળે છે ?

આવશ્યકાદિ ક્રિયા ઉપર રાગ રાખવાથી અને ભગવંતની વાણી તરફ પ્રેમભાવ કરવાથી, માણસ સ્વર્ગના સુખને પામે છે, મોક્ષને પ્રાપ્ત થતો નથી.

### જ્ઞાનયોગનું સ્વરૂપ.

આત્મરતિ જેનું એક લક્ષણ છે, એવું શુદ્ધ તપ તે જ્ઞાન-યોગ કહેવાય છે, તે જ્ઞાનયોગ ઇંદ્રિયોના અર્થથી દૂર રહેવાને લઇને, મોક્ષસુખનો સાધક થાય છે.

### આત્મજ્ઞાને યોગપ્રકાર.

એક આત્માના વેદનથી, એટલે આત્મ જ્ઞાનયોગથી તેની અંદર અલ્પ પણ બીજો પ્રતિબંધ નથી, અને એમાં શુભ કર્મ પણ વ્યાક્ષેપને માટે થતું નથી.

### કેવાને ધ્યાનશુદ્ધિ હોય.

જે અપ્રમત્ત સાધુઓ છે તેમને આવશ્યકાદિ ક્રિયા પણ નિયમિત નથી; કારણ કે, તેમને ધ્યાનશુદ્ધિ હોવાથી તે કહેલ છે.

### કેવાને કર્તવ્ય નથી ?

જે પુરૂષ આત્મરતિ, આત્મ તૃપ્ત અને આત્માને વિષે સંતુષ્ટ રહે છે તેને કાંઇ કર્તવ્ય રહેતું નથી.

### તેવાને કર્તવ્ય રહેતું નથી તેનું શું કારણ ?

તેવા ઉપર કહેલા પુરૂષને કર્તવ્ય કરવાથી આ લોકમાં કાંઇ અર્થ નથી અને ન કરવાથી કોઇ જાતનો અર્થ નથી, તેમજ તેને સર્વ પ્રાણી માત્ર ઉપર કોઇ જાતનું કાંઇ પ્રયોજન નથી.

### બીજું કારણ.

એને વિષે અરતિ અને આનંદનો અવકાશ નિષિદ્ધ છે, તો ધ્યાનના અવલંબનથી તે ક્રિયાઓનો વિકલ્પ ક્યાંથી હોય ?

## તેમાં ગોચરીયાદિકે શંકા.

જે ભિક્ષાટન કરવા વગેરેની ક્રિયા માત્ર દેહનોજ નિર્વાહ કરવા માટે છે, તે ક્રિયા અસંગને લઈને જ્ઞાનીપુરૂષના ધ્યાનને નાશ કરનારી થતી નથી.

રત્નમાણિક્યની પરીક્ષાની દ્રષ્ટિ અને નજરની પરીક્ષાની દ્રષ્ટિ જેમ જુદી છે, તેમ ફળના ભેદથી તે ધ્યાનની આચાર ક્રિયા પણ ભેદવાળી થાય છે.

## આત્મજ્ઞાન માટે.

ધ્યાન કરવાના પ્રયોજનવાળી તે આ ક્રિયા પોતાના મનને પાછું વાળી-વશ કરી જન્મના સંકલ્પથી આરંભેલી હોય તો તે આત્મજ્ઞાનને માટે કલ્પાય છે.

## આત્મજ્ઞાની.

સ્થિર થયેલું હૃદય રજોગુણથી ચલિત થાય છે, તેવા હૃદયને પાછું વાળી જે નિગ્રહ કરે, તે જ્ઞાની કહેવાય છે.

## મનને વશ કરી શું કરવું ?

ધીરજવડે ગ્રહણ કરેલી બુદ્ધિથી હળવે હળવે વિરામ પામવું અને મનને આત્મામાં સ્થિર કરી કાંઇ પણ ચિંતવવું નહીં.

## મન કેવી રીતે વશ કરવું ?

ચપળ અને સ્થિર એવું મન જે જે વસ્તુમાં પ્રસાર થાય છે, તે તે વસ્તુમાંથી તેને પાછું વાળી નિયમિત કરી આત્માને વશ કરવું.

એ કારણથી જેનું મન દ્રઢ નથી, એવા મહાબુદ્ધિવાળા પુરૂષે વિષયોનો ત્યાગ કરવા માટે શાસ્ત્ર વિગેરેથી સર્વ ક્રિયા કરવી.

## સંયમયોગનો વ્યાપાર—

યતિ, પિશાચની વાર્તા અને કુલવધુનું રક્ષણ સાંભળીને નિત્યે સંયમના યોગને વિષે વ્યાપારવાળો થાય.

## ક્રિયા કોને ગુણકારી થાય ?

નિશ્ચયનયમાં જ એકલીન થયેલા પુરૂષોને જે ક્રિયાઓ અતિ પ્રયોજનવાળી નથી તે જ ક્રિયાઓ વ્યવહારદશામાં રહેલા પુરૂષને અતિ ગુણકારી થયેલ છે.

શ્રદ્ધા અને બુદ્ધિ વગેરેના યોગથી કરેલું શુદ્ધ કર્મજ્ઞાન-યોગનું ઉલ્લંઘન ન કરવાથી મુક્તિનું અક્ષત કારણ થાય છે.

યોગારૂઢ થવાની ઇચ્છાવાળા મુનિને તેનું કારણ કર્મ કહેવાય છે; અયોગારૂઢ થયેલા તે જ મુનિને તેનું કારણ ઉપશમ કહેવાય છે.

### યોગારૂઢ ક્યારે કહેવાય ?

જ્યારે મુનિ ઇંદ્રિયોના અર્થવાળાં કર્મોને વિષે આસક્ત ન થાય, અને સર્વ સંકલ્પોનો ત્યાગ કરે ત્યારે તે યોગારૂઢ કહેવાય છે.

### જ્ઞાન ને ક્રિયાનો સંબંધ.

ક્રિયા વગરનું જ્ઞાન ન હોય અને જ્ઞાન વગરની ક્રિયા નથી, તેથી ગાૈણ અને પ્રધાનભાવથી એ ક્રિયા તથા જ્ઞાનની દશાનો ભેદ છે.

### જ્ઞાનયોગની યોગ્યતા.

કર્મયોગવડે ચિત્તની શુદ્ધિને પ્રાપ્ત થયેલા, અને નિર્દોષ પ્રવૃત્તિવાળા જ્ઞાનીઓને તેથી જ્ઞાનયોગની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

### સાધુ આચારે જીજ્ઞાસા.

એથી જ ઉત્તમ શ્રદ્ધાર્થી ચારિત્રનો સ્પર્શ કર્યા પછી દુઃખે પાળી શકાય એવા સાધુના આચારનું ગ્રહણ કરવું એમ જિન ભગવંતે કહેલું છે.

### દેશવિરતિ ક્રિયાએ જ્ઞાનયોગની વૃદ્ધિ.

એક દેશને આશ્રીને પૂર્વભવ રૂપ જે કર્મ કરવામાં આવ્યું હોય તે દોષનો ઉચ્છેદ કરી જ્ઞાનયોગની વૃદ્ધિને માટે થાય છે.

### અજ્ઞાનીની ક્રિયા.

અજ્ઞાનીઓનું જે કર્મ છે તે યોગાદિકના અભાવથી સ્વેચ્છાદિકે કરેલાં કર્મની જેમ ચિત્તને શોધ કરનાર થતું નથી.

### કર્મયોગે ફળ.

કર્મયોગમાં પણ સંકલ્પનો ત્યાગ કરવાથી ફળ મળે છે, એટલે સ્વરૂપનું સાવધપણું છે, તેવા બ્રહ્મજ્ઞાનના બોધથી સંન્યાસ કહેવાય છે.

### જ્ઞાનયોગી મુનિ

પાપ ન કરવાથી કાંઈ મુનિપણું આવતું નથી, પરંતુ જ્યારે નિઃશંસયપણે પોતે જ અનન્ય પરમાત્મા થાય, તે મુનિ જ્ઞાનયોગી કહેવાય.

## જ્ઞાનયોગીનો વર્તાવ.

જ્ઞાનયોગી વિષયમાં રાગી ન થાય, અથવા મૌન ધરીને રહે અને તે વિષયોના રૂપને સમાન જાણે તે જ્ઞાનયોગી વિષયમાં લેવાય નહીં.

## ધર્મમય અને બ્રહ્મમય.

સત્તતત્ત્વની ચિંતાથી એ વિષયો જેના જાણવામાં આવે છે, તે આત્માને જાણે છે. તે આત્મવાન્ અને જ્ઞાનવાન્ મુનિ ધર્મમય અને બ્રહ્મમય કહેવાય.

## જ્ઞાનયોગીઓ કેવા હોય.

જ્ઞાનયોગીઓ વિષમતાના બીજરૂપ એવા અજ્ઞાનનો નાશ કરે છે અને તેઓ વિષયોને ઓળખી તત્ત્વથી લોકસ્વરૂપને જાણે છે.

## જ્ઞાની-પંડિત જીવનમુક્ત અને બ્રહ્મ કોણ

જે વિષયને સમરૂપે જુવે તે જ જ્ઞાની-પંડિત જીવનમુકતને બ્રહ્મ કહેવાય.

## સમદર્શીનું સ્વરૂપ--

વિદ્યા અને વિનયથી સંપન્ન એવી બ્રાહ્મણ, ગાય, હાથી, શ્વાન અને ચંડાલ એ સર્વ ઉપર પંડિત સમદર્શી હોય છે.

જેમનું મન સમતાને વિષે સ્થિર થયેલું છે, તેમણે આ લોકમાં બધી સૃષ્ટિને જીતી છે, વળી નિર્દોષને સમ છે તેથી તેઓ બ્રહ્મને વિષે સ્થિત છે.

## બ્રહ્મવેત્તા.

પ્રિય વસ્તુને પ્રાપ્ત કરી હર્ષ પામવો નહીં. અને અપ્રિય વસ્તુને પ્રાપ્ત કરી ઉદ્વેગ પામવો નહિ એવી સ્થિર બુદ્ધિવાળો અને અમૂઢ એવો બ્રહ્મવેત્તા પુરૂષ બ્રહ્મને વિષે સ્થિત છે.

## નિરપેક્ષ મુનિ.

નીચેની દશામાં એટલે સાપેક્ષદશામાં વિષમપણામાં સમપણે જોવું એ દોષને માટે થાય , પણ જે નિરપેક્ષમુનિઓ છે, તેમને તે રાગ તથા દ્વેષના ભેદાતો ક્ષયને માટે થાય છે

## રાગ-દ્વેષ ક્ષય થયેલ જ્ઞાની.

રાગદ્વેષનો ક્ષય કરવાથી વિષયન શુન્યતાને પામે છે તેવો

જ્ઞાની કદી પણ છેદાતો ભેદાતો નથી અને હણાતો નથી.

## કેવો જ્ઞાની બને છે ?

એ જ્ઞાની અતીત થઇ ગએલાને સંભારતો નથી અને અનાગતભવિષ્યની ઇચ્છા કરતો નથી તેમ જ શીત-ગરમી, સુખ-દુઃખ; માન અને અપમાનને વિષે તે સમભાવે રહે છે.

## અધ્યાત્મનું સામ્રાજ્ય.

ઇંદ્રિયોને જીતનાર, ક્રોધનોપરાભવ કરનાર, માન તથા માયાથી ઉપદ્રવને નહી પામનાર, લોભના સ્પર્શથી રહિત. વેદ તથા ખેદ રહિત, સહજ આચારના સેવનવડે હઠ પ્રયત્ન કરવાથી વિરામ પામનાર, લોકસંજ્ઞાથી મુક્ત થયેલ, મિથ્યા આચારના પ્રપંચને હરનાર, કંડકસ્થાનને ઉલ્લાસથી પામેલ, પરમને આશ્રિતથનાર, શ્રધ્ધાવાન, આજ્ઞાએ યુક્ત, શસ્ત્રથી ઉલ્લંઘન થયેલ, શસ્ત્રરહિત, જોયેલી વસ્તુ ઉપર નિર્વાહ પામનાર, પરાક્રમનો નિન્હવ નહી કરનાર, દંડનો નિક્ષેપ કરનાર, પાપરૂપી ઇંધણના સમુહને ધ્યાન રૂપી અગ્નિથી બાળનાર, પ્રવાહની સામે ચાલવાથી લોકોત્તર, દિવ્ય ચરિત્રને ધારણ કરનાર, પ્રાપ્ત થયેલા કામને બાહેર કરનાર, બહુરૂપપણાને નહી કરનાર, પરચક્ષુને ઉઘાડનાર, અપર ચક્ષુને મીંચનાર, અંતરગત ભાવોને જોનાર અને પૂર્ણ ભાવને પ્રાપ્ત થનાર પુરૂષ, અધ્યાત્મના સામ્રાજ્યને ભોગવતો, કાંઇ પણ અવશિષ્ટ એવા અન્ય પદાર્થોને જોતો નથી.

## શ્રેષ્ટ જ્ઞાનયોગ

અધ્યાત્મને આ જ્ઞાનયોગ શ્રેષ્ટછે તેમ જિન ભગવાને આચારાંગ સૂત્રના લોકસાર અધ્યન વિષે નિશ્ચયપૂર્વક કહેલ છે.

## તે જ્ઞાનયોગ શું કરે—

એ જ્ઞાનયોગ ઉપયોગમાં એક સારરૂપ હોવાથી તત્કાળ અસંમોહને બોધ કરનારો છે, તેથી તે મોક્ષની પ્રાપ્તિને માટે ઘટે છે, તેમ અન્ય દર્શનીઓ પણ કહે છે.

## યોગી થવા કૃષ્ણનો અર્જુનને બોધ.

હે અર્જુન ! યોગીઓ, તપસ્વીઓથી, જ્ઞાનઓથી, અને કર્મીઓથી પણ અધિક છો. તેથી તું યોગી થા.

### આત્માનું પરમાત્મા પ્રત્યે લીનપણું.

અહીં આત્માની સમાપ્તિ સ્પષ્ટ છે કે, આત્મા અને પરમાત્માની અભેદ ઉપાસના રૂપજે યોગ, તે અત્યંત શ્રેષ્ટછે.

### ભગવાનની ઉપાસના સર્વથી શ્રેષ્ટ છે.

ભગવાનની ઉપાસના સર્વથી પણ મોટી છે, અને મોટા પાપનો ક્ષય કરનારી છે, એમ અન્ય દર્શનીઓ પણ કહે છે.

### કૃષ્ણનો અર્જુન પ્રત્યે બોધ.

જે પુરૂષ સર્વ યોગીઓની સાથે અંતરાત્મા થઇ અને શ્રધ્ધા સજી મને ભજે છે, તે પુરૂષ મારા જેવો થાય છે, એમ હું માનું છું,

### ઉપાસકો ચાર પ્રકારના છે.

આર્ત (દુઃખી) જીજ્ઞાસુ જાણવાની ઇચ્છાવાળો, અર્થાર્થી (ધનનો અર્થી) અને જ્ઞાની. આ ચાર પ્રકારના ઉપાસકો છે. તેમાં ધનના અર્થી શિવાય ત્રણ વખાણવા યોગ્ય છે. તે વસ્તુના સ્વરૂપને જાણે છે એમ કૃષ્ણે કહ્યું છે.

### તેમ પણ જ્ઞાની ચડીયાતો છે.

સર્વ પ્રકારના વિક્ષેપ જેના શાંત થઇ ગયા છે, એવો જ્ઞાની પુરૂષ નિત્ય ભક્તિથી સર્વમાં વિશેષ થાય છે. અને સારા આશયવાળો તે જ્ઞાની અંતરાત્મા રૂપે થઇ પરમાત્માની નજીક રહેનારો થાય છે

### જ્ઞાનયોગી મુનિ કેવો રહે છે.

નિર્ભય રહેનાર, નાસિકાના અગ્રભાગ ઉપર સ્થિર દષ્ટિ રાખનાર વ્રતમાં રહેનાર સુખ આસન કરનાર, પ્રસન્નમુખ રાખનાર, દિશાઓનું અવલોકન નહીં કરનાર, દેહનો મધ્યભાગ મસ્તક અને ડોક અવક્ર પણે ધારણ કરનાર, દાંતવડે દાંતનો સ્પર્શ નહીં કરનાર, હોઠ રૂપ પલ્લવને બરાબર મેળવી રહેનાર, આર્ત તથા રૌદ્ર ધ્યયાને છોડી ધર્મ અને શુકલ ધ્યાનમાં બુદ્ધિને રાખનાર અને પ્રમાદ રહિત થઇ ધ્યાનમાં તત્પર રહેનાર મુનિ જ્ઞાનયોગી કહેવાય છે.

### ધ્યાન યોગ પ્રાપ્ત થયા પછી મુક્તિયોગ પામે છે.

કર્મયોગનો અભ્યાસ કરી જ્ઞાનયોગમાં તત્પર બને છે, પછી ધ્યાનયોગમાં આરૂઢ થઇ મુક્તિયોગને પામે છે.

# અધ્યાત્મ ભાવના

## ભાવના સંગ્રહમાંથી સંગ્રહીત

( સંગ્રાહક સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી )

અહો પ્રભુ ! મને એવી દશા અહોનિશ કયારે જાગ્રત થશે કે તારા ગુણુનો અસ્ખલિત પ્રેમ ઉત્પન્ન થાય અને તારા પ્રત્યે અત્યંત ભક્તિ પેદા થાય કે જેના પસાયથી આ દુનિયા ઉપરનો રાગ ઓછો થાય ? તારાં વચનો પર પૂર્ણ શ્રદ્ધા કયારે થશે કે જેથી તારી આજ્ઞા ફૂલની માળાની પેઠે હું મસ્તક ઉપર ધરૂં ? તારી કરૂણા, તારી ક્ષમા, તારી શાન્તિ, તારૂં જ્ઞાન, તારૂં ધ્યાન, તારૂં યથાર્થ કથન, તારી અપૂર્વ પરોપકારવૃત્તિ અને તારી અત્યંત સહનશીલતા જોઇ તેવા સદ્‌ગુણોવડે હું કયારે વાસિત થઇશ ? અને પરપુદ્‌ગલ પર ઉદાસીનવૃત્તિ કયારે ઉત્પન્ન થશે કે જેથી હું નિજસ્વરૂપમાંજ રમું ? હું તુંનો ભેદભાવ ભૂલી હું તે તું અને તું તે હું આવી અખંડ ઐકયતા કયારે ઉત્પન્ન થશે ? અને તેના અપૂર્વ સુખનો અનુભવ કયારે પ્રાપ્ત થશે ? તારી ક્ષમા જોઇ તારા જેવી ક્ષમા કરવા હું કયારે ભાગ્યશાળી થઇશ ? તારી દયા જોઇ મારામાં એવા દયાના અંકુરો કયારે પ્રગટ થશે ? તારી પરોપકારી બુદ્ધિ જોઈ મારા હ્રદયમાં સર્વ જીવને શાસન-રસિક કરવાની ઇચ્છા-ભાવના કયારે જાગ્રત થશે ?

તું જ ધ્યેય, તું જ સેવ્ય તું જ આરાધ્ય, તું જ પૂજ્ય, તું જ દેવ, તું જ ગુરૂ, તું જ ધર્મ, તું જ તરણુતારણુ, તું જ પિતા, તું જ માતા, તું જ બંધુ, તું જ કુટુંબ, તુ જ જ્ઞાતિ તું જ વિશ્વ, તું જ સૃષ્ટિ અને તું જ મારૂં સર્વસ્વ એમ કયારે થશે ? તું અને હું નો ભેદ તૂટી અભેદ ચિંતવન કયારે થશે ? તુંહિ, તુંહિ, તુંહિ, અને તું જ એમ અખંડ ચિંતવન રોમરોમમાં કયારે આવિ-

ભાવ પામશે ? ત્વમેવાહં, ત્વમેવાહં, ત્વમેવાહં.—આવી અભેદતા પ્રાપ્ત કરવા હું ક્યારે ભાગ્યશાળી થઇશ ? તારા વિના આ દુનિયા વિષરૂપ, પત્થરરૂપ, દુઃખરૂપ બંધનરૂપ, કારાગૃહરૂપ, તથા તજવા યોગ્ય જાણી, તેના ઉપર નીરાગીપણું તથા ઉદાસીનપણું ક્યારે થશે ? તારામાં જ અખંડ પ્રેમ તારામાં જ અખંડ ભક્તિ, તારામાંજ પૂજ્યબુદ્ધિ, તારામાં જ પિતાબુદ્ધિ, તારામાંજ વિશ્વબુદ્ધિ ક્યારે થશે ? તારા વિના અન્ય સ્થળ અસાર અને વૈરાગ્યમય ક્યારે લાગશે? તારી પેઠે સર્વ જીવ પર મિત્રતા, તારી પેઠે દુઃખીયા પર દ્રવ્યથી અને ભાવથી દયા, તારી પેઠે પ્રમોદતા, તારી પેઠે મધ્યસ્થતા, તારી પેઠે નિઃસ્વાર્થ બુદ્ધિ, તારી પેઠે પરોપકાર બુદ્ધિ તારી પેઠે અત્યંત કરૂણા અને તારી પેઠે અત્યંત વીતરાગીપણું મારા હૃદયમાં ક્યારે જાગૃત થશે?

ધનની, સ્રીની, યશની અને વિષયસુખની ઇચ્છા ક્યારે નિવૃત્ત થશે ? એક તારા વિના જ આ બધાં સુખ ઝેર જેવાં ક્યારે લાગશે ? પરની નિંદાનો અને પરના ગુણ ઢાંકી દોષ પ્રગટ કરવાનો ત્યાગ કરવા હું ક્યારે ભાગ્યશાળી થઇશ ? તથા પોતાની ભુલ તરફ દૃષ્ટિ કરતાં ક્યારે શિખીશ ? હું સર્વ કરતાં અધિક અધમાધમ છું એવો નિશ્ચય ક્યારે થશે અને ક્યારે અહંભાવથી રહિત થઇશ ?

આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા પોતાના કર્મનો કર્ત્તા છે, આત્મા પોતાના કર્મનો ભોક્તા છે, આત્માનો મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે આ છ મહાવાક્યો મારા હૃદયમાં નિરંતર ક્યારે જાગૃત થશે ? અને હું તે પ્રમાણે સમજી સર્વ જીવોને ક્યારે સમજાવીશ ?

મારૂં સ્વરૂપ અહિંસામય છે, મારૂં સ્વરૂપ સત્યતામય છે, મારૂં સ્વરૂપ પ્રમાણિકતામય છે, મારૂં સ્વરૂપ બ્રહ્મચર્યમય છે અને મારૂં સ્વરૂપ પરિગ્રહરહિત છે એમ ચિંતવી સ્વસ્વરૂપમય ક્યારે થઇશ ? હિંસા ન કરવી એ મારી ફરજ છે, સત્ય બોલવું એ મારી ફરજ છે, પ્રમાણિકપણે વર્તવું એ મારી ફરજ છે, બ્રહ્મચર્ય ધારણ કરવું એ મારી ફરજ છે અને પરિગ્રહ રહિત

થવું એ જ મારી ફરજ છે, એ જ મારો સ્વભાવ છે, એથી વિપરીત ચાલવું એ મારો વિભાવ છે એમ મને ક્યારે જણાશે? આશ્રવ એ જ સંસાર છે, આશ્રવ એ જ બંધન છે, આશ્રવ એ જ દુઃખ છે અને આશ્રવ એ જ ત્યાગવા યોગ્ય છે, એવી ખબર પાકે પાયે ક્યારે પડશે? અને સંવર એ જ સુખ છે એમ ક્યારે જાણવામાં આવશે?

હું મારા સ્વરૂપમાં છું કે નહિ? શુદ્ધ ઉપયોગમાં છું કે નહિ? ધર્મધ્યાનમાં છું કે નહિ? સ્વભાવમાં છું કે નહિ? એમ ક્યારે વિચારણા થશે? મારામાં ક્ષમા–સહનશીલતા–માર્દવતા અને કરૂણા છે કે નહિ એમ ક્ષણે ક્ષણે જોવા હું ક્યારે ભાગ્યશાળી થઈશ?

આત્મા એ જ દેવ, આત્મા એ જ ગુરૂ, આત્મા એ જ ધર્મ, આત્મા એ જ સુખ, આત્મા એ જ મોક્ષ, આત્મા એ જ અખંડ આનંદ અને આત્મા એ જ પરમાત્મા છે, એમ યથાર્થ ક્યારે જાણવામાં આવશે?

સંતનું, શરણ સંતની સેવા, સંતની મન, વચન અને કાયાથી ભક્તિ સંત પર પ્રીતિ, સંત પર શ્રદ્ધા, સંત પર ગુરૂબુદ્ધ અને અહોનિશ સંતના સંગની જ ઇચ્છા ક્યારે જાગૃત થશે? સદ્ગુરૂ એ જ તરણતારણ સદ્ગુરૂ એ જ દેવ, સદ્ગુરૂ એ જ સુખનું સાધન, સદ્ગુરૂ એ જ મોક્ષમાર્ગના દાતા, સદ્ગુરૂ એ જ પરમમિત્ર, સદ્ગુરૂ એ જ પરમગુરૂ અને સદ્ગુરૂ એ જ પ્રત્યક્ષ અરિહંત સમાન છે એમ ક્યારે યથાર્થ ભાવે જાણવામાં આવશે?

મારા પોતાના દોષ જોવાની અને અન્યના ગુણ ગ્રહણ કરવાની બુદ્ધિ ક્યારે ઉત્પન્ન થશે? મારા આત્મદ્રવ્યની અને પરમાત્માના આત્મદ્રવ્યની ઐક્યતા, જિનપદ અને નિજપદની ઐક્યતા અને પરમાત્માના ગુણ જોઇ મારામાં તે ગુણોની ઉત્પત્તિ ક્યારે થશે? સર્વ જીવ સરખા છે, સર્વ જીવ નિશ્ચયથી સ્વભાવે શુદ્ધજ્ઞાનસ્વરૂપ, શુદ્ધ દર્શનસ્વરૂપ, શુદ્ધ ચારિત્ર સ્વરૂપ અનંત ઉપયોગમય અને અનંત શક્તિવંત છે પણ કર્મરૂપ શત્રુના

સંગથી મલિન દેખાય છે એમ જાણી કર્મનો નાશ, કર્મનો ત્યાગ ને કર્મ ઉપર અભાવ કયારે ઉત્પન્ન થશે ? ને સર્વ જીવ ઉપર સમભાવ કયારે આવશે ?

હે પ્રભુ ! આ ભાવનાઓ, આ મનોરથો ને આ વિચારો કયારે પૂર્ણ થશે ને મનુષ્યભવનું સાર્થકપણું કયારે થશે ? નવ તત્ત્વમાંથી બે જાણી, ચાર છાંડી, ત્રણને ગ્રહણ કરવા કયારે યત્ન કરીશ ? હું હમણાં સંવરમાં છું કે આશ્રવમાં છું ? હું હમણાં નિર્જરા કરૂં છું કે નહિ ? હું હમણાં આશ્રવનો ત્યાગ કરૂં છું કે નહિ ? હું હમણાં અનિત્ય અશરણાદિ ભાવનાનું ચિંતવન કરૂં છું કે નહિ ? એમ વારંવાર મને કયારે ભાન થશે ? હું કોણ છું ? હું કયાંથી થયો ? મારૂં સત્ય સ્વરૂપ શું છે ? હું કયાંથી આવ્યો ને કયાં જઇશ ? મારૂં શું થશે? આ શરીર શું છે ? આ દુનિયા શું છે ? આ કુટુંબ કોણ છે ? ને મારો આ સર્વ સાથે સંબંધ કેમ થયો ? એ સંબંધ સત્ય છે કે અસત્ય ? એ ત્યજવું કે રાખું ? આવા વિચારો વિવેકપૂર્વક અને શાંતભાવે કયારે કરીશ ? આધ્યાત્મિક જ્ઞાનના તાત્ત્વિક સિદ્ધાંતનો અનુભવ કયારે કરીશ ? ને કર્મનો સત્વર નાશ કયારે કરીશ ?

હે ભગવન્ ! નવતત્ત્વ ભણ્યો પણ નવતત્ત્વમય ન થયો. ક્ષેત્ર-સમાસ ભણ્યો પણ અંતર શત્રુનો સમાસ કરતાં ન શિખ્યો, ચોવીશ દંડક વાંચ્યા-વિચાર્યા અને અવલોકયા પણ અંદરના દંડ મેં ન તજ્યા, જીવના પાંચશે ત્રેસઠ ભેદ વાંચ્યા-વિચાર્યા પણ અભેદમય ન થયો, કર્મગ્રંથ વાંચ્યા પણ કર્મની પ્રકૃતિનો અહોનિશ વિચાર કરી પોતાનામાંથી તે પ્રકૃતિઓનો ત્યાગ કરવા સમર્થ ન થયો, ઘણાં સિદ્ધાંતો અને શાસ્ત્રો વાંચ્યા પણ તે બધાં ભારરૂપ થયાં, સત્સંગ કર્યો પણ સત્ય જ્ઞાન ન થયું, સદ્ગુરૂ મળ્યા પણ સ્વચ્છંદે ચાલી કદાગ્રહ ન તજ્યો, હે સર્વજ્ઞ ! આપના ચરિત્ર વાંચ્યાં, સાંભળ્યાં પણ તે વાંચન શ્રવણ માત્ર થયું કારણ કે ભણ્યો પણ ગણ્યો નહિ તેની માફક જાણ્યું પણ આદર્યું નહિ તેથી શું થાય ?

સર્વજ્ઞ હિંસા કરે નહિ તો હું સર્વજ્ઞનો ઉપાસક થઈ હિંસા કેમ કરૂં ? સર્વજ્ઞ અસત્ય બોલે નહિ તો હું કેમ અસત્ય બોલું ? સર્વજ્ઞ અદત્ત લે નહિ તો હું સર્વજ્ઞનો પુત્ર થઈ અદત કેમ લઉં ? સર્વજ્ઞ બ્રહ્મચર્યનો ભંગ કરે નહિ તો હું બ્રહ્મચર્યનો ભંગ કેમ કરૂં ? સર્વજ્ઞ દ્રવ્યથી ને ભાવથી પરિગ્રહ રહિત હતા તો હું પરિગ્રહ કેમ રાખું ? સર્વજ્ઞ ક્રોધાદિ કષાય કરે નહિ તો હું ક્રોધાદિ કષાય કેમ કરૂં ? સર્વજ્ઞ અઢાર પાપસ્થાનક સેવે નહિ તો હું તેમનો પુત્ર થઇ તેમના શત્રુરૂપ એવા અઢાર પાપસ્થાનકની સેવા કેમ કરૂં ? અહાહા ! કેટલી બધી મારી ભૂલ છે ? કે મારા પિતાના શત્રુઓને હું માન આપું છું, તેનો સંગ કરૂં છું; પણ હવે તેમ નહિ કરતાં મારે તેમનો ત્યાગ કરવો જોઈએ.

હે પ્રભુ ! તું કમળ હું ભ્રમર, તું ચંદ્ર હું ચકોર; તું સૂર્ય હું સૂર્યવિકાસી કમળ; તું સેવ્ય હું સેવક; તું ધ્યેય હું ધ્યાતા; તું પિતા હું પુત્ર. તું ગુરૂ હું શિષ્ય. તું દેવ હું ઉપાસક; એમ તારી અનન્ય ભક્તિ મને કયારે પ્રાપ્ત થશે ? હે પરમાત્મા આ સંસારમાં તારા વિના મારૂં કોઇ સગુ નથી, તારા વિના અન્ય કોઇ મિત્ર નથી, તારા વિના અન્ય કોઇ રક્ષક નથી, તારા વિના અન્ય કોઈ સત્ય માર્ગદર્શક નથી; માટે હું તારૂં જ શરણ ગ્રહણ કરીશ ને હું તારી જ સેવા કરીશ.

હે પ્રભુ ! તારાં વચનો સત્ય છે, પ્રિય છે ને હિતકર છે. વળી તે મને પ્રમાણભૂત છે. હું તેને કયારે ગ્રહણ કરીશ ? આ કેમ આમ નથી કરતો ? એવો વિચાર મને આવશે ત્યારે હું વિચારીશ કે એ કર્માધીન છે. આ કેમ નથી ભણતો ? આ કેમ આવા કામ કરે છે ? એવા વિચાર આવશે ત્યારે હું તે કર્માધીન છે એમ વિચારી તેની ઉપેક્ષા કરીશ, પણ નિંદા નહિ કરૂં. હું બહારનો ઢોંગ ધારણ કરી દાંભિકપણું કરીશ. નહીં હું શુદ્ધ ભક્ત થઇશ, પણ ખોટો ઠગ ભક્ત થઇશ નહિ. હું શુદ્ધ કર્મ કરીશ પણ બહારની દેખાદેખીથી સમજ્યા વિના માત્ર નામનાની ખાતર ને ગાડરીઆ પ્રવાહની માફક ધર્મકરણીને મલીન કરીશ નહિ. હે પ્રભુ ! તારા આશ્રમને કલંક લગાડીશ નહિ, તારી વાણીને

નિંદાવીશ નહિ, તારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીશ નહિ, તારી સેવાનો અનાદર કરીશ નહિ ને અશુદ્ધ પ્રરૂપક બની નર્કનો રસ્તો લઇશ નહિ. સ્યાદ્વાદના રહસ્યનું સ્વરૂપ જાણવાને પ્રયત્ન કરીશ. તારી અશાતના તજવાનો બનતાં લગી ખપ કરીશ. ગચ્છ, પંથ, મત કે વાડા આદિનો કદાગ્રહ મૂકી શુદ્ધ ધર્મ જાણવા ખપ કરીશ; શુષ્ક જ્ઞાન, શુષ્ક વૈરાગ, શુષ્ક ક્રિયા અને શુષ્ક ભક્તિ ધારણ કરીશ નહિ; પણ સમ્યગ્ જ્ઞાન સાહિત્ય ક્રિયા, ભક્તિ અને વૈરાગ્ય ધારણ કરીશ. અધિકારી પરત્વે ક્રિયા કરીશ, અધિકારી જોઇને વર્તીશ અને અધિકારી થવા પ્રયત્ન કરીશ.

હે પરમાત્મા ! મનુષ્ય ભવની દુર્લભતા મને જણાઇ છે, તેની અમૂલ્યતા મને સમજાઇ છે; માટે હું તેને વૃથા ગુમાવીશ નહીં, વૃથા નિંદા–વિકથાદિ કરવામાં વખત ગાળીશ નહિ. આળસ–પ્રમાદનો ત્યાગ કરી આત્મજ્ઞાન મેળવીશ, તારી આજ્ઞા મસ્તકે ચડાવી શુદ્ધ સ્વરૂપનો વિચાર કરીશ, અન્ય દેવ, અન્ય ગુરૂ અને અન્ય ધર્મના દોષ જોઇ તેની ઉપેક્ષા કરીશ, તમારા માર્ગનો અનુભવ મેળવી અન્યને આપનો માર્ગ પમાડીશ. છેવટે સર્વ જીવ સુખી થાઓ એવી અહોનિશ ઇચ્છા રાખીશ.

# શ્રીમુનિસંમેલનના ૧૧ નિર્ણયો.

સંવત ૧૯૯૦ ફાગણ વદિ ૩ રવિવાર તા.૪ માર્ચ ૧૯૩૪ ના દિવસે શ્રી અમદાવાદ મુકામે નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઇ આદિકના પ્રયાસથી સાધુ સંસ્થાના સુધારા અર્થે ૪૫૦ સાધુઓનુ સંમેલન થયેલું. તેમાં ઘણી વાટાઘાટે ૧૧ મુદ્દા ચર્ચાયા. તે છેવટ ત્રીશ અને ચારના મંડળે નવ વયોવૃદ્ધને નિર્ણય લાવવા સોંપ્યા. તેનો તેઓએ શાસ્ત્રના વિધિ–નિષેધ કાયમ રાખી દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને વિચારી આપેલ નિર્ણય નીચે પ્રમાણે.

**૧ દીક્ષા**—૧–આઠથી સોળ વર્ષ સુધી માતા–પિતાની અથવા જે સમયે જે વાલી હોય તેની રજા સિવાય દીક્ષા આપી શકાય નહી, કારણ કે ત્યાં સુધી "શિષ્યનિષ્ફેટિકા" લાગે છે.

આઠ વર્ષથી સોળ વર્ષવાળાની દીક્ષામાં દીક્ષા લેનારનાં માબાપ અથવા તો વાલીની લેખિત સમ્મતિ લેવી. જે ગામમાં દીક્ષા આપવાની હોય ત્યાંના સ્થાનિક પ્રતિષ્ઠિત બે શ્રાવકોદ્વારા લેખિત સમ્મતિ પ્રમાણે લેખિત સમ્મતિ આપનાર દીક્ષા લેનારના ખરા માતાપિતા અથવા તો વાલી છે, તેનો નિર્ણય જે ગામનો તે હોય ત્યાં આદમી મોકલી કરાવે અને પછી દીક્ષા આપવી.

દીક્ષા લેનારની યોગ્યતાની પરીક્ષા સામાન્યરૂપે પોતે કર્યા પછી, વધારે સમ્મતિને માટે દરેક ગચ્છવાળાએ પોતાના સંઘાડા સિવાયના બીજા સંઘાડાના બે આચાર્યો અથવા તો વડીલોની પાસે યોગ્યતાની પરીક્ષા કરાવી તે પછી દીક્ષા આપવી. જે ગચ્છ કે સમુદાયમાં બીજા સંઘાડા ન હોય તેમણે પોતાના સમુદાયના બે યોગ્ય સાધુઓની પાસે યોગ્યતાની પરીક્ષા કરાવી સમ્મતિ મેળવી દીક્ષા આપવી.

દીક્ષા પ્રશસ્ત સ્થાનમાં, જાહેર રીતે શુભ મુહુર્ત્તે આપવી દીક્ષા લેનારને દીક્ષા આપી ગ્રહણ–શિક્ષા તેમજ આસેવન

શિક્ષા માટે સોળ વર્ષ પર્યંતની ઉંમર સુધી શ્રુતપર્યાય સ્થાવર સાધુઓની પાસે રાખવો યોગ્ય છે. જો એના પિતાદિ નિકટ સંબંધી સાધુ થયેલ હોય અને તે એની બરાબર રક્ષા કરી શકે તેમ હોય, તો એ સાધુને એના પિતાદિની પાસે પણ રાખવામાં વાંધો નથી.

૨–સોળ વર્ષ પછીની દીક્ષામાં શાસ્ત્રોક્ત "શિષ્ય-નિષ્ફેટિકા" લાગતા નથી, તો પણ હાલનું આ આપુંય બંધારણ કેટલાક અંશે થયેલ અનિચ્છનીય વાતાવરણને લઇને ઠરાવરૂપે બાંધવામાં આવ્યું છે, તેને જ અનુસરતું ઠરાવવામાં આવે છે કે સોલથી અઢાર વર્ષ સુધીના દીક્ષા લેનારને પણ તેના વાલીની રજા સિવાય હાલમાં દીક્ષા આપવી નહી.

૩–અઢાર વર્ષ પછીના ઉમ્મરવાળો દીક્ષા લેનાર માતા, પિતા, ભગિની, ભાર્યા વિગેરે જે નિકટ સંબંધી હોય તેની અનુમતિ મેળવવા માટે તેને પ્રયત્નો કર્યા છતાં પણ અનુમતિ ન મળે તો તે દીક્ષા લઇ શકે છે.

૪–દીક્ષા લેનારે પોતાની સ્થિતિને અનુસારે પોતાના વૃદ્ધ માતાપિતા, સ્ત્રી અને નાના પુત્ર-પુત્રીના નિર્વાહનો પ્રબંધ કરેલો હોવો જોઇએ.

૫–દીક્ષા દેનારે દીક્ષા લેનારમાં અઢાર દોષ પૈકીનો કોઇ દોષ ન હોય એ ધ્યાનમાં રાખવું.

૬-દીક્ષા ઋતુબદ્ધ કાળમાં તિથિ-નક્ષત્રાદિ મુહૂર્ત જોઇ શુભ દિવસે આપવી.

૭–વયની અપેક્ષાયે અતિશય વૃદ્ધાવસ્થા ન થાય ત્યાં સુધી દીક્ષા આપવી.

૮–પદસ્થ, વડીલ કે ગુરૂ ત્રણમાંથી ગમે તે એકને પુછયા સિવાય દીક્ષા આપવી નહી.

૨–દેવદ્રવ્ય--૧ દેવદ્રવ્ય ચૈત્ય કે જિનમૂર્તિ સિવાય બીજા કોઇ પણ ક્ષેત્રમાં ન વપરાય.

૨ પ્રભુના મંદિરમાં કે મંદિર બહાર ગમે તે ઠેકાણે પ્રભુના નિમિત્તે જે જે બોલી બોલાય તે સઘળું દેવદ્રવ્ય કહેવાય.

૩-ઉપધાન સંબંધી માળા આદિકની ઉપજ દેવદ્રવ્યમાં લઇ જવી યોગ્ય જણાય છે.

૪-શ્રાવકોએ પોતાના દ્રવ્યથી પ્રભુની પૂજા વિગેરેનો લાભ લેવો જ જોઇએ, પરંતુ કોઇ સ્થળે અન્ય સામગ્રીના અભાવે પ્રભુની પૂજા આદિમાં વાંધો આવતો જણાય તો દેવદ્રવ્યમાંથી પ્રભુ-પૂજા આદિનો પ્રબંધ કરી લેવો; પણ પ્રભુની પૂજા આદિ તો જરૂર થવી જોઇએ.

૫-તીર્થ અને મંદિરોના વહીવટદારોએ તીર્થ અને મંદિર સંબંધી કાર્ય માટે જરૂરી મિલ્કત રાખી બાકીની મિલ્કતમાંથી તીર્થોદ્ધાર અને જીર્ણોદ્ધાર તથા નવીન મંદિરો માટે યોગ્ય મદદ આપવી જોઇએ એમ આ સમ્મેલન ભલામણ કરે છે.

૩ સંઘ-૧ શ્રમણપ્રધાન જે સંઘને "શ્રમણસંઘ" એટલે સાધુ છે પ્રધાન જેમાં એવો સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તે "શ્રમણસંઘ."

૨ શ્રી ચતુર્વિધ સંઘને કરવા લાયક કાર્યોમાં શ્રીચતુર્વિધ સંઘની મુખ્ય સત્તા છે

૩ (સકલસંઘ) શ્રાવક સંઘની શ્રાવક શ્રાવિકાના સમુદાય ઉપર શાસન ગુન્હાની બાબતમાં યોગ્ય કરવા પૂર્ણ સત્તા રહેશે, પણ શ્રાવક સંઘે સાધુ સાધ્વી પ્રત્યે રાજા સમાન, માતા-પિતા સમાન, ભાઇ સમાન, અને મિત્ર સમાનપણે શુભાશયે વર્તવું યોગ્ય છે.

સાધુ-સાધ્વીઓ ઉપર તેમના સંઘાડાના વડીલોની કુલ સત્તા છે, કારણ વિશેષે આચાર્ય અગર સંઘાડાના વડીલની આજ્ઞાથી શ્રાવક સંઘ તે સંઘાડાના સાધુ-સાધ્વી પ્રત્યે જરૂરી ફરજ અદા કરી શકશે, તેમજ કોઇ સાધુ-સાધ્વી અત્યંત અનુચિત કાર્ય કરે, તો તે સમયે શ્રાવક સંઘ ઉચિત કરી શકે છે, પણ આનો દુરૂપયોગ થવો ન જોઇએ

૪-સાધુઓની પવિત્રતા સંબંધી ૧ સંઘાડાના વડીલે પોતાના સંઘાડાના સાધુ-સાધ્વીના બ્રહ્મચર્યાદિ ચતિધર્મની વિશેષ રૂપે નિર્મળતા વધે તેવા દરેક પ્રયત્નો કરવા.

૨–એક સમુદાયનો સાધુ બીજા સમુદાયમાં જાય, તો તેના ગુરૂ અથવા સમુદાયના વડીલની અનુમતિ સિવાય બીજા સમુદાયે રાખવો નહી, કેવલ અભ્યાસ કરાવી શકાય.

૩–જે સાધુનો વડીલ કોઇ ન હોય તે સાધુને યોગ્ય દેખે તો બીજા સમુદાયવાળા રાખી શકે. ( ઉપરની બન્નેય કલમો સાધ્વીજીને પણ લાગુ થઇ શકે છે.)

૪–બેથી ઓછા સાધુ અને ત્રણથી ઓછી સાધ્વીઓએ વિચરવું યોગ્ય નથી.

૫–કેવળ સાધ્વી તથા શ્રાવિકા સાથે સાધુએ વિહાર કરવો નહિ, તેમજ કેવળ શ્રાવક સાથે સાધ્વીજીએ વિહાર કરવો નહિ.

**૧–તીર્થ સંબંધી**––તીર્થોના રક્ષણ તેમજ જીર્ણોદ્ધારાદિ માટે સાધુઓએ વિશેષ ઉપદેશ આપવો.

૨ તીર્થમાં સાધારણ ખાતાની વિશેષ વૃધ્ધિ થાય તેવો ઉપદેશ આપવો.

૩ તીર્થોના જીર્ણોદ્ધારાદિ કાર્ય કરનારાઓને મૌલિક, પ્રાચીન શિલ્પકળા તથા શિલાલેખ આદિ હણાઇ ન જાય તેની પૂરતી સાવચેતી રાખવાનો ઉપદેશ આપવો.

**૬ સાધુ સંસ્થામાં જ્ઞાનાદિકનો પ્રચાર**-૧ આગમોનો અભ્યાસ સમુદાયના વડીલે અથવા તે તે આગમના જાણનાર મુનિઓએ સાધુઓને કરાવવો જોઇએ.

૨ સાધુઓની દર્શન શુદ્ધિ વધે તેવા પ્રયત્નો સમુદાયના વડીલે કરાવવા જોઇએ.

૩ ચારિત્ર ક્રિયામાં સાધુઓ તત્પર રહે તેની કાળજી વડીલે અવશ્ય રાખવી જોઇએ.

૪ સર્વ સાધુઓનો વ્યાકરણ,ન્યાય, સાહિત્ય આદિ દરેક જાતનો જ્ઞાનાભ્યાસ એક સ્થળે થઇ શકે એવી સંસ્થા, કાયમ થાય એવો ઉપદેશ શ્રી સંઘને સાધુઓએ આપવો યોગ્ય છે.

**૭ દેશના**-૧ સાધુએ શ્રોતા મિથ્યાત્વાદિ આશ્રવમાં ઉત્તેજિત ન થાય અને શ્રી વીતરાગ દેવાદિની શ્રદ્ધા તથા પાપની

વિરતિનો પોષક ન થાય તે ધ્યાનમાં રાખી વીતરાગપ્રણીત ધર્મ-પ્રધાન દેશના આપવી.

**૮ શ્રાવકોન્નતિ**—૧ શ્રાવક શ્રાવિકાએ ધન, ધાન્ય, વસ્ત્ર, આભુષણાદિ સર્વ યોગ્ય વસ્તુથી ધર્મની ઉન્નતિ અને સ્થિરતાને અનુલક્ષીને શ્રાવક-શ્રાવિકાની દ્રવ્ય ભક્તિ તથા શ્રી વીતરાગ દેવ સાધુ અને ધર્મ પ્રત્યે લાગણીવાળા બનાવવારૂપ ભાવ-ભક્તિ કરવી એ બાબતમાં સાધુઓ ઉપદેશ આપી શકે છે.

**૯ પરસ્પર સંપની વૃદ્ધિ**—૧ કોઇ પણ સાધુ-સાધ્વી કે તેના સમુદાયના અવર્ણવાદ બોલવા નહિ.

૨ પરસ્પર આક્ષેપોવાળા લેખો કે છાપા લખવાં-લખાવવાં નહ, તથા વ્યાખ્યાનમાં પણ આક્ષેપ કરવા નહિ.

૩ કોઈનો કોઇ જાતનો દોષ જણાય તો તેમને મળીને સુધારો કરવા પ્રેરણા કરવી અને તેમણે પણ તે દોષ સુધારવા પ્રયત્ન કરવો.

૪ લોકમાં ભિન્નતા ન દેખાય તેમ પરસ્પર ઉચિતતાએ વર્તવું.

**૧૦ ધર્મ ઊપર થતા આક્ષેપોને અંગે**—૧ આપણા પરમ પવિત્ર પૂજ્ય શાસ્ત્રો તથા તીર્થાદિ ઉપર થતા આક્ષેપોના સમાધાનને અંગે (૧) આચાર્ય શ્રીમતસાગરાનંદસૂરિજી (૨) આચાર્ય મહારાજ શ્રીમદ્‌વિજયલબ્ધિસૂરિજી (૩) પંન્યાસજી મહારાજ શ્રી લાવણ્યવિજયજી (૪) મુનિરાજ શ્રીવિદ્યાવિજયજી અને (૫) મુનિરાજ શ્રીદર્શનવિજયજીની મંડળી નીમી છે. તે મંડળીએ તે કાર્ય નિયમાવળી તૈયાર કરી શરૂ કરવું અને બીજા સર્વ સાધુઓએ એ બાબતમાં યોગ્ય મદદ જરૂર કરવી તેમજ એ મંડળીને જોઇતી સહાય આપવા શ્રાવકોને પણ પ્રેરણા અને ઉપદેશ આપવો.

**૧૧ ધર્મમાં રાજસત્તાના પ્રવેશ સંબંધી**—૧ ધર્મમાં બાધાકારી રાજસત્તાના પ્રવેશને આ સંમેલન અયોગ્ય માને છે.

શાસ્ત્રમાં બતાવેલ વિધિ-નિષેધ કાયમને માટે સ્વીકા? હાલના અનિચ્છનીય વાતાવરણની શાંતિને માટે પટ્ટકરૂપે આ નિયમો કર્યા છે. કોઇ પણ સાધુ કે શ્રાવક આ નિયમોથી વિરૂદ્ધ વર્તશે નહિ અને બીજાને વિરૂદ્ધ વર્તવાનું કારણ આપશે નહિ એવી આશા રાખવામાં આવે છે.

વીરસંવત્ ૨૪૬૦ વિક્રમ સંવત્ ૧૯૯૦ ચૈત્ર વદ ૬ ગુરૂવાર
ઇસ્વીસન ૧૯૩૪ એપ્રીલ માસ તા. ૫ ગુરૂવાર

આ નવ વયોવૃદ્ધ

૧ વિજયનેમિસૂરિજી.
૨ આનંદસાગરજી.
૩ વિજયસિદ્ધિસૂરિજી.
૪ વિજયદાન સૂરિજી.
૫ વિજયનીતિસૂરિજી.
૬ વિજય વલ્લભસુરિજી.
૭ જયસિંહ સુરિજી.
૮ વિજયભૂપેંદ્રસૂરિજી
૯ મુનિ સાગરચંદ્ર.

અખિલ ભારતવર્ષીય જૈન શ્વેતાંબર મુનિ સંમેલને સર્વાનુમતે "પટ્ટરૂપે" આ નિયમો કર્યા છે, તે મને સુપ્રત કરેલ તેજ આ મેં "અસલ પટ્ટક" આજરોજ અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સોંપ્યો છે.

વંડા વીલા-અમદાવાદ
૧૦-૪-૩૪

કસ્તુરભાઇ મણીભાઈ
સંઘપતિ.

સમજી વાંચ્યું સરસ તે, વાંચી કરો વિચાર;
સમજી વાંચી વિચારવું, તે સમજ્યાનો સાર.
સાર સાચો તેહ સરસ, જો વરતન વરતાય;
લલિત લાભ લેખે થયું, લાવ્યો તે લેખાય.